લઘુહરિભદ્ર ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત સ્વોપજ્ઞ ટીકા યુક્ત

# ભાષારહસ્ય પ્રકરણ

શબ્દશઃ વિવેચન

ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

શ્રીનેમિ-નંદન શતાબ્દી ટ્રસ્ટ સંચાલિત
આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્ય વિજયજી ગ્રંથાલય

# ભાષારહસ્ય પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૧

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖
**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖
**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ**
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા**
**ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર**
**શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન**
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖
**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન-સંશોધનકારિકા ✪
**પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા**
**પરમપૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના**
**શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી**

**સંસ્થાના જ્ઞાનખાતામાંથી**
**આ પુસ્તક**
**જ્ઞાનભંડાર/શ્રીસંઘને**
**ભેટ આપેલ છે.**

❖ પ્રકાશક ❖

गीतार्थ गंगा

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૯ ✦ વિ. સં. ૨૦૬૯ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૫૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

**પરમપૂજ્ય શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી**
**શ્રી શરદભાઈ અમૃતલાલ ઝવેરી પરિવાર, મુંબઈ.**

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૫૩

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖
સર્વોદય ઓફસેટ
૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન


**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા,**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સી-૯, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુ:ખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્‌ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૫. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન

૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫

૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બાર ભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

## 'ભાષારહસ્ય પ્રકરણ' શબ્દશઃ વિવેચન ભાગ-૧ની

# સંકલના

સર્વકલ્યાણની પરંપરાનું કારણ બને એવી ભાષા કેવી હોય ? તેના રહસ્યને બતાવનાર પ્રસ્તુત પ્રકરણ છે. તે બતાવવા માટે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથનું નામ ભાષારહસ્ય પ્રકરણ આપેલ છે. વળી ગ્રંથના પ્રારંભમાં જ બતાવ્યું છે કે મોક્ષના અર્થીએ ભાષાની વિશુદ્ધિને અવશ્ય આશ્રયણ કરવી જોઈએ; કેમ કે ભાષાની શુદ્ધિ દ્વારા જ ભાષાસમિતિ અને વચનગુપ્તિનું પાલન સાધુ કરી શકે છે. જેઓને ભાષાવિશુદ્ધિનું જ્ઞાન નથી તેઓ મૌનમાત્ર ધારણ કરે તોપણ વચનગુપ્તિની પ્રાપ્તિ થાય નહિ અને વચનગુપ્તિના અભાવમાં કર્મનાશ થાય નહિ, તેથી મોક્ષપ્રાપ્તિના અર્થીએ ભાષાવિશુદ્ધિના ઉપાયભૂત પ્રસ્તુત ગ્રંથના રહસ્યને જાણવા સમ્યક્ યત્ન કરવો જોઈએ. આ રીતે ભાષાનું જ્ઞાન મોક્ષનું કારણ છે એમ બતાવ્યા પછી ભાષા વિષયક ચાર નિક્ષેપાથી ગ્રંથકારશ્રીએ ભાષાનો બોધ કરાવ્યો છે, જેથી ભાષા શબ્દથી વાચ્ય પદાર્થ શું છે ? તેનો યથાર્થ બોધ થાય.

વળી જીવ દ્વારા બોલાતા ભાષાવર્ગણાના પુદ્ગલો કઈ રીતે લોકમાં પ્રસરે છે ? ઇત્યાદિનો બોધ **ગાથા-૧૨** સુધી કરાવેલ છે જેથી જીવ દ્વારા મૂકાતા ભાષાવર્ગણાના પુદ્ગલો કેવા સ્વરૂપવાળા છે ? અને કઈ રીતે બોધનું કારણ બને છે ? તેનો સમ્યગ્ બોધ થાય છે.

વળી જેઓ ઉપયોગપૂર્વક ભાષા બોલે છે તે ભાવભાષા છે અને તે ભાવભાષા કઈ રીતે શ્રોતાને બોધ કરાવે છે ? તેની સ્પષ્ટતા **ગાથા-૧૩-૧૪**માં કરી છે.

આ ભાવભાષા ત્રણ પ્રકારની છે : દ્રવ્યના વિષયમાં, શ્રુતના વિષયમાં અને ચારિત્રના વિષયમાં, જેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ **ગાથા-૧૫**માં કરી છે. દ્રવ્યના વિષયમાં જે ભાવભાષા છે તે ચાર પ્રકારની છે : સત્યા, અસત્યા, મિશ્રા, અને અનુભયા.

નિરૂપણના વિષયભૂત બાહ્યપદાર્થ તત્ત્વને સ્પર્શનાર હોય તેવી ભાષા ભાવભાષામાં બાહ્ય દ્રવ્યને આશ્રયીને સમ્યગ્ પ્રરૂપણ કરનારી ભાષા સત્યાભાષા છે.

નિરૂપણના વિષયભૂત બાહ્યપદાર્થને આશ્રયીને બોધ કરાવવા અર્થે પ્રવર્તતી ભાષા ભાવભાષા હોવા છતાં નિરૂપણના વિષયભૂત બાહ્યપદાર્થને વિપરીત કહેનારી હોય તો તે અસત્યાભાષા છે.

વળી બાહ્યપદાર્થને જ બતાવવા માટે પ્રવર્તતી ભાષા કંઈક યથાર્થ અને કંઈક અયથાર્થ કહેનારી ભાષા હોય તો તે ભાવભાષા બાહ્ય પદાર્થને આશ્રયીને મિશ્રભાષા છે.

વળી આજ્ઞાપની આદિ ભાષાઓ અનુભય ભાષા છે.

આ રીતે ભાવભાષા પણ તેના વિષયભૂત પદાર્થને આશ્રયીને દ્રવ્યના વિષયમાં ચારભેદવાળી છે જેનું વિસ્તારથી વર્ણન ગ્રંથકારશ્રીએ ગાથા-૧૬થી માંડીને ગાથા-૮૧ સુધી કરેલ છે. જેના બળથી બોધ થાય કે શિષ્ટલોક સંમત પદાર્થને સ્પર્શનારી કઈ ભાષા સત્ય છે કે જે ભાષા ઉત્સર્ગથી સાધુએ બોલવી જોઈએ અને કઈ ભાષા બોલવી જોઈએ નહીં.

વળી કઈ ભાષા બાહ્યપદાર્થને આશ્રયીને અસત્ય છે ? જેને ઉત્સર્ગથી સાધુએ બોલવી જોઈએ નહિ. વળી કઈ ભાષા મિશ્ર છે ? જે ભાષા પણ ઉત્સર્ગથી સાધુને બોલવી ઉચિત નથી તેનો બોધ થાય અને અસત્યામૃષારૂપ ભાષા કેવા સ્વરૂપવાળી બોલાયેલી સંયમવૃદ્ધિનું કારણ છે ? તેનું વિસ્તારથી વર્ણન ગ્રંથકારશ્રીએ કરેલ છે. જેના બળથી શિષ્ટસંમત ભાષા બોલનારા સાધુ ઉત્સર્ગથી સત્યભાષા અને અનુભયભાષા જ બોલે છે, અન્ય ભાષા બોલતા નથી.

વળી જેઓને સત્યાભાષા આદિ ચાર ભાષાઓના વાસ્તવિક સ્વરૂપનો બોધ નથી તેઓ સત્ય બોલવાના આશયથી જ પોતે માનતા હોય કે હું જિનવચનાનુસાર સત્ય બોલું છું, તોપણ ચાર ભાષાના યથાર્થ બોધના અભાવને કારણે અસત્યમાં જ કે મિશ્રભાષામાં જ સત્યનો ભ્રમ થાય છે, આથી જ વચનગુપ્તિના અર્થી સાધુએ દશવૈકાલિકસૂત્રના અવલંબનથી વર્ણન કરાયેલ સત્યાભાષા આદિ ચાર ભાષાના સ્વરૂપને જાણવા યત્ન કરવો જોઈએ.

વળી આ ચાર ભાષાને જ સામે રાખીને **ગાથા-૧૯**ની અવતરણિકામાં શંકા કરી કે સત્યભાષા આરાધક છે, અસત્યભાષા વિરાધક છે, મિશ્રભાષા દેશઆરાધક-દેશવિરાધક છે અને અનુભયભાષા અનારાધક-અવિરાધક છે તેવા પ્રકારનો ભ્રમ સ્થૂલદૃષ્ટિવાળાને થાય. તેનું નિરાકરણ કરતાં બતાવ્યું કે નિશ્ચયનયથી તો આરાધક અને વિરાધક એમ બે જ પ્રકારની ભાષા છે અન્ય કોઈ ભાષા નથી. તેથી એ ફલિત થાય કે ભાષાસમિતિના જાણનારા અને વચનગુપ્તિવાળા સાધુ જિનવચનાનુસાર ઉપયુક્ત થઈને સત્યાભાષા આદિ ચારેય ભાષામાંથી લાભાલાભનો વિચાર કરીને જેનાથી સ્વપરનું કલ્યાણ થાય તે પ્રકારે જે કોઈ ભાષા બોલે છે તે ભાષા આરાધક છે તેથી સ્વપરના કલ્યાણને સામે રાખીને સાધુ અપવાદથી અસત્યભાષા બોલે તોપણ ભગવાનના વચનની આરાધના કરનાર હોવાથી સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે અને ભાષાના રહસ્યને નહીં જાણનારા બાહ્ય પદાર્થને આશ્રયીને સત્યને જ કહેનારા સાધુ પણ સ્વપરના કલ્યાણના કારણ બને એવી ભાષા નહિ બોલનારા હોવાથી વિરાધક જ છે; કેમ કે તેમનામાં ભાષા વિષયક ઉચિત બોધ નથી. ભાષાસમિતિના અને વચનગુપ્તિના રક્ષણના ઉપાયનો જેને બોધ નથી એવા સાધુ બોલવાના જ અધિકારી નથી.

વળી **ગાથા-૨૧**માં સામાન્યથી ચાર ભાષામાંથી સત્યભાષા આરાધની ભાષા કહેવાય છે એમ કહેલ છે. અને **ગાથા-૨૨**માં તે સત્યભાષાના દશભેદો બતાવેલ છે. તેથી એ ફલિત થાય કે જનપદસત્ય આદિ દશ ભેદોને આશ્રયીને પ્રસંગ અનુસાર જે સત્યનો અવસર હોય તે વખતે તે ભાષા સાધુ બોલે તો તે સત્યાભાષા

કહેવાય, જેમ જિનપ્રતિમાને આશ્રયીને આ વીર ભગવાન છે તેમ કહે તે સ્થાપનાસત્યાભાષા ઉચિત સ્થાને હોવાથી સત્યભાષા બને છે. પરંતુ સાધુના વેશનું આલંબન લઈને પાર્શ્વસ્થકુગુરુને આ સાધુ છે તેમ કોઈ કહે તો તે વચન અસ્થાને બોલાયેલ વચનરૂપ હોવાથી સ્થાપનાસત્યાભાષા બનશે નહિ.

ગાથા-૨૨માં બતાવેલ દશ પ્રકારની સત્યભાષાનાં નામો આ પ્રમાણે છે :

(૧) જનપદસત્યાભાષા, (૨) સંમતસત્યાભાષા, (૩) સ્થાપનાસત્યાભાષા, (૪) નામસત્યાભાષા, (૫) રૂપસત્યાભાષા, (૬) પ્રતીત્યસત્યાભાષા, (૭) વ્યવહારસત્યાભાષા, (૮) ભાવસત્યાભાષા, (૯) યોગસત્યાભાષા અને (૧૦) ઔપમ્યસત્યાભાષા.

આ દશપ્રકારની ભાષામાં ઔપમ્યસત્યાભાષા ઉપમાનની અપેક્ષા રાખે છે.

ઉપમાન એ દૃષ્ટાંત છે, તે ઉપમાનના ભેદો પૃ. ૪માં બતાવ્યા પ્રમાણે પ્રાપ્ત થાય છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**આસો સુદ-૧૫ (શરદપૂર્ણિમા), વિ. સં. ૨૦૬૮,** **– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# ઉપમાન



ચરિતઉપમાન
(બ્રહ્મદત્તચક્રવર્તી)
કલ્પિતઉપમાન
(પિપ્પલપત્ર)
(ચરિતઉપમાનની જેમ ભેદ-પ્રભેદ જાણવા)
આહરણ
તદ્દેશ
તદ્દોષ
પુનરુપન્યાસ
અપાય
ઉપાય
સ્થાપના
પ્રત્યુત્પન્ન-વિન્યાસ
અધર્મયુક્ત
પ્રતિલોમ
આત્મોપન્યાસ
દુરુપનીત
ચ. દ્ર. ચ. દ્ર. ચ. દ્ર. ચ. દ્ર.
નલદામ
રોહગુપ્ત
અભય
પિંગલ
ભિક્ષુ
અનુશાસ્તિ
ઉપાલંભ
પૃચ્છા
નિશ્રાવચન
ચ. દ્ર. ચ. દ્ર. ચ. દ્ર. ચ. દ્ર.
સુભદ્રા
સાંખ્ય
મૃગાવતી
કૂણિક
નાસ્તિક ચાર્વાક
ગૌતમ-સ્વામી
તદ્વસ્તુ ઉપન્યાસ
તદન્યવસ્તુ ઉપન્યાસ
પ્રતિનિભ ઉપન્યાસ
હેતુ ઉપન્યાસ
લૌ. લો. દ્ર.
વણિક
નાસ્તિક બૌદ્ધ
લૌ. ચ. દ્ર.
કાર્પટિક
'ન માંસ'
લૌ. ચ. દ્ર.
સંન્યાસી
'મા હિંસ્યાત્'
લૌ. ચ. દ્ર.
પરિ-વ્રાજક
લુંપક
'અસ્તિ જીવઃ'
લૌ. ચ. દ્ર.
યવક્રય
લૌ. લો.ચ. દ્ર.
હિંગુ શિવ
દ્રવ્ય
ક્ષેત્ર
કાલ
ભાવ
લૌ. લો. લૌ. લો. લૌ. લો. લૌ. ચ. લો. દ્ર.
ધાતુવાદ
હલાદિ
ઘડી આદિ
અભયકુમાર
દ્રવ્ય
ક્ષેત્ર
કાલ
ભાવ
દોભાઈ
દશારવર્ગ
દ્વૈપાયન
કૂરગડુમુનિજીવ
સંજ્ઞા
લૌ. = લૌકિક
લો. = લોકોત્તર
ચ. = ચરણકરણાનુયોગ
દ્ર. = દ્રવ્યાનુયોગ

# 'ભાષારહસ્ય પ્રકરણ' શબ્દશઃ વિવેચન ભાગ-૧ના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી મહારાજાની** સ્વોપજ્ઞવિવરણ સહિત પ્રસ્તુત **'ભાષારહસ્ય'** નામની આ કૃતિ છે. તેઓશ્રીમદે 'રહસ્ય' પદથી અંકિત ૧૦૮ કૃતિઓ રચવાની અભિલાષા સેવી હતી તે મુજબ એમણે રચેલી અત્યાર સુધીમાં નિમ્નલિખિત ચાર કૃતિઓ ઉપલબ્ધ થઈ છે :

(૧) ઉપદેશરહસ્ય (૨) નયરહસ્ય (૩) ભાષારહસ્ય અને (૪) સ્યાદ્વાદરહસ્ય (લઘુ, મધ્યમ અને બૃહત્ ટીકા).

આ પૈકી ઉપાંત્ય કૃતિ અત્રે પ્રસ્તુત છે તેમાં પ્રાકૃતભાષામાં રચાયેલાં ૧૦૧ પદ્યો છે.

વાણી એ માનવજાતિની વિશિષ્ટ સંપત્તિ છે, એનો સદુપયોગ થવો ઘટે. શ્રમણોની વાણી-ભાષા ભાષાસમિતિ અને વચનગુપ્તિથી સદાયે વિભૂષિત હોવી જોઈએ. એમની ભાષા કેવી હોવી જોઈએ ? એ વિષે અનેક પ્રાચીન ગ્રંથોમાં નિરૂપણ કરાયું છે. દા.ત. શ્રી પ્રજ્ઞાપનાસૂત્રનું 'ભાષા'પદ, શ્રી દશવૈકાલિકસૂત્રનું 'વાક્યશુદ્ધિ' નામનું સાતમું અધ્યયન અને તેની નિર્યુક્તિ, ચૂર્ણિ તથા આ. ભ. હરિભદ્રસૂરિજી આદિ કૃત ટીકાઓ, શ્રી આચારાંગસૂત્રનું 'ભાષાજાત'અધ્યયન વગેરે વિવિધ ગ્રંથોના સારરૂપે ભાષાનું રહસ્ય પ્રસ્તુત કૃતિમાં ઉપસ્થિત કરાયું છે.

ભાષારહસ્યગ્રંથમાં નીચે મુજબના વિષયોને સ્થાન અપાયું છે :

ભાષાના નામભાષા ઇત્યાદિ ચાર નિક્ષેપ, દ્રવ્યભાષાના ગ્રહણ, નિસરણ અને પરાઘાત એ ત્રણ પ્રકારો, ગ્રાહ્યભાષાની દ્રવ્યાદિની અપેક્ષાએ વિચારણા, ભાષાદ્રવ્યનાં સ્પૃષ્ટ, અવગાઢ ઇત્યાદિ નવ દ્વારો, નિસૃતભાષાના ખંડભેદ ઇત્યાદિ પાંચ ભેદ અને એનાં ઉદાહરણ, પરાઘાતભાષાનું સ્વરૂપ, ભાષાના દ્રવ્ય, શ્રુત અને ચારિત્રને અનુલક્ષીને ત્રણ પ્રકાર, દ્રવ્યને આશ્રયીને ભાષાના સત્યા, અસત્યા, સત્યામૃષા અને અસત્યાઅમૃષા એમ ચાર પ્રકાર, વ્યવહારનય પ્રમાણે આ ચાર પ્રકાર અને નિશ્ચયનય પ્રમાણે પહેલા બે જ પ્રકાર, આરાધનાને આશ્રીને ભાષાના આરાધનીભાષા આદિ ચાર પ્રકાર, સત્યાભાષાના દસ પ્રકારનાં લક્ષણ, એ દસે પ્રકારના ચાર-ચાર ઉપપ્રકાર, અસત્યાભાષાના દ્રવ્યાદિની અપેક્ષાએ ચાર ભેદ, આ અસત્યાભાષાના તેમજ મિશ્રાભાષાના દસ દસ પ્રકારો, અસત્યામૃષાના બાર પ્રકારો, કયા જીવને કઈ ભાષા સંભવે ? તેમજ સાધુઓનો ભાષા પરત્વે વિવેક - એમણે કેવું વચન ઉચ્ચારવું અને કેવું નહિ ? ઇત્યાદિ.

**સ્વોપજ્ઞવિવરણ :** 'ભાષારહસ્ય' ગ્રંથરત્ન ઉપર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ જાતે સંસ્કૃતમાં આ વિવરણ રચ્યું છે જેમાં ૬૭ સાક્ષીપાઠો નજરે પડે છે. અંતમાં નવ પદ્યની પ્રશસ્તિ છે, અને એ દ્વારા

કર્તાએ પોતાની ગુરુપરંપરાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

ભાષારહસ્ય ગ્રંથ - સ્વોપજ્ઞવિવરણનું આ શબ્દશઃ વિવેચન તૈયાર કરવામાં આવેલ છે. આ શબ્દશઃ વિવેચન ભાગ-૧/૨માં વિભાજિત કરવામાં આવેલ છે. **ભાગ-૧માં** ૧થી ૩૭ પદ્યોનું શબ્દશઃ વિવેચન આપવામાં આવેલ છે.

**'ભાષારહસ્ય' શબ્દશઃ વિવેચન ભાગ-૧માં આવતાં પદાર્થોનું સંક્ષિપ્ત દિગ્દર્શન :**

પ્રારંભમાં ટીકાકારશ્રીએ મંગલાચરણ કરીને વચનગુપ્તિ અને ભાષાસમિતિ પ્રત્યે ભાષાની શુદ્ધિને કારણરૂપે સ્વીકારની યુક્તિ બતાવેલ છે.

**ગાથા-૧માં** ગાથાના પૂર્વાર્ધથી ત્રેવીસમા તીર્થપતિ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને મંગલાચરણ કરેલ છે અને ગાથાના પશ્ચાર્ધથી ગ્રંથનિર્માણનું પ્રયોજન ગ્રંથકારશ્રીએ બતાવેલ છે.

**ગાથા-૨માં** ભાષાવિષયક ચાર નિક્ષેપા બતાવીને દ્રવ્યભાષાના ગ્રહણ, નિઃસરણ અને પરાઘાત એમ ત્રણ ભેદો બતાવેલ છે.

**ગાથા-૩માં** કેવા પ્રકારના ભાષાદ્રવ્યો જીવ ગ્રહણ કરે છે, તે અંગે દ્રવ્યાદિચતુષ્કનો વિચાર બતાવેલ છે.

**ગાથા-૪માં** ભાષા બોલનાર પુરુષ જે ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે તે સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ છે ઇત્યાદિ વિષયક જિજ્ઞાસામાં ભાષાદ્રવ્યોના સ્પૃષ્ટાદિ ભેદો બતાવેલ છે.

**ગાથા-૫માં** કેવા પ્રકારનાં ભાષાદ્રવ્યોનો નિસર્ગ-નિઃસરણ થાય છે, તે બતાવેલ છે.

**ગાથા-૬માં** અભિન્ન નિઃસરણ ભાષાદ્રવ્યનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭-૮માં** તીવ્ર પ્રયત્નથી બોલનાર વક્તા દ્વારા જે ભાષાના ભેદો કરાય છે તે ભાષાના ભેદો કેટલા પ્રકારના છે, તે બતાવીને ભાષાદ્રવ્યોના ભેદનાં લક્ષણો બતાવેલ છે.

**ગાથા-૯માં** ખંડાદિ પાંચ ભેદોથી વિદ્યમાન એવા ભાષાદ્રવ્યોના પરસ્પર અલ્પ-બહુત્વનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૧૦માં** બોલાયેલી ભાષાથી થતા ભાષાદ્રવ્યના પરાઘાતનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૧૧-૧૨માં** ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતમાં દ્રવ્યભાષાપણાનું સમર્થન કરેલ છે.

**ગાથા-૧૩માં** ભાવભાષાના સ્વરૂપનું પ્રતિપાદન કરેલ છે.

**ગાથા-૧૪માં** ભાષાને બોધનું અકારણ સ્વીકારનાર બૌદ્ધમતનું નિરાકરણ કરીને ભાષાથી યથાર્થ બોધના સંભવનું સ્થાપન કરેલ છે.

**ગાથા-૧૫માં** ભાવભાષાના ત્રણ ભેદો અને દ્રવ્યભાવભાષાના ચાર ભેદો બતાવેલ છે.

**ગાથા-૧૬માં** દ્રવ્યભાવભાષાના પર્યાપ્તભાષા અને અપર્યાપ્તભાષારૂપ બે ભેદો બતાવેલ છે.

**ગાથા-૧૭માં** દ્રવ્યભાવભાષાના વ્યવહારથી ચાર ભેદો અને નિશ્ચયથી બે ભેદો બતાવેલ છે.

**ગાથા-૧૮માં** નિશ્ચયનયથી બે ભાષા સ્વીકારમાં પ્રજ્ઞાપનાસૂત્રના વચનથી પુષ્ટિ કરેલ છે.

**ગાથા-૧૯માં** અરાધક-વિરાધકને આશ્રયીને ચાર પ્રકારની ભાષામાં પરિભાષા અને નિશ્ચયથી આરાધક અને વિરાધક એમ બે ભેદની પ્રાપ્તિ થાય છે તે બતાવેલ છે.

**ગાથા-૨૦માં** વ્યવહારનયને સંમત એવી આરાધક-વિરાધક ચાર ભાષારૂપ વસ્તુ પણ શાસ્ત્રસંમત છે એ પ્રમાણે બતાવેલ છે.

**ગાથા-૨૧માં** સત્યભાષાનું લક્ષણ અને શ્રુતમાં સત્યભાષા આરાધિકી છે એ પ્રમાણે બતાવેલ છે.

**ગાથા-૨૨માં** સત્યભાષાના દશ ભેદો બતાવેલ છે.

**ગાથા-૨૩માં** જનપદસત્યભાષાનું લક્ષણ બતાવેલ છે.

**ગાથા-૨૪માં** સંમતસત્યભાષાનું લક્ષણ બતાવેલ છે.

**ગાથા-૨૫માં** સ્થાપનાસત્યભાષાનું લક્ષણ બતાવેલ છે.

**ગાથા-૨૬માં** નામસત્યભાષાનું લક્ષણ બતાવેલ છે.

**ગાથા-૨૭માં** રૂપસત્યભાષાનું લક્ષણ અને રૂપસત્ય અને સ્થાપનાસત્યભાષા વચ્ચે ભેદ બતાવેલ છે.

**ગાથા-૨૮થી ૩૦માં** પ્રતીત્યસત્યભાષાનું લક્ષણ અને પ્રતીત્યસત્યભાષાને સત્યભાષારૂપે સ્વીકારની યુક્તિ બતાવેલ છે.

**ગાથા-૩૧માં** વ્યવહારસત્યભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૩૨માં** ભાવસત્યભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૩૩માં** યોગસત્યભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૩૪થી ૩૬માં** ઔપમ્યસત્યભાષાના બે ભેદો, ઔપમ્યસત્યભાષાના અવાંતર ચાર ભેદો અને તેના અવાંતરભેદોનું વિસ્તૃત વર્ણન તથા ઉપમાનસત્યભાષાને સત્યભાષારૂપે સ્વીકારની યુક્તિ બતાવેલ છે.

**ગાથા-૩૭માં** સત્યભાષાના નિરૂપણનો ઉપસંહાર કરેલ છે.

ભાષારહસ્યનું આ વિવેચન પંડિતવર્ય શ્રી **પ્રવીણભાઈ** પાસે ભાષારહસ્ય ગ્રંથ વાંચતી વખતે સ્વાધ્યાય જિજ્ઞાસુ એક પૂ. વિદુષી સાધ્વીજી ભગવંતે નોટરૂપે તૈયાર કરેલ. (તેઓએ નિઃસ્પૃહભાવે પોતાનું નામ લખવાની 'ના' કહેલ છે.) ત્યારપછી આની વ્યવસ્થિત પ્રેસકોપી તૈયાર કરીને અનેક તત્ત્વજિજ્ઞાસુવર્ગની માંગણી હોવાથી આ ભાષારહસ્યગ્રંથનું શબ્દશઃ વિવેચન ભાગ-૧/૨માં વિભાજિત કરીને ગીતાર્થગંગા સંસ્થા તરફથી પ્રકાશિત કરવામાં આવે છે. ભાષારહસ્યના આ વિવેચનને ભાવવાહી અને સરળ બનાવવામાં મુખ્ય ફાળો પંડિતવર્ય શ્રી **પ્રવીણભાઈ મોતાનો** છે. શબ્દશઃ વિવેચનના આધારે અનેક તત્ત્વજિજ્ઞાસુઓ ગ્રંથના પદાર્થોનો સારી રીતે બોધ કરી શકે છે.

મારી નાદુરસ્ત રહેતી તબિયતમાં પૂજ્યોની આજ્ઞાથી રાજનગર - અમદાવાદ મુકામે સ્થિરવાસ કરવાનું થયું છે તે દરમિયાન યોગગ્રંથો અને અધ્યાત્મગ્રંથોના વાચન કરવાનો, આલેખન કરવાનો અને સ્વાધ્યાય

કરવાનો સુઅવસર **પં. પ્રવીણભાઈ મોતા** પાસે સાંપડ્યો એના ફળસ્વરૂપે આંશિક યોગમાર્ગનો વિશદ બોધ પ્રાપ્ત થયો અને યોગમાર્ગની પરિણતિનો આંશિક વિકાસ થયો છે. વિશેષમાં પરમપૂજ્ય, પરમારાધ્યપાદ, વ્યાખ્યાનવાચસ્પતિ સુવિશાલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ની જે ભાવના હતી કે સમર્થશાસ્ત્રશિરોમણિ સુરિપુરંદર આ. ભ. શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** અને ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ ઉપાધ્યાયજી શ્રી **યશોવિજયજી મહારાજા**, આ બે મહાપુરુષોના ગ્રંથોનું સરળ ભાષામાં વિવેચન તૈયાર થાય કે જેના દ્વારા અનેક તત્ત્વજિજ્ઞાસુઓ આગમના રહસ્યોનો બોધ કરી શકે અને યોગમાર્ગનું સાચા સ્વરૂપે આરાધન કરી શકે એ ભાવનાની ગીતાર્થ ગંગા સંસ્થા દ્વારા પ્રકાશિત થતાં વિવેચનોના પુસ્તકોના આધારે આંશિક પૂર્તિ થઈ રહી છે જે પરમાનંદનો વિષય બને છે. એ મહાપુરુષના ઉપકારના સ્મરણપૂર્વક એમના ચરણે નતમસ્તકે વંદના કરી કૃતજ્ઞભાવ વ્યક્ત કરું છું.

આ સર્વના મૂળરૂપે યોગમાર્ગના ગ્રંથોમાં પ્રવેશ કરાવનાર અને રુચિ પેદા કરનાર પ.પૂ. અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી **ભદ્રંકરવિજયમહારાજ સાહેબનો** તથા પ્રવચનપ્રભાવક પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્વિજય **કીર્તિયશસૂરિમહારાજ સાહેબનો** વિશેષ ઉપકાર હોવાથી આ અવસરે કૃતજ્ઞભાવે તેઓશ્રીનું સ્મરણ કરું છું.

પ્રસ્તુત ભાષારહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ના સંકલનકાર્યમાં છદ્મસ્થતાને કારણે અનાભોગાદિથી કાંઈ પણ સ્ખલના થયેલ હોય, પ્રૂફવાચનમાં કાંઈ પણ ક્ષતિઓ રહેલ હોય, ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ વિવેચન થયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં માંગું છું.

પ્રાંતે મોક્ષપ્રાપ્તિના અર્થીએ ભાષાની વિશુદ્ધિનો અવશ્ય આશ્રય કરવો જોઈએ અને તેના માટે ભાષાવિશુદ્ધિના ઉપાયભૂત પ્રસ્તુત ગ્રંથના રહસ્યને જાણવા સમ્યક્ યત્ન કરવો જોઈએ; કેમ કે ભાષાનું જ્ઞાન મોક્ષનું કારણ છે એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ સ્વયં કહેલ છે. તેથી આ ગ્રંથના બોધ દ્વારા ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરી ભાષાની શુદ્ધિ દ્વારા ભાષાસમિતિ અને વચનગુપ્તિનું સુંદર પાલન કરી હું અને સૌ કોઈ લઘુકર્મી ભવ્યાત્માઓ રત્નત્રયીનું આરાધન કરી અસંગભાવને પ્રાપ્ત કરી ક્ષપકશ્રેણીના આરોહણ દ્વારા ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાનને પામી યોગનિરોધ કરી અઘાતીકર્મોને ખપાવી અષ્ટકર્મથી વિનિર્મુક્ત બની સિદ્ધસ્વરૂપના ભોક્તા બનીએ એ જ શુભકામના !!

✦ 'कल्याणमस्तु सर्वजीवानाम्' ✦

**આસો સુદ-૧૫ (શરદપૂર્ણિમા), વિ. સં. ૨૦૬૮,**
**તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

**વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત**
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના**
**સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય સમતામૂર્તિ પ્રવર્તિની**
**સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના શિષ્યરત્ના**
**સાધ્વીજી ચંદનબાલાશ્રી**

## અનુક્રમણિકા


| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ભાષાની શુદ્ધિ વચનગુપ્તિ અને ભાષાસમિતિ પ્રત્યે કારણ સ્વીકારની યુક્તિ, ગ્રંથકારશ્રીનું મંગલાચરણ. | ૧-૯ |
| ૨. | ભાષાવિષયક ચાર નિક્ષેપા અને દ્રવ્યભાષાના ત્રણ ભેદો. | ૯-૧૨ |
| ૩. | ભાષાદ્રવ્યોનું સ્વરૂપ. | ૧૨-૨૦ |
| ૪. | ભાષાદ્રવ્યોના સ્પૃષ્ટાદિ ભેદો. | ૨૦-૨૬ |
| ૫. | કેવા પ્રકારના ભાષાપુદ્ગલો જીવ દ્વારા ગ્રહણ થાય છે અને મુકાય છે તેનું સ્વરૂપ. | ૨૬-૨૮ |
| ૬. | અભિન્ન ભાષાદ્રવ્યોનું સ્વરૂપ. | ૨૮-૩૦ |
| ૭. | બોલાયેલી ભાષાના પ્રયત્નથી થતા ભેદો. | ૩૦-૩૨ |
| ૮. | બોલાયેલી ભાષાના ભેદનાં લક્ષણો. | ૩૨-૩૮ |
| ૯. | ભેદાયેલી ભાષાના પરસ્પર અલ્પબહુત્વનું સ્વરૂપ. | ૩૯-૪૦ |
| ૧૦. | બોલાયેલી ભાષાથી થતા ભાષાદ્રવ્યના પરાઘાતનું સ્વરૂપ. | ૪૦-૪૨ |
| ૧૧-૧૨. | ગ્રહણભાષા આદિ ત્રણમાં દ્રવ્યભાષાત્વનું સમર્થન. | ૪૨-૫૧ |
| ૧૩. | ભાવભાષાનું સ્વરૂપ. | ૫૧-૫૫ |
| ૧૪. | ભાષાને બોધનું અકારણ સ્વીકારનાર બૌદ્ધમતનું નિરાકરણ કરવાપૂર્વક ભાષાથી યથાર્થ બોધના સંભવનું સ્થાપન. | ૫૫-૭૦ |
| ૧૫. | ભાવભાષાના ત્રણ ભેદો અને દ્રવ્યભાવભાષાના ચાર ભેદો. | ૭૦-૭૧ |
| ૧૬. | દ્રવ્યભાવભાષાના પર્યાપ્તા-અપર્યાપ્તારૂપ બે ભેદો. | ૭૨-૭૫ |
| ૧૭. | દ્રવ્યભાવભાષાના વ્યવહારનયથી ચાર ભેદો અને નિશ્ચયનયથી બે ભેદો. | ૭૫-૮૧ |
| ૧૮. | નિશ્ચયનયથી બે ભાષા સ્વીકારમાં આગમની યુક્તિ. | ૮૧-૮૭ |
| ૧૯. | આરાધકને આશ્રયીને ચાર પ્રકારની ભાષામાં પરિભાષા અને નિશ્ચયનયથી આરાધક અને વિરાધક એમ બે ભેદની પ્રાપ્તિ. | ૮૮-૯૫ |
| ૨૦. | આરાધક, વિરાધક આદિ ચાર ભાષા વ્યવહારથી શ્રુતસિદ્ધ. | ૯૫-૧૦૦ |
| ૨૧. | સત્યભાષાનું લક્ષણ, સત્યભાષા આરાધિકી. | ૧૦૦-૧૦૬ |
| ૨૨. | સત્યભાષાના દશ ભેદો. | ૧૦૦-૧૦૬ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૩. | જનપદસત્યભાષાનું લક્ષણ. | ૧૦૬-૧૧૦ |
| ૨૪. | સંમતસત્યભાષાનું લક્ષણ. | ૧૧૧-૧૧૫ |
| ૨૫. | સ્થાપનાસત્યભાષાનું લક્ષણ. | ૧૧૫-૧૨૧ |
| ૨૬. | નામસત્યભાષાનું લક્ષણ. | ૧૨૧-૧૨૪ |
| ૨૭. | રૂપસત્યભાષાનું લક્ષણ, રૂપસત્યભાષા અને સ્થાપનાસત્યભાષા વચ્ચે ભેદ. | ૧૨૪-૧૨૮ |
| ૨૮. | પ્રતીત્યસત્યભાષાનું લક્ષણ. | ૧૨૮-૧૩૦ |
| ૨૯-૩૦. | પ્રતીત્યસત્યભાષાને સત્યભાષારૂપે સ્વીકારની યુક્તિ. | ૧૩૦-૧૪૧ |
| ૩૧. | વ્યવહારસત્યભાષાનું સ્વરૂપ. | ૧૪૨-૧૪૫ |
| ૩૨. | ભાવસત્યભાષાનું સ્વરૂપ. | ૧૪૫-૧૫૪ |
| ૩૩. | યોગસત્યભાષાનું સ્વરૂપ. | ૧૫૫-૧૫૭ |
| ૩૪. | ઔપમ્યસત્યભાષાના બે ભેદો. | ૧૫૭-૧૬૩ |
| ૩૫. | ઔપમ્યસત્યભાષાના અવાંતર ચાર ભેદો અને તેના અવાન્તર ભેદોનું વિસ્તૃત વર્ણન. | ૧૬૩-૨૦૦ |
| ૩૬. | ઉપમાનસત્યભાષાને સત્યભાષારૂપે સ્વીકારની યુક્તિ. | ૨૦૦-૨૦૫ |
| ૩૭. | સત્યભાષાના નિરૂપણનો ઉપસંહાર. | ૨૦૫-૨૦૯ |


❄ ❄ ❄

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

લઘુહરિભદ્ર ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત સ્વોપજ્ઞ ટીકા યુક્ત

# ભાષારહસ્ય પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૧

## પ્રથમ સ્તબક

**ટીકાકારશ્રીનું મંગલાચરણ :-**

ऐन्द्रवृन्दनतं पूर्णज्ञानं सत्यगिरं जिनम् ।
नत्वा भाषारहस्यं स्वं विवृणोमि यथामति ।।१।।

**ટીકાર્થ :-**

ઐન્દ્ર=ઈન્દ્રોના વૃંદથી નમાયેલા પૂર્ણજ્ઞાનવાળા, સત્યવાણીવાળા, જિનને નમસ્કાર કરીને સ્વ ભાષારહસ્યને=પોતાના દ્વારા નિર્માણ કરાયેલા ભાષારહસ્ય નામના ગ્રંથનું, યથામતિ હું વિવરણ કરું છું. ।।૧।।

**અવતરણિકા :-**

इह खलु निःश्रेयसार्थिनां भाषाविशुद्धिरवश्यमादेया, वाक्समितिगुप्त्योश्च तदधीनत्वात् तयोश्च चारित्राङ्गत्वात्, तस्य च परमनिःश्रेयसहेतुत्वादिति, न च वचनविभक्त्यकुशलस्य मौनमात्रादेव वाग्गुप्तिसिद्धेर्गुणः; सर्वथा मौने व्यवहारोच्छेदाद् अनिष्णातस्य गुप्त्यनधिकारित्वाच्च । तदुक्तं –

"वयणविभत्तिअकुसलो वओगयं बहुविहं अवियाणंतो ।
जइ वि न भासइ किंची न चेव वयगुत्तयं पत्तो ।।" त्ति । (दश. अ. ७. नि. गा. २९०)

**प्रत्युतावाग्गुप्तस्य वाग्गुप्तत्वाभिमानादिना दोष एव, तदिदमाहोक्तगाथापातनिकायाञ्चूर्णिकारः-** 'आह जइ भासमाणस्स दोसो तो मोणं कायव्वं? आयारिओ भणइ मोणमवि अणुवायेण कुणमाणस्स दोसो भवइ' **त्ति । (दश. जिन. चू. पृ. २४२)**

**विशुद्ध्या तु सुचिरं भाषमाणस्याऽपि धर्मदानादिना गुण एव । तदिदमुक्तं –**

"वयणविभत्तिकुसलो वओगयं बहुविहं वियाणंतो ।

दिवसं पि भासमाणो तहा वि वयगुत्तयं पत्तो ।।२९१।।" **त्ति । (दश. वै. अ. ७, नि. गा. २९१)**

**ततो भाषाविशुद्ध्यर्थं रहस्यपदाङ्किततया चिकीर्षिताष्टोत्तरशतग्रन्थान्तर्गतप्रमारहस्यनयरहस्य-स्याद्वादरहस्यादिसजातीयं प्रकरणमिदमारभ्यते, तस्य चेयमादिगाथा –**

**અવતરણિકાર્થ :-**

**इह ..... आदिगाथा – અહીં=સંસારમાં, ખરેખર મોક્ષના અર્થી જીવોએ ભાષાની વિશુદ્ધિ અવશ્ય કરવી જોઈએ; કેમ કે વાક્સમિતિનું અને ગુપ્તિનું=વાક્સમિતિનું અને વાગ્ગુપ્તિનું તેને આધીનપણું છે=ભાષાશુદ્ધિને આધીનપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે વાગ્ગુપ્તિ અને વાક્સમિતિ ભાષાશુદ્ધિને આધીન હોય એટલા માત્રથી મોક્ષાર્થીને ભાષાશુદ્ધિ અવશ્ય આદરણીય છે, તે કેમ કહી શકાય ? તેથી બીજો હેતુ કહે છે –

**અને તે બેનું=વાક્સમિતિનું અને વાગ્ગુપ્તિનું, ચારિત્રઅંગપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે વાક્સમિતિ અને વાગ્ગુપ્તિ ચારિત્રનું અંગ હોય એટલા માત્રથી મોક્ષાર્થીએ ભાષાશુદ્ધિમાં યત્ન કરવો જોઈએ તે કેમ નક્કી થાય ? તેથી ત્રીજો હેતુ કહે છે –

**અને તેનું=ચારિત્રનું, પરમ્ નિશ્રેઃયસનું હેતુપણું છે, તેથી મોક્ષના અર્થીએ ભાષાશુદ્ધિમાં અવશ્ય યત્ન કરવો જોઈએ એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે મોક્ષના અર્થી જીવોમાં પણ કોઈ જીવને ભાષાવિશુદ્ધિનું જ્ઞાન ન હોય તો મૌન લઈને વાગ્ગુપ્તિ દ્વારા મોક્ષને સાધી શકશે. તેના નિવારણ માટે કહે છે –

**અને વચનવિભક્તિમાં અકુશલને=વચનપ્રયોગમાં અકુશલને, મૌનમાત્રથી જ વાગ્ગુપ્તિની સિદ્ધિનો ગુણ નથી; કેમ કે સર્વથા મૌનમાં વ્યવહારનો ઉચ્છેદ છે=સંયમના ઉચિત વ્યવહારનો ઉચ્છેદ છે.**

અહીં પ્રશ્ન થાય કે જ્યાં સુધી વચનમાં કુશલ ન થયો હોય ત્યાં સુધી મૌન ગ્રહણ કરે તો શું વાંધો છે ? તેથી બીજો હેતુ કહે છે –

**અનિષ્ણાતને=કઈ રીતે ગુપ્તિનું પાલન થઈ શકે ? એ પ્રકારના ગુપ્તિવિષયક સૂક્ષ્મ બોધ વગરના જીવને, ગુપ્તિનું અનધિકારીપણું છે=ગુપ્તિની પરિણતિનો અસંભવ છે. તે=અનિષ્ણાતને ગુપ્તિનું અનધિકારીપણું છે તે, કહેવાયું છે –**

"વચનગત બહુવિધને નહીં જાણતો વચનવિભક્તિમાં અકુશલ જો કે કાંઈ બોલતો નથી અને વચનગુપ્તતાને પ્રાપ્ત નથી જ." **(દશવૈકાલિકસૂત્ર અધ્યયન-૭, નિર્યુક્તિ ગાથા-૨૯૦)**

**'ત્તિ' ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**પ્રત્યુત=વચનવિભક્તિમાં અકુશલને મૌનમાત્રથી વાગ્ગુપ્તિની સિદ્ધિ તો નથી પરંતુ, અવાગ્ ગુપ્ત એવા તેને વાગ્ગુપ્તિત્વના અભિમાન આદિથી દોષ જ છે=કર્મબંધની પ્રાપ્તિ જ છે.**

**તે આ=વાગ્ગુપ્તિમાં અકુશલ મૌન ગ્રહણ કરે તેનાથી દોષ છે તે આ, ઉક્ત ગાથાની પાતનિકામાં દશવૈકાલિકનિર્યુક્તિની અવતરણિકામાં, ચૂર્ણિકારશ્રી કહે છે –**

"શંકા કરે છે – જો બોલનારને દોષો છે તો મૌન કરવું જોઈએ. આચાર્ય કહે છે – મૌન પણ અનુપાયથી કરનારને દોષ થાય છે." **(દશવૈકાલિકસૂત્ર જિનદાસગણીકૃત ચૂર્ણિ, પૃ. ૨૪૨)**

**'ત્તિ' ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**વળી વિશુદ્ધિથી લાંબો સમય ભાષમાનને પણ ધર્મદાનાદિથી ગુણ જ થાય છે. તે આ કહેવાયું છે=વચનશુદ્ધિથી બોલનારને ગુણ થાય છે એમ પૂર્વમાં કહ્યું તે આ દશવૈકાલિકનિર્યુક્તિ ગાથામાં કહેવાયું છે –**

"વચનપ્રયોગમાં કુશલ, વચનગત બહુવિધને જાણતો દિવસ પણ બોલતો છે=આખો દિવસ બોલતો છે, તોપણ વચનગુપ્તતાને પ્રાપ્ત છે." **(દશવૈકાલિકસૂત્ર અધ્યયન-૭, નિર્યુક્તિ ગાથા-૨૯૧)**

**તેથી=મોક્ષના અર્થીને ભાષા શુદ્ધિ અવશ્ય આદેય છે એમ અત્યાર સુધી સ્થાપન કર્યું તેથી, ભાષાવિશુદ્ધિ માટે રહસ્યપદથી અંકિતપણારૂપે ચિકીર્ષા કરાયેલ ૧૦૮ ગ્રંથ અંતર્ગત પ્રમારહસ્ય, નયરહસ્ય, સ્યાદ્વાદરહસ્ય આદિની સાથે સજાતીય એવા આ પ્રકરણનો આરંભ કરાય છે=ગ્રંથકારશ્રી વડે આરંભ કરાય છે, અને તેની=ભાષારહસ્યની, આ પ્રથમ ગાથા છે –**

**ભાવાર્થ :-**

સાધુ મોક્ષના અર્થી હોય છે, મોક્ષનો ઉપાય ચારિત્ર છે, ચારિત્રનું અંગ વાક્સમિતિ, વાગ્ગુપ્તિ છે. વાક્સમિતિ અને વાગ્ગુપ્તિ ભાષાની વિશુદ્ધિથી થાય છે. માટે સાધુને ભાષાની વિશુદ્ધિનું જ્ઞાન આવશ્યક છે તેથી ગ્રંથકારશ્રીએ ભાષારહસ્ય ગ્રંથ રચ્યો છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ સાધુ ભાષાના પ્રયોગવિષય કુશલ ન હોય તો મૌન ધારણ કરીને વાગ્ગુપ્તિ દ્વારા સંયમની પ્રાપ્તિ કરી શકશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સાધુ સર્વથા મૌન ધારણ કરે તો સંયમના ઉચિત વ્યવહારનો ઉચ્છેદ થાય, વળી માત્ર મૌનધારણથી વાગ્ગુપ્તિ આવતી નથી પરંતુ આત્માનો વીતરાગગામી ઉપયોગ થાય તે પ્રકારે મન-વચન-કાયાને દૃઢ પ્રવર્તાવવાથી ગુપ્તિની પ્રાપ્તિ થાય છે. જેઓને કઈ રીતે મન-વચન-કાયને વીતરાગગામી પ્રવર્તાવી શકાય ? તેનો સૂક્ષ્મબોધ નથી તેઓ ગુપ્તિના અનધિકારી છે, તેથી તેઓ મૌન ધારણ કરે તોપણ તેઓને ચારિત્રની

પ્રાપ્તિ થઈ શકે નહીં. આથી જ માષતુષ આદિ મુનિઓ પણ ગીતાર્થને પરતંત્ર થઈને ગીતાર્થના વચનાનુસાર ગુપ્તિમાં પ્રવર્તન કરી શકે તેવા બોધવાળા હતા તેથી ગીતાર્થના જ્ઞાનથી ગુપ્તિવિષયક નિષ્ણાત હતા, માટે ભાવથી ચારિત્રી હતા.

વળી જેઓ ગુપ્તિના પરમાર્થને જાણતા નથી અને મૌન ધારણ કરીને પોતે વાગ્ગુપ્તિવાળા છે તેવું માને છે તેઓને વાગ્ગુપ્તિનું અભિમાન હોવાથી અને પોતે અગુપ્ત હોવા છતાં પોતે વાગ્ગુપ્તિવાળા છે તેવો ભ્રમ હોવાથી વિપર્યાસબુદ્ધિરૂપ દોષની પ્રાપ્તિ છે, આથી જ મૌન ધારણ કરીને સંયમની ક્રિયા કરવા છતાં સંયમની તે તે ક્રિયા દ્વારા આત્મભાવમાં વિશ્રાંત થવાને બદલે બાહ્ય ક્રિયા દ્વારા પોતે સંયમ પાળે છે, તે પ્રકારના વિપર્યાસને ધારણ કરીને મિથ્યાત્વને જ પુષ્ટ કરે છે.

વળી જેઓ વાગ્ગુપ્તિના પરમાર્થને જાણનારા છે તેઓ ધર્મદેશનાદિ પ્રવૃત્તિકાળમાં વચનપ્રયોગ કરતા હોવા છતાં અંતરંગ રીતે તે તે વચનના ઉપદેશથી યોગ્ય જીવોને માર્ગનો બોધ કરાવે છે તેમજ પોતે પણ તે તે વચનપ્રયોગ કાળમાં તે તે વચનપ્રયોગ દ્વારા આત્માને ભાવિત કરીને આત્મભાવમાં વિશ્રાંત થવા યત્ન કરે છે, તેથી ચારિત્રના પરિણામના બીજભૂત ભાષાની વિશુદ્ધિનો યોગ્યજીવોને બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રીએ આ પ્રકરણનો આરંભ કર્યો છે. જેથી યોગ્યજીવોને વચન બોલવાના વિષયમાં કુશલતા પ્રાપ્ત થાય અને તેના બળથી ચારિત્રની પ્રાપ્તિ કરીને ક્રમસર મોક્ષની પ્રાપ્તિ કરે. તે ભાષારહસ્ય નામના પ્રકરણની આ પ્રથમ ગાથા છે.

**ગાથા :-**

**पणमिय पासजिणिंदं भासरहस्सं समासओ वुच्छं ।**
**जं नाऊण सुविहिआ चरणविसोहिं उवलहन्ति ।।१।।**

**છાયા :-**

**प्रणम्य पार्श्वजिनेन्द्रं भाषारहस्यं समासतो वक्ष्ये ।**
**यज्ज्ञात्वा सुविहिताश्चरणविशोधिमुपलभन्ते ।।१।।**

**અન્વયાર્થ :-**

**पासजिणिंदं=પાર્શ્વજિનેન્દ્રને, पणमिय=પ્રણામ કરીને, समासओ=સમાસથી, भासरहस्सं=ભાષારહસ્યને, वुच्छं=હું કહીશ. जं=જેને, नाऊण=જાણીને, सुविहिआ=સુવિહિતો=સુવિહિત મહાત્માઓ, चरणविसोहिं= ચારિત્રની વિશોધિને, उवलहन्ति=પ્રાપ્ત કરે છે. ।।૧।।**

**ગાથાર્થ :-**

**પાર્શ્વજિનેન્દ્રને પ્રણામ કરીને સમાસથી ભાષારહસ્યને હું કહીશ. જેને જાણીને સુવિહિત મહાત્માઓ ચારિત્રની વિશોધિને પ્રાપ્ત કરે છે. ।।૧।।**

**ટીકા :-**

**अहं भाषारहस्यं समासतः=शब्दसंक्षेपतो, वक्ष्य इति अन्वयः, इयं च प्रतिज्ञा, सा च तदर्थिनां शिष्याणामवधानफलिका, किं कृत्वा ? प्रणम्य=प्रकर्षेण नत्वा, कं? पार्श्वजिनेन्द्रं, जयन्ति रागादिशत्रूनिति जिनाः=सामान्यकेवलिनः, तेष्विन्द्र इव प्राधान्यात् जिनेन्द्रः, पार्श्वश्चासौ जिनेन्द्रश्च=पार्श्वजिनेन्द्रः तम् । अनेन समुचितदेवतानमस्काररूपं मङ्गलं कृतं तेन च शिष्टाचारः परिपालितो भवति ।**

**अथ शिष्टाचारपरिपालनं न स्वतः प्रयोजनं सुखदुःखाभावयोरन्यतरत्वाभावात्, न चाऽपूर्वजनकतया तस्य फलहेतुत्वं, तद्धि अपूर्वं विघ्नमविनाश्य फलं जनयेद्विनाश्य वा ? नाद्यः सति प्रतिबन्धके हेतुसहस्रादपि फलानुत्पत्तेः, नाऽन्त्यः आवश्यकत्वाद्विघ्नध्वंसस्यैव मङ्गलफलत्वेऽपूर्वकल्पनावैयर्थ्यादिति चेत् ? न, शिष्टाचारपरिपालनद्वारा मङ्गलस्याऽपूर्वजनकत्वेऽपि विघ्नध्वंसहेतुत्वाऽविरोधात्, पुण्यप्रकृतिबन्धपापप्रकृत्युच्छेदयोर्युगपद्भावात् ।**

**न च विघ्नध्वंसेनैव फलोपपत्तावपूर्वकल्पनावैयर्थ्यम्, विहितत्वेन तस्याऽवश्यं पुण्यजनकत्वादित्यधिकं मत्कृतमङ्गलवादे ।**

**पश्चार्द्धेन प्रयोजनमाह, यद्=भाषारहस्यं, ज्ञात्वा=विदित्वा, सुविहिताः=सदाचाराः, चरणविशुद्धिं=चारित्रनैर्मल्यं, उपलभन्ते=प्राप्नुवन्ति ।।१।।**

**ટીકાર્થ :-**

**अहं ..... प्राप्नुवन्ति ।। હું ભાષારહસ્યને સમાસથી=શબ્દના સંક્ષેપથી, કહીશ એ પ્રમાણે અન્વય છે અને આ પ્રતિજ્ઞા છે=ગાથાના પૂર્વાર્ધનું કથન એ ગ્રંથરચના કરવાનું પ્રતિજ્ઞા વચન છે. અને તે=સંક્ષેપથી ભાષારહસ્યને કહેવાની પ્રતિજ્ઞા, તેના અર્થી એવા શિષ્યોને=ભાષારહસ્યના જ્ઞાનના અર્થી એવા જીવોને, અવધાનફલવાળી છે=સાંભળવાને અભિમુખ પ્રયત્ન કરાવે એવા ફળવાળી છે.**

શું કરીને ગ્રંથકારશ્રી ભાષારહસ્ય કહે છે ? તેથી કહે છે –

**પ્રણામ કરીને=પ્રકર્ષથી નમસ્કાર કરીને=નમસ્કરણીય વ્યક્તિના ગુણમાં ચિત્ત તન્મયભાવને પામે તે પ્રકારના પ્રકર્ષથી નમસ્કાર કરીને.**

કોને નમસ્કાર કરીને ? તેથી કહે છે –

**પાર્શ્વજિનેન્દ્રને નમસ્કાર કરીને હું કહીશ, એમ અન્વય છે.**

પાર્શ્વજિનેન્દ્રનો સમાસ સ્પષ્ટ કરતાં કહે છે –

**રાગાદિ શત્રુને જીતે છે એ જિન છે=સામાન્યકેવલી છે. તેઓમાં=સામાન્યકેવળીમાં, ઈન્દ્રની જેમ**

**પ્રાધાન્ય હોવાથી જિનેન્દ્ર છે. પાર્શ્વ એવા આ જિનેન્દ્ર તે પાર્શ્વ જિનેન્દ્ર છે. તેને પ્રણામ કરીને હું કહીશ એમ અન્વય છે. આના દ્વારા="પાર્શ્વ જિનેન્દ્રને નમસ્કાર કરીને" એમ કહ્યું એના દ્વારા, સમુચિત દેવતાના નમસ્કારરૂપ=નમસ્કારને ઉચિત એવા દેવતાના નમસ્કારરૂપ, મંગલ કરાયું અને તેના વડે=સમુચિત દેવતાના નમસ્કાર વડે, શિષ્ટાચાર પરિપાલિત થાય છે.**

પૂર્વમાં કહ્યું કે દેવતાના નમસ્કાર કરવાથી શિષ્ટાચાર પરિપાલિત થાય છે. ત્યાં 'अथ'થી શંકા કરે છે -

**શિષ્ટાચારનું પરિપાલન સ્વતઃ પ્રયોજનવાળું નથી; કેમ કે સુખના અભાવના અને દુઃખના અભાવના અન્યતરત્વનો અભાવ છે=સુખ અને દુઃખના અભાવમાંથી અન્યતરત્વનું સ્વતઃ પ્રયોજનપણું હોવાથી શિષ્ટાચારનું પરિપાલન સુખરૂપ કે દુઃખના અભાવરૂપ નહીં હોવાથી સ્વતઃ પ્રયોજનવાળું નથી, એમ અન્વય છે. અને અપૂર્વજનકપણાથી=ગ્રંથ અપૂર્વજનક બને તે સ્વરૂપથી, તેનું=શિષ્ટાચારના પરિપાલનનું ફળહેતુપણું છે તેમ ન કહેવું.**

કેમ ન કહેવું ? તેમાં યુક્તિ બતાવે છે –

**તે અપૂર્વ વિઘ્નનો વિનાશ કર્યા વગર ફળને પેદા કરે છે અથવા વિનાશ કરીને એમ બે વિકલ્પ છે. પ્રથમ વિકલ્પ બરાબર નથી=વિઘ્નનો વિનાશ કર્યા વગર શિષ્ટાચારનું પરિપાલન અપૂર્વ ગ્રંથને નિર્માણ કરે છે તે વિકલ્પ બરાબર નથી; કેમ કે પ્રતિબંધક હોતે છતે=ગ્રંથનિર્માણમાં વિઘ્નરૂપ પ્રતિબંધક હોતે છતે, હજાર હેતુથી પણ ફળની અનુત્પત્તિ છે=અપૂર્વ ગ્રંથનિર્માણરૂપ ફળની અનુત્પત્તિ છે. અંત્ય નથી=બીજો વિકલ્પ બરાબર નથી=શિષ્ટાચારનું પરિપાલન વિઘ્નનો નાશ કરી અપૂર્વ ફળને પ્રાપ્ત કરે છે તે વિકલ્પ બરાબર નથી; કેમ કે મંગલના ફળપણામાં વિઘ્નધ્વંસનું જ આવશ્યકપણું હોવાથી અપૂર્વકલ્પનાનું વૈયર્થ્ય છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –**

**તેમ ન કહેવું; કેમ કે શિષ્ટાચારના પરિપાલન દ્વારા મંગલનું અપૂર્વજનકપણું હોવા છતાં પણ વિઘ્નધ્વંસના હેતુત્વનો અવિરોધ છે=મંગલ વિઘ્નધ્વંસનો હેતુ છે અને મંગલ શિષ્ટાચારના પરિપાલન દ્વારા ગ્રંથના અપૂર્વ નિર્માણનો હેતુ છે, એમ સ્વીકારવામાં વિરોધ નથી.**

મંગલનાં બે કાર્ય સ્વીકારવામાં કેમ વિરોધ નથી ? તેમાં હેતુ કહે છે –

**પુણ્યપ્રકૃતિના બંધનો અને પાપપ્રકૃતિના ઉચ્છેદનો યુગપદ્ ભાવ છે=મંગલ કરવાથી શિષ્ટાચારના પરિપાલન દ્વારા પુણ્યપ્રકૃતિનો બંધ થાય છે અને મંગલના અધ્યવસાયથી પાપપ્રકૃતિનો ઉચ્છેદ થાય છે, તેથી મંગલાચરણનાં બે કાર્ય સ્વીકારવામાં વિરોધ નથી અને વિઘ્નધ્વંસથી જ ફળની ઉપપત્તિ થયે છતે=મંગલાચરણ દ્વારા ગ્રંથનિર્માણના વિઘ્નના ધ્વંસથી જ ગ્રંથનિર્માણરૂપ ફળની ઉપપત્તિ થયે છતે, અપૂર્વની કલ્પના વૈયર્થ્ય છે=શિષ્ટાચારના પરિપાલન દ્વારા ગ્રંથનું અપૂર્વ નિર્માણ થાય છે એ પ્રકારની કલ્પના વૈયર્થ્ય છે, એમ ન કહેવું; કેમ કે વિહિતપણું હોવાથી=સર્વ કૃત્યો મંગલપૂર્વક કરવાં જોઈએ એ પ્રકારે વિહિતપણું હોવાના કારણે, તેનું=મંગલાચરણનું, અવશ્ય પુણ્ય જનકપણું છે એ પ્રમાણે ગ્રંથકારશ્રી કૃત મંગળવાદમાં અધિક કથન છે. પશ્ચાર્ધથી=ગાથાના પશ્ચાર્ધથી, પ્રયોજનને**

**કહે છે=ગ્રંથનિર્માણના પ્રયોજનને કહે છે, જેને=ભાષારહસ્યને, જાણીને સુવિહિતો=સદાચારવાળા મહાત્માઓ, ચરણવિશુદ્ધિને=ચારિત્રના નૈર્મલ્યને, પ્રાપ્ત કરે છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

**ગ્રંથનું મંગલાચરણ :-**

ગ્રંથકારશ્રીએ ગાથાના પૂર્વાર્ધથી પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને સંક્ષેપથી ભાષારહસ્ય કરવાની પ્રતિજ્ઞા કરી છે. જે પ્રતિજ્ઞાને સાંભળીને ભાષાના રહસ્યને જાણવાની ઇચ્છાવાળા યોગ્યજીવોને તે સાંભળવાને અભિમુખ ભાવ થાય છે.

વળી પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કર્યા તેનાથી બે કાર્ય થાય છે. (૧) મંગલ થાય છે અને (૨) શિષ્ટાચારનું પરિપાલન થાય છે. મંગલ કરવાથી ગ્રંથનિર્માણમાં આવતાં વિઘ્નોનો નાશ થાય છે અને શિષ્ટાચારના પરિપાલનથી અપૂર્વ ગ્રંથનું નિર્માણ થાય છે; કેમ કે મંગલ તે ગુણસંપન્ન એવા તીર્થંકરોને નમસ્કાર કરવારૂપ છે તેથી ગ્રંથનિર્માણમાં પ્રતિબંધક એવા કર્મનો નાશ થાય છે. વળી સર્વ પ્રવૃત્તિ મંગલપૂર્વક કરવી જોઈએ એ પ્રકારનો શિષ્ટોનો આચાર છે. તે આચારનું પરિપાલન મંગલ કરવાથી થાય છે. તે શિષ્ટાચારના પરિપાલનની ક્રિયા ગ્રંથનિર્માણની પ્રવૃત્તિમાં અપૂર્વ શક્તિનું આધાન કરનાર છે, તેથી ગ્રંથનિર્માણની ક્રિયા વિશેષ પ્રકારે થાય છે; કેમ કે શિષ્ટાચારના પરિપાલનના અધ્યવસાયથી ગ્રંથનિર્માણને અનુકૂળ એવી અપૂર્વ ક્રિયાને નિષ્પન્ન કરનાર પુણ્યપ્રકૃતિ જાગૃત થાય છે, તેથી અપૂર્વ કોટિના ગ્રંથનું નિર્માણ થાય છે અર્થાત્ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ શિષ્ટાચારની પાલનની ક્રિયા હોવાથી ગ્રંથનિર્માણકાળમાં પણ ભગવાનના વચનથી અન્યથા ન થાય તેવો નિર્મળ અધ્યવસાય વર્તે છે. જેનાથી સર્વજ્ઞના વચન અનુસાર જ ગ્રંથનિર્માણ થઈ શકે તેવો દૃઢ યત્ન થાય છે.

અહીં શિષ્ટાચારના પરિપાલનનું કોઈ ફળ નથી એ પ્રકારની શંકા કરતાં કોઈ કહે છે –

શિષ્ટાચારનું પરિપાલન સુખરૂપ નથી કે દુઃખના અભાવરૂપ નથી, તેથી તેનું કોઈ સ્વતઃ પ્રયોજન નથી; કેમ કે સુખમાં કે દુઃખના અભાવમાં જીવની સ્વતઃ પ્રવૃત્તિ થાય છે. તે સિવાય કોઈ વિષયમાં જીવની સ્વતઃ પ્રવૃત્તિ નથી; પરંતુ સુખના કે દુઃખના અભાવના પ્રયોજનથી તે કૃત્યમાં પ્રવૃત્તિ થાય છે. જેમ મોક્ષ પૂર્ણ સુખમય છે અથવા સંસારના દુઃખના અભાવરૂપ છે, તેથી મોક્ષ માટે જીવની સ્વતઃ પ્રવૃત્તિ થાય છે અને મોક્ષના ઉપાયરૂપ શાસ્ત્રશ્રવણમાં કે સંયમની ક્રિયામાં જીવને મોક્ષની ઇચ્છાને આધીન પ્રવૃત્તિ થાય છે, તેથી શાસ્ત્રશ્રવણમાં કે શાસ્ત્રાનુસારી ક્રિયામાં સ્વતઃ પ્રવૃત્તિ નથી માટે જેમ શાસ્ત્રશ્રવણ કે શાસ્ત્રાનુસારી ક્રિયા સ્વતઃ પ્રવૃત્તિવાળાં નથી તેમ શિષ્ટાચારનું પરિપાલન સ્વતઃ પ્રવૃત્તિવાળું નથી. તેના ઉત્તર તરીકે કહેવામાં આવે કે શિષ્ટાચારનું પરિપાલન અપૂર્વ ગ્રંથનિર્માણનો હેતુ છે માટે મોક્ષના અર્થી એવા મહાત્મા મોક્ષના ઉપાયરૂપ અપૂર્વ ગ્રંથનિર્માણના આશયથી શિષ્ટાચારના પરિપાલનમાં યત્ન કરશે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે –

મંગલાચરણથી જે શિષ્ટાચારનું પરિપાલન થાય છે તે વિઘ્નોનો નાશ કર્યા વગર અપૂર્વગ્રંથનું નિર્માણ કરે છે કે વિઘ્નોનો નાશ કરીને અપૂર્વગ્રંથનિર્માણ કરે છે ? એમ બે વિકલ્પ થાય છે. તેમાં પ્રથમ વિકલ્પ સુંદર નથી; કેમ કે મંગલાચરણ કરવાથી થયેલા શિષ્ટાચારના પરિપાલનથી વિઘ્નો નાશ ન થાય તો ગ્રંથનિર્માણમાં પ્રતિબંધક એવાં અંતરંગ વિઘ્નો હોતે છતે અન્ય સર્વ હેતુઓથી પણ ગ્રંથનિર્માણ થઈ શકે નહીં, તેથી શિષ્ટાચારના પરિપાલનથી અપૂર્વ ગ્રંથ થાય છે તેમ કહી શકાય નહીં.

અહીં એમ કહેવામાં આવે કે મંગલાચરણ કરવાથી જે શિષ્ટાચારનું પરિપાલન થાય છે તેનાથી વિઘ્નધ્વંસ દ્વારા અપૂર્વગ્રંથનું નિર્માણ થાય છે તેના નિરાકરણ માટે પૂર્વપક્ષી કહે છે –

વિઘ્નધ્વંસ જ મંગલનું ફળ છે, તેથી મંગલ શિષ્ટાચારના પરિપાલન દ્વારા અપૂર્વ ગ્રંથનું નિર્માણ કરે છે તેવી કલ્પના વ્યર્થ છે; કેમ કે મંગલ વિઘ્નધ્વંસ કરીને જ ચરિતાર્થ થાય છે, તેથી તે મંગલ શિષ્ટાચારના પરિપાલન દ્વારા અપૂર્વ ગ્રંથનિર્માણ કરે છે એમ સ્વીકારવામાં કોઈ યુક્તિ નથી.

પૂર્વપક્ષીની શંકાના ઉત્તરમાં ગ્રંથકારશ્રી કહે છે –

મંગલ શિષ્ટાચારના પરિપાલન દ્વારા અપૂર્વ ગ્રંથનો જનક હોવા છતાં પણ મંગલને વિઘ્નધ્વંસનો હેતુ સ્વીકારવામાં વિરોધ નથી; કેમ કે મંગલાચરણ કરવાથી પુણ્યપ્રકૃતિનો બંધ અને પાપપ્રકૃતિના વિચ્છેદનો એક સાથે સદ્ભાવ છે.

આશય એ છે કે મંગલ એ ગુણસંપન્ન પુરુષને નમસ્કાર કરવાની ક્રિયારૂપ છે તેનાથી ગ્રંથનિર્માણમાં વિઘ્નભૂત પાપપ્રકૃતિનો વિચ્છેદ થાય છે અર્થાત્ ગ્રંથનિર્માણને અનુકૂળ વિશિષ્ટ પ્રતિભાની બાધક જ્ઞાનાવરણ આદિ પાપપ્રકૃતિઓનો વિચ્છેદ થાય છે; કેમ કે મંગલાચરણથી થયેલ વીતરાગ પ્રત્યેનો પ્રવર્ધમાન રાગ તેમના વચનથી અન્યથા ગ્રંથનિર્માણ ન થાય તે પ્રકારના ઉપયોગને ઉલ્લસિત કરે છે. તેમ મંગલરૂપ મંગલાચરણની ક્રિયા તે શિષ્ટપુરુષોનો આચાર છે અને શિષ્ટોનો આચાર ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી પુણ્યપ્રકૃતિના જનક બને છે તેથી મંગલાચરણની ક્રિયાથી બંધાયેલી પુણ્યપ્રકૃતિ મોક્ષને અનુકૂળ એવા વિશિષ્ટ ગ્રંથનિર્માણની અનુકૂળ શક્તિનું આધાન કરે છે, તેથી અપૂર્વગ્રંથનું નિર્માણ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે મંગલાચરણ દ્વારા વિઘ્નધ્વંસ થવાથી જ ગ્રંથનિર્માણ થઈ શકે છે તેથી મંગલાચરણ શિષ્ટાચારના પરિપાલન દ્વારા અપૂર્વ ગ્રંથનું નિર્માણ કરે છે તે પ્રકારની કલ્પના કરવી વ્યર્થ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

મંગલાચરણ કરવાનું શાસ્ત્રમાં વિહિત છે, તેથી શાસ્ત્રમાં જે વિહિત હોય તેનું પરિપાલન કરવું તે શિષ્ટોનો આચાર છે અને જે મહાત્મા શાસ્ત્રમાં વિહિત એવા શિષ્ટાચારનું પાલન કરે છે તેનાથી તે મહાત્માને વિશિષ્ટ પ્રકારના પુણ્યની પ્રાપ્તિ થાય છે અને તે વિશિષ્ટ પુણ્યના કારણે તે મહાત્માને અપૂર્વ ગ્રંથનિર્માણની પ્રતિભા મંગલાચરણથી પ્રાપ્ત થાય છે તેથી અપૂર્વ ગ્રંથનું નિર્માણ થાય છે.

**ગ્રંથનિર્માણનું પ્રયોજન :-**

વળી ગાથાના પશ્ચાર્ધથી ગ્રંથકારશ્રી ગ્રંથનિર્માણનું પ્રયોજન કહે છે –

જે મહાત્માઓ સદાચારવાળા છે તેઓ પ્રસ્તુત ભાષારહસ્ય ગ્રંથનું અધ્યયન કરીને જ્ઞાતતત્ત્વવાળા થશે અને તેના કારણે તેઓને ચારિત્રની નિર્મળતા પ્રાપ્ત થશે. તેથી એ પ્રાપ્ત થાય કે સદાચારવાળા મહાત્માઓ ભાષાના રહસ્યને જાણવા પૂર્વે ગુણવાન એવા ગીતાર્થને પરતંત્ર થઈને સદાચાર સેવતા હતા તેથી ચારિત્રની પરિણતિવાળા હતા અને શાસ્ત્રનો અભ્યાસ કરીને જિનવચનાનુસાર જ્યારે ભાષારહસ્યને જાણશે ત્યારે વાક્સમિતિ અને વાગ્ગુપ્તિવિષયક સૂક્ષ્મ બુદ્ધિ થવાથી ચારિત્રની નિર્મળતાને પ્રાપ્ત કરશે. **॥૧॥**

**અવતરણિકા :-**

**अथ भाषामेव तावन्निक्षेपतो निर्दिशति –**

**અવતરણિકાર્થ :-**

**હવે ભાષાને નિક્ષેપથી બતાવે છે –**

**ગાથા :-**

**नामाई निक्खेवा चउरो चउरेहि एत्थ णायव्वा ।**
**दव्वे तिविहा गहणं तह य निसिरणं पराघाओ ।।२।।**

**છાયા :-**

**नामादयो निक्षेपाश्चत्वारश्चतुरैरत्र ज्ञातव्याः ।**
**द्रव्ये त्रिविधा ग्रहणं तथा च निसरणं पराघातः ।।२।।**

**અન્વયાર્થ :-**

**एत्थ=અહીં=ભાષાના વિષયમાં, चउरेहि=ચતુરો વડે, नामाई=નામાદિ, चउरो=ચાર, निक्खेवा=નિક્ષેપાઓ, णायव्वा=જ્ઞાતવ્ય છે, तह=અને, दव्वे=દ્રવ્યમાં=દ્રવ્યનિક્ષેપામાં, तिविहा=ત્રિવિધ=ત્રણ પ્રકારની ભાષા છે : गहणं=ગ્રહણ, निसिरणं=નિઃસરણ, य=અને, पराघाओ=પરાઘાત. ।।૨।।**

**ગાથાર્થ :-**

**અહીં=ભાષાના વિષયમાં, ચતુરો વડે નામાદિ ચાર નિક્ષેપાઓ જ્ઞાતવ્ય છે. દ્રવ્યમાં=દ્રવ્યનિક્ષેપામાં ત્રિવિધ=ત્રણ પ્રકારની ભાષા છે : ગ્રહણ, નિઃસરણ અને પરાઘાત. ।।૨।।**

**ટીકા :-**

**अत्र=भाषायां निरूपणीयायां, नामादयश्चत्वारो निक्षेपाः चतुरैः=अनुयोगकुशलैः ज्ञातव्याः । नामभाषा, स्थापनाभाषा, द्रव्यभाषा, भावभाषा चेति, तत्र नामस्थापने आगम-नोआगम-ज्ञात्रनुपयुक्त-ज्ञशरीरभव्यशरीरद्रव्यभाषानिक्षेपं च सुगमत्वादुपेक्ष्य तद्व्यतिरिक्तद्रव्यभाषाभेदानाह, द्रव्ये च=**

**ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तद्रव्ये च विषये, त्रिविधा=त्रिप्रकारा, भाषेत्यस्य पूर्वतो विपरिणतानुषङ्गः ।**

**कास्तिस्रो विधा इत्याह, ग्रहणं=वचोयोगपरिणतेनात्मना गृहितान्यनिसृष्टानि भाषाद्रव्याणि, तथा चेति समुच्चये, निसरणं=उरःकण्ठादिस्थानप्रयत्नाद् यथाविभागं निसृज्यमानानि तान्येव, पराघातश्च= तैरेव भाषाद्रव्यैर्निसृष्टैः प्रेर्यमाणानि भाषापरिणतिप्रायोग्याणि द्रव्यान्तराणि, आह च निर्युक्तिकारः-** 'दव्वे तिविहा गहणे निसरणे तह भवे पराघाये' **त्ति (द. वै. नि. गा. २७१) अत्र च विषये सप्तमी ग्रहणादिक्रियामाश्रित्य वृत्तौ च** 'ग्रहणे च' **(द. वै. अध्य. ७, नि. गाथा २७१ हा. वृ.) इत्यादि व्याख्यानात् । अन्यथा तु** 'तिविहा भासा तं जहा गहणं निसिरणं पराघातो' **त्ति (द.नि. श्लो. १७३, चू. पृ. १५९) चूर्णिदर्शनात् प्रथमाऽपि नानुपपन्नैवेति ध्येयम् ।।२।।**

**ટીકાર્થ :-**

**अत्र ..... द्रव्यान्तराणि । અહીં=નિરૂપણીય એવી ભાષાના વિષયમાં, નામાદિ ચાર નિક્ષેપાઓ ચતુર વડે=અનુયોગ કુશળ વડે જ્ઞાતવ્ય છે.**

તે ચાર નિક્ષેપાઓ સ્પષ્ટ કરે છે –

**નામભાષા, સ્થાપનાભાષા, દ્રવ્યભાષા અને ભાવભાષા.**

**'इति' શબ્દ ચાર નિક્ષેપાના કથનની સમાપ્તિમાં છે.**

ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે –

**ત્યાં=ભાષાના ચાર નિક્ષેપામાં, સુગમપણું હોવાના કારણે નામ, સ્થાપના, આગમથી જ્ઞાતા અને અનુપયુક્ત, નોઆગમથી જ્ઞશરીર અને ભવ્યશરીરરૂપ દ્રવ્યભાષાના નિક્ષેપની ઉપેક્ષા કરીને તદ્વ્યતિરિક્ત= જ્ઞશરીર અને ભવ્યશરીરથી વ્યતિરિક્ત, એવી દ્રવ્યભાષાના ભેદોને કહે છે –**

**દ્રવ્યમાં=જ્ઞશરીર, ભવ્યશરીરથી વ્યતિરિક્ત દ્રવ્યના વિષયમાં, ત્રિવિધા=ત્રણ પ્રકારવાળી, ભાષા છે.**

ગાથામાં ભાષા શબ્દ નથી, તે ક્યાંથી આવ્યો ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ભાષા એ પ્રકારના આનું પૂર્વથી=પૂર્વની ગાથામાંથી વિપરિણતરૂપે અનુષંગ છે=પૂર્વની ગાથામાં ભાષારહસ્ય શબ્દ છે તેમાંથી રહસ્યરૂપ એક અંશનો ત્યાગ કરીને ભાષારૂપ અંશના ગ્રહણસ્વરૂપ વિપરિણતરૂપે ભાષાશબ્દનું પ્રસ્તુત ગાથામાં અનુસરણ છે, તેથી "दव्वे तिविहा" પછી ભાષાનું યોજન છે.**

**દ્રવ્યભાષા કઈ ત્રણ પ્રકારની છે ? એથી કહે છે –**

**ગ્રહણ=વચનયોગથી પરિણત એવા આત્મા વડે ગ્રહણ કરાયેલાં અને નહીં ત્યાગ કરાયેલાં ભાષાદ્રવ્યો ગ્રહણદ્રવ્યભાષા છે.**

**ગાથામાં 'तथा च' એ ત્રણ ભેદોના સમુચ્ચય માટે છે.**

**નિસ્સરણ=ઉર-કંઠાદિ સ્થાનના પ્રયત્નથી યથાવિભાગ ત્યાગ કરાતાં તે જ=ગ્રહણ કરાયેલાં ભાષાદ્રવ્યો જ, નિઃસરણદ્રવ્યભાષા છે. અને પરાઘાત તે જ નિઃસૃષ્ટ એવાં ભાષાદ્રવ્યો વડે પ્રેર્યમાણ ભાષાપરિણતિ પ્રાયોગ્ય દ્રવ્યાન્તરો પરાઘાતદ્રવ્યભાષા છે.**

**आह च निर्युक्तिकारः –અને નિર્યુક્તિકાર કહે છે=ત્રણ પ્રકારની ભાષા પૂર્વમાં કહી તે નિર્યુક્તિકાર કહે છે –**

'दव्वे ..... पराघाये' **त्ति** "દ્રવ્યભાષા ગ્રહણ, નિઃસરણ અને પરાઘાત ત્રણ પ્રકારની થાય છે." **(દશવૈકાલિકસૂત્ર નિર્યુક્તિ ગાથા-૨૭૧)**

**'त्ति' શબ્દ ચાર નિક્ષેપાના કથનની સમાપ્તિમાં છે.**

**अत्र ..... ध्येयम् ।। અને અહીં=દશવૈકાલિકનિર્યુક્તિ ગાથામાં, વિષય અર્થમાં સપ્તમી ગ્રહણ આદિ ક્રિયાને આશ્રયીને છે; કેમ કે અને વૃત્તિમાં "ग्रहणे च** ઇત્યાદિ" **વ્યાખ્યાન છે. વળી અન્યથા=સપ્તમીને બદલે અન્ય પ્રકારે,** "ત્રણ પ્રકારની ભાષા છે. તે આ પ્રમાણે – ગ્રહણ, નિઃસરણ અને પરાઘાત" **એ પ્રમાણે ચૂર્ણિમાં પ્રાપ્તિ હોવાથી પ્રથમા પણ=પ્રથમા વિભક્તિ પણ, અનુપપન્ન નથી જ એ પ્રમાણે જાણવું. ।।૨।।**

**ભાવાર્થ :-**

**ભાષાપદના નિક્ષેપ :-**

પૂર્વમાં ભાષારહસ્યને કહેવાની ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરી તેથી ભાષા શું છે ? તે નિરૂપણ કરવા અર્થે ભાષાના ચાર નિક્ષેપાઓ બતાવે છે, જેથી ભાષા શબ્દથી વાચ્ય ચાર અર્થની પ્રાપ્તિ થાય છે.

જેમ કોઈ વ્યક્તિનું નામ ભાષા હોય તો તે નામભાષા કહેવાય અર્થાત્ નામથી તે ભાષા છે, લિપિસ્વરૂપ અક્ષરો તે સ્થાપનાભાષા કહેવાય, ભાવભાષાનું જે કારણ હોય તે દ્રવ્યભાષા કહેવાય અને જીવના બોધાત્મક પરિણામસ્વરૂપ ભાષા હોય તે ભાવભાષા કહેવાય. તેમાં નામભાષા અને સ્થાપનાભાષા સુગમ હોવાથી ગ્રંથકારશ્રીએ તેની ઉપેક્ષા કરી છે, અને પ્રસ્તુતમાં તેનું કથન કરેલ નથી.

દ્રવ્યભાષા આગમથી અને નોઆગમથી એમ બે પ્રકારે થાય છે. આગમથી ભાષાના રહસ્યને જાણનાર અને ભાષાના ઉપયોગ વગર ભાષાનો પ્રયોગ કરે તેની આગમથી દ્રવ્યભાવભાષા છે; કેમ કે તદર્થનો જ્ઞાતા છે અને તદર્થમાં અનુપયુક્ત છે. "अनुपयोगो द्रव्यम्" તે વચનાનુસાર તેની ભાષા દ્રવ્યભાવભાષા કહેવાય.

વળી નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત એમ ત્રણ પ્રકારે દ્રવ્યભાષા છે. પૂર્વમાં ભાષાના રહસ્યને જાણનાર એવા મુનિ કાળ કરી ગયા હોય ત્યારે એમનું જે શરીર છે તે નોઆગમથી જ્ઞશરીરદ્રવ્યભાષા કહેવાય.

વળી જે મહાત્મા ભાષાના રહસ્યને ભવિષ્યમાં જાણનાર થશે, પરંતુ અત્યારે જાણનાર નથી તેઓનું શરીર નોઆગમથી ભવ્યશરીરરૂપ દ્રવ્યભાષા કહેવાય.

આ બે અર્થ સુગમ હોવાથી ગ્રંથકારશ્રીએ ગ્રહણ કરેલા નથી પરંતુ તેની ઉપેક્ષા કરીને નોઆગમથી તદ્વ્યતિરિક્ત દ્રવ્યભાષાના ભેદોને કહે છે – નોઆગમથી તદ્વ્યતિરિક્ત દ્રવ્યભાષા ત્રણ પ્રકારે છે. (૧) ગ્રહણ (૨) નિઃસરણ અને (૩) પરાઘાત.

**ગ્રહણ :-**

કોઈકને શ્રુતજ્ઞાનનો બોધ કરાવવા અર્થે વચનયોગપરિણત એવા આત્મા વડે ગ્રહણ કરાયેલા ભાષાવર્ગણાના પુદ્ગલો ભાષારૂપે ગ્રહણ કરીને મૂક્યા ન હોય તેવા ભાષાપરિણત પુદ્ગલો ગ્રહણરૂપ દ્રવ્યભાષા છે.

**નિઃસરણ :-**

વળી ગ્રહણ કરાયેલા ભાષાવર્ગણાના પુદ્ગલોને ઉર, કંઠાદિ સ્થાનના પ્રયત્નથી શબ્દોનો જે પ્રકારે વિભાગ હોય તે પ્રકારે વિભાગપૂર્વક મુકાતા હોય ત્યારે પૂર્વમાં ગ્રહણ કરાયેલા પુદ્ગલો નિઃસરણરૂપ દ્રવ્યભાષા છે.

**પરાઘાત :-**

બોલનાર પુરુષ વડે મુકાયેલા તે ભાષાવર્ગણાના પુદ્ગલોથી પ્રેરાતા ભાષાપરિણતિ પ્રાયોગ્ય દ્રવ્યાંતરો જે ભાષારૂપે પરિણમન પામે છે તે પરાઘાતરૂપ દ્રવ્યભાષા છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**अथ कीदृशानि भाषाद्रव्याणि गृह्णातीत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે કેવા પ્રકારનાં ભાષાદ્રવ્યો જીવ ગ્રહણ કરે છે ? તેને કહે છે –**

**ગાથા :-**

**गेण्हइ ठियाइ जीवो, णेव य अठियाइं भासदव्वाइं ।**
**दव्वाइचउविसेसो णायव्वो पुण जहाजोगं ।।३।।**

**છાયા :-**

**गृह्णाति स्थितानि जीवो नैव चास्थितानि भाषाद्रव्याणि ।**
**द्रव्यादिचतुर्विशेषो ज्ञातव्यः पुनर्यथायोगम् ।।३।।**

**અન્વયાર્થ :-**

**जीवो ठियाइ भासादव्वाइं गेण्हइ=જીવ સ્થિત એવાં ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે, णेव य अठियाइं=અને અસ્થિત ભાષાદ્રવ્યોને=ગમનપરિણામવાળાં ભાષાદ્રવ્યોને, ગ્રહણ કરતો નથી. पुण=વળી ગ્રહણ**

કરાતા ભાષાદ્રવ્યના વિષયમાં, दव्वाइचउविसेसो=દ્રવ્યાદિ ચારનો વિશેષ=દ્રવ્યાદિ ચારનો ભેદ, जहाजोगं=યથાયોગ્ય=યથાસંભવ, णायव्वो=જાણવો. ॥૩॥

**ગાથાર્થ :-**

**જીવ સ્થિત એવાં ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે અને અસ્થિત ભાષાદ્રવ્યોને=ગમનપરિણામવાળાં ભાષાદ્રવ્યોને, ગ્રહણ કરતો નથી. વળી ગ્રહણ કરાતા ભાષાદ્રવ્યના વિષયમાં દ્રવ્યાદિ ચારનો વિશેષ=દ્રવ્યાદિ ચારનો ભેદ, યથાયોગ્ય=યથાસંભવ, જાણવો. ॥૩॥**

**ટીકા :-**

**अथ यानि स्थितानि गृह्णाति तानि द्रव्यतः किमेकप्रदेशकानि यावदनन्तप्रदेशकानि वा ? क्षेत्रतश्चैकप्रदेशावगाढानि यावदसंख्येयप्रदेशावगाढानि वा ? कालतश्चैकसमयस्थितिकानि यावदसङ्ख्येयसमयस्थितिकानि वा ? भावतश्च वर्णवन्ति, गन्धवन्ति, रसवन्ति, स्पर्शवन्ति वा ? इति जिज्ञासायामाह–द्रव्यादिचतुर्विशेषः पुनर्यथायोगं=सूत्रोक्तनीत्या यथासंभवं, ज्ञातव्यः । तथाहि – द्रव्यतस्तावदनन्तप्रदेशकान्येव गृह्णाति नैकपरमाण्वाद्यात्मकानि स्वभावत एव तेषां ग्रहणायोग्यत्वात् क्षेत्रतस्त्वसङ्ख्येयप्रदेशावगाढान्येव, एकप्रदेशाद्यवगाढानां ग्रहणायोग्यत्वात् कालतस्त्वेकसमयस्थितिकान्यपि यावदसङ्ख्येयसमयस्थितिकान्यपि, पुद्गलानामसङ्ख्येयमपि कालं यावदवस्थानसम्भवात् ।**

'निरेए जहन्नेणं एक्कं समयं उक्कोसेणं असंखेज्जं कालं' **इति व्याख्याप्रज्ञप्तिवचनात् ।**

**एकसमयस्थितिकत्वं च ग्रहणानन्तरमेव निसर्गे, ग्रहणसमय एवावस्थानात् प्रतिपत्तव्यम् । एकप्रयत्नगृहीतानामप्यादिभाषापरिणामस्थितिवैषम्यादेकसमयस्थितिकान्यपीत्यन्ये, भावतस्तु वर्णवन्त्यपि यावत्स्पर्शवन्त्यपि, वर्णगन्धरससङ्खयामाश्रित्य तु समुदायविवक्षायां नियमात् पञ्चद्विपञ्चवर्णगन्धरसवन्त्येव, ग्रहणद्रव्याण्याश्रित्य तु कानिचिदेकद्वयादितद्वन्त्यपीत्यूहनीयम् कालादिन्यप्येकगुणकालादीनि यावदनन्तगुणकालादीन्यपीति द्रष्टव्यम् स्पर्शसङ्ख्यामाश्रित्य च ग्रहणद्रव्याणि प्रतीत्य कानिचिद् द्विस्पर्शवन्ति न त्वेकस्पर्शवन्ति, एकस्यापि परमाणोरवश्यं स्पर्शद्वयसद्भावात् । द्वौ च स्पर्शौ मृदुशीतौ मृदूष्णौ वा कानिचित् त्रिस्पर्शान्यपि, त्रिस्पर्शत्वं कानिचिन्मृदुशीतस्पर्शानि कानिचिन्मृदुस्निग्धस्पर्शानीत्यादिदिशा मृदुस्पर्शावयवानां स्पर्शान्तरयोगे समुदायमधिकृत्य भावनीयम्, कानिचिच्चतुःस्पर्शान्यपि, समुदायमधिकृत्य तु चतुःस्पर्शान्येव, तत्र चतुःस्पर्शेषु द्वौ मृदुलघुरूपाववस्थितौ, स्पर्शौ अन्यौ तु द्वौ स्निग्धोष्णौ स्निग्धशीतौ, रूक्षोष्णौ रूक्षशीतौ चेति ।**

**अत्र चावस्थितयोः स्पर्शयोरव्यभिचरितत्वेनाऽविवक्षणाद्वैकल्पिकस्पर्शमाश्रित्य चतुःस्पर्शवन्तीति**

निर्देश इति सम्प्रदायः, न चायं पर्यनुयोज्यो विचित्रत्वात्सूत्रगतेरिति भावनीयम् । शीतस्पर्शादीन्यपि चैकगुणशीतस्पर्शादीनि यावदनन्तगुणशीतस्पर्शादीन्यपीति द्रष्टव्यम्, आलापकश्चात्र विषये प्रज्ञापनायामनुसन्धेयः ।।३।।

**ટીકાર્થ :-**

अथ ..... यावदवस्थानसम्भवात् । **હવે જે સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે=વચનપ્રયોગ કરનાર જીવ સ્થિત એવા ભાષાવર્ગણાના પુદ્ગલોને બોલવા અર્થે ગ્રહણ કરે છે. તે=બોલવા અર્થે ગ્રહણ કરાયેલા ભાષાપુદ્ગલો, દ્રવ્યથી શું એકપ્રદેશવાળા છે ? યાવત્ અનંતપ્રદેશવાળા છે ? ક્ષેત્રથી એકપ્રદેશ અવગાઢવાળા છે ? યાવત્ અસંખ્યપ્રદેશના અવગાઢવાળા છે ? કાળથી એકસમયની સ્થિતિવાળા છે ? યાવત્ અસંખ્યસમયની સ્થિતિવાળા છે ? અને ભાવથી વર્ણવાળા છે ? ગંધવાળા છે ? રસવાળા છે ? સ્પર્શવાળા છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –**

**દ્રવ્યાદિ ચારનો વિશેષ વળી યથાયોગ્ય=સૂત્રોક્તનીતિથી યથાસંભવ જાણવો જોઈએ.**

તે દ્રવ્યાદિ ચારનો વિશેષ 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

**દ્રવ્યથી અનંતપ્રદેશવાળા જ ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે=વચનપ્રયોગ કરનાર જીવ ગ્રહણ કરે છે. એક પરમાણુ આદિ આત્મક=એક પરમાણુ બે પરમાણુ આદિ સ્વરૂપ પુદ્ગલોને જીવ ગ્રહણ કરતો નથી; કેમ કે સ્વભાવથી જ તેઓનું=પરમાણુ આદિ પુદ્ગલોનું, ગ્રહણ અયોગ્યપણું છે.**

**વળી ક્ષેત્રથી અસંખ્યપ્રદેશ અવગાઢ જ ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરે છે; કેમ કે એકપ્રદેશ આદિ અવગાઢ પુદ્ગલોનું ગ્રહણ અયોગ્યપણું છે=જીવથી ગ્રહણ થઈ શકે નહિ.**

**વળી કાળથી એકસમયની સ્થિતિવાળા પણ પુદ્ગલોને ગ્રહણ કરે છે યાવત્ અસંખ્યસમયની સ્થિતિવાળા પુદ્ગલોને પણ ગ્રહણ કરે છે=જે ક્ષેત્રમાં બોલનાર પુરુષ રહેલ છે તે આકાશપ્રદેશ ઉપર પૂર્વના સમયમાં આવેલા હોય અને એકસમયની સ્થિતિવાળા હોય તેવા પણ પુદ્ગલોને ગ્રહણ કરે છે અને તે આકાશપ્રદેશ ઉપર અસંખ્યાતસમયથી સ્થિર રહેલા હોય તેવા પણ પુદ્ગલોને ભાષા બોલનાર જીવ ગ્રહણ કરે છે; કેમ કે પુદ્ગલોનું અસંખ્ય પણ કાળસુધી અવસ્થાનનો સંભવ છે=એક સ્થાનમાં તે પુદ્ગલોનો તે સ્વરૂપે અવસ્થાનનો સંભવ છે.**

કેમ એક સ્થાનમાં તે પુદ્ગલો અસંખ્યાતસમય રહે છે ? તેમાં શાસ્ત્રવચનની યુક્તિ આપે છે –

"निरेए ..... **वचनात्** । "જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ એક સ્થાનમાં પુદ્ગલ સ્થિર રહે" **એ પ્રકારનું વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું વચન છે.**

एकसमयस्थितिकत्वं ..... रूक्षशीतौ चेति । **અને ગ્રહણાન્તર જ નિસર્ગમાં ગ્રહણસમયમાં જ અવસ્થાન હોવાને કારણે એકસમયની સ્થિતિ પણ સ્વીકારવી જોઈએ. એક પ્રયત્નથી ગૃહીત પણ પુદ્ગલોનું=બોલનાર પુરુષના બોલવાને અનુકૂળ એક પ્રયત્નથી ગૃહીત પણ ભાષાવર્ગણાના પુદ્ગલોનું, આદિ**

**ભાષા-પરિણામની સ્થિતિનું વૈષમ્ય હોવાથી=ભાષારૂપે પરિણમન કરીને મુકાયેલા પ્રથમ ભાષારૂપ જે પરિણામ પ્રાપ્ત થયો તેની સ્થિતિ એકસમય બે સમય આદિ સમયોની પ્રાપ્તિ થતી હોવાથી એકસમયની સ્થિતિવાળા પણ છે=મુકાયેલા ભાષાવર્ગણાના પુદ્‌ગલો એકસમય ભાષાના પરિણામરૂપે રહે તેવી સ્થિતિવાળા પણ છે, એ પ્રમાણે બીજા કહે છે.**

**વળી ભાવથી વર્ણવાળા પણ યાવત્ સ્પર્શવાળા પણ ભાષાવર્ગણાના પુદ્‌ગલો જીવ ગ્રહણ કરે છે, એમ અન્વય છે.**

**વળી વર્ણ, ગંધ અને રસની સંખ્યાને આશ્રયીને સમુદાયની વિવક્ષામાં=ભાષાવર્ગણાના સ્કંધના પુદ્‌ગલોના સમુદાયની વિવક્ષામાં, નિયમથી પાંચ વર્ણવાળા, બે ગંધવાળા અને પાંચ રસવાળા જ છે.**

**વળી ગ્રહણ કરાયેલા દ્રવ્યને આશ્રયીને કેટલાક એક બે આદિ તદ્‌વાળા પણ=વર્ણ, ગંધ, રસવાળા પણ છે, એ પ્રમાણે ઊહ કરવો.**

**કાલાદિ પણ=શ્યામવર્ણ રક્તવર્ણ આદિ વર્ણો, તે તે રસ, તે તે ગંધ વગેરે પણ, એક ગુણ શ્યામવર્ણાદિ હોય યાવદ્ અનંતગુણ શ્યામવર્ણાદિ પણ હોય એ પ્રમાણે જાણવું અને સ્પર્શસંખ્યાને આશ્રયીને ગ્રહણ દ્રવ્યોને આશ્રયીને=ભાષારૂપે ગ્રહણ કરાયેલાં દ્રવ્યોને આશ્રયીને, કેટલાક ભાષાવર્ગણાના પુદ્‌ગલો બે સ્પર્શવાળા હોય છે પરંતુ એક સ્પર્શવાળા હોતા નથી; કેમ કે એકપણ પરમાણુના= ભાષાવર્ગણાના સ્કંધમાં રહેલા એકપણ પરમાણુના, અવશ્ય સ્પર્શદ્વયનો સદ્‌ભાવ છે.**

કયા બે સ્પર્શનો સદ્‌ભાવ છે ? તે કહે છે –

**મૃદુ શીત અથવા મૃદુ ઉષ્ણ. એ બે સ્પર્શનો સદ્‌ભાવ છે. કેટલાંક ગ્રહણ દ્રવ્યો ત્રણ સ્પર્શવાળાં પણ છે.**

**કેટલાક સ્કંધ અંતવર્તી પરમાણુઓને મૃદુ-શીત સ્પર્શ છે. અને કેટલાક મૃદુ-સ્નિગ્ધ સ્પર્શવાળા છે ઈત્યાદિ દિશાથી મૃદુ સ્પર્શવાળા અવયવોના સ્પર્શાન્તરના યોગમાં સમુદાયને આશ્રયીને ત્રિસ્પર્શપણું ભાવન કરવું, કેટલાક ચતુઃસ્પર્શવાળા પણ છે. વળી સમુદાયને આશ્રયીને=ભાષાસ્કંધના સમુદાયને આશ્રયીને ચાર સ્પર્શ જ છે. ત્યાં=ભાષાસ્કંધમાં, વર્તતા ચાર સ્પર્શોમાં, મૃદુ, લઘુરૂપ બે સ્પર્શો અવસ્થિત છે. વળી અન્ય બે સ્નિગ્ધ-ઉષ્ણ, સ્નિગ્ધ-શીત, રૂક્ષ-ઉષ્ણ, રૂક્ષ-શીત છે.**

પૂર્વમાં કહ્યું કે ચતુસ્પર્શવાળા ભાષાવર્ગણાના સ્કંધમાં મૃદુ અને લઘુ સ્પર્શ અવસ્થિત છે. અને અન્ય બે બે સ્પર્શો કોઈક ભાગમાં સ્નિગ્ધ ઉષ્ણ હોય છે, કોઈક ભાગમાં સ્નિગ્ધ શીત હોય તો કોઈક વળી અન્યભાગમાં રૂક્ષ ઉષ્ણ હોય છે તો કોઈક વળી અન્યભાગમાં રૂક્ષ શીત હોય છે તેમ સ્વીકારવાથી આખા સ્કંધમાં બે અવસ્થિત સ્પર્શ, ત્રીજો શીત સ્પર્શ, ચોથો રૂક્ષ સ્પર્શ, પાંચમો સ્નિગ્ધ સ્પર્શ અને છટ્ઠો ઉષ્ણ સ્પર્શ એમ છ સ્પર્શની પ્રાપ્તિ થાય. છતાં ભાષાસ્કંધને ચારસ્પર્શવાળો કેમ કહ્યો છે ? તેથી કહે છે –

**अत्र ..... प्रज्ञापनायामनुसन्धेयः ।। અને આમાં=ભાષાવર્ગણાના સ્કંધમાં, અવસ્થિત એવા બે સ્પર્શનું=અવસ્થિત એવા મૃદુ, લઘુ સ્પર્શનું, અવ્યભિચારીપણું હોવાથી=સ્કંધના સર્વ પરમાણુઓમાં તે બે સ્પર્શો અવશ્ય હોવાથી અવિવક્ષા કરેલ હોવાને કારણે વૈકલ્પિક સ્પર્શને આશ્રયીને=અન્ય ચાર સ્પર્શો કોઈક અવયવમાં છે તે રૂપ વૈકલ્પિક સ્પર્શને આશ્રયીને, ચાર સ્પર્શવાળા છે=ભાષાવર્ગણાના પુદ્ગલો ચાર સ્પર્શવાળા છે એ પ્રમાણે નિર્દેશ છે=એ પ્રકારે શાસ્ત્રમાં કથન છે, એ પ્રમાણે સમ્પ્રદાય કહે છે.**

**અને આ=ભાષાસ્કંધમાં છ સ્પર્શો હોવા છતાં ચાર સ્પર્શનું કથન શાસ્ત્રમાં કેમ કર્યું એ, પર્યનુયોજ્ય નથી=પ્રશ્ન કરવા યોગ્ય નથી; કેમ કે સૂત્રગતિનું=સૂત્રને કઈ રીતે ગ્રહણ કરીને કથન કરવું તેનું, વિચિત્રપણું છે એ પ્રમાણે ભાવન કરવું અને શીતસ્પર્શાદિ પણ=ભાષાવર્ગણાના રહેલા શીતસ્પર્શાદિ પણ, એકગુણ શીતસ્પર્શાદિ યાવદ્ અનંતગુણ શીતસ્પર્શાદિ પણ છે એ પ્રકારે જાણવું અને આ વિષયમાં=ભાષાવર્ગણાના પુદ્ગલના દ્રવ્યાદિ ચારનો જે ભેદ બતાવ્યો એ વિષયમાં, પ્રજ્ઞાપનાનો આલાપક અનુસંધાન કરવો=પ્રજ્ઞાપનાના આલાવા અનુસાર ગ્રંથકારશ્રીએ દ્રવ્યાદિ ચાર વિશેષ બતાવેલ છે તેનું યોજન કરવું. ।।૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં તદ્વ્યતિરિક્ત દ્રવ્યભાષાના ગ્રહણ, નિઃસરણ અને પરાઘાત એ ત્રણ ભેદ છે એમ કહ્યું. ત્યાં પ્રશ્ન થાય કે ભાષાનો પ્રયોગ કરનાર જીવ જે ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે તે સ્થિતપરિણામવાળા પુદ્ગલોને ગ્રહણ કરે છે કે અસ્થિતપરિણામવાળા પુદ્ગલોને ગ્રહણ કરે છે ? તેનો ઉત્તર આપતાં ગાથાના પૂર્વાર્ધથી કહે છે –

સ્થિતપરિણામવાળા ભાષાવર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે, પરંતુ ગમનપરિણામવાળા ભાષાવર્ગણાના પુદ્ગલોને જીવ ગ્રહણ કરતો નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે લોકમાં કેટલાક ભાષાવર્ગણાના પુદ્ગલો એકસ્થાનમાંથી અન્ય સ્થાનમાં ગમનના પરિણામવાળા છે અને કેટલાક ભાષાવર્ગણાના પુદ્ગલો નિયત આકાશપ્રદેશમાં સ્થિત છે અને ગમન-પરિણામવાળા ભાષાવર્ગણાના પુદ્ગલો પણ ક્યાંકથી ગમન કરીને નિયત આકાશપ્રદેશમાં સ્થિત થાય છે ત્યારે તે સ્થિતપરિણામવાળા છે. અને જે આકાશપ્રદેશ પર જીવ અવગાહીને રહેલો છે તે આકાશપ્રદેશ પર તે વખતે જે ભાષાવર્ગણાના પુદ્ગલો સ્થિતપરિણામવાળા છે તે જ ભાષાવર્ગણાના પુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે. ગમનપરિણામવાળા ભાષાવર્ગણાના પુદ્ગલોને જીવ ગ્રહણ કરતો નથી.

આ રીતે ગાથામાં ગ્રહણનું સ્વરૂપ બતાવ્યા પછી તે ગ્રહણ કરાયેલા ભાષાવર્ગણાના પુદ્ગલોમાં દ્રવ્યાદિ ચારનો જે વિશેષ છે તેને બતાવવા અર્થે ટીકામાં ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે –

**ભાષાદ્રવ્યવિષયક દ્રવ્યાદિચતુષ્કનો વિચાર :-**

*જે ભાષાવર્ગણાના સ્થિત પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે તે દ્રવ્યથી શું એકપ્રદેશવાળા છે ? બે પ્રદેશવાળા*

છે ? યાવત્ અનંતપ્રદેશવાળા છે ? આ પ્રકારની વિચારકને જિજ્ઞાંસા થાય. દ્રવ્યથી ભાષાવર્ગણાના પુદ્ગલોના પ્રદેશો બતાવ્યા પછી જિજ્ઞાસા થાય કે તે ભાષાવર્ગણાના પુદ્ગલો શું એકપ્રદેશમાં અવગાઢ છે ? બે પ્રદેશમાં અવગાઢ છે ? યાવત્ અસંખ્યાત પ્રદેશમાં અવગાઢ છે ? કેમ કે લોકાકાશના પ્રદેશો અસંખ્યાતથી અધિક નથી તેથી અસંખ્યાત સુધીની જિજ્ઞાસા થાય છે.

વળી કાળથી ગ્રહણ કરાયેલા તે ભાષાવર્ગણાના પુદ્ગલો શું એકસમયની સ્થિતિવાળા છે ? બે સમયની સ્થિતિવાળા છે ? યાવત્ અસંખ્યાતસમયની સ્થિતિવાળા છે ? એ પ્રકારની જિજ્ઞાસા થાય; કેમ કે અસંખ્યાતસમયથી અધિક તે પુદ્ગલોનો તે પરિણામ પ્રાપ્ત થતો નથી તેથી અસંખ્યાતસમયથી અધિક સમયની જિજ્ઞાસા થતી નથી.

વળી વિચારકને જિજ્ઞાસા થાય કે ગ્રહણ કરાયેલા ભાષાવર્ગણાના પુદ્ગલોમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાંથી શું છે અને શું નથી ? આ જિજ્ઞાસાનો ઉત્તર ગાથાના ઉત્તરાર્ધમાં આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

દ્રવ્યાદિ ચારમાં જે વિશેષ છે તે સૂત્રમાં કહેલી નીતિથી યથાસંભવ ભાવન કરવો જોઈએ; કેમ કે જે વસ્તુ ઇન્દ્રિયગોચર ન હોય તે પદાર્થ અતીન્દ્રિય વસ્તુને કહેનાર શાસ્ત્રથી જ જાણી શકાય.

· તે જિજ્ઞાસાની સ્પષ્ટતા ટીકામાં ગ્રંથકારશ્રી કરતાં કહે છે –

દ્રવ્યથી જે ભાષાવર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે તે અનંતપ્રદેશવાળા જ છે પરંતુ એક, બે પ્રદેશ આદિવાળા નથી; કેમ કે જીવથી ગ્રહણ કરવા યોગ્ય આઠ વર્ગણાઓ છે તે સર્વ વર્ગણાઓ અનંત પરમાણુઓની જ બનેલી છે. એક, બે પરમાણુ આદિ સ્વરૂપ પુદ્ગલોને સ્વભાવથી જ જીવ ગ્રહણ કરી શકતો નથી.

વળી જે ભાષાવર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે તે ક્ષેત્રથી અસંખ્યાત આકાશપ્રદેશોને જ અવગાહીને રહેલા છે; કેમ કે અસંખ્યાતથી ન્યૂન એકપ્રદેશ બે પ્રદેશ આદિ આકાશને અવગાહીને રહેલા પુદ્ગલોને જીવ ગ્રહણ કરી શકતો નથી.

વળી જે ભાષાવર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે તે કાળથી એકસમયની સ્થિતિવાળા હોઈ શકે, બે સમયની સ્થિતિવાળા હોઈ શકે, યાવત્ અસંખ્યાતસમયની સ્થિતિવાળા પણ હોઈ શકે; કેમ કે પુદ્ગલો અવસ્થિતપરિણામવાળા અસંખ્યાતકાળ સુધી રહી શકે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે ભાષાવર્ગણાના પુદ્ગલો ગતિપરિણામથી વિરામ પામીને એકસમયની સ્થિતિવાળા છે અથવા ભાષાવર્ગણારૂપે પરિણમન પામીને એક જ સમય ભાષાપરિણામરૂપે રહેલા છે તેવા ભાષાપુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે કે ગમન-પરિણામથી વિરામ પામીને બે સમય, ત્રણ સમયથી માંડીને અસંખ્યાતસમય સુધી તે સ્થાનમાં રહેલા કે અસંખ્યાતસમયથી ભાષારૂપ પરિણમન પામેલા છે તેવા પુદ્ગલોને જીવ ભાષા બોલવા અર્થે ગ્રહણ કરે છે.

વળી એકસમય સ્થિતિપણું કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તે વિષયમાં બે મતો છે તે ટીકાકારશ્રી બતાવે છે -

કોઈ જીવ ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે અને તરત જ તેનો ત્યાગ કરે ત્યારે ગ્રહણસમયમાં જ તે

પુદ્ગલોનું અવસ્થાન હોવાને કારણે તેનું એકસમયનું સ્થિતિપણું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો ભાષા બોલવા અર્થે ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કર્યા પછી ભાષારૂપે પરિણમન પમાડીને મૂકે છે તે પુદ્ગલો નિસર્ગ સમયે તેના આત્મામાં અવસ્થાન પામતા નથી પરંતુ ગ્રહણસમયમાં જ અવસ્થાન પામે છે અને બીજા સમયે મુખમાંથી નીકળીને બહાર જાય છે તેથી એકસમયનું સ્થિતિપણું છે.

વળી અન્ય આચાર્યના મતાનુસાર એક પ્રયત્નથી ગ્રહણ કરાયેલા પણ ભાષારૂપે પરિણમન પામેલા પુદ્ગલો મુકાયા પછી તે ભાષાનો પરિણામ એકસમય રહી શકે છે. બે સમય રહી શકે છે અને અધિક સમય પણ રહી શકે છે તેથી બોલનાર પુરુષ દ્વારા ભાષારૂપે પરિણમન પામેલા પુદ્ગલો એકસમય ભાષાપરિણામરૂપે રહે અને પછી નાશ પામે તો તે એકસમયની સ્થિતિવાળા પુદ્ગલો કહેવાય અને પ્રથમ મતાનુસાર જે ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ થાય છે તે ક્ષેત્રમાં તે સમયે જ આવેલા હોય, સ્થિતિપરિણામવાળા હોય અને બોલનાર પુરુષ તેને ગ્રહણ કરીને બીજા સમયે તેને મૂકે તો એકસમયની સ્થિતિવાળા પ્રાપ્ત થાય, વળી તે ક્ષેત્રમાં બે, ચાર સમય પહેલાં આવેલા હોય અને ગ્રહણ પછી તરત જ તેનો નિસર્ગ કરે તો બે ત્રણ આદિ સમયની સ્થિતિવાળા પણ પ્રાપ્ત થાય.

વળી ભાવથી વર્ણવાળા પણ યાવત્ સ્પર્શવાળા પણ પુદ્ગલો પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે ભાષાવર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે તેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ અવશ્ય હોય છે.

વળી વર્ણ ગંધ અને રસની સંખ્યાને આશ્રયીને વિચારીએ તો ગ્રહણ કરાયેલા ભાષાવર્ગણાના પુદ્ગલોના સમુદાયમાં નિયમથી પાંચ વર્ણો, બે ગંધ અને પાંચ રસ અવશ્ય હોય છે.

વળી ગ્રહણ કરાયેલા તે સમુદાયમાંથી કોઈક ભાષાવર્ગણાના પુદ્ગલને આશ્રયીને વિચારીએ તો તે પુદ્ગલોમાં પાંચવર્ણમાંથી કોઈ એકવર્ણ પણ પ્રાપ્ત થાય; કેમ કે કોઈ ભાષાવર્ગણાના પુદ્ગલમાં કેવલ કૃષ્ણવર્ણ પણ પ્રાપ્ત થાય અથવા કોઈ અન્ય એક વર્ણ પણ પ્રાપ્ત થાય, તો વળી, ગ્રહણ કરાયેલા ભાષાવર્ગણાના તે પુદ્ગલોમાંથી કોઈ ભાગમાં તે પાંચ વર્ણોમાંથી કોઈક બે વર્ણ પ્રાપ્ત થાય કે કોઈક ભાગમાં કોઈક ત્રણ વર્ણ પ્રાપ્ત થાય પરંતુ આખા ભાષાવર્ગણાના સ્કંધને આશ્રયીને પાંચવર્ણો અવશ્ય પ્રાપ્ત થાય.

વળી તે ભાષાવર્ગણાના સ્કંધના કોઈક ભાગમાં એક બે આદિ વર્ણો પ્રાપ્ત થાય છે તેમાં એકગુણ કાળો, બેગુણ કાળો યાવત્ અનંતગુણ કાળો વર્ણ પણ પ્રાપ્ત થઈ શકે.

આ રીતે વર્ણમાં જેમ એક બે વર્ણની પ્રાપ્તિ છે તેમ ગંધમાં અને રસમાં પણ જાણવું અર્થાત્ કોઈક ભાગમાં એક જ ગંધ છે તો આખા સ્કંધમાં અવશ્ય બે ગંધો છે અને તે ગંધ પણ એક અંશ બે અંશ યાવત્ અનંત અંશ પણ કોઈક ભાગમાં પ્રાપ્ત થાય. તે રીતે રસને આશ્રયીને પણ આખા સ્કંધમાં અવશ્ય પાંચે રસોની પ્રાપ્તિ છે જ્યારે તે ભાષાસ્કંધના કોઈક દેશમાં એક રસ, બે રસ આદિની પણ પ્રાપ્તિ છે.

વળી તે રસ પણ એક અંશ, બે અંશ આદિની માત્રાથી પણ કોઈક ભાગમાં પ્રાપ્ત થાય છે તો કોઈક ભાગમાં અનંત રસાંશો પણ પ્રાપ્ત થાય છે.

હવે સ્પર્શસંખ્યાને આશ્રયીને વિચારીએ તો ગ્રહણ કરાયેલા ભાષાવર્ગણાના પુદ્ગલોમાંથી કેટલાક ભાગના પુદ્ગલો બેસ્પર્શવાળા હોય છે પરંતુ એકસ્પર્શવાળો ભાગ ભાષાવર્ગણાના પુદ્ગલોમાં પ્રાપ્ત થતો નથી; કેમ કે એકપણ પરમાણુ અવશ્ય બેસ્પર્શવાળો હોય જ છે તેથી તે ગ્રહણ કરાયેલા ભાષાસ્કંધમાં બે સ્પર્શથી ઓછા સ્પર્શ પ્રાપ્ત થાય નહિ.

તે બે સ્પર્શ કયા પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે –

મૃદુ-શીત, અથવા મૃદુ-ઉષ્ણ એ બે સ્પર્શો પ્રાપ્ત થાય છે, કેટલાક ભાગમાં ત્રણ સ્પર્શો પણ પ્રાપ્ત થાય છે.

કઈ રીતે ત્રણ સ્પર્શો પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

તે ભાષાવર્ગણાના સ્કંધના એક ભાગમાં કેટલાક પુદ્ગલો મૃદુ-શીત સ્પર્શવાળા હોય છે અને કેટલાક પુદ્ગલો મૃદુ-સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે તે બેનો સમુદાય ગ્રહણ કરીને વિચારીએ તો મૃદુ, શીત, અને સ્નિગ્ધ એમ ત્રણસ્પર્શની પ્રાપ્તિ થાય એ રીતે અન્ય સ્પર્શ ગ્રહણ કરીને ત્રણ સ્પર્શો ભાવન કરવા.

વળી તે ભાષાવર્ગણાના સ્કંધમાં કેટલાક પુદ્ગલો ચારસ્પર્શવાળા પણ હોય છે. વળી આખા સ્કંધના સમુદાયને આશ્રયીને વિચાર કરીએ તો ચાર સ્પર્શવાળા જ હોય છે. અને સમુદાયના કોઈક ભાગને ગ્રહણ કરીએ તો બેસ્પર્શવાળા, ત્રણસ્પર્શવાળા કે ચારસ્પર્શવાળા પણ પ્રાપ્ત થાય.

વળી ભાષાવર્ગણાના સ્કંધમાં જે ચાર સ્પર્શો છે તેમાં મૃદુ અને લઘુ સ્પર્શ દરેક પરમાણુમાં અવસ્થિત છે. અને અન્ય બે સ્નિગ્ધ-ઉષ્ણ, સ્નિગ્ધ-શીત, રૂક્ષ-ઉષ્ણ કે રૂક્ષ-શીત પ્રાપ્ત થાય છે. તેથી આખા સ્કંધને આશ્રયીને વિચારીએ તો મૃદુ અને લઘુરૂપ બે, સ્નિગ્ધ અને ઉષ્ણરૂપ બે તથા શીત અને રૂક્ષરૂપ બે એમ કુલ છ સ્પર્શ પ્રાપ્ત થાય છતાં શાસ્ત્રકારોએ મૃદુ અને લઘુરૂપ જે અવસ્થિત સ્પર્શ છે તે દરેક પરમાણુમાં અવશ્ય છે તેની વિવક્ષા કર્યા વગર બાકીના ચાર સ્પર્શની વિવક્ષા કરેલ છે, તેથી ભાષાવર્ગણાના સ્કંધો ચાર સ્પર્શવાળા છે એમ શાસ્ત્રમાં નિર્દેશ કરેલ છે આ પ્રકારનો અર્થ સમ્પ્રદાયથી પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે પુદ્ગલમાં આઠ સ્પર્શો છે તે આઠ સ્પર્શોમાંથી છ સ્પર્શ ભાષાવર્ગણાના પુદ્ગલોમાં પ્રાપ્ત થાય છે તો તે છની વિવક્ષા કરવાને બદલે ચારની જ વિવક્ષા કેમ કરી ? અવસ્થિત બેની વિવક્ષા કેમ ન કરી ? ત્યાં ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રકારે પ્રશ્ન કરવો નહિ; કેમ કે સૂત્રની ગતિ વિચિત્ર અર્થાત્ જુદી જુદી વિવક્ષાને સામે રાખીને જુદા જુદા પ્રકારે સૂત્રોની રચના કરાય છે તેથી અવસ્થિતની વિવક્ષા ન કરવી અને અનવસ્થિતની જ વિવક્ષા કરવી એવા આશયથી કેટલાંક સૂત્રો રચવામાં આવે છે અને કેટલાંક સ્થાને તે વસ્તુમાં રહેલા સર્વધર્મોની વિવક્ષા કરવી તે આશયથી પણ સૂત્રો રચાય છે. વળી તે વસ્તુમાં રહેલા સ્થૂલ ધર્મોની જ વિવક્ષા કરવી, સૂક્ષ્મ ધર્મોની વિવક્ષા ન કરવી એવા આશયથી પણ સૂત્રો રચાય છે. જેથી સૂત્રોના અનેક પ્રકારની પદ્ધતિનું જ્ઞાન પણ થાય તેથી સૂત્રકારે સૂત્ર આમ કેમ રચ્યું ? એમ પ્રશ્ન ન કરી શકાય.

વળી જે વૈકલ્પિક સ્પર્શો ભાષાવર્ગણાના પુદ્ગલમાં છે તે શીતસ્પર્શાદિ પણ કેટલાક ભાગમાં એકગુણ શીત સ્પર્શ છે કેટલાક ભાગમાં બેગુણ શીત સ્પર્શ છે તો કેટલાક ભાગમાં યાવત્ અનંતગુણ શીતસ્પર્શાદિ પણ છે. આ સર્વ કથન ગ્રંથકારશ્રીએ પ્રજ્ઞાપનાસૂત્ર અનુસાર કરેલ છે. તેથી કહે છે કે પોતાના કહેલા કથનના વિષયમાં પ્રજ્ઞાપનાસૂત્રના આલાપકનું અનુસંધાન કરવું. **॥૩॥**

**અવતરણિકા :-**

अथ स्पृष्टास्पृष्टादिजिज्ञासायामाह –

**અવતરણિકાર્થ :-**

**હવે ભાષા બોલનાર પુરુષ જે ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે તે સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ છે ઈત્યાદિ વિષયક જિજ્ઞાસામાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**पुट्ठोगाढअणंतरअणुबायरउड्ढमहतिरियगाइं ।**
**आइविसयाणुपुव्वीकलियाइं छद्दिसिं चेव ।।४।।**

**છાયા :-**

स्पृष्टावगाढानन्तराणुबादरोर्ध्वाधस्तिर्यग्गानि ।
आदिविषयानुपूर्वीकलितानि षड्दिग्भ्यश्चैव ।।४।।

**અન્વયાર્થ :-**

पुट्ठोगाढअणंतरअणुबायरउड्ढमहतिरियगाइं=**સ્પૃષ્ટ, અવગાઢ, અનંતર, અણુ બાદર, ઊર્ધ્વ, અધઃ અને તિર્યગ્ એવા,** चेव आइविसयाणुपुव्वीकलियाइं छद्दिसिं=**અને આદિ વિષય, આનુપૂર્વી કલિત અને છ દિશિથી આવેલાં ભાષાદ્રવ્યોને ભાષા બોલનાર જીવ ગ્રહણ કરે છે.** ।।૪।।

**ગાથાર્થ :-**

**સ્પૃષ્ટ, અવગાઢ, અનંતર, અણુ બાદર, ઊર્ધ્વ, અધઃ અને તિર્યગ્ એવા અને આદિ વિષય, આનુપૂર્વી કલિત અને છ દિશિથી આવેલાં ભાષાદ્રવ્યોને ભાષા બોલનાર જીવ ગ્રહણ કરે છે. ।।૪।।**

**ટીકા :-**

उक्तलक्षणानि भाषाद्रव्याणि स्पृष्टान्येव=आत्मप्रदेशैः सह सङ्गतान्येव, गृह्णाति नाऽस्पृष्टानि ।।१।। तान्यवगाढान्येव=आत्मप्रदेशैः सहैकक्षेत्रावस्थितान्येव, न त्वात्मप्रदेशैः स्पृष्टान्यप्यात्मप्रदेशाव-

गाहक्षेत्राद् बहिरवस्थितानि ।।२।। तान्यप्यनन्तरावगाढान्येव न परम्परावगाढानि, येष्वात्मप्रदेशेषु यानि भाषाद्रव्याण्यवगाढानि तैरात्मप्रदेशैस्तान्येव गृह्णाति न त्वेकद्वित्रात्मप्रदेशव्यवहितानि ।।३।। तान्यपि भाषायोग्यस्कन्धानां मिथ एव प्रदेशस्तोकबाहुल्याऽपेक्षयाऽणूनि बादराणि च न त्वन्यथा ।।४।। तानि च जीवस्य यावति क्षेत्रे ग्रहणयोग्यानि भाषाद्रव्याण्यवस्थितानि तावत्येव क्षेत्रे ऊर्ध्वाधस्तिर्यग्गानि ।।५।। तानि चान्तर्मुहूर्त्तिकस्य ग्रहणोचितकालस्याऽऽदावपि मध्येऽपि तिर्यगपि, आदिशब्दस्योपलक्षणत्वात् ।।६।। तान्यपि स्वविषयाणि स्पृष्टादीनि न पुनरविषयाणि तद्व्यतिरिक्तानि ।।७।। तान्यप्यानुपूर्वीकलितानि 'आनुपूर्वी नाम ग्रहणापेक्षया यथासन्नत्वं' तया कलितानि, न पुनरनीदृशानि ।।८।। तानि च नियमात् षड्दिग्भ्य आगतानि गृह्णाति न तु तिसृभ्यश्चतसृभ्यो वा दिग्भ्यः, भाषकाणां नियमात्त्रसनाड्यामवस्थानेन तेषां षड्दिगागतानामेव पुद्गलानां ग्रहणसम्भवात् ।।९।। आलापकश्चात्र प्रज्ञापनायामेवानुसन्धेयः ।।४।।

**ટીકાર્થ :-**

उक्तलक्षणानि ..... प्रज्ञापनायामेवानुसन्धेयः ।। ઉક્તલક્ષણવાળાં=ગાથા-૩માં બતાવેલાં દ્રવ્યાદિ ચાર વિશેષવાળાં અને સ્થિતસ્વરૂપવાળાં, ભાષાદ્રવ્યો સ્પૃષ્ટ જ=આત્મપ્રદેશની સાથે સંગત જ=સ્પર્શીને રહેલાં જ, ગ્રહણ કરે છે=ભાષા બોલનાર જીવ ગ્રહણ કરે છે. અસ્પૃષ્ટને ગ્રહણ કરતો નથી. અવગાઢ જ તેઓને=આત્મપ્રદેશોની સાથે એક ક્ષેત્રમાં રહેલા જ ભાષાવર્ગણાના પુદ્ગલોને, જીવ ગ્રહણ કરે છે પરંતુ આત્મપ્રદેશોની સાથે સ્પૃષ્ટ પણ આત્મપ્રદેશના અવગાઢના ક્ષેત્રથી બહિર રહેલા ભાષાવર્ગણાના પુદ્ગલોને જીવ ગ્રહણ કરતો નથી. તે પણ=આત્મપ્રદેશો સાથે અવગાઢ પણ, અનંતર અવગાઢ જ ગ્રહણ કરે છે, પરંપરા અવગાઢ ભાષાવર્ગણાના પુદ્ગલોને બોલનાર જીવ ગ્રહણ કરતો નથી.

અનંતર અવગાઢનો જ અર્થ સ્પષ્ટ કરે છે –

જે આત્મપ્રદેશોમાં જે ભાષાદ્રવ્યો અવગાઢ છે તે આત્મપ્રદેશોથી તે જ ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે પરંતુ એક બે ત્રણ આત્મપ્રદેશ વ્યવહિત પોતાના આત્મપ્રદેશોથી અવગાઢ પુદ્ગલોને ગ્રહણ કરતો નથી.

તે પણ=અનંતર અવગાઢ પણ, ભાષાયોગ્ય સ્કંધોનો પરસ્પર જ પ્રદેશના થોડાની અને બહુલતાની અપેક્ષાએ અણુ એવા અને બાદર એવા ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે, પરંતુ અન્યથા નહિ=ભાષાસ્કંધને છોડીને અન્યસ્કંધની અપેક્ષાએ અણુ કે બાદર સ્કંધો ગ્રહણ કરતો નથી. અને તે=પૂર્વમાં કહ્યા એ અનંતર અવગાઢ ભાષાવર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે તે, જીવના જેટલા ક્ષેત્રમાં ગ્રહણ યોગ્ય ભાષાદ્રવ્યો અવસ્થિત છે તેટલા જ ક્ષેત્રમાં ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એવા ભાષાવર્ગણાના પુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે અર્થાત્ જીવ જે ક્ષેત્રમાં અવગાહીને રહેલો છે. તે ક્ષેત્રમાં રહેલા ભાષાવર્ગણાના પુદ્ગલો સર્વ આત્મપ્રદેશથી ગ્રહણ કરે છે તેમાંથી ઊર્ધ્વના આત્મપ્રદેશોથી

**ઊર્ધ્વસ્થાનમાં રહેલાં ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે, અધોભાગના આત્મપ્રદેશોથી અધોભાગમાં રહેલા ભાષાદ્રવ્યના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને તિર્છાભાગમાં રહેલા આત્મપ્રદેશોથી તિર્છા સ્થાનમાં રહેલા ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે.**

**અને તે=પૂર્વમાં વર્ણન કરાયેલા સ્પૃષ્ટાદિપરિણામવાળા જે ભાષાવર્ગણાંના પુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે તે, અંતર્મુહૂર્તિક ગ્રહણ ઉચિતકાળના આદિમાં પણ, મધ્યમાં પણ અને તિર્યગ્ પણ ગ્રહણ કરે છે.**

અહીં પ્રશ્ન થાય કે શ્લોકના ઉત્તરાર્ધમાં આદિ વિષય વગેરે કહ્યું ત્યાં માત્ર 'આદિ' જ કહેલ છે છતાં ટીકામાં તે આદિનો અર્થ કરતાં આદિમાં, મધ્યમાં અને તિર્યગ્ પણ ગ્રહણ કરે છે એમ કહ્યું તે પ્રકારનો અર્થ કઈ રીતે પ્રાપ્ત થાય ? તેથી હેતુ કહે છે –

**આદિ શબ્દનું ઉપલક્ષણપણું છે.**

**તે=પણ પ્રતિ સમય બોલનાર પુરુષ જે ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે તે પણ, સ્વવિષયને જ ગ્રહણ કરે છે=પૂર્વમાં કહેલા સ્પૃષ્ટ, અવગાઢ આદિ જે ગ્રહણને યોગ્ય વિષયો છે તે પુદ્ગલોને ગ્રહણ કરે છે પરંતુ સ્પૃષ્ટાદિથી વ્યતિરિક્ત અવિષયોને ગ્રહણ કરતો નથી.**

**તે પણ=પ્રતિક્ષણ ગ્રહણ કરાતા ભાષાવર્ગણાના પુદ્ગલો પણ, આનુપૂર્વી કલિત ગ્રહણ કરે છે. આનુપૂર્વી એટલે ગ્રહણની અપેક્ષાએ યથા આસન્નપણું, તેનાથી યુક્ત એવા ભાષાપુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે, પરંતુ અનીદૃશ=આનુપૂર્વી રહિત ભાષાપુદ્ગલોને ગ્રહણ કરતો નથી.**

**અને તેને=ભાષાવર્ગણાના પુદ્ગલોને, નિયમથી છ દિશાથી આવેલાને ગ્રહણ કરે છે પરંતુ ત્રણ અથવા ચાર દિશાથી આવેલાને નહિ; કેમ કે ભાષા બોલનાર જીવોનું નિયમથી ત્રસનાડીમાં અવસ્થાન હોવાને કારણે તેઓને=બોલનાર જીવોને, છ દિશામાંથી આવેલા જ પુદ્ગલોના ગ્રહણનો સંભવ છે અને અહીં=ટીકામાં અત્યાર સુધી સ્પષ્ટતા કરી એ વિષયમાં, પ્રજ્ઞાપનાનો જ આલાપક અનુસંધાન કરવો જોઈએ. ॥૪॥**

**ભાવાર્થ :-**

ગાથા-૩માં ગ્રંથકારશ્રીએ ભાષા બોલનાર જીવ સ્થિત ભાષાદ્રવ્યને ગ્રહણ કરે છે અને તે ગ્રહણ કરાતાં ભાષાદ્રવ્યોના દ્રવ્યાદિ ચારનો વિશેષ બતાવ્યો. ત્યાં પ્રશ્ન થાય કે જીવ જે ભાષાપુદ્ગલોને ગ્રહણ કરે છે તે પોતાના આત્મપ્રદેશો સાથે સ્પર્શેલા ગ્રહણ કરે છે કે નહિ સ્પર્શેલા પણ ગ્રહણ કરે છે ? જેમ ચક્ષુરિન્દ્રિય નહિ સ્પર્શેલા પણ વિષયને ગ્રહણ કરે છે અને સ્પર્શનેન્દ્રિય સ્પર્શેલા જ વિષયોને ગ્રહણ કરે છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

**જીવ સ્પૃષ્ટ આદિ ભાષાદ્રવ્યોને જ ગ્રહણ કરે છે :-**

ભાષા બોલનાર જીવ પોતાના આત્મપ્રદેશોને સ્પર્શેલાં જ ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે, નહિ સ્પર્શેલાં ભાષાદ્રવ્યોને ગ્રહણ કરતો નથી.

વળી પ્રશ્ન થાય કે ભાષાવર્ગણાના પુદ્ગલો સ્પર્શેલા જ ગ્રહણ કરે છે તેમાંથી જીવપ્રદેશને અવગાઢ જ ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે કે અનવગાઢ પણ ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે ? જેમ પરમાણુ જે આકાશપ્રદેશ ઉપર રહેલો છે તે આકાશપ્રદેશને અવગાઢ છે અને તેના અનંતર છ દિશાના છ પ્રદેશોને સ્પર્શેલો છે અને અવગાઢ આકાશપ્રદેશને પણ સ્પર્શેલો છે તેથી પરમાણુને સ્પર્શ સાત આકાશપ્રદેશને છે અને અવગાઢ એક આકાશપ્રદેશને છે તેમ ભાષા બોલનાર જીવ જે આકાશપ્રદેશ પર છે તે આકાશપ્રદેશ ઉપર રહેલા ભાષાવર્ગણાના પુદ્ગલો જીવપ્રદેશની સાથે એકપ્રદેશમાં અવગાઢ છે અને તેની આજુબાજુના અનંતર આકાશપ્રદેશની સાથે જીવપ્રદેશનો અવગાઢ નથી પરંતુ જીવપ્રદેશનો સ્પર્શ છે અને જીવપ્રદેશ સાથે અનંતર રહેલા આકાશપ્રદેશ ઉપર સ્થિત ભાષાદ્રવ્યો સાથે પણ જીવપ્રદેશનો સ્પર્શ છે તેથી પ્રશ્ન થાય કે જીવપ્રદેશની સાથે સ્પૃષ્ટ બધા આકાશપ્રદેશ પર રહેલી ભાષાવર્ગણાના દ્રવ્યને બોલનાર જીવ ગ્રહણ કરે છે કે નહિ ? તેનો ઉત્તર આપ્યો કે સ્પૃષ્ટ બધા ભાષાવર્ગણાના પુદ્ગલોને જીવ ગ્રહણ કરતો નથી પરંતુ આત્મપ્રદેશ સાથે એક ક્ષેત્રમાં અવગાઢ જ ભાષાપુદ્ગલોને ભાષા બોલનાર જીવ ગ્રહણ કરે છે.

વળી જીવપ્રદેશની સાથે અવગાઢ પણ ભાષાદ્રવ્યોમાંથી જે અનંતર અવગાઢ ભાષાદ્રવ્યો છે તે જ ભાષાદ્રવ્યોને જીવ ગ્રહણ કરે છે, પરંપર અવગાઢ ભાષાદ્રવ્યને જીવ ગ્રહણ કરતો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે ભાષા બોલનાર જીવ ભાષા બોલતી વખતે સર્વ આત્મપ્રદેશોથી ભાષા બોલવાને અનુકૂળ વ્યાપાર કરે છે અને જે આત્મપ્રદેશો જે આકાશપ્રદેશમાં રહેલા હોય તે આકાશપ્રદેશ પર રહેલી ભાષાવર્ગણાને જીવ તે જ આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે પરંતુ દૂરના આત્મપ્રદેશોથી અન્ય આત્મપ્રદેશો સાથે અવગાઢ ભાષાદ્રવ્યોને જીવ ગ્રહણ કરતો નથી.

વળી જે આકાશપ્રદેશ ઉપર પોતાના આત્મપ્રદેશો છે તે આકાશપ્રદેશમાં પણ જે અનંતર અવગાઢ ભાષાદ્રવ્યો જીવ ગ્રહણ કરે છે તેમાં કેટલાંક ભાષાદ્રવ્યો અણુપરિમાણવાળાં છે અને કેટલાંક બાદર પરિમાણવાળાં છે અને આ અણુપરિમાણ પણ ભાષાદ્રવ્યના સ્કંધના પ્રદેશની અલ્પતા અધિકતાને આશ્રયીને છે, અન્ય સ્કંધોને આશ્રયીને નથી. જેમ કોઈક ભાષાવર્ગણાનો સ્કંધ જઘન્ય અનંત પરમાણુઓનો બનેલો છે તેમ એક એક અધિક પરમાણુવાળા પણ ભાષાવર્ગણાના સ્કંધો જગતમાં છે. અને એક એકની વૃદ્ધિ અનંત પરમાણુ સુધી છે તેથી જઘન્ય અનંત પરમાણુની બનેલી ભાષાવર્ગણા કરતાં અનંત અધિક પરમાણુની ઉત્કૃષ્ટ ભાષાવર્ગણા છે અને બોલનાર જીવ જે ભાષાવર્ગણાના સ્કંધો ગ્રહણ કરે છે તે પ્રતિ સમય અનંતા ભાષાવર્ગણાના સ્કંધો ગ્રહણ કરે છે તેમાંથી કેટલાક સ્કંધો ભાષાવર્ગણાના હોવા છતાં અલ્પ પરમાણુવાળા છે તેથી અધિક પરમાણુવાળા ભાષા સ્કંધોની અપેક્ષાએ તે ભાષાવર્ગણાના સ્કંધને અણુ કહેવાય છે અને તે અણુ સ્કંધની અપેક્ષાએ અધિક પરમાણુવાળા ભાષાવર્ગણાના સ્કંધને બાદર સ્કંધ કહેવાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભાષા બોલનાર જીવ પ્રતિ સમય જે ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે તેમાંથી કેટલાક સ્કંધો અણુ છે અને કેટલાક સ્કંધો બાદર છે.

વળી ભાષા બોલનાર જીવ જેટલા ક્ષેત્રમાં અવગાહીને રહેલો છે તે સર્વક્ષેત્રમાં રહેલાં ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે તેથી પોતાના જીવપ્રદેશની અપેક્ષાએ ઊર્ધ્વથી પણ ગ્રહણ થાય છે, અધોથી પણ ગ્રહણ થાય

છે અને તિર્યગ્થી પણ ગ્રહણ થાય છે; કેમ કે બોલનાર જીવના કેટલાક પ્રદેશો ઊર્ધ્વ સ્થાનમાં છે તે પ્રદેશોથી ઊર્ધ્વ સ્થિત ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે, કેટલાક પ્રદેશો અધઃ સ્થિત છે જેમ પાદ આદિના પ્રદેશો, તે પ્રદેશથી અધઃ સ્થિત ભાષાવર્ગણાને ગ્રહણ કરે છે અને કેટલાક પ્રદેશો મધ્યની અપેક્ષાએ તિર્ચ્છા રહેલા છે તે પ્રદેશના સ્થાને રહેલી ભાષાવર્ગણાને તે પ્રદેશોથી જીવ ગ્રહણ કરે છે તેથી તિર્યગ્ રહેલી પણ ભાષાવર્ગણા જીવથી ગ્રહણ થાય છે.

વળી બોલનાર જીવ શબ્દપ્રયોગ કરે છે ત્યારે તે ભાષા બોલવાનો કાળ અંતર્મુહૂર્તિક હોય છે તે અંતર્મુહૂર્તકાળમાં પ્રથમ સમયમાં પણ ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે, બીજા સમયમાં પણ ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે, એમ પ્રતિસમય ભાષારૂપે પરિણમન પમાડીને તે પુદ્ગલોનું નિઃસરણ કરે છે, ફક્ત અન્તિમ સમયમાં ગ્રહણ નથી હોતું, માત્ર નિઃસરણ હોય છે, તેની પૂર્વના દરેક સમયોમાં ગ્રહણ અને નિઃસરણ ઉભય હોય છે, અને પ્રસ્તુતમાં ગ્રહણની વિચારણા છે તેથી કહે છે કે આદિમાં પણ ગ્રહણ કરે છે, મધ્યમાં પણ ગ્રહણ કરે છે અને તિર્યક્ પણ ગ્રહણ કરે છે=પ્રથમ સમયથી માંડીને નિઃસરણના પૂર્વ સમય સુધી સતત ગ્રહણ કરે છે. જેમ કોઈ ઘટ શબ્દ બોલે તો 'ઘ' શબ્દ બોલવાનો કાળ પણ અસંખ્યાતસમયનો છે, 'ટ' શબ્દ બોલવાનો કાળ પણ અસંખ્યાતસમયનો છે અને ઘટ શબ્દ બોલવા અર્થે પ્રથમ સમયથી માંડીને ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ થાય છે અને ઘટ બોલ્યા પછી બોલવાનો વિરામ હોવાથી અન્તિમ સમયમાં નવા ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ નથી ફક્ત નિઃસરણ છે અને પ્રથમ સમયમાં માત્ર ગ્રહણ છે નિઃસરણ નથી તેથી ભાષાવર્ગણાના પુદ્ગલોનો ગ્રહણકાળ પ્રથમ સમયથી માંડીને બોલવાના વિરામના પૂર્વ સમય સુધીનો છે. તેથી બોલવાના પ્રારંભ સમયે ગ્રહણ કરે છે, મધ્યમાં પણ ગ્રહણ કરે છે અને મધ્યથી આગળ તિર્યગ્ પણ ગ્રહણ કરે છે.

વળી અંતર્મુહૂર્ત સુધી જીવ ભાષાવર્ગણાના પુદ્ગલો આદિ મધ્ય અને તિર્ચ્છામાં ગ્રહણ કરે છે તે પણ સ્વવિષયને જ ગ્રહણ કરે છે=પૂર્વમાં જે કહેલ કે સ્પૃષ્ટ, અવગાઢ, અનંતર ગ્રહણ કરે છે તે સ્વવિષયને જ ગ્રહણ કરે છે પરંતુ તેનાથી અતિરિક્ત ગ્રહણ કરતો નથી.

અહીં પ્રશ્ન થાય કે ભાષા બોલનાર જીવ જે આકાશપ્રદેશ ઉપર રહેલો છે તે આકાશપ્રદેશ ઉપર અવગાહીને રહેલી જે વર્ગણાઓને તે ગ્રહણ કરે છે તેનાથી અનંતગુણી અધિક તે આકાશપ્રદેશ ઉપર અન્ય ભાષાવર્ગણાઓ રહેલી છે, તેથી તે સર્વવર્ગણામાંથી પ્રતિનિયત એવી પ્રસ્તુત વર્ગણાને તે જીવ ગ્રહણ કરે છે, અન્ય તે આકાશપ્રદેશ પર રહેલી ભાષાવર્ગણાને તે જીવ ગ્રહણ કરતો નથી. તેમાં કઈ વર્ગણાઓ તે ગ્રહણ કરે અને કઈ વર્ગણાઓને તે ગ્રહણ ન કરે તેનું નિયમન કોણ કરે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

તે પણ આનુપૂર્વીકલિત વર્ગણાઓ ગ્રહણ કરે છે.

આનુપૂર્વીનો અર્થ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

ગ્રહણની અપેક્ષાએ જે વર્ગણામાં આસન્નપણું છે તે આનુપૂર્વીથી કલિત છે અને જેમાં આસન્નપણું નથી તેને ગ્રહણ કરતો નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવ જે આકાશપ્રદેશ ઉપર રહેલો છે તે આકાશપ્રદેશમાં રહેલી અનંતી ભાષાવર્ગણામાંથી જે વર્ગણાઓમાં તે જીવથી ગ્રહણને અનુકૂળ આસન્નભાવ છે તે વર્ગણાઓને તે જીવ પ્રથમ ગ્રહણ કરે છે, ત્યારપછી બીજા સમયે તે જીવથી ગ્રહણને અનુકૂળ જે ભાષાવર્ગણામાં આસન્નભાવ થાય છે, તે સમયે તે જીવ તે વર્ગણાઓ ગ્રહણ કરે છે. આ રીતે બોલવા સુધીના કાળમાં જે જે વર્ગણામાં આસન્નભાવ થાય છે તે તે સમયે તે તે વર્ગણાઓ ગ્રહણ કરે છે અને જે વર્ગણાઓમાં ગ્રહણને અનુકૂળ આસન્નભાવ થયો નથી તે વર્ગણાને તે આકાશપ્રદેશમાં રહેલી હોવા છતાં તે જીવ ગ્રહણ કરતો નથી. જેમ એક આકાશપ્રદેશ પર અનંતા પરમાણુઓ રહેલા છે તેમાંથી જે પરમાણુમાં અન્ય પરમાણુ સાથે સંયુક્ત થઈને સ્કંધ થવાનો આસન્ન પરિણામ થાય તે પરમાણુઓ તે આકાશમાં રહીને સ્કંધ બની જાય છે. અન્ય પરમાણુઓ તે આકાશપ્રદેશ ઉપર હોવા છતાં સ્કંધ બનતા નથી, તેથી જેમ જે પરમાણુમાં સ્કંધ થવાનો આસન્નપરિણામ થાય છે તે પરમાણુઓથી સ્કંધ બને છે. તેમ જે ભાષાવર્ગણાના પુદ્ગલોમાં જીવથી ગ્રહણને અનુકૂળ આસન્નભાવ થાય છે તે સમયે ગ્રહણના આસન્નપરિણામવાળી વર્ગણાઓને તે જીવ ગ્રહણ કરે છે, અને જેમ તે આકાશમાં રહેલા અન્ય પરમાણુઓમાં સ્કંધનો આસન્નભાવ નહિ હોવાથી સ્કંધ થતો નથી તેમ જીવપ્રદેશ સાથે એકપ્રદેશમાં અવગાઢ પણ જે ભાષાવર્ગણામાં ગ્રહણને અનુકૂળ આસન્નભાવ થતો નથી તે ભાષાવર્ગણા જીવથી ગ્રહણ થતી નથી.

વળી જે આકાશપ્રદેશ ઉપર જીવ રહેલો છે તે પ્રદેશ ઉપર અવસ્થિતપરિણામવાળી ભાષાવર્ગણાને ગ્રહણ કરે છે તોપણ તે આકાશપ્રદેશ ઉપર કેટલીક વર્ગણાઓ પૂર્વથી જ અવસ્થિત છે તેમ છએ દિશામાંથી નવી નવી ભાષાવર્ગણાઓ ગતિપરિણામવાળી થઈને તે જ સમયે તે આકાશપ્રદેશ ઉપર અવસ્થિતપરિણામવાળી પણ થાય છે, તેથી છએ દિશાઓમાંથી આવતી અને તે આકાશપ્રદેશ ઉપર રહેલી અવસ્થિતપરિણામવાળી વર્ગણાઓમાંથી જે આસન્નપરિણામવાળી હોય તેને ભાષા બોલનાર જીવ ગ્રહણ કરે છે તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે ત્રણ, ચાર દિશામાંથી આવેલી નહિ પરંતુ નિયમથી છએ દિશામાંથી આવેલી ભાષાવર્ગણાને બોલનાર જીવ ગ્રહણ કરે છે.

અહીં છએ દિશામાંથી આવેલી ભાષાવર્ગણાને કેમ ગ્રહણ કરે છે અને ત્રણ ચાર દિશામાંથી આવેલીને કેમ ગ્રહણ કરતો નથી ? તેની સ્પષ્ટતા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

બોલનાર જીવ નિયમથી ત્રસનાડીમાં જ હોય છે, તેથી ત્રસનાડીના છેડે રહેલો પણ જીવ જ્યારે બોલે છે ત્યારે ત્રસનાડીના બહારથી તે દિશામાંથી આવતી પણ ભાષાવર્ગણા તે સ્થાનમાં અવશ્ય પ્રાપ્ત થાય છે, તેથી છએ દિશાથી ભાષાવર્ગણાના પુદ્ગલોના આગમનની પ્રાપ્તિ છે. ફક્ત લોકના છેડે કોઈ જીવ હોય તો જ તે દિશામાંથી ભાષાવર્ગણાના આગમનની અપ્રાપ્તિ થાય, પરંતુ બોલનાર ક્યારેય ત્રસનાડીથી બહાર જઈ શકતો નથી અને છએ દિશાઓમાંથી વર્ગણાઓનું ગમન, આગમન સતત બહુપ્રમાણમાં ચાલુ છે, તેથી કોઈ એવો સમય નથી કે જેથી છએ દિશામાંથી તે તે સ્થાનમાં ભાષાદ્રવ્યોના આગમનની અને અવસ્થિતિની પ્રાપ્તિ ન થાય.

આ સર્વ કથન ગ્રંથકારશ્રીએ પ્રજ્ઞાપનાના વચન અનુસાર કરેલ છે તેથી પ્રજ્ઞાપનાના શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર ભાષાવર્ગણાના ગ્રહણવિષય વિચારણા કરવી જોઈએ જેથી યથાર્થ પદાર્થનો બોધ થાય. **॥૪॥**

**અવતરણિકા :-**

**तदेवमुक्तं कीदृशानि गृह्णातीति, अथ कीदृशानि निसृजतीत्याह –**

**અવતરણિકા :-**

**પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે કેવા પ્રકારનાં ભાષાદ્રવ્યો ગ્રહણ કરે છે એ કહેવાયું, હવે કેવા પ્રકારનાં ભાષાદ્રવ્યોનો નિસર્ગ=નિઃસરણ, કરે છે ? એને કહે છે –**

**ગાથા :-**

**भिन्नाइ कोइ निसिरइ तिव्वपयत्तो परो अभिन्नाइं ।**
**भिन्नाइ जंति लोगं, अणंतगुणवुड्ढिजुत्ताइं ।।५।।**

**છાયા :-**

भिन्नानि कश्चिन्निसृजति तीव्रप्रयत्नः परोऽभिन्नानि ।
भिन्नानि यान्ति लोकमनन्तगुणवृद्धियुक्तानि ।।५।।

**અન્વયાર્થ :-**

तिव्वपयत्तो कोइ भिन्नाइ निसिरइ=તીવ્ર પ્રયત્નવાળો ભાષા બોલનાર કોઈ જીવ ભિન્નને=ભિન્ન એવા ભાષાવર્ગણાના પુદ્‌ગલોને, નિસર્જન કરે છે. परो अभिन्नाइं=પર=મંદ પ્રયત્નવાળો કોઈ જીવ અભિન્ન ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું નિસર્જન કરે છે. अणंतगुणवुड्ढिजुत्ताइं भिन्नाइ जंति लोगं=અનંતગુણવૃદ્ધિયુક્ત એવાં ભિન્ન ભાષાદ્રવ્યો લોકના અંત સુધી જાય છે. ॥૫॥

**ગાથાર્થ :-**

**તીવ્ર પ્રયત્નવાળો ભાષા બોલનાર કોઈ જીવ ભિન્નને=ભિન્ન એવા ભાષાવર્ગણાના પુદ્‌ગલોને, નિસર્જન કરે છે. પર=મંદ પ્રયત્નવાળો કોઈ જીવ અભિન્ન ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું નિસર્જન કરે છે. અનંતગુણવૃદ્ધિયુક્ત એવાં ભિન્ન ભાષાદ્રવ્યો લોકના અંત સુધી જાય છે. ॥૫॥**

**ટીકા :-**

**कश्चिन्नीरोगतादिगुणयुक्तस्तथाविधादरात् तीव्रप्रयत्नो वक्ता भिन्नानि=आदाननिसर्गप्रयत्नाभ्यां खण्डशः कृतानि भाषाद्रव्याणि, निसृजति, परो=व्याधिग्रस्ततयाऽनादरतो मन्दप्रयत्नः, अभिन्नानि= तथाभूतस्थूलखण्डात्मकानि तानि निसृजति ।**

**तत्र भिन्नानि भाषाद्रव्याणि सूक्ष्मबहुत्वाभ्यामन्यद्रव्यवासकत्वात् अनन्तगुणवृद्धियुक्तानि सन्ति लोकं यान्ति=षट्सु दिक्षु लोकान्तं व्याप्नुवन्तीत्यर्थः ।**

**तथा च पारमर्षः –**

"जीवे णं भंते! जाइं दव्वाइं भासत्ताए गहिआइं णिसिरइ ताइं किं भिण्णाइं णिसिरइ अभिण्णाइं निसिरइ? गोयमा! भिन्नाइं पि णिसिरइ, अभिण्णाइं पि णिसिरइ । जाइं भिण्णाइं णिसिरइ ताइं अणंतगुणपरिवुड्ढिए परिवुड्ढमाणाइं लोअंतं फुसंति ।।" **त्ति । (प्र.भा.सूत्र १६९)**

**भाष्यकारोऽप्याह –**

"कोई मंदपयत्तो णिसिरइ सयलाइं चेव दव्वाइं ।
अन्नो तिव्वपयत्तो सो मुंचइ भिंधिउं ताइं ।।३८०।।
भिन्नाइं सुहुमयाए, अणंतगुणवड्ढियाइं लोगंतं ।
पाविंति पूरयंति य भासाइ निरंतरं लोगं ।।३८२।।" **(वि.आ.भा.गाथा ३८०-३८२) ।।५।।**

***ટીકાર્થ :-***

**कश्चिन्नीरोगतादिगुणयुक्त ..... व्याप्नुवन्तीत्यर्थः । કોઈક નીરોગાદિ ગુણયુક્ત તેવા પ્રકારના યત્નથી=તીવ્ર પ્રકારના બોલવાને અનુકૂળ વ્યાપારથી, તીવ્રપ્રયત્નવાળો વક્તા, ભિન્ન=ગ્રહણના અને નિઃસરણના પ્રયત્ન દ્વારા ખંડ ખંડ, કરાયેલાં, ભાષાદ્રવ્યો નિસર્જન કરે છે. પર=અન્યપુરુષ વ્યાધિગ્રસ્તપણાને કારણે અનાદરથી મંદપ્રયત્નવાળો અભિન્ન=તેવા પ્રકારનાં સ્થૂલ ખંડાત્મક, ભાષાદ્રવ્યો નિસર્જન કરે છે. ત્યાં=નિસર્જન કરાયેલાં દ્રવ્યોમાં, ભિન્ન એવાં ભાષાદ્રવ્યો, સૂક્ષ્મ અને બહુપણું હોવાને કારણે અન્ય દ્રવ્યોનું વાસકપણું હોવાથી=મુકાયેલાં ભાષાદ્રવ્યોથી અન્યભાષાદ્રવ્યોનું વાસકપણું હોવાથી, અનંતગુણવૃદ્ધિયુક્ત છતા=મુકાતી વખતે જેટલાં ભાષાદ્રવ્યો હતાં તે ઉત્તર ઉત્તર અનંતગુણવૃદ્ધિ-યુક્ત થયા છતા, લોકને વ્યાપ્ત કરે છે=છએ દિશામાં લોકના અંતભાગસુધી વ્યાપ્ત થાય છે એ પ્રકારનો અર્થ છે='यान्ति' શબ્દનો એ પ્રકારનો અર્થ છે.**

**तथा च पारमर्षः – અને તે પ્રકારે પારમર્ષ છે=પરમઋષિનું વચન છે.**

"जीवे णं ..... फुसन्ति ।।" त्ति । "હે ભગવંત જીવ જે દ્રવ્યોને ભાષાપણાથી ગ્રહણ કરે છે અને નિઃસરણ કરે છે તે શું ભિન્ન દ્રવ્યો નિઃસરણ કરે છે કે અભિન્ન દ્રવ્યો નિઃસરણ કરે છે ? ભગવાન કહે છે હે ગૌતમ ભિન્ન પણ નિઃસરણ કરે છે, અભિન્ન પણ નિઃસરણ કરે છે. જે ભિન્ન ભાષાદ્રવ્યોનું નિઃસરણ કરે છે તે ભાષાદ્રવ્ય અનંતગુણ પરિવૃદ્ધિથી પરિવૃદ્ધિને પામતા લોકાંત સુધી સ્પર્શે છે." **(પ્ર. ભા. સૂત્ર ૧૬૯)**

**'त्ति' શબ્દ પારમર્ષના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**भाष्यकारोऽप्याह – ભાષ્યકાર પણ કહે છે –**

'कोई ..... ताइं ।।" "કોઈ મંદ પ્રયત્નવાળો સકળ જ દ્રવ્યોને=ભેદ કર્યા વગર સકલ જ દ્રવ્યોને, નિઃસરણ કરે છે. તીવ્ર પ્રયત્નવાળો અન્ય એવો તે=ભાષા બોલનાર જીવ, ભેદીને=બોલાયેલા ભાષાવર્ગણાનો ભેદ કરીને, તેઓને= ભાષાદ્રવ્યોને, મૂકે છે." ।।૩૮૦।। **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૩૮૦)**

"भिन्नाइं ..... लोगं ।।" "ભેદાયેલાં એવાં ભાષાદ્રવ્યો સૂક્ષ્મપણું હોવાથી અનંતગુણપરિવૃદ્ધિવાળા લોકના અંતને પ્રાપ્ત કરે છે અને ભાષાદ્રવ્યો નિરન્તર લોકને પૂરે છે. ।।૩૮૨।।" **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૩૮૨) ।।૫।।**

**ભાવાર્થ :-**

તદ્વ્યતિરિક્ત દ્રવ્યભાષાના ત્રણ ભેદો ગાથા-૨માં બતાવેલા તેમાંથી ગ્રહણનું સ્વરૂપ કંઈક ગ્રંથકારશ્રીએ પૂર્વમાં બતાવ્યું. હવે નિસર્ગનું સ્વરૂપ બતાવે છે –

**ભિન્ન નિઃસરણ ભાષાદ્રવ્યની લોકવ્યાપિતા :-**

કોઈ પુરુષ રોગ રહિત હોય, ભાષા બોલવાની ઉત્કટ શક્તિ યુક્ત હોય તેવો પુરુષ ઉત્કટ પ્રયત્નપૂર્વક ભાષા બોલે છે ત્યારે ભાષાદ્રવ્યના ગ્રહણ અને નિઃસરણના પ્રયત્ન દ્વારા ખંડ કરેલાં ભાષાદ્રવ્યોનું નિઃસરણ કરે છે, જે અભિઘાતથી ભાષાદ્રવ્યનું નિઃસરણ છે. તે ભાષાદ્રવ્યો ગ્રહણ અને નિઃસરણના પ્રયત્નથી ઘણા ખંડો થયેલા હોવાથી સૂક્ષ્મ બને છે અને સંખ્યામાં ઘણાં થાય છે. વચમાં આવતાં ભાષાદ્રવ્યોને પોતાના પરિણામથી વાસિત કરીને પોતાના જેવા જ ભાષાપરિણામરૂપે કરવો તે ભાષાદ્રવ્યોનો સ્વભાવ છે, તેથી તે ભાષાદ્રવ્યો સતત અનંતગુણવૃદ્ધિયુક્ત બને છે અને છએ દિશામાં લોકના અંત સુધી વ્યાપ્ત બને છે.

વળી અન્ય કોઈ પુરુષ વ્યાધિગ્રસ્ત હોય અને તેના કારણે તેવા દૃઢ પ્રયત્ન ન કરે પરંતુ મંદ પ્રયત્નથી જ બોલે તો જે ભાષાવર્ગણાના પુદ્ગલોને તે ગ્રહણ કરે છે, તે સ્થૂલભાષાદ્રવ્યોના ખંડોને ભેદ્યા વગર વિસર્જન કરે છે, તેથી તે પુરુષથી મુકાયેલાં અભિન્ન ભાષાદ્રવ્યો લોકાંત સુધી જતાં નથી. **।।૫।।**

**અવતરણિકા :-**

**अथाऽभिन्नानि कथं भवन्तीत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે અભિન્ન ભાષાદ્રવ્યો કેવી રીતે થાય છે ? એને કહે છે –**

**ગાથા :-**

**भिज्जन्ति अभिन्नाइं अवगाहणवग्गणा असंखिज्जा ।**
**गंतुं व जोयणाइं संखिज्जाइं विलिज्जंति ।।६।।**

**છાયા :-**

**भिद्यन्तेऽभिन्नानि अवगाहनवर्गणा असंख्येयाः ।**
**गत्वा वा योजनानि संख्येयानि विलीयन्ते ।।६।।**

**અન્વયાર્થ :-**

अभिन्नाइं=અભિન્ન એવાં ભાષાદ્રવ્યો, असंखिज्जा अवगाहणवग्गणा=અસંખ્યાત અવગાહનવર્ગણાઓને, गंतुं भिज्जन्ति=ઓળંગીને ભેદ પામે છે=વિશરારુભાવને પ્રાપ્ત કરે છે. व=અથવા વિશરારુભાવને પામેલા, संखिज्जाइं जोयणाइं गंतुं विलिज्जन्ति=સંખ્યાત યોજન જઈને વિલય પામે છે=ભાષાદ્રવ્યો શબ્દપરિણામનો ત્યાગ કરે છે. ॥૬॥

**ગાથાર્થ :-**

**અભિન્ન એવાં ભાષાદ્રવ્યો અસંખ્યાત અવગાહનવર્ગણાને ઓળંગીને ભેદ પામે છે=વિશરારુભાવને પ્રાપ્ત કરે છે, અને વિશરારુભાવને પામેલા સંખ્યાત યોજન જઈને વિલય પામે છે=ભાષાદ્રવ્યો શબ્દપરિણામનો ત્યાગ કરે છે. ॥૬॥**

**ટીકા :-**

**अभिन्नानि भाषाद्रव्याणि असङ्ख्येया अवगाहनावर्गणाः, अवगाहना नामैकैकस्य भाषाद्रव्यस्याऽऽधारभूता असंख्येयप्रदेशात्मकक्षेत्रविभागरूपाः, तासां वर्गणाः=समुदायास्ताः, गत्वा=अतिक्रम्य, भिद्यन्ते=विशरारुभावं बिभ्रति, विशरारूणि च पुनस्तानि संख्येयानि योजनानि गत्वा विलीयन्ते=शब्दपरिणामं विजहतीत्यर्थः ।**

**तथा च सूत्रम्-** "जाइं अभिण्णाइं णिसिरइ ताइं असंखेज्जाओ ओगाहणवग्गणाओ गंता भेदमावज्जंति । संखेज्जाइं जोयणाइं गंता विद्धंसमावज्जंति ।।" **त्ति ।। (प्र. भा. सूत्र १६९)**

**भाष्यमपि –**

"गंतुमसंखेज्जाओ अवगाहणवग्गणा अभिन्नाइं ।
भिज्जंति धंसमेति य, संखेज्जा जोयणा गंतुं ।।३८१।।" **(वि.आ.भा.श्लो. ३८१) ।।६।।**

**ટીકાર્થ :-**

**अभिन्नानि ..... विजहतीत्यर्थः । અભિન્ન ભાષાદ્રવ્યો અસંખ્યાતા અવગાહના વર્ગણા જઈને ભેદ પામે છે એમ અન્વય છે. એક એક ભાષાદ્રવ્યના આધારભૂત અસંખ્યાત પ્રદેશાત્મક ક્ષેત્ર વિભાગરૂપ અવગાહના છે તેઓના સમુદાયને અતિક્રમ કરીને ભેદ પામે છે=વિશરારુભાવને ધારણ કરે છે, અને વિશરારુભાવરૂપ એવા તેઓ=ભાષાદ્રવ્યો, સંખ્યાત યોજન જઈને વિલય પામે છે=શબ્દપરિણામનો ત્યાગ કરે છે એ પ્રકારે વિલય પામે છે શબ્દનો અર્થ છે.**

**तथा च सूत्रम् – અને તે પ્રમાણે સૂત્ર છે –**

"जाइं ..... आवज्जंति ।।" **त्ति ।।** "જે અભિન્ન ભાષાદ્રવ્યોનું નિઃસરણ કરે છે તે=અભિન્નભાષાદ્રવ્યો, અસંખ્યાત અવગાહના વર્ગણાને અતિક્રમણ કરીને ભેદને પ્રાપ્ત કરે છે, સંખ્યાત યોજન જઈને વિધ્વંસને પ્રાપ્ત કરે છે." **(પ્ર. ભા. સૂત્ર ૧૬૯)**

**'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**भाष्यमपि – ભાષ્ય પણ છે –**

"गंतुमसंखेज्जाओ ..... गंतुं ।।" "અસંખ્યાત અવગાહના વર્ગણા જઈને અભિન્ન એવાં ભાષાદ્રવ્યો ભેદને પામે છે અને સંખ્યાત યોજન જઈને ધ્વંસને પામે છે. ।।૩૮૧।।" **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૩૮૧) ।।૬।।**

**ભાવાર્થ :-**

**અભિન્ન નિઃસરણ ભાષાદ્રવ્યનું સ્વરૂપ :-**

જે પુરુષ મંદ પ્રયત્નથી ભાષા બોલે છે તે ભાષાદ્રવ્ય ખંડ થયા વગર અભિન્ન જ મુખમાંથી નિઃસરણ પામે છે અને તે નીકળેલ ભાષાદ્રવ્યના આધારભૂત અસંખ્યાત પ્રદેશાત્મક ક્ષેત્રવિભાગરૂપ જે અવગાહના છે તેટલા ક્ષેત્રપ્રમાણ અસંખ્યાત અવગાહન વર્ગણાઓ પસાર કરીને તે ભાષાદ્રવ્ય ભેદને પામે છે=તેમાં વર્તતો શબ્દનો પરિણામ તે રીતે અત્યંત મંદ થાય છે કે તે રીતે સંભળાતો નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે અભિન્ન ભાષાદ્રવ્યને બોલનાર પુરુષના મુખમાંથી નીકળેલી ભાષાનું જે અસંખ્યાત પ્રદેશને અવગાહન કરનાર જે ક્ષેત્ર છે તે ક્ષેત્રને અસત્કલ્પનાએ એક ઇંચ પ્રમાણ ગણીએ તો તે ભાષાદ્રવ્યની અવગાહન વર્ગણા એક ઇંચ કહેવાય અને તેવા અસંખ્યાત ઇંચ પ્રમાણ અસંખ્યાત અવગાહન વર્ગણારૂપ ક્ષેત્રનું અતિક્રમ કરીને તે ભાષા શબ્દરૂપે સંભળાય નહિ તેવા પરિણામવાળી થાય છે, વળી વિશરારુ પરિણામને પામેલા તે ભાષાદ્રવ્યના પુદ્ગલો સંખ્યાત યોજન ગયા પછી શબ્દપરિણામનો ત્યાગ કરે છે અર્થાત્ ભાષાવર્ગણારૂપે તે રહી શકે પરંતુ બોલનાર દ્વારા નિષ્પન્ન થયેલો શબ્દપરિણામ તે ભાષાદ્રવ્યમાંથી નાશ પામે છે. **।।૬।।**

**અવતરણિકા :-**

**अथ योऽयं भाषाभेदः क्रियते स कतिविध इति प्रसङ्गादाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જે આ ભાષાનો ભેદ કરાય છે તે કેટલા પ્રકારનો છે ? એને=ભાષાના ભેદને, પ્રસંગથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-પમાં ગ્રંથકારશ્રીએ કહેલ કે નિસર્જન કરાતી ભાષા ભિન્ન અને અભિન્ન બે પ્રકારની છે તેમાં અભિન્નભાષા ક્યાં સુધી શબ્દપરિણામરૂપે રહે છે ? તેની સ્પષ્ટતા ગાથા-૬માં કરી. હવે તીવ્ર પ્રયત્નથી બોલનાર વક્તા દ્વારા જે ભાષાના ભેદો=ટુકડા, કરાય છે તે ભાષાના ભેદો કેટલા પ્રકારના છે ? તેને પ્રસંગથી કહે છે –

**ગાથા :-**

**से भेए पंचविहे खंडे पयरे अ चुन्निआभेए ।**
**अणुतडियाभेए तह, चरिमे उक्करिआभेए ।।७।।**

**છાયા :-**

स भेदः पञ्चविधः खण्डः प्रतरश्च चूर्णिकाभेदः ।
अनुतटिकाभेदस्तथा चरम उत्करिकाभेदः ।।७।।

**અન્વયાર્થ :-**

से भेए=તે ભેદ=પૂર્વમાં કહેલા તીવ્ર પ્રયત્નથી બોલાયેલ ભાષાના ભેદ, पंचविहे=પાંચ પ્રકારના છે. खंडे पयरे चुन्निआभेए अ तह अणुतडियाभेए चरिमे उक्करिआभेए=(૧) ખંડ, (૨) પ્રતર, (૩) ચૂર્ણિકા, (૪) અણુતટિકાભેદ અને (૫) ચરમ ઉત્કરિકાભેદ. ।।૭।।

**ગાથાર્થ :-**

**તે ભેદ=પૂર્વમાં કહેલા તીવ્ર પ્રયત્નથી બોલાયેલ ભાષાના ભેદ, પાંચ પ્રકારના છે. (૧) ખંડ, (૨) પ્રતર, (૩) ચૂર્ણિકાભેદ, (૪) અનુતટિકાભેદ અને (૫) ચરમ ઉત્કરિકાભેદ. ।।૭।।**

**ટીકા :-**

**स=पूर्वोक्तः, भेदः=भाषाद्रव्याणां यथावस्थितानामवयवविभागः, पञ्चविधः=पञ्चप्रकारः । खंडे त्ति खण्डभेदः प्रथमः; पयरे त्ति प्रतरभेदो द्वितीयः; चूर्णिकाभेदस्तृतीयः तथेति समुच्चये; अनुतटिका-भेदश्चतुर्थः; चरमः=सूत्रोक्तक्रमापेक्षयाऽन्तिम, उत्करिकाभेद इति । तथा च पारमर्षम् –** "एतेसिं णं भंते ! दव्वाणं कतिविहे भेदे पण्णत्ते ? गोयमा ! पंचविहे भेए पण्णत्ते । तं जहा खंडाभेए, पयरभेए, चुण्णिआभेए, अणुतडियाभेए, उक्करिआभेए ।" **(प्र. भा. सू० १७०) त्ति ।।७।।**

**ટીકાર્થ :-**

स ..... इति । તે=પૂર્વોક્ત ભેદ=યથાવસ્થિત ભાષાદ્રવ્યનો અવયવવિભાગ=ભાષાદ્રવ્ય ભાષાપરિણામરૂપે રહે તે પ્રકારે અવસ્થિત એવા ભાષાદ્રવ્યોનો ભેદને કારણે થયેલો અવયવ વિભાગ, પાંચ પ્રકારનો છે. પ્રથમ ખંડ છે, બીજો પ્રતર ભેદ છે, ત્રીજો ચૂર્ણિકાભેદ છે. ગાથામાં રહેલ તથા શબ્દ સમુચ્ચયમાં છે. અનુતટિકાભેદ ચોથો છે, ચરમ=સૂત્રમાં કહેલા ક્રમની અપેક્ષાએ અન્તિમ, ઉત્કરિકાભેદ છે.

तथा च पारमर्षम् – અને તે પ્રમાણે પારમર્ષ છે –

"एतेसिं ..... उक्करिआभेए ।" **त्ति** ।। "હે ભગવંત આ દ્રવ્યોના=બોલીને મુકાયેલાં ભાષાદ્રવ્યોના, કેટલા પ્રકારના ભેદો બતાવાયા છે ?

ભગવાન ગૌતમસ્વામીને ઉત્તર આપે છે –

હે ગૌતમ ! પાંચ પ્રકારના ભેદો કહેવાયા છે. તે આ પ્રમાણે – ખંડભેદ, પ્રતરભેદ, ચૂર્ણિકાભેદ, અનુતટિકાભેદ, અને ઉત્કરિકાભેદ." **(પ્ર. ભા. સૂ. ૧૭૦)**

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ॥૭॥**

**અવતરણિકા :-**

**अथैतेषां भेदलक्षणान्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આમના=ભેદ પામતાં ભાષાદ્રવ્યોનાં, ભેદનાં લક્ષણોને કહે છે –**

**ગાથા :-**

**अयखंडवंसपिप्पलिचुण्णदहेरंडबीअभेअसमा ।**
**एए भेअविसेसा, दिट्ठा तेलुक्कदंसीहिं ॥८॥**

**છાયા :-**

अयःखंडवंशपिप्पलीचूर्णह्रदैरण्डबीजभेदसमाः ।
एते भेदविशेषा दृष्टास्त्रैलोक्यदर्शिभिः ॥८॥

**અન્વયાર્થ :-**

**अयखंडवंसपिप्पलिचुण्णदहेरंडबीअभेअसमा=અયઃખંડ=લોખંડનો ટુકડો, વંશ, પિપ્પલિચૂર્ણ, હ્રદ=સરોવર, એરંડબીજ આ સર્વેના ભેદ જેવા, एए भेअविसेसा=આ ભેદવિશેષો=તીવ્ર પ્રયત્નથી ઉચ્ચારણ કરીને બોલાયેલી ભાષાના ભેદવિશેષો, तेलुक्कदंसीहिं=ત્રૈલોક્યદર્શી એવા ભગવાન વડે, दिट्ठा=જોવાયા છે. ॥૮॥**

**ગાથાર્થ :-**

**અયઃખંડ=લોખંડનો ટુકડો, વંશ, પિપ્પલીચૂર્ણ, હ્રદ=સરોવર, અને એરંડબીજ આ સર્વેના ભેદ જેવા આ ભેદવિશેષો=તીવ્ર પ્રયત્નથી ઉચ્ચારણ કરીને બોલાયેલી ભાષાના ભેદવિશેષો, ત્રૈલોક્યદર્શી એવા ભગવાન વડે જોવાયા છે. ॥૮॥**

**ટીકા :-**

**एते भेदविशेषास्त्रैलोक्यदर्शिभिः=भगवद्भिः; अयःखण्डवंशपिप्पलीचूर्णह्रदैरण्डबीजभेदसमा द्रष्टाः, तथा च अयःखण्डादिभेदवदितरभेदापेक्षं भेदनिष्ठं वैलक्षण्यमेव खण्डभेदादीनां लक्षणम्, तच्च जातिरूपमुपाधिरूपं वेत्यन्यदेतत् ।**

**तथा चाभिहितम्**–"से किं तं खंडाभेए? खंडाभेए जण्णं अयखंडाण वा तउखंडाण वा तंबखंडाण वा सीसगखंडाण वा रययखंडाण वा जातरूपखंडाण वा खंडएण भेदे भवति से त्तं खंडाभेए ।१। से किं तं पयरभेए? पयरभेए जण्णं वंसाण वा वेत्ताण वा णलाण वा कदलीथंभाण वा अब्भपडलाण वा पयरभेएणं भेदे भवति से त्तं पयरभेदे ।२। से किं तं चुण्णियाभेदे? चुण्णिआभेदे जण्णं तिलचुण्णाण वा मुग्गचुण्णाण वा मासचुण्णाण वा पिप्पलीचुण्णाण वा मिरियचुण्णाण वा सिंगबेरचुण्णाण वा चुण्णिआए भेदे भवति से त्तं चुण्णिआभेदे ।३। से किं तं अणुतडियाभेदे? अणुतडियाभेदे जण्णं अगडाण वा तलागाण वा दहाण वा नदीण वा वावीण वा पुक्खरिणीण वा दीहिआण वा गुंजाण वा गुंजालियाण वा सराण (ग्रन्थाग्रं-१०० श्लोक) वा सरसराण वा सरपंतियाण वा सरसरपंतिआण वा अणुतडियाभेदे भवति से त्तं अणुतडियाभेदे ।४। से किं तं उक्कारियाभेए? उक्कारियाभेए जण्णं मूसाण वा मंडूसाण वा तिलसिंगाण वा मुग्गसिंगाण वा माससिंगाण वा एरंडबीआण वा फुडिया उक्कारिआए भेए भवति से त्तं उक्कारिआभेए ।५।" **त्ति ।। (प्र. भा. सू. १७०)**

**न च वाच्यमेवं भिद्यमानानां भाषाद्रव्याणामेव नाशापत्तिरवयवविभागाद् द्रव्याऽसमवायिकारणीभूतविजातीयावयवसंयोगनाशादिति, घटे छिद्रपर्यायवत्तत्र भेदपर्यायोत्पादेऽपि द्रव्यान्तरोत्पादानभ्युपगमात्, विशिष्टोत्पादस्य च विशिष्टध्वंसप्रयोजकत्वेनाऽविशिष्टावस्थानाऽप्रतिपन्थित्वात्, अन्यथा द्वितीयादिसमयेष्ववस्थितस्यैव घटस्य द्वितीयादिसमये विशिष्टतयोत्पादेन ध्वंसव्यवहारप्रसङ्गात्, न च छिद्रघटोऽपि तद्घटभिन्न एवोत्पद्यत इति वाच्यम् दण्डाद्यव्यापारेण तदुत्पादस्याऽऽकस्मिकत्वात् ।**

**अथ दण्डादिकं हेतुर्घटविशेष एव न त्वत्रापीति चेत् ? अपूर्वेयं कल्पना अस्तु वा तथा, तथापि 'घटे छिद्रमुत्पन्नं न तु घटो विनष्ट' इति व्यवहारः कथमुपपादनीयः ? इत्यधिकं सम्मतिटीकायाम् ।**

**वस्तुतः संयोगनाशस्य न द्रव्यनाशकत्वम्, किन्त्वावश्यकत्वाद् भेदस्यैव; तस्य च न भेदत्वेन तथात्वं किन्तु भेदविशेषत्वेन, तथा च मन्दप्रयत्नोच्चरितभाषाद्रव्याणां गतिविशेषप्रयुक्तभेदस्य तद्ध्वंसजनकत्वेऽप्यादाननिसर्गप्रयत्नजनितभेदस्य न तथात्वमिति यथासूत्रं युक्तमुत्पश्यामः ।।८।।**

**ટીકાર્થ :-**

**एते ..... वेत्यन्यदेतत् । આ ભેદવિશેષો=ગાથા-૭માં જે ભાષાના ભેદો કહ્યા એ ભેદવિશેષો ત્રૈલોક્યદર્શી એવા ભગવાન વડે લોખંડનો ટુકડો, વાંસ, પિપ્પિલીચૂર્ણ, સરોવર અને એરંડબીજના ભેદો સમાન જોવાયા છે અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે ભગવાન વડે અયઃખંડ આદિ ભેદો સમાન ભાષાના ભેદો જોવાયા છે તે રીતે, લોખંડના ટુકડાદિના ભેદની જેમ ઇતરથી ભેદની અપેક્ષાવાળું=વસ્તુના અસ્તિત્વનો નાશ થાય તેવા રૂપાન્તર દ્રવ્યોના કારણભૂત એવા ઇતરથી ભેદની અપેક્ષાવાળું, ભેદનિષ્ઠ વૈલક્ષણ્ય જ ખંડભેદાદિનું લક્ષણ છે. અને તે=ખંડભેદાદિનું લક્ષણ કર્યું એ, જાતિરૂપ છે અથવા ઉપાધિરૂપ છે એ અન્ય વસ્તુ છે.**

**तथा चाभिहितम् – અને તે પ્રમાણે કહેવાયું છે=પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેવાયું છે –**

"से किं तं ..... उक्कारिआभेए ।" **त्ति ।** તે ખંડભેદ શું છે ? ખંડભેદ જે લોખંડના ટુકડાઓનો, ત્રપુના ટુકડાઓનો=કલાઈના ટુકડાઓનો, તાંબાના ટુકડાઓનો, સીસાના ટુકડાઓનો, રજતના ટુકડાઓનો અને સુવર્ણના ટુકડાઓનો ખંડ થવાથી ભેદ થયે છતે તે=ભેદ, તેનો=ભાષાદ્રવ્યનો, ખંડભેદ છે. ।૧।

તે પ્રતરભેદ શું છે ? પ્રતરભેદ જે વાંસોના, નેતરના, નલ નામના ઘાસના, કેળના વૃક્ષના, અભ્રપટલોના, પ્રતરના ભેદથી ભેદ હોતે છતે તે=ભેદ, તેનો=ભાષાદ્રવ્યોનો પ્રતરભેદ છે. ।૨।

તે ચૂર્ણિકાભેદ શું છે ? ચૂર્ણિકાભેદ જે તલના ચૂર્ણોના, મગના ચૂર્ણોના, અડદના ચૂર્ણોના, પીપરના ચૂર્ણોના, મરચાના ચૂર્ણોના, સૂંઠના ચૂર્ણોના, ચૂર્ણિકાથી ભેદ થયે છતે તે=ભેદ તેનો=ભાષાદ્રવ્યનો, ચૂર્ણિકાભેદ છે. ।૩।

તે અણુતટિકાભેદ શું છે ? અણુતટિકાભેદ જે અગડોનો, તળાવોનો, દ્રહોનો, નદીઓનો, વાવડીઓનો, પુષ્કરિણીઓનો, દીર્ઘિકાનો, ગુંજાનો, ગુંજાલિકાનો, સરોવરનો, સરસરોવરોનો, સરપંક્તિઓનો, સરસરપંક્તિઓના અણુતટિકાથી ભેદ હોતે છતે તે=ભેદ, તેનો=ભાષાદ્રવ્યોનો, અણુતટિકાભેદ છે. ।૪।

તે ઉત્કરિકાભેદ શું છે ? ઉત્કરિકાભેદ જે ઉંદરોનાં, દેડકાઓનાં, તલની ફળીનાં, મગની ફળીનાં, અડદની ફળીનાં, એરંડનાં બીજ ફૂટવાથી ઉત્કરિકાથી=ભેદ થયે છતે તે=ભેદ, તેનો=ભાષાદ્રવ્યોનો, ઉત્કરિકાભેદ છે. ।૫।" **(પ્ર. ભા. સૂ. ૧૭૦)**

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**न च वाच्यं ..... युक्तमुत्पश्यामः ।। અને આ રીતે=પૂર્વમાં ભેદને પામેલી ભાષા ખંડાદિભેદવાળી થાય છે એમ બતાવ્યું એ રીતે, ભિદ્યમાન ભાષાદ્રવ્યના જ નાશની આપત્તિ છે=તે ભાષાખંડાદિરૂપ ભેદ થવાને કારણે ભાષાદ્રવ્ય જ રહેશે નહિ એ રૂપ નાશની આપત્તિ છે; કેમ કે અવયવના વિભાગથી= ભાષાદ્રવ્યના અવયવોના વિભાગથી, દ્રવ્યના અસમવાયિકારણીભૂત વિજાતીય અવયવસંયોગનો નાશ થાય છે=ભાષાદ્રવ્યના અસમવાયિકારણીભૂત એવા ભાષાદ્રવ્યનો વિજાતીય એવો અવયવનો સંયોગ તેનો નાશ થાય છે, એમ ન કહેવું; કેમ કે ઘટમાં છિદ્રપર્યાયની જેમ ત્યાં=ભેદને પામેલી ભાષામાં, ભેદપર્યાયનો ઉત્પાદ થવા છતાં પણ દ્રવ્યાન્તરના ઉત્પાદનો અનભ્યુપગમ છે=તે ભાષાદ્રવ્ય ભાષાપર્યાયને છોડીને અન્ય દ્રવ્યરૂપ ઉત્પન્ન થાય છે તે પ્રકારે શાસ્ત્રમાં અસ્વીકાર છે અને વિશિષ્ટ ઉત્પાદનું=ભાષાદ્રવ્યનો ભાષાદ્રવ્યરૂપે નાશ ન થાય તે પ્રકારે ખંડાદિ ભેદોરૂપ ભાષાદ્રવ્યના વિશિષ્ટ ઉત્પાદનું, વિશિષ્ટ ધ્વંસપ્રયોજકપણું હોવાથી=ભાષાદ્રવ્યનો ભાષારૂપે નાશ ન થાય છતાં ભાષાના મૂળ સ્કંધનો ટુકડારૂપે ધ્વંસ થાય તેવા વિશિષ્ટ ધ્વંસનું પ્રયોજકપણું હોવાથી, અવિશિષ્ટ અવસ્થાનનું અપ્રતિપન્થિપણું છે=પૂર્વમાં જે ભાષાદ્રવ્ય હતું તેના જેવું જ અવિશિષ્ટ ભાષાદ્રવ્ય રહે તેવા પ્રકારના અવિશિષ્ટ અવસ્થાનનું અવિરોધિપણું છે, અન્યથા=ઘટમાં છિદ્રપર્યાય થાય છે ત્યારે ઘટમાં જે વિશિષ્ટ ઉત્પાદ થયો તે ઘટના અવિશિષ્ટ અવસ્થાનનો અપ્રતિપન્થિ છે તેમ ન સ્વીકારો તો**

દ્વિતીયાદિ સમયમાં અવસ્થિત જ ઘટનું દ્વિતીયાદિ સમયમાં વિશિષ્ટપણાથી ઉત્પાદનને કારણે=પેલા ઘટ કરતાં ભિન્ન પ્રકારના ઘટપણારૂપે ઉત્પાદનને કારણે, ધ્વંસવ્યવહારનો પ્રસંગ આવશે=છિદ્રવાળા ઘટને ઘટનાશ થયો એ પ્રકારે કહેવાનો પ્રસંગ આવશે.

અહીં પૂર્વપક્ષી કહે કે છિદ્રઘટ પણ તે ઘટથી ભિન્ન જ ઉત્પન્ન થયો છે, માટે ઘટધ્વંસનો વ્યવહાર સંગત થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રમાણે ન કહેવું; કેમ કે દંડાદિના અવ્યાપારથી તદ્ ઉત્પાદનું=છિદ્રવાળા અન્ય ઘટના ઉત્પાદનું આકસ્મિકપણું છે.

દંડાદિ હેતુ ઘટવિશેષમાં જ છે પરંતુ અહીં પણ નથી=છિદ્ર પડવાને કારણે નવો ઘટ ઉત્પન્ન થયો તેમાં પણ દંડાદિ હેતુ નથી, એ પ્રમાણે 'अथ'થી પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ અપૂર્વ કલ્પના છે=ઘટ માત્ર પ્રત્યે દંડાદિ વ્યાપાર હેતુ હોવા છતાં છિદ્ર ઘટ દંડાદિ વ્યાપાર વગર નવો ઉત્પન્ન થયો એ અપૂર્વ કલ્પના છે.

અથવા તે પ્રમાણે હો=પૂર્વપક્ષી કહે છે તેમ ઘટવિશેષમાં જ દંડાદિ હેતુ હો, તોપણ 'ઘટમાં છિદ્ર ઉત્પન્ન થયું છે ઘટ નાશ થયો નથી' એ પ્રકારનો વ્યવહાર કેવી રીતે ઉપપાદન થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. આ પ્રમાણે આ વિષયમાં અધિક કથન સમ્મતિટીકામાં છે.

વસ્તુતઃ સંયોગનાશનું દ્રવ્યનાશકપણું નથી પરંતુ ભેદનું જ આવશ્યકપણું છે=દ્રવ્યનાશમાં અવયવના ભેદનું જ આવશ્યકપણું છે. અને તેનું=ભેદનું, ભેદત્વેન તથાપણું નથી=દ્રવ્યનાશકપણું નથી, પરંતુ ભેદવિશેષપણાથી દ્રવ્યનાશકપણું છે અને તે રીતે=ભેદવિશેષનું દ્રવ્યનાશકપણું છે તે રીતે, મંદપ્રયત્ન-ઉચ્ચરિત ભાષાદ્રવ્યોના ગતિવિશેષથી પ્રયુક્ત ભેદનું=મંદ ઉચ્ચારણને કારણે મંદગતિથી અમુક ક્ષેત્રના ગમનસ્વરૂપ ગતિવિશેષથી પ્રયુક્ત ભાષાસ્કંધોના ભેદનું, તદ્ધ્વંસજનકપણું હોવા છતાં પણ=ભાષાસ્કંધના ભાષાપરિણામનું ધ્વંસજનકપણું હોવા છતાં પણ, આદાન, નિસર્ગ પ્રયત્ન જનિતભેદનું=તીવ્ર પ્રયત્નથી બોલનાર પુરુષના ભાષાદ્રવ્યના ગ્રહણ અને નિસર્ગના પ્રયત્નથી જનિત ખંડાદિ ભેદનું, તથાપણું નથી=ભાષાસ્કંધના ભાષાપરિણામનો વિનાશ થાય તે પ્રકારના ભેદનું જનકપણું નથી, એ પ્રમાણે યથાસૂત્ર=જે પ્રમાણે પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું એ સૂત્ર અનુસાર, અમે યુક્ત જોઈએ છીએ. ॥૮॥

**ભાવાર્થ :-**

**ખંડભેદાદિનું લક્ષણ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ખંડ, પ્રતર આદિ પાંચ ભેદો છે એમ કહ્યું એ પાંચ પ્રકારના ભેદો તીવ્ર પ્રયત્નથી બોલનાર પુરુષના ભાષાદ્રવ્યમાં પ્રાપ્ત થાય છે. જેમ લોખંડ આદિ દ્રવ્યોના ખંડભેદો પ્રાપ્ત થાય તેમ તીવ્રપ્રયત્નથી ઉચ્ચારણ કરીને બોલાયેલી ભાષામાં પણ લોખંડના ટુકડા આદિ જેવા જ ભાષાદ્રવ્યોના ટુકડા

આદિ પ્રાપ્ત થાય એમ ત્રણ લોકને કેવળજ્ઞાનથી પ્રત્યક્ષ જોનારા તીર્થંકરોએ જોયું છે તેથી તે પ્રમાણે પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેવાયું છે.

પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે તેમ સ્વીકારવાથી ખંડભેદાદિનું લક્ષણ શું પ્રાપ્ત થાય છે ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

જેમ લોખંડના ખંડાદિનો ભેદ છે તેના જેવો જ ખંડાદિનો ભેદ છે આમ છતાં જે ભેદથી વસ્તુ દ્રવ્યાન્તરને પામે તેનાથી ભેદની અપેક્ષાવાળું એવું ભેદનિષ્ઠ વૈલક્ષણ્ય ખંડભેદાદિમાં છે અર્થાત્ દ્રવ્યના નાશમાં જે પ્રકારનો ભેદ છે તેના કરતાં દ્રવ્યનો નાશ ન થાય તેવો વિલક્ષણ ભેદ ખંડભેદાદિમાં છે તેથી ભેદનિષ્ઠ વિલક્ષણપણું જ ખંડભેદાદિનું લક્ષણ છે.

વળી આ ખંડભેદાદિ વિલક્ષણ પ્રકારના ભેદો છે તે ભેદોમાં ખંડત્વ આદિ જાતિ છે કે ખંડત્વ આદિ ઉપાધિ છે ? એ પ્રકારનો નૈયાયિકની નયદૃષ્ટિથી જોનાર કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી કહે છે –

જાતિરૂપ હોય કે ઉપાધિરૂપ હોય તે જુદી વસ્તુ છે પરંતુ તે ભેદ દ્રવ્યનો નાશક નથી તે જ અમને પ્રસ્તુત છે; કેમ કે કોઈક નયદૃષ્ટિથી તે તે ખંડાદિમાં રહેલ વિલક્ષણપણાને જાતિરૂપે સ્વીકારવામાં ગ્રંથકારશ્રીને કોઈ વિરોધ નથી તો અન્ય નયદૃષ્ટિથી તે ભેદમાં રહેલ વિલક્ષણપણાને ઉપાધિરૂપ સ્વીકારવામાં પણ વિરોધ નથી. આ પાંચ ભેદને સ્વીકારવા માટે ગ્રંથકારશ્રીએ પ્રજ્ઞાપનાસૂત્રની સાક્ષી આપી તેથી ગ્રંથકારશ્રીએ આ પાંચભેદોને પ્રજ્ઞાપનાસૂત્રના વચનથી સ્થાપન કરેલ છે તેમ સિદ્ધ થાય છે.

હવે ભાષાદ્રવ્યમાં રહેલા ખંડાદિ ભેદો દ્રવ્યના નાશક નથી તે કથનને યુક્તિથી સ્થાપન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

અહીં પૂર્વપક્ષી શંકા કરે કે ભાષા બોલનાર પુરુષ તીવ્ર પ્રયત્નથી બોલે ત્યારે તે ઉચ્ચારણ કરાયેલી ભાષા ખંડાદિ ભેદને પ્રાપ્ત કરતી હોય તો તે ભાષાદ્રવ્યોના નાશની પ્રાપ્તિ થાય; કેમ કે બોલાયેલી ભાષા ભાષાદ્રવ્યરૂપે હોવા છતાં પ્રયત્નને કારણે તેના ખંડાદિ ભેદો થાય તો જેમ ઘટના ખંડાદિ ટુકડા થાય તો ઘટ નાશ પામે તેમ ભાષાદ્રવ્યના પણ ખંડાદિ ટુકડા થવાથી ભાષાદ્રવ્યના નાશની પ્રાપ્તિ થાય. તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે કે જેમ ઘટના ટુકડા કરવામાં આવે ત્યારે તેના અવયવના વિભાગથી ઘટદ્રવ્યના અસમવાયીકારણભૂત વિજાતીય અવયવસંયોગનો નાશ થાય છે તેથી ઘટ નાશ થાય છે તેમ ભાષાદ્રવ્યના વિભાગથી ભાષાદ્રવ્યના અસમવાયીકારણીભૂત વિજાતીય અવયવસંયોગનો નાશ થવાથી ભાષાદ્રવ્યના નાશની પ્રાપ્તિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે ઘટમાં કોઈ છિદ્ર પડે ત્યારે તે ઘટમાં પૂર્વે છિદ્ર પર્યાય ન હતો અને છિદ્ર પડે ત્યારે છિદ્રપર્યાય ઉત્પન્ન થાય છે, તેથી તે છિદ્ર પર્યાયવાળો ઘટ નાશ પામ્યો તેમ કહેવાતું નથી, તેમ તીવ્ર પ્રયત્નથી બોલાયેલી ભાષામાં ખંડાદિ ભેદો થવાને કારણે ભેદપર્યાયનો ઉત્પાદ થવા છતાં પણ શાસ્ત્રમાં તે ભાષાદ્રવ્ય દ્રવ્યાન્તરરૂપે ઉત્પન્ન થયું છે તેમ સ્વીકાર્યું નથી, પરંતુ પૂર્વમાં ટુકડા વગરનું ભાષાદ્રવ્ય હતું અને તીવ્ર પ્રયત્નને કારણે તે ભાષાદ્રવ્ય જ ખંડાદિ પર્યાયવાળું ભાષાદ્રવ્ય ઉત્પન્ન થયું છે, પરંતુ ભાષાદ્રવ્ય નાશ પામીને

અન્ય દ્રવ્ય ઉત્પન્ન થયું છે એમ શાસ્ત્ર સ્વીકારતું નથી. શાસ્ત્રનું આ વચન ગ્રંથકારશ્રી યુક્તિથી બતાવતાં કહે છે –

વિશિષ્ટ ઉત્પાદ બે પ્રકારનો છે. એક વિશિષ્ટ ઉત્પાદ વિશિષ્ટ ધ્વંસને કરે છે અર્થાત્ દ્રવ્યનાશ થાય તેવા ધ્વંસને કરે છે તેથી તે દ્રવ્ય અવિશિષ્ટરૂપે રહી શકતું નથી પરંતુ પૂર્વદ્રવ્ય કરતાં અન્ય દ્રવ્યરૂપે બને છે. જેમ ઘડાને તે રીતે ફોડી નાંખવામાં આવે કે તેના ઠીકરાની પ્રાપ્તિ થાય તે વખતે ઠીકરાનો વિશિષ્ટ ઉત્પાદ છે તે ઘટના ધ્વંસનું પ્રયોજક છે તેથી પૂર્વે જે ઘટ હતો તે સ્વરૂપે ઘટ અવસ્થિત રહેતો નથી.

વળી બીજો વિશિષ્ટ ઉત્પાદ વિશિષ્ટ ધ્વંસનો પ્રયોજક છે. જેમ ઘટમાં છિદ્ર પડે ત્યારે છિદ્રવાળા ઘટનો જે ઉત્પાદ છે તે ઘટના એક દેશરૂપ વિશિષ્ટ ધ્વંસનો પ્રયોજક છે, તેથી તે છિદ્રવાળા ઘટનો ઉત્પાદ અવિશિષ્ટ એવા ઘટના અવસ્થાન પ્રત્યે વિરોધી નથી અર્થાત્ પૂર્વમાં પણ ઘટ હતો અને છિદ્ર પડ્યા પછી પણ ઘટ છે, તેથી ઘટનું અવિશિષ્ટ અવસ્થાન રહી શકે છે. તેમ ભાષાદ્રવ્યના ખંડાદિનો ઉત્પાદ પણ બીજા પ્રકારના વિશિષ્ટ ઉત્પાદ જેવો છે, તેથી અખંડ એવો ભાષાસ્કંધ ખંડરૂપે પ્રાપ્ત થાય તેવો વિશિષ્ટ ધ્વંસ પ્રાપ્ત થવા છતાં તે ભાષાદ્રવ્યમાં ભાષાદ્રવ્યરૂપે વિશિષ્ટ અવસ્થાન પ્રાપ્ત થવામાં ખંડાદિનો ઉત્પાદ બાધક નથી. અને જો આવું ન માનીએ તો ઘટમાં છિદ્ર પડ્યા પછી દ્વિતીયાદિ સમયમાં અવસ્થિત ઘટનો દ્વિતીયાદિ સમયમાં વિશિષ્ટપણાથી ઉત્પાદ સ્વીકારવો પડે અર્થાત્ પૂર્વનો ઘટ નાશ પામ્યો અને છિદ્રાદિવાળો ઘટ ઉત્પન્ન થયો તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો છિદ્રાદિ પડ્યા પૂર્વનો ઘટ ધ્વંસ પામ્યો તેમ વ્યવહાર થવો જોઈએ. વસ્તુતઃ વ્યવહારમાં પણ કહેવાય છે કે પૂર્વે જે ઘટ હતો તે જ આ ઘટ છે ફક્ત તે ઘટમાં છિદ્ર પર્યાય ઉત્પન્ન થયો. તે રીતે તીવ્ર પ્રયત્નથી ઉચ્ચારણ કરાયેલી ભાષા પણ ખંડાદિભેદ પામે છે ત્યારે એમ જ કહેવું ઉચિત ગણાય કે પૂર્વે જે ભાષાદ્રવ્ય હતું તે જ આ ભાષાદ્રવ્ય છે, ફક્ત પૂર્વના ભાષાદ્રવ્યમાં ખંડપર્યાય ન હતો પરંતુ એક સ્કંધપર્યાય હતો હવે તે ભાષાદ્રવ્યમાં ખંડાદિપર્યાયો ઉત્પન્ન થયા છે.

અહીં નૈયાયિક કહે કે ઘટમાં છિદ્ર પડે છે ત્યારે પૂર્વના ઘટનો નાશ થાય છે અને આ છિદ્રવાળો ઘટ તેનાથી ભિન્ન જ ઉત્પન્ન થાય છે માટે અવયવના સંયોગનો નાશ દ્રવ્યનો નાશક જ સ્વીકારવો જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રમાણે કહેવું ઉચિત નથી; કેમ કે ઘટની ઉત્પત્તિ પ્રત્યે દંડ, કુંભાર આદિનો વ્યાપાર કારણ છે. છિદ્રવાળા ઘટ પ્રત્યે દંડ, કુંભાર આદિનો વ્યાપાર દેખાતો નથી, તેથી છિદ્રવાળો ઘટ નવો ઉત્પન્ન થયો તેમ કહીએ તો દંડાદિ કારણસામગ્રી વગર આકસ્મિક ઘટ ઉત્પન્ન થયો છે તેમ માનવાની આપત્તિ આવે માટે પૂર્વનો ઘટ વિદ્યમાન છે, ફક્ત તેમાં ખંડપર્યાય ઉત્પન્ન થયો છે તેમ સ્વીકારવું ઉચિત છે. તેમ ભાષાદ્રવ્યમાં પણ ભાષાદ્રવ્યોના ખંડો થવા છતાં ભાષાદ્રવ્યોનો નાશ થયો નથી તેમ માનવું ઉચિત છે.

અહીં નૈયાયિક કહે કે ઘટવિશેષ પ્રત્યે જ દંડાદિ હેતુ છે, છિદ્રવાળા ઘટ પ્રત્યે દંડાદિ હેતુ નથી અર્થાત્ માટીમાંથી ઘટ નિષ્પન્ન કરવો હોય તે ઘટ પ્રત્યે દંડ, કુંભાર વગેરેનો વ્યાપાર હેતુ છે અને તે ઘટવિશેષ

સર્વત્ર દંડાદિની સામગ્રીથી જ થાય છે અને જ્યારે નિષ્પન્ન થયેલા ઘટમાં છિદ્ર પડે છે ત્યારે પૂર્વનો ઘટ નાશ પામે છે અને નવો ઘટ ઉત્પન્ન થાય છે તે ઘટ પ્રત્યે દંડાદિ હેતુ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

વ્યવહારમાં સર્વત્ર ઘટ પ્રત્યે દંડાદિની હેતુતા પ્રસિદ્ધ હોવા છતાં ઘટવિશેષ પ્રત્યે જ દંડાદિ હેતુ છે એ પ્રકારની અપૂર્વ કલ્પના છે અર્થાત્ એ પ્રકારની કલ્પના કરવી ઉચિત નથી, પરંતુ પ્રસિદ્ધ વ્યવહાર અનુસાર ઘટસામાન્ય પ્રત્યે દંડાદિને હેતુ સ્વીકારવો ઉચિત છે.

વળી ગ્રંથકારશ્રી કોઈક નયદૃષ્ટિથી પૂર્વપક્ષીનું કથન સ્વીકારીને કહે છે કે ઘટવિશેષ પ્રત્યે દંડાદિ હેતુ છે તેમ હો, તોપણ ઘટમાં છિદ્ર ઉત્પન્ન થયું, ઘટ નાશ થયો નથી એ પ્રકારનો પ્રસિદ્ધ વ્યવહાર કેવી રીતે સંગત થાય ? તેથી તે વ્યવહારની સંગતિ કરવા માટે પૂર્વનો ઘટ અવસ્થિત છે ફક્ત પૂર્વે છિદ્રપર્યાયવગરનો તે ઘટ હતો હવે છિદ્રપર્યાયવાળો તે ઘટ થયો એમ સ્વીકારીએ તો જ ઘટમાં છિદ્ર ઉત્પન્ન થયું છે ઘટ નાશ પામ્યો નથી એ વ્યવહાર સંગત થાય, તેમ પ્રસ્તુત ભાષાદ્રવ્યમાં પણ માનવું જોઈએ કે અખંડપર્યાયવાળું ભાષાદ્રવ્ય તીવ્રપ્રયત્નથી ઉચ્ચારણને કારણે ખંડપર્યાયવાળું ઉત્પન્ન થયું છે; પરંતુ ભાષાદ્રવ્યનો ભાષાદ્રવ્યરૂપે વિનાશ થયો નથી. આ વિષયમાં અધિક ચર્ચા સંમતિની ટીકામાં છે.

આ રીતે તીવ્ર પ્રયત્નથી બોલાતી ભાષામાં ખંડાદિભેદોની પ્રાપ્તિ હોવા છતાં ભાષાદ્રવ્યનો નાશ નથી આથી તે ભાષાદ્રવ્ય લોકના અંતસુધી વ્યાપ્ત થાય છે તેમ સિદ્ધ કર્યું. હવે वस्तुतःથી ગ્રંથકારશ્રી કહે છે કે સંયોગનો નાશ એ દ્રવ્યનો નાશક નથી, જેમ પટમાંથી એકાદ તંતુના સંયોગનો નાશ થાય તેટલા માત્રથી પટનો નાશ થતો નથી પરંતુ દ્રવ્યના નાશ માટે ભેદનું આવશ્યકપણું છે અર્થાત્ અનેક ભાષાદ્રવ્યના સમુદાયના સંયોગો છૂટા પડે એટલામાત્રથી ભાષાદ્રવ્યનો નાશ થતો નથી પરંતુ ભાષાવર્ગણાના સ્કંધમાં ભેદની પ્રાપ્તિ થાય તો જ ભાષાદ્રવ્યનો નાશ થાય અને તેનું=દ્રવ્યનાશના કારણભૂત ભેદનું, ભેદવિશેષરૂપે દ્રવ્યનાશકપણું છે અને જે પુરુષ તીવ્ર પ્રયત્નથી ભાષાદ્રવ્ય બોલે છે તે વખતે અનેક ભાષા સ્કંધોનો પરસ્પર સંયોગ હોય છે અને તીવ્ર પ્રયત્નને કારણે તે ભાષાદ્રવ્યોના સંયોગોનો નાશ થાય છે તે ભેદરૂપ હોવા છતાં ભેદવિશેષ નથી અને જે ભેદવિશેષથી ભાષાદ્રવ્યનો સ્કંધ ભાષાદ્રવ્યમાં અપેક્ષિત પરમાણુની સંખ્યાથી ઓછા પરમાણુ પ્રમાણ સંખ્યાથી સ્કંધ નિષ્પન્ન કરે તે ભેદવિશેષથી ભાષાના સ્કંધનો નાશ થાય છે અને તે રીતે જે જીવો મંદ પ્રયત્નથી ઉચ્ચરિત ભાષાદ્રવ્ય બોલે છે તેઓની ભાષા મંદ ગતિથી ગમન કરે છે. અમુક ક્ષેત્ર ગયા પછી મંદગતિરૂપ ગતિવિશેષથી પ્રયુક્ત તે ભાષાદ્રવ્યનો ભેદ પ્રાપ્ત થાય છે અને તે ભેદ ભાષાદ્રવ્યના ધ્વંસનો જનક છે અને જેઓ તીવ્ર પ્રયત્નથી ભાષા બોલે છે તેઓના ગ્રહણ-નિસર્ગના પ્રયત્નથી જનિત જે ભેદ છે તે ભેદ ભાષાદ્રવ્યોના અનેક સ્કંધોના સમુદાયરૂપ એક મોટા સ્કંધસ્વરૂપ અખંડ ભાષાસ્કંધના નાશરૂપ છે પરંતુ ભાષાદ્રવ્યનો સ્કંધ ભાષાદ્રવ્યરૂપે ન રહે તેવા પ્રકારના સ્કંધના નાશરૂપ નથી તેથી તીવ્ર પ્રયત્નથી બોલાયેલી ભાષાના ખંડાદિ ભેદો ભાષાદ્રવ્યના નાશક નથી પરંતુ મોટા સ્કંધરૂપે રહેલ ભાષાદ્રવ્યના જ અનેક ભાષાદ્રવ્યના નાના નાના સ્કંધો બનીને અન્ય અન્ય સ્કંધોને વાસિત કરીને ઉત્તર ઉત્તર નવા નવા ભાષાસ્કંધોને ભાષારૂપે કરવાથી વૃદ્ધિ પામતા લોકના અંતને પામે છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**अथैतैरेव भेदैर्भिद्यमानानां मिथोऽल्पबहुत्वमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આ જ ભેદોથી=ખંડાદિ પૂર્વમાં પાંચ ભેદો બતાવ્યા એ જ ભેદોથી, વિદ્યમાન એવા ભાષાદ્રવ્યોના પરસ્પર અલ્પબહુત્વને કહે છે –**

**ગાથા :-**

**हुंति अणंतगुणाइं दव्वाइं इमेहिं भिज्जमाणाइं ।**
**पच्छाणुपुव्विभेआ सव्वत्थोवाइं चरमाइं ।।९।।**

**છાયા :-**

**भवन्त्यनन्तगुणानि द्रव्याण्येभिर्भिद्यमानानि ।**
**पश्चानुपूर्वीभेदात् सर्वस्तोकानि चरमाणि ।।९।।**

**અન્વયાર્થ :-**

**इमेहिं भिज्जमाणाइं दव्वाइं=આ ભેદો વડે ભેદાતાં દ્રવ્યો, पच्छाणुपुव्विभेआ=પશ્ચાનુપૂર્વીના ભેદથી, अणंतगुणाइं हुंति=અનંતગુણાં થાય છે, चरमाइं सव्वत्थोवाइं=અને ચરમ=ઉત્કરિકાભેદવાળાં ભાષાદ્રવ્યો, સર્વથી થોડાં છે. ।।૯।।**

**ગાથાર્થ :-**

**આ ભેદો વડે ભેદાતાં દ્રવ્યો પશ્ચાનુપૂર્વીના ભેદથી અનંતગુણાં થાય છે અને ચરમ= ઉત્કરિકાભેદવાળાં ભાષાદ્રવ્યો, સર્વથી થોડાં છે. ।।૯।।**

**ટીકા :-**

**एभिः=भेदैः, भिद्यमानानि द्रव्याणि पश्चानुपूर्वीभेदात्=पश्चानुपूर्व्येव भेदः=यथासंख्यं गणनप्रकारः ततः; अनन्तगुणानि भवन्ति, तत्र च सर्वस्तोकानि चरमाणि=उत्करिकाभेदेन भिद्यमानानि ।**

**तथा चालापकः –**

"एएसिं णं भंते! दव्वाणं खंडाभेएणं पयराभेदेणं चुण्णिआभेदेणं अणुतडिआभेदेणं उक्कारियाभेदेणं च भिज्जमाणाणं कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा! सव्वत्थोवाइं दव्वाइं उक्कारिआभेदेणं भिज्जमाणाइं, अणुतडिआभेदेणं भिज्जमाणाइं अणंतगुणाइं, चुण्णिआभेदेणं भिज्जमाणाइ अणंतगुणाइं,

पयराभेदेणं भिज्जमाणाइं अणंतगुणाइं, खंडाभेदेणं भिज्जमाणाइं अणंतगुणाइं ।" **ति ।। (प्र. भा. सू. १७०)**

**इदं चाल्पबहुत्वं सूत्रप्रामाण्यादेव युक्तेरविषयत्वादिति सम्प्रदायः ।।९।।**

**ટીકાર્થ :-**

**एभिः ..... भिद्यमानानि । આ ભેદો વડે ભેદ પામતાં દ્રવ્યો=ભાષાદ્રવ્યો પશ્ચાનુપૂર્વીના ભેદથી=પશ્ચાનુપૂર્વી જ ભેદ અર્થાત્ યથાસંખ્ય ગણનપ્રકાર તેનાથી, અનંતગુણા થાય છે અને ત્યાં=પશ્ચાનુપૂર્વી ગણનપ્રકારમાં, સર્વથી થોડાં ચરમ ભાષાદ્રવ્યો છે=ઉત્કરિકાભેદથી ભેદ પામતાં ભાષાદ્રવ્યો છે.**

**तथा चालापकः – અને તે પ્રકારે=પશ્ચાનુપૂર્વીથી ભાષાદ્રવ્યો અનંતગુણાં છે એમ પૂર્વમાં કહ્યું તે પ્રકારે, આલાપક છે.**

'एएसिं ..... अणंतगुणाइं ।।" **ति** । "હે ભગવંત ! ખંડભેદથી, પ્રતરભેદથી. ચૂર્ણિકાભેદથી, અણુતટિકાભેદથી અને ઉત્કરિકાભેદથી ભેદ પામતાં આ દ્રવ્યોનાં કયાં દ્રવ્યો કયાં દ્રવ્ય કરતાં અલ્પ છે, બહુ છે, તુલ્ય છે કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સર્વથી થોડાં દ્રવ્યો ઉત્કરિકાભેદથી ભેદાતાં છે, અણુતટિકાભેદથી ભેદાતાં ભાષાદ્રવ્યો અનંતગુણાં છે, ચૂર્ણિકાભેદથી ભેદાતાં ભાષાદ્રવ્યો અનંતગુણાં છે, પ્રતરનાભેદથી ભેદાતાં ભાષાદ્રવ્યો અનંતગુણાં છે, ખંડના ભેદથી ભેદાતાં ભાષાદ્રવ્યો અનંતગુણાં છે." **(પ્રજ્ઞાપનાસૂત્ર ભાષાપદ સૂત્ર-૧૭૦)**

**'ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**इदं ..... सम्प्रदायः ।। અને આ અલ્પબહુત્વ સૂત્રના પ્રમાણથી જ છે; કેમ કે યુક્તિનું અવિષયપણું છે એ પ્રકારનો સમ્પ્રદાય છે. ।।૯।।**

**અવતરણિકા :-**

**तदेवमुक्तं सप्रसङ्गं कीदृशानि निसृजतीति । अथ कैः केषां पराघात ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૫થી ૯ સુધી વર્ણન કર્યું એ રીતે પ્રસંગ સહિત કેવા પ્રકારનાં ભાષાદ્રવ્યોનો નિસર્ગ કરે છે એ પ્રમાણે કહેવાયું. હવે કોના વડે=કયાં દ્રવ્યો વડે, કોનો=કયાં દ્રવ્યોનો, પરાઘાત થાય છે ? એને કહે છે –**

**ગાથા :-**

**दव्वेहिं णिसिट्ठेहिं तप्पाओग्गाण किर पराघाओ ।**
**वीसेढीए इक्को, मीसो य समाइ सेढीए ।।१०।।**

**છાયા :-**

**द्रव्यैर्निसृष्टैस्तत्प्रायोग्याणां किल पराघातः ।**
**विश्रेण्यामेको मिश्रश्च समायां श्रेण्याम् ।।१०।।**

**અન્વયાર્થ :-**

णिसिट्ठेहिं दव्वेहिं=નિસૃષ્ટ એવાં દ્રવ્યો વડે=ભાષા બોલનાર પુરુષ દ્વારા ગ્રહણ કરીને ભાષારૂપે પરિણમન પમાડીને મુકાયેલાં એવાં ભાષાદ્રવ્યો વડે, तप्पओग्गाण=તત્પ્રાયોગ્ય એવાં દ્રવ્યોનો=વાસના યોગ્ય એવાં ભાષાદ્રવ્યોનો, किर पराघाओ=ખરેખર પરાઘાત થાય છે. वीसेढीए इक्को=વિશ્રેણીમાં એક હોય છે=પરાઘાત પામેલાં ભાષાદ્રવ્યો હોય છે, समाइ य सेढीए मीसो=અને સમશ્રેણીમાં મિશ્ર હોય છે. ॥૧૦॥

**ગાથાર્થ :-**

**નિસૃષ્ટ એવાં દ્રવ્યો વડે=ભાષા બોલનાર પુરુષ દ્વારા ગ્રહણ કરીને ભાષારૂપે પરિણમન પમાડીને મુકાયેલાં એવાં ભાષાદ્રવ્યો વડે, તત્પ્રાયોગ્ય એવાં દ્રવ્યોનો=વાસનાયોગ્ય એવાં ભાષાદ્રવ્યોનો ખરેખર પરાઘાત થાય છે. વિશ્રેણીમાં એક હોય છે=પરાઘાત પામેલાં ભાષાદ્રવ્યો હોય છે અને સમશ્રેણીમાં મિશ્ર હોય છે. ॥૧૦॥**

**ટીકા :-**

**निसृष्टैः=ताल्वादिप्रयत्नपूर्वमुच्चरितैः, द्रव्यैस्तत्प्रायोग्यानां=वासनायोग्यानां द्रव्याणाम्, किलेति सत्ये, पराघातो नाम वासना भवति, स च विश्रेण्यां एकः=निसृष्टद्रव्याऽकरम्बितो भवति, निसृष्टानां भाषाद्रव्याणां सूक्ष्मतयाऽनुश्रेण्येव गमनात्,** "जीवसूक्ष्मपुद्गलयोरनुश्रेणि गतिः" **इति वचनात् । समायां= भाषकदिगपेक्षया प्रध्वरायां श्रेण्यां, मिश्रः=निसृष्टद्रव्यकरम्बितो भवति ।**

***तथाचोक्तं निर्युक्तिकृता –***

"भासासमसेढीओ सद्दं जं सुणइ मिसयं सुणइ ।

वीसेढी पुण सद्दं सुणेइ नियमा पराघाए ।।६।।" **(आव. नि. श्लो. ६) इति ।।१०।।**

**ટીકાર્થ :-**

निसृष्टैः ..... गमनात् । **નિસૃષ્ટથી=તાલુ આદિ પ્રયત્નપૂર્વક ઉચ્ચારિત એવાં દ્રવ્યોથી=બોલાયેલાં એવાં ભાષાદ્રવ્યોથી, તત્પ્રાયોગ્ય એવાં દ્રવ્યોનો=વાસનાયોગ્ય ભાષાદ્રવ્યોનો, ખરેખર પરાઘાત થાય છે=વાસનાયોગ્ય દ્રવ્યોમાં વાસના થાય છે અને તે=ભાષારૂપે પરિણમન પામેલાં ભાષાદ્રવ્યો વિશ્રેણીમાં એક હોય છે=નિસૃષ્ટદ્રવ્યથી અકરંબિત હોય છે=ભાષારૂપે પરિણમન પમાડીને બોલનાર દ્વારા મુકાયેલાં ભાષાદ્રવ્યોથી વાસિત હોવા છતાં બોલાયેલાં ભાષાદ્રવ્યથી અમિશ્ર હોય છે; કેમ કે** ***મુકાયેલાં ભાષાદ્રવ્યોનું સૂક્ષ્મપણું હોવાને કારણે અનુશ્રેણીમાં જ ગમન છે.***

અહીં પ્રશ્ન થાય કે મુકાયેલાં ભાષાદ્રવ્યો સૂક્ષ્મ હોવામાત્રથી વિશ્રેણીમાં કેમ જતાં નથી ? તેમાં હેતુ કહે છે –

'जीव ..... **भवति** । 'જીવ અને સૂક્ષ્મપુદ્ગલોની અનુશ્રેણી ગતિ છે' **એ પ્રકારે શાસ્ત્રવચન છે. સમશ્રેણીમાં=ભાષક દિગ્ અપેક્ષાએ સન્મુખ એવી શ્રેણીમાં મિશ્ર હોય છે=નિસૃષ્ટ દ્રવ્યથી કરંબિત ભાષાદ્રવ્ય હોય છે=મુકાયેલાં ભાષાદ્રવ્યો અને વાસિત ભાષાદ્રવ્યો ઉભય હોય છે.**

**तथा चोक्तं निर्युक्तिकृता – અને તે પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે સમશ્રેણીમાં મિશ્ર હોય છે અને વિશ્રેણીમાં પરાઘાત હોય છે એ પ્રમાણે, નિર્યુક્તિકાર વડે કહેવાયું છે –**

'भासासमसेढीओ ..... **इति** ।। "ભાષાના સમશ્રેણીમાં રહેલો જીવ શબ્દને જે સાંભળે છે તે મિશ્રને સાંભળે છે. વિશ્રેણીમાં રહેલો વળી જીવ જે શબ્દને સાંભળે છે તે નિયમથી પરાઘાત છે." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૬)**

**'इति' ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ।।૧૦।।**

**અવતરણિકા :-**

**तदेवमुक्तं कैः केषां पराघात इत्यपि । अथ ग्रहणादीनां द्रव्यभाषात्वमेव समर्थयति –**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે=ગાથા-૧૦માં કહ્યું એ પ્રમાણે, કોના વડે=કઈ ભાષા વડે, કોનો=કયાં દ્રવ્યોનો, પરાઘાત થાય છે ? એ પણ કહેવાયું. હવે ગ્રહણ આદિના દ્રવ્યભાષાપણાને સમર્થન કરે છે –**

**ગાથા :-**

**पाहन्नं दव्वस्स य अप्पाहन्नं तहेव किरिआणं ।**
**भावस्स य आलंबिय गहणाइसु दव्वववएसो ।।११।।**

**છાયા :-**

**प्राधान्यं द्रव्यस्य चाप्राधान्यं तथैव क्रियाणाम् ।**
**भावस्य चावलम्ब्य ग्रहणादिषु द्रव्यव्यपदेशः ।।११।।**

**અન્વયાર્થ :-**

**दव्वस्स य तहेव किरिआणं=દ્રવ્યના અને તે પ્રમાણે જ ક્રિયાના=ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતરૂપ ક્રિયાના, पाहन्नं=પ્રાધાન્યનું, य भावस्स=અને ભાવના, अप्पाहन्नं=અપ્રાધાન્યનું, आलंबिय=આલંબન કરીને, गहणाइसु=ગ્રહણાદિમાં, दव्ववएसो=દ્રવ્યનો વ્યપદેશ છે=દ્રવ્યભાષારૂપ વ્યપદેશ છે. ।।૧૧।।**

**ગાથાર્થ :-**

**દ્રવ્યના અને તે પ્રમાણે જ ક્રિયાના=ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતરૂપ ક્રિયાના, પ્રાધાન્યનું અને ભાવના અપ્રાધાન્યનું આલંબન કરીને ગ્રહણાદિમાં દ્રવ્યનો વ્યપદેશ છે=દ્રવ્યભાષારૂપ વ્યપદેશ છે. ।।૧૧।।**

**ટીકા :-**

**द्रव्यस्य च प्राधान्यं तथैव क्रियाणां=ग्रहणादिरूपाणां, भावस्य च=भाषापरिणामलक्षणस्य, अप्राधान्यमालम्ब्य=विवक्षाविषयीकृत्य, ग्रहणादिषु द्रव्यव्यपदेशः, तथा चोक्तं दशवैकालिकवृत्तौ –** "एषा त्रिप्रकाराऽपि क्रिया द्रव्ययोगस्य प्राधान्येन विवक्षितत्वात् द्रव्यभाषेति भाव ।" **इति (दशवै. अध्य. ७, नि. गा. २७१ हा. वृत्तौ) ।।११।।**

**ટીકાર્થ :-**

**द्रव्यस्य ..... द्रव्यव्यपदेशः । દ્રવ્યના અને તે પ્રકારે જ ગ્રહણાદિરૂપ ક્રિયાના પ્રાધાન્યનું અને ભાવના=ભાષાપરિણામરૂપ ભાવના, અપ્રાધાન્યનું આલંબન કરીને=વિવક્ષાનો વિષય કરીને, ગ્રહણાદિમાં= ગ્રહણાદિ ત્રણ ક્રિયાઓમાં, દ્રવ્યનો વ્યપદેશ છે=દ્રવ્યભાષાનો વ્યપદેશ છે.**

**तथा ..... दशवैकालिकवृत्तौ – અને તે પ્રમાણે=ગાથામાં કહ્યું તે પ્રમાણે, દશવૈકાલિકની વૃત્તિમાં કહેવાયું છે.**

"एषा ..... **इति** ।। "આ ત્રણ પ્રકારની પણ ક્રિયા દ્રવ્યયોગના પ્રાધાન્યથી વિવક્ષિતપણું હોવાથી દ્રવ્યભાષા છે એ પ્રકારનો ભાવ છે." **(દશવૈકાલિકનિર્યુક્તિ અધ્યયન-૭, નિર્યુક્તિગાથા-૨૭૧, હરિભદ્રસૂરિ ટીકા)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

**દ્રવ્યના પ્રાધાન્યની વિવક્ષાથી ગ્રહણાદિ ભાષા દ્રવ્યભાષા :-**

સામાન્યથી ભાષાવર્ગણાના પુદ્ગલો દ્રવ્યભાષા કહેવાય અને જીવના પ્રયત્નથી જ્યારે તે ભાષાવર્ગણાના પુદ્ગલોમાં ભાષાનો પરિણામ થાય ત્યારે તે ભાષાને ભાવભાષા કહેવાય; આમ છતાં પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીએ નામ, સ્થાપના આદિ ચાર નિક્ષેપ બતાવતી વખતે નોઆગમથી તદ્વ્યતિરિક્તરૂપ દ્રવ્યભાષાના ત્રણ ભેદરૂપે ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતને બતાવી છે. તેથી ભાષારૂપે પરિણામ પામેલા પુદ્ગલોને દ્રવ્યભાષા કઈ રીતે કહેવાય ? તેની સ્પષ્ટતા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાષાવર્ગણાના પુદ્ગલોમાં વર્તતા ભાષાપરિણામરૂપ ભાવની વિવક્ષા કર્યા વગર તે ભાષાદ્રવ્યમાં વર્તતા દ્રવ્યપણાની પ્રધાનતા કરી અને ગ્રહણાદિ ત્રણ ક્રિયાની પ્રધાનતા કરીને ભાષારૂપે પરિણમન પામેલા પુદ્ગલોને દ્રવ્યભાષા ગ્રંથકારશ્રીએ કહેલ છે. જેમ સંયમની ક્રિયાઓથી નિષ્પન્ન થતો આત્માનો ચારિત્રનો પરિણામ તે ભાવચારિત્ર છે અને તેનું આચરણ ચારિત્રની બાહ્ય આચરણારૂપ ક્રિયા છે. તેથી ક્રિયાને દ્રવ્યચારિત્ર કહેવાય છે અને આત્મામાં નિષ્પન્ન થતા પરિણામને ભાવચારિત્ર કહેવાય છે. તેમ ભાષાદ્રવ્યમાં વર્તતા ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતરૂપ ક્રિયાને પ્રધાન કરીને બોલાયેલ ભાષાને દ્રવ્યભાષા કહેલ છે અને તેનાથી ઉત્પન્ન થતા બોધરૂપ ભાષાને ભાવભાષા કહેલ છે. પરંતુ ભાષાપુદ્ગલમાં વર્તતા ભાષાપરિણામની વિવક્ષા કરી નથી.

વળી દ્રવ્યસ્તવમાં શ્રાવક ઉત્તમ દ્રવ્યથી ભગવાનની ભક્તિ કરે છે તેની પ્રધાનતા કરીને અને દ્રવ્યસ્તવથી તત્કાળ જ નિષ્પન્ન થતા વીતરાગગામી એવા જીવના પરિણામરૂપ ભાવસ્તવને ગૌણ કરીને શ્રાવકની પૂજાની ક્રિયાને દ્રવ્યસ્તવ કહેવાય છે. તે પૂજાની ક્રિયા દ્વારા ક્રમસર વિશુદ્ધ પરિણામને પામેલા શ્રાવકને જ્યારે સર્વવિરતિનો પરિણામ પ્રાપ્ત થાય છે તે સર્વવિરતિના પરિણામને દ્રવ્યસ્તવના કાર્યરૂપ ભાવસ્તવ કહેલ છે. તેમ પ્રસ્તુતમાં પણ ભાષાવર્ગણાના દ્રવ્યને પ્રધાન કરીને દ્રવ્યભાષા કહેલ છે અને તે ભાષાદ્રવ્યમાં તત્કાળ વર્તતા ભાષાપરિણામની વિવક્ષા કર્યા વગર=ગૌણ કરીને, તે ભાષાદ્રવ્યથી શ્રોતાને જે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેને ભાવભાષા કહેલ છે. તેથી એ ફલિત થાય કે વક્તા દ્વારા ભાષારૂપે પરિણમન પામેલા ભાષાપુદ્ગલોમાં ભાવભાષા કહી શકાય એવો ભાષાપરિણામ વિદ્યમાન હોવા છતાં તેની વિવક્ષા કર્યા વગર ભાષાપુદ્ગલો દ્રવ્યરૂપ છે, જીવના પરિણામરૂપ નથી અને ભાષાદ્રવ્યો ગ્રહણની, નિઃસરણની અને પરાઘાતની ક્રિયારૂપ છે, જીવના પરિણામરૂપ નથી તેને ગ્રહણ કરીને ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતરૂપ ભાષાદ્રવ્યમાં દ્રવ્યભાષાનો વ્યપદેશ કરેલ છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**अन्यथाङ्गीकारे दोषमाह –**

**અવતરણિકાર્થ :-**

**અન્યથા સ્વીકારમાં=બોલાયેલી ભાષામાં ભાષાનો પરિણામ વિદ્યમાન છે તેને અપ્રધાન કર્યા વગર બોલાયેલી ભાષાને દ્રવ્યભાષા સ્વીકારવામાં, દોષને ગ્રંથકારશ્રી બતાવે છે –**

**ગાથા :-**

**अण्णह विरुज्झए किर दोहि अ समएहि भासए भासं ।**
**वयजोगप्पभवा सा, भासा भासिज्जमाणि त्ति ।।१२।।**

**છાયા :-**

**अन्यथा विरुध्यते किल द्वाभ्यां च समयाभ्यां भाषते भाषां ।**
**वचोयोगप्रभवा सा भाषा भाष्यमाणेति ।।१२।।**

**અન્વયાર્થ :-**

अण्णह=**અન્યથા=દ્રવ્યની પ્રધાનતા કરીને અથવા ક્રિયાની પ્રધાનતા કરીને ભાષાપરિણામરૂપ ભાષાને દ્રવ્યભાષા ન સ્વીકારવામાં આવે તો,** किर=**ખરેખર,** दोहि समएहि भासं भासए=**બે સમયથી ભાષાને બોલે છે,** वयजोगप्पभवा सा=**વચનયોગપ્રભવ તે=ભાષા છે,** भासिज्जमाणि भासा=**ભાષ્યમાણ ભાષા છે,** त्ति=**આ=એ ત્રણ વચનો,** विरुज्झए=**વિરુદ્ધ થાય. ।।૧૨।।**

ગાથાર્થ :-

અન્યથા=દ્રવ્યની પ્રધાનતા કરીને અથવા ક્રિયાની પ્રધાનતા કરીને ભાષાપરિણામરૂપ ભાષાને દ્રવ્યભાષા ન સ્વીકારવામાં આવે તો, ખરેખર બે સમયથી ભાષાને બોલે છે, વચનયોગપ્રભવ તે=ભાષા છે, ભાષ્યમાણ ભાષા છે. त्ति=આ=એ ત્રણ વચનો વિરુદ્ધ થાય. ॥૧૨॥

ટીકા :-

अन्यथा विरुद्ध्यते किल द्वाभ्यां समयाभ्यां भाषते भाषामिति । इदं हि प्रथमसमये भाषाद्रव्याणि गृहीत्वा द्वितीयसमये भाषात्वेन परिणमय्य निसर्गाभिप्रायेण सङ्गच्छते, एवं च निसर्गसमये भाषाद्रव्याणां भावभाषात्वमेवेति ग्रहणमेव द्रव्यभाषा स्यात्र निसर्गादीत्युक्तविवक्षैवादरणीया ।

एवं वचोयोगप्रभवा भाषेत्यपि निसर्गकाले भावभाषाऽनभ्युपगमे विरुद्ध्येत, वचोयोगो हि 'निसर्गानुकूलः कायसंरम्भः, काययोगाहृतवाग्द्रव्यसमूहसध्रीचीनजीवव्यापारो वा' इत्यन्यदेतत् । उभयथाऽपि तज्जन्या भावभाषेत्युपेयम्, अन्यथा भाषापरिणत्यनुकूलवाग्योगवैकल्यात् ।

किं बहुना ? एवं हि 'भाष्यमाणा भाषे'ति भागवतमपि वचनं विरुध्यते, अत्र भावभाषात्वस्यैव विधेयत्वात्, अन्यथा न पूर्वं नापि पश्चादित्यवधारणानुपपत्तेः ।

अथ भाष्यमाणा भाषेति कथं? न हि भाषैव भाष्यते किन्तु विषय इति चेत् ? सत्यम्, भाषापदसमभिव्याहारे वचनार्थकधातोर्यत्नविशेषपरत्वात्, अत एव 'वाचमुच्चरती'त्यादिर्लोकेऽपि प्रयोगः ।

ननु तथापि कथमेतत् ? अभिन्नानामेव भाषाद्रव्याणामारम्भतः शब्दपरिणामत्यागात्, भिन्नानां तु लोकाभिव्याप्त्यादिना परतोऽपि तत्परिणामावस्थानान्निसर्गसमय एव भाषेति प्रतिज्ञाविरोधात्, न च निसर्गानन्तरं वासनयैव भाषापरिणामाद्विशेषोऽभिधेयः; तया द्रव्यान्तराणां भाषापरिणामाधानेऽपि निसृष्टद्रव्याणां तदपरित्यागात्, न च सूक्ष्मर्जुसूत्रनयेनोपपत्तिः, तन्नयेऽपि परतस्तत्परिणतिधाराऽविच्छेदात्, नापि स्थूलकालमादाय वर्तमानत्वोपग्रहान्न दोष इति वाच्यम् वर्तमानयत्नोपरमेऽपि भाषापरिणामानुपरमादिति चेत् ? न; अत्र क्रियारूपभावभाषाया एव ग्रहणाच्छब्दार्थोपपत्तेरिति हेत्वभिधानात् भाषापरिणामस्य तदुत्तरकालमप्यप्रत्यूहात् शब्दार्थवियोगादिति हेतुना तदा क्रियारूपभावभाषाया एव निषेधादित्याकलयामः ॥१२॥

ટીકાર્થ :-

अन्यथा ..... निषेधादित्याकलयामः ॥ અન્યથા=ભાષાપરિણામને પામેલ ભાષાદ્રવ્યનો ભાષાપરિણામની અપ્રધાનતાને અવલંબીને અને દ્રવ્યને અને ગ્રહણાદિરૂપ ક્રિયાને અવલંબીને દ્રવ્યભાષા છે એમ પૂર્વ

**ગાથામાં કહ્યું તેમ ન સ્વીકારવામાં આવે તો, ખરેખર બે સમયથી ભાષાને બોલે છે એ પ્રકારના શાસ્ત્રવચનનો વિરોધ થાય.**

કેમ વિરોધ થાય ? તે સ્પષ્ટ કરે છે –

**આ=બે સમયમાં ભાષા બોલે છે એ કથન, પ્રથમ સમયમાં ભાષાદ્રવ્યને ગ્રહણ કરીને બીજા સમયમાં ભાષારૂપે પરિણમન પમાડીને નિસર્ગ અભિપ્રાયથી સંગત થાય છે=બીજા સમયે નિસર્ગ કરે છે એ પ્રકારે સ્વીકારવાથી સંગત થાય છે, અને એ રીતે=બીજા સમયે ભાષારૂપે પરિણમન પમાડીને નિસર્ગ કરે છે એ રીતે, નિસર્ગ સમયે ભાષાદ્રવ્યોનું ભાવભાષાપણું જ છે, એથી ગ્રહણ જ દ્રવ્ય ભાષા થાય, નિસર્ગાદિ=નિસર્ગ અને પરાઘાત ન થાય=દ્રવ્યભાષા ન થાય, એથી ઉક્ત વિવક્ષા જ=ગાથા-૧૧માં કહ્યું કે દ્રવ્યની અને ક્રિયાની પ્રધાનતાથી દ્રવ્યભાષા કહેલ છે એ વિવક્ષા જ, આદરણીય છે.**

**આ રીતે=જેમ બે સમયથી ભાષા બોલે છે એ વચન વિરોધી છે એ રીતે, વચનયોગપ્રભવ ભાષા છે એ પણ નિસર્ગકાલમાં ભાવભાષા ન સ્વીકારવામાં વિરોધ પામે છે. हि=જે કારણથી, વચનયોગ નિસર્ગ અનુકૂલ કાયસંરંભ છે=કાયવ્યાપાર છે, અથવા કાયયોગથી ગ્રહણ કરાયેલા વાગ્દ્રવ્યના સમૂહથી યુક્ત જીવવ્યાપાર છે એ અન્ય છે. બન્ને રીતે પણ=વચનયોગનો બે પ્રકારે અર્થ કર્યો એ બન્ને રીતે પણ, તજ્જન્ય=વાગ્યોગજન્ય, ભાવભાષા સ્વીકારવી જોઈએ; કેમ કે અન્યથા=વચનયોગજન્ય ભાષાને ભાવભાષા સ્વીકારવામાં ન આવે તો, ભાષાપરિણતિ અનુકૂળ એવા વાગ્યોગનું વિફળપણું થાય. વધારે શું કહેવું ? આ રીતે=વચનયોગપ્રભવ ભાષા છે એ વચનનો જેમ વિરોધ થાય એ રીતે, ભાષ્યમાણ ભાષા એ પ્રકારનું ભગવતીનું વચન પણ વિરુદ્ધ થાય; કેમ કે અહીં=ભાષ્યમાણ એવી ભાષા એ પ્રકારના ભગવતીના વચનમાં, ભાવભાષાનું જ વિધેયપણું છે.**

કેમ ભગવતીના વચનમાં ભાવભાષાનું જ વિધેયપણું છે ? એમાં હેતુ કહે છે –

**અન્યથા=ભગવતીના વચનમાં ભાવભાષાને વિધેય ન સ્વીકારવામાં આવે તો, પૂર્વમાં નહિ અને પશ્ચાત્ પણ નહિ એ પ્રકારના અવધારણાર્થ અનુપપત્તિ છે=ભગવતીસૂત્રમાં પૂર્વમાં પણ નહિ પશ્ચાત્ પણ નહિ એ પ્રકારનું અવધારણ કરેલ છે તે સંગત થાય નહિ=બોલાયેલી ભાષાને ભાવભાષા સ્વીકાર્યા વગર સંગત થાય નહીં.**

**'अथ'થી શંકા કરે છે – ભાષ્યમાણ ભાષા એ કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ. हि=જે કારણથી, ભાષા જ બોલાતી નથી, પરંતુ વિષય બોલાય છે એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે તારી વાત સાચી છે.**

છતાં ભાષ્યમાણ ભાષા છે એમ કેમ કહ્યું ? એમાં હેતુ બતાવે છે –

**ભાષાપદ સમભિવ્યાહાર વચનાર્થક ધાતુનું યત્નવિશેષપરપણું છે=ભાષ્યમાણ ભાષા એ શબ્દમાં ભાષાપદની સાથે સમાન અર્થનો વાચક ભાષ્યમાણ ધાતુ છે તેથી ભાષ્યમાણ ધાતુનો અર્થ યત્નવિશેષ**

પર ગ્રહણ કરવાથી ભાષ્યમાણ ભાષા કહી શકાશે, આથી જ=ભાષ્યમાણ ભાષા એ પ્રયોગ ઉચિત છે આથી જ, વાણીનો ઉચ્ચાર કરે છે ઇત્યાદિ પ્રયોગ લોકમાં પણ થાય છે.

'નનુ'થી શંકા કરે છે – તોપણ આ કેવી રીતે થાય ?=ભાષ્યમાણ ભાષા છે, પૂર્વ અને ઉત્તરમાં નથી એ પ્રકારે જે ભગવતીમાં કહ્યું છે એ કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ; કેમ કે અભિન્ન જ ભાષાદ્રવ્યોનું=મંદ પ્રયત્નથી બોલાવાને કારણે અભિન્ન જ ભાષાદ્રવ્યોનું, આરંભથી શબ્દ પરિણામનો ત્યાગ છે=નિસર્ગના અનંતર તરત શબ્દ પરિણામનો ત્યાગ છે. વળી ભિન્ન એવા ભાષાદ્રવ્યનો લોક અભિવ્યાપ્તિ આદિથી પરથી પણ=નિસર્ગના સમય પછી પણ, તત્પરિણામનું અવસ્થાન હોવાથી= ભાષાપરિણામનું અવસ્થાન હોવાથી, નિસર્ગ સમયમાં જ ભાષા છે=ભગવતીના કથનમાં કહ્યું તે પ્રમાણે નિસર્ગના સમયમાં જ ભાષા છે, પૂર્વ ઉત્તરમાં નથી એ પ્રકારની પ્રતિજ્ઞાનો વિરોધ છે.

અહીં કોઈ પૂર્વપક્ષી કહે કે નિસર્ગ પછી વાસનાથી જ ભાષાપરિણામ હોવાને કારણે વિશેષ અભિધેય છે=નિસર્ગ સમયમાં જ ઉચ્ચારણ કરાયેલી ભાવભાષા છે પછી વાસનાથી થયેલી ભાવભાષા છે માટે ઉચ્ચારણ કરાયેલી ભાવભાષારૂપ વિશેષ અભિધેય છે, એમ ન કહેવું; કેમ કે તેના વડે=ઉચ્ચારણ કરાયેલી ભાષા વડે, દ્રવ્યાન્તરોના ભાષાપરિણામના આધાનમાં પણ=અન્ય ભાષાપુદ્ગલોમાં વાસનાથી જ ભાષાપરિણામનું આધાન થવા છતાં પણ, નિસર્ગ કરાયેલાં દ્રવ્યોના=બોલનાર દ્વારા ભાષારૂપે મુકાયેલા ભાષારૂપે પરિણમન પામેલાં દ્રવ્યોના, તેનો અપરિત્યાગ છે=ભાષાપરિણામનો અત્યાગ છે.

અહીં કોઈ પૂર્વપક્ષી કહે કે ઋજુસૂત્રનયની દૃષ્ટિથી ઉપપત્તિ છે=બોલાતા સમયમાં જ ભાવભાષા છે પછી નથી એની ઉપપત્તિ છે, એમ ન કહેવું; કેમ કે તે નયદૃષ્ટિમાં પણ=ઋજુસૂત્રનયની દૃષ્ટિમાં પણ, પછી=બોલાયા પછી, તત્પરિણતિધારાનો અવિચ્છેદ છે=નિસર્ગથી મુકાયેલા ભાષાદ્રવ્યમાં ભાષાપરિણતિની ધારાનો અવિચ્છેદ છે. વળી સ્થૂલકાળને ગ્રહણ કરીને=ભાષ્યમાણ ભાષા એ કથનમાં નિસર્ગનો એકસમય ન ગ્રહણ કરતાં નિસર્ગનો સમય સ્થૂલથી જ્યાં સુધી ભાષાપરિણામ રહે ત્યાં સુધી છે એ પ્રકારના સ્થૂલકાળને ગ્રહણ કરીને, વર્તમાનત્વનો ઉપગ્રહ હોવાથી=બોલાતી ભાષામાં નિસર્ગ સમયથી માંડીને ભાષાપરિણામ રહે ત્યાં સુધી નિસર્ગત્વરૂપ વર્તમાનપણાનું ગ્રહણ થતું હોવાથી, દોષ નથી એમ ન કહેવું; કેમ કે વર્તમાન યત્નનો ઉપરમ હોવા છતાં પણ=બોલાતી ભાષામાં બોલાતા કાળમાં વર્તમાન યત્ન હોવા છતાં અને ત્યારપછી વર્તમાન યત્નનો ઉપરમ હોવા છતાં પણ, ભાષાપરિણામનો અનુપરમ છે (માટે ભાષ્યમાણ ભાષા એ પ્રકારના ભગવતીના વચનમાં પૂર્વ અને પશ્ચાત્ નથી એ કથન સંગત થાય નહિ) એ પ્રકારે 'નનુ'થી શંકા કરનાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારું કથન બરાબર નથી; કેમ કે અહીં=ભાષ્યમાણ ભાષા છે એ પ્રકારના ભગવતીના વચનમાં, ક્રિયારૂપ ભાવભાષાનું જ=નિસર્ગની ક્રિયાકાળમાં પરિણમન પામેલી ક્રિયારૂપ ભાવભાષાનું જ, ગ્રહણ હોવાથી શબ્દાર્થની ઉપપત્તિ છે=ભાષ્યમાણ ભાષા એ કથનમાં પૂર્વ અને પશ્ચાત્ ભાવભાષા નથી એ કથનના શબ્દાર્થની ઉપપત્તિ છે, એથી હેતુનું અભિધાન હોવાને કારણે=ગ્રંથકારશ્રીએ

**ભાષ્યમાણ ભાષા એ પ્રકારનું ભગવતીનું વચન બતાવીને તેમાં હેતુ કહેલ કે ત્યાં ભાવભાષાનું ગ્રહણ છે અન્યથા પૂર્વમાં નહિ અને પશ્ચાત્ નહિ એ પ્રકારના ભગવતીના વચનના અવધારણની અનુપપત્તિ છે એ રૂપ હેતુનું અભિધાન હોવાથી, ભાષાપરિણામના ઉત્તરકાળમાં પણ=નિસર્ગના ઉત્તરકાળમાં પણ, અપ્રત્યૂહ છે=ઉત્તરકાળમાં ભાષાપરિણામનું અનિરાકરણ છે.**

આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**'शब्दार्थवियोगात्' એ રૂપ હેતુથી=નિસર્ગની ક્રિયારૂપ ભાવભાષા ગ્રહણ કરવામાં આવે તો ઉત્તરની ભાવભાષામાં ક્રિયારૂપ ભાવભાષાનો વિયોગ છે એ હેતુથી, ત્યારે=નિસર્ગ કર્યા પછી, ક્રિયારૂપ ભાવભાષાનો જ નિષેધ છે એ પ્રમાણે અમે જાણીએ છીએ. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ગ્રહણ, નિસર્ગ અને પરાઘાત ભાષામાં દ્રવ્યભાષાપણું અપેક્ષાએ છે અને તે અપેક્ષા ન સ્વીકારીએ તો શાસ્ત્રનાં ત્રણ વચનો સાથે વિરોધ આવે.

(૧) શાસ્ત્રમાં કહેલ છે કે બે સમય દ્વારા ભાષાને બોલનાર પુરુષ બોલે છે તે કથન અનુસાર બોલનાર પુરુષ પ્રથમ સમયમાં ભાષાદ્રવ્યને ગ્રહણ કરે છે અને બીજા સમયમાં ભાષારૂપે પરિણમન પમાડીને નિસર્ગ કરે છે, તેથી તે બોલાયેલી ભાષા નિસર્ગ સમયે ભાવભાષા છે; કેમ કે ભાષાનો પરિણામ વર્તે છે અને ગ્રહણ સમયે દ્રવ્યભાષા છે; કેમ કે ભાષાનો પરિણામ પ્રગટ થયો નથી. જેમ માટીમાં ઘટનો પરિણામ પ્રગટ ન થયો હોય ત્યારે માટી દ્રવ્યઘટ કહેવાય, તેમ જે ભાષાવર્ગણામાં ભાષાપરિણામ પ્રગટ ન થયો હોય તે ભાષાવર્ગણા દ્રવ્યભાષા કહેવાય અને જે માટીમાં ઘટનો પરિણામ પ્રગટ થયો હોય તે ભાવઘટ કહેવાય તેમ જે ભાષાવર્ગણામાં નિસર્ગને કારણે ભાષાપરિણામ પ્રગટ થયો હોય તે ભાવભાષા કહેવાય. તેથી નિસર્ગ સમયે ભાવભાષા હોવા છતાં તે કથનના વિરોધના પરિહાર અર્થે ગ્રહણ, નિસર્ગ અને પરાઘાતને દ્રવ્યભાષા સ્વીકારવા માટે ગ્રંથકારશ્રીએ ગાથા-૧૧માં આપેલ યુક્તિનું જ ગ્રહણ કરવું જોઈએ, જેથી પ્રસ્તુત કથન સાથે વિરોધ થાય નહીં.

વળી શાસ્ત્રમાં કહેલ છે કે વચનયોગપ્રભવ ભાષા છે તે વચન અનુસાર નિસર્ગકાળમાં બોલાયેલી ભાષા ભાવભાષા છે તેમ સ્વીકારવું પડે; કેમ કે વચનયોગ નિસર્ગને અનુકૂળ કાય આરંભ છે અથવા કાયયોગથી ગ્રહણ કરાયેલા ભાષાદ્રવ્યના પુદ્ગલોથી યુક્ત જીવવ્યાપાર છે એ પ્રકારે વચનયોગનો અર્થ થઈ શકે છે અને તે બન્ને અર્થ અનુસાર વાગ્યોગથી પ્રભવ ભાષા ભાવભાષા માનવી પડે; કેમ કે ભાષા પરિણતિને અનુકૂળ વચનનો વ્યાપાર તે વાગ્યોગ છે તે સ્વીકારવાથી તે વચનયોગથી થયેલી ભાષા ભાષાપરિણામરૂપ છે માટે ભાવભાષા છે. પ્રસ્તુત શાસ્ત્રવચન સાથે નિસર્ગ કરાયેલી ભાષાને દ્રવ્યભાષા કહેવામાં વિરોધ હોવાથી ગાથા-૧૧માં બતાવ્યું તે યુક્તિથી નિસર્ગ કરાયેલી ભાષાને દ્રવ્યભાષા સ્વીકારવી જોઈએ, જેથી અપેક્ષાભેદને કારણે પરસ્પર વિરોધ પ્રાપ્ત થાય નહીં.

વળી ભગવતીસૂત્રના 'બોલાતી હોય તે ભાષા છે' એ વચન અનુસાર પણ નિસર્ગ કરાયેલી ભાષા

ભાવભાષા છે તેમ સ્વીકારવું જોઈએ; કેમ કે ભગવતીસૂત્રમાં કહ્યું છે કે બોલાયા પૂર્વે ભાવભાષા નથી અને બોલાયા પછી ભાવભાષા નથી પરંતુ બોલતી વખતે જ ભાવભાષા છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઘટ નિષ્પન્ન પૂર્વે માટી દ્રવ્યઘટ હોવા છતાં ભાવઘટ નથી અને ઘટ ફૂટ્યા પછી ઠીકરાં ભાવઘટ નથી પરંતુ ઘટઅવસ્થાનકાળમાં ભાવઘટ છે, તેમ ભાષા બોલ્યા પૂર્વે ભાવભાષા નથી અને બોલ્યા પછી ભાવભાષા નથી, પરંતુ નિસર્ગકાળમાં જ ભાવભાષા છે, તેથી ભગવતીના વચન સાથે પણ ગ્રહણ, નિસર્ગ અને પરાઘાતને દ્રવ્યભાષા સ્વીકારવાથી વિરોધ આવે તે વિરોધના પરિહાર અર્થે ગાથા-૧૧માં કહેલ યુક્તિ અનુસાર ગ્રહણાદિને દ્રવ્યભાષા સ્વીકારવી જોઈએ, જેથી વિરોધની પ્રાપ્તિ થાય નહીં.

આ રીતે નિસર્ગભાષાને ભાવભાષા કહેનારાં ત્રણ વચનોનો પરિહાર ગાથા-૧૧ અનુસાર કરવો જોઈએ તે બતાવ્યા પછી ભગવતીસૂત્રમાં કહ્યું કે ભાષ્યમાણ ભાષા છે તે વચન કઈ રીતે સંગત થાય ? તેમ સ્થૂલથી જોનારને શંકા થાય; કેમ કે ભાષ્યમાણ ભાષાનો અર્થ બોલાતી ભાષા તેવો થાય. વસ્તુતઃ ભાષા બોલાતી નથી, પરંતુ ભાષા દ્વારા ભાષાના વિષયભૂત પદાર્થો બોલાયા છે, તેથી ભાષ્યમાણ ભાષા એ વચન સંગત થાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સ્થૂલથી શંકાકાર કહે છે તે તેમ જ છે તેથી શંકાકારનું વચન સત્ય છે, તોપણ ભાષ્યમાણ ભાષામાં રહેલ ભાષાપદ તેની સાથે સંબંધિત રહેલ જે ભાષ્યમાણ શબ્દ તે વચનાર્થને કહેનાર ધાતુ છે તેથી તેનો અર્થ યત્નવિશેષ કરાય છે. તેથી બોલવાને અનુકૂળ યત્નવિશેષથી કરાતી ભાષા તે ભાવભાષા છે તેમ કહેવાય છે. જેમ उच्चरति ધાતુ ઉચ્ચાર કરે છે તે અર્થને બતાવે છે; તેની સાથે સંબધિત वाचंनो યોગ હોય તો वाचं उच्चरति એ પ્રયોગમાં વાણીને કરે છે તેવો અર્થ કરાય છે. તેમ યત્નવિશેષથી જે બોલાતી હોય તે ભાષા છે તેવો અર્થ ભાષ્યમાણ ભાષાનો થઈ શકે છે.

અહીં શંકા કરે છે કે ભગવતીમાં ભાષ્યમાણ ભાષા કરીને બોલાયા પૂર્વે ભાષા નથી અને પશ્ચાત્ પણ નથી તેથી માત્ર નિસર્ગકાળમાં જ ભાવભાષા છે, પૂર્વ અને પશ્ચાત્ ભાવભાષા નથી એ વચન કઈ રીતે સંગત થાય ? અર્થાત્ થઈ શકે નહિ.

કેમ સંગત થઈ શકે નહિ ? તેમાં યુક્તિ બતાવે છે –

જેઓ મંદ પ્રયત્નથી જ ભાષા બોલે છે તેઓના ભાષાદ્રવ્યમાં નિસર્ગ પછી તરત જ શબ્દપરિણામનો ત્યાગ થાય છે તેથી તે સ્થાનમાં કહી શકાય કે નિસર્ગ પછી ભાવભાષા નથી પરંતુ જેઓ તીવ્ર પ્રયત્નથી ભાષા બોલે છે તે ભાષામાં પૂર્વમાં કહ્યું તે પ્રમાણે ખંડો થાય છે અને તે ભાષાખંડો ચૌદ રાજલોકમાં વ્યાપ્ત થાય છે અને નિસર્ગ પછી પણ તેમાં કેટલાક કાળ શબ્દ પરિણામ રહી શકે છે માટે નિસર્ગ પછી પણ તે ભાષાને ભાવભાષા સ્વીકારવી જોઈએ, તેથી ભગવતીના વચન અનુસાર નિસર્ગ પછી ભાષા નથી એ વચન સંગત થાય નહિ.

અહીં કોઈ ભગવતીનું વચન સંગત કરવા અર્થે કહે કે નિસર્ગ પછી બોલાયેલી ભાષાથી વાસિત થયેલા પુદ્ગલો ભાષાપરિણામરૂપે રહે છે, તેથી નિસર્ગ સમયની જે ભાષા હતી તે ભાષામાં બોલાયા પછી

ભાષાનો પરિણામ નથી અને લોકમાં વ્યાપીને રહેલી ભાષા તે પરાઘાતથી વાસિત થયેલી ભાષા છે અને તે નિસર્ગ પછી રહે છે માટે નિસર્ગ સમયની ભાષા તો નિસર્ગ સમયે જ ભાવભાષા છે, પછી નથી તેમ સ્વીકારી શકાશે. તેનું નિરાકરણ કરતાં શંકાકાર કહે છે કે નિસર્ગથી જે ભાષા બોલાઈ તે ભાષાથી પરાઘાત દ્વારા અન્ય દ્રવ્યો ભાષાપરિણામ પામે છે, તોપણ તીવ્ર પ્રયત્નથી મુકાયેલાં ભાષાદ્રવ્યો નિસર્ગ પછી પણ ભાષાપરિણામનો ત્યાગ કરતાં નથી માટે નિસર્ગ પછી ભાષા નથી એ વચન સંગત થાય નહિ.

અહીં કોઈ ભગવતીસૂત્રનું વચન સંગત કરવા અર્થે કહે કે સૂક્ષ્મ ઋજુસૂત્રનય પ્રતિક્ષણ પદાર્થનો નાશ સ્વીકારે છે અને તે નયની દૃષ્ટિથી વિચારીએ તો નિસર્ગ સમયે જે ભાષાપરિણામ થયેલો તે ભાષાપરિણામ બીજા સમયમાં ભાષાપરિણામરૂપ હોવા છતાં અન્ય છે. જેમ ઘટ ઉત્પન્ન થયા પછી બીજી ક્ષણનો ઘટ ઋજુસૂત્રનયથી અન્ય છે, તેથી ભગવતીમાં નિસર્ગ પછી ભાષાને ભાષા નથી તેમ કહેલ છે તેનું નિરાકરણ કરતાં શંકાકાર કહે છે કે સૂક્ષ્મઋજુસૂત્રનયની દૃષ્ટિથી પણ નિસર્ગ પછી ભાવભાષાની પરિણતિની ધારાનો અવિચ્છેદ છે તેથી નિસર્ગ પછી ભાષા નથી તેમ કહી શકાય નહિ. જેમ કુંભારના પ્રયત્નથી ઘટ ઉત્પન્ન થયા પછી ઋજુસૂત્રનયથી બીજી ક્ષણોમાં તે ઘટ ધારાનો અવિચ્છેદ છે તેથી બીજી આદિ ક્ષણોમાં ઘટ નથી તેમ કહી શકાય નહિ. તેમ નિસર્ગપછી ભાવભાષા નથી, એમ કહી શકાય નહિ.

અહીં ભગવતીસૂત્રના વચનનું સમાધાન કરવા માટે કોઈ કહે કે નિસર્ગ સમયે ભાષા છે પછી નથી, એ પ્રકારના ભગવતીના વચનમાં સ્થૂલ કાળ ગ્રહણ કરીને વર્તમાનપણાનો વ્યવહાર કરેલ છે તેથી નિસર્ગથી માંડીને જ્યાં સુધી ભાવભાષા રહે તે સર્વ કાળને વર્તમાનકાળરૂપે સ્વીકારેલ છે. તેને ગ્રહણ કરીને નિસર્ગરૂપ વર્તમાનકાળમાં ભાવભાષા છે ત્યારપછી ભાવભાષા નથી તેમ ભગવતીમાં કહેલ છે માટે દોષ નથી. તેનું નિરાકરણ કરતાં શંકાકાર કહે છે કે નિસર્ગનો વર્તમાનયત્ન ઉપરમ થવા છતાં પણ ભાષાપરિણામનો અનુપરમ હોવાથી નિસર્ગ સમયે જ ભાવભાષા છે તેમ કહી શકાય નહિ; કેમ કે નિસર્ગનો વ્યાપાર ચાલતો હોય ત્યારે જ નિસર્ગ સમયે ભાવભાષા છે ત્યારપછી ભાષાપરિણામ નથી તેવો અર્થ ભગવતીના વચનથી પ્રાપ્ત થાય અને નિસર્ગની ક્રિયા બંધ થયા પછી તીવ્ર પ્રયત્નથી બોલાયેલ ભાષામાં ભાષાપરિણામ રહી શકે છે, માટે ભગવતીનું વચન સંગત નથી.

આ પ્રકારની શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવતીમાં ભાષાપરિણામરૂપ ભાષાને ગ્રહણ કરેલ નથી પરંતુ ક્રિયારૂપ ભાવભાષાને ગ્રહણ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભાષાપરિણામને પમાડવાની ક્રિયા ચાલતી હોય અને તે ક્રિયાથી ભાષાપુદ્ગલમાં ભાષાપરિણામ ચાલતો હોય તેવી જ ભાષાને ભાવભાષારૂપે ગ્રહણ કરીને ભાષ્યમાણ ભાષા પૂર્વ નથી અને પશ્ચાત્ નથી તેમ કહેલ છે. જેમ નિર્જરાને અનુકૂળ વ્યાપાર કરતું હોય તેવું ચારિત્ર ગ્રહણ કરીને સિદ્ધના જીવોમાં ચારિત્ર નથી તેમ શાસ્ત્રમાં કહેલ છે, આથી જ સિદ્ધના જીવોને નોચારિત્રી નોઅચારિત્રી કહેલ છે. જો આત્માના સ્વભાવમાં સમવસ્થાનરૂપ ચારિત્ર ગ્રહણ કરવામાં આવે તો સિદ્ધને ચારિત્રી જ કહેવાય છતાં નયદૃષ્ટિથી શાસ્ત્રવચનો હોય છે તેથી સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્રને ગ્રહણ કરીને સ્થિરતારૂપ ચારિત્ર

સિદ્ધોમાં છે તેમ સ્વીકારાય છે, તેમ આત્મામાં ચરણને અનુકૂળ ક્રિયાને ગ્રહણ કરીને ચારિત્ર સ્વીકારનાર નયદૃષ્ટિથી સિદ્ધના જીવોમાં ચરણક્રિયા નહિ હોવાથી સિદ્ધના જીવો ચારિત્રી નથી તેમ કહેવાય છે. તે રીતે ભાષાપુદ્ગલોને ભાષારૂપે પરિણમન પમાડવાની ક્રિયા જીવના પ્રયત્નથી થતી હોય અને તેનાથી ભાષાપુદ્ગલોમાં ભાષાપરિણામ થતો હોય તેવી ક્રિયારૂપ ભાવભાષાને ભગવતીમાં ગ્રહણ કરેલ છે તેથી ઉચ્ચારણ પછી ભાષ્યમાણ ભાષા નથી એ પ્રકારના શબ્દાર્થની સંગતિ થાય છે, એથી કરીને ગ્રંથકારશ્રીએ "किं बहुना" ઇત્યાદિથી કહ્યા પછી ભગવતીના વચનમાં વિરોધ આવશે એ બતાવીને કહ્યું કે ભગવતીના વચનાનુસાર ભાવભાષાનું જ વિધેયપણું છે, અન્યથા પૂર્વ નહિ અને પશ્ચાત્ નહિ એ પ્રકારના અવધારણની અનુપપત્તિ છે, એ પ્રકારે હેતુનું અભિધાન કરેલ છે, માટે ઉચ્ચારણ કર્યા પછી પણ ભાષામાં ભાષાપરિણામ સ્વીકારવામાં વિરોધ નથી એવો અર્થ ભગવતીસૂત્રના વચનથી પ્રાપ્ત થાય છે, ફક્ત ઉત્તરકાળમાં ભાષ્યમાણ ભાષારૂપ શબ્દાર્થનો વિયોગ છે એ હેતુથી ત્યારે=બોલાયા પછી, ક્રિયારૂપ ભાવભાષાનો જ નિષેધ કરાયો છે અર્થાત્ પશ્ચાત્ ભાષ્યમાણ ભાષા નથી એ રૂપ ક્રિયાસ્વરૂપ ભાવભાષાનો જ નિષેધ કરાયો છે એમ અમે સમજીએ છીએ. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**अथ भावभाषामाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ભાવભાષાને કહે છે –**

**ગાથા :-**

**उवउत्ताणं भासा णायव्वा एत्थ भावभास त्ति ।**
**उवओगो खलु भावो णुवओगो दव्वमिति कट्टु ।।१३।।**

**છાયા :-**

**उपयुक्तानां भाषा ज्ञातव्याऽत्र भावभाषेति ।**
**उपयोगः खलु भावोऽनुपयोगो द्रव्यमिति कृत्वा ।।१३।।**

**અન્વયાર્થ :-**

**एत्थ=અહીં=ભાષાનિક્ષેપાના પ્રક્રમમાં, उवउत्ताणं भासा भावभास त्ति णायव्वा=ઉપયોગપૂર્વક બોલનાર વક્તાની ભાષા ભાવભાષા છે એમ જાણવું. खलु उवओगो भावो=નક્કી ઉપયોગ ભાવ છે. णुवओगो दव्वं=અનુપયોગ દ્રવ્ય છે, इति कट्टु=એથી કરીને, ઉપયોગપૂર્વકની ભાષા ભાવભાષા છે એમ પૂર્વાર્ધ સાથે સંબંધ છે. ॥૧૩॥**

❖ ગાથામાં भावभास त्तिમાં રહેલ त्ति શબ્દ પાદપૂર્તિ માટે છે.

**ગાથાર્થ :-**

**અહીં=ભાષાનિક્ષેપાના પ્રક્રમમાં, ઉપયોગપૂર્વક બોલનાર વક્તાની ભાષા ભાવભાષા જાણવી. નક્કી ઉપયોગ ભાવ છે, અનુપયોગ દ્રવ્ય છે એથી કરીને ઉપયોગપૂર્વકની ભાષા ભાવભાષા છે એમ પૂર્વાર્ધ સાથે સંબંધ છે. ।।૧૩।।**

**ટીકા :-**

**अत्र=भाषानिक्षेपप्रक्रमे, उपयुक्तानां='इदमित्थं मया भाषितव्यम् इत्थमेव भाष्यमाणं श्रोतृपरिज्ञानाय भविष्यती'त्यादि सम्यगुपयोगशालिनां; भाषा भावभाषेति ज्ञातव्या, कुतः ? इत्याह, खल्विति निश्चये उपयोगो भावोऽनुपयोगश्च द्रव्यमिति कृत्वा ।**

**तदिदमभिप्रेत्योक्तं वाक्यशुद्धिचूर्णौ** – "भावभासा णाम जेणाभिप्पाएण भासा भवइ सा भावभासा । कहं? जो भासिउमिच्छइ सो पुव्वमेव अत्ताणं पत्तियावेइ, जहा–इमं मए वत्तव्वं ति भासमाणो परं पत्तियावेइ, एयं भासाए पओअणं जं परमप्पाणं च अत्थे अवबोधयति ।" **त्ति । (दशवै. जि. चू. पृ. २३५)**

**अथाग्न्युपयोगस्य भावाग्नित्ववद् भाषोपयोगस्य भावभाषात्वमुच्यतां, न तूपयोगविषये वचन इति चेत् ? न, भाव एव भाषेति भाष्योक्तार्थानुपपत्तावपि भावेन भाषेतिभङ्ग्या प्रकृतोपपत्तेः; परिभाषकेच्छायाश्चातिप्रसङ्गभञ्जकत्वादिति दिग् ।।१३।।**

**ટીકાર્થ :-**

**अत्र ..... कृत्वा । અહીં=ભાષાનિક્ષેપના પ્રક્રમમાં, ઉપયુક્ત વક્તાની="આ વસ્તુ આ રીતે મારા વડે બોલવી જોઈએ. આ રીતે જ બોલાતું શ્રોતાના યથાર્થ બોધ માટે થશે" ઈત્યાદિ વિષયક સમ્યગ્ ઉપયોગશાલી એવા વક્તાની, ભાષા ભાવભાષા છે એ પ્રમાણે જાણવું.**

કેમ ઉપયુક્તની જ ભાવભાષા છે અન્યની નહિ ? એથી કહે છે –

**નક્કી ઉપયોગ ભાવ છે અને અનુપયોગ દ્રવ્ય છે એથી કરીને ઉપયુક્ત વક્તાની ભાવભાષા છે, એમ અન્વય છે.**

**तदिदमभिप्रेत्योक्तं वाक्यशुद्धिचूर्णौ – આ જ અભિપ્રાયને સામે રાખીને વાક્યશુદ્ધિચૂર્ણિમાં=દશવૈકાલિક-સૂત્રના વાક્યશુદ્ધિ અધ્યયનની ચૂર્ણિમાં, કહેવાયું છે –**

'भावभासा णाम ..... **त्ति** । 'ભાવભાષા એટલે જે અભિપ્રાયથી ભાષા થાય છે તે ભાવભાષા છે=તે અભિપ્રાયને વ્યક્ત કરતી ભાષા ભાવભાષા છે. કેવી રીતે ? એથી કહે છે – જે વક્તા બોલવા માટે ઈચ્છે છે તે પૂર્વે જ આત્માને બોધ કરાવે છે. જે આ પ્રમાણે – આ મારા વડે કહેવું જોઈએ એ પ્રમાણે બોલતો પરને બોધ કરાવે છે. ભાષાનું આ પ્રયોજન છે જે પરને અને આત્માને=પોતાને, અર્થનો બોધ કરાવે છે.' **(દશવૈકાલિકસૂત્ર જિનદાસગણિમહત્તર કૃત ચૂર્ણિ પૃષ્ઠ-૨૩૫)**

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**अथ ..... दिग् ।। અથથી શંકા કરે છે કે અગ્નિના ઉપયોગનું ભાવ અગ્નિપણું છે તેમ ભાવભાષાપણું કહેવું જોઈએ=કઈ ભાષા શ્રોતાને બોધ કરવા માટે ઉપયોગી છે ? તેના અર્થનો જ્ઞાતા હોય અને તે ભાષાના અર્થમાં ઉપયોગવાળો હોય તે પુરુષમાં ભાવભાષાપણું છે તેમ કહેવું જોઈએ, પરંતુ ઉપયોગના વિષયમાં વચનને નહિ=શ્રોતાને બોધ કરાવવા માટે જે ઉપયોગ જોઈએ તે ઉપયોગના વિષયમાં વચનપ્રયોગ કરાતો હોય તે વચનપ્રયોગને ભાવભાષા કહેવી ઉચિત નથી. એ પ્રકારે અથથી પૂર્વપક્ષી કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**એમ ન કહેવું. ભાવ જ ભાષા છે એ પ્રકારના ભાષ્ય ઉક્ત અર્થની અનુપપત્તિ હોવા છતાં પણ ભાવથી ભાષા એ પ્રકારની ભંગીથી=એ પ્રકારના વિકલ્પથી, પ્રકૃતની ઉપપત્તિ છે=ઉપયુક્ત બોલનારની ભાષા ભાવભાષા છે એ વચનની સંગતિ છે.**

અહીં શંકા થાય કે આગમથી ભાવનિક્ષેપો સ્વીકારવા અર્થે ભાષ્યકારશ્રીએ તદર્થનો જ્ઞાતા અને તદર્થમાં ઉપયુક્ત હોય તેને જ ભાવભાષા સ્વીકારે છે, તેથી ભાષાના પરમાર્થને જાણનાર પુરુષનો ભાષાના ઉપયોગરૂપ જે ભાવ છે તે જ ભાવભાષા છે એવો અર્થ ફલિત થાય, આમ છતાં ચૂર્ણિકારે ઉપયોગરૂપ ભાવને છોડીને ભાવભાષાનું લક્ષણ જેમાં પ્રાપ્ત ન થતું હોય તેવા ઉપયોગપૂર્વક બોલનારના વચનપ્રયોગને ભાવભાષા કહી. તેથી ભાષ્યકારને સંમત એવું પારમાર્થિક ભાવભાષાનું લક્ષણ ઉપયોગપૂર્વક બોલનારના વચનપ્રયોગરૂપ અલક્ષ્યમાં પ્રાપ્ત થાય છે, તેથી અતિપ્રસંગ દોષની પ્રાપ્તિ છે તેના નિવારણ માટે બીજો હેતુ કહે છે –

**પરિભાષકની ઈચ્છાનું=દશવૈકાલિકના ચૂર્ણિકારરૂપ પરિભાષકની ઈચ્છાનું, અતિપ્રસંગભંજકપણું છે, એ પ્રમાણે દિશાસૂચન છે. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ નોઆગમથી દ્રવ્યભાષા ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતરૂપ છે એમ અત્યાર સુધી યુક્તિથી સ્થાપન કર્યું. વળી નિસર્ગકાળમાં ભાષાવર્ગણાના પુદ્ગલોમાં ભાષાપરિણામ હોય છે તે અપેક્ષાએ તે ભાવભાષા જ છે અને પરાઘાત પામેલા પુદ્ગલોમાં પણ ભાષાનો પરિણામ હોય છે તેથી તે ભાવભાષા જ છે, છતાં ભગવતીના વચનાનુસાર નિસર્ગકાળે જ ભાવભાષા છે. પરાઘાતકાળમાં નથી તે કઈ અપેક્ષાએ છે ? તેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ ગાથા-૧૨માં કરી અને વચનયોગપ્રભવ ભાષા છે અને બે સમયથી ભાષા બોલાય છે એ બે વચન અનુસાર નિસર્ગ અને પરાઘાતથી બોલાયેલી ભાષા ભાવભાષા છે, છતાં ગ્રહણ, નિસર્ગ અને પરાઘાતની ભાષાને દ્રવ્યભાષા કઈ રીતે સ્વીકારી શકાય ? તે નયદૃષ્ટિ ગ્રંથકારશ્રીએ ગાથા-૧૧માં બતાવી અને તે દૃષ્ટિ અનુસાર ગ્રહણ આદિને દ્રવ્યભાષા સ્વીકારીએ તો ભાવભાષા કઈ છે ? તે બતાવવા અર્થે પ્રસ્તુત ગાથામાં કહે છે –

**ભાવભાષાનું પ્રતિપાદન :-**

શ્રોતાને આ વસ્તુનો બોધ કરાવવા અર્થે મારે આ શબ્દોથી કહેવું જોઈએ તેવો કોઈ પુરુષને બોધ હોય અને પોતાના બોધ અનુસાર તે વક્તા શ્રોતાને ઉચિત બોધ કરાવવા અર્થે જે ભાષા બોલે તે વક્તા તે પદાર્થ વિષયક સમ્યગ્ ઉપયોગશાલી છે અને તેવો વક્તા જે ભાષા બોલે તે ભાવભાષા છે; કેમ કે ઉપયોગ એ ભાવ છે અને અનુપયોગ એ દ્રવ્ય છે એ પ્રકારનું વચન છે, તેથી પોતાને જે બોધ કરાવવો છે તે બોધ કરાવે તેવો ઉપયોગ જે વક્તાને વર્તતો હોય અને શ્રોતાને યથાર્થ બોધ કરાવે તે રીતે તે વચનપ્રયોગ કરે તે વચનપ્રયોગ ભાવભાષા છે અને શ્રોતાને જે બોધ કરાવવો છે તે બોધ માટે કયાં ઉચિત વચનો કહેવાં જોઈએ તેનો જેને બોધ નથી અથવા બોધ હોવા છતાં બોલતી વખતે તેવો ઉપયોગ નથી તે પ્રકારે બોલનારને બોલતી વખતે અનુપયોગ હોવાથી તેનું બોલાયેલું વચન દ્રવ્યભાષા છે.

આ કથનને દૃઢ કરવા અર્થે દશવૈકાલિકની વાક્યશુદ્ધિ અધ્યયનની ચૂર્ણિની ગ્રંથકારશ્રીએ સાક્ષી આપી તેનાથી ગાથાના પૂર્વાર્ધમાં કહેલ અર્થ પ્રાપ્ત થાય છે; કેમ કે ઉપયોગપૂર્વક બોલનારની ભાષા ભાવભાષા છે એ પ્રકારે ગ્રંથકારશ્રીએ જે કથન કર્યું છે તે જ કથન દશવૈકાલિકની ચૂર્ણિમાં છે પરંતુ ગ્રંથકારશ્રીએ ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે 'ઉપયોગ ભાવ છે, અનુપયોગ દ્રવ્ય છે' એ વચન અનુસાર તો કોઈ પુરુષને અગ્નિનું જ્ઞાન હોય અને અગ્નિનો ઉપયોગ હોય તેના અગ્નિના ઉપયોગને ભાવઅગ્નિ કહી શકાય. તેમ કોઈ શ્રોતાને ઉચિત બોધ કરાવવા અર્થે કઈ ભાષા બોલવી જોઈએ કે જેથી તે ભાષા દ્વારા શ્રોતાને ઉચિત બોધ થાય તેવો વક્તા ઉપયોગપૂર્વક ભાષા બોલતો હોય તે વખતે શ્રોતાને ઉચિત બોધ કરાવવાને અનુકૂળ ભાષાનો ઉપયોગ છે તેને ભાવભાષા કહી શકાય, પરંતુ ઉપયોગપૂર્વક બોલાતી ભાષાને=ઉપયોગપૂર્વક બોલાતાં વચનોને, ભાવભાષા કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ, એ પ્રકારની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉપયોગ ભાવ છે એ પ્રકારના ગાથાના ઉત્તરાર્ધના કથન અનુસાર ભાવ જ ભાષા છે=વક્તાનો યથાર્થ બોધ કરાવવાને અનુકૂળ ઉપયોગરૂપ ભાવ જ ભાષા છે, એ પ્રકારનો ભાષ્યકારે કરેલો અર્થ ચૂર્ણિકારના વચન અનુસાર ઘટતો નથી તોપણ ભાવથી ભાષા છે=શ્રોતાને યથાર્થ બોધ કરાવવાને અનુકૂળ ઉચિત ઉપયોગરૂપ ભાવથી બોલાયેલી ભાષા છે, એ પ્રકારે ભાવભાષાનો અર્થ કરીએ તો ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું તે કથન સંગત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ભાષ્યકારે તો અગ્નિના ઉપયોગને ભાવ અગ્નિ સ્વીકારનાર દૃષ્ટિથી શ્રોતાને ઉચિત બોધ કરાવનાર વક્તાના ઉચિત ઉપયોગને ભાવભાષા કહેલ છે અને તે વચનાનુસાર ભાવભાષાનું લક્ષણ તેવા ઉપયોગથી બોલાતા વચનપ્રયોગમાં જવું જોઈએ નહિ પરંતુ ઉપયોગપૂર્વક બોલનાર વક્તાના ઉપયોગમાં જ ભાવભાષાનું લક્ષણ જવું જોઈએ, તેથી ઉપયોગપૂર્વક બોલાતા અલક્ષ્યરૂપ વચનમાં ગાથાના પૂર્વાર્ધમાં કરાયેલા ભાવભાષાના લક્ષણની અતિવ્યાપ્તિ છે, તેથી ગાથાના પૂર્વાર્ધમાં કરાયેલ લક્ષણ અતિવ્યાપ્તિના દોષવાળું છે. તેનું નિવારણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

પરિભાષકની ઇચ્છાનું અતિપ્રસંગનું ભંજકપણું છે.

આશય એ છે કે દશવૈકાલિકસૂત્રના વાક્યશુદ્ધિ અધ્યયનની ચૂર્ણિ છે તે ચૂર્ણિકારને કોઈ વક્તા શ્રોતાને યથાર્થ બોધ કરાવવાનું કારણ બને તે પ્રકારના ઉપયોગપૂર્વક વચનપ્રયોગ કરતો હોય તે વચનપ્રયોગને ભાવભાષા તરીકે સ્વીકારવાનો અભિપ્રાય છે તે અભિપ્રાયથી ચૂર્ણિકારે ભાવભાષાનું લક્ષણ વચનપ્રયોગમાં સંગત થાય તે રીતે કરેલ છે, તેથી પરિભાષા કરનાર ચૂર્ણિકારની ઇચ્છાથી તે વચનને ભાવભાષા સ્વીકારવામાં અતિપ્રસંગ દોષની પ્રાપ્તિ નથી.

અહીં વિશેષ એ છે કે ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતને દ્રવ્યભાષા સ્વીકારી. કોઈ વક્તા અત્યંત ઉપયોગપૂર્વક શ્રોતાને બોધ થાય તે પ્રકારે જે ભાષા બોલે છે તે નિઃસરણ થયેલી ભાષાને કે પરાઘાત પામેલી ભાષાને ભાવભાષા છે તેવો બોધ કરાવવાનો ચૂર્ણિકારનો આશય છે, તેથી કોઈ વક્તા ઉપયોગ વગર ભાષા બોલે તેની નિઃસરણભાષાને અને પરાઘાતભાષાને ચૂર્ણિકારને દ્રવ્યભાષા કહેવી છે અને ઉપયોગપૂર્વક બોલાયેલી વક્તાની નિઃસરણભાષાને અને પરાઘાતભાષાને ભાવભાષા કહેવી છે, તેથી ચૂર્ણિકારે ભાવભાષાનું લક્ષણ તે પ્રકારે કરેલ છે કે જેથી વચનપ્રયોગમાં ભાવભાષાનું લક્ષણ જાય. જ્યારે ભાષ્યકાર તે સ્થાનના પ્રસ્તાવને અનુરૂપ ઉપયોગપૂર્વક બોલનાર વક્તાના ભાષાના ઉપયોગને જ ભાવભાષા કહે છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**ननु भाषा न निर्णायिका, तादात्म्यतदुत्पत्तिविरहेण शब्दार्थयोरसम्बन्धात्प्रतिनियतबोधानुपपत्तेः । न चैवं शब्दानामेवानुत्पत्तिप्रसङ्गोऽर्थबोधकत्वं प्रतिसन्धायैव तदुच्चारादिति वाच्यम् विकल्पेभ्य एव तदुत्पत्तेस्तेषामपि विकल्पजननेनैव चरितार्थत्वात् । उक्तं च –**

"विकल्पयोनयः शब्दा विकल्पाः शब्दयोनयः ।

कार्यकारणता तेषां नार्थं शब्दाः स्पृशन्त्यपि ।।" **( ) इति ।**

**एवं च न 'गामानये'त्यतः प्रवृत्त्यनुपपत्तिरपि, न चैवमनुमानोच्छेदः, तत्रानुभवसिद्धप्रमाविशेषकारणस्य व्याप्त्यादेरबाधाद्, अत्र तु संगतिबाधस्योक्तत्वादित्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**ભાષા નિર્ણાયિકા નથી=અર્થનો બોધ કરાવનાર નથી; કેમ કે તાદાત્મ્યનો અને તદુત્પત્તિનો વિરહ હોવાથી=ભાષાદ્રવ્ય અને ભાષાદ્રવ્યથી વાચ્ય અર્થ તે બે વચ્ચે તાદાત્મ્યસંબંધનો વિરહ છે અને તદુત્પત્તિસંબંધનો વિરહ છે તેથી, શબ્દનો અને અર્થનો અસંબંધ હોવાને કારણે પ્રતિનિયત બોધની અનુપપત્તિ છે=પ્રતિનિયત ભાષા દ્વારા પ્રતિનિયત અર્થના બોધની અનુપપત્તિ છે અને આ રીતે=પૂર્વમાં શંકાકારે કહ્યું કે ભાષા નિર્ણાયક નથી એ રીતે, શબ્દોની અનુપપત્તિનો પ્રસંગ છે=લોકમાં બોધ**

**કરાવવા અર્થે જે શબ્દો બોલાય છે તે કોઈના દ્વારા બોલાવા જોઈએ નહિ તેમ સ્વીકારવાનો પ્રસંગ છે; કેમ કે અર્થબોધકત્વનું પ્રતિસંધાન કરીને જ=બોલનાર પુરુષ મારાં વચનો શ્રોતાને પ્રતિનિયત અર્થનાં બોધક છે તેવું પ્રતિસંધાન કરીને જ, તેનો ઉચ્ચાર કરે છે=ભાષાનો ઉચ્ચાર કરે છે, એ પ્રમાણે ન કહેવું=એ પ્રમાણે ન કહેવું, એમ ભાષા નિર્ણાયક નથી એમ કહેનાર પૂર્વપક્ષી કહે છે; કેમ કે વિકલ્પોથી જ=બોલનાર પુરુષના ચિત્તમાં વિકલ્પો થાય છે કે સામે રહેલા શ્રોતાને મારે બોધ કરાવવા અર્થે આ વસ્તુને આ શબ્દથી વાચ્ય કરીને કહેવું જોઈએ તે પ્રકારના વિકલ્પોથી જ, તેની ઉત્પત્તિ હોવાથી=વક્તાના શબ્દોની ઉત્પત્તિ હોવાથી, તેઓનું પણ=વક્તા દ્વારા વિકલ્પથી બોલાયેલા શબ્દોનું પણ, વિકલ્પના જનનથી જ ચરિતાર્થપણું છે=તે શબ્દો વિકલ્પ કરીને વિશ્રાન્ત થાય છે. અને કહેવાયું છે.**

"વિકલ્પયોનિવાળા શબ્દો છે=વક્તાના વિકલ્પરૂપ કારણથી શબ્દો ઉત્પન્ન થાય છે વિકલ્પો શબ્દયોનિવાળા છે=વક્તાના શબ્દો શ્રોતામાં તે પ્રકારના વિકલ્પોની ઉત્પત્તિનાં કારણ છે. તેઓની કાર્યકારણતા છે=શબ્દો અને વિકલ્પો વચ્ચે ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું તે પ્રકારની કાર્યકારણતા છે. શબ્દો અર્થને સ્પર્શતા પણ નથી."

**ઈતિ શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**અને આ રીતે=શબ્દો અને વિકલ્પો વચ્ચે કાર્યકારણતા છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે, "ગાયને લઈ આવ" એ પ્રકારના વચનથી=વક્તાના વચનથી, પ્રવૃત્તિની અનુપપત્તિ પણ નથી=શ્રોતાની ગાય લાવવા માટેની પ્રવૃત્તિની અઘટમાનતા પણ નથી. અને આ રીતે=શબ્દો અને વિકલ્પો વચ્ચે કાર્ય કારણભાવ સ્વીકારીએ એ રીતે, અનુમાનનો ઉચ્છેદ નથી; કેમ કે ત્યાં=અનુમાનપ્રયોગમાં, અનુભવસિદ્ધ પ્રમાવિશેષના કારણ એવા વ્યાપ્તિ આદિનો અબાધ છે, વળી આમાં=ભાષા નિર્ણાયિકા નથી એ કથનમાં, સંગતિબાધનું જ ઉક્તપણું હોવાથી ભાષા નિર્ણાયિકા નથી એ કથનમાં દોષ નથી, એ પ્રકારે અધ્યાહાર છે. એથી ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :–**

ઋજુસૂત્રાદિ પર્યાયાસ્તિકનય તાદાત્મ્ય અને તદુત્પત્તિ બે સંબંધ સ્વીકારે છે અને તેને સ્વીકારનાર બૌદ્ધદર્શનવાદી છે. તે કહે છે કે વસ્તુનો પોતાના સ્વરૂપ સાથે તાદાત્મ્યસંબંધ છે અને વસ્તુ ક્ષણિક હોવાથી પૂર્વ ક્ષણની વસ્તુનો ઉત્તર ક્ષણની વસ્તુ પ્રત્યે તદુત્પત્તિસંબંધ છે. એ સિવાય જગતમાં કોઈ વસ્તુનો પરસ્પર સંબંધ નથી અને ભાષા બોલનાર પુરુષની ભાષા અને ભાષાથી વાચ્ય અર્થ એ બે વચ્ચે તાદાત્મ્ય અને તદુત્પત્તિસંબંધ નથી, તેથી પુરુષ દ્વારા બોલાતા શબ્દો અને તે શબ્દોથી વાચ્ય અર્થ તે બે વચ્ચે અસંબંધ હોવાથી બોલાયેલા શબ્દોથી પ્રતિનિયત એવા અર્થનો બોધ થઈ શકે નહિ. માટે ભાષા અર્થની નિર્ણાયિકા નથી તેથી ભાષાને પ્રમાણભૂત સ્વીકારી શકાય નહિ.

આ પ્રકારે ઋજુસૂત્રનયની સૂક્ષ્મદષ્ટિથી એકાંતે કહેનારને કોઈ કહે કે જો ભાષાથી નિર્ણય થતો ન હોય તો ભાષા બોલનાર પુરુષ શબ્દોને જ બોલે નહિ; કેમ કે બોલનાર પુરુષનો આશય સામે વ્યક્તિને અર્થનો

બોધ કરાવવાનો છે અને તે નિર્ણય કરીને તે ચોક્કસ અર્થના બોધ અર્થે તે શબ્દોનો ઉચ્ચાર કરે છે, તેથી ભાષા નિર્ણાયિકા નથી તેમ કહેવાથી લોકમાં દૃષ્ટ એવા વ્યવહારની અસંગતિ થાય. તે અસંગતિના નિવારણ માટે ઋજુસૂત્રનયની દૃષ્ટિનું અવલંબન લેનાર બૌદ્ધદર્શનવાદી કહે છે કે લોકમાં કોઈકને બોધ કરાવવા અર્થે જે વચનપ્રયોગ થાય છે તે વિકલ્પોથી જ થાય છે અર્થાત્ વક્તાના ચિત્તમાં વિકલ્પ થાય કે આ શ્રોતાને મારે ઘટરૂપ વસ્તુને લાવવાનું કહેવું છે, તેથી ઘટરૂપ વસ્તુને અને લાવવાની ક્રિયારૂપ અર્થને સ્મૃતિમાં રાખીને 'ઘટમાનય' એ પ્રકારનો વિકલ્પ કરે છે અને તે વિકલ્પ સાંભળીને શ્રોતાને પણ તે શબ્દો દ્વારા તેવો જ વિકલ્પ થાય છે કે આ વક્તા મને ઘટ કર્મક આનયન ક્રિયા કરવાનું કહે છે, તેથી વક્તાના વિકલ્પથી શબ્દો ઉત્પન્ન થાય છે અને તે શબ્દોને સાંભળીને તે શ્રોતામાં પણ તેવા વિકલ્પો થાય છે તેથી લોકમાં શબ્દને આશ્રયીને શ્રોતાને બોધ કરાવવા અર્થે પ્રવૃત્તિ થાય છે તોપણ ઉચ્ચારણ કરાયેલા શબ્દો અને તે શબ્દોથી વાચ્ય એવા ઘટાદિ અર્થો વચ્ચે કોઈ સંબંધ નથી અને વિકલ્પથી જ શબ્દો દ્વારા બોધ કરાવવાનો વ્યવહાર પ્રવર્તે છે તેમાં બૌદ્ધદર્શનનાં વચનોની સાક્ષી આપે છે એ પ્રમાણે વક્તાના વિકલ્પની યોનિવાળા શબ્દો છે=વક્તાને અંદર થયેલો વિકલ્પ, અને તે વિકલ્પથી શબ્દો ઉત્પન્ન થયા છે અને તે વિકલ્પથી ઉત્પન્ન થયેલા શબ્દોની યોનિવાળા વિકલ્પો શ્રોતાને થાય છે અર્થાત્ તે શબ્દોથી શ્રોતામાં તે પ્રકારના વિકલ્પો થાય છે. તેથી શબ્દ અને વિકલ્પો વચ્ચે કાર્યકારણભાવ છે પરંતુ શબ્દો વાચ્ય અર્થને સ્પર્શતા નથી.

જેમ ચક્ષુનો દૃશ્ય પદાર્થ સાથે સન્મુખભાવરૂપે સંસર્ગ છે તેથી ચક્ષુથી દૃશ્ય એવા ઘટાદિનો બોધ થાય છે તેમ શબ્દો વાચ્ય અર્થને સ્પર્શતા નથી તેથી શબ્દોથી અર્થનો નિર્ણય થઈ શકે નહિ. વળી શબ્દો નિર્ણાયક નથી તેમ સ્વીકારવા છતાં શબ્દોથી થતો વ્યવહાર વિકલ્પો દ્વારા સંગત છે તેમ શબ્દોને સાંભળીને લોકવ્યવહારમાં પ્રવૃત્તિ પણ થાય છે તે સંગત થાય છે તે બતાવવા અર્થે બૌદ્ધદર્શનવાદી કહે છે –

કોઈ વક્તા કોઈ પુરુષને કહે કે ગાયને લઈ આવ તે વખતે વક્તાને ચિત્તમાં વિકલ્પો થયેલ કે ગાયરૂપ અર્થને લાવવાની ક્રિયા કરાવવા અર્થે હું આ પુરુષને આ શબ્દોથી બોધ કરાવું. એ પ્રકારનો વિકલ્પ કરીને 'ગામાનય' એ પ્રયોગ કરે છે અને તે શબ્દો સાંભળીને શ્રોતામાં પણ તે પ્રકારનો વિકલ્પ થાય છે કે આ પુરુષ મને ગાયરૂપ અર્થને લાવવાનું કહે છે અને તે વિકલ્પથી શ્રોતાની ગાયને લાવવારૂપ પ્રવૃત્તિ થાય છે માટે લોકમાં ભાષા દ્વારા પ્રવૃત્તિની અનુપપત્તિ નથી.

વળી જેમ બોલાયેલી ભાષા અને અર્થ વચ્ચે સંબંધ નથી તેથી ભાષા નિર્ણાયક નથી તોપણ ભાષાથી થતો લોકવ્યવહાર અને ભાષાથી થતી તે પ્રકારની પ્રવૃત્તિ સંગત થાય છે તેમ અનુમાનમાં પણ વ્યાપ્તિજ્ઞાન અને અનુમેય અર્થ વચ્ચે સંબંધ નહિ હોવાથી અનુમાનને પ્રમાણ સ્વીકારી શકાય નહિ, તોપણ લોકવ્યવહારમાં જે અનુમાનનો પ્રયોગ થાય છે તેનો ઉચ્છેદ થાય નહિ; કેમ કે અનુમાન કરનાર પુરુષને અનુભવસિદ્ધ એવા પર્વતમાં અગ્નિ છે એ પ્રકારના પ્રમાવિશેષના કારણ એવા ધૂમ અને વહ્નિ વચ્ચેના વ્યાપ્તિ આદિનો અબાધ છે તેથી લોકમાં પ્રસિદ્ધ અનુમાન વ્યવહારનો ઉચ્છેદ નથી.

અહીં પ્રશ્ન થાય કે જો શબ્દો દ્વારા થતો અર્થબોધ કરાવવાનો વ્યવહાર પ્રામાણિક હોય અને તે પ્રમાણે પ્રવૃત્તિ પણ થઈ શકતી હોય છતાં ભાષા નિર્ણાયક નથી તેમ બૌદ્ધદર્શનકાર કેમ કહે છે ? તેથી કહે છે -

ભાષા નિર્ણાયક નથી એ કથનમાં સંગતિના બાધનું ઉક્તપણું છે=ભાષા અને ભાષાથી વાચ્ય એ બે વચ્ચે કોઈ સંબંધ નથી તેથી ભાષાથી ક્યારેય અર્થનો નિર્ણય થઈ શકે નહિ. ફક્ત બોલનાર પુરુષના વિકલ્પો અનુસાર બોલાયેલા શબ્દોથી શ્રોતાને તેવા જ વિકલ્પો થાય છે તેથી ભાષાથી મને અર્થનો બોધ થયો છે તેવો ભ્રમ થાય છે, વસ્તુતઃ ઇન્દ્રિયો સાથે વિષયનો સંબંધ થાય છે, તેથી ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ દેખાતી વસ્તુનો બોધ થાય છે એમ ભાષા અને અર્થ વચ્ચે કોઈ સંબંધ નથી તેથી ભાષાથી કોઈ વસ્તુનો નિર્ણય થઈ શકે નહિ એ પ્રકારના આશયથી ઋજુસૂત્રનયનું અવલંબન કરનાર બૌદ્ધદર્શનવાદી ભાષાને અપ્રમાણ કહે છે. આ પ્રકારના બૌદ્ધદર્શનકારના કથનના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**ओहारिणी य एसा सुआउ णायं इमं ति ववहारा ।**
**संभावणा य निण्णयहेउअसज्झ त्ति दट्ठव्वं ।।१४।।**

**છાયા :-**

**अवधारिणी चैषा श्रुताज्ज्ञातमेतदिति व्यवहारात् ।**
**सम्भावना च निर्णयहेत्वसाध्येति द्रष्टव्यम् ।।१४।।**

**અન્વયાર્થ :-**

**य एसा=અને આ=પૂર્વમાં કહેલ ભાષા, ओहारिणी=અવધારિણી છે=નિશ્ચાયિકા છે; सुआउ णायं इमं ति ववहारा=કેમ કે શ્રુતથી આ જ્ઞાત છે એ પ્રકારનો વ્યવહાર છે, य निण्णयहेउअसज्झ त्ति संभावणा=અને નિર્ણયના હેતુથી અસાધ્ય સંભાવના છે=ભાષા નિર્ણયનો હેતુ હોવાથી ભાષાથી સંભાવના સાધ્ય નથી નિર્ણય સાધ્ય છે એ પ્રમાણે, दट्ठव्वं=જાણવું. ।।૧૪।।**

**ગાથાર્થ :-**

**અને આ=પૂર્વમાં કહેલ ભાષા, અવધારિણી છે=નિશ્ચાયિકા છે; કેમ કે શ્રુતથી આ જ્ઞાત છે એ પ્રકારનો વ્યવહાર છે અને નિર્ણયના હેતુથી અસાધ્ય સંભાવના છે=ભાષા નિર્ણયનો હેતુ હોવાથી ભાષાથી સંભાવના સાધ્ય નથી નિર્ણય સાધ્ય છે એ પ્રમાણે જાણવું. ।।૧૪।।**

**ટીકા :-**

एषा च=भाषा, अवधारिणी=निश्चायिका, पदपदार्थयोः संकेतरूपसम्बन्धव्यवस्थापनेन हेत्वनुपपत्ति-निरासात्, न चानाकांक्षादिपदेष्वप्रत्यायकत्वदर्शनादन्यत्राऽपि प्रमाणत्वसंशयः; प्रत्यक्षेऽपि तदनुद्धारात्, न च शास्त्रोक्तार्थानां विसंवाददर्शनात्तदप्रामाण्यम्; तद्विसंवादस्यैवासिद्धेः; क्वचिद्विहित-कर्मणः फलाभावस्यांगवैकल्याद्यधीनत्वादिति दिग् ।

**ટીકાર્થ :-**

**एषा ..... दिग् । અને આ ભાષા અવધારિણી છે=નિશ્ચાયિકા છે=પદાર્થનો નિર્ણય કરાવનાર છે.**

અહીં પ્રશ્ન થાય કે અવતરણિકામાં બૌદ્ધ મતાનુસાર કહેલ કે ભાષા નિર્ણાયિકા નથી તેથી ભાષા નિર્ણાયિકા છે; એમ કેમ કહી શકાય ? માટે બૌદ્ધે આપેલ હેતુનો કઈ રીતે નિરાસ થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

**પદ અને પદાર્થના=ઉચ્ચારણ કરાયેલાં ભાષાનાં પદો અને તેનાથી વાચ્ય અર્થરૂપ પદાર્થ તે બેના સંકેતરૂપ સંબંધના વ્યવસ્થાપનથી હેતુની અનુપપત્તિનો નિરાસ છે=ભાષા નિર્ણયનો હેતુ છે એ પ્રકારના હેતુની અનુપપત્તિનો નિરાસ છે અને અનાકાંક્ષાદિ પદોમાં અપ્રત્યાયકત્વનું દર્શન હોવાથી=કોઈ વક્તા દ્વારા 'दण्डेन पश्य' ઈત્યાદિ પ્રયોગ કરાય ત્યારે 'पश्य'ની સાથે 'दण्डेन' શબ્દની આકાંક્ષાની પ્રાપ્તિ નથી તેવાં અનાકાંક્ષાદિ પદોમાં બોલાયેલી ભાષા અનિર્ણાયિકા છે તેવું દર્શન હોવાથી, અન્યત્ર પણ=આકાંક્ષાદિવાળાં પદોમાં પણ, પ્રમાણત્વનો સંશય છે એમ ન કહેવું; કેમ કે પ્રત્યક્ષમાં પણ તેનો અનુદ્ધાર છે=પ્રત્યક્ષમાં પણ ચક્ષુદોષને કારણે કે પદાર્થની દૂરવર્તિતાને કારણે વિપરીત બોધ થાય છે તે દર્શનથી પ્રત્યક્ષમાં પણ પ્રમાણત્વનો સંશય અનુદ્ધાર છે અને શાસ્ત્રોક્ત અર્થોનો વિસંવાદ દેખાતો હોવાથી=શાસ્ત્રોમાં જે પદાર્થો કહ્યા હોય તે પ્રમાણે પ્રવૃત્તિ કરવા છતાં એ પ્રમાણે ફળની અપ્રાપ્તિનું દર્શન થતું હોવાથી, તેનું=શબ્દોનું, અપ્રામાણ્ય છે, એમ ન કહેવું; કેમ કે તેના વિસંવાદની જ=શાસ્ત્રમાં કહેલા અર્થના વિસંવાદની જ અસિદ્ધિ છે.**

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં કહેલ છે કે ધર્મના સેવનથી ધનાર્થીને ધનની પ્રાપ્તિ થાય છે, કામાર્થીને કામની પ્રાપ્તિ થાય છે અને પરંપરાએ તે ધર્મ મોક્ષનું સાધન છે. આ વચન અનુસાર શાસ્ત્રમાં વિહિત અનુષ્ઠાન કોઈ પુરુષ કરે છતાં ધનરૂપ ફળની પ્રાપ્તિ થતી દેખાતી નથી, તેથી શાસ્ત્રના વિસંવાદની અસિદ્ધિ નથી. તેના નિરાકરણ માટે બીજો હેતુ કહે છે –

**ક્વચિત્ વિહિત કર્મના ફળાભાવનું અંગવૈકલ્યાદિને અધીનપણું છે, એ પ્રમાણે દિશા છે.**

**ભાવાર્થ :-**

ઋજુસૂત્રનયને અવલંબીને એકાંત દૃષ્ટિથી ચાલનાર બૌદ્ધદર્શન અનુસાર અવતરણિકામાં કહેલ કે ભાષા નિર્ણાયિકા નથી તેવું નિરાકરણ વ્યવહારનયની દૃષ્ટિથી કરતાં ગાથામાં કહ્યું કે આ ભાષા=તદર્થનો જ્ઞાતા હોય અને તદર્થમાં ઉપયુક્ત હોય એવો વક્તા જે બોલે છે તે ભાવભાષા છે એમ ગાથા-૧૩માં કહેલ એ ભાષા, અવધારિણી છે=વક્તાના બોધ અનુસાર શ્રોતાને પદાર્થનો યથાર્થ નિર્ણય કરાવનારી છે.

અહીં પ્રશ્ન થાય કે અવતરણિકામાં કહેલ કે ભાષામાં અર્થની સાથે તાદાત્મ્ય અને તદુત્પત્તિસંબંધ નથી તેથી ભાષાથી અર્થનો બોધ થઈ શકે નહિ માટે ભાષા નિશ્ચાયિકા છે એ હેતુની અનુપપત્તિ છે. તેનું નિરાકરણ કરતાં કહે છે –

બોલાયેલા શબ્દો અને તેનાથી વાચ્ય અર્થો એ બે વચ્ચે સંકેતરૂપ સંબંધ છે તેથી સાંભળનારને તે પદ દ્વારા સંકેતરૂપ સંબંધથી તે વાચ્ય અર્થ સાથે તે પદના સંબંધની ઉપસ્થિતિ થાય છે તેથી ભાષા અને અર્થ વચ્ચે સંબંધ નથી તેમ કહીને જે હેતુની અનુપપત્તિ બૌદ્ધદર્શનકાર કરે છે તેનો નિરાસ થાય છે તેથી ભાવભાષા નક્કી યથાર્થ અર્થનો બોધ કરાવે છે.

અહીં કોઈ કહે કે જેમ 'वह्निना सिञ्चति' તે સ્થાનમાં સિંચન ક્રિયાને અગ્નિની સાથે આકાંક્ષા નથી, તેથી તે વચન દ્વારા નિર્ણય થતો નથી તેમ દેખાય છે તે રીતે અન્ય ભાષાવચનોમાં પણ પ્રમાણત્વનો સંશય થશે અર્થાત્ 'वह्निना सिञ्चति' એ વચન જેમ અપ્રમાણભૂત છે તેમ અન્ય સર્વભાષામાં પણ પ્રમાણત્વનો સંશય થશે તેનું નિરાકરણ કરતાં કહે છે –

પ્રત્યક્ષમાં પણ પ્રમાણત્વના સંશયનો અનુદ્ધાર છે.

આશય એ છે કે બૌદ્ધદર્શન પ્રત્યક્ષને પ્રમાણ સ્વીકારે છે; કેમ કે ઇન્દ્રિયોનો વિષય સાથે સંબંધ છે, તેથી ઇન્દ્રિયો દ્વારા વિષયનો નિર્ણય થાય છે અને બોલાયેલી ભાષાનો અર્થની સાથે સંબંધ નથી, તેથી ભાષા દ્વારા અર્થનો નિર્ણય થઈ શકે નહિ તેમ કહે છે. તેને ગ્રંથકારશ્રીએ ભાષા અને અર્થ વચ્ચે સંકેતરૂપ સંબંધ છે તેમ બતાવીને આપ્ત પુરુષથી બોલાયેલી ભાષા નિર્ણાયિકા છે તેમ કહ્યું ત્યાં બૌદ્ધદર્શનકાર તરફથી યુક્તિ આપવામાં આવી કે જેમ અનાકાંક્ષાદિ પદો હોતે છતે તે ભાષાથી નિર્ણય થતો નથી, તેથી શંકા થાય કે અન્ય ભાષાથી પણ નિર્ણય થઈ શકે નહિ અર્થાત્ જેમ 'वह्निना सिञ्चति' તે પદોથી બોધ થતો નથી અથવા તદર્થનો જ્ઞાતા ન હોય અથવા તદર્થનો જ્ઞાતા હોય છતાં શ્રોતાને બોધ થાય તે પ્રકારે તે વચનોને કહેનાર ન હોય તેનાં વચનોથી કોઈ સ્પષ્ટ બોધ થતો નથી તેમ સર્વ વચનોથી પણ સ્પષ્ટ નિર્ણય થાય છે કે નહિ એ પ્રકારનો સંશય થઈ શકે છે. તેમ પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

પ્રત્યક્ષમાં પણ ક્યારેક ઇન્દ્રિયોના દોષને કારણે સ્પષ્ટ નિર્ણય થતો નથી આથી જ દૂરવર્તી પદાર્થને જોઈને આ વસ્તુ શું છે ? તેનો નિર્ણય થતો નથી તેમ સર્વપ્રત્યક્ષમાં પણ પ્રમાણત્વનો સંશય થઈ શકે.

અહીં પૂર્વપક્ષી કહે કે ઇન્દ્રિયાદિનો દોષ ન હોય અને વસ્તુ યોગ્ય દેશમાં હોય તો પ્રત્યક્ષથી યથાર્થ નિર્ણય થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

તેની જેમ બોલનાર પુરુષને પદાર્થનો નિર્ણય હોય અને પોતાના બોધને અનુરૂપ ઉચિત ભાષાથી શ્રોતાને તે પદાર્થ કહેતો હોય તો શ્રોતાને પણ તે વચનોથી યથાર્થ નિર્ણય થઈ શકે છે અને તે પ્રમાણે સર્વજ્ઞકથિત શાસ્ત્રવચનોથી યોગ્ય જીવોને પદાર્થનો યથાર્થ નિર્ણય થઈ શકે છે માટે ભાષા નિશ્ચાયિકા છે.

અહીં પૂર્વપક્ષી કહે કે શાસ્ત્રમાં કહેલા અર્થોનો વિસંવાદ દેખાય છે તેથી શાસ્ત્રોનું અપ્રામાણ્ય છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્ર સર્વજ્ઞકથિત છે અને સર્વજ્ઞ રાગાદિ રહિત હોવાથી તેમનાં વચનોમાં વિસંવાદની અસિદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રવચનાનુસાર કોઈ મહાત્મા તે ક્રિયાઓ કરે છે છતાં તે ક્રિયાનું ફળ તે ક્રિયાઓ કરનાર મહાત્માને કાંઈ પ્રાપ્ત થતું નથી એવું પણ દેખાય છે. જેમ શાસ્ત્રમાં કહ્યું છે કે અરિહંત આદિ

પાંચને કરાયેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે અને સર્વમંગલોમાં પ્રથમ મંગલ છે અને તે વચનાનુસાર કોઈ નમસ્કારનું સ્મરણ કરીને સંસારની કોઈ ક્રિયા કરે તો મંગળના બળથી અવશ્ય કાર્યસિદ્ધિ થવી જોઈએ અને તેનાથી કાર્યસિદ્ધિરૂપ ફળનો અભાવ પણ પ્રત્યક્ષથી દેખાય છે તેથી શાસ્ત્રના વચનમાં વિસંવાદની સિદ્ધિ છે. એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

ક્વચિત્ વિહિતકર્મથી ફળના અભાવની પ્રાપ્તિ દેખાય છે તે, તે ક્રિયાના કોઈક અંગવૈકલ્યાદિને આધીન છે અર્થાત્ નમસ્કાર કરનાર પુરુષ જે પ્રકારે નમસ્કાર માટેની શાસ્ત્રવિધિ છે તે વિધિમાં તે રીતે ઉપયુક્ત ન હોય તો તે વિધિના તે અંગના અભાવને કારણે ફળનો અભાવ થાય છે અને અંગવૈકલ્યાદિમાં આદિ પદથી બળવાન પ્રતિબંધક કર્મનું ગ્રહણ છે તેથી કોઈ પુરુષ વિહિત અનુષ્ઠાન અંગસાકલ્યથી કરે તોપણ તેટલા પ્રયત્નથી અનિવર્તનીય હોય એવાં બળવાન કર્મ વિદ્યમાન હોય તો ફળની વિકલતાની પ્રાપ્તિ થાય છે.

જેમ શાસ્ત્રમાં કહ્યું છે કે સાધુના સંયમના યોગથી જ સાધુને લાભાન્તરાય કર્મનો ક્ષયોપશમ થાય છે તેથી દુર્લભ પણ ભિક્ષા તેઓને યોગના માહાત્મ્યથી સુખપૂર્વક પ્રાપ્ત થાય છે, આમ છતાં શાસ્ત્રવિધિ અનુસાર સંયમ પાળનાર ઢંઢણઋષિ કે શાસ્ત્રવિધિ અનુસાર યત્ન કરનાર ઋષભદેવ ભગવાન હતા છતાં પૂર્વભવમાં તે પ્રકારનાં વિશિષ્ટ અંતરાયકર્મો બાંધેલાં જેથી તેઓના સંયમના અનુષ્ઠાનથી પણ ભિક્ષાની પ્રાપ્તિ સુલભ થઈ નહિ. તોપણ જેઓનાં તેવાં વિશિષ્ટ કર્મો નથી તેઓ શાસ્ત્રમાં વિહિત ક્રિયાઓ ન કરે તો ફળની પ્રાપ્તિ થાય નહિ અને શાસ્ત્રમાં વિહિત ક્રિયાઓ અંગસાકલ્યથી કરે તો અવશ્ય ફળની પ્રાપ્તિ થાય છે માટે શાસ્ત્રમાં કહેલા અર્થોનો ક્યાંય વિસંવાદ નથી તેથી આપ્ત પુરુષોથી કહેવાયેલી ભાષા અવધારિણી છે, તેમ સિદ્ધ થાય છે.

'अथ'થી ગાથાના આગળના ભાગનું ઉત્થાન કરતાં કહે છે –

**ટીકા :-**

**अथास्तु शब्दप्रामाण्यं तथाऽपि न स्वतन्त्रतया किन्तु अनुमानविधया न च शब्दस्यार्थाऽव्याप्यत्वात्-कथं ततस्तदनुमानमिति वाच्यम्, एते पदार्था मिथः संसर्गवन्तः, आकाङ्क्षादिमत्पदस्मारितत्वादि-त्यादिदिशाऽनुमानादिति चेत् ? अत्राह–श्रुतात् ज्ञातमेतदिति व्यवहारात् । यथाहि अनुमिनोमीति धिया प्रमाविशेषसिद्धेः प्रमाणान्तरसिद्धिस्तथा शब्दात्प्रत्येमीति धिया प्रमाविशेषसिद्धेः तत्राऽपि प्रमाणान्तरसिद्धिरप्रत्यूहैव, व्याप्त्यादिज्ञानं विनाऽपि शब्दादाहत्यार्थप्रतीतेश्च न तस्यानुमानत्वमिति दिग् ।**

**ટીકાર્થ :-**

**अथास्तु ..... दिग् । શબ્દનું પ્રામાણ્ય હો=પૂર્વમાં કહ્યું કે ભાષા અવધારિણી છે તે વચનાનુસાર શબ્દનું પ્રામાણ્ય હો ! તોપણ સ્વતન્ત્રપણાથી શબ્દનું પ્રામાણ્ય નથી, અનુમાનપ્રકારથી શબ્દનું**

**પ્રામાણ્ય છે. અને શબ્દનું અર્થની સાથે અવ્યાપ્યપણું હોવાથી કેવી રીતે તેનાથી=શબ્દથી, તેનું અનુમાન થાય=અર્થનું અનુમાન થાય ? એ પ્રમાણે ન કહેવું; કેમ કે આ પદો અને આ અર્થો પરસ્પર સંસર્ગવાળા છે; કેમ કે આકાંક્ષા આદિ પદથી સ્મારિતપણું છે ઈત્યાદિ દિશાથી અનુમાન થાય છે એ પ્રમાણે કોઈ કહે=શબ્દો અનુમાન દ્વારા બોધ કરાવે છે સ્વતન્ત્ર નહિ એ પ્રમાણે કોઈ કહે, એમાં=આ પ્રકારની શંકામાં, ગાથાના બીજા પાદથી કહે છે –**

**શ્રુતથી આ જ્ઞાત છે એ પ્રકારનો વ્યવહાર હોવાથી=શાસ્ત્રવચનોથી આ જ્ઞાત છે એ પ્રકારનો વ્યવહાર હોવાથી, અનુમાનથી અતિરિક્ત શબ્દનું પ્રમાણપણું છે એમ અન્વય છે.**

અનુમાનથી અતિરિક્ત શબ્દનું પ્રમાણપણું છે, એ કથન 'યથાહિ'થી સ્પષ્ટ કરે છે –

**અનુમાન કરું છું એ પ્રકારની બુદ્ધિથી પ્રમાવિશેષની સિદ્ધિ હોવાને કારણે=પ્રત્યક્ષબોધથી ભિન્ન પ્રકારના બોધની સિદ્ધિ હોવાને કારણે, પ્રમાણાન્તરની સિદ્ધિ છે=પ્રત્યક્ષ પ્રમાણ કરતાં અનુમાનપ્રમાણ ભિન્ન પ્રમાણ છે એ પ્રકારના પ્રમાણાન્તરની સિદ્ધિ છે. તે પ્રમાણે શબ્દથી હું જાણું છું એ પ્રકારની બુદ્ધિથી પ્રમાવિશેષની સિદ્ધિ હોવાને કારણે=અનુમાનના બોધ કરતાં શબ્દથી થતા બોધના ભેદની સિદ્ધિ હોવાને કારણે, ત્યાં પણ=શબ્દથી થતા બોધમાં પણ, પ્રમાણાન્તરની સિદ્ધિ અપ્રત્યૂહ જ છે=અનુમાનપ્રમાણ કરતાં ભિન્ન એવા આગમપ્રમાણની સિદ્ધિ અનિરાકૃત જ છે અને વ્યાપ્તિ આદિ જ્ઞાન વગર પણ=પૂર્વમાં શંકાકારે કહ્યું કે આ પદો અને આ અર્થો પરસ્પર સંસર્ગવાળાં છે; કેમ કે આકાંક્ષાદિ પદથી સ્મારિતપણું છે એ પ્રકારના અનુમાનમાં બતાવાયેલ વ્યાપ્તિ આદિ જ્ઞાન વગર પણ, શબ્દથી તરત જ અર્થની પ્રતીતિ હોવાને કારણે તેનું=શબ્દથી થતા બોધનું, અનુમાનપણું નથી એ પ્રકારે દિશા છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં એકાંત ક્ષણિકવાદ માનનાર ઋજુસૂત્રનય અનુસાર તાદાત્મ્ય અને તદુત્પત્તિસંબંધ સિવાય અન્ય સંબંધ નથી તેમ સ્વીકારીને ભાષા નિર્ણાયિકા નથી એમ જે કોઈક માને છે તેનું નિરાકરણ કરીને સ્થાપન કર્યું કે તદર્થનો જ્ઞાતા, તદર્થમાં ઉપયુક્ત એવો જે વક્તા ભાષા બોલે છે તે ભાષા નિશ્ચાયિકા છે આથી જ સર્વજ્ઞનાં વચનો અર્થનો નિશ્ચય કરાવનાર છે. ત્યાં કેટલાક તાર્કિકો કહે છે કે યથાર્થ વક્તાથી બોલાયેલા શબ્દોથી પ્રમાણભૂત બોધ થાય છે તેથી શબ્દો પ્રમાણ છે તોપણ તેનો અંતર્ભાવ અનુમાનમાં થઈ શકે છે તેથી અનુમાનથી અતિરિક્ત શબ્દને સ્વતન્ત્ર પ્રમાણ સ્વીકારવું ઉચિત નથી.

અહીં પ્રશ્ન થાય કે અનુમાનપ્રમાણમાં તો અગ્નિ સાથે ધૂમથી વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે તે રીતે બોલાયેલા શબ્દોની અર્થની સાથે વ્યાપ્તિ નથી, તેથી બોલાયેલા શબ્દોના બળથી અર્થનું અનુમાન કઈ રીતે થઈ શકે ? તેનું સમાધાન કરતાં પૂર્વપક્ષી કહે છે –

આ પદો અને આ અર્થો પરસ્પર સંસર્ગવાળાં છે અર્થાત્ કોઈ પુરુષ કોઈ શબ્દ ઉચ્ચારણ કરે તે પદો અને તે પદોથી વાચ્ય અર્થ એ બેનો સંસર્ગ છે; કેમ કે બોલનાર પુરુષ આકાંક્ષા આદિવાળાં પદો બોલે છે તેનાથી

સ્મારિતપણું અર્થોમાં છે. જેમ ધૂમથી સ્મારિતપણું અગ્નિમાં છે તેથી ધૂમને જોઈને અગ્નિનું અનુમાન થાય છે તેમ બોલનાર પુરુષ આકાંક્ષાદિવાળાં પદો બોલે છે તેનાથી સ્મારિતપણું તે પદોથી વાચ્ય અર્થમાં છે. તેથી શ્રોત્રેન્દ્રિય દ્વારા સંભળાયેલા શબ્દોથી વાચ્ય અર્થનું અનુમાન થાય છે. એ પ્રકારની પદ્ધતિથી શબ્દોથી થયેલા અર્થબોધમાં પણ અનુમાનનો પ્રયોગ થઈ શકે છે. માટે અનુમાનથી અતિરિક્ત શબ્દને પ્રમાણ સ્વીકારવું ઉચિત નથી પરંતુ અનુમાનમાં જ શબ્દપ્રમાણનો અંતર્ભાવ કરવો ઉચિત છે.

આનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્રુતથી આ જ્ઞાત છે એ પ્રકારનો વ્યવહાર છે તેથી અનુમાનથી આ જ્ઞાત છે એ વ્યવહાર કરતાં શ્રુતથી આ જ્ઞાત છે એ પ્રકારના વ્યવહારને પૃથક્ સ્વીકારવો જોઈએ માટે અનુમાનપ્રમાણથી અતિરિક્ત શબ્દપ્રમાણ છે તેમ માનવું જોઈએ.

ગાથાના આ કથનને જ ટીકાકારશ્રી 'यथा'થી સ્પષ્ટ કરે છે –

કોઈ પુરુષ પર્વતમાં ધૂમને જોઈને અનુમાન કરે ત્યારે હું અનુમાન કરું છું એ પ્રકારની બુદ્ધિ થાય છે, તેથી ધૂમમાં જેમ પ્રત્યક્ષના બોધની સિદ્ધિ છે તેમ તેના કરતાં ભિન્ન એવી અનુમાનની સિદ્ધિ અગ્નિના બોધમાં છે, તેથી પ્રત્યક્ષથી ભિન્ન એવું અનુમાનપ્રમાણ સિદ્ધ થાય છે, તેમ કોઈ પુરુષને આપ્ત પુરુષના વચનથી કે શાસ્ત્રથી બોધ થાય છે ત્યારે તેને બુદ્ધિ થાય છે કે શાસ્ત્રવચનોના શબ્દોથી હું આ બોધ કરું છું તેથી તે બોધ અનુમાન કરતાં ભિન્ન પ્રકારનો છે તેમ સિદ્ધ થાય છે, તેથી તે બોધમાં પણ અનુમાનપ્રમાણ કરતાં પ્રમાણાન્તરની સિદ્ધિ દૂર કરી શકાય તેમ નથી.

આ રીતે અનુભવને અનુરૂપ વ્યવહારથી અનુમાનપ્રમાણ કરતાં શબ્દપ્રમાણ ભિન્ન છે તેમ સ્થાપન કર્યું. હવે પૂર્વમાં કોઈકે કહેલ કે આ પદો અને આ અર્થો પરસ્પર સંસર્ગવાળાં છે; કેમ કે આકાંક્ષા આદિવાળાં પદોથી અર્થોમાં સ્મારિતપણું છે તે કથન પણ ઉચિત નથી તે બતાવવા અર્થે કહે છે –

શબ્દોને સાંભળીને અર્થબોધ કરનાર પુરુષને શબ્દો અને અર્થો વચ્ચે વ્યાપ્તિનું જ્ઞાન અને પરામર્શ કર્યા વગર પણ તરત જ શબ્દોને સાંભળીને અર્થનો બોધ થાય છે એ પ્રકારની પણ લોકમાં પ્રતીતિ છે. તેથી શબ્દથી થતા બોધને અનુમાનમાં અંતર્ભાવ કરી શકાય નહિ; કેમ કે શબ્દને સાંભળ્યા પછી તેને આશ્રયીને અનુમાન કરવાની આકાંક્ષા જેને હોય તેવો પુરુષ પક્ષ કરે કે આ પદો અને આ અર્થો સંસર્ગવાળાં છે અને તે પદો સાથે અર્થનો સંસર્ગ સિદ્ધ કરવા માટે હેતુ કરે કે બોલાયેલાં પદો આકાંક્ષાવાળાં છે તેથી તે પદોથી તે અર્થો સ્મારિત થાય છે પરંતુ જે પુરુષને તે પ્રકારે અનુમાન કરવાની જિજ્ઞાસા નથી તે પુરુષ શબ્દને સાંભળીને તરત જ અર્થનો નિર્ણય કરે છે માટે અનુમાનપ્રમાણ કરતાં શબ્દપ્રમાણ સ્વતન્ત્ર પ્રમાણરૂપે સ્વીકારવું જોઈએ.

નાસ્તિક અનુમાનપ્રમાણ સ્વીકારતો નથી પરંતુ જ્યાં જ્યાં અનુમાન કરાય છે ત્યાં ત્યાં સંભાવનાથી જ પ્રવૃત્તિ છે એમ કહીને શબ્દને પણ અપ્રમાણ કહે છે, તે નાસ્તિકમતનું નિરાકરણ કરવા અર્થે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે. તેનું ઉત્થાન કરતાં ટીકાકારશ્રી કહે છે –

**ટીકા :-**

**लौकायतिकस्त्वाह—अनुमानमपि न प्रमाणं, कुतस्तरां शब्दः ? धूमादिदर्शनानन्तरमग्न्यादिव्यवहारस्याऽपि सम्भावनयैवोपपत्तेरिति । तत्राह—सम्भावना च निर्णयहेत्वसाध्येति द्रष्टव्यम् । सम्भावना हि संशयरूपैव, सा च न परामर्शादिनिश्चयहेतुसाध्या, निश्चयसामग्र्यां सत्यां संशयानुत्पादात्, अन्यथा वक्रकोटरादिज्ञाने सत्यपि स्थाणौ पुरुषत्वसंशयोत्पादप्रसङ्गात् ।**

**अथ भावांशे उत्कटकोटिकसंशय एव संभावना, उत्कटत्वं च निष्कम्पप्रवृत्तिप्रयोजको धर्मविशेषः, तत्प्रयोजकतया च धूमदर्शनाद्यादरः, न च धूमादेरग्न्यादिसम्भावनाहेतुत्वे गौरवम्, तदभावाप्रकारकत्वघटितनिश्चयत्वाऽपेक्षया तदभावप्रकारकत्वघटितसंशयत्वस्य लघुत्वादिति चेत् ? न संशयव्यावृत्तानुमितित्वस्यैव व्याप्तिज्ञानादिजन्यतावच्छेदकत्वात्, सम्भावनायास्तज्जन्यत्वे तद्घटितनिश्चयसामग्रीप्रतिबध्यतावच्छेदककोटावनुत्कटकोटिकत्वादिप्रवेशे गौरवात्, 'इदमित्थमेवे'त्यवधारणस्य, 'न सन्देह्मि किन्तु निश्चिनोमी'त्याद्यनुव्यवसायस्य चानुपपत्तेरित्यन्यत्र विस्तरः ।**

**तदिदमभिप्रेत्योक्तं भगवता श्यामाचार्येण –** "से नूणं भंते! मन्नामीति ओहारिणी भासा, चिंतेमीति ओहारिणी भासा, अह मन्नामीति ओहारिणी भासा, अह चिंतेमीति ओहारिणी भासा, तह मन्नामीति ओहारिणी भासा, तह चिंतेमीति ओहारिणी भासा ? हंता गोयमा! मण्णामीति ओहारिणी भासा, चिंतेमीति ओहारिणी भासा, अह मण्णामीति ओहारिणी भासा, अह चिंतेमीति ओहारिणी भासा, तह मण्णामीति ओहारिणी भासा, तह चिंतेमीति ओहारिणी भास" **त्ति (प्र. भा. प. सू. १६१) ।।१४।।**

**ટીકાર્થ :-**

**लौकायतिकस्त्वाह.....** भास' **त्ति ।। લોકાયતિક=લોકમાં પ્રત્યક્ષથી દેખાતું પ્રમાણ સ્વીકારનાર એવો નાસ્તિક, વળી કહે છે – અનુમાન પણ પ્રમાણ નથી તો શબ્દ ક્યાંથી પ્રમાણ થાય ?**

કેમ અનુમાન પ્રમાણ નથી ? તેમાં નાસ્તિક યુક્તિ આપે છે –

**ધૂમાદિ દર્શન પછી અગ્નિ આદિના વ્યવહારની પણ સંભાવનાથી જ ઉપપત્તિ છે. ઈતિ શબ્દ નાસ્તિકના કથનની સમાપ્તિ માટે છે.**

**ત્યાં=નાસ્તિકના તે કથનમાં, કહે છે=ગાથાના બીજા પાદથી કહે છે – અને સંભાવના નિર્ણયના હેતુથી અસાધ્ય છે=ધૂમાદિનું જે દર્શન છે તે અગ્નિના નિર્ણયનો હેતુ છે તેનાથી સંભાવના સાધ્ય નથી પરંતુ નિર્ણયના હેતુથી સાધ્ય નિર્ણય જ છે એ પ્રમાણે જાણવું.**

નિર્ણયના હેતુ એવા ધૂમથી અગ્નિની સંભાવના કેમ સાધ્ય નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**સંભાવના સંશયરૂપ જ છે અને તે=સંશયરૂપ સંભાવના, પરામર્શ આદિ નિશ્ચયના હેતુથી સાધ્ય**

**નથી; કેમ કે નિશ્ચયની સામગ્રી હોતે છતે સંશયનો અનુત્પાદ છે=પર્વતમાં અગ્નિ આદિના નિશ્ચયની સામગ્રીરૂપ ધૂમાદિનું દર્શન હોતે છતે અગ્નિના સંશયનો અનુત્પાદ છે અન્યથા=નિશ્ચયની સામગ્રીથી પણ સંશયરૂપ સંભાવના થાય છે તેમ સ્વીકારવામાં આવે તો, વક્ર એવા કોટર આદિનું જ્ઞાન થયે છતે પણ=દૂરથી વૃક્ષને જોઈને શંકા થયેલી હોય કે આ વૃક્ષ છે કે પુરુષ છે, ત્યારપછી નજીકમાં જવાથી દેખાય કે વક્ર એવા કોટર આદિ પુરોવર્તી વસ્તુમાં છે તેથી સ્થાણુ છે, છતાં ત્યાં પુરુષત્વના સંશયના ઉત્પાદનો પ્રસંગ પ્રાપ્ત થાય.**

**ભાવ અંશમાં ઉત્કટ કોટિક સંશય જ સંભાવના છે અને ઉત્કટપણું નિષ્કંપ પ્રવૃત્તિનું પ્રયોજક ધર્મવિશેષ છે અને તેના પ્રયોજકપણાથી=નિષ્કંપપ્રવૃત્તિના પ્રયોજકપણાથી, ધૂમ દર્શનાદિનો આદર કરાય છે=સાધ્યના અર્થીનો તેના ઉપાયભૂત ધૂમદર્શનનો નિર્ણય કરીને અગ્નિ અર્થે પ્રવૃત્તિ કરાય છે અને ધૂમાદિનું અગ્નિ આદિના સંભાવનાના હેતુપણામાં ગૌરવ નથી; કેમ કે તદ્ અભાવ અપ્રકારકત્વ ઘટિત નિશ્ચયત્વની અપેક્ષાએ=સાધ્ય અભાવના અપ્રકારકત્વ ઘટિત નિશ્ચયત્વની અપેક્ષાએ, તદ્ અભાવ પ્રકારકત્વ ઘટિત સંશયત્વનું=સાધ્ય અભાવ પ્રકારકત્વ ઘટિત સંશયત્વનું, લઘુપણું છે. એ પ્રમાણે 'અથ'થી નાસ્તિક કહે તો ગ્રંથકારશ્રી કહે છે –**

**નાસ્તિકનું તે વચન ઉચિત નથી; કેમ કે સંશયથી વ્યાવૃત્ત અનુમિતિત્વનું જ વ્યાપ્તિજ્ઞાનાદિ જન્યતા અવચ્છેદકપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે વ્યાપ્તિજ્ઞાનથી પદાર્થના નિશ્ચયવાળી અનુમિતિ થાય છે કે સંભાવનાની અનુમિતિ થાય છે તેમાં વિનિગમક કોણ છે ? તેથી વ્યાપ્તિજ્ઞાનાદિથી સંભાવના સ્વીકારવામાં ગૌરવ છે તે બતાવવા અર્થે કહે છે –

**સંભાવનાનું તજ્જન્યત્વ હોતે છતે=સંભાવનાનું વ્યાપ્તિજ્ઞાનથી જન્યપણું હોતે છતે, તદ્ ઘટિત નિશ્ચયસામગ્રીની પ્રતિબધ્યતા અવચ્છેદક કોટિમાં=વ્યાપ્તિજ્ઞાનાદિ ઘટિત અનુમિતિના નિશ્ચયની સામગ્રીની પ્રતિબધ્યતા અવચ્છેદક કોટિમાં, અનુત્કટ કોટિકત્વ આદિના પ્રવેશમાં ગૌરવ હોવાથી સંભાવનાને વ્યાપ્તિજ્ઞાનાદિ જન્યતા અવચ્છેદક સ્વીકારી શકાય નહિ એમ અન્વય છે.**

વળી યુક્તિથી પણ વ્યાપ્તિજ્ઞાન દ્વારા સંશય રહિત અનુમિતિ થાય છે તે બતાવવા અર્થે કહે છે –

**આ આમ જ છે=ધૂમાદિની વ્યાપ્તિ દ્વારા પર્વતમાં અગ્નિનો નિર્ણય કર્યા પછી પર્વતમાં અગ્નિ છે જ, એ પ્રકારના અવધારણની અને હું સંદેહ કરતો નથી પરંતુ નિશ્ચય કરું છું, ઈત્યાદિ અનુવ્યવસાયની અનુપપત્તિ હોવાથી વ્યાપ્તિજ્ઞાનથી નિર્ણય થાય છે પરંતુ સંભાવના થતી નથી એમ સ્વીકારવું જોઈએ, એમ અન્વય છે. આ પ્રકારનો અન્યત્ર=અન્ય ગ્રંથોમાં, વિસ્તાર છે.**

**તે આ અભિપ્રાયને સામે રાખીને=ગાથામાં કહ્યું કે ભાષા નિર્ણાયિકા છે તે આ અભિપ્રાયને સામે રાખીને, ભગવાન શ્યામાચાર્ય દ્વારા પ્રજ્ઞાપનામાં કહેવાયું છે –**

"ખરેખર હે ભગવંત ! 'હું માનું છું' એ અવધારિણી ભાષા છે ? 'હું ચિંતવન કરું છું' એ અવધારિણી ભાષા છે ?

'હવે હું માનું છું' એ અવધારિણી ભાષા છે ? 'હવે હું ચિંતવન કરું છું' એ અવધારિણી ભાષા છે ? 'તે પ્રમાણે હું માનું છું' એ અવધારિણી ભાષા છે ? 'તે પ્રમાણે હું ચિંતવન કરું છું' એ અવધારિણી ભાષા છે ?

તેને ભગવાન ઉત્તર આપતાં કહે છે –

"હે ગૌતમ ! हंता=ખરેખર છે.

શું છે ? તે કહે છે –

'હું માનું છું' એ અવધારિણી ભાષા છે. 'હું ચિંતવન કરું છું' એ અવધારિણી ભાષા છે. 'હવે હું માનું છું' એ અવધારિણી ભાષા છે. 'હવે હું ચિંતવન કરું છું' એ અવધારિણી ભાષા છે. 'તે પ્રમાણે હું માનું છું' એ અવધારિણી ભાષા છે. 'તે પ્રમાણે હું ચિંતવન કરું છું' એ અવધારિણી ભાષા છે." **(પ્રજ્ઞાપનાસૂત્ર ભાષાપદ સૂ. ૧૬૧)**

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જે વક્તા તદર્થનો જ્ઞાતા હોય અને શ્રોતાને યથાર્થ જ્ઞાન થાય તે પ્રકારે ઉપયોગપૂર્વક બોલતો હોય તેની ભાષા પદાર્થનો યથાર્થ નિશ્ચય કરાવનાર છે. ત્યાં નાસ્તિક-દર્શનવાદી કહે કે પ્રત્યક્ષથી અતિરિક્ત અનુમાન પણ પ્રમાણ નથી ત્યાં શબ્દ ક્યાંથી પ્રમાણ થઈ શકે ? અર્થાત્ અનુમાન પ્રમાણ નથી માટે શબ્દ પણ પ્રમાણ નથી.

ત્યાં પ્રશ્ન થાય કે લોકમાં પણ ધૂમાદિને જોઈને પર્વતમાં અગ્નિ આદિ છે એ પ્રકારનો વ્યવહાર થાય છે. તેથી અનુમાન પ્રમાણ નથી તેમ કેમ કહી શકાય ? તેના નિરાકરણ માટે નાસ્તિક યુક્તિ આપે છે –

મહાનસ આદિમાં ધૂમ અને અગ્નિનું સાહચર્ય દર્શન થાય છે તે સાહચર્ય દર્શનના કારણે પર્વતમાં ધૂમને જોઈને ત્યાં અગ્નિ હશે એ પ્રકારની સંભાવનાથી જ પર્વતમાં અગ્નિ છે ઇત્યાદિ વ્યવહારની સંગતિ છે તેથી અનુમાનમાં પણ સંભાવનાથી પ્રવૃત્તિ હોવાને કારણે અનુમાન પ્રમાણ નથી અર્થાત્ પદાર્થનો નિશ્ચય કરાવનાર નથી તેમ શબ્દ પણ પદાર્થનો નિશ્ચય કરાવનાર નથી આ પ્રકારની નાસ્તિકની શંકાના નિવારણ અર્થે ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે –

નિર્ણયના હેતુથી સાધ્યની સંભાવના નથી એ પ્રમાણે જાણવું અર્થાત્ અનુમાનમાં વ્યાપ્તિજ્ઞાન નિર્ણયનો હેતુ છે તેનાથી સાધ્યની સંભાવના નથી પરંતુ નિશ્ચય છે તેમ તદર્થનો જ્ઞાતા અને ઉપયોગપૂર્વક બોલનાર વક્તાનું વચન પદાર્થના નિર્ણયનો હેતુ છે તેનાથી સંભાવના સાધ્ય નથી પરંતુ નિર્ણય જ સાધ્ય છે, માટે ભાષા નિર્ણાયક છે આથી જ આપ્ત એવા સર્વજ્ઞના વચનથી અતીન્દ્રિય પદાર્થનો યથાર્થ નિર્ણય થાય છે પરંતુ આ વચનાનુસાર અતીન્દ્રિય પદાર્થો હશે તેવી સંભાવના કરાતી નથી.

આ રીતે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કર્યા પછી નાસ્તિક જે કહે છે કે અનુમાનપ્રમાણ નથી પરંતુ વ્યવહારમાં જે અનુમાન કરાય છે ત્યાં પણ ધૂમાદિના દર્શનથી સંભાવનાથી જ પ્રવૃત્તિ થાય છે તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સંભાવના સંશયરૂપ જ છે અને તે સંભાવના પરામર્શ આદિ નિશ્ચયના હેતુથી સાધ્ય નથી; કેમ કે

પદાર્થના નિર્ણયની સામગ્રી વિદ્યમાન હોય ત્યારે સંશય થતો નથી પરંતુ નિર્ણય જ થાય છે અને જો તેવું ન માનવામાં આવે તો પ્રત્યક્ષથી વૃક્ષને જોયા પછી તેમાં વક્ર કોટર આદિ દેખાતા હોય જે વૃક્ષના નિર્ણયની સામગ્રી છે ત્યાં પણ આ વૃક્ષ છે કે પુરુષ એ પ્રકારના સંશયની ઉત્પત્તિનો પ્રસંગ છે.

આશય એ છે કે પર્વતમાં ધૂમાદિનું દર્શન થયા પછી જે પુરુષને ધૂમાદિના દર્શનના બળથી ધૂમ અને વહ્નિ વચ્ચેની વ્યાપ્તિજ્ઞાનનું સ્મરણ થાય છે અને તેના કારણે પર્વત અગ્નિવાળો છે, ધૂમવાળો હોવાથી જેમ મહાનસ છે ઇત્યાદિ પંચાવયવ વાક્ય અગ્નિના નિર્ણયનો હેતુ છે તેના દ્વારા સંશયરૂપ સંભાવના સાધ્ય છે તેમ કહી શકાય નહિ. જેમ દૂર રહેલા વૃક્ષને જોઈને તેમાં રહેલા વક્ર કોટર આદિનું જ્ઞાન થાય ત્યારે આ વૃક્ષ છે તેવો નિર્ણય થાય છે પરંતુ તે વૃક્ષમાં પુરુષત્વનો સંશય થતો નથી. તેમ પરામર્શ આદિ નિશ્ચયની સામગ્રી દ્વારા અર્થનો નિર્ણય થાય છે પરંતુ સંશયરૂપ સંભાવના છે તેમ કહી શકાય નહિ માટે અનુમાનને પ્રમાણ સ્વીકારવું જોઈએ.

અહીં 'अथ'થી નાસ્તિક કહે કે સંશયમાં બે કોટિ સમાન હોય છે અને સંભાવનામાં નિર્ણયને અભિમુખ એક કોટિ ઉત્કટ હોય છે તેથી ભાવ અંશમાં ઉત્કટ કોટિવાળો સંશય સંભાવના છે અને એક ઉત્કટ અંશની સંભાવનાને કારણે નિષ્કંપ પ્રવૃત્તિ થાય છે. જેમ ખેડૂતને વર્ષાકાળમાં ખેતી કરવાથી ધાન્યપ્રાપ્તિની સંભાવના દેખાય છે, તેથી ખેતીમાં નિષ્કંપ પ્રવૃત્તિ કરે છે, તેમ ધૂમને જોઈને પર્વતમાં અગ્નિની સંભાવના છે તેવો બોધ થવાથી અગ્નિનો અર્થી નિષ્કંપ પ્રવૃત્તિ કરે છે; પરંતુ ધૂમ અને અગ્નિનો સહચાર મહાનસ આદિ અનેક સ્થળોમાં દેખાવા છતાં પર્વતમાં પણ અવશ્ય અગ્નિ છે તેવો નિર્ણય થઈ શકે નહિ, પરંતુ તેવો નિર્ણય તો પ્રત્યક્ષથી જ થઈ શકે એ પ્રકારનો નાસ્તિકનો આશય છે.

વળી ધૂમાદિના દર્શનથી વહ્નિની સંભાવના છે તેમ સ્વીકારવામાં ગૌરવદોષ નથી પરંતુ લાઘવ છે તે બતાવવા અર્થે નાસ્તિકવાદી કહે છે –

ધૂમને જોઈને અગ્નિનો નિર્ણય છે તેમ સ્વીકારવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે પર્વતમાં અગ્નિનો અભાવ નથી પરંતુ અગ્નિ છે જ અને તે પ્રકારના નિર્ણયનો આકાર એ પ્રાપ્ત થાય કે અગ્નિના અભાવના અપ્રકારકત્વથી યુક્ત અગ્નિનો નિશ્ચય છે અને ધૂમના દર્શનથી સંભાવના સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે અગ્નિના અભાવના પ્રકારકત્વથી ઘટિત સંશય છે. તેથી અગ્નિના અભાવથી અપ્રકારકત્વ કરતાં અગ્નિના અભાવના પ્રકારકત્વને સ્વીકારવામાં લાઘવની પ્રાપ્તિ છે; કેમ કે અભાવની ઉપસ્થિતિ કરતાં ભાવની ઉપસ્થિતિમાં લાઘવ પ્રાપ્ત થાય છે માટે ધૂમાદિના દર્શનથી અગ્નિ આદિની સંભાવનાને જ સ્વીકારવી ઉચિત છે.

આ પ્રકારની નાસ્તિકની યુક્તિનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વ્યાપ્તિજ્ઞાનાદિથી સંશયથી વ્યાવૃત્ત એવી અનુમિતિ જ થાય છે તેથી સંશયથી વ્યાવૃત્ત અનુમિતિમાં રહેલ અનુમિતિત્વ ધર્મ વ્યાપ્તિજ્ઞાનાદિજન્યતા અવચ્છેદક છે.

તેથી એ ફલિત થાય કે ધૂમ અને વહ્નિની વચ્ચે વ્યાપ્તિજ્ઞાન થાય તેનાથી પરામર્શ દ્વારા પર્વતમાં અગ્નિ છે તેવું સંશય વગરનું જ્ઞાન જ થાય છે પરંતુ સંશયવાળું જ્ઞાન થતું નથી.

વળી વ્યાપ્તિજ્ઞાનાદિથી ઉત્કટ કોટિક સંશયરૂપ વહ્નિની સંભાવનાનો જ નિર્ણય થાય છે પરંતુ અગ્નિનો નિર્ણય થતો નથી એમ સ્વીકારીએ તો ગૌરવદોષની પ્રાપ્તિ થાય છે; કેમ કે વ્યાપ્તિજ્ઞાનાદિથી ઘટિત એવી નિશ્ચય સામગ્રીથી સંશયને પ્રતિબધ્ય સ્વીકારીએ તો પ્રતિબધ્યતા અવચ્છેદક કોટિમાં સંશયત્વરૂપ લઘુભૂત ધર્મની પ્રાપ્તિ થાય અને જો વ્યાપ્તિજ્ઞાનાદિથી ઘટિત પંચાવયવ વાક્યરૂપ નિશ્ચયની સામગ્રીથી સંભાવના સ્વીકારીએ તો પ્રતિબધ્યતા અવચ્છેદક કોટિમાં અનુત્કટકોટિક સંશયત્વધર્મની પ્રાપ્તિ થાય, તેથી સંશયત્વ કરતાં અનુત્કટકોટિક સંશયત્વધર્મ ગુરુભૂત હોવાથી ગૌરવદોષની પ્રાપ્તિ થાય.

આશય એ છે કે ધૂમ અને વહ્નિની વ્યાપ્તિને જોઈને કોઈને પંચાવયવ વાક્યની ઉપસ્થિતિ થાય અને તે પર્વતમાં વહ્નિના નિશ્ચયની સામગ્રી છે તેથી પંચાવયવ વાક્યની ઉપસ્થિતિ પૂર્વે કોઈને પર્વતમાં વહ્નિનો સંશય થયો હોય તે સંશયનો પ્રતિબંધક વ્યાપ્તિજ્ઞાન ઘટિત નિશ્ચયની સામગ્રી છે તેનાથી પ્રતિબધ્ય સંશય છે. તેથી સંશયને વ્યાપ્તિજ્ઞાનથી ઘટિત નિશ્ચયની સામગ્રીથી પ્રતિબધ્ય સ્વીકારવામાં આવે છે. તે પ્રતિબધ્યતાનો અવચ્છેદક ધર્મ સંશયત્વ પ્રાપ્ત થાય છે. વ્યાપ્તિજ્ઞાનથી ઘટિત નિશ્ચયની સામગ્રીથી પર્વતમાં વહ્નિની સંભાવના જણાય છે તેમ સ્વીકારવામાં આવે તો ભાવાંશમાં અનુત્કટ કોટિકવાળો સંશય પ્રતિબધ્ય બને તેથી પ્રતિબધ્યતા અવચ્છેદક અનુત્કટકોટિક સંશયત્વ પ્રાપ્ત થાય માટે ગૌરવદોષની પ્રાપ્તિ છે. તેથી વ્યાપ્તિજ્ઞાન ઘટિત પંચાવયવ વાક્યરૂપ નિશ્ચયની સામગ્રીથી સંશય રહિત અનુમિતિ થાય છે તેમ સ્વીકારવું ઉચિત છે.

વળી યુક્તિથી અનુમિતિમાં નિર્ણય થાય છે તે બતાવવા અર્થે કહે છે –

જેમ કોઈ અનુમાન કરે કે આજે સોમવાર છે માટે કાલે મંગળવાર જ છે તે સ્થાનમાં આ આમ જ છે એ પ્રકારનું અવધારણ જ થાય છે; કેમ કે સોમવાર પછી મંગળવારની નિયત પ્રાપ્તિ છે તેથી પોતે જે નિર્ણય કર્યો છે તે અવધારણપૂર્વક કહે છે, સંભાવનાથી કહેતો નથી. હેતુથી અનુમાન થાય છે ત્યારે સંભાવના સ્વીકારીએ તો અવધારણની સંગતિ થાય નહિ.

વળી હું સંદેહ કરતો નથી નિશ્ચય કરું છું એ પ્રકારે પર્વતમાં વહ્નિનો બોધ થયા પછી જે અનુવ્યવસાય થાય છે તેની પણ અનુપપત્તિ થાય.

આશય એ છે કે ધૂમરૂપ હેતુ દ્વારા કોઈએ પર્વતમાં વહ્નિનું અનુમાન કર્યું અથવા આજે સોમવાર છે એ રૂપ હેતુ દ્વારા કાલે મંગળવાર છે એવો કોઈએ નિર્ણય કર્યો ત્યારપછી પોતાનો નિર્ણય યથાર્થ છે તેને સ્થિર કરવા માટે ઉત્તરમાં અનુવ્યવસાય પણ કેટલાકને થાય છે ત્યારે તે વ્યક્તિ વિચારે છે કે ધૂમને જોઈને હું વહ્નિનો સંદેહ કરતો નથી પરંતુ પર્વતમાં વહ્નિ છે તેવો નિર્ણય કરું છું અથવા આજે સોમવાર છે એ રૂપ હેતુના બળથી કાલે મંગળવાર છે તેનો હું સંદેહ કરતો નથી પરંતુ નિશ્ચય કરું છું તેવો અનુવ્યવસાય થાય છે માટે અનુમિતિમાં વસ્તુનો નિર્ણય થાય છે પણ સંભાવનાથી પ્રવૃત્તિ થતી નથી એમ સ્વીકારવું જોઈએ.

અનુમિતિમાં વસ્તુનો નિર્ણય થતો નથી પણ સંભાવનાથી પ્રવૃત્તિ થાય છે એમ જે નાસ્તિક કહે છે તે ઉચિત નથી. તેથી જેમ અનુમિતિમાં પણ પદાર્થનો નિર્ણય થાય છે તેમ શબ્દથી પણ પદાર્થનો નિર્ણય થાય છે. ફક્ત પ્રામાણિક વ્યાપ્તિજ્ઞાન થયું હોય તો તેનાથી યથાર્થ અનુમિતિ થાય છે તેમ પ્રામાણિક પુરુષના યથાર્થ વચનથી તેમના દ્વારા કહેવાયેલા અર્થનો નિર્ણય થાય છે પરંતુ સંશય થતો નથી.

ગાથામાં કહ્યું કે ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષા અવધારિણી છે એ કથનને આશ્રયીને પ્રજ્ઞાપનાસૂત્રમાં જે પૂ. શ્રી શ્યામાચાર્યે કહેલ છે તેનો અર્થ પૂ. આ. ભ. શ્રી મલયગિરિસૂરિ મહારાજાએ આ પ્રમાણે કરેલ છે –

પ્રજ્ઞાપનાસૂત્રમાં 'से' શબ્દ 'अथ' અર્થમાં છે અને તે વાક્યના ઉપન્યાસમાં છે, 'नूनं' શબ્દ અવધારણમાં છે અને 'भन्ते' શબ્દ આમંત્રણમાં છે. તેથી ગૌતમસ્વામી ભગવાનને કહે છે – હે ભગવંત ! આ રીતે હું માનું છું=અવધારિણી ભાષા છે એ પ્રમાણે હું માનું છું. વળી આ વિચાર્યા વગર હું માનતો નથી પરંતુ આ અવધારિણી ભાષા છે એ પ્રમાણે હું ચિંતવન કરું છું.

આ રીતે પોતાનો અભિપ્રાય ભગવાનને બતાવ્યા પછી પોતાના અર્થનો નિશ્ચય કરવા માટે ભગવાનને આ રીતે પૂછે છે –

"હું માનું છું એ અવધારિણી ભાષા છે ?"

અહીં 'अथ' શબ્દ પ્રશ્નના અર્થમાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવંત આ પ્રમાણે હું માનું છું એ પ્રકારે ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન કરે છે.

વળી બીજો અભિપ્રાય બતાવવા માટે પ્રશ્ન કરે છે –

"'अथ' હું ચિંતવન કરું છું એ અવધારિણી ભાષા છે ?=હે ભગવંત ! હું આ પ્રમાણે ચિંતવન કરું છું એ અવધારિણીભાષા છે ?"

આ રીતે 'अथ' થી કહ્યા પછી ફરી ગૌતમસ્વામી ભગવાનને કહે છે –

"તે પ્રકારે હું માનું છું કે અવધારિણી ભાષા છે=જે પ્રમાણે પૂર્વમાં મેં મનન અને ચિંતવન કરેલું કે આ અવધારિણી ભાષા છે તે પ્રમાણે પૃચ્છાસમયમાં પણ હું મનન અને ચિંતવન કરું છું કે આ અવધારિણી ભાષા છે ?"

ભગવાનના જ્ઞાનથી સંવાદન કરવાની ઇચ્છાવાળા ગૌતમસ્વામી ભગવાનને 'तथा'થી પૂછે છે –

"તે પ્રકારે માનું છું આ અવધારિણી ભાષા છે અને તે પ્રકારે હું ચિંતવન કરું છું આ અવધારિણી ભાષા છે ?"

આ રીતે ગણધર શ્રી ગૌતમસ્વામીએ પોતાના અભિપ્રાયનું નિવેદન અને પ્રશ્ન કર્યે છતે વીરપ્રભુ ઉત્તર આપે છે –

"'हन्ता ! गोयमा·मन्नामि' એ અવધારિણી ભાષા છે."

અહીં 'हन्त' શબ્દ પ્રત્યવધારણમાં છે અને 'मन्नामि' ઇત્યાદિ ક્રિયાપદો પ્રાકૃત શૈલીથી અને છાન્દસપણું હોવાથી યુષ્મદ અર્થમાં પણ વપરાય છે તેથી આ અર્થ પ્રાપ્ત થાય –

"હે ગૌતમ ! તું માને છે કે આ અવધારિણી ભાષા છે એ હું કેવળજ્ઞાનથી જાણું છું અને તું ચિંતવન કરે છે કે આ અવધારિણી ભાષા છે એ હું કેવળજ્ઞાનથી જાણું છું."

વળી ભગવાન શ્રી વીરપ્રભુ ગૌતમસ્વામીને કહે છે –

"'अथ मन्नामि' એ અવધારિણી ભાષા છે ત્યાં 'अथ' શબ્દ આનન્તર્યમાં છે તેથી મને સંમત હોવાને કારણે પણ તું નિઃશંક તેમ માન કે આ અવધારિણી ભાષા છે. ઊર્ધ્વમાં પણ નિઃશંક ચિંતવન કર કે આ અવધારિણી ભાષા છે."

વળી ભગવાન ગૌતમસ્વામીને 'तथा'થી કહે છે –

"'तथा मन्नामि' અવધારિણી ભાષા છે. અહીં 'तथा' શબ્દ પરિપૂર્ણ અર્થમાં છે તેથી તે પ્રકારે પરિપૂર્ણ તું માન કે આ અવધારિણી ભાષા છે અને તે પ્રકારે અવિકલ પરિપૂર્ણ તું ચિંતવન કર કે આ અવધારિણી ભાષા છે જે પ્રમાણે તેં પૂર્વમાં ચિંતવન કરેલું તેમાં લેશ પણ શંકા કર નહિ."

આનાથી એ ફલિત થાય કે ભગવાને કેવળજ્ઞાનથી નિર્ણય કરીને કહેલ છે કે ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષા પદાર્થનો નિર્ણય કરાવનારી છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**उक्ताया एव भावभाषाया भेदानाह –**

**અવતરણિકાર્થ :-**

**કહેવાયેલી જ ભાવભાષાના=ઉપયોગપૂર્વક બોલાયેલી હોય તે ભાવભાષા છે એ પ્રકારે કહેવાયેલી જ ભાવભાષાના, ભેદોને કહે છે –**

**ગાથા :-**

**भावे वि होइ तिविहा, दव्वे अ सुए तहा चरित्ते य ।**
**दव्वे चउहा सच्चासच्चा मीसा अणुभया य ।।१५।।**

**છાયા :-**

**भावेऽपि भवति त्रिविधा द्रव्ये च श्रुते तथा चारित्रे च ।**
**द्रव्ये चतुर्धा सत्याऽसत्या मिश्राऽनुभया च ।।१५।।**

**અન્વયાર્થ :-**

**भावे वि=ભાવમાં પણ=ભાવનિક્ષેપામાં પણ, दव्वे अ सुए तहा चरित्ते य तिविहा होइ=દ્રવ્યવિષયક,**

**શ્રુતવિષયક અને ચારિત્રવિષયક ત્રણ પ્રકારની ભાષા છે, दव्वे=દ્રવ્યમાં=દ્રવ્યવિષયક ભાષામાં, चउहा=ચાર ભેદો છે. सच्चासच्चा मीसा अणुभया य=સત્ય, અસત્ય, મિશ્ર અને અનુભય. ।।૧૫।।**

**ગાથાર્થ :-**

**ભાવમાં પણ=ભાવનિક્ષેપામાં પણ, દ્રવ્યવિષયક, શ્રુતવિષયક અને ચારિત્રવિષયક ત્રણ પ્રકારની ભાષા છે. દ્રવ્યમાં=દ્રવ્યવિષયક ભાષામાં, ચાર ભેદો છે : સત્ય, અસત્ય, મિશ્ર અને અનુભય. ।।૧૫।।**

**ટીકા :-**

**भावेऽपि=भावनिक्षेपेऽपि, भवति त्रिविधा=त्रिप्रकारा भाषा, द्रव्ये च श्रुते तथा चरित्रे च=द्रव्यं प्रतीत्य भावभाषा, श्रुतं प्रतीत्य, चारित्रं प्रतीत्य च सेत्यर्थः, द्रव्ये चतुर्द्धा सत्याऽसत्या मिश्राऽनुभया च । एतासां लक्षणं (ग्रन्थाग्रं-२०० श्लोक) यथावसरं वक्ष्यामः ।।१५।।**

**ટીકાર્થ :-**

भावेऽपि ..... वक्ष्यामः ।। ભાવમાં પણ=ભાવનિક્ષેપામાં પણ, ત્રણ પ્રકારની ભાષા છે. એ ત્રણ પ્રકાર સ્પષ્ટ કરે છે. દ્રવ્યમાં, શ્રુતમાં અને ચારિત્રમાં=દ્રવ્યને આશ્રયીને ભાવભાષા, શ્રુતને આશ્રયીને અને ચારિત્રને આશ્રયીને, તે=ભાવભાષા છે એ પ્રકારનો અર્થ છે. દ્રવ્યમાં=દ્રવ્યને આશ્રયીને ચાર પ્રકારની છે. સત્ય, અસત્ય, મિશ્ર અને અનુભય. આમનાં લક્ષણ=ભાવભાષાના જે ત્રણ ભેદ કર્યા તેનાં લક્ષણ, યથાઅવસર અમે કહીશું. ।।૧૫।।

**ભાવાર્થ :-**

**ભાવભાષાના ત્રણ ભેદો :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ નોઆગમથી તદ્વ્યતિરિક્ત દ્રવ્યભાષાના ત્રણ ભેદો બતાવ્યા. ત્યારપછી ભાવનિક્ષેપામાં ઉપયુક્તની ભાવભાષા હોય છે એમ ગાથા-૧૩માં કહ્યું અને તે ભાષા નિશ્ચયિકા હોય છે એમ ગાથા-૧૪માં કહ્યું. હવે ઉપયુક્ત બોલનાર પુરુષની જે ભાવભાષા છે તે પણ દ્રવ્યભાષાની જેમ ત્રણ પ્રકારની છે અર્થાત્ દ્રવ્યભાષા ગ્રહણ, નિઃસરણ અને પરાઘાતરૂપ ત્રણ ભેદવાળી છે તેમ ભાવભાષા બોલાયેલા ભાષાદ્રવ્યને આશ્રયીને, શ્રુતને આશ્રયીને અને ચારિત્રને આશ્રયીને છે તેથી ભાવભાષાના પણ ત્રણ ભેદોની પ્રાપ્તિ છે.

**ભાષાદ્રવ્યને આશ્રયીને ચાર પ્રકારની ભાવભાષા :-**

વળી ઉપયોગપૂર્વક બોલાયેલા ભાષાદ્રવ્યને આશ્રયીને જે ભાવભાષા છે તે ચાર પ્રકારની છે –

(૧) સત્યભાષા, (૨) અસત્યભાષા, (૩) મિશ્ર=સત્યાસત્યભાષા, (૪) અનુભય=અસત્યામૃષાભાષા. વળી આ ત્રણ પ્રકારની ભાવભાષાનું લક્ષણ યથાઅવસર ગ્રંથકારશ્રી આગળ કહેશે. **।।૧૫।।**

ગાથા :-

**पढमा दो पज्जत्ता उवरिल्लाओ अ दो अपज्जत्ता ।**
**अवहारेउं सक्कइ पज्जत्तण्णा य विवरीआ ।।१६।।**

છાયા :-

प्रथमे द्वे पर्याप्ते उपरितने च द्वे अपर्याप्ते ।
अवधारयितुं शक्यते पर्याप्ताऽन्या च विपरीता ।।१६।।

**અન્વયાર્થ :-**

पढमा दो पज्जत्ता=પ્રથમ બે=સત્યભાષા અને અસત્યભાષારૂપ પ્રથમ બે, પર્યાપ્ત છે. अ उवरिल्लाओ दो अपज्जत्ता=અને ઉપરની બે=મિશ્ર અને અનુભય બે ભાષા, અપર્યાપ્ત છે. अवहारेउं सक्कइ पज्जत्त=અવધારણ કરવા માટે શક્ય છે તે પર્યાપ્ત, य अण्णा विवरीआ=વળી અન્ય=અપર્યાપ્ત, વિપરીત છે=અવધારણ કરવા માટે અશક્ય છે તેવી છે. ।।૧૬।।

ગાથાર્થ :-

**પ્રથમ બે=સત્યભાષા અને અસત્યભાષારૂપ પ્રથમ બે, પર્યાપ્ત છે. અને ઉપરની બે=મિશ્ર અને અનુભય બે ભાષા, અપર્યાપ્ત છે. અવધારણ કરવા માટે શક્ય છે તે પર્યાપ્ત, વળી અન્ય=અપર્યાપ્ત, વિપરીત છે=અવધારણ કરવા માટે અશક્ય છે તેવી છે. ।।૧૬।।**

ટીકા :-

**प्रथमे द्वे=सत्यासत्ये भाषे पर्याप्ते; उपरितने द्वे=सत्यामृषाऽसत्यामृषे, अपर्याप्ते, तत्राऽवधारयितुं शक्यते या सा पर्याप्ता; च=पुनः विपरीता च=अवधारयितुमशक्या च, अन्या=अपर्याप्ता ।**

**तदुक्तं वाक्यशुद्धिचूर्णौ –**

"पज्जत्तिगा णाम जा अवहारेउं सक्कइ जहा एसा सच्चा मोसा वा, एसा पज्जत्तिगा, जा पुण सच्चा वि मोसा वि दुपक्खगा वि सा न सक्कइ विभाविउं जहा एसा सच्चा वा मोसा वा, सा अपज्जत्तिग ।।" **त्ति (द. वै. जि. चू. पृ. २३९)**

**अवधारणीयत्वं च 'सत्यासत्यान्यतरत्वप्रकारकप्रमाविषयत्वम्' अनवधारणीयत्वं च तदभावः, तेन न तदन्यतरभ्रमविषयत्वेनाऽपर्याप्तायाः पर्याप्तत्वं न वा तत्संशयविषयत्वेन पर्याप्ताया अपर्याप्तत्व-मित्याद्यूह्यम्, अन्यतरव्यवहार एवावधारणमित्यपरे ।।१६।।**

ટીકાર્થ :-

પ્રથમે ..... अपर्याप्ता । પ્રથમ બે=સત્ય અને અસત્ય બે ભાષા, પર્યાપ્તા છે, ઉપરની બે=સત્યામૃષા,

**અને અસત્યામૃષા બે, અપર્યાપ્ત છે. ત્યાં=પર્યાપ્ત અપર્યાપ્ત બે ભેદમાં, જે અવધારણ કરવા માટે શક્ય છે તે પર્યાપ્ત છે વળી વિપરીત=અવધારણ કરવા માટે અશક્ય, અન્ય છે=અપર્યાપ્ત છે.**

**तदुक्तं वाक्यशुद्धिचूर्णौ – તે=ગાથામાં કહ્યું તે, વાક્યશુદ્ધિ ચૂર્ણિમાં કહેવાયું છે –**

"पज्जत्तिगा ..... **त्ति** । "પર્યાપ્તિકા ભાષા એટલે જે અવધારણ કરવા માટે શક્ય છે. જે પ્રમાણે આ ભાષા સત્ય છે અથવા મૃષા છે આ ભાષા પર્યાપ્તિકા છે=પર્યાપ્તિકા ભાષા છે. જે વળી સત્ય પણ છે મૃષા પણ છે=સત્યમૃષા છે, બે પક્ષવાળી પણ છે=અસત્યામૃષા છે તે વિભાવન કરવા માટે શક્ય નથી=નિર્ણય કરવા માટે શક્ય નથી, જે પ્રમાણે આ સત્ય છે અથવા મૃષા છે, તે અપર્યાપ્તિકા ભાષા છે." **(દશવૈકાલિકસૂત્ર જિનદાસગણિકૃત ચૂર્ણિ, પૃ. ૨૩૯)**

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**अवधारणीयत्वं ..... एवावधारणमित्यपरे ।। અને અવધારણીયપણું સત્ય અસત્ય અન્યતરત્વ પ્રકારક પ્રમાવિષયત્વરૂપ છે=આ ભાષા સત્ય છે, અથવા આ ભાષા અસત્ય છે એ પ્રકારે આ બેમાંથી એક પ્રકારક નિર્ણયનું વિષયપણું જે ભાષામાં હોય તે અવધારિણી ભાષા છે અને અનવધારણીયપણું તેનો અભાવ છે=સત્યાસત્ય અન્યતરત્વપ્રકારક પ્રમાવિષયત્વનો અભાવ છે, તે કારણથી=અવધારણત્વનું લક્ષણ ભાષામાં રહેલા પ્રમાવિષયત્વ કે અપ્રમાવિષયત્વને આશ્રયીને કર્યું પરંતુ શ્રોતાના બોધને આશ્રયીને ન કર્યું તે કારણથી, તદ્ અન્યતર ભ્રમવિષયપણાથી અપર્યાપ્તભાષાનું=પાછળની બે અપર્યાપ્તભાષાનું, પર્યાપ્તપણું નથી અથવા તત્ સંશયવિષયપણાથી=સત્યભાષામાં અને અસત્ય-ભાષામાં કોઈને સંશય થાય તેના વિષયપણાથી, પર્યાપ્તભાષાનું અપર્યાપ્તપણું નથી ઈત્યાદિનો ઊહ કરવો=નિર્ણય કરવો. અન્યતરનો વ્યવહાર જ=જે ભાષામાં સત્ય કે અસત્ય. અન્યતરનો વ્યવહાર જ, અવધારણ છે, એ પ્રકારે બીજાઓ અવધારિણી ભાષાનું લક્ષણ કરે છે. ॥૧૬॥**

**ભાવાર્થ :-**

**સત્ય અને અસત્યભાષા પર્યાપ્તભાષા તથા મિશ્ર અને અનુભયભાષા અપર્યાપ્તભાષા :-**

ગાથા-૧૫માં કહ્યું કે બોલાયેલા ભાષાદ્રવ્યને આશ્રયીને ભાવભાષા ચાર ભેદવાળી છે તેમાંથી સત્ય અને અસત્યભાષારૂપ પ્રથમની બે ભાષા પર્યાપ્તભાષા છે.

અહીં પ્રશ્ન થાય કે પર્યાપ્તભાષા એટલે શું ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

જે ભાષા સાંભળીને વિવેકસંપન્ન શ્રોતા નિર્ણય કરી શકે કે આ ભાષા તત્ત્વને બતાવનાર હોવાથી સત્ય છે અને આ ભાષા એકાંતવાદને બતાવનાર હોવાથી અસત્ય છે તેવી ભાષાને પર્યાપ્તભાષા કહેવાય; કેમ કે વક્તાના વચનથી બોલાયેલી ભાષામાં તે કહેવા માંગે છે તે પદાર્થ સત્ય છે ? કે તે કહેવા માંગે છે તે પદાર્થ અસત્ય છે ? તેવો નિર્ણય કરવા માટે તે ભાષા પર્યાપ્ત છે=પૂરતી છે.

વળી મિશ્રભાષા અને અનુભયભાષા અપર્યાપ્ત છે; કેમ કે અશોકવન એ પ્રમાણે કોઈ મિશ્રભાષા બોલે ત્યારે તેના વચનથી આ સત્ય છે અથવા આ ભાષા અસત્ય છે ? એવો નિર્ણય થઈ શકે નહિ એથી વક્તાની

બોલાયેલી તે ભાષાથી સત્યત્વ કે અસત્યત્વનો નિર્ણય થાય નહિ માટે અશોકવન ઇત્યાદિ વચનરૂપ મિશ્રભાષા અપર્યાપ્તભાષા છે.

વળી તું ઘટ લાવ, તું આમ કર ઇત્યાદિ ભાષા અનુભય ભાષા છે. તે ભાષાથી પણ આ વચન સત્ય છે કે આ વચન અસત્ય છે ? તેવો નિર્ણય કરવા માટે તે ભાષા પર્યાપ્ત નથી એથી અનુભય ભાષા પણ અપર્યાપ્તભાષા છે.

વળી ગ્રંથકારશ્રીએ અવધારિણીભાષાનું લક્ષણ કર્યું કે પર્યાપ્તભાષામાં જે અવધારણપણું છે તે સત્ય અસત્ય અન્યતરપ્રકારક પ્રમાવિષયપણું છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ વક્તાએ સ્યાદ્વાદની મર્યાદા અનુસાર વચનપ્રયોગ કર્યો હોય તો તેમાં સત્ય પ્રકારક પ્રમાવિષયત્વ છે અર્થાત્ આ જ્ઞાન સત્ય છે એ પ્રકારના પ્રામાણિકજ્ઞાનનું વિષયપણું તે ભાષામાં છે. કોઈ વક્તાએ સ્યાદ્વાદની મર્યાદાથી વિપરીત વચનપ્રયોગ કર્યો હોય તો તે વચનપ્રયોગમાં અસત્ય પ્રકારક પ્રમાવિષયત્વ છે=આ વચન અસત્ય છે તેવો નિર્ણય કરાવી શકે તેવા જ્ઞાનનો તે વચન વિષય છે તેથી તે બન્ને પ્રયોગોમાં અવધારણીયપણું છે અને મિશ્રભાષામાં કે અનુભયભાષામાં સ્યાદ્વાદની મર્યાદા અનુસાર સત્યત્વનો નિર્ણય કે અસત્યત્વનો નિર્ણય કરી શકાય એવું વિષયપણું નથી, તેથી પ્રથમની બે ભાષા પર્યાપ્ત છે અને પાછળની બે ભાષા અપર્યાપ્ત છે અને ગ્રંથકારશ્રીએ વક્તા દ્વારા ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષામાં અવધારણીયત્વ અને અનવધારણીયત્વરૂપ પર્યાપ્તત્વ અપર્યાપ્તત્વ છે એમ કહ્યું, તેથી કોઈ વક્તા અપર્યાપ્તભાષા બોલે અર્થાત્ પાછળની બે ભાષા બોલે અને કોઈ શ્રોતાને ભ્રમ થાય કે આ ભાષા સત્ય છે અથવા કોઈ શ્રોતાને ભ્રમ થાય કે આ ભાષા અસત્ય છે તોપણ તે અપર્યાપ્તભાષામાં પર્યાપ્તત્વની પ્રાપ્તિ નથી; કેમ કે વક્તા દ્વારા બોલાયેલી ભાષામાં અવધારણીયપણું નથી, ફક્ત મંદમતિને કારણે શ્રોતાને સત્ય કે અસત્ય અન્યરૂપે અવધારણનો ભ્રમ થયો છે.

વળી કોઈ વક્તા સત્યભાષા બોલે અથવા અસત્યભાષા બોલે અને તે ભાષામાં કોઈ શ્રોતાને સંશય થાય તોપણ તે ભાષા અપર્યાપ્ત છે તેમ કહી શકાય નહિ; કેમ કે વક્તા દ્વારા બોલાયેલી ભાષામાં સત્યત્વ અથવા અસત્યત્વમાંથી કોઈ પ્રકારક પ્રમાવિષયત્વ છે તેથી તેના દ્વારા બોલાયેલી ભાષા પર્યાપ્ત છે=નિર્ણય કરવા માટે પૂરતી છે, ફક્ત શ્રોતાને મંદબુદ્ધિને કારણે તેના વચનથી સત્યનો કે અસત્યનો નિર્ણય થવાને બદલે સંશય થયો છે.

વળી પર્યાપ્તભાષાનું લક્ષણ અન્યો બીજું કરે છે. તેઓ કહે છે – સત્ય કે અસત્ય અન્યતર વ્યવહારનો વિષય એ જ અવધારણ છે.

આનાથી પણ પૂર્વના લક્ષણ સાથે સમાન જ અર્થ પ્રાપ્ત થાય છે. ફક્ત વક્તાની ભાષા સત્ય હોય ત્યારે પ્રજ્ઞાવાન શ્રોતા આ ભાષા સત્ય છે એ પ્રકારનો વ્યવહાર કરે છે અને વક્તાનું વચન અસત્ય હોય ત્યારે પ્રજ્ઞાવાન શ્રોતા આ ભાષા અસત્ય છે એવો વ્યવહાર કરે છે અને આ પ્રકારનો અન્યતરનો વ્યવહાર જ અવધારણ છે તેથી જ પ્રથમની બે ભાષા પર્યાપ્તભાષા છે.

અહીં વિશેષ એ છે કે વક્તાની બોલાયેલી ભાષા સત્યને બતાવતી હોય ત્યારે તે ભાષાને સત્યભાષા કહેવાય છે અને વક્તાની બોલાયેલી ભાષા અસત્યને બતાવતી હોય ત્યારે તે ભાષાને અસત્યભાષા કહેવાય છે. શ્રોતાના બોધને આશ્રયીને સત્ય અસત્યનો વિભાગ નથી અને વક્તા દ્વારા બોલાયેલી તે ભાષા યથાર્થ બોધ કરાવવા માટે પૂર્ણ છે એથી પર્યાપ્તભાષા કહેલ છે. જ્યારે મિશ્રભાષા અને અનુભય ભાષા સત્ય કે અસત્યનો નિર્ણય કરાવવા માટે પર્યાપ્ત નથી માટે તે ભાષાને અપર્યાપ્તભાષા કહેલ છે, છતાં ઘટને લાવ, આમ કર, ઇત્યાદિ વચનપ્રયોગથી શ્રોતાને બોધ થાય છે તે પ્રમાણે પ્રવૃત્તિ નિવૃત્તિ કરે છે અને વિવેકસંપન્ન એવા ગુરુથી કહેવાયેલી તે ભાષાથી શિષ્યને આરાધનાની પ્રાપ્તિ પણ થાય છે, તોપણ આ ભાષા સત્ય છે કે અસત્ય છે તેવો નિર્ણય કરવા માટે તે વચનપ્રયોગ પર્યાપ્ત નથી માટે તે ભાષાને અપર્યાપ્તભાષા કહેલ છે. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**अथ प्रागुक्तमेव भाषाविभागं निश्चयव्यवहाराभ्यां विवेचयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રાગ્ ઉક્ત જ ભાષા વિભાગને=ગાથા-૧૫-૧૬માં બતાવેલ ચાર ભેદવાળી દ્રવ્યને આશ્રયીને કહેવાયેલ ભાવભાષારૂપે પૂર્વે કહેવાયેલી જ ભાષાના વિભાગને, નિશ્ચય અને વ્યવહાર દ્વારા વિવેચન કરે છે –**

**ગાથા :-**

**भासा चउव्विह त्ति य ववहारणया सुअम्मि पन्नाणं ।**
**सच्चा मुस त्ति भासा, दुविह च्चिय हंदि णिच्छयओ ।।१७।।**

**છાયા :-**

**भाषा चतुर्विधेति च व्यवहारनयाच्छ्रुते प्रज्ञानम् ।**
**सत्या मृषेति भाषा द्विविधैव हन्दि निश्चयतः ।।१७।।**

**અન્વયાર્થ :-**

**ववहारणया भासा चउव्विह त्ति=વ્યવહારનયથી ભાષા ચાર પ્રકારની છે એ પ્રકારે, सुअम्मि पन्नाणं=શ્રુતમાં પ્રજ્ઞાન છે=કથન છે, हंदि णिच्छयओ=નિશ્ચયનયથી ખરેખર, सच्चा मुस त्ति भासा दुविह च्चिय=સત્ય અને મૃષા એ બે પ્રકારની જ ભાષા શ્રુતમાં પ્રજ્ઞાન છે. ॥૧૭॥**

**ગાથાર્થ :-**

**વ્યવહારનયથી ભાષા ચાર પ્રકારની છે એ પ્રકારે શ્રુતમાં પ્રજ્ઞાન છે=કથન છે, નિશ્ચયનયથી ખરેખર સત્ય અને મૃષા એ બે પ્રકારની જ ભાષા શ્રુતમાં પ્રજ્ઞાન છે. ॥૧૭॥**

**ટીકા :-**

**भाषा चतुर्विधेति च व्यवहारनयात् श्रुते प्रज्ञानम् । इह खलु विप्रतिपत्तौ वस्तुप्रतितिष्ठासया यथाश्रुतं यदुच्यते, अस्ति जीवः सदसद्रूपः इति, तदेव सत्यं परिभाष्यते आराधकत्वात्, यत्तु तदा श्रुतोत्तीर्णमुच्यते, 'अस्ति जीव एकान्तनित्य' इत्यादि, तदसत्यं विराधकत्वात्, यच्च धवादिवृक्ष-समूहेऽप्यशोकबाहुल्यादशोकवनमेवेदमित्युच्यते तन्मिश्रं, यच्च वस्तुमात्रपर्यालोचनपरं 'हे देवदत्त! घटमानये'त्यादि, तदनुभयस्वभावमिति, अत्र च परिभाषैव शरणं परिभाषा च व्यवहार एवेति द्रष्टव्यम् ।**

**ટીકાર્થ :-**

**भाषा ..... द्रष्टव्यम् । વ્યવહારનયથી ભાષા ચાર પ્રકારની છે એ રીતે શ્રુતમાં કથન છે.**

એ ચાર પ્રકાર ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

**અહીં=વસ્તુના વિષયમાં, વિપ્રતિપત્તિ હોતે છતે=વિપરીત સ્વીકાર હોતે છતે, વસ્તુની પ્રતિષ્ઠા કરવાની ઈચ્છાથી=ભગવાનના વચનાનુસારી વસ્તુને સ્થાપન કરવાની ઈચ્છાથી, યથાશ્રુત=શ્રુત અનુસાર જે કહેવાય છે="સદ્ અસદ્રૂપ જીવ છે" એ પ્રમાણે જે કહેવાય છે, તે જ સત્ય પરિભાષણ કરાય છે; કેમ કે આરાધકપણું છે.**

**વળી ત્યારે=વસ્તુની વિપ્રતિપત્તિના પ્રસંગમાં, જે શ્રુત ઉત્તીર્ણ કહેવાય છે=એકાંત નિત્ય જીવ છે ઈત્યાદિ જે કહેવાય છે, તે અસત્ય છે; કેમ કે વિરાધકપણું છે અને ધવાદિ વૃક્ષના સમૂહમાં પણ અશોકના બાહુલ્યથી=અશોક વૃક્ષના બહુલપણાને કારણે, 'અશોકવન જ આ છે' એ પ્રમાણે જે કહેવાય છે તે=તે ભાષા, મિશ્ર છે અને જે વસ્તુમાત્રના પર્યાલોચન પર 'હે દેવદત્ત ! ઘટ લાવ' ઈત્યાદિ કહેવાય છે તે અનુભય સ્વભાવ છે=અનુભય સ્વભાવવાળી ભાષા છે.**

**'इति' શબ્દ વ્યવહારભાષાના ચાર ભેદોના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**અને અહીં=વ્યવહારનયથી ચાર ભાષા બતાવી એમાં, પરિભાષા જ શરણ છે અને પરિભાષા વ્યવહાર જ છે=લોકમાં એ પ્રકારનો વ્યવહાર જ છે એ પ્રમાણ જાણવું.**

**ભાવાર્થ :-**

ગાથા-૧૫માં કહેલ કે ભાવનિક્ષેપામાં પણ દ્રવ્યને આશ્રયીને ભાષા ચાર પ્રકારની છે તે કથન વ્યવહારનયને આશ્રયીને છે તેથી પ્રસ્તુત ગાથામાં વ્યવહારનયને આશ્રયીને સ્વીકારેલી તે ચાર ભાષાનું સ્વરૂપ બતાવે છે –

**સત્યભાષા :-**

કોઈ વ્યક્તિને તત્ત્વના વિષયમાં વિપરીત બોધ થયેલો હોય અને કોઈ પુરુષ તત્ત્વનો બોધ કરાવવા અર્થે

ભગવાનના વચનાનુસાર કોઈ વચન કહે તો તે ઉપદેશકની ભાષા સત્યભાષા છે; કેમ કે જિનવચનાનુસાર યથાર્થ પદાર્થ કહીને તે ઉપદેશક સન્માર્ગનું સ્થાપન કરે છે.

તે સત્યભાષા કેવા સ્વરૂપવાળી છે તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ કોઈને શંકા હોય કે જીવ છે કે નહિ ? અથવા જીવ એકાંત સદ્રૂપ છે અથવા એકાંત અસદ્રૂપ છે ? તેને યથાર્થ બોધ કરાવવા અર્થે વક્તા કહે કે જીવ એકાંત સદ્રૂપ પણ નથી અને એકાંત અસદ્રૂપ પણ નથી પરંતુ જીવ પોતાના સ્વરૂપે સત્ છે અને પરસ્વરૂપે અસત્ છે આ પ્રકારે પદાર્થની યથાર્થ પ્રરૂપણા શાસ્ત્રનાં દરેક વચનો વિષયક જે વક્તા કરે છે તે આરાધક છે. આથી જ જગતમાં જે કાંઈ કાર્ય થાય છે તે કર્મથી જ થાય છે, પુરુષકારથી જ થાય છે, સ્વભાવથી જ થાય છે, કાળથી જ થાય છે કે ભવિતવ્યતાથી જ થાય છે ઇત્યાદિ વિપરીત માન્યતાઓને જોઈને યોગ્ય શ્રોતાના ભ્રમનિવારણ અર્થે કોઈ ઉપદેશક જગતમાં બધાં કાર્યો પ્રત્યે પાંચે કારણો કયાં કયાં અવચ્છેદક ધર્મથી છે તેનો બોધ અનુભવ અનુસાર શ્રોતાને કરાવે એ પ્રકારે ભાષા બોલે તો તે ભાષા સત્યભાષા છે. તે વિષયમાં જે વક્તાને કોઈ સ્પષ્ટ બોધ નથી તે વક્તા શ્રોતાને ઉચિત બોધ કરાવે તે રીતે પાંચે કારણોને જિનવચનાનુસાર યોજીને કહી શકે નહિ તેથી ઉપયુક્ત ભાવભાષામાં તે ભાષાનો અંતર્ભાવ થાય નહિ, તેથી તેની ભાષા સત્ય અસત્ય આદિના વિભાગમાં આવે નહિ. જે ઉપદેશક તે પાંચે કારણોને કોઈ એક કાર્યમાં યથાર્થ યોજન કરીને શ્રોતાને બોધ થાય તે રીતે કહે તો તે સત્યભાષા કહેવાય; કેમ કે તે પ્રતિનિયત કાર્યમાં અનુભવ અનુસાર શ્રોતાને સર્વજ્ઞના કથનને અનુરૂપ પાંચે કારણોનો યથાર્થ બોધ થાય છે, તેથી તે ઉપદેશક આરાધક છે માટે તેની ભાષા સત્યભાષા છે.

**અસત્યભાષા :-**

વળી કોઈક શ્રોતાને વસ્તુનો બોધ ન હોય અથવા વિપરીત બોધ હોય તે પ્રસંગમાં કોઈ ઉપદેશક સ્યાદ્વાદની મર્યાદાને છોડીને એકાંતનું સ્થાપન કરે તેવો વચનપ્રયોગ કરે તો તે વચનથી શ્રોતાને બોધ થાય છે, પરંતુ તે બોધ પદાર્થના અનુભવ અનુસાર કે સર્વજ્ઞના વચન અનુસાર નહિ હોવાથી, વક્તા દ્વારા ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષા હોવાના કારણે=શ્રોતાને ચોક્કસ બોધ કરાવે એ પ્રકારે ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષા હોવાના કારણે, ભાવભાષા હોવા છતાં અસત્યભાવભાષા છે; કેમ કે તે ઉપદેશક વિપરીત પ્રરૂપણા કરનાર હોવાથી વિરાધક છે.

કેવા પ્રકારની તે અસત્યભાષા છે ? તે સ્પષ્ટ કરે છે –

એકાંત નિત્ય જીવ છે, ઇત્યાદિથી તેના જેવા સર્વ એકાંત વચનોનો સંગ્રહ છે તેથી સર્વત્ર અનુભવ અનુસાર પાંચ કારણોથી કાર્ય થતું હોવા છતાં ધર્મ તો પુરુષકારથી જ સાધ્ય છે, ધનની પ્રાપ્તિ ભાગ્યને જ આધીન છે ઇત્યાદિ એકાંત વચનો પણ અસત્યભાષાનાં વચનો છે; કેમ કે વિવેકીને નિર્ણય થઈ શકે છે કે આ વચન પદાર્થના અનુભવથી વિપરીત છે માટે અસત્ય છે અને મુગ્ધ શ્રોતાને વિપરીત બોધ કરાવીને તેના અહિતનું કારણ બને છે માટે તે ઉપદેશક વિરાધક છે.

**મિશ્રભાષા :-**

કોઈ વનમાં અશોકનાં ઘણાં વૃક્ષો હોય છતાં કોઈક કોઈક સ્થાને ધવાદિ વૃક્ષો પણ હોય અને કોઈ પુરુષ કહે કે 'આ અશોકવન જ છે' તે વચનથી ચોક્કસ પદાર્થનો નિર્ણય થતો નથી; કેમ કે તે વનમાં અન્ય વૃક્ષો પણ છે અને અશોકનાં વૃક્ષો પણ છે માટે તે ભાષાને મિશ્રભાષા કહેવાય છે.

**અનુભયભાષા :-**

જે વસ્તુમાત્રના પર્યાલોચન પર હોય પરંતુ આ વસ્તુ આમ છે અથવા આમ નથી એવો નિર્ણય કરાવનાર ન હોય તે ભાષાને અનુભયભાષા કહેવાય છે. જેમ કોઈ કહે કે 'હે દેવદત્ત ! ઘટ લાવ' આ કથન ઘટ લાવવાની ક્રિયાને કરવાનો બોધ કરાવે છે પરંતુ તત્ત્વનો નિર્ણય કે તત્ત્વમાં વિપર્યાસ કરાવે તેવો નથી, તેથી આ ભાષા સત્ય પણ નથી અને અસત્યપણ નથી એ રૂપ અનુભયભાષા કહેવાય છે. વ્યવહારનયથી ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષાના જે આ વિભાગો પાડ્યા તે વિભાગોમાં શાસ્ત્રકારોએ કરેલી તેવી પરિભાષા જ શરણ છે અર્થાત્ તત્ત્વને કહેનાર ભાષાને સત્ય કહેવી અન્યને નહિ. એકાંતવાદને કહેનાર ભાષાને અસત્ય કહેવી અન્યને નહિ અને અશોકવન ઇત્યાદિ સ્થાનમાં મિશ્રભાષા કહેવી પરંતુ એકાંત નિત્ય જીવ છે તેને મિશ્રભાષા ન કહેવી એ વગેરેમાં પરિભાષા જ શરણ છે. અને આવી પરિભાષા કરીને પદાર્થનું સ્થાપન કર્યું એ વ્યવહારનયનું આશ્રયણ છે એમ જાણવું.

**ટીકા :-**

**हन्दीत्युपदर्शने, निश्चयतो द्विविधैव भाषा सत्या मृषेति, सत्यामृषाभाषायास्तात्पर्यबाधेनाऽसत्यायामेवान्तर्भावात् अबाधितात्पर्यस्यैव शब्दस्य सत्यत्वात्, अन्यथा 'द्रव्यं रूपवदि'त्यस्य देशकात्स्न्यर्तात्पर्यभेदेन प्रामाण्याऽप्रामाण्यद्वैविध्यानुपपत्तेरित्यन्यत्र विस्तरः ।**

**अत्र च वने वृक्षसमूहरूपेऽशोकाऽभेदतात्पर्यबाधेन मृषात्वस्य स्पष्टत्वात् । उक्तं च पञ्चसंग्रहटीकायां** – "व्यवहारनयमतापेक्षया चैवमुच्यते । परमार्थतः पुनरिदमसत्यमेव यथाविकल्पितार्थाऽयोगाद्" **() इति, न च समूहदेशे एवाशोकाभेदान्वयान्न बाधः, तथासमभिव्याहारे देशान्वयस्याऽव्युत्पन्नत्वात्, यदा त्वशोकप्रधानं वनमिति विवक्षया प्रयोगस्तदा श्रमणसङ्घ इत्यादिवद् व्यवहारसत्यताऽपि न विरुध्यत इत्याभाति ।**

**असत्यामृषाऽपि विप्रलिप्सादिपूर्विकाऽसत्य एव, अन्या च सत्य एवान्तर्भवति । तदुक्तं पञ्चसंग्रहटीकायामेव**-"इदमपि व्यवहारनयमतापेक्षया द्रष्टव्यम्, अन्यथा विप्रतारणादिबुद्धिपूर्वकमसत्येऽन्तर्भवति, अन्यस्तु सत्ये" **(पं. सं.) इति ।।१७।।**

**ટીકાર્થ :-**

हन्दीत्युपदर्शने ..... इति ।। ગાથામાં 'हन्दि' ઉપદર્શનમાં છે=કોઈકને બોધ કરાવવા અર્થે સન્મુખ

**કરવા માટે છે. નિશ્ચયથી બે પ્રકારની જ ભાષા છે. સત્યભાષા અને મૃષાભાષા.**

**'इति' શબ્દ નિશ્ચયનયના ભાષાના ભેદોની સમાપ્તિ અર્થે છે.**

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનય અન્ય બે ભાષાને કઈ ભાષા કહે છે ? તે બતાવવા અર્થે હેતુ કહે છે --

**સત્યામૃષાભાષાના તાત્પર્યનો બાધ હોવાથી=અશોકવન એ પ્રકારના વચનમાં ધવ આદિ વૃક્ષો હોવાને કારણે તાત્પર્યનો બાધ હોવાથી, અસત્યભાષામાં જ અંતર્ભાવ છે.**

અહીં પ્રશ્ન થાય કે અશોકવન એ કથનમાં પણ અશોકવૃક્ષોની પ્રાપ્તિ છે જ તેથી તે ભાષાને અસત્યભાષા કઈ રીતે કહી શકાય ? તેમાં હેતુ કહે છે –

**અબાધિત તાત્પર્યવાળા શબ્દોનું જ સત્યપણું છે. અન્યથા=અશોકવનમાં અશોક વૃક્ષને આશ્રયીને સત્યપણું હોવાને કારણે તે ભાષાને અસત્ય ન સ્વીકારવામાં આવે તો, 'દ્રવ્ય રૂપવાળું છે' એ પ્રકારના વચનનું દેશના અને કાત્સ્ન્યૅના તાત્પર્યના ભેદથી પ્રામાણ્ય અપ્રામાણ્યના દ્વૈવિધ્યની અનુપપત્તિ છે એ પ્રકારે અન્યત્ર વિસ્તાર છે અને અહીં=અશોકવન એ પ્રકારના વચનપ્રયોગમાં, વૃક્ષના સમૂહરૂપ વનમાં અશોકના અભેદના તાત્પર્યનો બાધ હોવાથી મૃષાપણાનું સ્પષ્ટપણું છે, તેથી નિશ્ચયનય મિશ્રભાષાનો અસત્યભાષામાં અંતર્ભાવ કરે છે એમ અન્વય છે.**

**અને પંચસંગ્રહની ટીકામાં કહેવાયું છે –**

"અને વ્યવહારનયના મતની અપેક્ષાએ આ પ્રમાણે=અશોકવન એ મિશ્રભાષા છે એ પ્રમાણે, કહેવાય છે. પરમાર્થથી વળી=નિશ્ચયનયથી વળી, આ=અશોકવન એ પ્રકારનું વચન, અસત્ય જ છે; કેમ કે યથાવિકલ્પિત અર્થનો અયોગ છે=અશોકવન એ વચન દ્વારા અશોકવૃક્ષના અભેદના તાત્પર્યથી વિકલ્પિત એવા અર્થનો અયોગ છે." ()

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**અને સમૂહના દેશમાં જ અશોકના અભેદનો અન્વય હોવાથી બાધ નથી એમ ન કહેવું; કેમ કે તે પ્રકારે સમભિવ્યાહર હોતે છતે=અશોકવન એ શબ્દમાં તે પ્રકારે વનની સાથે અશોકશબ્દનો સંબંધ હોતે છતે, દેશ અન્વયનું=વૃક્ષના સમૂહના એક દેશમાં અશોકશબ્દના અન્વયનું, અવ્યુત્પન્ન-પણું છે.**

**વળી જ્યારે અશોકપ્રધાન વન એ પ્રકારની વિવક્ષાથી પ્રયોગ છે ત્યારે શ્રમણસંઘ=શ્રમણપ્રધાન સંઘ ઈત્યાદિની જેમ વ્યવહારસત્યતા પણ વિરોધી નથી એ પ્રકારે અમને ભાસે છે.**

વળી અસત્યામૃષાભાષા પણ નિશ્ચયનયથી ક્યાં અંતર્ભાવ પામે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**અસત્યામૃષા પણ ઠગવાની ઈચ્છા આદિ પૂર્વક અસત્ય જ છે અને અન્ય=ઉચિત પ્રવૃત્તિ કરવાના**

**પ્રયોજનથી બોલાયેલી અસત્યામૃષાભાષા, સત્યમાં જ અંતર્ભાવ પામે છે, તે પંચસંગ્રહની ટીકામાં જ કહેવાયું છે.**

"આ પણ=અસત્યામૃષા પણ, વ્યવહારનયના મતની અપેક્ષાએ જાણવી. અન્યથા=વ્યવહારનયની વિવક્ષા ન કરવામાં આવે અને નિશ્ચયનયથી વિચારવામાં આવે તો, ઠગવા આદિ બુદ્ધિપૂર્વક અસત્યમાં અંતર્ભાવ પામે છે. વળી અન્ય=ઉચિત પ્રવૃત્તિના પ્રયોજનથી બોલાયેલી અસત્યામૃષાભાષા, સત્યમાં અંતર્ભાવ પામે છે." **(પંચસંગ્રહ)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

**નિશ્ચયનયથી સત્ય અને મૃષા બે પ્રકારની જ ભાષા :-**

નિશ્ચયનયથી ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષા બે પ્રકારની છે. (૧) સત્ય (૨) મૃષા; કેમ કે નિશ્ચયનય યથાર્થ બોલાયેલી ભાષાને સત્ય કહે છે અને વિપરીત બોલાયેલી કે દુષ્ટ આશયથી બોલાયેલી ભાષાને અસત્ય કહે છે. અશોકવન એ પ્રકારના વચનપ્રયોગમાં વ્યવહારનય સત્યામૃષાભાષા કહે છે ત્યાં અશોક સિવાયનાં અન્ય વૃક્ષો હોવાથી તાત્પર્યનો બાધ થાય છે, તેથી નિશ્ચયનય અનુસાર તે ભાષા અસત્યમાં જ અંતર્ભાવ પામે છે. કોઈ પુરુષ ઉચિત બોધ કરાવવાના શુભ આશયથી પણ અશોકવન એ પ્રકારનો વચનપ્રયોગ કરે તો તે વચન અનુસાર અર્થ નહિ હોવાથી તે ભાષા અસત્ય જ બને છે. જેમ 'એકાંત નિત્ય જીવ છે' તે વચન પણ જીવરૂપ પદાર્થના વાસ્તવિક સ્વરૂપથી વિપરીત પદાર્થને કહેનાર છે તેથી અસત્યભાષા છે, તેમ અશોકવન એ વચન પણ વસ્તુના સ્વરૂપથી વિપરીત કહેનાર હોવાથી અસત્ય જ છે. વસ્તુતઃ અબાધિત તાત્પર્યવાળા વચનનું જ સત્યપણું છે જેમ 'સદ્ અસદ્રૂપ જીવ છે' એ વચન સત્ય છે.

આ કથનને પુષ્ટ કરવા અર્થે યુક્તિ બતાવે છે –

જેમ કોઈ કહે કે 'દ્રવ્ય રૂપવાળું છે' તે કથન કરનાર પુરુષના વચનના પ્રતિસંધાનથી એ અર્થ પ્રાપ્ત થતો હોય કે પુદ્ગલદ્રવ્ય રૂપવાળું છે તો દેશમાં તાત્પર્યનો અભેદ હોવાથી=છ દ્રવ્યમાંથી પુદ્ગલદ્રવ્યરૂપ દેશમાં તાત્પર્યનો અભેદ હોવાથી, તે વચન પ્રમાણભૂત કહેવાય છે. તે પ્રકારની વિવક્ષા વગર સર્વદ્રવ્ય રૂપવાળાં છે તે અર્થમાં 'દ્રવ્ય રૂપવાળું છે' એ પ્રયોગ થયેલો હોય તો કહેનારના વચનથી કાર્ત્સ્ન્યથી દ્રવ્યની સાથે રૂપના અભેદની પ્રાપ્તિ થાય છે અર્થાત્ સર્વદ્રવ્યો રૂપવાળાં છે એ પ્રકારના અર્થની પ્રાપ્તિ થાય છે તે અપેક્ષાએ તે વચન અપ્રમાણરૂપ છે. અબાધિત તાત્પર્યવાળું આ વચન નહીં હોવાથી નિશ્ચયનયથી આ ભાષાને અસત્યભાષા કહેવાય છે.

જેમ 'દ્રવ્ય રૂપવાળું છે' એ વચન અબાધિત તાત્પર્યવાળું નહીં હોવાના કારણે અપ્રમાણરૂપ હોવાથી નિશ્ચયનયના મતે મૃષા છે, તેમ અશોકવન એ પ્રકારના વચનપ્રયોગને પણ મૃષામાં જ અંતર્ભાવ કરવો પડે; કેમ કે અશોકવન એ પ્રયોગમાં વૃક્ષના સમૂહરૂપ વનમાં અશોકના અભેદના તાત્પર્યનો બાધ છે તેથી મૃષાપણું સ્પષ્ટ છે.

વળી અહીં કોઈ શંકા કરે કે વૃક્ષના સમૂહના એક દેશમાં અશોકવનના અભેદનો અન્વય અમે કરીશું,

તેથી બાધ થશે નહિ. માટે નિશ્ચયનયના મતે પણ તે ભાષાને સત્ય સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અશોકવન એ પ્રકારે બે પદો પાસે રહેલાં હોય ત્યારે વનના એકદેશમાં અશોકનો અન્વય થઈ શકે નહિ. માટે શાબ્દબોધની મર્યાદા અનુસાર વૃક્ષના પૂર્ણ સમૂહમાં તેનો અન્વય કરવો પડે. તેથી તે ભાષાનો મૃષામાં જ અંતર્ભાવ કરવો પડે.

વળી કોઈ પુરુષ અશોકપ્રધાન વન એ પ્રકારની વિવક્ષાથી આ અશોકવન છે, એ પ્રકારે કહે તો શ્રમણપ્રધાન સંઘ ઇત્યાદિ પ્રયોગની જેમ વ્યવહારથી સત્યતા પણ અશોકવનમાં વિરોધ પામતી નથી એમ ગ્રંથકારશ્રીને ભાસે છે અર્થાત્ શ્રમણપ્રધાન સંઘમાં સાધુ-સાધ્વી મુખ્ય છે અને શ્રાવક-શ્રાવિકા ગૌણ છે તેમ અશોકપ્રધાન વનમાં અશોકવૃક્ષ મુખ્ય છે, અન્ય વૃક્ષો ગૌણ છે. માટે તે વચનપ્રયોગરૂપ વ્યવહારને સત્યભાષારૂપે સ્વીકારવામાં વિરોધ નથી એમ ગ્રંથકારશ્રીને ભાસે છે.

અહીં પંચસંગ્રહની ટીકામાં અશોકવનને અસત્યમાં જ અંતર્ભાવ કર્યો છે તેથી ગ્રંથકારશ્રી કહે છે કે 'અશોકપ્રધાન' એ પ્રકારની વિવક્ષાથી તેને વ્યવહારથી સત્ય સ્વીકારવામાં વિરોધ નથી તેમ જણાય છે.

વળી અસત્યામૃષારૂપ ચોથી ભાષા પણ નિશ્ચયનયની દૃષ્ટિથી બોલનાર પુરુષ બીજાને ઠગવાના આશયથી કે માન આદિ કષાયને વશ થઈને કહે તો તે અસત્યભાષા જ છે. જેમ કોઈને કહે કે ઘડો લાવ એ વચન બોલવા પ્રત્યે પોતાના આધિપત્ય આદિનો ભાવ હોય તો તત્ત્વની પ્રાપ્તિનું કારણ નથી માટે અસત્ય જ છે. કોઈ મહાત્મા ઉચિત વિવેકપૂર્વક શાસ્ત્રમર્યાદા અનુસાર શિષ્ય આદિને ઘડો લાવ ઇત્યાદિ વચન કહે ત્યારે તે વચનપ્રયોગમાં પણ શિષ્યનું હિત થાય તેવો નિર્મળ આશય હોય છે. તેથી ત્યાં ઇચ્છાકારસામાચારીનું પાલન અવશ્ય હોય છે. બીજાને આજ્ઞા કરવાના માનપરિણામને વશ તે ભાષા બોલાયેલી નથી પરંતુ શિષ્ય સ્વ-ઇચ્છાપૂર્વક ઉચિત વિનયના સંપાદન અર્થે કે નિર્જરાની પ્રાપ્તિ અર્થે વિધિપૂર્વક તે ક્રિયા કરે તેવો બોધ કરાવવા અર્થે સાધુ તે ભાષા બોલે છે, તેથી તે સત્યભાષામાં જ અંતર્ભાવ પામે છે, આથી જ સંસારી જીવો પુત્ર આદિને કે અન્ય કોઈને આજ્ઞા કરતા હોય ત્યારે ઠગવાની ઇચ્છા ન હોય તોપણ તે પ્રકારના માન આદિ કષાયવશ તે ભાષા બોલતા હોય છે કે તે પ્રકારની સાવદ્ય પ્રવૃત્તિનું કારણ બને તેવી ભાષા બોલતા હોય છે, તેથી નિશ્ચયનયથી સંસારી જીવોની તે ભાષા અસત્યમાં જ અંતર્ભાવ પામે છે. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**उक्तार्थे सूत्रोपष्टम्भमाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉક્ત અર્થમાં="નિશ્ચયથી અસત્યામૃષાભાષા વિપ્રલિપ્સા આદિપૂર્વક=બીજાને ઠગવાની ઇચ્છા આદિપૂર્વક હોય તો અસત્યમાં અંતર્ભાવ પામે છે અને અન્યભાષા સત્યમાં અંતર્ભાવ પામે છે" એ રૂપ ઉક્ત અર્થમાં, સૂત્રના ઉપષ્ટંભને કહે છે=પ્રજ્ઞાપનાના વચનથી પુષ્ટિને કરે છે –**

**ગાથા :-**

**एत्तो च्चिय आणमणी, जाईए केवला य णिद्दिट्ठा ।**
**पण्णवणी पण्णवणासुत्ते तत्तत्थदंसीहिं ।।१८।।**

**છાયા :-**

इत एवाऽऽज्ञापनी जात्या केवला च निर्दिष्टा ।
प्रज्ञापनी प्रज्ञापनासूत्रे तत्त्वार्थदर्शिभिः ।।१८।।

**અન્વયાર્થ :-**

एत्तो च्चिय=આથી જ=નિશ્ચયનયથી છેલ્લી બે ભાષા પૂર્વની બે ભાષામાં અંતર્ભાવ થાય છે આથી જ, आणमणी=આજ્ઞાપનીભાષાને, जाईए=જાતિથી, केवला य=અને કેવલ, पण्णवणासुत्ते=પ્રજ્ઞાપના-સૂત્રમાં, तत्तत्थदंसीहिं=તત્ત્વાર્થદર્શી એવા શ્યામાચાર્ય વડે, पण्णवणी=પ્રજ્ઞાપની=ઉપદેશ આપવા યોગ્ય એવી સત્યભાષારૂપ પ્રજ્ઞાપની, णिद्दिट्ठा=બતાવાઈ છે. ।।૧૮।।

**ગાથાર્થ :-**

**આથી જ=નિશ્ચયનયથી છેલ્લી બે ભાષા પૂર્વની બે ભાષામાં અંતર્ભાવ થાય છે આથી જ, આજ્ઞાપનીભાષાને જાતિથી અને કેવલ પ્રજ્ઞાપના સૂત્રમાં તત્ત્વાર્થદર્શી એવા શ્યામાચાર્ય વડે પ્રજ્ઞાપની= ઉપદેશ આપવા યોગ્ય એવી સત્યભાષારૂપ પ્રજ્ઞાપની, બતાવાઈ છે. ।।૧૮।।**

**ટીકા :-**

**यतो निश्चयेन चरमभाषाद्वयं पूर्वभाषाद्वयेऽन्तर्भावितम्, इत एवाज्ञापनी असत्यामृषाभेदान्त-र्गणिताऽपि जात्या=सामान्यपुरस्कारेण, केवला=तद्विनिर्मुक्ता च, प्रज्ञापनासूत्रे तत्त्वार्थदर्शिभिः श्यामाचार्यैः प्रज्ञापनी निर्दिष्टा । तथाहि –**

"अह भंते! जातीति इत्थिआणमणी, जातीति पुमआणमणी, जातीति नपुंसगआणमणी, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा! जातीति इत्थिआणमणी, जातीति पुमआणमणी, जातीति नपुंसगआणमणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसत्ति । अह भंते! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी, जा य नुपंसगआणमणी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी, जा य नपुंसगआणमणी पण्णवणी णं एसा भासा । ण एसा भासा मोसत्ति ।" **(प्र. भा. प. सू. १६२)**

**अत्र च यद्यपि केवलसूत्रमाज्ञाप्येन कार्याकरणे मृषात्वाशङ्कया प्रश्नकरणात्, विनीतविषयत्वान्न मृषात्वमन्यथा त्वविनीताज्ञापनस्य स्वपरपीडानिबन्धनत्वात् पारिभाषिकं मृषात्वमेव । तदुक्तं –**

"अविणीयमाणवंतो, किलिस्सइ भासइ मुसं चेव ।
घंटालोहं नाउं, को कडकरणे पवत्तिज्जा ।।" ( )

**इत्यभिप्रायेण प्रतिवचनौचित्याच्च समर्थितम्, जातिसूत्रमप्येवमेव, नवरं सर्वत्राज्ञापनयोग्यत्वासंभवेऽपि सम्भवाभिप्रायग्रहणान्नासंभव इति, तथापि सत्यासत्यान्यतरत्वेऽविवाद एवान्यथाऽसत्यामृषात्वेनैव सत्यत्वव्यतिरेकनिश्चयात्प्रश्ननिबन्धनसत्यत्वसन्देहस्यैवानुपपत्तेः ।**

**इदमुपलक्षणं प्रज्ञापन्या अपि,** 'जा य इत्थिपण्णवणी' **(प्र. भा. पद. सू. १६२) इत्यादिप्रबन्धेन सत्यत्वाभिधानाच्छाब्दव्यवहारानुगतं स्त्र्यादिलक्षणमादाय तस्या असत्यत्वेऽपि वेदानुगतं तदादाय सत्यत्वस्य युक्तत्वाच्च प्रागुक्तमेव युक्तमित्यपि द्रष्टव्यम् ।।१८।।**

**ટીકાર્થ :-**

**यतो ..... द्रष्टव्यम् ।। જે કારણથી નિશ્ચયનયથી ચરમભાષાદ્વય પૂર્વભાષા બેમાં અંતર્ભાવિત થાય છે, આથી જ અસત્યામૃષાભેદ અંતર્ગણિત પણ આજ્ઞાપનીભાષા જાતિથી=સામાન્યધર્મ પુરસ્કારથી, અને કેવલ=સામાન્યધર્મ રહિત, એવી આજ્ઞાપનીભાષા પ્રજ્ઞાપનાસૂત્રમાં તત્ત્વાર્થદર્શી એવા શ્યામાચાર્યે પ્રજ્ઞાપની=પ્રરૂપણા કરવા યોગ્ય, નિર્દિષ્ટ છે=આજ્ઞાપનીભાષા પ્રરૂપણા કરવા યોગ્ય કહેવાઈ છે. તે આ પ્રમાણે –**

"'अथ'થી પ્રસ્તાવ કરે છે કે હે ભગવંત ! જાતિ એ સ્ત્રી આજ્ઞાપની, જાતિ એ પુરુષ આજ્ઞાપની, જાતિ એ નપુંસક આજ્ઞાપની એ ભાષા પન્નવણી છે ? આ ભાષા મૃષા ભાષા નથી ? તેને ભગવાન ઉત્તર આપે છે. ખરેખર ગૌતમ ! જાતિ એ સ્ત્રી આજ્ઞાપની, જાતિ એ પુરુષ આજ્ઞાપની, જાતિ એ નપુંસક આજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે=પ્રરૂપણા કરવા યોગ્ય છે. આ ભાષા મૃષા નથી.

**त्ति શબ્દ ભગવાનના ઉત્તરની સમાપ્તિ માટે છે.**

'अथ'થી ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે હે ભગવંત ! અને જે સ્ત્રી આજ્ઞાપની, જે પુરુષ આજ્ઞાપની અને જે નપુંસક આજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે ?=પ્રરૂપણા કરવા યોગ્ય છે. એ ભાષા મૃષા નથી ? તેને ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! ખરેખર જે સ્ત્રી આજ્ઞાપની ! અને જે પુરુષ આજ્ઞાપની અને જે નપુંસક આજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે=પ્રરૂપણા કરવા યોગ્ય છે=સત્ય છે, એ ભાષા મૃષા નથી." **(પ્રજ્ઞાપનાસૂત્ર ભાષાપદ, સૂત્ર ૧૬૨)**

**त्ति શબ્દ ભગવાનના ઉત્તરની સમાપ્તિ માટે છે.**

**અને અહીં=પ્રજ્ઞાપનાના ઉદ્ધરણમાં, જો કે કેવલસૂત્ર=જાતિસૂત્ર નહિ પરંતુ જાતિસૂત્ર પછી બતાવેલ કેવલસૂત્ર, (પછી આગળ સંબંધ છે) એ અભિપ્રાયથી અને પ્રતિવચનના ઔચિત્યથી સમર્થિત છે (આગળ સંબંધ છે) તોપણ સત્ય, અસત્ય અન્યતરત્વમાં અવિવાદ જ છે એ પ્રકારે યદ્યપિ અને તથાપિનો અન્વય છે.**

કઈ રીતે કેવલસૂત્ર સમર્થિત છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**આજ્ઞાપ્યને કારણે=પ્રજ્ઞાપનામાં જે કેવલસૂત્ર છે એ અનુસાર સ્ત્રી આદિને આજ્ઞાપનીભાષાથી કહેવામાં આવે એના કારણે, કાર્યના અકરણમાં=જેને આજ્ઞા કરવામાં આવી છે તે સ્ત્રી આદિના કાર્યના અકરણમાં, મૃષાપણાની શંકાથી=આજ્ઞા કરનારની ભાષામાં મૃષાપણું છે કે નહિ એ પ્રકારની શંકાથી, પ્રશ્નકરણ હોવાથી=ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કરેલ હોવાથી, વિનીતવિષયપણું હોવાને કારણે મૃષાપણું નથી=વિવેકી પુરુષ વિનયસંપન્ન પુરુષને વિવેકપૂર્વક આજ્ઞા કરે ત્યારે તે આજ્ઞાપનીભાષાના વિષયભૂત સ્ત્રી આદિમાં વિનીતવિષયપણું હોવાથી આજ્ઞાપનીભાષા કરનારને મૃષાપણાની પ્રાપ્તિ નથી. વળી, અન્યથા=આજ્ઞા કરનાર પુરુષ એવો વિવેક રાખ્યા વગર આજ્ઞા કરે તો, અવિનીત આજ્ઞાપનનું=અવિનીત એવી સ્ત્રી આદિને આજ્ઞાપનીભાષા દ્વારા આજ્ઞાપનનું, સ્વપરપીડાનું કારણપણું હોવાથી=આજ્ઞા કરનારને કાર્ય નહિ થવાથી અને જેને આજ્ઞા કરવામાં આવી છે તેને દ્વેષ થવાથી તે આજ્ઞાપનીભાષાનું સ્વપરપીડાનું કારણપણું હોવાથી, પારિભાષિક મૃષાપણું જ છે=તેવી ભાષાને શાસ્ત્રકારોએ મૃષાપણાની જ પરિભાષા કરી છે અર્થાત્ તે ભાષા તથ્યને કહેનાર હોય તેથી સ્થૂલથી સત્ય જણાય તોપણ શાસ્ત્રીય પરિભાષાથી તેમાં મૃષાપણું જ છે. તે કહેવાયું છે=પીડાકારી આજ્ઞાપનીભાષા મૃષા છે તે કહેવાયું છે –**

"અવિનીતને આજ્ઞા કરતો પુરુષ ક્લેશને કરે છે અને મૃષા જ બોલે છે. ઘંટા લોહને જાણીને=બરછટ લોખંડને જાણીને=બરછટ લોખંડ જેવા અવિનીતને જાણીને, કડાના કરવામાં=અવિનીતને આજ્ઞા કરવારૂપ કડાના કરણમાં કોણ પ્રવર્તે ? અર્થાત્ મૂર્ખ જ પ્રવર્તે." ( )

**એ અભિપ્રાયથી કેવલસૂત્ર સમર્થિત છે અને પ્રતિવચનના ઔચિત્યથી=કોઈને આજ્ઞા કરવામાં આવે તે પુરુષના પ્રતિવચનના ઔચિત્યથી, કેવલ સૂત્ર સમર્થિત છે. જાતિસૂત્ર પણ=પ્રજ્ઞાપનાસૂત્રમાં સાક્ષી આપેલ જાતિસૂત્ર પણ, આ રીતે જ છે=કેવલસૂત્રની જેમ વિનીતને આજ્ઞા કરવામાં મૃષાત્વ નથી અને અવિનીતને આજ્ઞા કરવામાં મૃષાત્વ છે એ રીતે જ છે, ફક્ત સર્વત્ર=સ્ત્રી કે પુરુષ સંપૂર્ણ જાતિમાં, આજ્ઞાપનયોગ્યત્વનો અસંભવ હોવા છતાં પણ=આજ્ઞાપનીભાષા બોલનાર દ્વારા સર્વ સ્ત્રીઓને ઉદ્દેશીને આજ્ઞા કરે ત્યારે તે સર્વસ્ત્રીઓમાં આજ્ઞાપન યોગ્યત્વનો અસંભવ હોવા છતાં પણ, સંભવ અભિપ્રાયથી ગ્રહણ હોવાને કારણે=ક્વચિત્ કોઈ સ્ત્રી સમુદાયમાં આજ્ઞાપનયોગ્યત્વના સંભવના અભિપ્રાયથી પ્રજ્ઞાપનાસૂત્રમાં ગ્રહણ હોવાને કારણે, અસંભવ નથી=જાતિને આશ્રયીને ગૌતમસ્વામીનું પૃચ્છાવચન, અને જાતિને આશ્રયીને ભગવાનનું પ્રતિવચન અઘટમાન નથી, એથી દોષ નથી એ અધ્યાહાર છે. તોપણ સત્ય અસત્ય અન્યતરત્વમાં=આજ્ઞાપનીભાષા સત્ય અસત્ય અન્યતરમાં અંતર્ભાવ પામે છે એ વિષયમાં, અવિવાદ જ છે; કેમ કે અન્યથા=આજ્ઞાપનીભાષા સત્ય અસત્ય અન્યતરમાં અંતર્ભાવ ન કરવામાં આવે તો, અસત્યામૃષાપણું હોવાને કારણે જ=વ્યવહારનયના ભાષાના ચાર ભેદ પ્રમાણે આજ્ઞાપનીભાષાનું અસત્યામૃષાપણું હોવાને કારણે જ, સત્યત્વના**

**વ્યતિરેકનો નિશ્ચય હોવાથી=આજ્ઞાપનીભાષા સત્યભાષાથી ભિન્ન છે એ પ્રકારનો નિશ્ચય હોવાથી, પ્રશ્નનિબન્ધન સત્યત્વના સંદેહની જ=પ્રજ્ઞાપનાસૂત્ર અનુસાર ગૌતમસ્વામીએ જે આજ્ઞાપનીભાષાને 'આ ભાષા' સત્ય છે કે નહિ ? એ પ્રકારનો ભગવાનને પ્રશ્ન કર્યો છે તે પ્રશ્નના કારણભૂત સત્યત્વના સંદેહની જ અનુપપત્તિ છે.**

**પ્રજ્ઞાપનીનું પણ=પ્રજ્ઞાપનીભાષાનું પણ, આ ઉપલક્ષણ છે=આજ્ઞાપનીભાષા પ્રજ્ઞાપનાસૂત્ર અનુસાર સત્યમાં કે મૃષામાં અંતર્ભાવ પામે છે એ પ્રજ્ઞાપનીભાષાને પણ સત્યમાં કે મૃષામાં અંતર્ભાવ સ્વીકારવાનું ઉપલક્ષણ છે; કેમ કે** "અને જે સ્ત્રી પ્રજ્ઞાપની" **(પ્રજ્ઞાપનાસૂત્ર ભાષાપદ, સૂત્ર ૧૬૨) ઈત્યાદિ પ્રબંધથી સત્યત્વનું અભિધાન છે.**

ભાષામાં સ્ત્રીલિંગ, પુંલિંગ નપુંસકલિંગ ઇત્યાદિ શબ્દો છે તેને ગ્રહણ કરીને પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલ ઇત્થિપ્રજ્ઞાપની આદિનો અર્થ કરવામાં આવે તો તે શબ્દોમાં સ્ત્રીઓના લક્ષણની સંગતિ થાય નહિ; કેમ કે પ્રજ્ઞાપનાસૂત્રમાં ઇત્થિપ્રજ્ઞાપની ઇત્યાદિ દ્વારા સ્ત્રીના લક્ષણને કહેનારી ભાષાનું ગ્રહણ છે અને સ્ત્રીનું લક્ષણ મનુષ્ય સ્ત્રીમાં સંગત થઈ શકે પરંતુ સ્ત્રીલિંગ શબ્દોમાં સ્ત્રીનું જે લક્ષણ કરેલું છે તે સંગત થાય નહિ તેથી તે ભાષાને સત્યભાષા કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

**અને શબ્દ વ્યવહાર અનુગત સ્ત્રી આદિ લક્ષણને=સ્ત્રીલિંગ પુંલિંગ આદિમાં વપરાતા શબ્દોમાં સ્ત્રીલિંગ આદિના લક્ષણને ગ્રહણ કરીને, તેનું=સ્ત્રીપ્રજ્ઞાપની આદિ ભાષાનું, અસત્યપણું હોવા છતાં પણ વેદ અનુગત તેને ગ્રહણ કરીને=સ્ત્રીવેદ, પુરુષવેદને અનુસરનાર એવા સ્ત્રીશરીર પુરુષશરીર આદિને ગ્રહણ કરીને, સત્યત્વનું યુક્તપણું હોવાથી=પ્રજ્ઞાપનાસૂત્રમાં 'ઈત્થિપણ્ણવણી' આદિ ભાષાને જે સત્યભાષા કહી છે તેનું યુક્તપણું હોવાથી, પ્રાગ્ ઉક્ત જ=ગાથા-૧૭માં નિશ્ચયથી બે પ્રકારની ભાષા છે તે બતાવવા માટે પૂર્વમાં કહેલ કે અબાધિતતાત્પર્યવાળા શબ્દનું જ સત્યપણું છે અન્યથા દ્રવ્ય રૂપવાળું છે એ વચન, દેશ કાર્ત્સ્યર્થના તાત્પર્યના ભેદથી પ્રમાણ-અપ્રમાણરૂપ વૈવિધ્યની સંગતિ થાય નહિ એ રૂપ પ્રાગ્ ઉક્ત જ, યુક્ત છે એ પણ જાણવું=પ્રજ્ઞાપનાસૂત્રમાં જે ઈત્થિપ્રજ્ઞાપની ઈત્યાદિ પ્રબંધથી સત્યત્વનું અભિધાન કર્યું એ તો જાણવું પરંતુ પ્રાગ્ ઉક્ત જ યુક્ત છે એ પણ જાણવું. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૭માં વ્યવહારનયથી ચાર ભાષા બતાવ્યા પછી નિશ્ચયનયથી સત્ય અને મૃષારૂપ બે જ ભાષા છે તેમ કહ્યું અને તેનું સમર્થન કરતાં ટીકાકારશ્રીએ ટીકામાં મિશ્રભાષા અસત્યભાષા જ છે એમ યુક્તિથી બતાવ્યું અને અસત્યામૃષાભાષા કોઈને ઠગવા આદિની ઇચ્છાપૂર્વક બોલાયેલી હોય તો અસત્ય જ છે અને વિવેકપૂર્વક બોલાયેલી હોય તો સત્ય જ છે, તેનું સમર્થન કરતાં પ્રસ્તુત ગાથામાં કહે છે કે નિશ્ચયનયથી ચરમ બે ભાષા પ્રથમ બે ભાષામાં અંતર્ભાવ પામે છે આથી જ પ્રજ્ઞાપના સૂત્રમાં આજ્ઞાપનીભાષા જે ચોથી

ભાષા છે તે ભાષાને જાતિથી ગ્રહણ કરીને અને જાતિથી રહિત ગ્રહણ કરીને શ્યામાચાર્યે, પ્રજ્ઞાપનીભાષા કહેલ છે અર્થાત્ સત્યભાષા છે તેમ કહેલ છે.

તેથી એ ફલિત થાય છે કે જે આજ્ઞાપનીભાષા છે એ ભાષામાં અસત્ય અંશ નથી તોપણ વિનયસંપન્ન પુરુષને આશ્રયીને કરાયેલી આજ્ઞાપનીભાષા સત્યભાષા છે અને અવિનીતને કરાયેલી તે ભાષા અસત્યભાષા છે એ પ્રમાણે જો અસત્યામૃષાભાષા પણ પ્રથમ બે ભેદમાં આ રીતે અંતર્ભાવ થઈ શકે તો મિશ્રભાષા તો અસત્ય અંશથી મિશ્ર હોવાથી મૃષા ભાષામાં જ અંતર્ભાવ થઈ શકે તેથી નિશ્ચયનયને અભિમત બે ભાષા સ્વીકારવામાં પ્રજ્ઞાપનાસૂત્રનું વચન સમર્થન કરે છે.

અહીં પ્રજ્ઞાપનાસૂત્રમાં પ્રથમ સ્ત્રીજાતિ અને પુરુષજાતિને આશ્રયીને ગૌતમ સ્વામીએ પ્રશ્ન કરેલ અને ત્યારપછી જાતિને ગ્રહણ કર્યા વગર સ્ત્રીઆજ્ઞાપની, પુરુષઆજ્ઞાપની અને નપુંસકઆજ્ઞાપનીને ગ્રહણ કરીને પ્રશ્ન કરેલ અને ભગવાને ઉત્તર આપ્યો કે તે સ્ત્રીઆજ્ઞાપની આદિ ભાષા સત્યભાષા છે, મૃષાભાષા નથી. ત્યારપછી તે કથનનું સમર્થન ટીકાકારશ્રીએ કરતાં કહ્યું કે જે જાતિનું ગ્રહણ કર્યા વગર સ્ત્રીઆજ્ઞાપની આદિ ભાષા છે તે ભાષા અનુસાર કોઈ સાધુ કોઈને આજ્ઞા કરે અને તે આજ્ઞા પ્રમાણે તે કાર્ય ન કરે તો તે ભાષા મૃષા છે કે નહિ ? એ પ્રકારની શંકાથી ગૌતમસ્વામીએ પ્રશ્ન કરેલ છે અને ભગવાને કહ્યું કે તે ભાષા મૃષા નથી. તેથી એ ફલિત થયું કે વિવેકી સાધુ યોગ્ય શિષ્યને તેના હિત અર્થે જે આજ્ઞા કરે છે તે વખતે તે આજ્ઞા વિનીત શિષ્યાદિને પીડાકારી બનતી નથી, પરંતુ આ કૃત્ય ગુરુ ઉપદેશ અનુસાર કરવાથી મને નિર્જરાની પ્રાપ્તિ કરાવનાર બનશે તેવો નિર્ણય હોવાથી વિધિ અનુસાર તે કૃત્ય કરીને તે શિષ્ય અવશ્ય નિર્જરાનો ભાગી થાય છે; કેમ કે વિવેકી ગુરુ તેની સંયમવૃદ્ધિને અનુકૂળ ઉચિત કૃત્યમાં જ આજ્ઞા કરે અન્યમાં નહિ તેથી તે ભાષામાં મૃષાપણું નથી.

વળી ઉચિત પણ આજ્ઞા ગુરુ અવિનીતને કરે તો તે આજ્ઞાથી તે શિષ્યને પીડા થાય અને પોતાની આજ્ઞાનું પાલન શિષ્ય કરે નહિ તેથી ગુરુને પણ ક્લેશ થાય, તેથી તેવી આજ્ઞાપનીભાષા વિનીત શિષ્ય માટે હિતકારી હોવા છતાં અપાત્રને કરાયેલી આજ્ઞા હોવાને કારણે તે ભાષા મૃષારૂપ છે. જો કે આ ભાષા શિષ્યના હિતને અનુકૂળ હોવાથી સત્ય જ છે તોપણ શાસ્ત્રપરિભાષા અનુસાર તે ભાષામાં પારિભાષિક મૃષાપણું છે, એ પ્રકારના અભિપ્રાયથી પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં સમર્થન કર્યું છે.

વળી જે આજ્ઞાપનીભાષા વિનીતને કરવામાં આવે અને તેના કારણે તે વિનીત શિષ્ય પણ પ્રતિવચનના ઔચિત્યથી કહે અર્થાત્ ગુરુએ મને આજ્ઞા કરીને મારા ઉપર અનુગ્રહ કર્યો છે એ પ્રકારના પ્રતિવચનના ઔચિત્યથી કહે, તે ભાષા સત્યભાષા છે, અન્ય નહિ, એ પ્રકારે પ્રજ્ઞાપનાસૂત્રમાં સમર્થન કરાયું છે.

વળી જેમ કેવલસૂત્રમાં આજ્ઞાપનીભાષાનો સત્યમાં અને મૃષાભાષામાં અંતર્ભાવ કરાયો છે તેમ જાતિને આશ્રયીને કરાયેલી આજ્ઞાપનીભાષા પણ સત્યમાં અને મૃષામાં અંતર્ભાવ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે જાતિને આશ્રયીને આજ્ઞાપનીભાષા કઈ રીતે કરી શકાય ? અર્થાત્ અમુક બ્રાહ્મણજાતિ કે અમુક ક્ષત્રિયજાતિ આ રીતે કૃત્ય કરે તેવું કથન થઈ શકે પરંતુ તેવી આજ્ઞા આખી જાતિને કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

આખી જાતિમાં આજ્ઞાપનાયોગ્યત્વનો અસંભવ હોવા છતાં પણ ક્યારેક કોઈક સંયોગને આશ્રયીને સંભવના અભિપ્રાયનું ગ્રહણ હોવાથી અસંભવ નથી. જેમ કોઈ ગુરુ કોઈ યોગ્ય શિષ્યને પ્રસંગે કહે કે ક્ષત્રિયજાતિવાળા ક્યારેય શત્રુની સામે યુદ્ધમાં પાછા પડતા નથી તેથી મોહની સામે યુદ્ધમાં તત્પર થયેલા ક્ષત્રિયજાતિવાળા સાધુએ અવશ્ય ક્ષત્રિયની જેમ પરાક્રમ ફોરવવું જોઈએ, પરંતુ પીછેહઠ કરવી જોઈએ નહિ. આ પ્રકારના કથનના સંભવના અભિપ્રાયનું ગ્રહણ કરેલ હોવાથી જાતિને આશ્રયીને ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો અને ભગવાને ઉત્તર આપ્યો તે કથનનો અસંભવ નથી.

વળી પ્રજ્ઞાપનાસૂત્ર વચનાનુસાર આજ્ઞાપનીભાષાનું સત્ય અસત્ય અન્યતરત્વમાં અંતર્ભાવ થાય છે તેમાં કોઈ વિવાદ જ નથી; કેમ કે અસત્યામૃષાભાષામાં સત્યત્વનો ભેદ છે તેવો ગૌતમસ્વામીને નિશ્ચય હોવા છતાં ગૌતમસ્વામીએ તે ભાષા સત્ય છે કે નહિ ? એમ શંકા કરી તેથી નક્કી થાય છે કે વ્યવહારથી જે ચાર ભાષા છે તેમાંથી અસત્યામૃષારૂપ ચોથી ભાષાનો સત્યત્વમાં અંતર્ભાવ થઈ શકે છે અને ટીકાકારશ્રીના વચન અનુસાર અવિનીતને આજ્ઞા હોય તો અસત્યમાં અંતર્ભાવ થઈ શકે છે.

વળી ગ્રંથકારશ્રીએ ગાથામાં કહ્યું કે આજ્ઞાપનીભાષા પ્રજ્ઞાપનાસૂત્રમાં પ્રજ્ઞાપનીભાષા કહેવાયેલી છે તેથી તે આજ્ઞાપનીભાષા સત્યમાં અંતર્ભાવ પામે છે માટે નિશ્ચયનયની દૃષ્ટિથી ચરમ બે ભાષાનો પૂર્વ બે ભાષામાં અંતર્ભાવ થાય છે તેમ સ્વીકારવું ઉચિત છે તે કથન પ્રજ્ઞાપનીભાષાનું પણ ઉપલક્ષણ છે.

આશય એ છે કે પ્રજ્ઞાપનાસૂત્રમાં જેમ આજ્ઞાપનીભાષાનું સૂત્ર છે તેમ પ્રજ્ઞાપનીભાષાનું પણ સૂત્ર છે અને તે સૂત્રમાં કહ્યું છે કે સ્ત્રીપ્રજ્ઞાપની=સ્ત્રીના લક્ષણને કહેનારી, પુરુષપ્રજ્ઞાપની=પુરુષના લક્ષણને કહેનારી, ઇત્યાદિ ભાષા સત્ય છે કે નહિ ? તેનો ઉત્તર ભગવાને આપ્યો કે તે ભાષા સત્ય છે, અસત્ય નથી. તેથી ફલિત થાય કે સ્ત્રીનાં, પુરુષનાં લક્ષણોને કહેનારી ભાષા કોઈના હિત અર્થે શુદ્ધ પ્રરૂપણ કરનારા મહાત્મા કોઈને કહે ત્યારે તે સ્ત્રીનાં લક્ષણને કહેનારી પણ ભાષા સત્ય છે.

અહીં પ્રશ્ન થાય કે સ્ત્રીનાં લક્ષણો તો મનુષ્ય સ્ત્રીમાં ઘટે પરંતુ સ્ત્રીલિંગમાં વપરાતા તે શબ્દોમાં ઘટે નહિ, તેથી કોઈ મહાત્મા ઉચિત રીતે પ્રસંગ અનુસાર સ્ત્રીના લક્ષણને કહેનારી ભાષા બોલતા હોય અને તે ભાષાથી યોગ્ય જીવનું હિત થાય તેમ હોય તે અપેક્ષાએ તે ભાષા સત્ય હોવા છતાં કોઈ મંદ બુદ્ધિવાળા પુરુષને સ્ત્રી શબ્દથી સ્ત્રીલિંગવાળા શબ્દોની પણ ઉપસ્થિતિ થાય અને તે વખતે તે શબ્દોમાં સ્ત્રી આદિનું લક્ષણ ઘટે નહિ તે અપેક્ષાએ તે ભાષાને અસત્ય કહેવી પડે તોપણ સ્ત્રીવેદાદિના આશ્રયવાળા સ્ત્રી દેહધારી મનુષ્યને ગ્રહણ કરીને તેની વિચારણા કરવામાં આવે તો તે ભાષામાં સત્યપણું યુક્ત છે.

આથી જ=ગાથા-૧૭માં ગ્રંથકારશ્રીએ કહેલ કે અબાધિતતાત્પર્યવાળા શબ્દનું જ સત્યપણું છે આથી જ, મિશ્રભાષા અસત્યમાં અંતર્ભાવ પામે છે અને તેમ ન સ્વીકારીએ તો રૂપવાળું દ્રવ્ય છે તે વચન દેશતાત્પર્યથી પ્રમાણભૂત છે અને કાર્ત્સ્ન્ય તાત્પર્યથી અપ્રમાણભૂત છે તે સંગત થાય નહિ. એ જ કથન ઇત્થિપ્રજ્ઞાપનીભાષાને કહેનાર વચનમાં પણ યુક્ત છે, આથી સ્ત્રીલિંગ આદિ શબ્દોને ગ્રહણ કરીને તે ભાષાને અસત્ય જ કહેવાય અને વેદ અનુગત સ્ત્રી આદિને ગ્રહણ કરીને તે ભાષાને સત્ય કહેવાય એ પણ યુક્ત જ છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**अथाऽऽराधकत्वविराधकत्वदेशाराधकविराधकत्वानाराधकविराधकत्वोपाधिभिश्चतुर्द्धेव विभागो युक्तो न तु द्विधेत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**'अथ'થી શંકા કરતાં કહે છે – આરાધકત્વ, વિરાધકત્વ, દેશઆરાધકત્વવિરાધકત્વ અને અનારાધકવિરાધકત્વરૂપ ઉપાધિથી ચાર પ્રકારનો જ=ભાષાનો ચાર પ્રકારનો જ, વિભાગ યુક્ત છે, બે પ્રકારનો નહિ. આથી=શંકાના નિવારણના પ્રયોજનથી, કહે છે –**

**ભાવાર્થ :-**

વ્યવહારનય સત્ય, અસત્ય, મિશ્ર અને અનુભય ભાષા સ્વીકારે છે તે વચન ઉપયોગપૂર્વક બોલાયેલા ભાષાદ્રવ્યમાં વર્તતા સત્યત્વ આદિ પરિણામોને આશ્રયીને કહેલ. હવે આરાધકરૂપ બોલનારના પરિણામને આશ્રયીને વિચારીએ તો જે પુરુષ અનેકાન્તાત્મક વચન બોલે છે તે આરાધક છે તેથી તેનાથી બોલાયેલી સત્યભાષામાં પણ આરાધકપણું છે.

વળી જે પુરુષ એકાંતાત્મક વસ્તુનું પ્રતિપાદન કરે છે તેનું બોલાયેલું વચન અનુભવથી અને સર્વજ્ઞના વચનથી બાધિત હોવાને કારણે તે પુરુષ વિરાધક છે તેથી તેનાથી બોલાયેલી ભાષામાં વિરાધકપણું છે.

વળી જે પુરુષ અશોકવન એ પ્રમાણે કહે છે તેના વચનમાં એક અંશ સત્ય છે અન્ય અંશ મૃષા છે માટે તે પુરુષ દેશ આરાધક વિરાધક છે તેથી તેની ભાષામાં દેશઆરાધકવિરાધકપણું છે.

વળી જે પુરુષ આજ્ઞાપનીભાષા કહે છે કે 'ઘડો લાવ' ઇત્યાદિ તે પુરુષ આરાધક પણ નથી અને વિરાધક પણ નથી તેથી તેની ભાષામાં અનારાધકવિરાધકત્વ છે. આ પ્રકારની આરાધકત્વ આદિ ચાર ઉપાધિના ભેદથી પુરુષ દ્વારા બોલાયેલી ભાષાનો વિભાગ ચાર પ્રકારનો છે એમ કહેવું યુક્ત છે, પરંતુ પાછળની બે ભાષાનો પ્રથમની બે ભાષામાં અંતર્ભાવ કરીને નિશ્ચયનય સત્ય અને મૃષા બે ભાષા સ્વીકારે છે તે યુક્ત નથી; કેમ કે દેશઆરાધકવિરાધકત્વ અને અનારાધકવિરાધકત્વરૂપ ઉપાધિવાળી ભાષાનો આરાધક કે વિરાધક ભાષામાં અંતર્ભાવ થઈ શકે નહિ. આ પ્રકારની શંકાના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**आराहणं पडुच्च वि परिभासा चेव चउविहविभागे ।**
**सच्चंतब्भावे च्चिय, चउण्ह आराहगत्तं जं ।।१९।।**

**છાયા :-**

**आराधनां प्रतीत्यापि परिभाषैव चतुर्विभागे ।**
**सत्यान्तर्भाव एव चतुर्णामाराधकत्वं यत् ।।१९।।**

**અન્વયાર્થ :-**

आराहणं पडुच्च वि=આરાધનાને આશ્રયીને પણ=ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષાને આશ્રયીને તો ચાર પ્રકારના વિભાગમાં પરિભાષા જ છે પરંતુ આરાધનાને આશ્રયીને પણ, चउविहविभागे=ચાર પ્રકારના વિભાગમાં परिभासा चेव=પરિભાષા જ છે, जं=જે કારણથી, सच्चंतब्भावे च्चिय=સત્યના અંતર્ભાવમાં જ, चउण्ह आराहगत्तं=ચારે ભાષાનું આરાધકપણું છે. ॥૧૯॥

**ગાથાર્થ :-**

**આરાધનાને આશ્રયીને પણ=ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષાને આશ્રયીને તો ચાર પ્રકારના વિભાગમાં પરિભાષા જ છે પરંતુ આરાધનાને આશ્રયીને પણ, ચાર પ્રકારના વિભાગમાં પરિભાષા જ છે, જે કારણથી સત્યના અંતર્ભાવમાં જ ચારે ભાષાનું આરાધકપણું છે. ॥૧૯॥**

**ટીકા :-**

**आराधनां प्रतीत्याऽपि चतुर्विधविभागे परिभाषैव, निश्चयतस्त्वाराधकत्वानाराधकत्वाभ्यां च द्विविधैव भाषा, वस्तुतो भाषानिमित्तयोः शुभाशुभसंकल्पयोरेवाराधकत्वं विराधकत्वं वा न तु भाषायाः, अथ मन्दकुमारादीनां करणाऽपटिष्ठतादिना 'अहमेतद् भाषे' इत्यादिज्ञानशून्यानां या भाषा तन्निबन्धनाशुभसंकल्पाभावात्कथं तत्र विकल्पेन भाषोपक्षय इति चेत् न, अनायुक्तपरिणामस्यैव कर्मबन्धनहेतुत्वेन विराधकत्वात् तेन तदुपक्षयात्, समर्थितञ्चेदं** 'निच्छयओ सकयं चिय' **(अध्या. प.गा. ४८) इत्यादिना महता प्रबन्धेन स्वोपज्ञाध्यात्ममतपरीक्षायामिति नेह प्रतन्यते ।**

**अत्रैव हेतुमाह-सत्यान्तर्भाव एव यद्=यस्मात् कारणात्, चतसृणां भाषाणामाराधकत्वम् । अयं भावः** "इच्चेयाइं भंते! चत्तारि भासज्जायाइं भासमाणे किं आराहए विराहए? गोयमा! इच्चेयाइं चत्तारि भासज्जाताइं आउत्तं भासमाणे आराहए, णो विराहए ।।" **(प्र. भा. प. सू. १७४) त्ति प्रज्ञापनासूत्रे सर्वा अपि भाषा आयुक्तं भाषमाणस्याराधकत्वोपदेशात् क्रियाद्वयस्य समानकालीनत्वलाभादौत्सर्गिकहेतु-हेतुमद्भावसिद्धिः, अत्र चाऽऽयुक्तमिति पदं सम्यक्प्रवचनमालिन्यादिरक्षणपरतयेत्यर्थकम्, तथा चाऽऽयुक्तं भाष्यमाणाः सर्वा अपि सत्या एवेति पर्यवसितम् ।**

**अत एव** 'दो न भासिज्ज सव्वसो' **(द. अ. ७/गा. १) इत्यस्यापि न विरोधः, अपवादतस्तद्भाषणेऽ-प्युत्सर्गानपायात् । 'द्वे' इत्यत्रैव धर्मविरोधित्वं विशेषणमित्यन्ये ।**

**एवमनायुक्तं भाष्यमाणानां सर्वासामपि विराधकत्वेन मृषात्वमेव । तदुक्तं –** "तेण परं असंजय-अविरयअप्पडिहयअपच्चक्खायपावकम्मे सच्चं भासं भासंतो, मोसं वा, सच्चामोसं वा, असच्चामोसं वा भासं भासमाणे णो आराहए विराहए" **त्ति इत्थं चाराधकत्वानाराधकत्वाभ्यामपि सत्यासत्ये द्वे एव भाषे निश्चयतः पर्यवसन्ने इति ।।१९।।**

**ટીકાર્થ :-**

**आराधनां ..... इति ।। આરાધનાને આશ્રયીને પણ ચાર પ્રકારના વિભાગમાં પરિભાષા જ છે=આરાધકત્વ, વિરાધકત્વ, દેશઆરાધકવિરાધકત્વ અને અનારાધકવિરાધકત્વરૂપ ઉપાધિથી વ્યવહારનય જે ચાર ભાષા સ્વીકારે છે તેમાં પણ તે પ્રકારની શાસ્ત્રીય પરિભાષા જ છે અને વળી નિશ્ચયથી આરાધકત્વ અનારાધકત્વ દ્વારા બે પ્રકારની જ ભાષા છે.**

કેમ નિશ્ચયથી બે જ ભાષા છે ? તેમાં યુક્તિ બતાવે છે –

**વસ્તુતઃ ભાષાના નિમિત્ત એવા શુભ સંકલ્પનું અને અશુભ સંકલ્પનું જ આરાધકપણું અથવા વિરાધકપણું છે પરંતુ ભાષાનું નહિ.**

પૂર્વમાં કહ્યું કે બોલનાર પુરુષના શુભ અશુભ સંકલ્પનું જ આરાધકપણું વિરાધકપણું છે ભાષાનું નહિ. તેથી ભાષાનું સત્યપણું કે અસત્યપણું આરાધક વિરાધકના નિયામક તરીકે નથી તેમ ફલિત થાય. ત્યાં 'अथ'થી શંકા કરે છે –

**મંદકુમારાદિના=નાના બાળક અને બોલવામાં અપટુ એવા મંદકુમાર આદિના કરણ અપટિષ્ઠતાથી 'હું આ બોલું' ઈત્યાદિ જ્ઞાનશૂન્યવાળાની જે ભાષા છે તદ્ નિબંધન અશુભ સંકલ્પનો અભાવ હોવાથી=ભાષાના બોલવાના કારણભૂત અશુભ સંકલ્પનો અભાવ હોવાથી, ત્યાં=તેઓની ભાષામાં કેવી રીતે વિકલ્પ દ્વારા=શુભ અશુભ સંકલ્પરૂપ વિકલ્પ દ્વારા, ભાષાનો ઉપક્ષય થાય ? અર્થાત્ તેઓની બોલાયેલી ભાષાને આશ્રયીને જ આરાધકત્વ આદિ ચાર વિભાગો સ્વીકારવા પડશે પરંતુ બોલનારના શુભ અશુભ સંકલ્પને આશ્રયીને આરાધકત્વ વિરાધકત્વરૂપ વિકલ્પ સ્વીકારી શકાશે નહિ એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે એમ ન કહેવું; કેમ કે અનાયુક્ત પરિણામનું જ=જિનવચનાનુસાર તત્ત્વનો નિર્ણય કરીને તત્ત્વના પ્રયોજનથી જ બોલાયેલી હોય તેવી આયુક્ત ભાષાથી અતિરિક્ત ભાષા બોલવાના પરિણામરૂપ અનાયુક્ત પરિણામનું જ, કર્મબંધનું હેતુપણું હોવાથી વિરાધકપણું હોવાને કારણે=ભાષા બોલનારમાં વિરાધકપણું હોવાને કારણે, તેનાથી તેનો ઉપક્ષય છે=મંદકુમારાદિની બોલાયેલી ભાષામાં અનાયુક્ત પરિણામથી મંદકુમારાદિની બોલાયેલી ભાષાનો આરાધકરૂપે સ્વીકારવાથી ઉપક્ષય છે. અને આ=આત્માના પરિણામને આશ્રયીને જ ભાષાનો આરાધક-વિરાધક ભાવ છે પણ બોલાયેલી ભાષા આરાધક, વિરાધકની નિયામક નથી એ,** "નિશ્ચયથી સ્વકૃત જ સર્વ છે." **ઈત્યાદિ મહાન્ પ્રબંધથી સ્વોપજ્ઞ અધ્યાત્મમતપરીક્ષામાં સમર્થિત કરાયું છે એથી અહીં=પ્રસ્તુત ગ્રંથમાં વિસ્તાર કરાતો નથી.**

**આમાં જ=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે આરાધનાને આશ્રયીને પણ ચાર પ્રકારના વિભાગમાં પરિભાષા જ છે એમાં જ, હેતુને કહે છે –**

**જે કારણથી, સત્યના અંતર્ભાવમાં જ ચારે ભાષાનું આરાધકપણું છે=આત્મહિતના પ્રયોજનથી વિવેકપૂર્વક બોલાયેલી ચારે ભાષાઓ સત્યમાં જ અંતર્ભાવ પામતી હોવાથી ચારેનું આરાધકપણું છે.**

આ ભાવ છે –

"હે ભગવંત આ પ્રકારની આ ચાર ભાષાના સમૂહને બોલતો પુરુષ શું આરાધક છે કે વિરાધક છે ? ભગવાન ઉત્તર આપે છે – હે ગૌતમ ! આ પ્રકારની આ ચાર ભાષાના સમૂહને આયુક્ત બોલતો=શાસ્ત્રમર્યાદામાં ઉપયુક્ત થઈને બોલતો, આરાધક છે, વિરાધક નથી." **(પ્રજ્ઞાપનાસૂત્ર ભાષાપદ સૂત્ર ૧૭૪)**

**એ પ્રમાણે પ્રજ્ઞાપનાસૂત્રમાં સર્વ પણ ભાષાને આયુક્ત બોલનાર પુરુષના આરાધકત્વનો ઉપદેશ હોવાથી ક્રિયાદ્વયના સમાનકાલીનત્વનો લાભ હોવાને કારણે=આયુક્તરૂપ ઉપયોગની ક્રિયા અને ભાષણરૂપ ક્રિયા એ રૂપ ક્રિયાદ્વયની એક કાળમાં પ્રાપ્તિ હોવાને કારણે ઔત્સર્ગિક હેતુ-હેતુમદ્ભાવની સિદ્ધિ છે=ઉપયોગ અને ભાષા વચ્ચે નિશ્ચયનયને અભિમત એવી હેતુ-હેતુમદ્ભાવની સિદ્ધિ છે અને અહીં=આયુક્ત બોલાયેલી ચારે ભાષાને આરાધક સ્વીકારી એમાં, આયુક્ત એ પ્રકારનું પદ=ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષા છે એને બતાવનાર આયુક્ત એ પ્રકારનું પદ, સમ્યક્ પ્રવચન માલિન્યાદિના રક્ષણમાં તત્પરપણાથી એ પ્રકારના અર્થવાળું છે અને તે રીતે=સમ્યક્ પ્રવચનમાલિન્ય આદિના રક્ષણમાં તત્પરપણાથી આયુક્ત પદ છે તે રીતે, આયુક્ત બોલાતી સર્વ પણ ભાષા સત્ય જ છે એ પ્રમાણે પર્યવસિત છે.**

**આથી જ=આયુક્ત બોલાયેલી સર્વ પણ ભાષા સત્ય જ છે આથી જ,** "બે=અસત્ય અને મિશ્રભાષા એ બે, સર્વથા બોલવી જોઈએ નહિ." **(દશવૈકાલિકસૂત્ર અધ્યયન-૭, ગાથા-૧) એ પ્રકારના આનો પણ=દશવૈકાલિકના વચનનો પણ, વિરોધ નથી; કેમ કે અપવાદથી તેના ભાષણમાં પણ=અપવાદથી અસત્યભાષાના કે મિશ્રભાષાના ભાષણમાં પણ, ઉત્સર્ગનો અનપાય છે=ઉત્સર્ગથી દશવૈકાલિકમાં જે બે ભાષા બોલવાનો નિષેધ કર્યો છે તેનો અવિરોધ છે. 'બે' એ પ્રકારના આમાં જ=બે ભાષા બોલવી જોઈએ નહિ એ પ્રકારના દશવૈકાલિકના કથનમાં જે બે શબ્દ છે એમાં જ, ધર્મવિરોધીપણું વિશેષણ છે તેથી ધર્મવિરોધી એવી બે ભાષા બોલવી જોઈએ નહિ એમ અન્ય કહે છે.**

**આ રીતે='अथ'થી જે શંકા કરેલી અને તેનું નિરાકરણ કરતાં કહ્યું કે અનાયુક્ત પરિણામનું જ કર્મબંધનું કારણપણું છે તેથી મંદકુમારોની ભાષામાં વિરાધકપણું જ છે તેનું કથન અત્યાર સુધી કર્યું એ રીતે, અનાયુક્ત બોલનારાઓની સર્વ પણ ભાષાઓનું=સત્યાદિ ચારે પણ ભાષાઓનું, વિરાધકપણું હોવાથી મૃષાપણું જ છે તે=અનાયુક્ત બોલનારની બધી ભાષા મૃષા છે એમ પૂર્વમાં કહ્યું તે, કહેવાયું છે –**

"તેનાથી બીજો=આયુક્ત બોલનારથી અન્ય પુરુષ અસંયત, અવિરત, અપ્રતિહત અપચ્ચક્ખાણરૂપ પાપકર્મવાળો સત્યભાષાને બોલતો, મૃષાને બીલતો, સત્યમૃષાને અથવા અસત્યમૃષાભાષાને બોલતો આરાધક નથી વિરાધક છે."

**અને આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, આરાધકત્વ અનારાધકત્વ દ્વારા પણ સત્ય, અસત્ય બે જ ભાષા નિશ્ચયથી પર્યવસાન પામે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૭માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે નિશ્ચયથી સત્ય અને મૃષા એ બે જ ભાષા છે પરંતુ વ્યવહારનયને અભિમત ચાર પ્રકારની ભાષા નિશ્ચયથી નથી અને તેની પુષ્ટિ પ્રજ્ઞાપનાસૂત્રના વચનથી ગાથા-૧૮માં કરી. ત્યાં અવતરણિકામાં શંકા કરેલ કે ભાષા બોલનાર આરાધક વિરાધક આદિ ચાર ભેદથી પ્રાપ્ત થાય છે તેને આશ્રયીને પણ ભાષાને ચાર પ્રકારની સ્વીકારવી જોઈએ, પરંતુ નિશ્ચયનય કહે છે તેમ બે પ્રકારની સ્વીકારવી ઉચિત નથી તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાષા બોલનારની આરાધનાને આશ્રયીને પણ વ્યવહારનય ચાર પ્રકારનો વિભાગ કરે છે ત્યાં તે પ્રકારની પરિભાષા જ છે; કેમ કે જીવના પરિણામને આશ્રયીને વિચારીએ તો વ્યવહારનયને સંમત ચારે પણ ભાષા સત્યમાં અંતર્ભાવ પામે છે તેથી તે ચારે ભાષાને અપેક્ષાએ આરાધક કહી શકાય છે, આમ છતાં સામાન્યથી જે વક્તા જિનવચનાનુસાર ભાષા બોલે તે ભાષા જિનવચનાનુસાર સત્ય હોવાથી તે ભાષાને બોલનાર આરાધક છે તેમ કહેવાય છે. જે વક્તા જિનવચનથી વિપરીત એકાંત સ્થાપન કરે તે વચન મિથ્યા હોવાથી તે બોલનાર વિરાધક છે તેમ કહેવાય છે. મિશ્રભાષા બોલનાર દેશથી સત્ય બોલે છે અને દેશથી અસત્ય બોલે છે તેથી તેને દેશ આરાધક-વિરાધક કહેવાય અને આજ્ઞાપની આદિ ભાષા બોલનાર અસત્ય પણ કહેતો નથી અને અતત્ત્વને પણ કહેતો નથી તેથી અનારાધક-અવિરાધક છે એ પ્રકારની સામાન્યથી પરિભાષા જ છે, પરંતુ જીવના પરિણામના આશ્રયીને તે ચાર ભેદો પડી શકતા નથી. આથી જ ચારે પણ ભાષાઓનો પરિણામને આશ્રયીને સત્યમાં અંતર્ભાવ થઈ શકે છે. તેથી એ ફલિત થયું કે ભાષાને આશ્રયીને પૂર્વમાં વ્યવહારનયે જે ચાર વિભાગ કર્યા તે નિશ્ચયથી આરાધકત્વ અને અનારાધકત્વરૂપ બેમાં જ વિભક્ત થાય છે.

કેમ બેમાં વિભક્ત થાય છે ? તેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ ગાથા-૧૭-૧૮માં કરેલ છે. તે અનુસાર ભાષાને આશ્રયીને જે સત્યભાષા છે તે બોલનાર આરાધક છે, જે અસત્યભાષા છે તેને બોલનાર અનારાધક છે, મિશ્રભાષા અસત્ય હોવાથી તે બોલનાર અનારાધક છે અને અસત્યામૃષા તે અવિનીતને કહેનારને આશ્રયીને મૃષામાં અંતર્ભાવ પામે છે તેથી તે ભાષા બોલનાર અનારાધક છે અને વિનીતને આશ્રયીને સત્યમાં અંતર્ભાવ પામે છે તેથી તે ભાષા બોલનાર આરાધક છે, માટે નિશ્ચયનયને આશ્રયીને ભાષાના આરાધકત્વ અને વિરાધકત્વ દ્વારા બે ભેદ જ પડે છે. અહીં ભાષા બોલનાર અને ભાષાનો અભેદ કરીને ભાષાને જ આરાધક કે વિરાધક કહેવાય છે.

વળી જે આરાધનાને આશ્રયીને ભાષાના ચાર ભેદો પરિભાષાથી બતાવ્યા ત્યાં પણ, ભાષાના નિમિત્ત એવા શુભ, અશુભ સંકલ્પનું જ આરાધકપણું અને વિરાધકપણું છે ભાષાનું નહિ, તેથી પણ નિશ્ચયનયને અભિમત બે જ ભાષાની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે ભાષા બોલનાર ભગવાનના વચનાનુસાર ઉપયુક્ત થઈને બોલતા હોય ત્યારે બોલનાર વક્તામાં શુભ સંકલ્પ વર્તે છે તેથી તે બોલનારનું આરાધકપણું છે અને કોઈને ઠગવા આદિના પ્રયોજનથી

કોઈ ભાષા બોલતા હોય ત્યારે તે બોલનારમાં અશુભ સંકલ્પ વર્તે છે તેથી તે બોલનારનું વિરાધકપણું છે. પરંતુ બોલાયેલી ભાષા તે બોલનાર પુરુષના આત્માથી પૃથક્ પુદ્ગલદ્રવ્યરૂપ છે તેથી તે ભાષામાં આરાધકપણું કે વિરાધકપણું નથી માટે આરાધનાને આશ્રયીને પણ ભાષાના બે જ ભેદ કરવા ઉચિત છે એ પ્રકારનો નિશ્ચયનયનો આશય છે.

અહીં કોઈક શંકા કરે કે કેટલાક મંદબુદ્ધિવાળા કુમાર અવસ્થામાં હોય છે અને બોલવાના કરણમાં અપટુતા હોય છે અથવા મંદબુદ્ધિને કારણે વિચાર્યા વગર બોલનારા હોય છે, તેથી "હું આ બોલું" એ પ્રકારના જ્ઞાનથી શૂન્ય હોય છે, છતાં સંયોગ અનુસાર તેઓ ક્યારેક સત્યભાષા અને ક્યારેક અસત્યભાષા બોલતા હોય છે તોપણ, તેઓને તે ભાષા બોલવાના વિષયમાં કોઈને ઠગવા આદિનો અશુભ સંકલ્પ નથી હોતો. તે સ્થાનમાં શુભ અશુભ સંકલ્પ દ્વારા આરાધક, વિરાધક સ્વીકારવામાં આવે અને બોલાયેલી ભાષાને આશ્રયીને આ સત્ય છે અને આ અસત્ય છે એ પ્રકારનો વિકલ્પ ન સ્વીકારવામાં આવે તો તે બાળકની ભાષાને આરાધક, વિરાધક બેમાંથી ક્યાંય સમાવેશ કરી શકાય નહિ. માટે બોલાયેલી ભાષાને આશ્રયીને સત્ય અને અસત્યનો વિભાગ સ્વીકારવો જોઈએ. પરંતુ ભાષાના વિભાગમાં ભાષા કારણ નથી, શુભ અશુભ સંકલ્પ કારણ છે તેમ કહીને ભાષાનો ઉપક્ષય કરવો ઉચિત નથી. આ પ્રકારની કોઈકની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શંકાકારનું આ વચન ઉચિત નથી; કેમ કે અનાયુક્ત પરિણામનું જ કર્મબંધનું હેતુપણું છે. ભગવાનના વચનાનુસાર હિતાહિતનો નિર્ણય કરીને આત્મહિતનો વ્યાઘાત ન થાય તેવી ઉચિત ભાષાને છોડીને ભાષા બોલવાનો જે પરિણામ તે અનાયુક્ત પરિણામ છે, જેનાથી કર્મબંધ થાય છે તેથી તેવી ભાષા બોલનાર મંદકુમારાદિ વિરાધક જ છે માટે મંદકુમારાદિથી બોલાયેલી આ ભાષા સત્ય છે કે અસત્ય છે ઇત્યાદિના વિચારથી તેનો વિભાગ થઈ શકે નહિ પરંતુ અનાયુક્ત પરિણામને કારણે તે ભાષા બોલનારને અશુભ સંકલ્પ છે, એમ સ્વીકારીને વિરાધક જ સ્વીકારવો જોઈએ.

વળી જીવના પરિણામને આશ્રયીને જ ભાષાના આરાધક, વિરાધકનો ભેદ છે, બોલાયેલી ભાષાને આશ્રયીને નહિ, તેનું વિસ્તારથી સમર્થન ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમતપરીક્ષામાં કર્યું છે. અધ્યાત્મમતપરીક્ષાના વચનાનુસાર એ પ્રાપ્ત થાય કે નિશ્ચયનયની દૃષ્ટિથી આત્માના પરિણામને આશ્રયીને જ કર્મબંધ છે, પરંતુ વક્તાથી બોલાયેલી આત્માથી ભિન્ન એવી ભાષાને આશ્રયીને બોલનારને કર્મબંધ થઈ શકે નહિ, તેથી નિશ્ચયનયથી જે મહાત્મા જિનવચનાનુસાર હિતાહિતનો નિર્ણય કરીને સ્વપરના હિતનું કારણ હોય તેવી જ ભાષા બોલે તે પુરુષ શુભ સંકલ્પવાળો હોવાથી આરાધક છે અને જેઓ તે પ્રકારના ઉપયોગવાળા નથી તેઓ સત્યભાષા બોલે કે અસત્યભાષા બોલે તોપણ ભાષા બોલતી વખતે જિનવચનની આરાધનાનો પરિણામ નહિ હોવાથી તે બોલનાર વિરાધક જ છે, માટે બોલનારના પરિણામને આશ્રયીને જ કર્મબંધની પ્રાપ્તિ છે તેથી બોલાયેલી ભાષા સત્ય હોય કે અસત્ય હોય તેને આશ્રયીને આરાધકત્વનો અને વિરાધકત્વનો વિભાગ થઈ શકે નહિ. માટે અધ્યાત્મમતપરીક્ષાના કથનથી વિકલ્પ દ્વારા ભાષાના ઉપક્ષયનું જ સમર્થન

કરાયું છે અર્થાત્ જિનવચન અનુસાર ઉપયોગ-અનુપયોગરૂપ વિકલ્પ દ્વારા ભાષાને આરાધક-વિરાધક સ્વીકારીને બોલાયેલી ભાષા સત્ય છે કે અસત્ય છે તેના અસ્વીકારરૂપ ઉપક્ષયનું જ સમર્થન કરેલ છે.

કેમ ભાષાને આશ્રયીને આરાધક વિરાધકપણું નથી ? અને કેમ ભાષાને આશ્રયીને આરાધક વિરાધકપણાના ચાર ભેદો વ્યવહારનય કહે છે ? તે વ્યવહારનયની પરિભાષા જ છે. તેમાં ગાથાના ઉત્તરાર્ધથી હેતુ કહે છે –

જે કારણથી જિનવચનાનુસાર ઉપયુક્ત થઈને કોઈ મહાત્મા ચારે પ્રકારની ભાષામાંથી ગમે તે ભાષા બોલતા હોય તે ભાષા સત્યમાં જ અંતર્ભાવ પામે છે, તેથી ઉપયોગપૂર્વક બોલનારની ચારે ભાષાઓ આરાધનાને આશ્રયીને સત્યભાષા છે અને જિનવચનાનુસાર ઉપયોગ રહિત બોલનારની ચારે ભાષાઓ અસત્ય છે, માટે આરાધકત્વ વિરાધકત્વ દ્વારા બે પ્રકારની ભાષા નિશ્ચયનયથી પ્રાપ્ત થાય છે.

ચારે ભાષાને સત્યમાં અંતર્ભાવ કરીને નિશ્ચયનયથી બે ભાષાને આરાધક કહી તેનો ભાવ સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી બતાવે છે કે પ્રજ્ઞાપનાસૂત્રમાં ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે આ ચારે ભાષા બોલનાર પુરુષ આરાધક છે કે વિરાધક છે ? તેનો ઉત્તર આપતાં ભગવાને ગૌતમસ્વામીને કહ્યું કે વ્યવહારનયને અભિમત ચારે પણ ભાષા ઉપયોગપૂર્વક બોલનાર આરાધક છે, વિરાધક નથી. આ પ્રકારના પ્રજ્ઞાપનાસૂત્રના કથનમાં ઉપયોગપૂર્વક બોલનારની ભાષામાં આરાધકત્વનો ઉપદેશ છે. તેથી એ પ્રાપ્ત થયું કે "ભગવાનના વચનાનુસાર બોલવાનો ઉપયોગ અને ભાષાને બોલવાની ક્રિયા" એ રૂપ બે ક્રિયા સમાનકાલીન છે તેથી જિનવચનાનુસાર ઉપયોગની ક્રિયા અને બોલવાની ક્રિયા એ બે વચ્ચે ઔત્સર્ગિક હેતુ-હેતુમદ્ભાવની સિદ્ધિ છે અર્થાત્ ઉત્સર્ગ એટલે સામાન્ય અને અપવાદ એટલે વિશેષ અને ઉત્સર્ગમાર્ગ એટલે નિશ્ચયનયને અભિમત સામાન્યમાર્ગ અને અપવાદમાર્ગ એટલે વિશેષમાર્ગ. તેથી એ પ્રાપ્ત થાય કે સામાન્ય માર્ગ પ્રમાણે જ્યારે ક્રિયા થાય ત્યારે જ ક્રિયાનું કાર્ય થાય. જેમ કાપવાની ક્રિયા અને તેનું કપાવારૂપ ફલ એક જ કાળમાં થાય છે તે પ્રમાણે નિશ્ચયનયને અભિમત ઉપયોગ અને ભાષાનો નિસર્ગ તે બે ક્રિયા એકકાળમાં થાય છે. નિશ્ચયનયથી જિનવચનાનુસાર બોલવાને અનુકૂળ ઉપયોગ એ હેતુ છે અને ભાષાનો નિસર્ગ તે કાર્ય છે તેથી તે બે વચ્ચે એકકાળભાવિ કાર્યકારણભાવ છે તેમ સિદ્ધ થાય છે, તેથી ભાષાના જિનવચનાનુસાર ઉપયોગને આશ્રયીને બોલાયેલી ભાષાને પણ આરાધક કહેવાય છે.

અહીં કહ્યું કે ઉપયોગપૂર્વક બોલાતી હોય તો તે ભાષા આરાધક છે તેથી આયુક્તપદનો અર્થ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

વિવેકપૂર્વક પ્રવચનમાલિન્યાદિના રક્ષણના પરપણાથી=તત્પરપણાથી, કોઈ સાધુ મૃષાભાષા બોલે, મિશ્રભાષા બોલે કે આજ્ઞાપનીભાષા બોલે તોપણ તે આરાધક છે તેથી ઉપયોગપૂર્વક બોલનારની ભાષા સત્ય જ છે એ પ્રકારે પર્યવસિત થાય છે.

ગ્રંથકારશ્રીએ ઉપયોગને આશ્રયીને ચારે ભાષા સત્ય છે તેમ કહ્યું તેથી દશવૈકાલિકમાં જે કહ્યું છે કે સાધુએ સર્વથા બે ભાષા બોલવી જોઈએ નહિ=અસત્યભાષા અને મિશ્રભાષા બોલવી જોઈએ નહિ, એ

કથનનો પણ વિરોધ પ્રાપ્ત થતો નથી; કેમ કે ભગવાનના વચનમાં ઉપયુક્ત સાધુ અસત્યભાષા કે મિશ્રભાષા અપવાદથી જ બોલે ઉત્સર્ગથી બોલે નહિ અને દશવૈકાલિકમાં ઉત્સર્ગને આશ્રયીને તે બે ભાષા બોલવાનો સાધુને નિષેધ કર્યો છે.

વળી દશવૈકાલિકના પાઠનો વિરોધ નથી તેના સમાધાનરૂપે બીજા કહે છે કે 'ધર્મવિરોધી' એ પ્રકારનું વિશેષણ બે ભાષાનું આપવું તેથી=ધર્મવિરોધી એવી અસત્યભાષા અને મિશ્રભાષા સાધુ બોલે નહિ, એ પ્રકારનો દશવૈકાલિકનો અર્થ છે તેથી, ઉપયોગપૂર્વક બોલનારની ચારે ભાષાઓને સત્યમાં અંતર્ભાવ કરવામાં કોઈ વિરોધ નથી; કેમ કે ધર્મઅવિરોધી તે ચારે ભાષાઓ શુભઅધ્યવસાયનો હેતુ હોવાથી સત્યમાં જ અંતર્ભાવ પામે છે.

વળી જેઓ જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક બોલતા નથી તેઓની બોલાયેલી ચારે પ્રકારની વ્યવહારની ભાષામાં વિરાધકપણું હોવાથી મૃષાપણું જ છે. તેમાં સાક્ષી બતાવે છે કે જે સાધુ જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક બોલતા નથી તેઓ અસંયત છે; કેમ કે ગુપ્તિના પરિણામવાળા નથી, અવિરત છે; કેમ કે પાપથી વિરામ પામેલા નથી, અપ્રતિહત અપચ્ચક્ખાણ પાપકર્મવાળા છે=અપચ્ચક્ખાણને કારણે જે પાપકર્મ બંધાતું હતું તેનાથી પચ્ચક્ખાણ લેવા છતાં નિવર્તન પામેલા નથી એવા સાધુ જિનવચનાનુસાર સ્યાદ્વાદનું સ્થાપન કરે તેવું સત્ય વચન બોલે, એકાંતવાદને સ્થાપન કરનાર મૃષા વચન બોલે, સત્યમૃષા વચન બોલે, અર્થાત્ મિશ્રભાષા બોલે કે અસત્યામૃષાભાષા બોલે તોપણ તેઓ આરાધક નથી વિરાધક છે.

આનાથી એ ફલિત થાય કે સુસાધુ ભગવાનના વચનમાં ઉપયુક્ત થઈને બોલે તો જ તેઓ આરાધક છે અને અવિરતસમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક જિનવચનાનુસાર ઉપયુક્ત થઈને બોલે તો સુસાધુ જેવા આરાધક નહિ હોવા છતાં તત્સન્મુખ આરાધકભાવવાળા હોવાથી આરાધક છે અને જિનવચનમાં ઉપયોગ વગર સુસાધુ બોલે, અવિરતસમ્યગ્દૃષ્ટિ બોલે, દેશવિરતિધર બોલે તો તેઓ વિરાધક છે અને મિથ્યાદૃષ્ટિને પારમાર્થિક બોધ નહિ હોવાથી તેઓ જે કાંઈ બોલે તે જિનવચનના નિયંત્રણવાળું બને નહિ તેથી તેઓની ભાષા મૃષા જ છે.

વળી જેમ આરાધક વિરાધક દ્વારા નિશ્ચયનયથી સત્ય, અસત્ય બે ભાષા છે તેમ આરાધક-અનારાધક-પણાથી પણ નિશ્ચયનયથી સત્ય, અસત્ય બે જ ભાષા છે; કેમ કે જિનવચનથી અનિયંત્રિત ભાષાને અપેક્ષાએ વિરાધક કહેવાય, તેમ અપેક્ષાએ અનારાધક પણ કહી શકાય. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**नन्वेवं चातुर्विध्यं कल्पितमेवेत्याशङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે આ રીતે=પૂર્વમાં નિશ્ચયનયથી આરાધકત્વ વિરાધકત્વ દ્વારા બે પ્રકારની જ ભાષા છે એમ સ્થાપન કર્યું એ રીતે, ચાતુર્વિધ્ય=વ્યવહારને સંમત ભાષાનું ચાતુર્વિધ્ય, કલ્પિત જ છે એ પ્રકારની આશંકામાં કહે છે=ઉત્તર આપે છે –**

ગાથા :-

**एवं चउव्विहत्तं पकप्पियं होज्ज जइ मई एसा ।**
**सा ण जओ ववहाराणुगयं वत्थुं पि सुयसिद्धं ।।२०।।**

છાયા :-

एवं चतुर्विधत्वं प्रकल्पितं भवेद्यदि मतिरेषा ।
सा न यतो व्यवहारानुगतं वस्त्वपि श्रुतसिद्धम् ।।२०।।

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે નિશ્ચયનયની દૃષ્ટિએ બે પ્રકારની ભાષા છે એ રીતે, चउव्विहत्तं=ચાર પ્રકારપણું=વ્યવહારનયને સંમત ભાષાનું ચાર પ્રકારપણું, पकप्पियं होज्ज जइ एसा मई=પ્રકલ્પિત છે એ મતિ જો થાય. सा ण=તે નથી=તે મતિ ઉચિત નથી. जओ=જે કારણથી, ववहाराणुगयं वत्थुं पि=વ્યવહાર અનુગત વસ્તુ પણ=વ્યવહારનયને સંમત એવી ચાર ભાષારૂપ વસ્તુ પણ, सुयसिद्धं=શ્રુતસિદ્ધ છે=શાસ્ત્રસંમત છે. ।।૨૦।।

**ગાથાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે નિશ્ચયનયની દૃષ્ટિએ બે પ્રકારની ભાષા છે એ રીતે, ચાર પ્રકારપણું=વ્યવહારનયને સંમત ભાષાનું ચાર પ્રકારપણું, પ્રકલ્પિત છે એ મતિ જો થાય. તે નથી=તે મતિ ઉચિત નથી. જે કારણથી વ્યવહાર અનુગત વસ્તુ પણ=વ્યવહારનયને સંમત એવી ચાર ભાષારૂપ વસ્તુ પણ, શ્રુતસિદ્ધ છે=શાસ્ત્રસંમત છે. ।।૨૦।।**

**ટીકા :-**

**'एवं निश्चयनयस्य पारमार्थिकत्वे चतुर्विधत्वं=चतुष्प्रकारत्वं प्रकल्पितं=तुच्छं, वासनामात्रसमुत्थप्ररूपणत्वात्,' यदि एषा मतिर्भवेत् सा न, यतो व्यवहारानुगतमपि वस्तु श्रुतसिद्धम् । तथाहि – खट्वाघटकुड्यादिषु स्त्रीत्वपुंस्त्वक्लीबत्वानि न प्रसिद्धानीति न तुच्छानि, लिंगानुशासननियन्त्रितसंकेतविशेषविषयशब्दाभिधेयत्वरूपस्त्रीत्वादीनामपि वास्तवत्वात्, स्त्र्यादिपदानां नानार्थकत्वात्, न च पारिभाषिकं स्त्रीत्वादि शब्दनिष्ठमेवेति वाच्यम्, स्त्रीत्वादियोगिनि वस्तुन्येवेयमित्यादिव्यवहारात्, तदिदमुक्तं शकटसूनुनाऽपि-** 'इयमयमिदमि'ति शब्दव्यवस्थाहेतुः अभिधेयधर्म उपदेशगम्यः स्त्रीपुंनपुंसकत्वानीति ।

**एतदभिप्रायेण सूत्रमप्येवं व्यवस्थितम्-** 'अह भंते! जा य इत्थिवऊ, जा य पुमवऊ, जा य नपुंसगवऊ, पण्णवणी णं एसा भाषा ण एसा भासा मोसा ? गोयमा! जा य इत्थिवऊ, जा य पुमवऊ, जा य णपुंसगवऊ

पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोस त्ति ।।' **(प्र.भा.प.सू.१६२) एवं भाषाचातुर्विध्यमपि व्यवहारानुगतं श्रुतमूलकतया नावास्तवमिति भावः ।**

**अथ निश्चयव्यवहारयोरेकमवश्यमप्रमाणमेव, अन्यथा वस्तुनस्तदभिमतद्वैरूप्यानुपपत्तेरिति चेत् ? न, वस्तुनोऽनन्तधर्मात्मकत्वस्य प्रामाणिकत्वात्, अन्यथा एकस्यैव पितृपुत्रादिव्यवस्थानुपपत्तेः तत्तद्धर्मगौणमुख्यत्वोपपत्त्यर्थमेव नयभेदानुसरणादित्यन्यत्र विस्तरः ।।२०।।**

**ટીકાર્થ :-**

**'एवं ..... विस्तरः ।। આ રીતે=ગાથા-૧૯માં સ્થાપન કર્યું એ રીતે, નિશ્ચયનયનું પારમાર્થિકપણું હોતે છતે ચતુર્વિધપણું=વ્યવહારનયને સંમત ભાષાનું ચતુષ્પ્રકારપણું, પ્રકલ્પિત છે=તુચ્છ છે; કેમ કે વાસનામાત્રસમુત્થ પ્રરૂપણારૂપપણું છે=ભાષાના પારમાર્થિક બે ભેદ હોવા છતાં તે પ્રકારના વિભાગ કરવાના વાસનામાત્રથી ઉત્પન્ન થયેલ પ્રરૂપણારૂપ વ્યવહારનયનું કથન છે. એ મતિ જો થાય તે=તે મતિ, યુક્ત નથી. જે કારણથી વ્યવહાર અનુગત પણ વસ્તુ=વ્યવહારનયને સંમત પણ વસ્તુ, શ્રુતસિદ્ધ છે. તે આ પ્રમાણે – ખાટલી, ઘટ, ભીંત આદિમાં ક્રમસર સ્ત્રીપણું, પુરુષપણું, નપુંસકપણું પ્રસિદ્ધ નથી=મનુષ્યમાં પ્રસિદ્ધ એવું સ્ત્રીપણું આદિ ખાટલી આદિમાં પ્રસિદ્ધ નથી, એથી તુચ્છ નથી=ખાટલી આદિમાં સ્ત્રીલિંગ, પુંલિંગ આદિ અપ્રમાણ નથી; કેમ કે લિંગાનુશાસનથી નિયંત્રિત સંકેતવિશેષના વિષયવાળા શબ્દ અભિધેયત્વરૂપ સ્ત્રીત્વ આદિનું પણ વાસ્તવપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે મનુષ્ય સ્ત્રી આદિમાં સ્ત્રી આદિપણું અનુભવસિદ્ધ છે પરંતુ ખાટલી ઘટાદિમાં સ્ત્રી આદિપણું છે તેમ કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે --

**સ્ત્રી આદિ પદોનું અનેકાર્થકપણું છે=સ્ત્રી આદિ પદનો પ્રયોગ જેમ મનુષ્ય સ્ત્રી આદિમાં થાય છે તેમ ખાટલી આદિમાં પણ થાય છે, માટે તે વ્યવહારનું કથન સત્ય છે, અને પારિભાષિક સ્ત્રીત્વ આદિ=ખટ્વા આદિ શબ્દોમાં કરાયેલ પારિભાષિક સ્ત્રીત્વ આદિ, શબ્દનિષ્ઠ જ છે એમ ન કહેવું; કેમ કે સ્ત્રીત્વ આદિ યોગવાળી વસ્તુમાં જ આ છે=સ્ત્રીત્વ આદિ ધર્મો છે, ઈત્યાદિ વ્યવહાર છે. તે આ=પારિભાષિક સ્ત્રીત્વ આદિ શબ્દોમાં નથી પરંતુ તે તે શબ્દોથી વાચ્ય વસ્તુમાં છે એમ પૂર્વમાં કહ્યું તે આ, શકટસૂનુ વડે પણ કહેવાયું છે –**

"ઈયમ્, અયમ્, ઈદમ્=સ્ત્રીવાચક ઈયમ્, પુંલિંગ વાચક અયમ્ અને નપુંસકલિંગ વાચક ઈદમ્ એ શબ્દ વ્યવહારનો હેતુ અભિધેયનો ધર્મ છે=અભિધેય એવી વસ્તુનો ધર્મ છે તે ઉપદેશથી ગમ્ય છે. તથા સ્ત્રીત્વ, પુંસ્ત્વ અને નપુંસકત્વરૂપ છે."

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**આ અભિપ્રાયથી=સ્ત્રીલિંગ, પુંલિંગ આદિ શબ્દોથી વાચ્ય વસ્તુમાં સ્ત્રીલિંગ-પુંલિંગપણું છે એ અભિપ્રાયથી, સૂત્ર પણ=આગમવચન પણ, આ રીતે વ્યવસ્થિત છે=શકટસૂનુએ કહ્યું એ રીતે**

**વ્યવસ્થિત છે –**

"હે ભગવંત ! જે સ્ત્રીવાણી, જે પુરુષવાણી, જે નપુંસકવાણી પ્રજ્ઞાપની એ ભાષા છે. આ ભાષા મૃષા નથી ? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે – હે ગૌતમ ! જે સ્ત્રીવાણી=સ્ત્રીલિંગમાં વપરાયેલા શબ્દોને કહેનારી વાણી છે, જે પુરુષવાણી છે, જે નપુંસકવાણી છે એ ભાષા પ્રજ્ઞાપની છે, એ ભાષા મૃષા નથી." **(પ્રજ્ઞાપનાસૂત્ર ભાષાપદ સૂત્ર ૧૬૨)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**આ રીતે=પૂર્વમાં કહ્યું કે સ્ત્રીલિંગ, પુંલિંગ આદિ શબ્દો વ્યવહાર અનુગત શ્રુતપ્રસિદ્ધ છે એ રીતે, ભાષાનું ચાતુર્વિધ્ય પણ, વ્યવહાર અનુગત શ્રુતમૂલકપણું હોવાથી અવાસ્તવ નથી એ પ્રકારનો ભાવ છે.**

**નિશ્ચયમાં અને વ્યવહારમાં એક અવશ્ય અપ્રમાણ જ છે; કેમ કે અન્યથા=નિશ્ચયને અભિમત બે ભાષા અને વ્યવહારને અભિમત ચાર ભાષામાંથી એકને અપ્રમાણ ન સ્વીકારવામાં આવે તો, વસ્તુનું=ભાષારૂપ વસ્તુનું, તેમને અભિમત દ્વૈરૂપ્યની અનુપપત્તિ છે=વ્યવહારનયને અભિમત ચાર પ્રકાર અને નિશ્ચયનયને અભિમત બે પ્રકાર એ રૂપ દ્વૈરૂપ્યની અનુપપત્તિ છે એ પ્રમાણે 'अथ'થી શંકા કરનાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે વસ્તુનું=ભાષા આદિરૂપ વસ્તુનું, અનંતધર્માત્મકપણાનું પ્રામાણિકપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે એકવસ્તુને અનેક સ્વરૂપે કઈ રીતે સ્વીકારી શકાય ? તેથી વસ્તુને અનેક સ્વરૂપે ન સ્વીકારવામાં શું દોષની પ્રાપ્તિ થાય ? તેમાં હેતુ કહે છે –

**અન્યથા=એક વસ્તુને અનેક સ્વરૂપે ન સ્વીકારવામાં આવે તો એક જ પુરુષની પિતા, પુત્ર આદિ વ્યવસ્થાની અનુપપત્તિ છે=એક જ પુરુષ કોઈકનો પિતા છે, કોઈકનો પુત્ર છે તો કોઈકનો ભાઈ છે ઈત્યાદિ લોકપ્રસિદ્ધ વ્યવસ્થાની અનુપપત્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે જો વસ્તુ અનેકધર્માત્મક હોય તો વસ્તુના સ્વરૂપને તે રીતે જ સ્થાપન કરવું જોઈએ તેને બદલે નિશ્ચયનય ભાષાને બે પ્રકારે માને છે અને વ્યવહારનય તેની તે જ ભાષાને ચાર પ્રકારે માને છે તે પ્રકારે નયનો વિભાગ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**તે તે ધર્મના ગૌણ-મુખ્યત્વની ઉપપત્તિ માટે જ=ભાષારૂપ વસ્તુમાં અપેક્ષાએ બે વિભાગ છે, અપેક્ષાએ ચાર વિભાગ છે. તેમાંથી બે વિભાગને મુખ્ય કરીને ચાર વિભાગને ગૌણ કરીને અથવા ચાર વિભાગને મુખ્ય કરીને અને બે વિભાગને ગૌણ કરીને વસ્તુની ઉપપત્તિ માટે જ, નયભેદનું અનુસરણ છે, એ પ્રકારે અન્યત્ર=અન્ય ગ્રંથોમાં, વિસ્તાર છે. ॥૨૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે નિશ્ચયનયથી આરાધનાને આશ્રયીને પણ ભાષાનું

દ્વૈવિધ્ય જ છે તેથી એ ફલિત થયું કે ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષાને આશ્રયીને તો ભાષા સત્ય, અસત્ય બે રૂપ જ નિશ્ચયનયથી છે પરંતુ આરાધનાને આશ્રયીને વિચારીએ તોપણ જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષા સત્ય છે અને જિનવચનમાં અનુપયુક્તથી બોલાયેલી ભાષા વિરાધક હોવાથી મૃષા જ છે. આ રીતે નિશ્ચયનયનો વિભાગ પારમાર્થિક હોય તો વ્યવહારનયે જે ભાષાના ચાર વિભાગો પાડ્યા તે કલ્પિત જ છે તેમ માનવું પડે; કેમ કે વ્યવહારનયના ચાર ભેદોમાંથી પાછળના બે ભેદો વચનને આશ્રયીને પણ પ્રથમની બે ભાષામાં અંતર્ભાવ પામે છે અને આરાધનાને આશ્રયીને પણ પ્રથમ બે ભાષામાં અંતર્ભાવ પામે છે, તેથી તે પાછળના બે વિભાગો વ્યવહારનયે પોતાની-વાસનાને આશ્રયીને પ્રથમના બે ભેદોથી પૃથક્ કર્યા છે. વાસ્તવિક પાછળના બે ભેદો પ્રથમના બે ભેદોથી જુદા નથી, આ પ્રકારે કોઈને મતિ થાય તેને ગ્રંથકારશ્રી કહે છે --

તે મતિ ઉચિત નથી; કેમ કે વ્યવહાર અનુગત વસ્તુ પણ શ્રુતસિદ્ધ છે જેમ મનુષ્યમાં સ્ત્રી, પુરુષ અને નપુંસકના ભેદો છે. તે ભેદોમાં સ્ત્રી આદિનાં લક્ષણો ઘટે છે, પરંતુ ખાટલી, ઘટ, કુડી આદિ વસ્તુમાં પણ વ્યવહારનયથી સ્ત્રીલિંગ, પુંલિંગ, નપુંસકલિંગ પ્રસિદ્ધ છે તેથી તે અપ્રમાણ નથી તેમ નિશ્ચયનયથી સત્ય અને અસત્ય બે જ ભાષા હોવા છતાં વ્યવહારનય મિશ્રભાષાને અને અનુભયભાષાને તે તે પ્રકારના ભાષાના ભેદને કારણે પૃથક્ કરે છે તે સંગત જ છે. તેથી ભાષાનું ચતુર્વિધપણું પણ શ્રુતમૂલક હોવાને કારણે અવાસ્તવિક નથી.

અહીં પ્રશ્ન થાય કે આ રીતે નિશ્ચયનય ભાષાના બે ભેદને સ્વીકારે અને વ્યવહારનય તે જ ભાષાના ચાર ભેદો કરે તો તે બેમાંથી એક પ્રમાણ છે અને એક અપ્રમાણ છે તેમ માનવું પડે. આવું ન સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે બોલાયેલી ભાષા બે સ્વરૂપવાળી પણ છે અને ચાર સ્વરૂપવાળી પણ છે. આમ સ્વીકારીએ તો બે સ્વરૂપવાળી ભાષા ચાર સ્વરૂપવાળી છે અથવા ચાર સ્વરૂપવાળી ભાષા બે સ્વરૂપવાળી છે તે વચન સંગત થાય નહિ માટે નિશ્ચયનયને અભિમત બે ભાષા છે તે પ્રમાણ છે અથવા વ્યવહારનયને અભિમત ચાર ભાષા છે તે પ્રમાણ છે, તે બે પ્રકારમાંથી કોઈ એક વચન પ્રમાણભૂત સ્વીકારવું જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારની શંકા કરવી નહિ; કેમ કે વસ્તુ અનંતધર્માત્મક છે તેથી કોઈક દૃષ્ટિથી તેના બે ભેદ કરી શકાય અને કોઈક દૃષ્ટિથી તેના ચાર ભેદ પણ કરી શકાય.

જેમ જીવના ભેદો અપેક્ષાએ ત્રસ અને સ્થાવર બે રૂપ થાય છે, તો વળી અન્ય અપેક્ષાએ એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધી પાંચ ભેદો થાય છે અને વસ્તુને અનંતધર્માત્મક ન સ્વીકારવામાં આવે તો એક જ પુરુષ કોઈકનો પિતા થાય છે, કોઈનો પુત્ર થાય છે, કોઈકનો ભાઈ થાય છે, તે વ્યવસ્થા સંગત થાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે વસ્તુમાં અનેક ધર્મો હોય તો તે સર્વધર્મોને કહેવા જોઈએ તેના બદલે નિશ્ચયનયથી ભાષાના બે ભેદ છે અને વ્યવહારનયથી ભાષાના ચાર ભેદ છે એ પ્રકારનો વિભાગ કરવાનું શું પ્રયોજન છે ? એથી કહે છે --

ભાષામાં રહેલા અનેક ધર્મોમાંથી તે તે ધર્મને મુખ્ય કરીને અને અન્યને ગૌણ કરીને વસ્તુનો બોધ કરાવવા અર્થે નયભેદનું અનુસરણ છે, તેથી ભાષાના સત્ય અને અસત્ય બે જ વિભાગને મુખ્ય કરીને વ્યવહારને સંમત એવા પાછળના બે વિભાગો તેમાં અંતર્ભાવ કરે તે દૃષ્ટિથી નિશ્ચયનય પ્રવર્તે છે. અને નિશ્ચયનય જે ભાષાના બે વિભાગો પાડે છે તે ભાષામાં જ નિશ્ચયનયથી અંતર્ભાવ પામતા હોવા છતાં કાંઈક પોતાની વિલક્ષણતાને કારણે સત્ય મૃષા અને અસત્યામૃષા ભાષાને પ્રથમની બે ભાષાથી પૃથક્ કરે તે દૃષ્ટિથી વ્યવહારનય પ્રવર્તે છે, માટે નિશ્ચયનયને અભિમત બે ભેદ પણ પ્રામાણિક છે અને વ્યવહારનયને અભિમત ચાર ભેદો પણ શ્રુતસિદ્ધ વ્યવહારથી સંગત છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**तदेवं समर्थितं नयभेदेन भाषाया द्वैविध्यं चातुर्विध्यं च, अथ सौत्रविभागमनुसृत्योद्देशक्रमप्रामाण्यात् सत्याया एव लक्षणाभिधानपूर्वकं विभागमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૨૦માં કહ્યું એ રીતે, નયભેદથી ભાષાનું દ્વૈવિધ્ય અને ભાષાનું ચાતુર્વિધ્ય સમર્થન કરાયું. હવે સૌત્રવિભાગને અનુસરીને=ભાષાના કહેનારા આગમવચનના વિભાગને અનુસરીને, ઉદ્દેશક્રમના પ્રામાણ્યથી=આગમમાં જે ક્રમથી=ભાષાનો વિભાગ કહેવાયો છે તે ક્રમના પ્રામાણ્યથી=તે ક્રમના અનુસરણથી, સત્યભાષાના જ લક્ષણના કથનપૂર્વક વિભાગને કહે છે –**

**ગાથા :-**

**तम्मी तव्वयणं खलु, सच्चा अवहारणिक्कभावेणं ।**
**आराहणी य एसा, सुअंमि परिभासिया दसहा ।।२१।।**

**છાયા :-**

**तस्मिंस्तद्वचनं खलु सत्याऽवधारणैकभावेन ।**
**आराधनी चैषा श्रुते परिभाषिता दशधा ।।२१।।**

**અન્વયાર્થ :-**

**अवहारणिक्कभावेणं**=અવધારણએકભાવથી **तम्मी**=તેમાં=તે વસ્તુમાં, **तव्वयणं**=તે વચન=તે વસ્તુના સ્વરૂપને કહેનારું વચન, **खलु सच्चा**=નક્કી સત્યભાષા છે, **य एसा**=અને આ=સત્યભાષા, **सुअंमि**=શ્રુતમાં, **आराहणी परिभासिया**=આરાધની પરિભાષિત છે=પારિભાષિક આરાધકત્વ કહેવાઈ છે, **दसहा**=દશધા=તે દશ પ્રકારની, છે. ।।૨૧।।

ગાથાર્થ :-

**અવધારણએકભાવથી તેમાં=તે વસ્તુમાં, તે વચન=તે વસ્તુના સ્વરૂપને કહેનારું વચન નક્કી સત્યભાષા છે અને આ=સત્યભાષા શ્રુતમાં આરાધની પરિભાષિત છે=પારિભાષિક આરાધકત્વ કહેવાઈ છે દશધા=તે દશ પ્રકારની, છે. ।।૨૧।।**

ગાથા :-

**जणवयसंमयठवणाणामे रूवे पडुच्चसच्चे य ।**
**ववहारभावजोए दसमे ओवम्मसच्चे य ।।२२।।**

છાયા :-

जनपदसम्मतस्थापनानामानि रूपं प्रतीत्यसत्यं च ।
व्यवहारभावयोगानि दशममौपम्यसत्यं च ।।२२।।

અન્વયાર્થ :-

जणवयसंमयठवणाणामे रूवे य पडुच्चसच्चे=જનપદ, સંમત, સ્થાપના, નામ, રૂપ અને પ્રતીત્યસત્ય, ववहारभावजोए=વ્યવહાર, ભાવ, યોગ, य दसमे ओवम्मसच्चे=અને દશમું ઉપમાસત્ય. ।।૨૨।।

ગાથાર્થ :-

**જનપદ, સંમત, સ્થાપના, નામ, રૂપ અને પ્રતીત્યસત્ય, વ્યવહાર, ભાવ, યોગ અને દશમું ઉપમાસત્ય. ।।૨૨।।**

ટીકા :-

खल्विति निश्चये, अवधारणैकभावेन तस्मिंस्तद्वचनं सत्या, अवधारणैकभावेनेति असत्यामृषा-व्यवच्छेदार्थं, तस्या आमन्त्रणाद्यभिप्रायेणैव प्रयोगात्, अवधारणस्य च वस्तुप्रतितिष्ठासायामेवैवकारा-द्यध्याहारात् संसर्गमहिम्ना वा लाभात्, तस्मिंस्तद्वचनं च 'तद्धर्मवति तद्धर्मप्रकारकशाब्दबोधजनकः शब्दः', अनन्तधर्मात्मके वस्तुन्येकधर्माभिधानं च न सत्यं अवधारणबाधादित्याद्यूह्यम् ।

एषा च श्रुते आराधनी परिभाषिता, परिभाषितत्वानुधावने च पारिभाषिकाराधकत्वेन लक्षणत्वोप-दर्शनार्थम् अन्यथा विहितत्वेनाऽऽराधकत्वस्याऽसम्भवात्, विहितत्वं हि विधिबोधितकर्तव्यताकत्वं, तच्च सत्यभाषाघटितमित्यन्योन्याश्रयात्, सम्यगुपयोगपूर्वकत्वेन प्रातिस्विकरूपेण वाऽऽराधकशब्दत्वस्य चाऽसत्याद्यतिव्याप्तेरिति दिग् ।

सा च दशधा, जनपदसत्या, सम्मतसत्या, स्थापनासत्या, नामसत्या, रूपसत्या, प्रतीत्यसत्या, व्यवहारसत्या, भावसत्या, योगसत्या, औपम्यसत्या चेति ।।२२।।

**ટીકાર્થ :-**

**खल्विति ..... चेति ।। 'खलु' એ શબ્દ નિશ્ચય અર્થમાં છે. અવધારણએકભાવથી તેમાં=તે વસ્તુમાં, તદ્વચન=તે વસ્તુવાચક વચન, સત્ય છે=સત્યભાષા છે. અવધારણએકભાવથી એ વચન અસત્યમૃષાના વ્યવચ્છેદ માટે છે; કેમ કે તેનો=અસત્યામૃષાભાષાનો, આમંત્રણ આદિના અભિપ્રાયથી જ પ્રયોગ છે.**

અહીં પ્રશ્ન થાય કે બોલનાર પુરુષ સત્યભાષા બોલે છે ત્યારે પણ અવધારણનો પ્રયોગ હોય જ એવો નિયમ નથી, તેથી સત્યભાષા બોલનાર પુરુષના વચનમાં "અવધારણએકભાવથી તેમાં તે વચન સત્ય છે" એ લક્ષણ સંગત થાય નહિ. તેના નિવારણ માટે હેતુ કહે છે –

**અને વસ્તુના પ્રતિષ્ઠાપન કરવાની ઈચ્છામાં જ એવકાર આદિ અધ્યાહાર હોવાથી અથવા સંસર્ગના મહિમાથી અવધારણનો લાભ છે અને તેમાં તે વચન તદ્ધર્મવાનમાં તદ્ધર્મપ્રકારક શાબ્દબોધ જનક શબ્દ છે અને અનંતધર્માત્મક વસ્તુમાં એક ધર્મનું અભિધાન સત્ય નથી; કેમ કે અવધારણનો બાધ છે ઈત્યાદિનો ઊહ કરવો=સત્યભાષાવિષયક સ્વરૂપની વિચારણા કરવી.**

**અને આ=સત્યભાષા, શ્રુતમાં આરાધની પરિભાષિત છે અને પારિભાષિતત્વના અનુધાવનમાં=આ ભાષા સત્ય છે એમ ન કહેતાં આ ભાષા સત્યરૂપે પરિભાષિત છે એ પ્રકારે કહેવામાં, પારિભાષિક આરાધકપણાથી લક્ષણપણાના ઉપદર્શન માટે છે=અવધારણએકભાવથી બોલાયેલી સત્યભાષામાં પારિભાષિક આરાધકપણારૂપે જ સત્યત્વનું લક્ષણ છે પરંતુ આરાધકત્વરૂપે સત્યત્વનું લક્ષણ નથી તે બતાવવા માટે છે.**

કેમ સત્યભાષામાં પારિભાષિક આરાધકપણાથી લક્ષણ છે, આરાધકપણાથી નથી ? તેમાં હેતુ કહે છે -

**અન્યથા=પારિભાષિક આરાધકપણાથી લક્ષણ ન સ્વીકારવામાં આવે તો, વિહિતપણાથી=શાસ્ત્રમાં આ ભાષા વિહિત છે એ પણાથી, તે ભાષામાં આરાધકત્વનો અસંભવ છે; કેમ કે વિહિતપણું વિધિબોધિત કર્તવ્યતાકપણું છે અને તે=વિધિબોધિતકર્તવ્યતાકપણું, સત્યભાષા ઘટિત છે એથી અન્યોન્યાશ્રય છે.**

અહીં પ્રશ્ન થાય કે વિહિતપણાને છોડીને સમ્યગ્ ઉપયોગપૂર્વકપણાથી અથવા પ્રાતિસ્વિકરૂપથી સત્યભાષામાં આરાધકત્વ સ્વીકારી શકાશે. તેથી બીજો હેતુ કહે છે –

**અને સમ્યગ્ ઉપયોગપૂર્વકપણાથી કે પ્રાતિસ્વિકરૂપપણાથી આરાધકશબ્દત્વની અસત્યાદિમાં અતિવ્યાપ્તિ છે, એ પ્રમાણે દિશાસૂચન છે અને તે=પારિભાષિક આરાધકત્વરૂપે કરાયેલી સત્યભાષા, દશ પ્રકારની છે –**

**(૧) જનપદસત્ય=જનપદમાં સત્યરૂપે સંમત હોય તે જનપદસત્ય, (૨) સંમતસત્ય=વ્યુત્પત્તિઅર્થથી અન્ય અર્થ પ્રાપ્ત થતો હોય છતાં લોકમાં સત્યરૂપે જે સંમત હોય તે સંમતસત્ય. (૩) સ્થાપનાસત્ય, (૪) નામસત્ય, (૫) રૂપસત્ય=સાધુ આદિ વેષને આશ્રયીને પાસત્થાને પણ સાધુ કહેવાય એ રૂપ રૂપસત્ય. (૬) પ્રતીત્યસત્ય=કોઈકની અપેક્ષાએ આ નાનો છે અને કોઈકની અપેક્ષાએ આ મોટો છે**

**એ પ્રકારે પ્રતીતિને આશ્રયીને જે સત્ય હોય તે પ્રતીત્યસત્ય, (૭) વ્યવહારસત્ય, (૮) ભાવસત્ય, (૯) યોગસત્ય=વ્યુત્પત્તિને આશ્રયીને જે સત્ય હોય તે યોગસત્ય, (૧૦) ઔપમ્યસત્ય=ઉપમાથી જે સત્ય હોય તે ઔપમ્યસત્ય કહેવાય. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

**સત્યભાષાનું લક્ષણ :-**

પૂર્વમાં નયભેદથી ભાષા સત્ય અસત્ય બે પ્રકારની છે અને સત્યાદિ ચાર પ્રકારની છે તેમ કહ્યું. તેમાંથી હવે સત્યભાષાનું લક્ષણ બતાવે છે –

જે વસ્તુ જે સ્વરૂપે હોય તે વસ્તુનું તે પ્રકારે સ્વરૂપને કહેનારું અવધારણપૂર્વકનું વચન સત્યવચન છે. જેમ જીવ સદ્ અસદ્રૂપ જ છે, એ પ્રકારના 'જ'કારપૂર્વકનું કથન તે સત્યવચન છે.

અહીં પ્રશ્ન થાય કે અવધારણપૂર્વકનું કહેવાનું શું પ્રયોજન ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

અસત્યામૃષાભાષામાં લક્ષણ ન જાય તે માટે અવધારણપૂર્વકનું વચન સત્ય છે તેમ કહેલ છે; કેમ કે અસત્યામૃષાભાષા પણ આમંત્રણાદિ અભિપ્રાયથી કહેવાયેલી હોવા છતાં યથાર્થવચનરૂપ છે, પરંતુ તે વચનમાં અવધારણનો અભિપ્રાય હોતો નથી, તેથી અસત્યામૃષાભાષા કરતાં સત્યભાષાનો ભેદ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સત્યભાષા બોલનારા પણ દરેક વચનપ્રયોગમાં અવધારણથી કહેતા નથી. જેમ સ્યાદ્વાદથી યથાર્થ બોધવાળો પુરુષ પણ કહે કે સદ્-અસદ્રૂપ જીવ છે. તે સ્થાનમાં એવકારનો પ્રયોગ થયેલો નથી છતાં તે ભાષા સત્ય છે. તે શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુનું યથાર્થ સ્થાપન કરવાની ઇચ્છાથી જ્યારે પ્રયોગ કરાય છે ત્યારે તે પ્રયોગમાં કોઈક સ્થાને એવકાર અધ્યાહાર હોય છે, કોઈક સ્થાને એવકાર અને સ્યાદ્ અધ્યાહાર હોય છે જ્યારે કોઈક સ્થાને સાક્ષાત્ એવકાર પ્રયોગનો સંસર્ગ હોય છે અને કોઈક સ્થાને એવકાર અને સ્યાત્ બન્નેના પ્રયોગનો સંસર્ગ હોય છે, તેથી અધ્યાહારથી કે સંસર્ગથી ત્યાં એવકારની અને 'સ્યાત્'ની અવશ્ય પ્રાપ્તિ છે. જેમ કોઈ કહે ઘટ છે તે સ્થાનમાં જો તે 'ઘટ છે' તે વચનમાં સ્યાત્ અને એવકાર અધ્યાહાર ન કરવામાં આવે તો તે વચન સત્ય બને નહિ; કેમ કે ઘટ ઘટસ્વરૂપે છે, પટસ્વરૂપે નથી તેથી સ્યાત્પદના અને એવકારપદના પ્રયોગની આવશ્યકતા રહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે કથંચિત્ ઘટ છે જ=ઘટત્વસ્વરૂપે ઘટ છે જ, પટત્વસ્વરૂપે નથી. તેથી વસ્તુના યથાર્થ સ્થાપનના આશયથી સ્યાદ્વાદી ઘટ છે એ પ્રકારનો પ્રયોગ કરતા હોય ત્યારે એવકાર અને સ્યાત્ અવશ્ય માનવું જોઈએ, તો જ વસ્તુનું યથાર્થ સ્થાપન થાય. જ્યારે શ્રોતાને તે પ્રકારનો બોધ કરાવવા અર્થે સ્યાદ્વાદી વચનપ્રયોગ કરે અને તેને જણાય કે શ્રોતાને સ્યાત્ અને એવકાર અધ્યાહાર છે તેનું જ્ઞાન નહિ થાય તો વિપરીત બોધ થાય તેમ છે ત્યારે વસ્તુને સ્થાપન કરવાની ઇચ્છાવાળા સ્યાદ્વાદી અવશ્ય સ્યાત્ અને એવકારનો પ્રયોગ કરે છે તેથી સંસર્ગના મહિમાથી અવધારણની પ્રાપ્તિ થાય છે.

અહીં એવકાર આદિ અધ્યાહાર છે તેમ કહ્યું તેમાં આદિ પદથી સ્યાત્નું ગ્રહણ છે.

'તે વસ્તુમાં તે વચન' એ પ્રમાણે કહેવાથી શું અર્થ પ્રાપ્ત થાય ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

તે ધર્મવાળી વસ્તુમાં તદ્ધર્મપ્રકારક શાબ્દબોધજનક શબ્દ એ તે વસ્તુમાં તદ્વચનરૂપ છે. જેમ ઘટત્વધર્મવાળી વસ્તુમાં ઘટધર્મપ્રકારક શાબ્દબોધજનક ઘટ શબ્દ એ સત્યવચન છે.

વળી ઘટત્વ આદિ વસ્તુઓ અનંતધર્માત્મક છે, તેમાં સ્યાત્ શબ્દના ઉલ્લેખ વગર કે અધ્યાહાર વગર એક ધર્મનું અભિધાન કરવામાં આવે તો તે સત્યવચન બને નહિ; કેમ કે અવધારણનો બાધ છે. જેમ અનંતધર્માત્મક ઘટરૂપ વસ્તુને કોઈ પુરુષ કહે કે 'घट एव अस्ति' તે સ્થાનમાં 'સ્યાત્'નો ઉલ્લેખ ન હોય તો કે વક્તાના વચનના ઉલ્લેખથી અધ્યાહારરૂપે 'સ્યાત્' શબ્દ પ્રાપ્ત ન થતો હોય તો તે વચન સત્ય બને નહિ; કેમ કે ઘટ છે જ તેમ કહેવાથી સર્વસ્વરૂપે ઘટ છે અર્થાત્ ઘટ ઘટસ્વરૂપે પણ છે અને પટાદિસ્વરૂપે પણ છે તેવો અર્થ પ્રાપ્ત થાય માટે તે સ્થાનમાં અવધારણનો બાધ છે તેથી તે વચન મૃષા જ બને. આથી જ એકાંતદર્શનવાળાનાં વચનો અન્યધર્મના અપલાપને કરનારાં હોવાથી મૃષા બને છે. સ્યાદ્વાદને માનનાર જે પુરુષ અવ્યુત્પન્ન હોય તે કયા ધર્મના આધારે વસ્તુ છે અને કયા ધર્મના આધારે વસ્તુ નથી તેને જાણતો નથી તેથી કોઈ એક ધર્મના ઉલ્લેખથી તેનું કથન કરે તો તે વચન મૃષા જ બને, માટે અનંતધર્માત્મક વસ્તુના ચોક્કસ ધર્મનો બોધ કરાવવા અર્થે તે ધર્માવચ્છેદેન તે વસ્તુ છે જ એ પ્રકારનો જે વચનપ્રયોગ તે સત્ય વચન છે.

આ રીતે સત્યભાષાનું લક્ષણ કર્યા પછી ગ્રંથકારશ્રી કહે છે કે શાસ્ત્રમાં આ સત્યભાષાને આરાધની છે એ પ્રકારની પરિભાષા કરાયેલી છે. તેથી એ પ્રાપ્ત થયું કે આ ભાષામાં પારિભાષિક આરાધકપણાથી સત્યનું લક્ષણ છે; કેમ કે આ પ્રકારની સત્યભાષા પણ કોઈ વક્તા બોલતો હોય છતાં તે ભાષા તેના કષાયાદિ જન્ય ઉપયોગને આશ્રયીને કર્મબંધનું કારણ બને ત્યારે તે ભાષા આરાધક નથી પરંતુ વિરાધક છે; તોપણ તે વસ્તુને તે સ્વરૂપે યથાર્થ પ્રતિપાદન કરનારી હોવાથી તે ભાષામાં પારિભાષિક આરાધકત્વ છે. આથી જ સાધુ કઈ ભાષા બોલે ? તે બતાવતી વખતે આ પારિભાષિક આરાધકભાષા સાધુએ બોલવી જોઈએ તેમ કહેવામાં આવે છે, પરંતુ આ ભાષા પદાર્થની યથાર્થ પ્રરૂપણા કરનારી છે માટે નિયમા આરાધક છે તેમ કહેવામાં આવતું નથી. આથી જ સ્યાદ્વાદનું યથાર્થ સ્થાપન કરનાર વચન કોઈ સ્યાદ્વાદી કષાયને વશ બોલે તો તે વચનમાં પારિભાષિક આરાધકત્વ છે, છતાં તે વચનના બોલનારને કર્મબંધની પ્રાપ્તિ થતી હોવાથી તે ભાષા આરાધક નથી.

અહીં પ્રશ્ન થાય કે આ સત્યભાષાને પારિભાષિક આરાધકપણું કેમ કહ્યું ? શાસ્ત્રમાં આ ભાષા બોલવાની સાધુને અનુજ્ઞા છે તેથી વિહિતપણાથી જ આ ભાષા આરાધક છે એમ કેમ ન કહ્યું ? તેની સ્પષ્ટતા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વિહિતપણાથી આ સત્યભાષામાં આરાધકપણાનો અસંભવ છે; કેમ કે અન્યોન્યાશ્રય દોષ છે.

કઈ રીતે અન્યોન્યાશ્રય દોષ છે ? તે બતાવે છે –

વિહિતભાષા કહેવાથી તે ભાષા વિધિબોધિતકર્તવ્યતાવાળી છે અર્થાત્ શાસ્ત્રમાં સાધુને તે ભાષા બોલવાની વિધિ છે નિષેધ નથી એવો અર્થ પ્રાપ્ત થાય. સાધુને જે ભાષા બોલવાની અનુજ્ઞા હોય તે ભાષા સત્યભાષા જ હોય અન્ય નહિ, તેથી જ્યાં સુધી આ ભાષા સત્ય છે તેવો નિર્ણય થાય નહિ ત્યાં સુધી આ ભાષા બોલવા માટે વિહિત છે તેવો નિર્ણય થાય નહિ; અને જ્યાં સુધી વિહિત છે તેવો બોધ થાય નહિ ત્યાં સુધી આ ભાષા સત્ય છે તેવો નિર્ણય થાય નહિ, માટે શાસ્ત્રમાં વિહિત છે તે સ્વરૂપે આ ભાષા આરાધક છે તેવું લક્ષણ કરી શકાય નહિ પરંતુ આ ભાષામાં પારિભાષિક આરાધકપણું છે તેમ સ્વીકારીએ તો જ લક્ષણ સંગત થાય અર્થાત્ જે ભાષા સ્યાદ્વાદની મર્યાદા અનુસાર સત્ય છે તે ભાષામાં શાસ્ત્રકારોએ પારિભાષિક આરાધકપણું સ્વીકાર્યું છે, તેથી તે ભાષા ભાષારૂપે યથાર્થ પ્રરૂપણા કરનાર છે કે નહીં તેના નિર્ણયથી તેના લક્ષણનો નિર્ણય થઈ શકે છે. વળી, સાધુએ પારિભાષિક સત્યભાષા બોલવી જોઈએ અન્ય નહિ, એ પ્રકારે ઉત્સર્ગથી નિયમ છે. તે પારિભાષિક આરાધકભાષા પણ સાધુ જિનવચનાનુસાર ઉપયોગ રાખીને બોલે તો તે ભાષાથી સંયમની વિશુદ્ધિ થાય છે તેથી તે પ્રકારે બોલનારને નિર્જરાની પ્રાપ્તિ થાય છે અને અપવાદથી તો અન્ય ભાષા પણ જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક સાધુ બોલે તો નિર્જરાની પ્રાપ્તિ થાય છે, છતાં સાધુને ઉત્સર્ગથી સત્યભાષા બોલવાની જ વિધિ છે અસત્યભાષા અને મિશ્રભાષા નહિ, તેવો બોધ કરાવવા અર્થે સત્યભાષામાં પારિભાષિક આરાધકત્વ લક્ષણ કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સત્યભાષાને પારિભાષિક આરાધકત્વરૂપે ન સ્વીકારીએ અને સમ્યગ્ ઉપયોગપૂર્વકપણાથી, અથવા પ્રાતિસ્વિકરૂપપણાથી આરાધક સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

સમ્યગ્ ઉપયોગપૂર્વકપણાથી આરાધકત્વરૂપે સત્યભાષાનું લક્ષણ કરવામાં આવે તો અસત્ય આદિ અન્ય ત્રણ ભાષામાં પણ સત્યભાષાના લક્ષણની પ્રાપ્તિ થાય તેથી અતિવ્યાપ્તિ દોષ આવે.

જેમ કહેવામાં આવે કે જિનવચનાનુસાર સમ્યગ્ ઉપયોગપૂર્વક બોલાયેલી જે ભાષા હોય તે ભાષા સત્ય છે તો કોઈ મહાત્મા તેવા પ્રકારના શાસનના ઉડ્ડાહના નિવારણ અર્થે અસત્યભાષા બોલે કે મિશ્રભાષા બોલે અથવા કોઈ શિષ્યને સન્માર્ગમાં ઉચિત યત્ન કરાવીને નિર્જરાની પ્રાપ્તિ અર્થે જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક આજ્ઞાપનીભાષા બોલે, તો તે ત્રણેય ભાષામાં પણ જિનવચનાનુસાર ઉપયોગપૂર્વકપણું હોવાથી તે ત્રણે ભાષા આરાધક છે, તેથી તે ત્રણેય ભાષામાં સત્યના લક્ષણની પ્રાપ્તિ થાય. તેના નિવારણ માટે પારિભાષિક જે આરાધકભાષા હોય તે સત્યભાષા છે એ પ્રકારનું સત્યભાષાનું લક્ષણ છે. તે સત્યભાષા અવધારણ એકભાવથી તે વસ્તુમાં તદ્વચનસ્વરૂપ છે અને આ ભાષા સાધુને બોલવા માટે વિહિત છે તે પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય.

વળી પ્રાતિસ્વિકરૂપે=પોતપોતાના વ્યક્તિત્વરૂપે, સત્યભાષાને આરાધક સ્વીકારીએ તો પ્રાતિસ્વિકરૂપે ચારે ભાષાઓ આરાધક છે; કેમ કે જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક બોલાયેલી તે ચારે ભાષા બોલનારને નિર્જરાની પ્રાપ્તિ થાય છે, તેથી સત્યભાષાનું લક્ષણ અન્ય ત્રણ ભાષામાં પણ પ્રાપ્ત થાય.

વળી, કોઈ સાધુ કોઈના હિત અર્થે ઉપયોગપૂર્વક સત્યભાષાં બોલે ત્યારે પ્રાતિસ્વિકરૂપે=અન્યભાષાઓથી ભિન્નરૂપે સત્યભાષા આરાધક હોવાથી તે ભાષામાં પ્રાતિસ્વિકરૂપે આરાધકપણાની પ્રાપ્તિ છે. કોઈ સાધુ પ્રવચનના ઉડ્ડાહના નિવારણ અર્થે જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક મૃષાભાષા કહે અથવા મિશ્રભાષા કહે તો તે બન્નેમાં પ્રાતિસ્વિકરૂપે=અન્યભાષાથી ભિન્નરૂપે, આરાધકપણું છે, તેથી તે બન્ને ભાષામાં સત્યના લક્ષણની પ્રાપ્તિ થાય. વળી કોઈ સાધુ યોગ્ય શિષ્યના હિત અર્થે જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક આજ્ઞાપનીભાષા બોલે તો તે આજ્ઞાપનીભાષામાં પ્રાતિસ્વિકરૂપે=અન્યભાષાથી ભિન્ન એવા પ્રાતિસ્વિકરૂપે, આરાધકપણું પ્રાપ્ત થાય. તેથી સર્વભાષામાં સત્યપણાના લક્ષણની અતિવ્યાપ્તિ આવે. તેના નિવારણ માટે ગ્રંથકારશ્રીએ સત્યભાષાનું લક્ષણ પારિભાષિક આરાધકત્વરૂપે કરેલ છે અર્થાત્ જે ભાષામાં પારિભાષિક આરાધકત્વ હોય તે ભાષા સત્ય છે અન્ય ભાષા સત્ય નથી. પારિભાષિક આરાધકપણું અવધારણપૂર્વક તે વસ્તુમાં તે વસ્તુનું સ્વરૂપ સ્થાપન કરનાર વચન જ છે અન્ય નહિ. તેવી ભાષાને જ શાસ્ત્રમાં બોલવાની અનુજ્ઞા છે તેથી તે ભાષા જ ઉત્સર્ગથી વિહિત છે, અન્યભાષા ઉત્સર્ગથી વિહિત નથી, પરંતુ અન્ય ભાષા અપવાદથી જ વિહિત છે.

તે સત્યભાષા જનપદસત્યાદિ દશ ભેદવાળી છે. તેનું વિશેષ સ્વરૂપ ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવે છે. **॥૨૧-૨૨॥**

**અવતરણિકા :-**

**तत्र पूर्वं जनपदसत्याया एव लक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=દશપ્રકારની સત્યભાષામાં, પ્રથમ જનપદસત્યનું જ લક્ષણ કહે છે –**

**ગાથા :-**

**जा जणवयसंकेया, अत्थं लोगस्स पत्तियावेई ।**
**एसा जणवयसच्चा पण्णत्ता धीरपुरिसेहिं ।।२३।।**

**છાયા :-**

**या जनपदसङ्केतादर्थं लोकस्य प्रत्याययति ।**
**एषा जनपदसत्या प्रज्ञप्ता धीरपुरुषैः ।।२३।।**

**અન્વયાર્થ :-**

**जा=જે=જે ભાષા, जणवयसंकेया=જનપદના સંકેતથી, लोगस्स अत्थं पत्तियावेई=લોકને અર્થનો બોધ કરાવે છે, एसा=એ=એ ભાષા, जणवयसच्चा=જનપદસત્યભાષા, धीरपुरिसेहिं=ધીર પુરુષો વડે, पण्णत्ता=કહેવાઈ છે. ॥૨૩॥**

ગાથાર્થ :-

**જે=જે ભાષા, જનપદના સંકેતથી લોકને અર્થનો બોધ કરાવે છે એ=એ ભાષા, જનપદસત્યભાષા ધીર પુરુષો વડે કહેવાઈ છે. ।।૨૩।।**

**ટીકા :-**

या जनपदसङ्केताल्लोकस्याऽर्थं प्रत्याययति एषा भाषा धीरपुरुषैः तीर्थकरगणधरैः जनपदसत्या प्रज्ञप्ता, तथा च 'जनपदसङ्केतमात्रप्रयुक्ताऽर्थप्रत्यायकत्वं' एतल्लक्षणम्, मात्रपदं अनादिसिद्ध-सङ्केतव्यवच्छेदार्थम्, अस्ति चाऽत्रेदं लक्षणं कोङ्कणादिसंकेतज्ञानादेव पिच्चादिपदात् पयः-प्रभृतिप्रतीतेः ।

स्यान्मतम् अपभ्रंशे शक्त्यभावादबोधकत्वम्, यदि च ततोऽपि बोधस्तदा शक्तिभ्रमादेवेति, मैवम्, ईश्वराऽसिद्धौ तत्तत्पदबोद्धव्यत्वप्रकारित्वावच्छिन्नेश्वरेच्छारूपशक्तेरप्यसिद्धेः सङ्केतज्ञानत्वेनैव शाब्द-बोधहेतुत्वात्, संस्कृतसङ्केतस्यैव सत्यत्वं नापभ्रंशसंकेतस्येत्यर्थस्य विनिगन्तुमशक्यत्वाच्चेत्यन्यत्र (ग्रन्थाग्रं-३०० श्लोक ) विस्तरः ।

न चेयं तत्तद्देश एव सत्या, न तु शास्त्रेऽपि शक्तशब्दान्तरमध्यपतिताऽपीति वाच्यम् अविप्रतिपत्त्या-ऽदुष्टविवक्षाहेतुत्वेनाऽन्यत्राऽपि तस्याः सत्यत्वात्, अन्यथा देशीयशब्देन कुत्राऽप्यन्वयाऽनुपपत्तिप्रसङ्गात् ।।२३।।

***ટીકાર્થ :-***

या जनपद ..... प्रसङ्गात् ।। જે જનપદના સંકેતથી લોકને અર્થનો બોધ કરાવે છે એ ભાષા ધીરપુરુષ એવા તીર્થંકર, ગણધરો વડે જનપદસત્ય કહેવાઈ છે અને તે રીતે=જનપદના સંકેતથી બોધ કરાવે છે તે રીતે, જનપદના સંકેતમાત્ર પ્રયુક્ત અર્થપ્રત્યાયકપણું આનું લક્ષણ છે=જનપદસત્યભાષાનું લક્ષણ છે. માત્રપદ=લક્ષણમાં વપરાયેલ માત્રપદ, અનાદિસિદ્ધ સંકેતના વ્યવચ્છેદ માટે છે. અને આમાં=જનપદસત્યભાષામાં, આ લક્ષણ છે=પૂર્વમાં કહ્યું એ લક્ષણ છે; કેમ કે કોંકણ આદિ દેશના સંકેતના જ્ઞાનથી જ પિચ્ચાદિ પદથી પાણી વગેરેની પ્રતીતિ છે.

આ પ્રમાણે શંકા થાય, અપભ્રંશમાં=જનપદથી સંકેત કરાતી જનપદસત્યરૂપ અપભ્રંશભાષામાં, શક્તિનો અભાવ હોવાથી=ઈશ્વરની ઈચ્છાને આધીન તે તે પદમાં તે તે પ્રકારના અર્થનો બોધ કરાવાની શક્તિ છે તે પ્રકારની શક્તિનો અભાવ હોવાથી, અબોધકપણું છે અને જો તેનાથી પણ=જનપદના સંકેતથી પણ, બોધ થાય=અપભ્રંશ ભાષાનો બોધ થાય, તો શક્તિના ભ્રમથી જ થાય છે=તે પદમાં તે અર્થબોધ કરાવાની શક્તિ છે એ પ્રકારના શક્તિના ભ્રમથી જ થાય છે.

'इति' શબ્દ શંકાની સમાપ્તિ માટે છે.

**તેને ગ્રંથકારશ્રી કહે છે – આ પ્રમાણે ન કહેવું=અપભ્રંશ ભાષામાં ભ્રમથી બોધ થાય છે એમ ન કહેવું; કેમ કે ઈશ્વરની અસિદ્ધિ થયે છતે=તે તે પદમાં તે તે અર્થનો બોધ કરાવાની ઈચ્છારૂપે ઈશ્વરની અસિદ્ધિ થયે છતે, તે તે પદથી બોદ્ધવ્યત્વ પ્રકારિત્વાવચ્છિન્ન ઈશ્વરની ઈચ્છારૂપ શક્તિની પણ અસિદ્ધિ હોવાને કારણે સંકેતજ્ઞાનપણાથી જ સંકેતજ્ઞાનનું શાબ્દબોધનું હેતુપણું છે. અને સંસ્કૃતસંકેતનું જ સત્યપણું છે અપભ્રંશસંકેતનું સત્યપણું નથી એ પ્રકારના અર્થનું વિનિગમ કરવા માટે અશક્યપણું હોવાથી શક્તિના ભ્રમથી જ અપભ્રંશમાં બોધ થાય છે એ કથન યુક્ત નથી એમ અન્વય છે. આ પ્રકારે અન્યત્ર=અન્ય ગ્રંથમાં, વિસ્તાર છે=આ વસ્તુના વિષયમાં વિસ્તૃત ચર્ચા છે.**

**અને આ=જનપદસત્યભાષા, તે તે દેશમાં જ સત્ય છે પરંતુ શક્ત એવા શબ્દાન્તર મધ્યપતિત પણ જનપદસત્યભાષા શાસ્ત્રમાં પણ સત્ય નથી એમ ન કહેવું; કેમ કે અવિપ્રતિપત્તિથી=વિવાદ વગર, અદુષ્ટ વિવક્ષાનું હેતુપણું હોવાથી=પદાર્થના વાસ્તવિક સ્વરૂપની વિવક્ષાનું હેતુપણું હોવાથી, અન્યત્ર પણ=તે તે દેશથી અન્યત્ર એવા શાસ્ત્રમાં પણ, તેનું=જનપદસત્યભાષાનું સત્યપણું છે. અન્યથા= અપભ્રંશભાષાને શાસ્ત્રસંમત સત્યભાષા ન સ્વીકારવામાં આવે તો, દેશીયશબ્દથી=શાસ્ત્રમાં પ્રયોગ કરાયેલા દેશીયશબ્દોથી, ક્યાંય પણ=શાસ્ત્રના કોઈપણ સ્થાનમાં, અન્વયની અનુપપત્તિનો પ્રસંગ છે. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સત્યભાષાનું લક્ષણ કર્યું કે અવધારણએકભાવથી તે વસ્તુમાં તે વચન સત્ય છે. આ સત્યવચન પણ પારિભાષિક આરાધકપણા વડે કરીને સત્ય છે પરંતુ માત્ર આરાધકપણા વડે કરીને સત્ય નથી, તેથી એવું જે વચન બોલે તે વચનને પારિભાષિક આરાધક કહી શકાય પરંતુ તે વચન બોલનારા નિયમા આરાધક છે તેમ કહી શકાય નહિ; કેમ કે જિનવચનાનુસાર તેવું વચન બોલનારા તે વચનથી સ્યાદ્વાદની મર્યાદા અનુસાર પદાર્થનું કથન કરે છે તે અપેક્ષાએ તે સત્ય હોવા છતાં બોલનારના આશયની શુદ્ધિ ન હોય તો બોલનારમાં આરાધકપણું નથી, તેથી તે વચનમાં પણ આરાધકપણું નથી, છતાં શાસ્ત્રપરિભાષા અનુસાર તે વચન હોવાથી તે વચનમાં પારિભાષિક આરાધકત્વ છે.

**(૧) જનપદસત્યભાષા :-**

પારિભાષિક આરાધક સત્ય દશ પ્રકારનું છે તેમાંથી જનપદના સંકેતથી લોકને જે અર્થનો બોધ કરાવે તેવા શબ્દો હોય તેને તીર્થંકર, ગણધરોએ જનપદસત્યભાષા કહેલી છે, તેથી જનપદસત્યભાષાનું લક્ષણ એ પ્રાપ્ત થાય કે જનપદના સંકેતમાત્રથી પ્રયુક્ત એવા અર્થનો બોધ કરાવવાપણું જે ભાષામાં હોય તે ભાષા જનપદસત્યભાષા છે. જેમ કોંકણ દેશમાં જલના અર્થમાં પિચ્ચાદિ પદનો પ્રયોગ થાય છે તેથી અનાદિસિદ્ધ સંકેત અનુસાર તે પદમાંથી કોઈ બોધ થાય નહિ પરંતુ કોંકણ દેશના સંકેતના બળથી જ તે પદનો અર્થ જલ છે તે પ્રકારે પ્રાપ્ત થાય, તેથી શાસ્ત્રમાં એવી જનપદસત્યભાષા કોઈક ઠેકાણે વપરાયેલી હોય તો તે પિચ્ચાદિ શબ્દ જલ અર્થનો વાચક છે તેવો નિર્ણય કરીને તે શાસ્ત્રવચનનો અર્થ કરવામાં આવે છે. તે

સ્થાનમાં કોઈને પ્રશ્ન થાય કે પિચ્ચાદિ શબ્દ તો જલાદિ અર્થના વાચક તરીકે ક્યાંય પ્રતીત નથી તેથી આ શાસ્ત્રવચનનો આ અર્થ કઈ રીતે થઈ શકે ? તે સ્થાનમાં જનપદના સંકેતના જ્ઞાનમાત્રથી જ તે અર્થનો નિર્ણય થાય છે અને તે અર્થને તીર્થંકરો-ગણધરો આદિ જનપદસત્ય તરીકે સ્વીકારે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ એકાંતથી ઘડો છે અર્થાત્ 'घट एव अस्ति' એ વચન અસત્યરૂપ છે પરંતુ 'स्याद् घट एव अस्ति' એમ કહેવાથી એ અર્થ પ્રાપ્ત થાય કે સ્વરૂપથી ઘટ છે પરરૂપથી નથી, તેથી તે વચન સત્ય છે, તેમ જનપદમાં પણ જલાદિ અર્થે પિચ્ચાદિ શબ્દો વપરાતા હોય અને તે એકાંતવાદના ભ્રમથી પ્રયોગ કરાયેલ હોય તો તે વચનો સત્ય વચન નથી, પરંતુ અનેકાન્તવાદની દૃષ્ટિથી સ્યાત્ અને એવકાર અધ્યાહારથી કે સંસર્ગથી જ્યાં વપરાયેલો હોય તે સ્થાનમાં પિચ્ચાદિ શબ્દનો અર્થ જલાદિ ગ્રહણ કરવામાં આવે તો તે ભાષા જનપદસત્ય કહેવાય અને અનેકાન્તવાદને સ્થાપન કરનાર શાસ્ત્રમાં પણ તેવા કોઈ શબ્દનો પ્રયોગ થયેલો હોય તો તે પદથી જે અર્થ ગ્રહણ કરવામાં આવે છે તે જનપદસત્ય બને.

અહીં કોઈકને શંકા થાય કે જનપદસત્યભાષા એ અપભ્રંશભાષારૂપ છે જેમ પાણીને બદલે અપભ્રંશથી પિચ્ચાદિનો પ્રયોગ થાય છે તોપણ તે શબ્દમાં તે બોધ કરાવાની શક્તિ નથી; કેમ કે ઈશ્વરની ઇચ્છાને આધીન તે તે પદોમાં તે તે સંકેત કરાયા છે તેથી જે શાસ્ત્રપ્રસિદ્ધ શબ્દો છે તે સર્વમાં તે તે અર્થબોધ કરાવાની શક્તિ છે તેવી શક્તિ અપભ્રંશભાષામાં નથી માટે તે શબ્દથી તે અર્થનો બોધ થઈ શકે નહિ, છતાં લોકમાં વપરાતા સંકેતના બળથી કોઈકને તેવા અપભ્રંશશબ્દોથી વિવક્ષિત અર્થનો બોધ થાય છે ત્યારે તે પદમાં તે અર્થનો બોધ કરાવાની શક્તિ નહિ હોવા છતાં તે પદમાં તે અર્થનો બોધ કરાવાની શક્તિ છે એવો ભ્રમ થાય છે તેથી તે શબ્દથી તે અર્થનો બોધ થાય છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે – એ પ્રકારની શંકા કરવી નહિ.

કેમ આ પ્રકારની શંકા કરવી નહિ ? તેમાં હેતુ કહે છે –

જે પ્રકારે નૈયાયિકો માને છે કે દરેક પદોમાં તે તે બોધ કરાવાની ઈશ્વરની ઇચ્છારૂપ શક્તિ છે તે વચનાનુસાર તે તે પદમાં તે તે બોધ કરાવવાની ઇચ્છાવાળા ઈશ્વર જગતમાં છે તેવા ઈશ્વરની સ્થાપક કોઈ યુક્તિ વિદ્યમાન નથી. કેવલ સ્વકલ્પનાનુસાર તેવા ઈશ્વરનો સ્વીકાર નૈયાયિકો કરે છે. જ્યાં સુધી તેવા ઈશ્વરની સિદ્ધિ ન થાય ત્યાંસુધી શાસ્ત્રમાં પ્રસિદ્ધ કે લોકમાં અનાદિથી પ્રસિદ્ધ એવા શબ્દમાં તે તે પ્રકારનો બોધ કરાવવાની ઈશ્વરની ઇચ્છારૂપ શક્તિ છે એમ સિદ્ધ થઈ શકે નહિ, માટે સર્વશબ્દોમાં સંકેતના જ્ઞાનથી જ શાબ્દબોધ થાય છે તેમ માનવું જોઈએ અર્થાત્ જે પદમાં જે અર્થના સંકેતનું જ્ઞાન જેને થાય તે પદ દ્વારા તેને સંકેતની ઉપસ્થિતિ થાય છે અને તેના કારણે જ શાબ્દબોધ થાય છે તેમ માનવું ઉચિત છે, તેથી જનપદ-સત્યભાષામાં પણ જેઓને જનપદના બળથી સંકેતનું જ્ઞાન થાય છે તેને તે સંકેતજ્ઞાન દ્વારા યથાર્થ બોધ થઈ શકે છે, માટે ઈશ્વરની ઇચ્છાને આધીન શક્તિથી શબ્દો દ્વારા બોધ થાય છે તેમ માનવું ઉચિત નથી. પરંતુ અનુભવ અનુસાર જે પદોમાં જે પ્રકારના સંકેતનું જ્ઞાન જેને હોય તે પદથી તેઓને તે અર્થનો બોધ થઈ શકે છે માટે જનપદના બળથી થયેલા સંકેતના જ્ઞાનથી પિચ્ચાદિ શબ્દોથી યથાર્થ શાબ્દબોધ થઈ શકે છે.

અહીં કોઈ કહે કે સંસ્કૃતભાષામાં વપરાતા શબ્દોમાં જે સંકેત છે તે સંકેતનું જ સત્યપણું છે, પરંતુ અપભ્રંશભાષામાં જે સંકેતો ગ્રહણ કરીને વ્યવહાર થાય છે તે સંકેત સત્ય નથી માટે તેવા અસત્ય સંકેત દ્વારા શાબ્દબોધ થાય તો તે ભ્રમથી જ થયો છે તેમ માનવું પડે. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સંસ્કૃત ભાષાના શબ્દોમાં રહેલા સંકેતો સત્ય છે અને અપભ્રંશ ભાષામાં રહેલા સંકેતો અસત્ય છે તેનો વિનિગમ કરવો અશક્ય છે અર્થાત્ તેવું સ્વીકારવામાં કોઈ યુક્તિ નથી માટે અપભ્રંશ ભાષામાં રહેલાં પદોના પણ સંકેતને સત્ય જ સ્વીકારવા જોઈએ. આ કથનમાં અધિક વિસ્તાર અન્ય ગ્રંથોમાં છે આ પ્રકારે ગ્રંથકારશ્રી દિશાસૂચન કરે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે જનપદસત્ય તો તે તે દેશમાં જ સત્ય છે તેમ કહી શકાય, પરંતુ તેવાં જનપદસત્યવચનો શાસ્ત્રનાં શબ્દાન્તરપદોના મધ્યમાં રહેલાં હોય તોપણ તે જનપદસત્યવચનોને સત્ય કહી શકાય નહિ; કેમ કે જે શબ્દો તે અર્થના વાચકરૂપે તે તે દેશ સિવાય અન્યત્ર સર્વને સંમત નથી, તેથી તેવા શબ્દોને આ સત્યવચનો છે એમ શાસ્ત્ર કઈ રીતે સ્વીકારી શકે ? અર્થાત્ સ્વીકારી શકે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અવિપ્રતિપત્તિ હોવાને કારણે તે વચનો અદુષ્ટ વિવક્ષાના હેતુ છે તેથી તે દેશથી અન્યત્ર પણ શાસ્ત્રમાં તેનું સત્યપણું છે.

આશય એ છે કે તે દેશમાં સંમત એવા સત્યને કહેનારાં વચનોને ગ્રહણ કરીને તે પ્રમાણે તે વચનનો અર્થ કરવાથી વિસંવાદ વગર યથાર્થ અર્થનો બોધ થાય છે તેથી તે શબ્દો યથાર્થ વિવક્ષાના હેતુ છે તેના કારણે તે તે દેશમાં તે તે શબ્દોથી લોકોને યથાર્થ બોધ થાય છે અને તે પ્રમાણે લોકોમાં ઉચિત પ્રવૃત્તિ, નિવૃત્તિ તે શબ્દો દ્વારા થાય છે. તેમ શાસ્ત્રમાં પણ તે શબ્દોને તે દેશમાં સંમત એવા અર્થને ગ્રહણ કરીને પ્રયોગ કરાયેલો હોય તો તેનાથી વિદ્વાન લોકોને પણ વિવાદ વગર યથાર્થ બોધ થાય છે, માટે યથાર્થબોધના જનક એવાં તે તે પદોનો અર્થ તે તે દેશમાં સંમત છે તે અપેક્ષાએ તે વચનો સત્ય છે એમ સ્વીકારવું જોઈએ.

**જનપદસત્ય સ્વીકારની યુક્તિ :-**

જો જનપદસત્ય ન સ્વીકારવામાં આવે તો શાસ્ત્રમાં વપરાયેલા દેશીય શબ્દોનો ક્યાંય પણ અન્વય થઈ શકે નહિ, તેથી અન્વયની અનુપપત્તિ સ્વીકારવાનો પ્રસંગ આવે. અહીં દેશીય શબ્દ એટલે અપભ્રંશ શબ્દ, તે અપભ્રંશ શબ્દો તે તે કાળમાં તે તે દેશમાં તે તે અર્થમાં વપરાયેલા છે તે શબ્દોને ગ્રહણ કરીને જ શાસ્ત્રમાં પણ તે શબ્દો વપરાયેલા છે અને તે શબ્દોથી વાચ્ય અર્થને જનપદસત્ય કહીએ તો શાસ્ત્રમાં વપરાયેલા તે શબ્દોનો તે તે વાક્યોમાં અન્વય થઈ શકે અને જનપદસત્ય ન સ્વીકારીએ તો તેનો અન્વય થઈ શકે નહિ માટે જનપદસત્યને સ્વીકારવું જોઈએ. **॥૨૩॥**

**અવતરણિકા :-**

उक्ता जनपदसत्या । अथ सम्मतसत्यां निरूपयति –

**અવતરણિકાર્થ :-**

જનપદસત્યભાષા કહેવાઈ. હવે સંમતસત્યભાષાને બતાવે છે –

**ગાથા :-**

**णाइक्कमित्तु रूढिं जा जोगत्थेण णिच्छयं कुणइ ।**
**सम्मयसच्चा एसा, पंकयभासा जहा पउमे ।।२४।।**

**છાયા :-**

नातिक्रम्य रूढिं या योगार्थेन निश्चयं करोति ।
सम्मतसत्यैषा पङ्कजभाषा यथा पद्मे ।।२४।।

**અન્વયાર્થ :-**

रूढिं अइक्कमित्तु=રૂઢિને અતિક્રમીને=રૂઢિની મર્યાદાને છોડીને, जोगत्थेण=યોગાર્થથી=વ્યુત્પત્તિઅર્થના સંભવમાત્રથી, जा=જે ભાષા, णिच्छयं ण कुणइ=નિશ્ચયને કરતી નથી=અર્થનો નિર્ણય કરાવતી નથી एसा=એ=એ ભાષા, सम्मयसच्चा=સંમતસત્ય છે. जहा पउमे=જે પ્રમાણે પદ્મમાં पंकयभासा=પંકજ ભાષા=પંકજ એ પ્રકારનો વચનપ્રયોગ છે. ।।૨૪।।

**ગાથાર્થ :-**

**રૂઢિને અતિક્રમીને=રૂઢિની મર્યાદાને છોડીને, યોગાર્થથી=વ્યુત્પત્તિ અર્થના સંભવમાત્રથી, જે ભાષા નિશ્ચયને કરતી નથી=અર્થનો નિર્ણય કરાવતી નથી, એ ભાષા સંમતસત્ય છે. જે પ્રમાણે પદ્મમાં પંકજભાષા=પંકજ એ પ્રકારનો વચનપ્રયોગ છે. ।।૨૪।।**

**ટીકા :-**

या रूढिमतिक्रम्य योगार्थेन=व्युत्पत्त्यर्थसंभवमात्रेण, न निश्चयं करोति एषा सम्मतसत्या यथा पद्मे पङ्कजभाषा, इयं हि शैवालादीनामपि समाने पङ्कसम्भवत्वेऽरविन्द एव प्रवर्तते, न तु शैवालादाविति सम्मतसत्या, एवं च 'समुदायशक्तिप्रतिसन्धानवैकल्यप्रयुक्ताबोधकत्ववत्पदघटिता भाषा सम्मतसत्या' इति फलितम् ।

अथैवं जनपदसत्याऽतिव्याप्तिः न चावयवशक्त्यतिप्रसङ्गभञ्जकत्वेन समुदायशक्तेरुपादानान्न

दोषः; व्युत्पत्तिविरहितरूढशब्दाऽव्याप्तेरिति चेत् ? न, शक्तिर्हि न सङ्केतमात्रं किन्त्वनादिः शास्त्रीयोऽबाधितः सङ्केतः; अन्यथा लक्षणाद्युच्छेदादित्यनतिप्रसङ्गादिति दिग् ।।२४।।

**ટીકાર્થ :-**

या ..... दिग् ।। રૂઢિને અતિક્રમીને યોગાર્થથી=વ્યુત્પત્તિ અર્થના સંભવમાત્રથી=વ્યુત્પત્તિ અર્થ જે જે વસ્તુમાં પ્રાપ્ત થતો હોય તેના બળથી, જે ભાષા નિશ્ચયને કરતી નથી એ ભાષા=રૂઢિને આશ્રયીને અર્થ કરનારી ભાષા, સંમતસત્ય છે. જે પ્રમાણે પદ્મમાં=કમળમાં, પંકજભાષા=પંકજ એ પ્રકારનો વચનપ્રયોગ, આ=સંમતસત્યભાષા, શેવાલ આદિનું પણ સમાન પંકજ સંભવપણું હોતે છતે અરવિંદમાં જ=કમળમાં જ પ્રવર્તે છે પરંતુ શેવાળ આદિમાં નહિ તેથી સંમતસત્ય છે અને આ રીતે=પૂર્વમાં સંમતસત્યભાષાનું સ્વરૂપ બતાવ્યું એ રીતે, સમુદાયશક્તિના પ્રતિસંધાનથી=પંકજ એ પ્રકારના શબ્દોના સમુદાયની શક્તિના પ્રતિસંધાનથી, વૈકલ્યપ્રયુક્ત અબોધકત્વવાળા પદથી ઘટિત ભાષા સંમતસત્ય છે એ પ્રકારે ફલિત થયું.

'अथ'થી પૂર્વપક્ષી શંકા કરે છે – આ રીતે=પૂર્વમાં સંમતસત્યનું લક્ષણ બતાવ્યું એ રીતે, જનપદસત્યમાં અતિવ્યાપ્તિ છે=સંમતસત્યનું લક્ષણ જનપદસત્યમાં અતિવ્યાપ્ત થાય છે. અને અવયવશક્તિમાં અતિપ્રસંગના ભંજકપણારૂપે=જનપદસત્યમાં અવયવશક્તિ છે સમુદાયશક્તિ નથી તેથી જનપદસત્યમાં રહેલ અવયવશક્તિ જનપદસત્યમાં આવતા સંમતસત્યના લક્ષણના અતિપ્રસંગના ભંજકપણારૂપે સમુદાયશક્તિનું ઉપાદાન હોવાથી=સંમતસત્યના લક્ષણમાં સમુદાયશક્તિનું ગ્રહણ હોવાથી, દોષ નથી=જનપદસત્યમાં સંમતસત્યના લક્ષણની અતિવ્યાપ્તિનો દોષ નથી, એમ ન કહેવું; કેમ કે વ્યુત્પત્તિવિરહિત રૂઢ શબ્દમાં અવ્યાપ્તિ છે=ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આદિ શબ્દો વ્યુત્પત્તિરહિત તે તે અર્થના વાચકરૂપે રૂઢ શબ્દો છે તેમાં સંમતસત્યના લક્ષણની અવ્યાપ્તિ છે એ પ્રમાણે 'अथ'થી કોઈ કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું. શક્તિ સંકેતમાત્ર નથી=જનપદમાં જેમ સંકેત માત્ર છે તેવા સંકેતમાત્રરૂપ શક્તિ નથી, પરંતુ અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત છે=ધર્માસ્તિકાય આદિ શબ્દોમાં તે તે અર્થનો બોધ કરાવાની જે શક્તિ છે તે અનાદિની છે અને શાસ્ત્રથી અબાધિત સંકેતરૂપ છે. (માટે ધર્માસ્તિકાય આદિમાં જે સંમતસત્ય છે તેમાં જે શક્તિ છે તે સંકેતમાત્ર નથી અને જનપદમાં સંકેતમાત્ર છે તેથી સંમતસત્યનું લક્ષણ વ્યુત્પત્તિવિરહિત રૂઢ એવા ધર્માસ્તિકાય આદિ શબ્દોમાં અતિવ્યાપ્ત થતું નથી.)

ધર્માસ્તિકાય આદિ શબ્દોમાં અનાદિ શાસ્ત્રીય અબાધિતરૂપ સંકેત છે તેમ સ્વીકારવામાં હેતુ કહે છે -

અન્યથા=ધર્માસ્તિકાય આદિ પદોમાં અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેતરૂપ શક્તિ ન સ્વીકારવામાં આવે અને જનપદસત્યની જેમ તેમાં સંકેતમાત્ર સ્વીકારવામાં આવે તો, લક્ષણા આદિના ઉચ્છેદની પ્રાપ્તિ છે, એથી=ધર્માસ્તિકાય આદિ પદોમાં સંકેતમાત્ર નથી એથી, અનતિપ્રસંગ છે=જનપદસત્યમાં સંમતસત્યના લક્ષણનો અનતિપ્રસંગ છે એ પ્રમાણે દિશાસૂચન છે. ।।૨૪।।

**ભાવાર્થ :-**

**(૨) સંમતસત્યભાષા :-**

ક્રમ પ્રાપ્ત સંમતસત્યનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –

જેમ પંકજ શબ્દના વ્યુત્પત્તિઅર્થથી વિચારીએ તો કાદવમાં જે થાય તે સર્વ પંકજ કહેવાય. તે રીતે તો કાદવમાં કમળ પણ થાય છે અને સેવાળ આદિ પણ થાય છે તેથી પંકજ શબ્દથી કમળ સેવાળ આદિ સર્વની પ્રાપ્તિ થાય, છતાં રૂઢિઅર્થને આશ્રયીને પંકજ શબ્દ કમળમાં સંમત છે સેવાળ આદિમાં નહિ, તેથી જ્યાં જ્યાં પંકજ શબ્દ વપરાયો હોય ત્યાં ત્યાં પંકજનો અર્થ કમળ જ કરાય છે તે સંમતસત્યભાષા છે; કેમ કે તે રીતે શિષ્ટપુરુષોને સંમત છે તેથી તે વચન સંમતસત્ય છે.

આ કથનથી સંમતસત્યનું લક્ષણ શું પ્રાપ્ત થાય ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

'પંક' અને 'જ' એ પ્રકારનાં બે પદોના સમુદાયની શક્તિનું જેને પ્રતિસંધાન નથી તેવા જીવોને પંકજ શબ્દથી કમળનો બોધ થતો નથી તેથી તેવા જીવોને કમળરૂપ અર્થના અબોધકતાવાળા એવા પંકજ આદિ પદોથી ઘટિત જે ભાષા તે સંમતસત્ય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ વ્યક્તિને પંકજ શબ્દની વ્યુત્પત્તિના અર્થનો બોધ હોય છતાં પંકજ શબ્દથી કયો અર્થ રૂઢિથી વાચ્ય છે તેનું પ્રતિસંધાન ન હોય તો તે પુરુષને પંકજ શબ્દ તે અર્થનો બોધ કરાવી શકે નહિ. જે પુરુષને સમુદાયશક્તિનું પ્રતિસંધાન હોય તે વ્યક્તિને પંકજ શબ્દ કમળરૂપ અર્થનો બોધ કરાવી શકે તેવું વચન એ સંમતસત્ય છે.

આ પ્રકારનું લક્ષણ કરવાથી કોઈક શંકા કરે છે કે જનપદસત્યમાં પણ આ લક્ષણ અતિવ્યાપ્ત થશે; કેમ કે તે તે દેશમાં રૂઢ એવા તે તે શબ્દોમાં કયા અર્થની વાચક શક્તિ છે તેનું પ્રતિસંધાન જેને નથી તેવા પુરુષને તે તે દેશનાં પદો પણ બોધ કરાવતાં નથી. સંમતસત્યમાં પણ એવું જ લક્ષણ છે માટે સંમતસત્યનું લક્ષણ અતિવ્યાપ્તિદોષવાળું છે.

આ અતિપ્રસંગના દોષના નિવારણ માટે કોઈક કહે કે સંમતસત્યના લક્ષણમાં સમુદાયશક્તિનું ગ્રહણ છે, તેથી 'પંક' અને 'જ' એમ બે પદોના સમુદાયમાં તે શક્તિનું જેને પ્રતિસંધાન ન હોય તેવા પુરુષને બોધ ન કરાવી શકે તેવાં પદોથી ઘટિત સંમતસત્ય છે અને જનપદસત્યમાં બે પદોનો સમુદાય નથી પરંતુ પિચ્ચાદિ એક પદનો જ અવયવ છે તેથી અવયવશક્તિવાળા જનપદસત્યમાં સંમતસત્યના લક્ષણનો અતિપ્રસંગ ન આવે તે માટે જ સંમતસત્યના લક્ષણમાં સમુદાયશક્તિનું ગ્રહણ છે, માટે સંમતસત્યના લક્ષણની જનપદસત્યમાં અતિવ્યાપ્તિ આવશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે પંકજમાં વ્યુત્પત્તિવાળા 'પંક' અને 'જ' બે શબ્દો હતા તેથી સમુદાયશક્તિનો અર્થ બે પદોનો સમુદાય ગ્રહણ કરીને પૂર્વમાં કહ્યું તેમ અતિપ્રસંગ દોષનું નિવારણ કરી શકાય તોપણ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આદિ શબ્દો વ્યુત્પત્તિ રહિત તે તે અર્થનો બોધ કરાવવા માટે રૂઢ છે અને તે શબ્દોને

સંમતસત્ય તરીકે જ સ્વીકારવા પડે; કેમ કે રૂઢિને છોડીને યોગાર્થ દ્વારા ધર્માસ્તિકાય શબ્દનો અર્થ ગતિ સહાયક દ્રવ્ય છે તેવો નિશ્ચય થઈ શકતો નથી, તેથી ગાથામાં જે સંમતસત્યનું લક્ષણ કર્યું તે ધર્માસ્તિકાય આદિ શબ્દોમાં છે અને ટીકાકારશ્રીએ જે લક્ષણ કર્યું તે પણ ધર્માસ્તિકાય આદિમાં સંગત થઈ શકે છે. તે આ રીતે – ધર્માસ્તિકાય શબ્દમાં રહેલા અક્ષરોના સમુદાયની શક્તિ રૂઢિઅર્થ અનુસાર ગતિસહાયક દ્રવ્યમાં રૂઢ છે અને તેના પ્રતિસંધાનથી વૈકલ્યપ્રયુક્ત અબોધકત્વવાળું ધર્માસ્તિકાય પદ છે, તેથી તેવા પદથી ઘટિત ભાષા સંમતસત્ય છે એ પ્રકારે અર્થ થઈ શકે છે; છતાં 'પંક' અને 'જ' એ બે પદોના સમુદાયની શક્તિને ગ્રહણ કરવામાં આવે અને તેના દ્વારા પિચ્ચાદિ શબ્દોને એક અવયવરૂપ સ્વીકારીને તે પિચ્ચાદિ પદમાં સમુદાયશક્તિ નથી માટે સંમતસત્યનું લક્ષણ જનપદસત્યમાં નથી તેમ કહેવામાં આવે તો વ્યુત્પત્તિ રહિત ધર્માસ્તિકાયરૂપ એકપદવાળા સંમતસત્યમાં પણ સંમતસત્યનું લક્ષણ જાય નહિ, તેથી તે સ્થાનમાં અવ્યાપ્તિદોષ પ્રાપ્ત થાય. માટે સમુદાયશક્તિનો અર્થ અક્ષરનો સમુદાય જ ગ્રહણ કરવો પડે, પદોનો સમુદાય નહીં. જો આમ ગ્રહણ કરવામાં આવે તો પંકજમાં પણ સંમતસત્યનું લક્ષણ ઘટે અને ધર્માસ્તિકાય આદિમાં પણ સંમતસત્યનું લક્ષણ ઘટે.

આ પ્રકારે સ્વીકારવામાં આવે તો જનપદસત્યમાં જે અતિવ્યાપ્તિ દોષ 'अथ'થી પૂર્વપક્ષીએ આપેલો તે દોષ નિવર્તન પામતો નથી. તે દોષના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીએ આપેલો અતિવ્યાપ્તિ દોષ છે એમ ન કહેવું; કેમ કે સંમતસત્યનું લક્ષણ ગ્રંથકારશ્રીએ કર્યું તેમાં સમુદાયશક્તિરૂપ જે પદ છે તે શક્તિ સંકેતમાત્રરૂપ નથી અર્થાત્ જનપદસત્યમાં ગ્રંથકારશ્રીએ કહેલું કે જનપદસંકેતમાત્રથી પ્રયુક્ત અર્થબોધ કરાવનાર જે પદ છે તે જનપદસત્ય છે, તેથી જનપદસત્યના લક્ષણમાં સંકેતમાત્ર હતું અર્થાત્ તે તે લોકો દ્વારા તે બોધ કરાવવા અર્થે સંકેત કરેલ તે રૂપ સંકેતમાત્ર હતું. ધર્માસ્તિકાય આદિમાં અક્ષરોના સમુદાયમાં જે શક્તિ છે તે સંકેતમાત્રરૂપ નથી માટે જનપદસત્યનું લક્ષણ તેમાં અતિવ્યાપ્ત થતું નથી.

સમુદાયશક્તિ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત છે.

આનાથી એ ફલિત થાય કે જનપદસત્યમાં કેવલ સંકેતમાત્ર હોય છે અને સંમતસત્યમાં અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત હોય છે.

વળી જનપદસત્યમાં રહેલા સંકેતમાત્ર કરતાં ધર્માસ્તિકાય આદિ પદોમાં રહેલ સંકેત અન્ય પ્રકારનો છે. તેની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

સંકેતમાત્ર કરતાં અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેતને ભિન્ન ન સ્વીકારવામાં આવે તો લક્ષણા આદિનો ઉચ્છેદ થાય.

આશય એ છે કે જેમ પિચ્ચાદિમાં તે તે દેશના લોકો જલનો સંકેત કરે છે તેમ 'गङ्गायां घोषः' તે સ્થાનમાં પણ તે પ્રયોગ કરનાર પુરુષ કહે કે ગંગા શબ્દનો સંકેત ગંગાના તીરમાં છે. જેને તે પ્રકારના સંકેતનું જ્ઞાન

હોય તેને 'गङ्गायां घोषः' એ પ્રયોગ દ્વારા લક્ષણાથી ગંગાનું તીર ઉપસ્થિત કરવાની જરૂર રહે નહિ, પરંતુ ગંગા પદથી જ ગંગાના તીરની ઉપસ્થિતિ થવાથી ગંગાના કિનારા ઉપર ઘોષ છે તેવો બોધ થઈ શકે. ગંગાપદનો અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત ગંગા પ્રવાહમાં છે તેમ સ્વીકારીએ તો ગંગાપદથી ગંગાના તીરની ઉપસ્થિતિ કરવા માટે લક્ષણા સ્વીકારી શકાય, માટે જનપદમાં રહેલ સંકેતમાત્ર કરતાં સંમતસત્યમાં જે સંકેત છે તે અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત છે એમ માનવું જોઈએ. તે અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત એ પદની શક્તિ છે અને તેવા અક્ષરોના સમુદાયની શક્તિ સંમતસત્યના લક્ષણમાં છે. જનપદસત્યના પદોમાં સંકેતમાત્ર છે પરંતુ સમુદાયશક્તિ નથી, તેથી જનપદસત્યના લક્ષણમાં સંમતસત્યના લક્ષણનો અનતિપ્રસંગ છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**उक्ता सम्मतसत्या । अथ स्थापनासत्यामाह –**

**અવતરણિકાર્થ :-**

**સંમતસત્યભાષા કહેવાઈ. હવે સ્થાપનાસત્યભાષા કહે છે –**

**ગાથા :-**

**ठवणाए वट्टंती अवगयभावत्थरहियसंकेया ।**
**ठवणासच्चा भन्नइ जह जिणपडिमाइ जिणसद्दो ।।२५।।**

**છાયા :-**

**स्थापनायां वर्तमानाऽवगतभावार्थरहितसंकेतात् ।**
**स्थापनासत्या भण्यते यथा जिनप्रतिमायां जिनशब्दः ।।२५।।**

**અન્વયાર્થ :-**

**अवगयभावत्थरहियसंकेया=અવગત ભાવાર્થ રહિત સંકેતવાળી=તે પદનો ભાવાર્થ નથી છતાં તે પદથી જાણ્યો છે સંકેત જેનો એવી, ठवणाए वट्टंती=સ્થાપનામાં વર્તતી ભાષા, ठवणासच्चा भन्नइ= સ્થાપનાસત્ય કહેવાય છે, जह जिणपडिमाइ जिणसद्दो=જે પ્રમાણે જિનપ્રતિમામાં જિન શબ્દ સ્થાપનાસત્ય કહેવાય છે. ॥૨૫॥**

**ગાથાર્થ :-**

**અવગત ભાવાર્થ રહિત સંકેતવાળી=તે પદનો ભાવાર્થ નથી છતાં તે પદથી જાણ્યો છે સંકેત જેનો એવી, સ્થાપનામાં વર્તતી ભાષા સ્થાપનાસત્ય કહેવાય છે જે પ્રમાણે જિનપ્રતિમામાં જિન શબ્દ સ્થાપનાસત્ય કહેવાય છે. ॥૨૫॥**

**ટીકા :-**

**स्थापनायां वर्तमाना स्थापनासत्या भण्यते, कीदृशी? अवगतः=प्रमितो भावार्थरहितः=योगार्थविनिर्मुक्तः सङ्केतो यस्याः सा । उदाहरणमाह – यथा जिनप्रतिमायां जिनशब्द इति ।**

**अयं भावः; जिनशब्दो यथा भावजिने प्रवर्त्तते तथा स्थापनाजिनेऽपि निक्षेपप्रामाण्यात्, नानार्थानां च शब्दानां प्रकरणादिमहिम्नैव विशेषे नियमनमिति, यत्र प्रकरणादिबलाद् बहुशो भावे प्रवर्तमानानामपि शब्दानां नियन्त्रितशक्तितया स्थापनाप्रतिपादकत्वप्रतिपत्तिस्तत्र स्थापनासत्यत्वमिति ।**

**एतेनाऽचेतनायां प्रतिमायामर्हदादिपदं प्रतिपादयतामजीवे जीवसंज्ञेति वदतामपहृत सर्वस्वम्, एवम्भाषण स्थापनासत्यत्वप्रतिपादकसूत्रोन्मूलनेनाऽर्हदादीनामाशातनयाऽनन्तसंसारित्वप्रसंगादित्यन्यत्र विस्तरः ।**

**सद्भावस्थापनायां च शक्तिः** "व्यक्त्याकृतिजातयः पदार्थ" **(न्या.सू. २/२/६८) इति वदतां गौतमीयादीनामप्याभिमता, न च गवादिपदानां लाघवाद् गोत्वविशिष्ट एव शक्तिः, आकृत्यादौ तु लक्षणैव, सूत्रं त्वन्याभिप्रायकमिति वाच्यम्, आनुशासनिके गुरावप्यर्थे शक्त्यङ्गीकारात्, निक्षेपानुशासनस्य च स्थापनायामपि सत्त्वात्, असति बाधके तत्रापि शक्तेरिति दिग् ।**

**अस्तु वा तत्र निरूढलक्षणा तथापि सङ्केतशब्देन तदाश्रयणान्न दोष इति दिग् । अथ सम्मतसत्यालक्षणाक्रान्तैवेयमिति चेत् ? न, उपधेयसाङ्कर्येऽप्युपाध्योरसाङ्कर्यात् ।।२५।।**

**ટીકાર્થ :-**

**स्थापनायां ..... साङ्कर्यात् ।। સ્થાપનામાં વર્તતી ભાષા=જેની સ્થાપના હોય તેની સ્થાપનામાં તે પદથી વાચ્ય બોલાતી એવી ભાષા, સ્થાપનાસત્ય કહેવાય છે.**

સ્થાપનાસત્યભાષા કેવી છે ? તેથી કહે છે –

**અવગત એવા=નિર્ણીત એવા, ભાવાર્થ રહિત સંકેત=વ્યુત્પત્તિ અર્થથી રહિત એવો સંકેત છે જેને એવી તે=ભાષા, સ્થાપનાસત્ય છે. ઉદાહરણને કહે છે – જે પ્રમાણે જિનપ્રતિમામાં જિન શબ્દ=આ જિન છે એ પ્રકારનો વચનપ્રયોગ.**

**'इति' શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે.**

**આ ભાવ છે=ગાથાના કથનનો આ ભાવ છે – જિન શબ્દ જે પ્રકારે ભાવજિનમાં પ્રવર્તે છે તે પ્રકારે સ્થાપનાજિનમાં પણ પ્રવર્તે છે; કેમ કે નિક્ષેપનું પ્રમાણપણું છે=સ્થાપનાનિક્ષેપનું પ્રમાણપણું છે, અને જુદા જુદા અર્થવાળા શબ્દોનું પ્રકરણ આદિના મહિમાથી જ વિશેષમાં નિયમન છે, એથી**

જ્યાં=જે શબ્દપ્રયોગમાં, પ્રકરણ આદિના બળથી બહુવખત ભાવમાં પ્રવર્તમાન પણ શબ્દોનું નિયંત્રિત શક્તિપણાને કારણે=વિવક્ષાને આધીન સ્થાપનાનિક્ષેપામાં નિયંત્રિત શક્તિપણાને કારણે, સ્થાપના પ્રતિપાદકત્વની પ્રતીતિ છે ત્યાં સ્થાપનાસત્યત્વ છે.

'इति' શબ્દ 'अयं भावः'થી શરૂ કરેલા કથનની સમાપ્તિ માટે છે.

આના દ્વારા=સ્થાપનાસત્યનું લક્ષણ પૂર્વમાં કર્યું એના દ્વારા, અચેતન એવી પ્રતિમામાં અર્હદાદિપદનું પ્રતિપાદન કરનારા શ્વેતામ્બરોની અજીવમાં જીવસંજ્ઞા છે=અજીવ એવી પત્થરની પ્રતિમામાં અર્હદાદિરૂપ જીવની સંજ્ઞા છે એ પ્રમાણે બોલનારા સ્થાનકવાસીઓનું સર્વસ્વ હરણ કરાયું અર્થાત્ તેઓનું કથન અસંબદ્ધ છે તેમ સ્થાપન કરાયું; કેમ કે આ પ્રકારના ભાષણમાં=પ્રતિમામાં જિન કહેવાથી અજીવમાં જીવ સંજ્ઞા છે એ પ્રકારના ભાષણમાં, સ્થાપનાસત્યત્વના પ્રતિપાદક સૂત્રનું ઉન્મૂલન હોવાને કારણે અરિહંત આદિની આશાતના થવાથી અનંતસંસારીત્વનો પ્રસંગ છે. એ પ્રકારે અન્યત્ર=અન્ય ગ્રંથોમાં વિસ્તાર છે.

અને "વ્યક્તિ, આકૃતિ, જાતિ પદાર્થ છે=ગાયરૂપ વ્યક્તિ, ગાયની આકૃતિ અને ગોત્વ જાતિ એ ગોપદનો અર્થ છે." (ન્યાયસૂત્ર ૨/૨/૬૮) એ પ્રમાણે બોલતા ગૌતમીય આદિને પણ સદ્ભાવસ્થાપનામાં શક્તિ અભિમત છે=તીર્થંકર આદિની સદ્ભાવ સ્થાપનામાં તીર્થંકરપદની શક્તિ અભિમત છે, અને લાઘવથી ગવાદિ પદોની ગોત્વ વિશિષ્ટમાં જ શક્તિ છે=ગોત્વ વિશિષ્ટ એવી ગો વ્યક્તિમાં જ શક્તિ છે, પરંતુ આકૃતિ આદિમાં લક્ષણા જ છે, પણ ગો પદનો અર્થ નથી. વળી સૂત્ર=ગૌતમીય આદિનું સૂત્ર, અન્ય અભિપ્રાયવાળું છે એ પ્રમાણે ન કહેવું; કેમ કે આનુશાસિક એવા ગુરુ પણ અર્થમાં=શબ્દના અનુશાસનથી પ્રાપ્ત થતા ગુરુ પણ અર્થમાં, શક્તિનો અંગીકાર છે.

અહીં પ્રશ્ન થાય કે આકૃતિ આદિમાં શબ્દનું અનુશાસન છે તે કેમ નક્કી થાય ? તેથી બીજો હેતુ કહે છે –

અને નિક્ષેપના અનુશાસનનું સ્થાપનામાં પણ સત્ત્વ હોવાથી બાધક ન હોય તો=સ્થાપનામાં નિક્ષેપાના અનુશાસનને સ્વીકારવામાં બાધક ન હોય તો, ત્યાં પણ=સ્થાપનામાં પણ, શક્તિ છે=તે પદમાં સ્થાપનાનિક્ષેપાના વાચકની શક્તિ છે, એ પ્રમાણે દિશાસૂચન છે. અથવા ત્યાં=સ્થાપનાનિક્ષેપો સ્વીકારનાર આકૃતિમાં, નિરૂઢ લક્ષણા હો=પદની શક્તિ નથી તેમ સ્વીકારીએ તો આકૃતિના અર્થના વાચક તે પદમાં નિરૂઢ લક્ષણા હો, તોપણ સંકેતશબ્દથી=પ્રસ્તુત ગાથામાં સ્થાપનાસત્યનું લક્ષણ બતાવ્યું ત્યાં રહેલા સંકેતશબ્દથી, તેનું આશ્રયણ હોવાને કારણે=નિરૂઢ લક્ષણાનું આશ્રયણ હોવાને કારણે, દોષ નથી=સ્થાપનાસત્યના લક્ષણમાં દોષ નથી, એ પ્રમાણે દિશાસૂચન છે.

'अथ'થી શંકા કરે છે –

સંમતસત્યના લક્ષણથી આક્રાન્ત જ આ છે=નિરૂઢ લક્ષણા સ્વીકારીને સ્થાપનાસત્યનું લક્ષણ કર્યું

**એથી સ્થાપનાસત્યભાષા સંમતસત્યના લક્ષણથી આક્રાન્ત જ છે, એમ ન કહેવું; કેમ કે ઉપધેયના સાંકર્યમાં પણ=સંમતસત્યભાષા અને સ્થાપનાસત્યભાષારૂપ ઉપધેયના સાંકર્યમાં પણ, ઉપાધિનું અસાંકર્ય છે=સંમતસત્યત્વ અને સ્થાપનાસત્યત્વરૂપ ઉપાધિનું અસાંકર્ય છે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

**(3) સ્થાપનાસત્યભાષા :-**

સ્થાપનામાં વર્તમાન ભાષા સ્થાપનાસત્ય છે.

સ્થાપનામાં વર્તમાન ભાષા કેવા પ્રકારની હોય તો સ્થાપનાસત્ય છે ? તે બતાવે છે –

તે શબ્દનો જે વ્યુત્પત્તિ અર્થ છે તેનાથી રહિત સંકેતવાળી સ્થાપનારૂપ વસ્તુમાં બોલાતી ભાષા સ્થાપનાસત્ય છે. જેમ જિનપ્રતિમામાં જિન શબ્દનો જે વ્યુત્પત્તિ અર્થ છે કે રાગાદિને જેમણે જીત્યા હોય તે જિન કહેવાય તેવા વ્યુત્પત્તિ અર્થથી રહિત જિનના આકારવાળી પ્રતિમામાં આ જિન છે એ પ્રકારનો શબ્દપ્રયોગ કરાય છે તે સ્થાપનાસત્ય છે.

કેમ જિનપ્રતિમાને જિનપ્રતિમા ન કહેતાં જિન કહેવામાં આવે તોપણ તે વચન સત્ય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જિન શબ્દ જેમ ભાવજિનમાં વપરાય છે એમ સ્થાપનાજિનમાં પણ વપરાય છે; કેમ કે શાસ્ત્રવચનથી ચાર નિક્ષેપાઓ પ્રમાણ છે તેથી જિનશબ્દથી વાચ્ય સ્થાપનાનિક્ષેપાને પણ પ્રમાણ સ્વીકારવું પડે.

અહીં પ્રશ્ન થાય કે જિનશબ્દ જેમ ભાવજિનમાં વપરાય છે તેમ નામજિન સ્થાપનાજિન આદિમાં વપરાય તો બોધ કરનારને જિનશબ્દથી કોને ગ્રહણ કરવું છે તે કેવી રીતે નિર્ણય થાય ? તેથી કહે છે –

ચારે નિક્ષેપામાં વપરાતો જિન શબ્દ કયા જિનમાં વપરાયેલો છે તેનો નિર્ણય પ્રકરણ આદિના મહિમાથી જ થાય છે. જેમ 'सैन्धवमानय' એ પ્રકારનો કોઈ પ્રયોગ કરે ત્યારે સૈન્ધવ શબ્દ લવણમાં અને ઘોડા અર્થમાં પણ વપરાય છે, છતાં યુદ્ધના પ્રકરણમાં કોઈ કહે કે 'सैन्धवमानय' ત્યારે તે યુદ્ધના પ્રકરણના મહિમાથી પ્રાજ્ઞ પુરુષ લવણને લાવતો નથી પરંતુ અશ્વને લાવે છે તેમ પૂજા આદિના પ્રસ્તાવ વખતે કોઈ કહે કે જિનની પૂજા કરો ત્યારે તે પ્રસ્તાવને અનુરૂપ જિન શબ્દથી જિનપ્રતિમાનું ગ્રહણ થાય છે. પ્રકરણ આદિમાં આદિ પદથી તે વસ્તુને કહેનાર અન્ય સહવર્તી વચનોથી પણ વિશેષનો નિર્ણય થાય છે. જેમ જિનની સુંદર અંગરચના થઈ તે વખતે જિન શબ્દ સાથે સહવર્તી અંગરચના પદના મહિમાથી જિનશબ્દથી જિનપ્રતિમાનો નિર્ણય થાય છે.

આનાથી સ્થાપનાસત્યભાષાનું શું લક્ષણ પ્રાપ્ત થાય છે ? તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

મોટા ભાગે ભાવમાં પ્રવર્તતા પણ શબ્દોનું પ્રકરણ આદિના બળથી નિયંત્રિત શક્તિપણું હોવાને કારણે=સ્થાપનારૂપ આકૃતિની તે પદની વાચકતારૂપ નિયંત્રિત શક્તિપણું હોવાને કારણે, સ્થાપનાપ્રતિપાદકત્વની

પ્રતીતિ તે પદમાંથી થાય છે, તે સ્થાપનાસત્ય છે. આ પ્રકારનું સ્થાપનાસત્યભાષાનું લક્ષણ બતાવ્યું એના દ્વારા સ્થાનકવાસી જે કહે છે તે શાસ્ત્રવિરુદ્ધ છે તે બતાવતા ગ્રંથકારશ્રી કહે છે –

સ્થાનકવાસી કહે છે કે અચેતન એવી પ્રતિમામાં તીર્થંકર આદિ પદ પ્રતિપાદન કરવામાં આવે તો અજીવ એવા પત્થરમાં જીવસંજ્ઞા સ્વીકારવાનો દોષ આવે, માટે પ્રતિમાને જિન કહી શકાય નહીં. તેનું કથન સ્થાપનાસત્ય સ્વીકારવાથી નિરાકૃત થાય છે; કેમ કે સ્થાનકવાસી કહે છે એમ સ્વીકારવામાં આવે તો સ્થાપનાસત્યનું પ્રતિપાદન કરનાર સૂત્રનું ઉન્મૂલન થાય છે, તેથી ભગવાનના આગમના ઉન્મૂલનથી અરિહંતની આશાતના, શ્રુતની આશાતના અને ગણધરની આશાતના પ્રાપ્ત થાય છે, તેથી અનંતસંસારી થવાનો પ્રસંગ આવે, માટે શાસ્ત્રને પ્રમાણ માનનારાએ સ્થાપનાસત્ય અવશ્ય સ્વીકારવું જોઈએ.

વળી ન્યાયદર્શનમાં પણ સૂત્ર છે કે ગોપદનો અર્થ ગાયરૂપ વ્યક્તિ, ગાયની આકૃતિ અને ગાયમાં વર્તતી ગોત્વ જાતિ છે. તે પ્રમાણે આકૃતિરૂપ સ્થાપનાનિક્ષેપાનો સ્વીકાર થાય છે અને તે વચનાનુસાર વિચારીએ તો તીર્થંકરરૂપ વ્યક્તિ જે દ્રવ્યનિક્ષેપો છે તે તીર્થંકરપદથી વાચ્ય છે, તીર્થંકરની આકૃતિ તે તીર્થંકરપદથી વાચ્ય છે અને તીર્થંકરમાં રહેલ તીર્થંકરપણું તે પણ તીર્થંકરપદથી વાચ્ય છે તેથી ભાવતીર્થંકરને આ તીર્થંકર છે તેમ કહીએ ત્યારે તે તીર્થંકર પદથી વાચ્ય તીર્થંકરરૂપ વ્યક્તિ, તીર્થંકરની આકૃતિ અને તીર્થંકરપણું એ ત્રણે બને છે, તેથી ભાવતીર્થંકરમાં રહેલ જે આકૃતિ છે તે ભાવનિક્ષેપા સહવર્તી સ્થાપનાનિક્ષેપો છે અને પ્રતિમામાં તે જ આકૃતિ છે, વ્યક્તિ અને જાતિ નથી તોપણ તીર્થંકરપદથી જ્યારે ત્રણે વાચ્ય છે એમ સ્વીકારીએ ત્યારે પ્રતિમામાં રહેલી આકૃતિ પણ તીર્થંકર પદથી વાચ્ય સ્વીકૃત થાય છે.

અહીં કોઈ શંકા કરે કે ગાય પદથી વાચ્ય ગોત્વધર્મથી વિશિષ્ટ ગાય વ્યક્તિ જ છે, પરંતુ ગાયની આકૃતિ અને ગોત્વ જાતિ વાચ્ય નથી. છતાં કોઈને કહેવામાં આવે કે તું ગાયને લઈ આવ ત્યારે તે વ્યક્તિને ગાયની આકૃતિ અને ગોત્વ જાતિની ઉપસ્થિતિ થાય છે તે લક્ષણાથી જ થાય છે. જેમ 'गङ्गायां घोषः કહેવામાં આવે ત્યારે લક્ષણાથી ગંગાતીરની ઉપસ્થિતિ થાય છે તેમ ગાયપદથી વાચ્ય ગાય વ્યક્તિ જ હોવા છતાં ગાયની તેવી આકૃતિ અને ગોત્વ જાતિ ગાય સાથે અવિનાભાવી સંબંધ હોવાથી બોધ કરનારને લક્ષણાથી આકૃતિ અને જાતિની ઉપસ્થિતિ થાય છે. ગૌતમઋષિનું સૂત્ર કોઈ અન્ય અભિપ્રાયથી કહેવાયું છે, પરંતુ ગોપદની શક્તિ વ્યક્તિ આકૃતિ અને જાતિ ત્રણેમાં છે તે અભિપ્રાયથી કહેવાયું નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રમાણે ન કહેવું; કેમ કે શબ્દના અનુશાસનથી ગુરુ પણ અર્થમાં તે પદની શક્તિ સ્વીકારવામાં આવેલ છે.

કયા પ્રકારના શબ્દના અનુશાસનથી ગુરુ પણ અર્થમાં તે પદની શક્તિ સ્વીકારાઈ છે ? તે સ્પષ્ટ કરે છે –

નિક્ષેપના અનુશાસનને સ્વીકારનાર સ્થાપનારૂપ વસ્તુમાં પણ તે પદની શક્તિ છે.

આશય એ છે કે જિનપદની શક્તિ ભાવજિનમાં છે તે લઘુભૂત અર્થમાં શક્તિનો સ્વીકાર છે અને જિન

શબ્દની શક્તિ સ્થાપનાજિનમાં સ્વીકારી એ ગુરુભૂત અર્થમાં તે શબ્દની શક્તિનો સ્વીકાર છે ; કેમ કે જિનપદ કરતાં સ્થાપનાજિન એ ગુરુભૂત અર્થ છે અને તેમાં જિનશબ્દની શક્તિ ચાર નિક્ષેપાને માનનાર જિનવચનના અનુશાસનથી પ્રાપ્ત થાય છે. આમ છતાં જેમ જિનપ્રતિમામાં જિનના ગુણ નથી છતાં સ્થાપનાનિક્ષેપાના કારણે જિનપ્રતિમા પૂજ્ય છે તેમ પાસત્થા સાધુમાં સાધુના ગુણ નથી છતાં સાધુની આકૃતિ છે માટે સ્થાપનાસત્ય સ્વીકારીને તેને સાધુ તરીકે પૂજી શકાશે તેના નિરાકરણ માટે 'असति बाधते' થી કહે છે કે તે સ્થાનમાં સ્થાપનાનિક્ષેપો સ્વીકારવામાં બાધક શાસ્ત્રવચન છે; કેમ કે નિર્ગુણ એવા પાસત્થામાં ભગવાનના વચનથી વિપરીત ગુણો છે અને તેમને સ્થાપનાસત્ય સ્વીકારીને પૂજવાથી તેમના દોષોની અનુમોદનાની પ્રાપ્તિ છે, તેથી જે સ્થાનમાં તેવું બાધક ન હોય તેવા સ્થાપનાસત્યમાં તે પદની શક્તિ છે. આથી જ જિનપ્રતિમામાં જિનપદની શક્તિ છે અને પાસત્થાના વેશમાં સાધુપદની શક્તિ નથી, તેથી શાસ્ત્રવચનના અનુશાસનના બળથી સ્થાપનાસત્યરૂપ અર્થમાં જિનપદનો સ્વીકાર હોવાથી સ્થાપનાસત્ય પ્રમાણ છે.

આ રીતે નિક્ષેપના અનુશાસનના બળથી સ્થાપનાસત્યમાં જિનપદની શક્તિ છે તેમ કહીને સ્થાપનાસત્યને પ્રમાણ બતાવ્યા પછી નયભેદથી સ્થાપનાસત્ય સ્વીકારનાર પદમાં નિરૂઢ લક્ષણા સ્વીકારીને પણ સ્થાપનાસત્ય સ્વીકારવામાં દોષ નથી તે બતાવે છે –

જેમ ગોપદની શક્તિ ગોરૂપ વ્યક્તિમાં જ છે, અને આકૃતિ અને જાતિમાં ગોપદની લક્ષણા છે, એમ કેટલાક દર્શનકારો સ્વીકારે છે તે દૃષ્ટિને સ્વીકારીએ તો જિનપદની શક્તિ ભાવજિનમાં જ છે પરંતુ જિનની આકૃતિરૂપ પ્રતિમામાં નથી છતાં જિનપ્રતિમાની ઉપસ્થિતિ તે પ્રકારના વચનપ્રયોગથી થાય છે. જેમ કોઈ કહે કે આજે જિનની સુંદર અંગરચના થઈ છે તે સ્થાનમાં જિનપદથી ભાવજિનની ઉપસ્થિતિ થાય છે અને નિરૂઢ લક્ષણાથી જિનપ્રતિમાની ઉપસ્થિતિ થાય છે. જેમ ગંગાશબ્દથી ગંગાના પ્રવાહની ઉપસ્થિતિ થાય છે અને લક્ષણાથી ગંગાના તીરની ઉપસ્થિતિ થાય છે અને આ પ્રકારે નિરૂઢ લક્ષણાથી સ્થાપનાની ઉપસ્થિતિ સ્વીકારીએ તો ગ્રંથકારશ્રીએ ગાથામાં જે લક્ષણ કર્યું કે 'अवगयभावत्थरहियसंकेया' તે પદમાં રહેલ સંકેતશબ્દથી નિરૂઢ લક્ષણાનું આશ્રયણ છે, તેથી એ પ્રાપ્ત થાય કે અપગત ભાવાર્થ રહિત સંકેતવાળી સ્થાપનામાં જે ભાષા વર્તે છે તે સ્થાપનાસત્ય છે.

આ પ્રમાણે નિરૂઢ લક્ષણા કરવાથી સ્થાપનાસત્ય સંમતસત્યના લક્ષણથી આક્રાન્ત થાય છે તેથી સંમતસત્ય અને સ્થાપનાસત્ય બંને એક માનવાની આપત્તિ આવે. તે આ રીતે –

સંમતસત્યનું લક્ષણ કરેલ કે સમુદાયશક્તિના પ્રતિસંધાનના વૈકલ્યથી પ્રયુક્તઅબોધકત્વવાળા પદથી ઘટિત ભાષા સંમતસત્ય છે. જનપદસત્યમાં સંમતસત્યના લક્ષણની અતિવ્યાપ્તિ પ્રાપ્ત થતી હતી તેના નિવારણ માટે ટીકામાં કહ્યું કે શક્તિનો અર્થ સંકેતમાત્ર નથી પરંતુ અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત છે જે નિરૂઢ લક્ષણારૂપ જ પ્રાપ્ત થાય; કેમ કે અનાદિથી તે પ્રકારે તે પદથી તે અર્થ કરવાની નિરૂઢ લક્ષણા શાસ્ત્રકારે કરી છે તેથી જેમ સંમતસત્યમાં તે લક્ષણ સંગત થાય છે તેમ સ્થાપનાસત્યમાં પણ તે લક્ષણ સંગત થાય છે; કેમ કે સ્થાપનાજિનમાં જિનપદની શક્તિ છે એ પ્રકારના સમુદાયશક્તિના પ્રતિસંધાન વગરના

જીવને જિનપ્રતિમામાં જિન શબ્દનો કોઈ પ્રયોગ કરે તો તેને જિનપદથી જિનપ્રતિમાનો બોધ થાય નહિ, પરંતુ શાસ્ત્રીય અબાધિત સંકેતરૂપ નિરૂઢલક્ષણાથી જિન શબ્દ જિનપ્રતિમાનો વાચક છે તેવો બોધ થાય છે. માટે સંમતસત્યનું લક્ષણ સ્થાપનાસત્યમાં પણ પ્રાપ્ત થાય છે.

આ દોષનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે ઉપધેયનું સાંકર્ય હોવા છતાં પણ ઉપાધિનું અસાંકર્ય છે તેથી સ્થાપનાસત્યત્વરૂપ ઉપાધિ અને સંમતસત્યત્વરૂપ ઉપાધિના ભેદથી તે બે ભાષાને પૃથક્ સ્વીકારી શકાશે.

આશય એ છે કે સંમતસત્યભાષા અને સ્થાપનાસત્યભાષા બેનું લક્ષણ સમાન પ્રાપ્ત થવાથી ઉપધેયરૂપ તે બન્ને ભાષામાં સાંકર્ય છે તેથી તે બે ભાષાને પૃથક્ સ્વીકારી શકાય નહિ છતાં તે બન્ને ભાષામાં રહેલ સ્થાપનાસત્યત્વરૂપ ધર્મ અને સંમતસત્યત્વરૂપ ધર્મ તે બન્ને ધર્મ પૃથક્ હોવાથી તે ધર્મની અપેક્ષાએ તે બે ભાષાને પૃથક્ સ્વીકારી શકાશે એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**उक्ता स्थापनासत्या । अथ नामसत्यामाह –**

**અવતરણિકાર્થ :-**

**સ્થાપનાસત્યભાષા કહેવાઈ. હવે નામસત્યભાષાને કહે છે –**

**ગાથા :-**

**भावत्थविहूण च्चिय, णामाभिप्पायलद्धपसरा जा ।**
**सा होइ णामसच्चा, जह धणरहिओ वि धणवंतो ।।२६।।**

**છાયા :-**

**भावार्थविहीन एव नामाभिप्रायलब्धप्रसरा या ।**
**सा भवति नामसत्या यथा धनरहितोऽपि धनवान् ।।२६।।**

**અન્વયાર્થ :-**

**भावत्थविहूण च्चिय**=ભાવાર્થવિહીન જ વસ્તુમાં, **णामाभिप्पायलद्धपसरा**=નામ અભિપ્રાયથી લબ્ધપ્રસરવાળી, **जा**=જે=જે ભાષા, **सा**=તે, **णामसच्चा होइ**=નામસત્યભાષા છે, **जह धणरहिओ वि धणवंतो**=જે પ્રમાણે ધન રહિત પણ ધનવાન=નામથી ધનવાન. ॥૨૬॥

**ગાથાર્થ :-**

**ભાવાર્થવિહીન જ વસ્તુમાં નામ અભિપ્રાયથી લબ્ધપ્રસરવાળી જે ભાષા તે નામસત્યભાષા છે જે પ્રમાણે ધનરહિત પણ ધનવાન=નામથી ધનવાન. ॥૨૬॥**

**ટીકા :-**

भावार्थविहीन एव या भाषा नामाभिप्रायलब्धप्रसरा नामसङ्केतमात्रादेव=योगार्थबाधमवगणय्य स्वप्रतिपाद्यं प्रतिपादयतीति यावत्, सा भवति नामसत्या यथा धनरहितोऽपि नाम्ना धनवानिति ।

हन्त! यदीयं सत्या कथं तर्हि तत उपहास इति चेत् ? मध्यस्थानां न कथञ्चित्, अन्येषां तु नवकम्बलोऽयमित्यादाविवाभिप्रायान्तरावलम्बनेन वाक्छलादिति गृहाण, विचित्रो हि महामोहशैलूषस्य नर्तनप्रकार इति ।

यत्तु नाम यथार्थं तत्र न नामसत्यैव किन्तु परिणामसत्यत्वम्, एवम्भूताभिप्रायेण क्रियाविरहकाले त्वतथात्वमपीत्याद्यूह्यम् ।।२६।।

**ટીકાર્થ :-**

भावार्थविहीन ..... त्वतथात्वमपीत्याद्यूह्यम् ।। ભાવાર્થવિહીન જ વસ્તુમાં=તે પદથી વાચ્ય એવા ભાવના અર્થથી રહિત એવી વસ્તુમાં જ, નામ અભિપ્રાયથી લબ્ધપ્રસરવાળી=નામના સંકેતમાત્રથી જ યોગાર્થના બાધને અવગણના કરીને સ્વપ્રતિપાદ્ય=તે પદથી પ્રતિપાદ્ય વસ્તુને, પ્રતિપાદન કરે છે એ પ્રકારના લબ્ધપ્રસરવાળી, જે ભાષા તે નામસત્યભાષા છે જે પ્રમાણે ધનરહિત પણ પુરુષ નામથી ધનવાન છે.

'इति' શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે.

'हन्त'થી શંકા કરે છે –

જો આ સત્ય છે=ધન રહિત પુરુષને ધનવાન કહે એ ભાષા સત્ય છે, તો તેનાથી=તે પુરુષનું ધનવાન નામ છે તેનાથી; કેવી રીતે ઉપહાસ થાય છે ?=લોકો કેવી રીતે તેનો ઉપહાસ કરે છે ? એ પ્રમાણે કોઈ શંકા કરે તો ગ્રંથકારશ્રી કહે છે –

મધ્યસ્થ પુરુષોને કોઈ રીતે ઉપહાસ થતો નથી. વળી અન્ય જીવોને નવકંબલ આ છે=નવીન કામળી આ છે ઈત્યાદિની જેમ અભિપ્રાય અંતરના અવલંબન વડે=નવ સંખ્યાની કંબલ ક્યાં છે ? એ પ્રકારે આ ધનવાન ક્યાં છે ? એ પ્રકારના અભિપ્રાય અંતરના અવલંબન વડે, વાક્છલથી તેનો ઉપહાસ થાય છે એ પ્રમાણે ગ્રહણ કરવું 'हि'=જે કારણથી, મહામોહરૂપી પર્વતનો વિચિત્ર નર્તન પ્રકાર છે.

'इति' શબ્દ શંકાના નિરાકરણની સમાપ્તિમાં છે.

વળી જે યથાર્થ નામ છે ત્યાં નામસત્ય જ ભાષા નથી=નામસત્ય પણ છે અને અન્ય પણ છે.

અન્ય કઈ છે ? એ કહે છે –

પરંતુ પરિણામ સત્યત્વ છે, એવંભૂતના અભિપ્રાયથી ક્રિયાના વિરહકાળમાં=તે પુરુષના તે નામના

**વાચક શબ્દથી જે ક્રિયાની પ્રાપ્તિ થતી હોય તે ક્રિયાનો તે પુરુષમાં વિરહ હોય તે કાળમાં, વળી અન્યથાપણું છે=તે ભાષામાં પરિણામ સત્યત્વપણું નથી પરંતુ તેનાથી અન્યથા નામસત્યત્વમાત્ર જ છે, ઈત્યાદિનો ઊહ કરવો. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

**(૪) નામસત્યભાષા :-**

કોઈ પુરુષનું નામ આપવામાં આવેલ હોય કે આ ધનવાન છે અને તે પુરુષ ધનથી રહિત હોય તોપણ તેને ધનવાન કહેવામાં આવે તે નામથી સત્યભાષા છે. તેનો જ અર્થ સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે ધનવાનરૂપ ભાવાર્થથી રહિત એવા પુરુષમાં નામસંકેતમાત્રથી જ તેને ધનવાન કહેવો એ પ્રકારના અભિપ્રાયમાત્રથી જ જે ભાષા બોલાય છે તે નામસત્યભાષા છે.

આ પ્રકારનું નામસત્યનું લક્ષણ કર્યું ત્યાં કોઈક શંકા કરે છે –

જો ધનરહિત પણ પુરુષનું ધનવાન એ નામ છે તે નામથી સત્ય હોય તો લોકો તેનો ઉપહાસ કેમ કરે છે ? અર્થાત્ લોકાના ઉપહાસથી નક્કી થાય છે કે તેનું ધનવાન એ પ્રકારનું નામ એ સત્યભાષા નથી, આથી જ તે લોકમાં ઉપહાસપાત્ર બને છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જે જીવો મધ્યસ્થતાથી વસ્તુનો વિચાર કરે છે તેઓને જ્ઞાન છે કે આ પુરુષનું નામ તેના માતાપિતાએ આપેલું છે તેથી નામસંકેતમાત્રથી તેને ધનવાન કહેવો તે કાંઈ અનુચિત નથી, તેથી તેઓ તે પુરુષનો ઉપહાસ કરતા નથી માટે તે ભાષા નામસત્ય સ્વીકારવામાં કોઈ દોષ નથી.

વળી અન્ય જીવો જેઓ મધ્યસ્થ નથી તેઓ કઈ રીતે ઉપહાસ કરે છે ? તે સ્પષ્ટ કરે છે.

જેમ કોઈ પુરુષ નવી કાંબલ લઈ આવ્યો હોય અને કહે કે આ નવકાંબલ છે. કોઈ વાક્છલ કરીને નવનો અર્થ નવ સંખ્યા ગ્રહણ કરીને તેને કહે કે નવ કંબલ ક્યાં છે ? એમ કહીને તેના વચનને મૃષા કહે છે. વસ્તુતઃ નવ સંખ્યા અર્થમાં કહેનાર પુરુષ કહેતો નથી પરંતુ નવીન અર્થમાં નવ શબ્દ પ્રયોગ કરે છે તેમ પ્રસ્તુત અર્થમાં પણ ધનરહિત તે પુરુષનું નામમાત્ર ધનવાન છે, છતાં અભિપ્રાયાંતર ગ્રહણ કરીને આ ધનરહિત છે તેને સ્મૃતિમાં લાવીને વાક્છલથી આ પુરુષ ઘણા ધનથી આઢ્ય છે એમ કહીને ધનવાન શબ્દ દ્વારા તેનો ઉપહાસ કરે છે; કેમ કે મહામોહનો સ્વભાવ જીવને વિચિત્ર પ્રકારની નર્તન ક્રિયા કરાવે એવો છે, તેથી તેઓ જાણે છે કે આ પુરુષનું નામ જ ધનવાન છે, છતાં ઉપહાસ કરવાના પરિણામને વશ ધનવાન શબ્દનો અન્ય અર્થ કરીને તે પુરુષનો ઉપહાસ કરે છે, જેમ નવકંબલમાં નવનો અન્ય અર્થ કરીને નવકંબલ કહેનારનો લોકો ઉપહાસ કરે છે.

વળી કોઈ પુરુષનું નામ ધનવાન હોય અને તે પુરુષ પણ ધનથી આઢ્ય હોય તો તે પુરુષમાં ધનવાન એ પ્રકારનો વચનપ્રયોગ માત્ર નામસત્ય જ નથી પરંતુ પરિણામસત્ય પણ છે; કેમ કે ધનવાન શબ્દનો વ્યુત્પત્તિઅર્થ તેમાં સંગત થાય છે.

વળી એવંભૂતનયથી વિચારીએ તો ધન એકઠું કરવાની ક્રિયા તે કરતો હોય ત્યારે તે ધનવાન કહેવાય અને ધનવાન એવો તે પુરુષ સૂતો હોય કે અન્ય ક્રિયા કરતો હોય ત્યારે ધન એકઠું કરવાની ક્રિયા નહિ હોવાથી તે ભાષામાં પરિણામસત્ય નથી અર્થાત્ તે પુરુષને ધનવાન કહેવામાં આવે તે ભાષામાં પરિણામસત્યત્વ નથી પરંતુ નામસત્યત્વ માત્ર જ છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**उक्ता नामसत्या । अथ रूपसत्यामाह –**

**અવતરણિકાર્થ :-**

**નામસત્યભાષા કહેવાઈ. હવે રૂપસત્યભાષાને કહે છે –**

**ગાથા :-**

**एमेव रूवसच्चा णवरं णामंमि रूवअभिलावो ।**
**ठवणा पुण ण पवट्टइ, तज्जातीए सदोसे अ ॥२७॥**

**છાયા :-**

एवमेव रूपसत्या नवरं नाम्नि रूपाभिलापः ।
स्थापना पुनर्न प्रवर्तते तज्जातीये सदोषे च ॥२७॥

**અન્વયાર્થ :-**

**एमेव=એ રીતે જ=નામસત્યની જેમ જ, रूवसच्चा=રૂપસત્યા જાણવી. णवरं=ફક્ત, णामंमि=નામના સ્થલમાં=નામસત્યના લક્ષણમાં જે નામ પ્રયોગ છે તે સ્થલમાં, रूवअभिलावो=રૂપનો અભિલાપ કરવો. पुण तज्जातीए अ सदोसे=વળી તજ્જાતીયમાં અને સદોષમાં, ठवणा ण पवट्टइ=સ્થાપના પ્રવર્તતી નથી=સ્થાપનાસત્ય તે ભાષાને કહેવાય નહિ પરંતુ રૂપસત્ય જ કહેવાય. ॥૨૭॥**

**ગાથાર્થ :-**

**એ રીતે જ=નામસત્યની જેમ જ, રૂપસત્યા જાણવી, ફક્ત નામના સ્થલમાં=નામસત્યના લક્ષણમાં જે નામ પ્રયોગ છે તે સ્થલમાં, રૂપનો અભિલાપ કરવો. વળી તજ્જાતીયમાં અને સદોષમાં સ્થાપના પ્રવર્તતી નથી=સ્થાપનાસત્ય તે ભાષાને કહેવાય નહિ પરંતુ રૂપસત્ય જ કહેવાય. ॥૨૭॥**

**ટીકા :-**

एवमेव=नामसत्यावदेव, रूपसत्या ज्ञेया, नवरं=केवलं, नाम्नि=नामस्थले रूपाभिलापः=रूपशब्दप्रयोगः कर्तव्यः, तथा च भावार्थबाधप्रतिसन्धानसध्रीचीनतद्रूपवद्गृहीतोपचारकपदघटितभाषात्वं

**तल्लक्षणम्, अस्ति च प्रकटप्रतिषेविणि 'अयं यति'रिति यतिशब्दस्य तद्रूपवत्युपचारः, श्रामण्यव्याप्यसदालयविहारादिप्रतिसन्धानबलान्मुख्यार्थाऽबाधदशायां तादृशे तत्पदप्रयोगे तु परमार्थतोऽसत्यभाषाप्रवृत्तावप्यसङ्क्लेशपरिणामेन न कर्मबन्धः, प्रत्युत विधिविशुद्धपरिणामान्महानिर्जरैवेति ध्येयम् ।**

**नन्वत्र स्थापनासत्यमेवास्तु भावयतित्वबाधे स्थापनायतित्वाश्रयणस्यैव युक्तत्वादित्यत आह - स्थापना पुनर्न प्रवर्त्तते तज्जातीये सदोषे च, स्थापना हि तज्जातीयभिन्ने दोषरहिते च प्रवर्त्तते, न त्वन्यत्र, तत्र तथाविधाभिप्रायाभावात् । तदिदमुक्तं –**

"उभयमवि अत्थि लिंगे ण य पडिमासूभयं अत्थि" **त्ति । (आ. नि. ११३५)**

**यथा चैतत्तत्त्वं तथा प्रपञ्चितमध्यात्ममतपरीक्षायाम् ।**

**एवञ्च 'अतद्द्रव्ये तदाकारः स्थापना' 'कूटद्रव्यं च रूपमि'ति प्रतिविशेषो ज्ञेयः ।।२७।।**

**ટીકાર્થ :-**

**एवमेव ..... ज्ञेयः ।। એ રીતે જ=નામસત્યની જેમ જ, રૂપસત્યભાષા જાણવી. ફક્ત નામના સ્થળમાં=નામસત્યનું લક્ષણ કર્યું ત્યાં નામ અભિપ્રાય લબ્ધપ્રસરા એ પ્રકારનો પ્રયોગ કર્યો એ સ્થળમાં, રૂપઅભિલાપ=રૂપઅભિપ્રાયલબ્ધપ્રસરવાળી એ પ્રકારનો રૂપશબ્દનો પ્રયોગ કરવો જોઈએ, અને તે રીતે=રૂપસત્ય સ્વરૂપ બતાવ્યું તે રીતે, ભાવાર્થના બાધના પ્રતિસંધાનથી યુક્ત=યતિ શબ્દનો જે યતમાન તે યતિ એ પ્રકારનો જે ભાવાર્થ છે તેના બાધનું જે પુરુષમાં પ્રતિસંધાન છે તેનાથી યુક્ત, તદ્રૂપવાનમાં=યતિવેશવાન પુરુષમાં, ગૃહીત ઉપચારક પદ=ઉપચારથી ગ્રહણ કરાયેલું યતિપદ, તેનાથી ઘટિત એવું ભાષાપણું તેનું લક્ષણ છે=રૂપસત્યનું લક્ષણ છે.**

તે લક્ષણ સ્પષ્ટ કરે છે –

**અને પ્રકટ પ્રતિસેવી એવા સાધુમાં=શાસ્ત્રના વચનથી વિપરીત આચરણા કરનારા સાધુમાં, "આ યતિ છે" એ પ્રકારના યતિશબ્દનો તદ્રૂપવાનમાં=યતિના વેશવાનમાં, ઉપચાર છે=યતિપદનો વ્યવહાર છે.**

વળી પાસત્થામાં પણ સાધુના સદાચારો છે એ પ્રકારનું પ્રતિસંધાન કરીને 'આ સુસાધુ છે' એ પ્રકારની બુદ્ધિથી તે યતિવેશવાળા પાસત્થાને કોઈ શ્રાવક યતિ કહે તે વખતે રૂપસત્યના આશયથી બોલાયેલી તે ભાષા નથી પરંતુ ભાવસત્યના આશયથી બોલાયેલી ભાષા છે તેથી તે ભાષા અસત્ય હોવા છતાં પણ વિવેકી પુરુષ માટે કર્મબંધનું કારણ નથી તે બતાવવા અર્થે કહે છે –

**શ્રામણ્ય વ્યાપ્ય સદ્ આલય વિહાર આદિના પ્રતિસંધાનના બળથી=સુસાધુના નિર્ણયના કારણીભૂત શાસ્ત્રાનુસારી આલય વિહાર આદિ કોઈ પાસત્થામાં દેખાય તેના પ્રતિસંધાનના બળથી, મુખ્યાર્થની**

**અબાધદશામાં='યતમાન હોય તે યતિ કહેવાય' એ રૂપ શાસ્ત્રાનુસારી યતમાનસાધુમાં વપરાતો મુખ્યાર્થવાળો જે પરિણામ છે તેનો પાસત્થામાં અબાધ છે એ પ્રકારના બોધકાળમાં, તેવા પ્રકારના વેશધારીમાં વળી તત્પદનો પ્રયોગ હોતે છતે='આ યતિ છે' એ પ્રકારના પદનો પ્રયોગ હોતે છતે પરમાર્થથી અસત્યભાષાની પ્રવૃત્તિમાં પણ=તે પ્રકારના પ્રયોગ કરનાર શ્રાવકની પરમાર્થથી અસત્યભાષાની પ્રવૃત્તિમાં પણ, અસંક્લેશનો પરિણામ હોવાને કારણે=જિનવચનના સ્મરણપૂર્વક જિનવચનાનુસાર લિંગો દ્વારા નિર્ણય કરીને ભાવયતિને જ ભાવયતિરૂપે સ્વીકારવાનો અસંક્લેશરૂપ પરિણામ હોવાને કારણે, કર્મબંધ નથી='આ યતિ છે' એ પ્રકારનો પ્રયોગ કરીને તેમના પ્રત્યે ઉપચાર વિનય કરવારૂપ કૃત્યથી કર્મબંધ નથી, ઊલટું વિધિશુદ્ધ પરિણામ હોવાને કારણે=શાસ્ત્રવચનની વિધિના સ્મરણપૂર્વક શ્રમણનાં લિંગો દ્વારા સુસાધુનો નિર્ણય કરીને શાસ્ત્રમર્યાદા અનુસાર ભક્તિ કરવાનો વિશુદ્ધ પરિણામ હોવાને કારણે, મહાનિર્જરા જ છે એ પ્રમાણે જાણવું.**

'નનુ'થી ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે –

**અહીં=રૂપસત્યનું સ્વરૂપ બતાવ્યું એમાં, સ્થાપનાસત્ય જ હો; કેમ કે ભાવયતિત્વના બાધમાં=પાસત્થા આદિમાં ભાવસાધુપણાના બાધમાં, સ્થાપનાયતિત્વના આશ્રયણનું જ યુક્તપણું છે. એથી=એ શંકાના નિવારણના આશયથી, કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –**

**વળી તજ્જાતીયમાં અને સદોષમાં=ભાવયતિત્વના સમાન એવા જીવત્વજાતીયવાળા પુરુષમાં અને સદોષ એવા પાસત્થામાં, યતિપણાની સ્થાપના પ્રવર્તતી નથી.**

**'हि'=જે કારણથી, તજ્જાતીયથી ભિન્ન અને દોષરહિતમાં=તીર્થંકરમાં વર્તતા જીવજાતીયથી ભિન્ન અને તીર્થંકરથી વિપરીત દોષ રહિત એવી જિનપ્રતિમા આદિમાં, સ્થાપના પ્રવર્તે છે પરંતુ અન્યત્ર નહિ=તજ્જાતીય અને સદોષ વસ્તુમાં નહિ; કેમ કે ત્યાં=તજ્જાતીય અને સદોષવાળી વસ્તુમાં, તેવા પ્રકારના અભિપ્રાયનો અભાવ છે=ગુણસંપન્ન પુરુષની સ્થાપના કરીને તેની ભક્તિ કરવારૂપ અભિપ્રાયનો અભાવ છે. તે આ કહેવાયું છે=પૂર્વમાં કહ્યું કે તજ્જાતીયમાં અને સદોષમાં સ્થાપના પ્રવર્તતી નથી પરંતુ તજ્જાતીયથી ભિન્ન દોષ રહિત વસ્તુમાં પ્રવર્તે છે તે આ, આવશ્યકનિર્યુક્તિમાં કહેવાયું છે –**

"ઉભય પણ લિંગમાં છે=સાવદ્યકર્મ અને નિરવદ્યકર્મ બન્ને પણ, સાધુના વેશમાં છે અને પ્રતિમામાં બન્ને પણ નથી=સાવદ્યકર્મ અને નિરવદ્યકર્મ બન્ને પણ નથી, (એથી લિંગમાં સ્થાપના થાય નહિ અને પ્રતિમામાં સ્થાપના થઈ શકે.)" **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૫)**

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**અને જે પ્રમાણે આનું તત્ત્વ છે=પાસત્થામાં સ્થાપનાનિક્ષેપો ન થઈ શકે અને જિનપ્રતિમામાં સ્થાપનાનિક્ષેપો થઈ શકે એ કથનનું તત્ત્વ છે, તે પ્રમાણે વિસ્તારથી અધ્યાત્મમતપરીક્ષામાં ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું છે અને આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે રૂપસત્યવાળા પાસત્થામાં યતિત્વનું સ્થાપન થઈ શકે નહિ એ રીતે, અતદ્દ્રવ્યમાં=અચેતનદ્રવ્યમાં, તદાકાર=જિનપ્રતિમાદિનો આકાર, સ્થાપના**

**છે=સ્થાપનાસત્ય છે. અને કૂટદ્રવ્ય=કૂટલિંગવાળા એવા યતિ, રૂપ છે=રૂપસત્ય છે, એ પ્રમાણે પ્રતિ વિશેષ જાણવો=પરસ્પર ભેદ જાણવો. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

**(૫) રૂપસત્યભાષા :-**

ગાથા-૨૬માં નામસત્યનું લક્ષણ કર્યું તેવું જ રૂપસત્યનું લક્ષણ છે; ફક્ત નામસત્યના લક્ષણમાં નામઅભિપ્રાયથી લબ્ધપ્રસરાને સ્થાને રૂપઅભિપ્રાયથી લબ્ધપ્રસરા વિશેષણ મૂકવું. તેથી એ પ્રાપ્ત થાય કે ભાવાર્થ વિહીન એવા પાસત્થાદિમાં રૂપઅભિપ્રાયથી લબ્ધપ્રસરવાળી ભાષા=સુસાધુના સદૃશરૂપ વેશ છે એ પ્રકારના અભિપ્રાયથી લબ્ધપ્રસરવાળી ભાષા, રૂપસત્ય છે. આ કથનથી રૂપ સત્યભાષાનું લક્ષણ શું પ્રાપ્ત થાય ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

સાધુપણાના ગુણોરૂપ યતિશબ્દના ભાવરૂપ અર્થનો બાધ જેમાં દેખાતો હોય તેનાથી યુક્ત યતિવેશના રૂપવાળી વસ્તુમાં ઉપચારને ગ્રહણ કરીને પ્રવર્તતા યતિપદથી ઘટિત ભાષાપણું જે ભાષામાં હોય તે ભાષા રૂપસત્ય છે.

પ્રગટ રીતે ભગવાનના વચનથી વિપરીત સેવનારા વેશવાળા સાધુમાં આ યતિ છે એ પ્રકારનો યતિ શબ્દનો ઉપચાર પ્રવર્તે છે તેથી તેવી ભાષાને રૂપસત્યભાષા કહેવાય.

વળી કોઈ યતિવેશવાળા સાધુ ભાવથી જિનવચનને અનુકૂળ પરિણતિવાળા નથી પરંતુ તથાવિધ માયાથી કે અન્યવિધ કોઈ પ્રયોજનથી સાધુવેશ ગ્રહણ કરીને શુદ્ધ વસતિમાં નિવાસ કરવો એ રૂપ આલય, નવકલ્પી વિહાર કરવો એ રૂપ વિહાર અને સમિતિપૂર્વક ગમનાદિ કરતા હોય તેને જોઈને કોઈને ભ્રમ થાય કે આ સુસાધુ છે તે અવસ્થામાં તેવા લિંગધારી સાધુમાં આ યતિ છે એ પ્રકારનો પ્રયોગ કરવામાં આવે તે ભાવયતિનું વાચક વચન છે તેથી પરમાર્થથી તે અસત્યભાષા છે. તેવી અસત્યભાષા બોલનાર કોઈ શ્રાવક હોય તોપણ તે વખતે તે શ્રાવકના ચિત્તમાં કુસાધુમાં સુસાધુની બુદ્ધિ કરવારૂપ સંક્લેશનો પરિણામ નથી પરંતુ સાધ્વાચારની સમ્યગ્ બાહ્ય આચરણા દ્વારા ભાવસાધુપણાનો નિર્ણય કરીને તે પાસત્થાદિની ભક્તિ કરવાનો અસંક્લેશવાળો પરિણામ છે, તેથી શાસ્ત્રવચનાનુસાર શુદ્ધ પરિણામ હોવાને કારણે પરમાર્થથી અસત્યભાષામાં પણ કર્મબંધની પ્રાપ્તિ નથી પરંતુ શાસ્ત્રવચનની મર્યાદાથી સુસાધુનો નિર્ણય કરવાનો વિશુદ્ધ પરિણામ છે અને તે પરિણામપૂર્વક સુસાધુની ભક્તિ કરવાનો પરિણામ છે તેથી મહાનિર્જરા જ છે, આથી જ અંગારમર્દક આચાર્યરૂપ કુસાધુમાં સુસાધુપણાની બુદ્ધિથી શિષ્યભાવને ધારણ કરનારા પાંચસો શિષ્યોને ભાવથી સંયમની પ્રાપ્તિ થઈ.

આ પ્રમાણે રૂપસત્યનું લક્ષણ કર્યું ત્યાં કોઈને પ્રશ્ન થાય કે જેમ જિનપ્રતિમામાં તીર્થંકરપણું નથી છતાં તીર્થંકરની સ્થાપના કરીને આ તીર્થંકર છે તેમ કહેવાથી એ ભાષા સ્થાપનાસત્ય બને છે તેમ પાસત્થાદિમાં પણ ભાવયતિત્વનો બાધ હોવા છતાં સ્થાપનાયતિત્વનું આશ્રયણ થઈ શકે. એ શંકાનું નિવારણ કરતાં ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

તજ્જાતીયમાં અને સદોષમાં સ્થાપનાસત્યભાષા પ્રવર્તતી નથી. જેમ ભાવયતિ સુસાધુ છે તે જ ચેતન જાતિવાળા વેશધારી પાસત્થા છે તેથી ભાવયતિની સમાન ચેતનજાતિવાળા છે અને ભાવયતિથી વિપરીત પરિણામવાળા હોવાથી સદોષ છે તેમાં ભાવયતિની સ્થાપના કરીને આ યતિ છે તેવો પ્રયોગ સ્થાપનાનિક્ષેપાની મર્યાદાથી થઈ શકતો નથી. માટે પાસત્થામાં આ યતિ છે એ પ્રયોગને રૂપસત્ય કહી શકાય પરંતુ સ્થાપનાસત્ય કહી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે પ્રતિમામાં કેમ સ્થાપનાસત્ય પ્રવર્તે છે ? તેથી કહે છે –

પ્રતિમા તજ્જાતીયથી ભિન્ન છે અને દોષ રહિત છે=જીવત્વજાતિથી રહિત છે અને સાવદ્ય કૃત્યરૂપ દોષથી રહિત છે, તેથી તીર્થંકરની સદૃશ આકૃતિ હોય તો 'આ તીર્થંકર છે' એ પ્રકારે સ્થાપનાનિક્ષેપાની મર્યાદાથી કહી શકાય છે. સાવદ્યકર્મવાળા પાસત્થામાં ભાવસાધુની સ્થાપના કરવાનો અભિપ્રાય થઈ શકતો નથી પરંતુ સાધુના સદૃશ રૂપને જોઈને તે વેશના બળથી આ યતિ છે તેમ કહી શકાય છે. આથી જ આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે સાધુના વેશમાં સાવદ્યકર્મ અને નિરવદ્યકર્મ બન્ને છે; કેમ કે પાસત્થાના વેશમાં સાવદ્યકર્મ છે અને સુસાધુના વેશમાં નિરવદ્યકર્મ છે તેથી નિરવદ્યકર્મવાળા એવા ભાવયતિની સ્થાપના સાવદ્યકર્મવાળા લિંગમાં થઈ શકે નહિ. અને પ્રતિમામાં બન્ને નથી=સાવદ્યકર્મ નથી અને નિરવદ્ય કર્મ પણ નથી, તેથી નિરવદ્યકર્મવાળા તીર્થંકરની કે સુસાધુની સ્થાપના પ્રતિમા આદિમાં થઈ શકે; કેમ કે પ્રતિમા આદિમાં સાવદ્યકર્મ નહિ હોવાને કારણે અનુમોદનાનો પ્રસંગ નથી અને પાસત્થામાં સાવદ્યકર્મ હોવાને કારણે ભાવયતિની સ્થાપના કરવામાં આવે તો તેના સાવદ્યકર્મની અનુમોદનાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વળી પાસત્થામાં સ્થાપનાનિક્ષેપો ન થઈ શકે અને જિનપ્રતિમામાં સ્થાપનાનિક્ષેપો થઈ શકે તેનો વિસ્તાર ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમતપરીક્ષામાં કર્યો છે તેથી જિજ્ઞાસુઓને ત્યાંથી જોવાનું સૂચન કરેલ છે.

આ સર્વ કથનથી સ્થાપનાસત્ય અને રૂપસત્યનો શો ભેદ પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જીવ રહિત એવા દ્રવ્યમાં તીર્થંકર આદિનો આકાર એ સ્થાપના છે અને કૂટદ્રવ્યરૂપ પાસત્થાનો વેશ એ રૂપ છે, એ પ્રકારનો સ્થાપનાસત્ય અને રૂપસત્યનો ભેદ છે. **॥૨૭॥**

***અવતરણિકા :-***

**उक्ता रूपसत्या । अथ प्रतीत्यसत्यामाह –**

**અવતરણિકાર્થ :-**

**રૂપસત્યભાષા કહેવાઈ. હવે પ્રતીત્યસત્યભાષાને કહે છે –**

**ગાથા :-**

**अविरोहेण विलक्खणपडुच्चभावाण दंसिणी भासा ।**

**भन्नइ पडुच्चसच्चा, जह एगं अणु महंतं च ।।२८।।**

છાયા :-

अविरोधेन विलक्षणप्रतीत्यभावानां दर्शिनी भाषा ।
भण्यते प्रतीत्यसत्या यथैकमणु महच्च ।।२८।।

**અન્વયાર્થ :-**

अविरोहेण=અવિરોધથી, विलक्खणपडुच्चभावाण दंसिणी=વિલક્ષણ પ્રતીત્ય ભાવોને જોનારી, भासा=ભાષા, पडुच्चसच्चा भन्नइ=પ્રતીત્યસત્યભાષા કહેવાય છે. जह=જે પ્રમાણે, एगं=એક=એક વસ્તુ, अणु=અણુ છે=અન્ય વસ્તુની અપેક્ષાએ અણુ છે, च=અને, महंतं=મહત્ છે=અન્ય વસ્તુની અપેક્ષાએ મોટી છે. ।।૨૮।।

ગાથાર્થ :-

**અવિરોધથી વિલક્ષણ પ્રતીત્ય ભાવોને જોનારી ભાષા પ્રતીત્યસત્યભાષા કહેવાય છે. જે પ્રમાણે એક=એકવસ્તુ, અણુ છે=અન્ય વસ્તુની અપેક્ષાએ અણુ છે અને મહત્ છે=અન્ય વસ્તુની અપેક્ષાએ મોટી છે. ।।૨૮।।**

**ટીકા :-**

अविरोधेन=निमित्तभेदोपदर्शनाद्विरोधपरिहारेण, विलक्षणानां=निमित्तभेदमन्तरेणैकप्रतिसन्धानाऽगोचराणां, प्रतीत्यभावानां=सप्रतियोगिकपदार्थानां दर्शिनी भाषा, यथा एकं फलादि फलान्तरापेक्षयाऽणु महच्चेति, एवमनामिका कनिष्ठापेक्षया दीर्घा मध्यमापेक्षया ह्रस्वा चेत्याद्यप्यूह्यम्, निमित्तान्तरोपदर्शने तु मृषैवेयम् ।।२८।।

**ટીકાર્થ :-**

अविरोधेन ..... मृषैवेयम् ।। અવિરોધથી=નિમિત્તના ભેદના ઉપદર્શનને કારણે વિરોધના પરિહારથી=કોઈ વસ્તુને કોઈ અપેક્ષાએ નાની બતાવવી હોય ત્યારે કોની અપેક્ષાએ નાની છે ? તે રૂપ નિમિત્તના ભેદના ઉપદર્શનને કારણે તે વસ્તુને નાની કહેવામાં વિરોધનો પરિહાર થવાથી, વિલક્ષણ એવા પ્રતીત્ય ભાવોને=નિમિત્તભેદ વગર એક પ્રતિસંધાનના અવિષય એવા સપ્રતિયોગિક પદાર્થોને, દેખાડનારી ભાષા (પ્રતીત્યસત્યભાષા કહેવાય છે આટલું કથન ગાથાનુસાર અહીં જોઈએ.) જે પ્રમાણે એક ફળાદિ ફળાન્તરની અપેક્ષાએ અણુ છે અને અન્ય ફળની અપેક્ષાએ મહાન્ છે. આ રીતે અનામિકા આંગળી કનિષ્ઠા આંગળીની અપેક્ષાએ દીર્ઘ છે અને મધ્યમ આંગળીની અપેક્ષાએ હ્રસ્વ છે. ઇત્યાદિ પણ વિચારવું.

વળી નિમિત્તાન્તરના ઉપદર્શનમાં=કોઈક અપેક્ષાએ નાની કહેલી હોવા છતાં તેનાથી અન્ય નિમિત્તાન્તરના દેખાડવામાં, તે વસ્તુ નાની ન હોય તો આ ભાષા=પ્રતીત્યભાષા, મૃષા જ છે. ।।૨૮।।

**ભાવાર્થ :-**

**(૬) પ્રતીત્યસત્યભાષા :-**

જેમ એક ફળ અન્ય ફળની અપેક્ષાએ કદમાં નાનું હોય ત્યારે ભાષા બોલનાર પુરુષ કહે કે આ ફળ આ ફળની અપેક્ષાએ નાનું છે તે વખતે તે બોલનાર પુરુષ તે નાનું કહેવામાં નિમિત્તભેદ બતાવે છે, તેથી કોઈ અન્ય ફળ તેનાથી પણ નાનું હોય તે નિમિત્તની અપેક્ષાએ તેને નાનું કહેલું નહિ હોવાથી વિરોધનો પરિહાર થાય છે. આવા વિલક્ષણભાવો નિમિત્તભેદ વગર એક પ્રતિસંધાનના વિષય બનતા નથી=કોઈકની અપેક્ષા રાખ્યા વગર આની અપેક્ષાએ નાનું અને આની અપેક્ષાએ મોટું એ પ્રકારે નિમિત્તભેદ વગર આ આનાથી નાનું છે અથવા આ આનાથી મોટું છે એ પ્રકારના પ્રતીતિના વિષય બનતા નથી. આવા ભાવોને પ્રતીત્યભાવો કહેવાય છે=આને આશ્રયીને આ નાનું અને આને આશ્રયીને આ મોટું એ પ્રકારે પ્રતીતિને આશ્રયીને જણાવનારા ભાવો છે.

ન્યાયની પરિભાષામાં તેમને સપ્રતિયોગિક પદાર્થો કહેવાય છે અર્થાત્ આ વસ્તુમાં રહેલા અણુપણાનો પ્રતિયોગી આ પદાર્થ છે અને આ વસ્તુમાં રહેલા ગુરુપણાનો પ્રતિયોગી આ પદાર્થ છે. જેમ ચણોઠીમાં રહેલા અણુપણાનો પ્રતિયોગી બોર પદાર્થ છે અને બોરમાં રહેલા ગુરુપણાનો પ્રતિયોગી ચણોઠી પદાર્થ છે. આવા પદાર્થોને જોનારી ભાષા તે પ્રતીત્યસત્યભાષા છે. જેમ ચણોઠીને જોઈને કોઈ કહે કે ફળાન્તરરૂપ બોરની અપેક્ષાએ ચણોઠી અણુ છે અને ચણોઠીની અપેક્ષાએ બોર મહાન છે. આ પ્રકારને કહેનારી ભાષા પ્રતીત્યસત્યભાષા કહેવાય છે. આ રીતે જ કનિષ્ઠા આંગળીની અપેક્ષાએ અનામિકા આંગળીને દીર્ઘ કહેવાય છે અને મધ્યમા આંગળીની અપેક્ષાએ અનામિકાને હ્રસ્વ કહેવાય છે. આ રીતે આ વસ્તુ આના કરતાં અધિક શ્વેત છે અને આ વસ્તુ આના કરતાં અલ્પ શ્વેત છે ઇત્યાદિ પ્રતીતિ અનુસાર યથાર્થ પદાર્થને કહેનારી ભાષા પ્રતીત્યસત્યભાષા છે.

વળી તે સત્યભાષાને જ કોઈક નિમિત્તાન્તરને બતાવીને કહે તો તે ભાષા મૃષા જ થાય. જેમ અનામિકા આંગળી કનિષ્ઠાની અપેક્ષાએ દીર્ઘ હોવા છતાં મધ્યમા આંગળીરૂપ નિમિત્તાન્તરને બતાવીને તેને દીર્ઘ કહેવામાં આવે તે તે ભાષા પ્રયોગનો વિષય અનુભવ અનુસાર નહિ હોવાથી તે ભાષા મૃષા જ છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**नन्वेकस्यैव कथमणुत्वमहत्त्वादिनानापरिणामसमावेशः, विरोधात्, न चैकज्ञानज्ञेयत्वान्न विरोधः तज्ज्ञानाऽप्रमात्वस्यैवाऽऽपाद्यत्वादित्याशङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

**એક જ વસ્તુમાં અણુપણું અને મહત્પણું આદિરૂપ અનેક પરિણામનો સમાવેશ કેવી રીતે થાય ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે વિરોધ છે=જે અણુ હોય તે મહત્ કહેવાય નહિ અને જે મહદ્ હોય તે**

અણુ કહેવાય નહિ એ રૂપ વિરોધ છે. અને એકજ્ઞાનથી જ્ઞેયપણું હોવાને કારણે=નાની, મોટી અને તેનાથી મોટી એમ ત્રણેય વસ્તુને આશ્રયીને એક વસ્તુમાં આની અપેક્ષાએ આ અણુ છે, આની અપેક્ષાએ આ મહત્ છે એ પ્રકારનું એકજ્ઞાનથી જ્ઞેયપણું હોવાને કારણે, વિરોધ નથી=એક જ વસ્તુમાં આ અણુ છે તે કોઈક પદાર્થની અપેક્ષાએ જણાઈ રહ્યું છે કોઈ અન્ય પદાર્થની અપેક્ષાએ મહત્ છે તેમ જણાઈ રહ્યું છે માટે વિરોધ નથી એમ ન કહેવું; કેમ કે તે જ્ઞાનના અપ્રમાપણાનું જ આપાદ્યપણું છે=એક જ વસ્તુમાં અણુત્વ અને મહત્ત્વના વિરોધિજ્ઞાનના અપ્રમાપણાનું જ આપાદ્યપણું છે એ પ્રકારની આશંકામાં કહે છે –

ગાથા :-

भिन्ननिमित्तत्तणओ, ण य तेसि हंदि भण्णइ विरोहो ।
वंजयघडयाईयं होइ णिमित्तं पि इह चित्तं ।।२९।।

છાયા :-

भिन्ननिमित्तत्वतो न च तेषां हन्दि भण्यते विरोधः ।
व्यञ्जकघटकादिकं भवति निमित्तमपीह चित्रम् ।।२९।।

અન્વયાર્થ :-

य भिन्ननिमित्तत्तणओ=અને ભિન્નનિમિત્તપણું હોવાથી, तेसि=તેઓનો=વિલક્ષણ એવા પ્રતીત્યભાવોનો, विरोहो=વિરોધ, हंदि ण भण्णइ=ખરેખર (વિરોધ) કહેવાતો નથી. इह=અહીં=પ્રતીત્યભાવોના વિષયમાં, वंजयघडयाईयं=વ્યંજક-ઘટકાદિ, चित्तं णिमित्तं पि=ચિત્ર નિમિત્ત પણ, होइ=હોય છે. ।।૨૯।।

ગાથાર્થ :-

**અને ભિન્નનિમિત્તપણું હોવાથી તેઓનો=વિલક્ષણ એવા પ્રતીત્યભાવોનો, વિરોધ ખરેખર (વિરોધ) કહેવાતો નથી. અહીં=પ્રતીત્યભાવોના વિષયમાં, વ્યંજક-ઘટકાદિ ચિત્ર નિમિત્ત પણ હોય છે. ।।૨૯।।**

ટીકા :-

न च तेषां=विलक्षणप्रतीत्यभावानां, हन्दीति उपदर्शने भण्यते विरोधः, कुतः ? भिन्ननिमित्तकत्त्वात्, एवं चाऽणुत्वमहत्त्वादयो न विरुद्धाः भिन्ननिमित्तकत्वात् सत्त्वासत्त्ववदिति प्रयोगो द्रष्टव्यः ।

ननु सत्त्वासत्त्वयोरिव चाणुत्वमहत्त्वयोर्नैकरूपं भिन्ननिमित्तकत्वं 'अयमस्मादणुः' इतिवद् 'अयमस्मात्सन्' इत्यव्यपदेशादिति वैषम्यमित्यत आह-इह=प्रकृते, निमित्तमपि व्यञ्जकघटकादिकं चित्रं=अनेकप्रकारं भवति । तथाहि–अणुत्वमहत्त्वादीनां व्यञ्जकप्रतियोग्यादिरूपनिमित्तभेदः

'सत्त्वासत्त्वादीनां च द्रव्यक्षेत्रकालभावरूपघटकस्वभावनिमित्तभेदः, द्रव्यादीनां सत्त्वासत्त्वघटकत्वं च तदव्यतिरेकादतिरिक्तसत्त्वनिषेधादित्यन्यत्र विस्तरः ।

एकत्रैव महीरुहे मूलशाखाद्यवच्छिन्नसंयोगतदभावादीनामवच्छेदकरूपनिमित्तभेद इत्याद्यूहनीयम् । अणुत्वमहत्त्वादीनां विरोध एव न कल्प्यत इति किममुना प्रयासेनेति चेत् ? हन्त! तर्हि कनिष्ठापेक्षयाऽपि ह्रस्वत्वमनामिकायां किं न स्यादिति दिग् ।।२९।।

**ટીકાર્થ :-**

न च ..... स्यादिति दिग् ।। ગાથામાં 'हन्दि' શબ્દ ઉપદર્શનમાં છે=સન્મુખભાવ કરવા અર્થે છે. અને તેઓનો=વિલક્ષણ પ્રતીત્ય ભાવોનો, વિરોધ કહેવાતો નથી.

કેમ વિરોધ કહેવાતો નથી ? તેથી કહે છે –

ભિન્નનિમિત્તકપણું છે અને આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, અણુત્વ-મહત્ત્વાદિ વિરુદ્ધ નથી=એકવસ્તુમાં પ્રાપ્ત થવામાં વિરુદ્ધ નથી; કેમ કે ભિન્ન નિમિત્તકપણું છે સત્ત્વ, અસત્ત્વ આદિની જેમ, એ પ્રમાણે પ્રયોગ જાણવો=અનુમાનનો પ્રયોગ જાણવો.

'ननु'થી શંકા કરે છે –

અને સત્ત્વાસત્ત્વની જેમ અણુત્વ, મહત્ત્વનું એકસ્વરૂપવાળું ભિન્નનિમિત્તપણું નથી; કેમ કે આ આનાથી અણુ છે એની જેમ આ આનાથી સત્ છે એ પ્રકારનો અવ્યપદેશ છે એથી વૈષમ્ય છે=પૂર્વમાં કરાયેલા અનુમાન પ્રયોગમાં દૃષ્ટાંતનું વૈષમ્ય છે, એથી કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે.

અહીં=પ્રકૃતમાં=પ્રતીતિ સત્યભાવોમાં, નિમિત્ત પણ વ્યંજક અને ઘટકાદિરૂપ ચિત્ર છે=અનેકપ્રકાર-વાળું છે. તે આ પ્રમાણે છે=વ્યંજક અને ઘટક અને અવચ્છેદકરૂપ નિમિત્તભેદ આ પ્રમાણે છે. અણુત્વ, મહત્ત્વ આદિનું વ્યંજક પ્રતિયોગી આદિરૂપ નિમિત્તભેદ છે અને સત્ત્વાસત્ત્વાદિનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવરૂપ ઘટક સ્વભાવરૂપ નિમિત્તભેદ છે; કેમ કે દ્રવ્ય આદિનું સત્ત્વાસત્ત્વનું ઘટકપણું તેનો અવ્યતિરેક હોવાથી અતિરિક્ત સત્ત્વના નિષેધથી છે=તે દ્રવ્યમાં વર્તતા દ્રવ્યાદિના સત્ત્વનો અવ્યતિરેક હોવાથી અતિરિક્ત એવા દ્રવ્ય-ક્ષેત્રાદિમાં તેનું સત્ત્વ નથી તેના નિષેધરૂપ અસત્ત્વથી છે. એ પ્રકારે અન્યત્ર વિસ્તાર છે.=સત્ત્વાસત્ત્વના ઘટકવિષયક અન્ય ગ્રંથોમાં વિસ્તૃત ચર્ચા છે.

વળી અવચ્છેદકરૂપ અન્ય નિમિત્તભેદ બતાવે છે –

એક જ વૃક્ષમાં મૂળ શાખાથી અવચ્છિન્ન સંયોગ અને તદ્ અભાવ આદિનું=મૂલાવચ્છિન્ન સંયોગ અને શાખાવચ્છિન્ન સંયોગના અભાવ આદિનું અવચ્છેદકરૂપ નિમિત્તભેદ છે. ઈત્યાદિ વિચારવું.

અહીં પૂર્વપક્ષી કહે કે અણુત્વ, મહત્ત્વ આદિનો વિરોધ જ કલ્પાતો નથી=વસ્તુમાં અણુત્વ, મહત્ત્વ નથી એ પ્રકારે સ્વીકારાય છે પરંતુ એક વસ્તુમાં અણુત્વ, મહત્ત્વ આદિનો વિરોધ જ કલ્પાતો નથી

**એથી આ પ્રકારના પ્રયાસથી શું ?=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અનુમાન કર્યું કે અણુત્વ, મહત્ત્વ આદિનો વિરોધ નથી; કેમ કે ભિન્નનિમિત્તકપણું છે સત્ત્વ, અસત્ત્વની જેમ. અને ત્યારપછી સત્ત્વ અસત્ત્વમાં અને અણુત્વ, મહત્ત્વમાં ભિન્ન પ્રકારનાં નિમિત્તો છે તેની સ્પષ્ટતા કરી એ પ્રકારના પ્રયાસથી શું ?, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી 'हन्त'થી કહે છે – તો કનિષ્ઠાની અપેક્ષાથી પણ=કનિષ્ઠા આંગળીની અપેક્ષાથી, પણ અનામિકા આંગળીમાં પણ હ્રસ્વત્વ કેમ ન થાય ? અર્થાત્ હ્રસ્વત્વનો વિકલ્પ થઈ શકે છે તેમ માનવું પડે એ પ્રમાણે દિશા સૂચન છે. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે એકજ્ઞાનજ્ઞેયપણું હોવાથી અણુત્વ, મહત્ત્વ આદિમાં વિરોધ નથી એમ ન કહેવું. તેમાં હેતુ કહેલ કે જેમ શુક્તિમાં આ રજત છે તેવું જ્ઞેય એકજ્ઞાનમાં પ્રતીત થતું હોવા છતાં અપ્રમાણભૂત છે તેમ અણુત્વ, મહત્ત્વ આદિનું જ્ઞાન પણ અપ્રમાણભૂત છે તેમ જ સ્વીકારવું જોઈએ. તે શંકાના નિવારણ માટે કહે છે –

અણુત્વ, મહત્ત્વાદિરૂપે વિલક્ષણ પ્રતીત્યભાવોનો પરસ્પર વિરોધ કહેવાતો નથી; કેમ કે ભિન્ન પદાર્થની અપેક્ષાએ તે વસ્તુમાં અણુત્વભાવ છે અને ભિન્ન પદાર્થની અપેક્ષાએ તે વસ્તુમાં મહત્ત્વભાવ છે.

વળી આ કથનને અનુમાનના પ્રયોગથી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

એક વસ્તુમાં પ્રતીત થતા અણુત્વ, મહત્ત્વ આદિ ભાવો વિરુદ્ધ નથી; કેમ કે ભિન્નનિમિત્તક અણુત્વ ભાવની પ્રતીતિ છે અને ભિન્ન નિમિત્તક તે જ વસ્તુમાં મહત્ત્વની પ્રતીતિ છે. જેમ એક જ વસ્તુમાં સ્યાદ્વાદી તે વસ્તુને પોતાના સ્વરૂપે સત્સ્વરૂપે સ્વીકારે છે અને તે જ વસ્તુને પરસ્વરૂપે અસત્‌રૂપે સ્વીકારે છે તેથી એક જ વસ્તુમાં સત્ત્વનો અને અસત્ત્વનો વિરોધ નથી તેમ એક જ વસ્તુમાં અણુત્વ, મહત્ત્વ આદિ ભાવોનો વિરોધ નથી.

આ કથનથી એ ફલિત થાય કે સ્યાદ્વાદને માનનાર કોઈક વ્યક્તિ એક જ વસ્તુમાં અણુત્વનો અને મહત્ત્વનો વિરોધ માને છે અને સત્ત્વ અને અસત્ત્વમાં વિરોધ માનતી નથી, તેથી ગ્રંથકારશ્રીએ સત્ત્વ, અસત્ત્વત્વવત્ એ દૃષ્ટાંત દ્વારા એક જ વસ્તુમાં અણુત્વનો અને મહત્ત્વનો વિરોધ નથી તેમ સ્થાપન કરેલ છે. અને ભિન્ન નિમિત્તકપણારૂપ હેતુ પ્રત્યક્ષથી સિદ્ધ છે આ પ્રકારનો અનુમાન પ્રયોગ કર્યો ત્યાં સ્યાદ્વાદને માનનાર પણ અણુત્વનો અને મહત્ત્વનો વિરોધ છે તેમ સ્વીકારનાર પૂર્વપક્ષી કહે કે તમે જે સત્ત્વાસત્ત્વનું દૃષ્ટાંત આપ્યું તે દૃષ્ટાંતમાં વૈષમ્ય છે તેથી તે દૃષ્ટાંતના બળથી એક વસ્તુમાં અણુત્વ, મહત્ત્વનો વિરોધ નથી તેમ સ્વીકારી શકાય નહિ.

દૃષ્ટાંતનું વૈષમ્ય પૂર્વપક્ષી સ્પષ્ટ કરે છે –

સત્ત્વાસત્ત્વમાં જેવું નિમિત્તપણું છે તેવું અણુત્વ, મહત્ત્વ આદિમાં નિમિત્તપણું નથી.

કેમ નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

આ ચણોઠી આ બોર કરતાં અણુ છે એ પ્રકારે અણુત્વનો પ્રયોગ થાય છે તેમ આ દ્રવ્ય આનાથી સત્ છે એવો પ્રયોગ થતો નથી માટે 'ભિન્નનિમિત્તકપણું' જે તમે હેતુરૂપે કહ્યું તે સત્ત્વાસત્ત્વમાં સમાન નથી. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પ્રતીત્યસત્યભાવોમાં નિમિત્તો પણ ત્રણ પ્રકારનાં છે. (૧) વ્યંજક, (૨) ઘટક અને (૩) અવચ્છેદક.

આ ત્રણેને ગ્રંથકારશ્રી ક્રમસર સ્પષ્ટ કરે છે –

અણુત્વ, મહત્ત્વ, હ્રસ્વત્વ દીર્ઘત્વ ઇત્યાદિ પ્રયોગોમાં વ્યંજક પ્રતિયોગી આદિરૂપ નિમિત્તભેદ છે=વ્યંજક પ્રતિયોગી અને વ્યંગ્ય અનુયોગીરૂપ નિમિત્તભેદ છે. જેમ ચણોઠી અને બોર બે વસ્તુ પડેલી હોય તે વખતે ચણોઠીમાં બોરની અપેક્ષાએ અણુત્વ છે, તેથી ચણોઠીમાં રહેલ અણુત્વનો વ્યંજક બોર છે, માટે ચણોઠીના અણુત્વનો વ્યંજક એવો બોર પ્રતિયોગી છે અને વ્યંગ્ય એવી ચણોઠી અનુયોગી છે એ રૂપ નિમિત્તભેદને કારણે ચણોઠીમાં અણુત્વની પ્રતીતિ થાય છે. વળી ચણોઠીથી અન્ય કોઈ નાની વસ્તુ હોય તો તે વસ્તુ ચણોઠીના મહત્ત્વની અભિવ્યંજક બને છે, તેથી વ્યંજક એવી તે વસ્તુ પ્રતિયોગી બને છે અને વ્યંગ્ય એવી ચણોઠી અનુયોગી બને છે અને તેનાથી ચણોઠીમાં મહત્ત્વની પ્રતીતિ થાય છે. આ રીતે એક જ ચણોઠીમાં ભિન્ન ભિન્ન વ્યંજક પ્રતિયોગી આદિરૂપ નિમિત્તભેદથી અણુત્વ, મહત્ત્વની પ્રતીતિ થાય છે.

વળી એક જ વસ્તુમાં દ્રવ્યક્ષેત્રકાળભાવરૂપ ઘટક સ્વભાવના નિમિત્તભેદથી સત્ત્વાસત્ત્વની પ્રતીતિ થાય છે. જેમ આ દ્રવ્યરૂપે, આ ક્ષેત્રરૂપે, આ કાળરૂપે અને આ ભાવરૂપે આ વસ્તુ સત્ છે માટે તેમાં સત્ત્વ છે, અને અન્ય દ્રવ્યક્ષેત્રાદિની અપેક્ષાએ તે વસ્તુ અસત્ છે માટે તે વસ્તુમાં અસત્ત્વ છે.

તે જ કથનને સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી એક વસ્તુના સત્ત્વાસત્ત્વનું ઘટક દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ કઈ રીતે થાય છે ? તે બતાવતાં કહે છે –

તે વસ્તુના દ્રવ્યક્ષેત્રકાળભાવના અવ્યતિરેકથી અતિરિક્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને તે વસ્તુના સત્ત્વનો નિષેધ કરાયો છે અર્થાત્ જે વસ્તુ જે દ્રવ્યરૂપે છે, જે ક્ષેત્રમાં છે, જે કાળમાં છે અને જે ભાવરૂપે છે તેના અવ્યતિરેકથી અતિરિક્ત એવા અર્થાત્ ભિન્ન એવા દ્રવ્યરૂપે, ભિન્ન એવા ક્ષેત્રરૂપે, ભિન્ન એવા કાળરૂપે અને ભિન્ન એવા ભાવરૂપે તે વસ્તુનો નિષેધ કરાયો છે. તેથી ભિન્ન નિમિત્તથી તે વસ્તુનું સત્ત્વ છે અને ભિન્ન નિમિત્તથી તે વસ્તુનું અસત્ત્વ છે અને તે ભિન્ન નિમિત્તનો ઘટક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે.

વળી એક જ વૃક્ષના મૂળના સ્થાનમાં વાંદરો બેઠેલો હોય અને તેની શાખાના સ્થાનમાં વાંદરો ન હોય તે વખતે તે વૃક્ષમાં વાંદરાનો સંયોગ અને વાંદરાના સંયોગનો અભાવ પ્રાપ્ત થાય છે તે બન્નેમાં અવચ્છેદકરૂપ નિમિત્ત ભેદ છે, આથી મૂલાવચ્છેદેન કપિસંયોગ, છે શાખાવચ્છેદેન કપિસંયોગ નથી તેવી પ્રતીતિ થાય છે તેથી પ્રતીત્યસત્યભાવોને કહેનારી ભાષા પ્રમાણભૂત છે.

અહીં પૂર્વપક્ષી કહે કે તમે અનુમાન કરીને સ્થાપન કર્યું કે અણુત્વ, મહત્ત્વ આદિ ભાવોનો વિરોધ નથી; કેમ કે ભિન્નનિમિત્તપણું છે અને તેમાં સત્ત્વાસત્ત્વની જેમ દૃષ્ટાંત આપ્યું, તે તમારો પ્રયાસ વ્યર્થ છે; કેમ કે એક વસ્તુમાં અણુત્વ અને મહત્ત્વ પરસ્પર વિરોધી હોવાથી રહી શકે નહિ તેમ અમે કહેતા નથી પરંતુ દેખાતી ચણોઠી, ચણોઠીરૂપે દેખાય છે, પુદ્ગલરૂપે દેખાય છે. વસ્તુરૂપે દેખાય છે, પણ તેમાં અણુત્વ નામનો ધર્મ દેખાતો નથી કે કોઈ મહત્ત્વ નામનો ધર્મ દેખાતો નથી. ફક્ત જોનાર પુરુષ કોઈ અન્ય વસ્તુને જોઈને કહે છે કે આ ચણોઠી અણુ છે, આથી જ બોરને જોઈને કોઈ કહે કે આ ચણોઠી બોરની અપેક્ષાએ અણુ છે એટલા માત્રથી તે ચણોઠીમાં અણુત્વ નામનો ધર્મ નિષ્પન્ન થતો નથી માટે એક વસ્તુમાં અણુત્વ અને મહત્ત્વ નામના ધર્મો જ નથી, ફક્ત તે પ્રકારે વસ્તુને જોઈને કલ્પનાના વિકલ્પમાત્ર છે, તેથી તમે જે વિરોધનો પરિહાર કરવા માટે પ્રયાસ કર્યો તે વ્યર્થ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો ચણોઠીમાં બોરની અપેક્ષાએ અણુત્વની પ્રતીતિ થાય છે તે અણુત્વ ચણોઠીમાં ન જ હોય અને બોલનારની કલ્પનાની અપેક્ષાએ હોય તો કનિષ્ઠા આંગળીની અપેક્ષાએ અનામિકા આંગળીમાં હ્રસ્વત્વ કેમ ન થાય ? અર્થાત્ થઈ શકે=તે પ્રકારનો પ્રયોગ બોલનારની અપેક્ષાએ થતો હોય તો તે કરી શકે, વસ્તુતઃ અનામિકામાં કોઈ પુરુષ કનિષ્ઠા આંગળીની અપેક્ષાએ હ્રસ્વત્વ કહે તો આ વચન મૃષા છે એમ પ્રામાણિક વિચારકને સંમત છે, તેથી અનામિકામાં કનિષ્ઠા આંગળીની અપેક્ષાએ હ્રસ્વત્વ નથી, તેથી નક્કી થાય છે કે મધ્યમાની અપેક્ષાએ અનામિકામાં હ્રસ્વત્વનો પ્રયોગ સત્ય છે એમ સ્વીકારવું જોઈએ; કેમ કે તેમ સર્વનો અનુભવ સ્વીકારે છે તેથી પ્રતીતિ અનુસાર મધ્યમાની અપેક્ષાએ અનામિકામાં હ્રસ્વત્વ પ્રતીત્યસત્ય છે એમ માનવું જોઈએ, ફક્ત અનામિકામાં રહેલુ હ્રસ્વત્વ મધ્યમાથી અભિવ્યક્ત થાય છે અને મધ્યમા આંગળીની અપેક્ષા રાખ્યા વગર અભિવ્યક્ત થતું નથી તેમ માનવું જોઈએ, માટે પદાર્થમાં અણુત્વ, મહત્ત્વ આદિ ભાવોનો વિરોધ નથી, તેથી અનુભવ અનુસાર બોલનારનું તે વચન પ્રતીત્યસત્ય છે તેમ માનવું જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**ननु अणुत्वमहत्त्वादयो न भावाः, परापेक्षप्रतिभासविषयत्वात्, ये ये भावास्ते न परापेक्षप्रतिभासविषया यथा रूपादयः, तथा च प्रतीत्यभाषाऽप्यसत्यैव तुच्छविषयत्वादिति चेत् ? उच्यते –**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરે છે – અણુત્વ, મહત્ત્વાદિ ભાવો નથી=વસ્તુમાં અણુત્વ, મહત્ત્વ આદિ નામના ધર્મો નથી; કેમ કે પરની અપેક્ષાથી પ્રતિભાસનું વિષયપણું છે.**

હેતુની સાધ્યની સાથે વ્યાપ્તિ બતાવવા અર્થે કહે છે –

**જે જે ભાવો છે=વસ્તુમાં જે જે ભાવો વિદ્યમાન છે, તે પરની અપેક્ષાએ પ્રતિભાસના વિષય**

**વાળા નથી, જે પ્રમાણે રૂપાદિ=ઘટાદિમાં પ્રતિભાસમાન થતા રૂપાદિ અને તે રીતે=પૂર્વમાં અનુમાનથી સિદ્ધ કર્યું કે વસ્તુમાં પરની અપેક્ષાએ પ્રતિભાસમાન થતા અણુત્વ, મહત્ત્વ આદિ ભાવો નથી તે રીતે, પ્રતીત્યભાષા પણ અસત્ય જ છે=અણુત્વ, મહત્ત્વ આદિ પ્રતિભાસમાન ભાવો તો અસત્ય છે પરંતુ એવા ભાવોને કહેનારી પ્રતીત્યસત્યભાષા પણ અસત્ય જ છે; કેમ કે તુચ્છવિષયપણું છે=તે ભાષાના વિષયરૂપ ભાવો વસ્તુમાં નથી તેથી તે ભાવોના આશ્રય વગર તેવા ભાવોને કહેનારી તે ભાષા હોવાથી વિષયના અભાવવાળી તે ભાષા છે. એ પ્રમાણે શંકાકાર કહે તો ગ્રંથકારશ્રી તેનો ઉત્તર આપે છે –**

**ભાવાર્થ :-**

શંકાકાર પરમાણુમાં અણુત્વને સ્વીકારે છે અને સ્કંધમાં મહત્ત્વને સ્વીકારે છે પરંતુ જે બાદર સ્કંધો છે તેમાંથી કોઈક વસ્તુને જોઈને કહેવાય છે કે આ વસ્તુ આનાથી અણુ છે જેમ બોરથી ચણોઠી અણુ છે અને ચણોઠીથી બોર મહત્ છે. તે સ્થાનમાં પરમાર્થથી ચણોઠીમાં અણુત્વ ધર્મ નથી કે બોરમાં મહત્ત્વ ધર્મ નથી, ફક્ત બોરને જોઈને ચણોઠીમાં અણુત્વનો પ્રતિભાસ થાય છે અને ચણોઠીને જોઈને બોરમાં મહત્ત્વનો પ્રતિભાસ થાય છે. આ પ્રકારે શંકાકાર માને છે અને પોતાના કથનને દૃઢ કરવા અર્થે અનુમાનનો પ્રયોગ કરે છે પદાર્થમાં અણુત્વ, મહત્ત્વ આદિ ભાવો નથી; કેમ કે સ્વતઃ તેનો પ્રતિભાસ થતો નથી પરંતુ પરની અપેક્ષાએ તેનો પ્રતિભાસ થાય છે. વળી પોતાના અનુમાનને દૃઢ કરવા અર્થે કહે છે કે જે જે ભાવો પદાર્થમાં છે તે ભાવો પરની અપેક્ષાએ પ્રતિભાસના વિષય થતા નથી, પરંતુ જોવામાત્રથી જ તેનો પ્રતિભાસ થાય છે જેમ ઘટાદિ વસ્તુને જોવામાત્રથી જ તેમાં રહેલા રૂપાદિભાવો દેખાય છે.

આ રીતે અનુમાન દ્વારા પદાર્થમાં અણુત્વ, મહત્ત્વ આદિ ભાવો નથી તે બતાવ્યા પછી તેનાથી શું ફલિત થાય છે તે બતાવતાં કહે છે –

વસ્તુમાં અણુત્વ, મહત્ત્વ આદિ ભાવો નહિ હોવાથી તેવા ભાવોને કહેનાર પ્રતીત્યભાષા પણ અસત્ય જ છે; કેમ કે તે ભાષાના વિષયભૂત ભાવો વસ્તુમાં નથી તેથી અવિષયભૂત ભાવોને કહેનારી ભાષા હોવાથી અસત્ય જ છે. તેને ગ્રંથકારશ્રી ઉત્તર આપતાં ગાથામાં કહે છે=પૂર્વપક્ષીના તે કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**ते होंति परावेक्खा वंजयमुहदंसिणो त्ति ण य तुच्छा ।**
**दिट्ठमिणं वेचित्तं सरावकप्पूरगंधाणं ।।३०।।**

**છાયા :-**

**ते भवन्ति परापेक्षा व्यञ्जकमुखदर्शिन इति न च तुच्छाः ।**
**दृष्टमिदं वैचित्र्यं शरावकर्पूरगन्धयोः ।।३०।।**

**અન્વયાર્થ :-**

ते=તે=પ્રતીત્યભાવો, वंजयमुहदंसिणो=વ્યંજકમુખદર્શી છતા, परावेक्खा होंति=પરની અપેક્ષાવાળા છે, त्ति=એથી, तुच्छा=તુચ્છ, ण य=નથી જ=અસત્ નથી જ, इणं=આ, वेचित्तं=વૈચિત્ર્ય, सरावकप्पूरगंधाणं= શરાવ અને કપૂરની ગંધનું, दिट्ठं=જોવાયું છે. ॥૩૦॥

**ગાથાર્થ :-**

**તે=પ્રતીત્યભાવો, વ્યંજકમુખદર્શી છતા પરની અપેક્ષાવાળા છે, એથી તુચ્છ નથી જ=અસત્ નથી જ, આ વૈચિત્ર્ય શરાવ અને કપૂરની ગંધનું જોવાયું છે. ॥૩૦॥**

**ટીકા :-**

**ते=प्रतीत्यभावाः, व्यञ्जकमुखदर्शिनः=प्रतिनियतव्यञ्जकव्यङ्ग्याः सन्तः परापेक्षा इति न च=नैव तुच्छाः, प्रतियोग्यनुस्मरणमत्र सप्रतियोगिकज्ञानसामग्रीसम्पादनार्थं न तु विकल्पशिल्पकदर्थनार्थमिति भावः ।**

**अथ धर्मिज्ञानसामग्र्या एव धर्मज्ञानसामग्रीत्वात्कथमणुत्वमहत्त्वादिधर्मिज्ञाने तज्ज्ञानहेतुविलम्ब इत्यत आह-दृष्टं=साक्षात्कृतम्, इदं वैचित्र्यं=केचिद् भावाः सहकारिव्यङ्ग्यरूपाः केचिच्च न तथेति वैलक्षण्यम् शरावकर्पूरगन्धयोः, कर्पूरगन्धो हि स्वरसत एव भासते शरावगन्धस्तु जलसम्पर्का-दिति ।**

**ટીકાર્થ :-**

ते ..... जलसम्पर्कादिति । તે=પ્રતીત્યભાવો, વ્યંજકમુખદર્શી=પ્રતિનિયત વ્યંજકથી વ્યંગ્ય છતા, પરની અપેક્ષાવાળા છે એથી તુચ્છ નથી જ. અહીં=પ્રતીત્યભાવોના બોધમાં, પ્રતિયોગીનું અનુસ્મરણ સપ્રતિયોગિક જ્ઞાનની સામગ્રીના સંપાદન માટે છે=જે જે સપ્રતિયોગિક જ્ઞાન હોય તેની સામગ્રી પ્રતિયોગીનું અનુસ્મરણ છે તે બતાવવા માટે છે, પરંતુ વિકલ્પશિલ્પની કદર્થના માટે નથી=પ્રતીત્ય ભાવોમાં પ્રતિયોગીનું સ્મરણ છે તેનાથી પ્રતીત્યભાવો વાસ્તવિક નથી, વિકલ્પના શિલ્પથી નિર્માણ થયેલા છે તે બતાવવા માટે નથી, એ પ્રકારનો ભાવ છે.

ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે –

ધર્મિજ્ઞાનની સામગ્રીનું જ ધર્મજ્ઞાનસામગ્રીપણું હોવાથી=ઘટરૂપધર્મી જ્ઞાનની સામગ્રીરૂપ ચક્ષુ આદિનું જ ઘટનિષ્ઠ ધર્મના જ્ઞાનની સામગ્રીપણું હોવાથી કેવી રીતે અણુત્વ, મહત્ત્વ આદિના ધર્મજ્ઞાનમાં તેના જ્ઞાનના હેતુથી વિલંબ છે=અણુત્વ, મહત્ત્વ આદિના જ્ઞાનના હેતુ એવા પ્રતિયોગીના અનુસ્મરણને કારણે ધર્મીજ્ઞાન થયા પછી વિલંબથી અણુત્વ, મહત્ત્વ આદિનું જ્ઞાન છે. એથી કહે

**છે – આ વૈચિત્ર્ય=કેટલાકભાવો સહકારી વ્યંગ્યરૂપ છે અને કેટલાક તેવા નથી એ વૈલક્ષ્યણ્ય, શરાવમાં અને કપૂરગંધમાં દૃષ્ટ છે=સાક્ષાત્કૃત છે; 'हि'=જે કારણથી, કપૂરગંધ સ્વરસથી જ ભાસે છે વળી શરાવગંધ જલસમ્પર્કથી જ ભાસે છે.**

**'इति' શબ્દ ગાથાસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં પૂર્વપક્ષીએ અનુમાનથી સ્થાપન કર્યું કે વસ્તુમાં બીજાની અપેક્ષાએ ભાસમાન છતા અણુત્વ, મહત્ત્વ આદિ ભાવો પરમાર્થથી વસ્તુમાં નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુમાં રહેલા પ્રતીત્યભાવો પ્રતિનિયત વ્યંજકથી વ્યંગ્ય છે તેથી પરની અપેક્ષા છે એટલા માત્રથી તે તુચ્છ નથી. આશય એ છે કે ચણોઠીમાં અણુત્વની પ્રતીતિ પ્રતિનિયત એવા બોર આદિ વ્યંજકથી વ્યંગ્ય છે તેથી ચણોઠીમાં રહેલા અણુત્વ ધર્મનો બોધ પર એવા બોરની અપેક્ષાએ થાય છે એટલા માત્રથી તે ભાવો તુચ્છ નથી પરંતુ ચણોઠીમાં તેવું અણુત્વ વાસ્તવિક રહેલું છે.

અહીં પ્રશ્ન થાય કે જો ચણોઠીમાં અણુત્વ વાસ્તવિક હોય તો જેમ ચણોઠીમાં રહેલું રૂપ ચક્ષુથી દેખાય છે તેમ અણુત્વ કેમ દેખાતું નથી અને પ્રતિયોગીનું સ્મરણ થાય=અણુત્વનો પ્રતિયોગી જે બોર છે તેનું સ્મરણ થાય ત્યારે જ કેમ દેખાય છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

કેટલાંક જ્ઞાનો ચક્ષુ આદિ ઇન્દ્રિયોના વિષયથી થાય છે અને કેટલાંક જ્ઞાનો પ્રતિયોગીના અનુસ્મરણથી થાય છે, તેથી અણુત્વ, મહત્ત્વ એ સપ્રતિયોગિક જ્ઞાન છે અને તેની સામગ્રી પ્રતિયોગીનું સ્મરણ છે અને તે પ્રતિયોગિક જ્ઞાનની સામગ્રી મળે તો જ અણુત્વનો બોધ થાય છે. તોપણ ચણોઠીમાં રહેલા અણુત્વનું જ્ઞાન વિકલ્પોની કલ્પનાની કદર્થનારૂપ છે તેમ નથી પરંતુ ચણોઠીમાં વાસ્તવિક રીતે અણુત્વ ધર્મ રહેલ છે, ફક્ત તેનો બોધ સાક્ષાત્ ચક્ષુથી થતો નથી પરંતુ પ્રતિયોગીનું સ્મરણ થાય ત્યારે તેને આશ્રયીને ચણોઠી આદિમાં રહેલા અણુત્વનું જ્ઞાન થાય છે.

અહીં કોઈ શંકા કરે કે ચણોઠીરૂપ ધર્મીના જ્ઞાનની સામગ્રી ચણોઠીમાં રહેલા રૂપાદિ ધર્મના જ્ઞાનની સામગ્રી છે, તેથી ચક્ષુ આદિના સાંનિધ્યને પામીને જેમ ચણોઠીનું જ્ઞાન થાય છે તેમ ચણોઠીમાં રહેલા રૂપાદિ ધર્મનું પણ જ્ઞાન થાય છે. જ્યારે ચણોઠી આદિમાં રહેલા અણુત્વ, મહત્ત્વ આદિના જ્ઞાનમાં પ્રતિયોગીના અનુસ્મરણ જ્ઞાનને હેતુ કહેવામાં આવે તો ચક્ષુથી ચણોઠીને જોતાની સાથે અણુત્વ, મહત્ત્વનું જ્ઞાન થતું નથી પણ વિલંબથી થાય છે, તેથી નક્કી થાય છે કે ચણોઠી આદિમાં અણુત્વ, મહત્ત્વ ધર્મો નથી, આથી ચણોઠીને જોતાની સાથે અણુત્વ, મહત્ત્વ આદિનું જ્ઞાન થતું નથી પરંતુ ચણોઠી આદિ વસ્તુને જોયા પછી તેનાથી અન્યવસ્તુને જોઈને કે અન્ય વસ્તુનું સ્મરણ કરીને વિલંબથી અણુત્વ, મહત્ત્વની ઉપસ્થિતિ થાય છે. આ પ્રકારની શંકાનું નિવારણ કરવા અર્થે ગ્રંથકારશ્રી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

શરાવમાં પણ ગંધ છે અને કપૂરમાં પણ ગંધ છે, છતાં કપૂરને જોતાની સાથે કપૂરમાં રહેલી ગંધ સ્વરસથી જ ભાસમાન થાય છે અને નવું માટીનું શકોરું હોય તો તેમા ગંધ હોવા છતાં પાણી નાખવાથી જ તે અભિવ્યક્ત થાય છે તે રીતે ચણોઠીરૂપ વસ્તુમાં રહેલ રૂપાદિ ધર્મો સ્વતઃ અભિવ્યક્ત થાય છે કપૂરની ગંધની જેમ, વળી ચણોઠીમાં રહેલ અણુત્વ, મહત્ત્વ આદિ ભાવો પ્રતિયોગીના સ્મરણથી અભિવ્યક્ત થાય છે જેમ જલના સંપર્કથી શરાવની ગંધ, તેથી જેમ કપૂરમાં પણ ગંધ વાસ્તવિક છે અને શરાવમાં પણ ગંધ વાસ્તવિક છે, તેમ ચણોઠીમાં રૂપાદિ પણ વાસ્તવિક છે અને પ્રતિનિયત વ્યંજકથી વ્યંગ્ય એવા અણુત્વ, મહત્ત્વ આદિ ધર્મો શરાવના ગંધની જેમ વાસ્તવિક છે, માટે પ્રતીત્યભાષા અસત્ય છે એમ જે અવતરણિકામાં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલું તે સંગત નથી.

**ટીકા :-**

**न च जलसम्पर्काच्छरावेऽभिनवगन्ध एवोत्पद्यते न तु प्रागुत्पन्न एव गन्धोऽभिव्यज्यत इति, पृथ्वीत्वेन पूर्वमपि तत्र गन्धावश्यकत्वात् तन्नाशादिकल्पनायां मानाभावाद्, विलक्षणाग्निसंयोगादीनामेव पृथिवीगन्धनाशकत्वाच्चेति दिग् ।**

**एवं द्वित्वादिकमप्यपेक्षाबुद्धिव्यङ्ग्यमेव न तु तज्जन्यं, चैत्रीयापेक्षाबुद्धिजनितद्वित्वस्य मैत्रस्याऽपि प्रत्यक्षत्वप्रसङ्गात्, द्वित्वे च न चैत्रीयत्वमस्ति येन चैत्रीयद्वित्वे चैत्रीयापेक्षाबुद्धेश्चैत्रीयद्वित्वप्रत्यक्षे चैत्रीयद्वित्वस्य च हेतुत्वं स्यादित्यन्यत्र विस्तर इति किमतिप्रसङ्गेन! ।।३०।।**

**ટીકાર્થ :-**

**न च ..... किमतिप्रसङ्गेन ! ।। જલના સંપર્કથી શરાવમાં અભિનવ જ ગંધ ઉત્પન્ન થાય છે પરંતુ પૂર્વમાં ઉત્પન્ન થયેલી ગંધ જ અભિવ્યક્ત થાય છે એમ ન કહેવું; કેમ કે પૃથ્વીપણાવડે કરીને ત્યાં=શરાવમાં, પૂર્વમાં પણ ગંધનું આવશ્યકપણું છે.**

અહીં કોઈ શંકા કરે કે પૃથ્વીના શરાવમાં પણ પાકકાળમાં ગંધનો નાશ થાય છે તેથી જલના સંપર્કથી ગંધ અભિવ્યક્ત થતી નથી પરંતુ નવી ગંધ જ ઉત્પન્ન થાય છે તેથી બીજો હેતુ કહે છે –

**તેના નાશાદિની કલ્પનામાં=પૃથ્વીના ગંધનો નાશ અને જલથી શરાવમાં અભિનવ ગંધની ઉત્પત્તિની કલ્પના કરવામાં, કોઈ પ્રમાણ નથી.**

અહીં પ્રશ્ન થાય કે વૃક્ષાદિરૂપ પૃથ્વીને અગ્નિથી બાળવામાં આવે છે ત્યારે તેમાં ગંધનો નાશ થતો દેખાય છે તેમ શરાવમાં પણ ગંધનો નાશ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી ત્રીજો હેતુ કહે છે.

**વિલક્ષણ અગ્નિસંયોગ આદિનું જ=શરાવની પાકક્રિયામાં જે પ્રકારનો અગ્નિ સંયોગ છે તેનાથી વિલક્ષણ અગ્નિ સંયોગ આદિનું જ, ગંધનું નાશકપણું છે એ પ્રમાણે દિશાસૂચન છે.**

આ રીતે ગ્રંથકારશ્રીએ શરાવમાં જલના સંપર્કથી અભિવ્યક્ત થતી ગંધના ઉદાહરણથી પદાર્થમાં રહેલા અણુત્વાદિ ધર્મો વ્યંજકના નિમિત્તથી અભિવ્યક્ત થાય છે તેમ સ્થાપન કર્યું ત્યાં નૈયાયિકનો મત બતાવીને તે પણ સંગત નથી તે બતાવવા અર્થે કહે છે –

**આ રીતે=જે રીતે પદાર્થમાં અણુત્વ, મહત્ત્વાદિ ધર્મો રહેલા છે અને અપેક્ષાબુદ્ધિથી વ્યંગ્ય છે એ રીતે, દ્વિત્વાદિક પણ અપેક્ષાબુદ્ધિથી વ્યંગ્ય જ છે પરંતુ તજ્જન્ય નથી=નૈયાયિક જે પ્રકારે દ્વિત્વાદિને અપેક્ષાબુદ્ધિજન્ય સ્વીકારે છે તે પ્રકારે દ્વિત્વાદિ અપેક્ષાબુદ્ધિ જન્ય નથી; કેમ કે ચૈત્રીય અપેક્ષાબુદ્ધિ-જનિત દ્વિત્વના મૈત્રને પણ પ્રત્યક્ષત્વનો પ્રસંગ છે અને દ્વિત્વમાં=ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી જન્ય એવા દ્વિત્વમાં, ચૈત્રીયત્વ નથી, જેથી ચૈત્રીય દ્વિત્વમાં ચૈત્રીય અપેક્ષાબુદ્ધિનું અને ચૈત્રીય દ્વિત્વના પ્રત્યક્ષમાં ચૈત્રીય દ્વિત્વનું હેતુપણું થાય એ પ્રકારે અન્યત્ર વિસ્તાર છે એથી અતિપ્રસંગથી સર્યું=વસ્તુમાં દ્વિત્વ આદિ અપેક્ષાબુદ્ધિ વ્યંગ્ય છે તેમ સ્થાપન કર્યું તેથી દ્વિત્વને અપેક્ષાબુદ્ધિજન્ય સ્વીકારવાને કારણે મૈત્રને પણ દ્વિત્વના પ્રત્યક્ષના અતિપ્રસંગની જે પ્રાપ્તિ હતી તે અતિપ્રસંગની પ્રાપ્તિ નથી. ||૩૦||**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે પદાર્થમાં અણુત્વ, મહત્ત્વ આદિ ધર્મો રહેલા છે અને તેની અભિવ્યક્તિ પ્રતિનિયત વ્યંજકથી થાય છે અને તેમાં દૃષ્ટાંત તરીકે શરાવ બતાવ્યું અને કહ્યું કે જેમ શરાવમાં જલના સંપર્કથી ગંધ અભિવ્યક્ત થાય છે તેમ પ્રતિનિયત વ્યંજકથી અણુત્વ, મહત્ત્વાદિ ધર્મો અભિવ્યક્ત થાય છે. ત્યાં કોઈ શંકા કરે છે કે જલના સંપર્કથી શરાવમાં નવી ગંધ ઉત્પન્ન થાય છે પરંતુ પૂર્વમાં ઉત્પન્ન થયેલી ગંધ જ જલથી અભિવ્યક્ત થતી નથી, તેથી શરાવના દૃષ્ટાંતથી અણુત્વ, મહત્ત્વાદિ વસ્તુમાં છે અને પ્રતિનિયત વ્યંજકથી વ્યક્ત થાય છે તેમ સ્થાપન કરી શકાય નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શરાવ પૃથ્વીરૂપ છે તેથી જલના સંપર્ક પૂર્વે પણ તેમાં ગંધ સ્વીકારવી આવશ્યક છે.

અહીં પૂર્વપક્ષી કહે કે માટીમાં ગંધ હતી પરંતુ શરાવને અગ્નિમાં જ્યારે પકવવામાં આવે છે ત્યારે તે માટીમાં રહેલી ગંધ નાશ પામે છે માટે શરાવમાં ગંધ નથી પરંતુ જલના સંપર્કથી જ તેમાં ગંધ ઉત્પન્ન થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

શરાવને પકવવાની ક્રિયાથી શરાવમાં રહેલી ગંધનો નાશ થયો અને જલનો સંપર્ક થવાથી શરાવમાં નવી ગંધ ઉત્પન્ન થઈ તે પ્રમાણે કલ્પના કરવામાં કોઈ પ્રમાણ નથી, સ્વકલ્પનામાત્ર જ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે માટીને કે વૃક્ષાદિરૂપ પૃથ્વીને વિશિષ્ટ અગ્નિનો સંયોગ થાય છે ત્યારે તે માટી કે વૃક્ષાદિ ગંધ વગરનાં થઈ જાય છે તે અનુભવસિદ્ધ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૃથ્વીના ગંધના નાશ માટે વિશિષ્ટ પ્રકારના અગ્નિનો સંયોગ જ હેતુ છે કે વિશિષ્ટ પ્રકારના તેજાબ આદિનો સંયોગ જ હેતુ છે, પરંતુ શરાવને પકવવા માટે જે અગ્નિસંયોગ છે તેટલો અગ્નિસંયોગ પૃથ્વીના

ગંધનો નાશક નથી; કેમ કે જો તેની ગંધ અગ્નિસંયોગથી નાશ પામેલ હોય તો જલના સંપર્કમાત્રથી નવી ગંધ ઉત્પન્ન થઈ શકે નહિ, માટે શરાવની ગંધ જલથી અભિવ્યક્ત થાય છે તેમ પદાર્થમાં રહેલા અણુત્વ, મહત્ત્વ આદિ ધર્મો પ્રતિનિયત વ્યંજકથી અભિવ્યક્ત થાય છે તેમ માનવું જોઈએ.

વળી જે રીતે પ્રતિનિયત વ્યંજકથી અણુત્વ, મહત્ત્વાદિ ધર્મો અભિવ્યક્ત થાય છે તેમ પદાર્થમાં રહેલા દ્વિત્વાદિ પણ અપેક્ષાબુદ્ધિથી વ્યંગ્ય જ છે. તેથી એ પ્રાપ્ત થાય કે પુરોવર્તી રહેલા એક ઘટમાં એકત્વ ધર્મ, દ્વિત્વ ધર્મ, યાવત્ અનંતત્વ ધર્મ છે, ફક્ત ઘટની સાથે બીજી વસ્તુને ગ્રહણ કરીને "આ એક છે આ એક છે માટે બે છે" એવી બુદ્ધિ થાય છે ત્યારે તે બન્ને પદાર્થોમાં દ્વિત્વસંખ્યા તે પુરુષને અભિવ્યક્ત થાય છે. જેમ ચણોઠીમાં બોરની અપેક્ષાએ અણુત્વ રહેલું હોવા છતાં જ્યાં સુધી બોરની સાથે અપેક્ષાબુદ્ધિ થાય નહિ ત્યાં સુધી અણુત્વની પ્રતીતિ થતી નથી અને બોરની સાથે અપેક્ષાબુદ્ધિ થાય છે ત્યારે ચણોઠીમાં રહેલું અણુત્વ અભિવ્યક્ત થાય છે તે રીતે પદાર્થમાં રહેલા ત્રિત્વ, ચતુર્થત્વ આદિ ધર્મો પણ અપેક્ષાબુદ્ધિથી વ્યંગ્ય થાય છે.

વળી નૈયાયિક કહે છે કે પદાર્થમાં દ્વિત્વાદિ ધર્મો નથી પરંતુ જ્યારે કોઈ ચૈત્રાદિને અપેક્ષાબુદ્ધિ થાય છે કે આ એક છે, આ એક છે માટે આ બે છે ત્યારે ચૈત્ર આદિની અપેક્ષાબુદ્ધિથી તે બે વસ્તુમાં દ્વિત્વ ઉત્પન્ન થાય છે. નૈયાયિકનું તે વચન ઉચિત નથી; કેમ કે ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી જનિત વસ્તુમાં દ્વિત્વ હોય તો મૈત્રને પણ તે દ્વિત્વાદિના પ્રત્યક્ષ થવાનો પ્રસંગ આવે. જેમ કુંભારના પ્રયત્નથી જનિત ઘટનું પ્રત્યક્ષ કુંભારથી અન્ય વ્યક્તિને પણ થાય છે તેમ ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી જનિત દ્વિત્વનું પ્રત્યક્ષ બધાને થવું જોઈએ.

વળી ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી જનિત એવા દ્વિત્વમાં ચૈત્રીય દ્વિત્વ ઉત્પન્ન થતું નથી કે જેથી એમ કહી શકાય કે ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી જનિત ચૈત્રીય દ્વિત્વમાં ચૈત્રની અપેક્ષાબુદ્ધિ કારણ છે અને ચૈત્રીય દ્વિત્વના પ્રત્યક્ષમાં ચૈત્રીય દ્વિત્વ હેતુ છે.

આશય એ છે કે જેમ કુંભારના પ્રયત્નથી ઘટ ઉત્પન્ન થાય છે તેમ ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી દ્વિત્વ ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારીએ તો બધાને દ્વિત્વના પ્રત્યક્ષની આપત્તિ આવે અને તેના નિવારણ માટે એમ કહેવામાં આવે કે ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી જનિત દ્વિત્વમાં ચૈત્રીય દ્વિત્વ ઉત્પન્ન થાય છે માત્ર દ્વિત્વ ઉત્પન્ન થતું નથી અને ચૈત્રીય દ્વિત્વ માત્ર ચૈત્રને જ તે દ્વિત્વનું પ્રત્યક્ષ કરાવે છે અન્યને નહિ તો મૈત્રાદિને દ્વિત્વના પ્રત્યક્ષના અતિપ્રસંગનું નિવારણ થાય, પરંતુ ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી ચૈત્રીય દ્વિત્વ ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારવામાં કોઈ યુક્તિ નથી અને નૈયાયિકો પણ તેમ માનતા નથી તેથી ચૈત્રની અપેક્ષાબુદ્ધિથી દ્વિત્વ ઉત્પન્ન થાય છે એ કથનમાં મૈત્રાદિને દ્વિત્વના પ્રત્યક્ષના અતિપ્રસંગનો દોષ છે. તેના નિવારણ માટે દ્વિત્વાદિ અપેક્ષાબુદ્ધિથી વ્યંગ્ય જ છે તેમ સ્વીકારવું જોઈએ, જેથી પદાર્થમાં દ્વિત્વ આદિ ધર્મો રહેલા હોવા છતાં જેને અપેક્ષાબુદ્ધિ થાય છે તેને તે પદાર્થમાં રહેલા દ્વિત્વાદિ ધર્મો અભિવ્યક્ત થાય છે અને જેને અપેક્ષાબુદ્ધિ થતી નથી તેને તે દ્વિત્વાદિ ધર્મો અભિવ્યક્ત થતા નથી તેમ માનવું જોઈએ, જેથી નૈયાયિક મતાનુસાર સ્વીકારવામાં આવતો અતિપ્રસંગ દૂર થાય તેથી નૈયાયિકના તેવા અતિપ્રસંગવાળા દોષના કથનથી શું ? અર્થાત્ તેવું કથન સ્વીકારવું ઉચિત નથી. **॥૩૦॥**

**અવતરણિકા :-**

उक्ता प्रतीत्यसत्या । अथ व्यवहारसत्यामाह –

**અવતરણિકાર્થ :-**

પ્રતીત્યસત્યભાષા કહેવાઈ. હવે વ્યવહારસત્યભાષાને ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**ववहारो ही विवक्खा लोगाणं जा पउज्जए तीए ।**
**पिज्जइ नई य डज्झइ गिरित्ति ववहारसच्चा सा ।।३१।।**

**છાયા :-**

व्यवहारो हि विवक्षा लोकानां या प्रयुज्यते तया ।
पीयते नदी च दह्यते गिरिरिति व्यवहारसत्या सा ।।३१।।

**અન્વયાર્થ :-**

लोगाणं=લોકોની, विवक्खा=વિવક્ષા, ही=ખરેખર, ववहारो=વ્યવહાર છે तीए=તેનાથી=લોકોની વિવક્ષાથી, जा=જે=જે ભાષા, पउज्जए=પ્રયોગ કરાય છે, "पिज्जइ नई य गिरि डज्झइ"="નદી પિવાય છે અને પર્વત બળે છે", त्ति=એ પ્રકારની सा=તે=ભાષા, ववहारसच्चा=વ્યવહારસત્યભાષા છે. ।।૩૧।।

**ગાથાર્થ :-**

**લોકોની વિવક્ષા ખરેખર વ્યવહાર છે, તેનાથી=લોકોની વિવક્ષાથી, જે=જે ભાષા, પ્રયોગ કરાય છે "નદી પિવાય છે અને પર્વત બળે છે" એ પ્રકારની તે ભાષા વ્યવહારસત્યભાષા છે. ।।૩૧।।**

**ટીકા :-**

**व्यवहारो हि लोकानां विवक्षा, वक्तुमिच्छा विवक्षा, सा चाऽत्र नद्यादिपदं नदीगतनीरादिकं बोधयत्विति प्रयोक्त्रिच्छा, ततो नद्यादिपदान्नदीगतनीरादिप्रतिपत्तेः ।**

**नदीतन्नीरादीनामभेदप्रतिपत्तिरित्येके, नद्यादिपदं नद्यभिन्नत्वेन नदीगतनीरादिकं बोधयत्वित्याकारैव विवक्षा इत्यपरे, तया=विवक्षया, या=भाषा प्रयुज्यते सा 'पीयते नदी दह्यते गिरि'रिति तत्र व्यवहार-सत्या, अत्र पीयते नदीत्यस्य 'नदीगतं नीरं पीयते' इति 'दह्यते गिरि'रित्यस्य च गिरिगतं तृणादिकं दह्यत इत्यर्थः ।**

**इदमुपलक्षणम् 'गलति भाजनम्' 'अनुदरा कन्या' अलोमा एडकेत्यादीनां, भाजनगतं जलं**

गलति, संभोगजबीजप्रभवोदराभाववती कन्या, लवनयोग्यलोमाभाववत्येडकेत्याद्यर्थानामुदाहरणानाम्, न च गिरितृणादीनामभेदाभिधानान्मृषावादित्वप्रसङ्गः व्यावहारिकाभेदाश्रयणेनाऽदोषत्वात् लोकविवक्षाग्रहणाच्च न रूपसत्याद्यतिव्याप्तिः, एवमामलक्यादौ एकेन्द्रियत्वेन नपुंसकत्वेऽपि स्त्र्याद्यभेदविवक्षया स्त्रीत्वादिप्रतिपादनमपि व्यवहारसत्यमेवेति द्रष्टव्यमिति दिग् ।।३१।।

**ટીકાર્થ :-**

व्यवहारो ..... दिग् ।। વ્યવહાર લોકોની વિવક્ષા છે. બોલવાની ઈચ્છા વિવક્ષા છે. અને તે=વિવક્ષા અહીં=લોકમાં નદી આદિ પદ નદીગત નીરાદિકનો બોધ કરો એ પ્રકારની પ્રયોક્તૃની ઈચ્છા છે; કેમ કે તેનાથી=નદી પિવાય છે એ પ્રકારના પ્રયોગથી, નદ્યાદિ પદથી નદીગત નીરાદિની પ્રતીતિ છે. નદી અને તેના નીરાદિના અભેદની પ્રતીતિ છે=નદી પિવાય છે એ પ્રકારના પ્રયોગથી શ્રોતાને નદી અને તેના નીરાદિના અભેદની પ્રતીતિ છે એ પ્રમાણે એક કહે છે, નદ્યાદિ પદ નદીના અભિન્નપણાથી નદીગત નીરાદિકનો બોધ કરાવો એ પ્રકારની વિવક્ષા લોકવ્યવહાર છે એમ અન્ય કહે છે.

તે વિવક્ષાથી=પૂર્વમાં ત્રણ પ્રકારે લોકવિવક્ષાનો અર્થ કર્યો તે પ્રકારની કોઈપણ વિવક્ષાથી, જે ભાષાપ્રયોગ કરાય છે તે ભાષા નદી પિવાય છે, પર્વત બળે છે એ પ્રકારના તેમાં=તે ભાષાપ્રયોગમાં વ્યવહારસત્ય છે. અહીં=વ્યવહારભાષામાં, નદી પિવાય છે એ પ્રકારના આનું=નદી પિવાય છે એ પ્રકારના પ્રયોગનું, નદીગત નીર પિવાય છે એ પ્રકારનો અર્થ છે અને ગિરિ બળે છે એ પ્રકારના આનું=એ પ્રકારના પ્રયોગનું, પર્વતગત તૃણાદિક બળે છે એ પ્રકારનો અર્થ છે. ભાજન ગળે છે, અનુદરા કન્યા=ઉદર વગરની કન્યા છે, અલોમા એડકા=લોમ વગરની ઘેટી છે. ઈત્યાદિ પ્રયોગોનું આ ઉપલક્ષણ છે=નદી પિવાય છે. ઈત્યાદિ કથન ઉપલક્ષણ છે.

કઈ રીતે ઉપલક્ષણ છે ? તે સ્પષ્ટ કરે છે –

ભાજનગત જલ ગળે છે=ભાજન ગળે એનો અર્થ ભાજનગત જલ ગળે છે. સંભોગથી ઉત્પન્ન થયેલ બીજથી પ્રભવ એવા ઉદરના અભાવવાળી=ગર્ભના અભાવવાળી કન્યા અનુદરા કન્યા છે. કાપવાને યોગ્ય લોમના અભાવવાળી એડકા છે=અલોમવાળી એડકી છે ઈત્યાદિ અર્થવાળાં ઉદાહરણોનું આ ઉપલક્ષણ છે એમ અન્વય છે. અને ગિરતૃણાદિના અભેદનું અભિધાન હોવાથી મૃષાવાદિત્વનો પ્રસંગ નથી; કેમ કે વ્યાવહારિક અભેદ આશ્રયણ હોવાને કારણે અદોષપણું છે=ગિરિ બળે છે એ ભાષામાં અદોષપણું છે અને લોકવિવક્ષાનું ગ્રહણ હોવાથી રૂપસત્યાદિમાં અતિવ્યાપ્તિ નથી. એ રીતે=ગિરિ બળે છે એ પ્રયોગમાં વ્યાવહારિક અભેદના આશ્રયણને કારણે મૃષાત્વ દોષ નથી એ પ્રમાણે, આમલકી આદિમાં એકેંદ્રિયપણું હોવાને કારણે નપુંસકપણું હોવા છતાં પણ સ્ત્રી આદિના અભેદની વિવક્ષાથી સ્ત્રીત્વ આદિનું પ્રતિપાદન પણ=આમલકી સ્ત્રીલિંગ શબ્દ છે ઈત્યાદિ પ્રતિપાદન પણ, વ્યવહારસત્ય છે એ પ્રમાણે જાણવું એ રીતે દિશાસૂચન છે. ।।૩૧।।

**ભાવાર્થ :-**

**(૭) વ્યવહારસત્યભાષા :-**

લોકોની વિવક્ષાથી જે ભાષા બોલાય તે ભાષામાં લોકોની જે વિવક્ષા છે તે વ્યવહાર છે.

વિવક્ષા શું છે ? તે સ્પષ્ટ કરે છે –

બોલવાની ઇચ્છા એ વિવક્ષા છે તેથી નદી પિવાય છે એ પ્રકારનો પ્રયોગ કરનાર પુરુષની જે પ્રકારની ઇચ્છા છે તે વિવક્ષા છે.

કેવા સ્વરૂપવાળી તે પુરુષની વિવક્ષા છે ? તે બતાવતાં કહે છે –

નદી પિવાય છે એ પ્રયોગ કરનાર પુરુષને એ પ્રકારની ઇચ્છા છે કે નદ્યાદિ પદ નદીગત નીરાદિનો શ્રોતાને બોધ કરાવે એ પ્રકારની ઇચ્છાથી લોક તે પ્રકારનો પ્રયોગ કરે છે તેથી નદી પિવાય છે એ પ્રકારના પ્રયોગમાં નદ્યાદિ પદથી નદીગત નીરાદિની પ્રતીતિ થાય છે.

વળી આ વિષયમાં અન્ય કહે છે કે નદી પદથી નદી અને નદીના નીરાદિના અભેદની પ્રતીતિ થાય છે.

વળી અન્ય કોઈ કહે છે કે નદી અને નીરાદિના અભેદની પ્રતીતિ થતી નથી પરંતુ નદીથી અભિન્નપણારૂપે નદીગત નીરાદિનો બોધ થાય છે. તેથી એ ફલિત થાય કે નદી પિવાય છે એ પ્રયોગમાં (૧) નદીપદથી નદીગત નીરાદિનો બોધ થાય છે. (૨) નદી પદથી નદી અને નીરાદિ બેના અભેદનો બોધ થાય છે. (૩) નદી પદથી નદીની સાથે અભિન્નપણારૂપે નદીગત નીરાદિનો બોધ થાય છે, અને આવો બોધ કરાવવાની વિવક્ષા એ લોકોનો વ્યવહાર છે અને આવી વિવક્ષાથી લોકમાં જે ભાષા બોલાય છે તે વ્યવહારસત્યભાષા છે. જેમ નદી પિવાય છે તેનો અર્થ એ થાય કે નદીગત પાણી પિવાય છે. પર્વત બળે છે તેનો અર્થ થાય કે પર્વતમાં રહેલા તૃણાદિ બળે છે. તેથી આ વ્યવહારસત્યભાષાથી લોકવ્યવહારના બળથી શ્રોતાને યથાર્થ બોધ થાય છે માટે તે ભાષા વ્યવહારસત્ય છે.

વળી પૂર્વમાં નદી પિવાય છે, પર્વત બળે છે એ ઉદાહરણ બતાવ્યું તેનાથી ઉપલક્ષણથી અન્ય ઉદાહરણોનો સંગ્રહ થાય છે. જેમ કોઈ કહે કે ભાજન ગળે છે ત્યાં પણ લોકવ્યવહારથી શ્રોતાને બોધ થાય છે કે ભાજનગત પાણી ગળે છે પરંતુ ભાજન પોતે ગળતું નથી. વળી કોઈ કહે કે આ કન્યા અનુદરવાળી છે ત્યાં પણ લોકવ્યવહારથી શ્રોતાને બોધ થાય છે કે આ કન્યા ગર્ભના ઉદરવાળી નથી તેથી તે ભાષાથી યથાર્થ બોધ થતો હોવાને કારણે તે વ્યવહારસત્યભાષા છે. અલોમા એડકા એ વચનથી પણ ઘેટી લોમવાળી હોવા છતાં કાપવા યોગ્ય વાળો નથી એ પ્રકારનો અર્થ શ્રોતાને પ્રતીત થાય છે તેથી તે વ્યવહારસત્યભાષા છે.

અહીં પ્રશ્ન થાય કે પર્વત બળે છે એ પ્રકારના પ્રયોગમાં પર્વતની સાથે તૃણાદિના અભેદનું કથન હોવાથી *તે વચન બોલનાર મૃષાવાદી છે તેમ માનવાનો પ્રસંગ આવે; કેમ કે પર્વત અને તૃણનો અભેદ વાસ્તવિક* નથી પરંતુ પર્વત ઉપર પર્વતથી પૃથક્ તૃણાદિ રહેલાં છે અને તે બળી રહ્યાં છે, છતાં પ્રયોગ કરનાર પુરુષ પર્વત ઉપર રહેલાં તૃણાદિનો પર્વત સાથે અભેદ કરે તો તે મૃષાવચન જ છે એમ ન કહેવું; કેમ કે

વ્યાવહારિક અભેદનું આશ્રયણ હોવાથી દોષ નથી અર્થાત્ પર્વત ઉપર તૃણાદિ બળતાં હોય તે પર્વતથી ભિન્ન હોવા છતાં તે બોલનાર પુરુષ લોકવ્યવહારનો આશ્રય કરે છે અને લોકમાં પર્વતની સાથે તૃણનો અભેદ કરીને પર્વત બળે છે એ પ્રકારનો પ્રયોગ થાય છે તેથી તે વચનપ્રયોગથી શ્રોતાને પર્વતમાં તૃણ બળી રહ્યાં છે તેવો યથાર્થ બોધ થાય છે માટે તે ભાષાને મૃષાભાષા કહી શકાય નહિ પરંતુ વ્યવહારસત્યભાષા જ કહી શકાય.

વળી વ્યવહારસત્યભાષામાં લોકવિવક્ષાનું જ ગ્રહણ છે તેથી સાધુના વેશધારીને રૂપસત્યભાષાના બળથી યતિનો પ્રયોગ થાય છે તે સ્થાનમાં અતિવ્યાપ્તિદોષ આવતો નથી; કેમ કે રૂપસત્યભાષામાં યતિશબ્દથી પાસત્થાદિના સાધુવેશરૂપ રૂપની પ્રતીતિ થાય છે ત્યાં પણ પાસત્થાદિથી અભિન્ન યતિવેશનો વાચક યતિ શબ્દ છે, તે લોકવ્યવહારથી નથી પરંતુ રૂપસત્યની મર્યાદાથી છે. જ્યારે નદી પિવાય છે ઇત્યાદિ પ્રયોગમાં નદી પદથી નદીનું પાણી ગ્રહણ થાય છે તે લોકવ્યવહારથી ગ્રહણ થાય છે. લોકવ્યવહારથી પાસત્થાદિને યતિ કહેવાતા નથી તેથી વ્યવહારસત્યનું લક્ષણ રૂપસત્યમાં કે સ્થાપનાસત્યમાં અતિવ્યાપ્ત થતું નથી.

વળી જેમ નદી પિવાય છે ઇત્યાદિ પ્રયોગ વ્યવહારસત્ય છે તેમ આમલકીને સ્ત્રીલિંગની વિવક્ષા કરનાર પણ વ્યવહારસત્યભાષા છે તેથી આમલકીનો જીવ એકેંદ્રિય હોવાને કારણે તેમાં નપુંસકવેદનો ઉદય છે, તેથી તેને નપુંસક કહેવું જોઈએ; છતાં વ્યવહારસત્યભાષા અનુસાર આમલકી એ પ્રયોગ સ્ત્રીલિંગમાં છે એ પ્રકારનું પ્રતિપાદન પણ વ્યવહારથી સત્ય છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**उक्ता व्यवहारसत्या । अथ भावसत्यामाह –**

**અવતરણિકાર્થ :-**

**વ્યવહારસત્યભાષા કહેવાઈ. હવે ભાવસત્યભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा होइ भावसच्चा जा सदभिप्पायपुव्वमेवुत्ता ।**
**जह परमत्थो कुंभो सिया बलाया य एस त्ति ।।३२।।**

**છાયા :-**

**सा भवति भावसत्या या सदभिप्रायपूर्वमेवोक्ता ।**
**यथा परमार्थः कुम्भः सिता बलाका चैषेति ।।३२।।**

**અન્વયાર્થ :-**

**भावसच्चा=ભાવસત્યભાષા, सा होइ=તે છે, जा=જે, सदभिप्पायपुव्वमेवुत्ता=સદ્ અભિપ્રાયપૂર્વક જ કહેવાય છે. जह=જે પ્રમાણે, परमत्थो कुंभो=પરમાર્થ કુંભ છે=ભાવનિક્ષેપાવાળો કુંભ છે તેને કુંભ**

કહેનાર ભાષા, य=અને एस=આ, बलाया सिया=બલાકા શ્વેત છે, त्ति=ઈતિ=એ પ્રમાણેનો પ્રયોગ, (ભાવસત્ય છે.) ॥૩૨॥

**ગાથાર્થ :-**

**ભાવસત્યભાષા તે છે જે સદ્ અભિપ્રાયપૂર્વક જ કહેવાય છે. જે પ્રમાણે પરમાર્થ કુંભ છે=ભાવનિક્ષેપાવાળો કુંભ છે તેને કુંભ કહેનાર ભાષા અને આ બલાકા શ્વેત છે એ પ્રમાણેનો પ્રયોગ ભાવસત્ય છે. ॥૩૨॥**

**ટીકા :-**

**सा भवति भावसत्या या सदभिप्रायपूर्वमेवोक्ता, अभिप्रायस्य सत्त्वं च पारमार्थिकभावविषयत्वेन शास्त्रीयव्यवहारनियन्त्रितत्वेन च, अत एवोदाहरणद्वैविध्यमाह, यथा परमार्थः कुम्भः, सिता बलाका चैषेति ।**

**अत्र प्रथममुदाहरणं पारमार्थिककुम्भबोधनाभिप्रायेण कुम्भपदप्रयोगात्सत्यत्वोपदर्शनार्थम्, द्वितीयं च सत्यपि बलाकायां पञ्चवर्णसंभवे शुक्लवर्णाऽवधारणस्योत्कटशुक्लपरतया तदुपदर्शनार्थम्, न चैवं द्वितीयं व्यवहारसत्य एवान्तर्भाव्यतामिति वाच्यम् तस्य लोकविवक्षाघटितत्वात् ।**

**अथ द्वितीयमेवोदाहरणमन्यत्र प्रकृते प्रदर्शितमिति प्रथमोदाहरणप्रदर्शनं स्वच्छन्दमतिविकल्पितमिति चेत् ? न,** "भावसच्चं णाम जमहिप्पायतो, जहा घडामाणेहि त्ति अभिप्पायतो घडमाणेहि त्ति भाणियं गावी अभिप्पायेण गावी, अस्सो वा अस्सो भणिओ एवमादि त्ति ।" **( दश अ.७ जि.चू.पृ.२३६) चूर्णिकारवचनात् ।**

**अथ बलाकायाः पञ्चवर्णत्वं न युक्तिमत् शुक्लेतररूपस्य शुक्लरूपप्रतिबन्धकत्वात् अन्यथा चित्ररूपोच्छेदात्, शुक्लादौ नीलादिसत्त्वे तत्प्रत्यक्षप्रसङ्गाच्चेति चेत् ? न, शुक्लघटारम्भकपरमाणूनामेव कालान्तरे नीलघटाद्यारम्भकत्वेन (ग्रन्थाग्रं-४०० श्लोक) नियमत एकत्र पञ्चवर्णत्वव्यवस्थितेः, न च शुक्लारम्भका न तदितरारम्भका इति वाच्यम् नियतारम्भमतनिरासात्, अवयवगतशुक्लेतरस्य च न शुक्लप्रतिबन्धकत्वम् मानाभावात्, न च चित्ररूपान्यथानुपपत्तिर्मानम्, नीलपीतादिरूपसमुदायेनैव चित्रव्यवहारोपपत्तावतिरिक्तचित्रे मानाभावादित्यधिकं मत्कृतवादमालायाम् ।**

**शुक्लघटे रूपान्तराप्रत्यक्षत्वं चोत्कटरूपत्वेन योग्यत्वात् परेणाऽप्युद्भूतरूपस्यैव तथात्वोपगमात्, न चावयवगताऽनुत्कटरूपस्याऽवयविन्युत्कटरूपप्रतिबन्धकत्वादुक्तानुपपत्तिः अन्यथा पिशाचेऽप्युत्कटरूपप्रसङ्गादिति वाच्यम्, उत्कटत्वस्य परिणामविशेषप्रयोज्यत्वेन तथाप्रतिबन्धकत्वाकल्पनात् अन्यथा भर्जनकपालस्थानुद्भूतरूपवह्नेस्तप्ततैलसंसर्गादुद्भूतरूपानुपपत्तिप्रसङ्गादिति दिग् ।**

**उत्कटत्वं तादृशबह्ववयवकत्वं न तु जातिरित्यन्ये, तत्त्वमत्रत्यं मत्कृतवादरहस्यादवसेयम् ।।३२।।**

**ટીકાર્થ :-**

सा भवति ..... मत्कृतवादरहस्यादवसेयम् ।। **ભાવસત્યભાષા તે છે જે સદ્ અભિપ્રાયપૂર્વક જ કહેવાયેલી હોય=પદાર્થમાં વર્તતા વિદ્યમાન ભાવના અભિપ્રાયથી કહેવાયેલી હોય, અને અભિપ્રાયનું સત્પણું=ભાવસત્ય બોલનાર પુરુષના અભિપ્રાયનું સત્પણું, પારમાર્થિક ભાવના વિષયપણાથી છે અને શાસ્ત્રીય વ્યવહાર નિયંત્રિતપણાથી છે. આથી જ=ભાવસત્ય બોલનાર પુરુષના અભિપ્રાયનું સત્પણું બે પ્રકારે છે આથી જ, ઉદાહરણના દ્વૈવિધ્યને=તે પ્રકારની બે વિવક્ષાને બતાવનાર ઉદાહરણના બે પ્રકારને, ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –**

**જે પ્રમાણે પરમ અર્થવાળો કુંભ=ભાવનિક્ષેપારૂપ કુંભશબ્દનો જે મુખ્ય અર્થ છે તે અર્થવાળો કુંભ, અને આ બલાકા શ્વેત છે એ પ્રકારનો વચનપ્રયોગ એ ભાવસત્યભાષાનું ઉદાહરણ છે. અહીં=ગાથામાં આપેલાં બે ઉદાહરણમાં, પારમાર્થિક કુંભબોધનના અભિપ્રાયથી=નામકુંભ, સ્થાપનાકુંભાદિ નહિ પરંતુ કુંભારના પ્રયત્નથી નિષ્પન્ન થયેલ કુંભબોધનના અભિપ્રાયથી, કુંભપદનો પ્રયોગ હોવાને કારણે=આ કુંભ છે ઈત્યાદિ વચનમાં કુંભપદનો પ્રયોગ હોવાને કારણે, સત્યત્વના ઉપદર્શન માટે પ્રથમ ઉદાહરણ છે અને બલાકામાં પાંચવર્ણનો સંભવ હોતે છતે પણ શુક્લવર્ણના અવધારણનું ઉત્કટ શુક્લ પરપણું હોવાથી તેને બતાવવા માટે=શાસ્ત્રીય વ્યવહાર નિયંત્રિત ઉત્કટ શુક્લપર છે તેને બતાવવા માટે, બીજું ઉદાહરણ છે.**

**અને આ રીતે=બલાકામાં પાંચવર્ણ હોવા છતાં બલાકાને શુક્લ કહી એ રીતે, બીજું=બીજું ઉદાહરણ, વ્યવહારસત્યમાં જ અંતર્ભાવ કરવો જોઈએ એ પ્રમાણે ન કહેવું; કેમ કે તેનું=વ્યવહારસત્યનું, લોકવિવક્ષા ઘટિતપણું છે=શુક્લ બલાકા એ પ્રયોગમાં શાસ્ત્રીયવ્યવહાર ઘટિતપણું છે અને વ્યવહારસત્યમાં લોકવિવક્ષા ઘટિતપણું છે. (એથી શુક્લ બલાકા એ પ્રયોગ વ્યવહારસત્યમાં અંતર્ભાવ પામતો નથી પરંતુ ભાવસત્યમાં જ અંતર્ભાવ પામે છે.)**

'अथ'થી શંકા કરે છે –

**દ્વિતીય જ ઉદાહરણ અન્યત્ર=અન્ય ગ્રંથોમાં, પ્રકૃતમાં=ભાવભાષાના વિષયમાં, બતાવાયું છે એથી પ્રથમના ઉદાહરણનું પ્રદર્શન=પરમાર્થકુંભરૂપ પ્રથમ ઉદાહરણનું પ્રદર્શન, સ્વચ્છંદ મતિથી વિકલ્પિત છે એ પ્રમાણે કોઈ 'અથ'થી કહે તો ગ્રંથકારશ્રી કહે છે એમ ન કહેવું; કેમ કે,**

"ભાવસત્ય એટલે જે અભિપ્રાયથી જે પ્રમાણે 'ઘટમાનય' એ પ્રકારના અભિપ્રાયથી ઘટ લાવ એ પ્રકારનું કથન, ગાય એ પ્રકારના અભિપ્રાયથી ગાય એ પ્રકારનું કથન કરવું અથવા અશ્વને અશ્વ કહેવો એ વગેરે છે." **(દશવૈકાલિક અધ્યયન-૭, જિનદાસગણિ કૃત ચૂર્ણિ પૃ. ૨૩૬) એ પ્રકારે ચૂર્ણિકારનું વચન છે.**

**'अथ'થી શંકા કરે છે કે બલાકાનું પંચવર્ણપણું યુક્તિવાળું નથી; કેમ કે શુક્લ ઈતરરૂપનું=બલાકામાં રહેલા પંચવર્ણ અંતર્ગત શુક્લ ઈતરરૂપનું, શુક્લરૂપનું પ્રતિબંધકપણું છે. અન્યથા=અને જો બલાકામાં**

શુક્લરૂપથી ઈતર અન્યરૂપો છે માટે પંચવર્ણપણું છે તેમ સ્વીકારીને બલાકામાં શુક્લથી ઈતર રહેલાં રૂપો શુક્લરૂપનાં પ્રતિબંધક નથી તેમ માનવામાં આવે તો, ચિત્રરૂપનો ઉચ્છેદ થાય=ચિત્રપટમાં દેખાતું ચિત્રરૂપ પણ પ્રાપ્ત થવું જોઈએ નહિ અને શુક્લાદિમાં=બલાકામાં દેખાતા શુક્લાદિરૂપમાં, નીલાદિરૂપ હોતે છતે તત્પ્રત્યક્ષનો પ્રસંગ છે=વિદ્યમાન એવા નીલાદિરૂપના પ્રત્યક્ષનો પ્રસંગ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે શુક્લ ઘટ આરંભક પરમાણુઓનું જ કાલાન્તરમાં નીલઘટાદિનું આરંભકપણું હોવાના કારણે નિયમથી એકત્ર=બાહ્ય દેખાતા સ્કંધોમાં એકત્ર, પંચવર્ણની વ્યવસ્થિતિ છે અને શુક્લ આરંભક અવયવો તેના ઈતરના આરંભક=શુક્લથી ઈતર એવા અવયવીના આરંભક નથી એમ ન કહેવું; કેમ કે નિયત આરંભમતનો નિરાસ છે=શુક્લ ઘટાદિ આરંભક પરમાણુ જ કાલાન્તરમાં નીલ ઘટાદિના આરંભક છે એ કથન દ્વારા શુક્લ અવયવોથી શુક્લ જ અવયવી થાય એ પ્રકારના નિયત આરંભમતનો નિરાસ છે અને અવયવગત શુક્લ ઈતરનો=જે અવયવીના અવયવો છે તે ગત શુક્લથી ઈતર રૂપનો, શુક્લનું પ્રતિબંધકપણું નથી=અવયવીમાં શુક્લરૂપ પ્રગટ થવામાં શુક્લથી ઈતરરૂપ પ્રતિબંધક નથી; કેમ કે તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે ચિત્રરૂપ અન્યથા અનુપપત્તિ જ પ્રમાણ છે=અવયવીમાં રહેલા અવયવમાં શુક્લથી ઈતરરૂપનું શુક્લનું પ્રતિબંધક ન માનવામાં આવે તો ચિત્રરૂપની અનુપપત્તિ છે એ જ શુક્લરૂપ પ્રતિબંધકપણામાં પ્રમાણ છે, એમ ન કહેવું. નીલ-પીતાદિરૂપ રૂપના સમુદાયથી જ ચિત્ર વ્યવહારની ઉપપત્તિ થયે છતે અતિરિક્ત ચિત્રરૂપ સ્વીકારવામાં પ્રમાણનો અભાવ છે એ પ્રમાણે અધિક ચર્ચા મત્કૃત વાદમાલામાં છે=ગ્રંથકારશ્રીકૃત વાદમાલામાં છે.

બલાકામાં પંચવર્ણ હોવા છતાં શુક્લથી ઇતરરૂપો પ્રત્યક્ષ કેમ થતાં નથી ? તેમાં હેતુ કહે છે –

ઉત્કટ રૂપપણાથી યોગ્યપણું હોવાને કારણે=વસ્તુમાં ઉત્કટ રૂપપણાથી તે રૂપનું પ્રત્યક્ષ થવામાં યોગ્યપણું હોવાને કારણે, શુક્લઘટમાં રૂપાન્તરનું અપ્રત્યક્ષપણું છે=શુક્લ ઘટમાં પાંચેરૂપો હોવા છતાં શુક્લરૂપથી અન્યરૂપોનું અપ્રત્યક્ષપણું છે; કેમ કે પર વડે પણ=નૈયાયિક વડે પણ, ઉદ્ભૂતરૂપના જ તથાપણારૂપે ઉપગમ છે=નૈયાયિક વડે પણ ઉદ્ભૂતરૂપનું જ પ્રત્યક્ષપણાના હેતુરૂપે સ્વીકાર છે અને અવયવગત અનુત્કટ રૂપનું અવયવીમાં ઉત્કટ રૂપનું પ્રતિબંધકપણું હોવાથી ઉક્તની અનુપપત્તિ છે=શુક્લઘટના અવયવમાં વર્તતા અનુત્કટ રૂપનું શુક્લઘટમાં ઉત્કટ રૂપની નિષ્પત્તિ પ્રત્યે પ્રતિબંધકપણું હોવાથી શુક્લઘટમાં પાંચવર્ણો હોવા છતાં શુક્લરૂપની અનુપપત્તિ છે અને આવું ન સ્વીકારો તો પિશાચમાં પણ ઉત્કટ રૂપનો પ્રસંગ છે=પિશાચમાં રહેલાં અનુત્કટ રૂપો ઉત્કટ રૂપનાં પ્રતિબંધક છે આથી જ પિશાચનું દર્શન થતું નહીં હોવા છતાં પિશાચમાં પણ ઉત્કટ રૂપ માનવાનો પ્રસંગ છે, એ પ્રમાણે ન કહેવું; કેમ કે ઉત્કટપણાનું પરિણામવિશેષ પ્રયોજ્યપણું હોવાથી=પાંચવર્ણોના સ્કંધોમાં

**પણ જે એકવર્ણ દેખાય છે, તે વર્ણમાં વર્તતા ઉત્કટત્વનું અનુત્કટ રૂપમાં વર્તતા પરિણામ કરતાં વિલક્ષણ એવા પરિણામવિશેષ પ્રયોજ્યપણું હોવાથી, તે પ્રકારના પ્રતિબંધત્વની અકલ્પના છે=અવયવગત અનુત્કટ રૂપ અવયવીના ઉત્કટ રૂપમાં પ્રતિબંધક છે તે પ્રકારના પ્રતિબંધકત્વની અકલ્પના છે. અન્યથા=ઉત્કટત્વનું પરિણામવિશેષ પ્રયોજ્યપણું છે તેવું ન માનો અને પિશાચના અવયવોમાં વર્તતું અનુત્કટ રૂપ પિશાચરૂપ અવયવીમાં ઉત્કટ રૂપનું પ્રતિબંધક છે તે પ્રકારના સ્વીકારના બળથી અવયવગત અનુત્કટ રૂપનું અવયવીમાં ઉત્કટ રૂપનું પ્રતિબંધક છે તેમ માનવામાં આવે તો, ભર્જનકપાલસ્થ અનુદ્ભૂતરૂપ વહ્નિનું=ઉષ્ણ કરાયેલા એવા કપાલમાં રહેલા ચક્ષુથી નહિ દેખાતા એવા અનુદ્ભૂતરૂપ અગ્નિનું તપ્તતૈલના સંસર્ગથી ઉદ્ભૂતરૂપની અનુપપત્તિનો પ્રસંગ આવશે. એ પ્રમાણે દિશાસૂચન છે.**

**ઉત્કટપણું તેવા પ્રકારના બહુ અવયવવાળાપણું છે પરંતુ ઉત્કટત્વ જાતિ નથી એ પ્રમાણે બીજા કહે છે. આ વિષયમાં તત્ત્વ મારા વડે કરાયેલી વાદરહસ્યથી જાણવું. ।।૩૨।।**

**ભાવાર્થ :-**

**(૮) ભાવસત્યભાષા :-**

ભાવસત્યભાષા તે છે કે વસ્તુમાં વર્તતા સદ્ભૂત ભાવના અભિપ્રાયપૂર્વક બોલાયેલી ભાષા હોય.

અહીં પ્રશ્ન થાય કે વસ્તુવિષયક સત્પણાનો અભિપ્રાય શું છે ? એથી ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુમાં વર્તતા પારમાર્થિકભાવનો વિષય કરીને જે ભાષા બોલાયેલી હોય અથવા શાસ્ત્રીય વ્યવહારથી નિયંત્રિતપણા વડે કરીને જે ભાષા બોલાયેલી હોય તે ભાષાના વિષયભૂત પદાર્થમાં સત્પણું રહેલું છે તેથી તે અભિપ્રાયનું સત્પણું છે.

અભિપ્રાયનું સત્પણું બે પ્રકારનું છે તેને સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રી બે ઉદાહરણો બતાવે છે –

જેમ નામ, સ્થાપના આદિ ઘટને છોડીને પારમાર્થિક ઘટ હોય અર્થાત્ ભાવઘટ હોય તેને આ ઘટ છે એ પ્રકારે કહેનારું વચન ભાવસત્યભાષા છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે વસ્તુમાં વિદ્યમાન ભાવને સામે રાખીને કહેનારું વચન તે ભાવસત્યભાષા છે. જેમ ઘટમાં ઘટત્વ છે તેથી તેને ઘટ કહેવાય, પાર્થિવત્વ છે તેથી તે ઘટને પાર્થિવ કહેવાય અને પુદ્ગલત્વ છે માટે પુદ્ગલ કહેવાય, માટે વસ્તુમાં તે પ્રકારના ધર્મને જોઈને યથાર્થ બોલાયેલી ભાષા ભાવસત્યભાષા છે.

વળી આ બલાકા સફેદ છે તે સ્થાનમાં શાસ્ત્રની નિશ્ચયદૃષ્ટિથી સ્વીકારીએ તો તે બલાકાને પંચવર્ણી કહેવી જોઈએ; કેમ કે શાસ્ત્ર બાદરસ્કંધોમાં પાંચવર્ણો સ્વીકારે છે, છતાં શાસ્ત્રીય વ્યવહારદૃષ્ટિથી નિયંત્રિત કરીને વિચારીએ તો બલાકામાં પ્રગટ શુકલરૂપ જ દેખાય છે, અન્યરૂપો દેખાતાં નથી, તેથી શાસ્ત્રીય વ્યવહાર તેને સફેદ સ્વીકારે છે અને તે વ્યવહારને સામે રાખીને કોઈ કહે કે આ બલાકા સફેદ છે તો તે વચન ભાવસત્યભાષાનું છે.

અહીં બે ઉદાહરણો આપ્યાં તેમાંથી પ્રથમનું ઉદાહરણ નામકુંભ, સ્થાપનાકુંભ આદિ કુંભના વ્યવચ્છેદપૂર્વક પારમાર્થિક કુંભના બોધના અભિપ્રાયથી સદ્ એવા કુંભમાં કુંભપદનો પ્રયોગ હોવાથી તે ભાવસત્યભાષા છે.

વળી બીજા ઉદાહરણમાં બલાકામાં પાંચે વર્ણોનો સંભવ હોવા છતાં બલાકા સફેદ છે તે કથન બલાકામાં વર્તતા ઉત્કટ શુક્લરૂપને બતાવવા માટે કરાયું છે, તેથી તે વચન બલાકામાં રહેલા ઉત્કટ રૂપનો યથાર્થ બોધ કરાવે છે માટે ભાવસત્યભાષા છે.

અહીં પ્રશ્ન થાય કે બલાકા સફેદ છે તે વચનને વ્યવહારસત્યમાં જ અંતર્ભાવ કરવું જોઈએ; કેમ કે નિશ્ચયથી તો શાસ્ત્રવચનાનુસાર બલાકામાં પાંચવર્ણો છે તેથી પાંચવર્ણવાળી બલાકા છે તેમ કહેવાથી જ તે ભાષા તે વસ્તુમાં રહેલા ભાવોને યથાર્થ કહેનારી છે તેમ સ્વીકારી શકાય, છતાં વ્યવહારથી જેમ નદી પિવાય છે. ઇત્યાદિ પ્રયોગો થાય છે તેમ બલાકામાં દેખાતા શુક્લવર્ણને આશ્રયીને બલાકા શુક્લ છે એ પ્રકારનો વ્યવહાર છે તેમ માનવું જોઈએ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વ્યવહારસત્યભાષા તો લોકવ્યવહારથી ઘટિત છે તેથી લોકવ્યવહાર અનુસાર જે પ્રયોગો થતા હોય તે ભાષા વ્યવહારસત્ય કહેવાય પરંતુ બલાકા સફેદ છે તે સ્થાનમાં તો સ્યાદ્વાદને જાણનાર વ્યુત્પન્ન પુરુષને જ્ઞાન છે કે બાદર સ્કંધો પાંચવર્ણવાળા છે તેથી બલાકામાં પણ પાંચવર્ણો છે તોપણ શાસ્ત્રની વ્યવહારદૃષ્ટિ ઉત્કટ રૂપને ગ્રહણ કરીને તેનો બોધ કરાવવા અર્થે બલાકા સફેદ છે તેમ કહે છે અને તે વ્યવહારદૃષ્ટિથી પરિકર્મિતમતિવાળા પુરુષથી બોલાયેલું વચન લોકોત્તર વિવક્ષાથી ઘટિત હોવાને કારણે ભાવસત્યમાં જ અંતર્ભાવ પામે છે; કેમ કે લોકોત્તર વિવક્ષા અનુસાર બલાકામાં વર્તતા ઉત્કટ શુક્લરૂપને જ બતાવવા અર્થે આ બલાકા સફેદ છે તેમ વ્યવહાર કરાય છે.

આનાથી એ ફલિત થાય કે લોકોત્તર વ્યવહારની દૃષ્ટિથી બલાકા શ્વેત છે એ પ્રયોગમાં નિશ્ચયદૃષ્ટિથી બલાકાના પંચવર્ણનો અપલાપ નથી પરંતુ બલાકામાં ઉત્કટ શ્વેતરૂપ છે અને અનુત્કટ અન્યવર્ણો છે તે પ્રકારનો સ્વીકાર હોવાથી તે ભાષા ભાવસત્ય બને છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ભાવસત્યનાં બે ઉદાહરણો બતાવીને ભાવસત્યભાષા બે પ્રકારની છે તેમ બતાવ્યું. ત્યાં કોઈક શંકા કરતાં કહે છે કે અન્યત્ર શાસ્ત્રમાં કોઈક સ્થાને ભાવસત્યભાષાના ઉદાહરણમાં આ બલાકા શ્વેત છે એ જ ઉદાહરણ આપેલું છે માટે ભાવઘટને ઘટ કહેવું એ રૂપ પ્રથમ ઉદાહરણ સ્વચ્છંદ મતિથી વિકલ્પિત છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારની શંકા કરવી નહિ; કેમ કે દશવૈકાલિકના ચૂર્ણિકારે જ કહ્યું છે કે કોઈ પુરુષ ઘડો લાવવાના અભિપ્રાયથી કોઈને કહે કે ઘડો લાવ તો તે ભાષા ભાવસત્યભાષા છે અથવા વાસ્તવિક એવી ગાયમાં ગાય એ પ્રમાણે કહે અથવા અશ્વના અભિપ્રાયથી અશ્વને અશ્વ કહે એ વગેરે ભાવસત્યભાષા છે, તેથી ચૂર્ણિકારના વચનાનુસાર ભાવઘટને ઘટ કહેનારું વચન પણ ભાવસત્યભાષા છે તેમ સ્વીકારવું જોઈએ.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે શાસ્ત્રની સૂક્ષ્મદૃષ્ટિથી બલાકામાં પાંચવર્ણો છે, છતાં શાસ્ત્રવ્યવહારથી બલાકાને શુક્લ કહેનાર વચન ભાવસત્યભાષા છે. ત્યાં કોઈ શંકા કરે છે કે બલાકામાં પાંચવર્ણો

સ્વીકારવા યુક્તિયુક્ત નથી; કેમ કે બલાકાના અવયવોમાં શુક્લ વર્ણ કરતાં કોઈ સ્થાને અન્યવર્ણ હોય તો જ બલાકા પાંચવર્ણવાળી છે તેમ કહી શકાય. બલાકાના કોઈક અવયવોમાં શુક્લથી ઇતર અન્ય રૂપો હોય તો આખી બલાકામાં શુક્લરૂપનાં તે અન્યરૂપો પ્રતિબંધક બને, તેથી બલાકામાં અનુભવ અનુસાર શુક્લરૂપ જ સ્વીકારવું જોઈએ પરંતુ પાંચેય વર્ણો બલાકામાં છે તેમ સ્વીકારવું ઉચિત નથી. જો બલાકામાં શુક્લરૂપ પ્રતીત હોવા છતાં અન્ય રૂપો તેના અવયવોમાં છે તેમ સ્વીકારવામાં આવે તો કેટલાક અવયવીમાં ચિત્રરૂપો પ્રાપ્ત થાય છે તેનો ઉચ્છેદ પ્રાપ્ત થાય; કેમ કે જે અવયવીના અવયવોમાં ભિન્નભિન્ન રૂપો હોય તે અવયવોથી બનેલા તે અવયવીમાં ચિત્રરૂપ ઉત્પન્ન થતું દેખાય છે. જેમ બે વર્ણવાળા કપાલોથી થયેલો ઘટ ચિત્રરૂપવાળો બને છે તે પ્રમાણે જો બલાકાના અવયવોમાં પણ શુક્લથી અન્ય રૂપ હોય તો બલાકા પણ ચિત્રરૂપવાળી થવી જોઈએ. બલાકાના અવયવોમાં શુક્લથી ઇતર રૂપ હોય તો તે આખી બલાકામાં શુક્લરૂપ નિષ્પન્ન કરવામાં પ્રતિબંધક બને માટે ભિન્ન ભિન્ન અવયવના ભિન્ન ભિન્ન રૂપથી અવયવીમાં ચિત્રરૂપ ઉત્પન્ન થાય છે તેની સંગતિ કરવા અર્થે બલાકામાં પાંચવર્ણો સ્વીકારી શકાય નહિ.

વળી બલાકામાં પાંચવર્ણો નથી તે સ્વીકારવામાં પૂર્વપક્ષી અન્ય હેતુ બતાવે છે –

બલાકામાં વર્તતા શુક્લરૂપથી ઇતર એવા નીલાદિરૂપ વિદ્યમાન હોય તો નીલાદિરૂપના પણ પ્રત્યક્ષ થવાનો પ્રસંગ આવે. જેમ એક ઘટમાં અનેકરૂપો હોય છે તો તે અનેકરૂપોનું પ્રત્યક્ષ થાય છે અને બલાકામાં એક જ રૂપ અનુભવથી દેખાય છે માટે બલાકામાં પંચવર્ણપણું નથી. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ પુરુષ શુક્લઘટ આરંભક પરમાણુઓરૂપ અવયવોને ગ્રહણ કરે અને તે પરમાણુનો તત્કાલ ઘટ ન બનાવે પરંતુ કંઈક વિલંબથી તે ઘટને બતાવવા માટે પ્રયત્ન કરે ત્યારે તે શુક્લ ઘટ આરંભક પરમાણુ જ કાલાન્તરમાં નીલાદિ ઘટના આરંભક બની જાય છે; કેમ કે બાદર સ્કંધોના અવયવો પડ્યા પડ્યા જ રૂપાન્તરને પામે છે. તેથી એ પ્રાપ્ત થાય કે તે શુક્લ ઘટના આરંભક બાદર અવયવરૂપ જે પરમાણુઓ હતા તેમાં પૂર્વે શુક્લરૂપ ઉદ્‌ભૂત હતું અને અન્યરૂપ અનુદ્‌ભૂત હતું અને કાલાન્તરમાં તે શુક્લરૂપ અનુદ્‌ભૂત થયું અને નીલાદિરૂપ ઉદ્‌ભૂત થયું તેથી નીલાદિ ઘટની નિષ્પત્તિ થઈ માટે નિયમથી બાદર સ્કંધોમાં પંચવર્ણપણાની વ્યવસ્થિતિ છે.

અહિં પૂર્વપક્ષી કહે કે શુક્લરૂપના આરંભક અવયવો શુક્લરૂપવાળા જ અવયવીને નિષ્પન્ન કરે છે તદ્ ઇતરના આરંભક નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રમાણે ન કહેવું; કેમ કે નિયત આરંભમતનો નિરાસ છે.

આશય એ છે કે શુક્લ તંતુમાંથી બનેલો પટ શુક્લ થાય છે તેટલા સામાન્ય અનુભવને સામે રાખીને કેટલાક માને છે કે જે અવયવમાં જે વર્ણ હોય તે વર્ણ જ તે અવયવથી નિષ્પન્ન થતા અવયવીમાં નિષ્પન્ન

થાય છે. આ પ્રકારનો નિયત આરંભમત છે તેનો જ નિરાસ કરવા અર્થે ગ્રંથકારશ્રીએ કહ્યું કે શુક્લઘટ આરંભક પરમાણુરૂપ અવયવો જ કાલાન્તરમાં નીલાદિ ઘટનો આરંભ કરે છે તે અનુભવથી નક્કી થાય છે કે નિયતવર્ણવાળા અવયવોથી તે જ વર્ણવાળા અવયવીની નિષ્પત્તિ થાય તેવો એકાંત નિયમ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે અવયવગત શુક્લથી ઇતરરૂપ હોય તે અવયવીમાં શુક્લરૂપ નિષ્પત્તિમાં પ્રતિબંધક છે આથી જ ચિત્રવર્ણવાળા અવયવોથી બનેલ પટમાં શુક્લથી ઇતરવર્ણવાળા તંતુઓ હોવાને કારણે તે પટમાં માત્ર શુક્લરૂપ થતું નથી પરંતુ ચિત્રરૂપ થાય છે, તેથી નક્કી થાય છે પટના શુક્લરૂપની નિષ્પત્તિમાં પ્રતિબંધક અવયવગત શુક્લથી ઇતર રૂપો છે, જો બધા અવયવોમાં શુક્લ રૂપ હોત તો તે અવયવોથી શુક્લ પટ નિષ્પન્ન થાત. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

આમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે અવયવમાં શુક્લરૂપ હતું અને શુક્લથી ઇતર રૂપ પણ હતું તેથી તે પટમાં શુક્લરૂપની નિષ્પત્તિ થવાને બદલે ચિત્રરૂપની પ્રાપ્તિ થઈ, તેથી ચિત્રરૂપની અન્યથા અનુપપત્તિ હોવાને કારણે માનવું જોઈએ કે અવયવમાં શુક્લ અને શુક્લથી ઇતર રૂપ હોય તો અવયવીમાં શુક્લ રૂપ નિષ્પન્ન થઈ શકે નહિ, પરંતુ ચિત્ર રૂપ જ નિષ્પન્ન થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે તે પટમાં નીલપીતાદિ રૂપના સમુદાયથી જ આ પટ ચિત્રરૂપવાળો છે એ પ્રકારના વ્યવહારની ઉપપત્તિ થતી હોવાને કારણે પટમાં દેખાતા નીલપીતાદિ વર્ણોથી અતિરિક્ત ચિત્રરૂપ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી.

આશય એ છે કે નૈયાયિક નીલ, પીતાદિરૂપથી ભિન્ન ચિત્રરૂપ સ્વીકારે છે અને તેની સંગતિ કરવા માટે કહે છે કે પટાદિ આરંભક તંતુ આદિમાં શુક્લરૂપવાળા તંતુઓ પણ હોય અને શુક્લથી ઇતર નીલ, પીતાદિરૂપવાળા પણ તંતુઓ હોય. તેવા તંતુથી બનેલા પટમાં નીલપીતાદિ વર્ણથી ભિન્ન એવું ચિત્રરૂપ ઉત્પન્ન થાય છે તેથી જે તંતુના સમુદાયમાં અનેક વર્ણો હોય તે તંતુના સમુદાયથી જે પટ બને છે તેમાં અનેકવર્ણ નથી પરંતુ ચિત્રરૂપવાળું એકવર્ણ છે તેથી બલાકાના અવયવોમાં શુક્લથી ઇતર વર્ણ હોય તો અવયવીરૂપ બલાકામાં શુક્લરૂપ નિષ્પન્ન થઈ શકે નહિ પરંતુ ચિત્રરૂપ જ નિષ્પન્ન થવું જોઈએ. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

જે પટમાં શુક્લ, નીલ, પીતાદિ રૂપો દેખાય છે તે રૂપના સમુદાયથી જ આ પટ ચિત્ર છે એ પ્રકારના વ્યવહારની સંગતિ થાય છે તેથી પટમાં દેખાતા શુક્લનીલપીતાદિ વર્ણથી અતિરિક્ત ચિત્રરૂપ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. તેથી એ ફલિત થાય કે જે તંતુઓમાં અનેકવર્ણ ઉદ્ભૂત હોય તે તંતુઓથી જે પટ થાય છે તેમાં ચિત્રરૂપ નથી પરંતુ અનેકરૂપોનો સમુદાય છે અને જે અવયવોમાં શુક્લરૂપ ઉદ્ભૂત છે અને શુક્લથી ઇતરરૂપો અનુદ્ભૂત છે તેવા અનેક અવયવોથી બનેલી બલાકામાં શુક્લરૂપ ઉત્પન્ન થાય છે અને તે બલાકાના અવયવમાં અન્યરૂપો અનુદ્ભૂત હોવાથી દેખાતા નથી તેથી બલાકા પંચવર્ણવાળી હોવા છતાં

બલાકામાં માત્ર શુક્લરૂપ જ પ્રત્યક્ષ થાય છે, આથી જ શુક્લઘટ આરંભક અવયવો કાલાન્તરે નીલઘટના પણ આરંભક બને છે તેથી નક્કી થાય છે કે દેખાતા શુક્લઘટના આરંભક અવયવોમાં અન્યવર્ણો અનુદ્ભૂતરૂપે વિદ્યમાન હતા અને કાલાન્તરમાં તે વર્ણો ઉદ્ભૂત થાય તો તેનાથી તે વર્ણવાળો પણ ઘટ થાય છે, આથી જ જગતમાં દેખાતા પદાર્થોમાં પણ કાલાન્તરે કેટલાક વર્ણોનું પરિવર્તન થતું દેખાય છે, માટે શુક્લરૂપવાળા અવયવોમાં અન્યવર્ણવાળા અવયવો મિશ્ર થઈને કોઈ સ્કંધ બને તેમાં દેખાતા તે વર્ણોથી અતિરિક્ત ચિત્રરૂપ ઉત્પન્ન થાય છે એમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. આ વિષયમાં ગ્રંથકારશ્રીએ વાદમાલામાં અધિક ચર્ચા કરેલ છે.

આ રીતે બલાકામાં પાંચે વર્ણો હોવા છતાં દેખાતા શુક્લરૂપની ગ્રંથકારશ્રીએ સંગતિ કરી. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે બલાકામાં પાંચે વર્ણો છે તેમ શુક્લ ઘટમાં પણ પાંચે વર્ણો હોય તો તે પાંચે વર્ણો કેમ દેખાતા નથી ? તે યુક્તિથી સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

બાદર સ્કંધોમાં પાંચેવર્ણો હોવા છતાં ઉત્કટ રૂપવાળા જ વર્ણો પ્રત્યક્ષ થવાને યોગ્ય છે, અન્ય વર્ણો વિદ્યમાન હોવા છતાં પ્રત્યક્ષ થવાને યોગ્ય નથી. તેથી શુક્લ ઘટમાં શુક્લથી ઇતર રૂપોનું અપ્રત્યક્ષપણું છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે કે ચિત્રરૂપ માનનાર એવા નૈયાયિકો પણ ઉદ્ભૂત રૂપને જ પ્રત્યક્ષ થવાને યોગ્ય સ્વીકારે છે તેથી જેમ અન્યત્ર અનુદ્ભૂતરૂપો હોવાને કારણે તેનું પ્રત્યક્ષ નથી તેમ નૈયાયિક સ્વીકારે છે, તે રીતે બલાકામાં પણ કે શુક્લ ઘટમાં પણ પાંચે વર્ણો નૈયાયિકે સ્વીકારવા જોઈએ.

અહીં નૈયાયિક કહે કે અવયવમાં રહેલું અનુત્કટ રૂપ અવયવીમાં ઉત્કટ રૂપની નિષ્પત્તિમાં પ્રતિબંધક છે. તેથી શુક્લ ઘટના અવયવોમાં અન્યરૂપો અનુત્કટ છે તેમ સ્વીકારવામાં આવે તો તે અનુત્કટ એવાં અન્યરૂપો ઉત્કટ એવા શુક્લરૂપને ઘટમાં નિષ્પન્ન થવા ન દે માટે શુક્લ ઘટમાં પાંચેવર્ણો છે એ કથન સંગત થાય નહિ અને જો અવયવગત અનુત્કટ રૂપ અવયવીમાં ઉત્કટ રૂપની નિષ્પત્તિ પ્રત્યે પ્રતિબંધક ન માનવામાં આવે તો પિશાચમાં પણ ઉત્કટ રૂપનો પ્રસંગ પ્રાપ્ત થાય.

આશય એ છે કે પિશાચના અવયવોમાં અનુત્કટ રૂપ છે તેથી પિશાચના અવયવીરૂપ શરીરમાં કોઈ ઉત્કટ રૂપ નિષ્પન્ન થતું નથી તેથી પિશાચ બૂમો પાડતો સંભળાય તોપણ ચાક્ષુષ પ્રત્યક્ષ થતો નથી; કેમ કે તેના શરીરના દરેક અવયવોમાં અનુત્કટ રૂપ છે તેથી તે પિશાચના આખા દેહમાં કોઈ ઉત્કટ રૂપ પ્રગટ થવામાં તેમાં વર્તતાં અનુત્કટ રૂપો પ્રતિબંધક છે, માટે પિશાચ દેખાતો નથી, તેમ શુક્લ ઘટના અવયવોમાં શુક્લથી ઇતર અનુત્કટ રૂપો વિદ્યમાન હોય તો તે અનુત્કટ રૂપો ઉત્કટ રૂપનાં પ્રતિબંધક થવાં જોઈએ તેથી શુક્લ ઘટ દેખાવો જોઈએ નહિ અને કદાચ શુક્લ ઘટના અવયવમાં કેટલાંક સ્થાને શુક્લરૂપ ઉદ્ભૂત છે તેમ સ્વીકારવામાં આવે તોપણ પૂર્ણઘટમાં ઉદ્ભૂત એવું શુક્લરૂપ દેખાય છે તે દેખાવું જોઈએ નહિ; કેમ કે તેના ઘણા અવયવો અનુત્કટ રૂપવાળા છે. તેથી તે સ્થાનમાં ઘટ અપ્રત્યક્ષ થવો જોઈએ. જેમ પિશાચમાં બધે અનુત્કટ રૂપ છે તેથી પિશાચ સર્વથા અપ્રત્યક્ષ છે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પદાર્થમાં રહેલા ઉત્કટ રૂપનું પરિણામવિશેષથી પ્રયોજ્યપણું છે અર્થાત્ તે પદાર્થમાં તેવા પ્રકારનો જ પરિણામવિશેષ છે, જેનાથી તે કેટલાંક રૂપો ઉત્કટ રૂપવાળાં બને છે અને અન્યરૂપો અનુત્કટ બને છે. તેથી પૂર્વપક્ષી કહે છે તે પ્રકારે પ્રતિબંધકની કલ્પના ઉચિત નથી અર્થાત્ પૂર્વપક્ષીએ પિશાચના દૃષ્ટાંતથી કહ્યું કે અવયવમાં રહેલાં અનુત્કટ રૂપો અવયવીના ઉત્કટ રૂપનાં પ્રતિબંધક છે તે પ્રકારની કલ્પના કરવી ઉચિત નથી.

કેમ ઉચિત નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

જો તેવું ન માનવામાં આવે તો કોઈ ગરમ કરાયેલા કપાલમાં રહેલ અનુદ્‌ભૂતરૂપવાળા વહ્નિ ઉપર તપાવેલા તેલનો સંસર્ગ કરવાથી ઉદ્‌ભૂતરૂપવાળા અગ્નિની ઉત્પત્તિ થાય છે તે થઈ શકે નહિ.

આશય એ છે કે ગરમ કરાયેલા કપાલમાં અગ્નિ દેખાતો નથી તેથી તેમાં રહેલ અગ્નિનું રૂપ અનુદ્‌ભૂત છે અને તપાવેલ તેલમાં પણ અગ્નિ ચક્ષુથી દેખાતો નથી તેથી તેમાં પણ અગ્નિનું રૂપ અનુદ્‌ભૂત છે, છતાં તેવા તપાવેલા કપાલ ઉપર તપાવેલું તેલ નાખવામાં આવે ત્યારે અગ્નિનો ભડકો થાય છે, તેથી નક્કી થાય છે કે કપાલમાં રહેલો અગ્નિ અને તપ્ત તેલમાં રહેલ અગ્નિમાં અનુત્કટ રૂપ છે તેથી અગ્નિ દેખાતો નથી અને અનુત્કટ રૂપવાળા બન્ને અગ્નિના અવયવોથી ઉદ્‌ભૂતરૂપવાળો અગ્નિ ઉત્પન્ન થાય છે માટે અનુત્કટ અવયવનું રૂપ અવયવીના ઉત્કટ રૂપની નિષ્પત્તિમાં પ્રતિબંધક છે તેમ સ્વીકારી શકાય નહિ, તેથી પદાર્થમાં રહેલા ઉત્કટ રૂપનું પરિણામવિશેષથી પ્રયોજ્યપણું છે તેમ જ સ્વીકારવું જોઈએ. આથી જ તપાવેલા તેલમાં અને તપાવેલા કપાલમાં અગ્નિનું રૂપ અનુદ્‌ભૂત હતું, છતાં બંનેના સંયોગથી તે અગ્નિનું રૂપ ઉત્કટ બન્યું, તેથી અગ્નિ પ્રત્યક્ષ બને છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે બલાકા સફેદ છે તેમાં પાંચે વર્ણો હોવા છતાં ઉત્કટ શુક્લવર્ણ છે તેથી શુક્લ દેખાય છે અને તે શુક્લવર્ણમાં ઉત્કટપણું પરિણામવિશેષથી પ્રયોજ્ય છે, તેથી તે પુદ્‌ગલોમાં ઉત્કટત્વ એ જાતિ છે તેવો અર્થ પ્રાપ્ત થાય અને તે વિષયમાં અન્ય કેટલાક કહે છે કે ઉત્કટત્વ જાતિ નથી પરંતુ તેવા પ્રકારના બહુ અવયવવાળાપણું એ ઉત્કટત્વ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે બલાકામાં શ્વેતવર્ણવાળા ઘણા અવયવો છે અને તે શ્વેતવર્ણના વચમાં અતિ અલ્પમાત્રામાં અન્યવર્ણવાળા અવયવો છે જે અન્યવર્ણવાળા અવયવોનો જથ્થો વચમાં અતિ અલ્પ પ્રમાણમાં હોવાથી તે વર્ણો ચક્ષુથી ગ્રહણ થતા નથી અને શુક્લવર્ણવાળા એક પાસે રહેલા ઘણા અવયવો છે જેથી તે શુક્લવર્ણનું ગ્રહણ થાય છે અને વચમાં અન્યવર્ણવાળા અવયવો અલ્પ માત્રામાં હોવાથી આખી બલાકાનો દેહ શુક્લવર્ણવાળો છે તેમ પ્રતીત થાય છે માટે તે વર્ણમાં રહેલું ઉત્કટપણું વિલક્ષણ જાતિરૂપ નથી એ પ્રમાણે કેટલાક કહે છે અને બાદર સ્કંધોમાં પાંચવર્ણો છે અને ઉત્કટ રૂપવાળા વર્ણો ચક્ષુગોચર થાય છે એ વિષયનું તત્ત્વ ગ્રંથકારશ્રી કૃત કરાયેલ વાદમાલાથી જાણવું એ પ્રકારે જિજ્ઞાસુને ગ્રંથકારશ્રી દિશાસૂચન કરે છે. **II૩૨II**

**અવતરણિકા :-**

उक्ता भावसत्या । अथ योगसत्यामाह –

**અવતરણિકાર્થ :-**

ભાવસત્યભાષા કહેવાઈ. હવે નવમી યોગસત્યભાષાને કહે છે –

**ગાથા :-**

**सा होइ जोगसच्चा उवयारो जत्थ वत्थुजोगम्मि ।**
**छत्ताइअभावे वि हु जह छत्ती कुंडली दंडी ।।३३।।**

**છાયા :-**

सा भवति योगसत्या उपचारो यत्र वस्तुयोगे ।
छत्राद्यभावेऽपि हि यथा छत्री कुण्डली दण्डी ।।३३।।

**અન્વયાર્થ :-**

सा जोगसच्चा होइ=તે યોગસત્યભાષા છે, जत्थ=જેમાં, वत्थुजोगम्मि=વસ્તુના યોગમાં=કોઈક પુરુષ સાથે દંડાદિ વસ્તુના યોગમાં, उवयारो=ઉપચાર થાય છે=વર્તમાનમાં દંડ નહિ હોવા છતાં 'આ દંડી છે' એ પ્રકારનો ઉપચાર થાય છે. जह=જે પ્રમાણે, छत्ताइअभावे वि हु=છત્રાદિના અભાવમાં પણ, छत्ती=છત્રી, कुंडली=કુંડલી, दंडी=દંડી કહેવાય (તે યોગસત્યભાષા છે.) ॥૩૩॥

**ગાથાર્થ :-**

**તે યોગસત્યભાષા છે જેમાં વસ્તુના યોગમાં=કોઈક પુરુષ સાથે દંડાદિ વસ્તુના યોગમાં, ઉપચાર થાય છે=વર્તમાનમાં દંડ નહિ હોવા છતાં આ દંડી છે એ પ્રકારનો ઉપચાર થાય છે. જે પ્રમાણે છત્ર આદિના અભાવમાં પણ છત્રી, કુંડલી, દંડી કહેવાય (તે યોગસત્યભાષા છે.) ॥૩૩॥**

**ટીકા :-**

सा भवति योगसत्या यत्र=यस्यां, वस्तुयोगे उपचारः, 'अतीतसम्बन्धवल्लाक्षणिकपदघटिता योगसत्येत्यर्थः अन्यथा वस्तुद्वयात्मकसम्बन्धस्यैकतराऽभावेऽभावात् कुत्रोपचारः ?

यदि च विशेषणविरहेऽप्यर्थान्तररूपः सम्बन्धोऽस्तीत्युपेयते तदा 'इदानीं छत्री'ति व्यवहारः स्यात्, 'इदानीं न छत्री'ति च न स्यादिति ध्येयम् । उदाहरणमाह-छत्राद्यभावेऽपि यथा छत्री कुण्डली दण्डीति ।।३३।।

**ટીકાર્થ :-**

**सा भवति ..... दण्डीति ।। તે યોગસત્યભાષા છે જેમાં=જે ભાષામાં, વસ્તુના યોગમાં=કોઈક પુરુષ સાથે અતીતકાળ સંબંધી દંડાદિ વસ્તુના યોગમાં, ઉપચાર છે=વર્તમાનમાં દંડનો યોગ નહિ હોવા છતાં તે પુરુષ દંડવાળો છે એ પ્રકારનો ઉપચાર છે.**

યોગસત્યભાષાના લક્ષણનો શું અર્થ ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**અતીતસંબંધવાળી વસ્તુમાં લાક્ષણિકપદથી ઘટિત=તે પુરુષ સાથે અતીતસંબંધવાળી એવી દંડાદિ વસ્તુના સંબંધનું લક્ષણાથી ગ્રહણ કરીને બોધ કરાવે તેવા લાક્ષણિકપદથી ઘટિત, ભાષા યોગસત્ય છે એ પ્રકારનો અર્થ છે=ગાથાના પૂર્વાર્ધમાં કરાયેલ યોગસત્યભાષાના લક્ષણનો અર્થ છે. અન્યથા=યોગસત્યભાષા અતીતસંબંધવાળી વસ્તુમાં લાક્ષણિકપદથી ઘટિત ન હોય પરંતુ વર્તમાનમાં જ તે વસ્તુના યોગવાળા પદથી ઘટિત હોય તો, વસ્તુદ્વયાત્મકસંબંધનો એકતરના અભાવમાં અભાવ હોવાથી=દંડ અને પુરુષ એ બે વસ્તુમાંથી એકતરના અભાવમાં વસ્તુદ્વયાત્મકસંબંધનો અભાવ હોવાથી, શેમાં ઉપચાર થાય ?=કોઈ સ્થાનમાં દંડી એ પ્રકારનો વ્યવહાર થઈ શકે નહિ. (માટે અતીતકાલસંબંધવાળી વસ્તુમાં લાક્ષણિકપદથી ઘટિત ભાષા યોગસત્ય છે તેમ સ્વીકારવું જોઈએ.)**

**અને જો વિશેષણના વિરહમાં પણ=પૂર્વમાં છત્રી લઈને ફરનાર પુરુષમાં છત્રરૂપ વિશેષણના વિરહમાં પણ, અર્થાન્તરરૂપ સંબંધ છે=છત્ર સાથેના પુરુષનો અર્થાન્તરરૂપ સંબંધ છે અર્થાત્ લક્ષણાથી અતીતકાળના છત્રના સંબંધની ઉપસ્થિતિ નથી પરંતુ અર્થાન્તરરૂપ છત્રનો સંબંધ છે, એ પ્રમાણે સ્વીકારવામાં આવે તો હમણાં છત્રી છે એ પ્રકારનો વ્યવહાર થવો જોઈએ અને હમણાં છત્રવાળો નહિ હોવાથી છત્રી નથી એ પ્રકારનો પ્રયોગ થાય નહિ એ પ્રમાણે જાણવું. ઉદાહરણને કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે, છત્રાદિના અભાવમાં પણ જે પ્રમાણે છત્રી, કુંડલી, દંડી ઈત્યાદિ પ્રયોગ થાય છે. ॥૩૩॥**

**ભાવાર્થ :-**

**(૯) યોગસત્યભાષા :-**

જે પુરુષ કાયમ દંડ લઈને ફરતો હોય છતાં કોઈક વખતે દંડ વગરના પુરુષને જોઈને કહેવામાં આવે કે આ પુરુષ દંડી છે તે વખતે અતીતકાળના સંબંધવાળા પુરુષમાં દંડી એ પ્રકારનો જે વ્યવહાર થાય છે તે લાક્ષણિકપદથી ઘટિત ભાષારૂપ હોવાથી યોગસત્ય છે અર્થાત્ દંડી શબ્દના પ્રયોગમાં દંડવાળા પુરુષની ઉપસ્થિતિ થાય છે અને વર્તમાનમાં દંડ નહિ હોવાથી તેને મૃષા કહેવાની આપત્તિ આવે; કેમ કે તે પુરુષમાં વર્તમાનમાં દંડનો સંબંધ નથી છતાં બોલનાર પુરુષના વચનના બળથી યોગ્ય શ્રોતાને બોધ થાય છે કે આ પુરુષ પ્રાયઃ દંડ લઈને ફરનારો છે માટે તેને દંડી કહેવામાં આવે છે, માટે દંડી એ પદ આ પુરુષ અતીતકાળવાળા દંડ સાથે સંબંધવાળો છે તેવો બોધ કરાવે છે અને એવું ન માનવામાં આવે તો દંડી પ્રયોગમાં રહેલ પુરુષ સાથેના દંડના સંબંધનો બોધ થઈ શકે નહિ; કેમ કે દંડ અને પુરુષનો સંબંધ તે બે વસ્તુસ્વરૂપ છે તેથી તે

બે વસ્તુમાંથી એકતરનો અભાવ હોય તો તે પુરુષમાં દંડનો સંબંધ નથી તેમ કહેવું પડે અને વર્તમાનમાં તે પુરુષ સાથે દંડનો સંબંધ નહિ હોવાને કારણે આ દંડી છે એ પ્રકારનો ઉપચાર=એ પ્રકારનો વચનપ્રયોગ, થઈ શકે નહિ છતાં એ પ્રકારનો વચનપ્રયોગ લોકમાં થાય છે તેથી દંડીપદ દ્વારા લક્ષણાથી અતીતકાળવાળા દંડના સંબંધવાળા પુરુષની જ ઉપસ્થિતિ થાય છે તેથી લોકમાં પ્રસિદ્ધ એવો તે પ્રકારનો ઉપચારરૂપ વ્યવહાર યથાર્થ વસ્તુનો બોધ કરાવનાર હોવાથી યોગસત્યભાષામાં અંતર્ભાવ પામે છે.

વળી યોગસત્યભાષાને યુક્તિથી સ્પષ્ટ કરતાં કહે છે કે વર્તમાનમાં જે પુરુષ દંડવગરનો છે તેમાં દંડરૂપ વિશેષણનો વિરહ હોવા છતાં અર્થાન્તરરૂપ સંબંધ છે માટે તેને દંડી કહેવાય છે અર્થાત્ દંડનો સંયોગરૂપ સંબંધ નથી પરંતુ દંડ સાથે અન્ય કોઈક સંબંધ છે માટે દંડી કહેવાય છે. એ પ્રમાણે સ્વીકારવામાં આવે અને અતીતકાળના સંબંધવાળા પુરુષમાં લાક્ષણિકપદથી ઘટિત ભાષા છે તેમ ન સ્વીકારવામાં આવે તો શું દોષ પ્રાપ્ત થાય ? તે છત્રી એ પ્રકારના પ્રયોગને આશ્રયીને સ્પષ્ટ કરે છે –

કોઈ પુરુષમાં હમણાં સંયોગથી છત્રનો સંબંધ ન હોય તોપણ તે પુરુષમાં છત્રનો અર્થાન્તરરૂપ સંબંધ છે અર્થાત્ પૂર્વમાં છત્ર સાથે સંબંધ હતો તેના કરતાં અન્ય કોઈક રીતે છત્ર સાથે સંબંધ છે અને વર્તમાનમાં હાથમાં છત્ર નથી તોપણ હમણાં છત્રી છે એ પ્રકારનો વ્યવહાર તે પુરુષમાં થવો જોઈએ, પરંતુ હમણાં છત્રી નથી તેમ વ્યવહાર થઈ શકે નહિ; કેમ કે અર્થાન્તરરૂપ છત્ર સાથે તેનો સંબંધ હમણાં વર્તે છે. વસ્તુતઃ પૂર્વના છત્રવાળા પુરુષને પણ જોઈને વર્તમાનમાં વ્યવહાર થાય છે કે આ હંમેશાં છત્ર લઈને ફરે છે માટે છત્રી છે, છતાં હમણાં તેના હાથમાં છત્ર નથી માટે છત્રી નથી. તેથી નક્કી થાય છે કે આ છત્રી છે એ પ્રયોગથી લક્ષણા દ્વારા અતીતકાળના સંબંધવાળા એવા પુરુષની ઉપસ્થિતિ થાય છે, પરંતુ અર્થાંતરરૂપ સંબંધની ઉપસ્થિતિ થતી નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે વર્તમાનમાં છત્ર લઈને આવેલો હોય અને કહેવામાં આવે કે આ છત્રી છે ત્યારે તે પુરુષમાં છત્રનો સંબંધ પ્રત્યક્ષથી ગ્રહણ થતો હોવાથી તે પ્રયોગ ભાવસત્યભાષામાં અંતર્ભાવ પામે છે અને કોઈ પુરુષ પ્રાયઃ છત્ર લઈને આવતો હોય છતાં કોઈક કારણે વર્તમાનમાં છત્ર રહિત છે અને કોઈ વક્તા કહે કે આ છત્રી છે તે વખતે છત્રનો સંબંધ સાક્ષાત્ તે પુરુષ સાથે નહિ હોવાથી તે ભાષાને મૃષાભાષા કહેવાનો પ્રસંગ આવે પરંતુ વક્તાના કથનથી તે શ્રોતાને લક્ષણા દ્વારા અતીતકાળના સંબંધવાળા છત્રીરૂપ તે પુરુષની ઉપસ્થિતિ થાય છે માટે તે ભાષા યોગસત્યભાષા છે. આ કથનમાં ગ્રંથકારશ્રી ઉદાહરણો આપે છે. છત્રી, દંડી, કુંડલી વગેરે પ્રયોગો છત્રાદિના અભાવમાં યોગસત્યભાષાનાં ઉદાહરણો છે. **॥૩૩॥**

**અવતરણિકા :-**

**उक्ता योगसत्या । अथौपम्यसत्यामाह, तत्रौपम्यमुपमानापेक्षम्, उपमानं ज्ञातमुदाहरणं निदर्शनं दृष्टान्तो वेति तु पर्यायाः । तथा चाऽऽह भगवान् भद्रबाहुः –** "नायं आहरणं ति य दिट्ठंतोवमनिदरिसणं तह य एगट्ठत्ति ।।" **(द. वै. नि. श्लो. २४) तच्चोपमानं सामान्यतो द्विविधमित्याह –**

**અવતરણિકાર્થ :-**

યોગસત્યભાષા કહેવાઈ. હવે ઔપમ્યસત્યભાષાને કહે છે – ત્યાં=ઔપમ્યસત્યભાષામાં ઔપમ્ય ઉપમાનની અપેક્ષાવાળું છે (તેથી ઉપમાનનું સ્વરૂપ બતાવે છે –) ઉપમાન, જ્ઞાત, ઉદાહરણ, નિદર્શન અથવા દૃષ્ટાંત એ પ્રકારે વળી પર્યાયો છે=ઉપમાનશબ્દના પર્યાયવાચી શબ્દો છે, અને તે રીતે=ઉપમાનના જ્ઞાત આદિ પર્યાયવાચી શબ્દો છે એમ પૂર્વમાં કહ્યું તે રીતે ભગવાન ભદ્રબાહુસ્વામી કહે છે –

"જ્ઞાત, ઉદાહરણ, દૃષ્ટાંત, ઉપમા, નિદર્શન તે પ્રકારે એકાર્થ શબ્દો છે." (દશવૈકાલિકનિર્યુક્તિ ગાથા-૨૪)

અને તે ઉપમાન સામાન્યથી બે પ્રકારનું છે એ પ્રમાણે ગાથામાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**चरियं च कप्पियं तह, उवमाणं दुविहमेत्थ णिद्दिट्ठं ।**
**कप्पियमवि रूवयमिव भावाबाहेण ण णिरत्थं ।।३४।।**

**છાયા :-**

चरितं च कल्पितं तथा उपमानं द्विविधमत्र निर्दिष्टम् ।
कल्पितमपि रूपकमिव भावाबाधेन न निरर्थम् ।।३४।।

**અન્વયાર્થ :-**

च=અને, एत्थ=અહીં=ઔપમ્યભાષામાં, उवमाणं=ઉપમાન, चरियं तह कप्पियं=ચરિત અને કલ્પિત, दुविहं=બે પ્રકારનું, णिद्दिट्ठं=નિર્દિષ્ટ છે=કથિત છે. रूवयमिव=રૂપકની જેમ, कप्पियमवि=કલ્પિત પણ, भावाबाहेण=ભાવનો અબાધ હોવાથી=કલ્પિત ભાષા દ્વારા યથાર્થ બોધરૂપ ભાવનો અબાધ હોવાથી, ण णिरत्थं=નિરર્થક નથી. ।।૩૪।।

**ગાથાર્થ :-**

**અને અહીં=ઔપમ્યભાષામાં, ઉપમાન ચરિત અને કલ્પિત બે પ્રકારનું નિર્દિષ્ટ છે=કથિત છે. રૂપકની જેમ કલ્પિત ભાવનો અબાધ હોવાથી=કલ્પિત ભાષા દ્વારા યથાર્થ બોધરૂપ ભાવનો અબાધ હોવાથી નિરર્થક નથી. ।।૩૪।।**

**ટીકા :-**

चरितं च=पारमार्थिकं च, यथा महारम्भो ब्रह्मदत्तादिवद्दुःखं भजत इति, तथा कल्पितं= स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितं, यथाऽनित्यतायां पिप्पलपत्रोपमानम् उक्तं च –

"जह तुब्भे तह अम्हे तुब्भे वि य होहिधा जधा अम्हे ।
अप्पाहेति पडंतं पंडुयपत्तं किसलयाणं ।।" (उत्तरा. नि. श्लो. ३०८)

**ननु कल्पितं न प्रयोज्यं, बाधितार्थत्वादित्यत आह-कल्पितमपि रूपकमिव भावाबाधेन न निरर्थमिति । अयं भावः यथा संसारः समुद्र इति रूपकप्रयोगोऽभेदबाधेऽप्यनाहार्यज्ञान एव बाधधियः प्रतिबन्धकत्वादाहार्यशाब्दबोधद्वारा संसारस्य दुस्तरत्वव्यञ्जकतायां पर्यवस्यन्न निष्प्रयोजनस्तथोक्तकल्पितोपमानप्रयोगोऽपि मुख्यार्थबाधेऽप्याहार्यशाब्दबोधद्वाराऽनित्यताप्रतिपत्तिपर्यवसायितया नाऽनर्थ इति । अत एवोक्तम् –**

"णवि अत्थि णवि अ होही, उल्लावो किसलयपंडुपत्ताणं ।

उवमा खलु एस कया, भवियजणविबोहणट्ठाए ।।" **(उत्तरा. नि. श्लो. ३०९)**

**एवं च कल्पितोपमानं स्वतो नादरणीयं किन्त्विष्टार्थसाधकतया, अत एवोक्तम्** "अत्थस्स साहणट्ठा इंधणमिव ओदणट्ठाए ।।" **त्ति ( ) चरितोपमानं तु स्वतोऽप्यादरणीयमिति ध्येयम्, अनयैव दिशा प्रयोगेऽपि खरविषाणादिदृष्टान्तसप्रयोजनता यथाकथञ्चित्परिभावनीया बहुश्रुतैरिति दिग् ।।३४।।**

**ટીકાર્થ :-**

**चरितं च ..... दिग् ।। અને ચરિત=પારમાર્થિક=પારમાર્થિક ઉપમાન.**

પારમાર્થિક ઉપમાનથી ઔપમ્ય એવી સત્યભાષા કેવા સ્વરૂપવાળી છે ? તે 'यथा'થી સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે બ્રહ્મદત્તાદિની જેમ મહા આરંભવાળા પુરુષને દુઃખ પ્રાપ્ત થાય છે.**

**'इति' શબ્દ ઔપમ્યસત્યભાષાની સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**અને કલ્પિત=કલ્પિતઉપમાન, સ્વબુદ્ધિકલ્પના શિલ્પથી નિર્મિત છે. જે પ્રમાણે અનિત્યતામાં=સંસારના પદાર્થોની અનિત્યતાના બોધમાં, પિપ્પલપત્રનું ઉપમાન છે. અને કહેવાયું છે –**

"જે પ્રમાણે તમે છો તે પ્રમાણે અમે (હતા) જે પ્રમાણે અમે (છીએ) તે પ્રમાણે તમે પણ થશો, પડતું એવું જીર્ણપત્ર કિસલયોને=નવાં ખીલેલાં પત્રોને ઉપદેશ આપે છે." **(ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ગાથા-૩૦૮) (આ પ્રકારનું ઉદ્ધરણનું વચન કલ્પિતઔપમ્યસત્ય છે; કેમ કે સંસારની અનિત્યતાનો ઉપમા દ્વારા યથાર્થ બોધ કરાવે છે.)**

**'ननु'થી શંકા કરે છે – કલ્પિતઉપમાનનો પ્રયોગ કરવો જોઈએ નહિ; કેમ કે બાધિત અર્થપણું છે= પાંડુપત્રો કોઈને શિક્ષા આપે એમ કહેવું તે બાધિત અર્થવાળું વચન છે, એથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –**

**કલ્પિત પણ રૂપકની જેમ=રૂપકસત્યની જેમ, ભાવનો અબાધ હોવાથી=યથાર્થ બોધરૂપ ભાવનો અબાધ હોવાથી નિરર્થક નથી. આ ભાવ છે=કલ્પિતઉપમાન નિરર્થક નથી એમ કહેવાનો આ ભાવ છે. જે પ્રમાણે સંસારસમુદ્ર છે એ પ્રકારનો રૂપકનો પ્રયોગ છે=સંસારને સમુદ્ર તુલ્ય બતાવવા માટે રૂપકનો પ્રયોગ છે, અભેદમાં બાધ હોવા છતાં પણ અનાહાર્ય જ્ઞાનમાં જ બાધબુદ્ધિનું પ્રતિબંધકપણું**

**હોવાથી આહાર્ય શાબ્દબોધ દ્વારા=સંસારસમુદ્ર એ વચન આહાર્ય શાબ્દબોધ દ્વારા, સંસારની દુસ્તરત્વની વ્યંજકતામાં પર્યવસાન પામતું નિષ્પ્રયોજન નથી તે પ્રમાણે ઉક્ત કલ્પિતઉપમાનનો પ્રયોગ પણ=ઉત્તરાધ્યયનનો પાંડુપત્રોનો કલ્પિતઉપમાનનો પ્રયોગ પણ, મુખ્યાર્થના બાધમાં પણ=પાંડુપત્રો કિસલયને ઉપદેશ આપે છે એ પ્રકારના મુખ્યાર્થના બાધમાં પણ, આહાર્ય શાબ્દબોધ દ્વારા અનિત્યતાના બોધમાં પર્યવસાયીપણું હોવાથી અનર્થરૂપ નથી. આથી જ કહેવાયું છે=કલ્પિતઉપમાન આહાર્ય શાબ્દબોધ દ્વારા અનિત્યતાનો બોધ કરાવે છે આથી જ કહેવાયું છે –**

"કિસલય અને પાંડુકનો ઉલ્લાપ થયો નથી અને થશે નહિ. ખરેખર ભવિજનના બોધ માટે આ ઉપમા કરાયેલી છે." **(ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ગાથા-૩૦૯)**

**અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે કલ્પિતઉપમાનમાં મુખ્યાર્થનો બાધ હોવા છતાં પણ આહાર્ય શાબ્દબોધ દ્વારા સંસારની અનિત્યતાનો બોધ થાય છે માટે કલ્પિતઉપમાન અર્થવાળું છે એ રીતે, કલ્પિતઉપમાન સ્વતઃ આદરણીય નથી=પાંડુપત્રો ઉપદેશ આપે છે એ પ્રકારનો સ્વતઃ પ્રાપ્ત અર્થને આશ્રયીને આદરણીય નથી પરંતુ ઈષ્ટાર્થ સાધકપણાથી=સંસારની અનિત્યતાના બોધરૂપ ઈષ્ટાર્થના સાધકપણાથી, આદરણીય છે. આથી જ=કલ્પિતઉપમાન ઈષ્ટાર્થ સાધકપણાથી આદરણીય છે આથી જ, કહેવાયું છે –**

"અર્થના સાધન માટે=ઈષ્ટ અર્થની સિદ્ધિ કરવા માટે, (કલ્પિતઉપમાન આદરણીય છે) ઓદન માટે ઈંધણની જેમ." **()**

**'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**વળી ચરિતઉપમાન સ્વતઃ પણ આદરણીય છે=તેનાથી સાક્ષાત્ પ્રાપ્ત અર્થરૂપે પણ આદરણીય છે અને ઈષ્ટાર્થસાધકપણારૂપે પણ આદરણીય છે એ પ્રમાણે જાણવું. આ જ દિશાથી=કલ્પિતઉપમાન ઈષ્ટાર્થસાધકપણાથી ઉપયોગી છે એ જ દિશાથી, પ્રયોગમાં પણ=અનુમાનાદિપ્રયોગમાં પણ, યથા કથંચિત્ ખરવિષાણ આદિ દૃષ્ટાંતની સપ્રયોજનતા બહુશ્રુતો વડે પરિભાવન કરવી જોઈએ એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૩૪॥**

**ભાવાર્થ :-**

**(૧૦) ઔપમ્યસત્યભાષા :-**

ઔપમ્યસત્યભાષાનો નિર્ણય કરવા માટે ઉપમાનની અપેક્ષા છે; કેમ કે ઉપમાન દ્વારા જ બોલાયેલી ભાષા ઔપમ્યસત્ય છે અને તે ઉપમાન સામાન્યથી બે પ્રકારનું છે. (૧) ચરિતઉપમાન, (૨) કલ્પિતઉપમાન, ચરિતઉપમાન એટલે પારમાર્થિક રીતે કોઈના દ્વારા આચરણ કરાયેલા દૃષ્ટાંતને ગ્રહણ કરીને તેના દ્વારા ઔપમ્યભાષા બોલવામાં આવે તે ઔપમ્યસત્યભાષા છે. જેમ ઉપદેશક કોઈક યોગ્ય શ્રોતાને સંસારના આરંભોના યથાર્થ સ્વરૂપના બોધ અર્થે કહે કે મહાઆરંભવાળો પુરુષ બ્રહ્મદત્તાદિની જેમ દુઃખને પ્રાપ્ત કરે

છે અર્થાત્ જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ મહાઆરંભ કરીને સાતમી નરકને પ્રાપ્ત કરેલ છે, તેમ વર્તમાનમાં પણ જેઓ મહાઆરંભો કરે છે તેઓ નરકાદિના દુઃખને પ્રાપ્ત કરે છે. આ કથનમાં બ્રહ્મદત્તના ઉપમાનથી=દૃષ્ટાંતથી, મહાઆરંભની અનર્થકારિતાનો બોધ થાય છે જે બોધ યથાર્થ હોવાથી તેને કહેનારું વચન ઔપમ્યસત્યભાષા છે.

વળી કલ્પિતઉપમાન દ્વારા પણ સંસારની અનિત્યતાનો બોધ કરાવાય છે તે ઔપમ્યસત્યભાષા છે. જેમ ઉત્તરાધ્યયનની નિર્યુક્તિમાં કહ્યું કે વૃક્ષ ઉપરથી પડતાં પીળાં પત્રો કિસલયને કહે છે કે જેમ તમે ખીલેલાં છો તેમ અમે પૂર્વે ખીલેલાં હતાં અને જે પ્રમાણે અમે જીર્ણ થયાં તે પ્રમાણે તમે પણ જીર્ણ થશો. વસ્તુતઃ આ પ્રકારે પડેલું પાંદડું કિસલયને કાંઈ કહેતું નથી પરંતુ તે પ્રકારના કલ્પિતઉપમાન દ્વારા=જાણે પાંડુપત્ર કિસલયને કહેતું ન હોય એ પ્રકારની ઉપમા દ્વારા, કહેવાયેલા ઉપદેશકનાં વચનો યોગ્ય જીવને સંસારની અનિત્યતાનો બોધ કરાવે છે તેથી એ પ્રકારનું ઉપદેશનું વચન ઔપમ્યસત્યભાષારૂપ છે.

ગાથાના ઉત્તરાર્ધના ઉત્થાનને કરતાં કહે છે –

કલ્પિતઉપમાનનો પ્રયોગ વિવેકી પુરુષે કરવો જોઈએ નહિ; કેમ કે પાંડુપત્રો સાક્ષાત્ બોલતાં હોય તે અસંભવિત વિષયવાળું છે અને તેવા બાધિત અર્થવાળું કથન સત્યભાષારૂપે છે એમ કહી શકાય નહિ. આ પ્રકારની શંકાનું નિરાકરણ કરતાં ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

કલ્પિત પણ ઉપમાન રૂપકભાષાની જેમ તાત્પર્યનો અબાધ હોવાને કારણે નિરર્થક નથી. જેમ કોઈને કહેવામાં આવે કે સંસાર મહાસમુદ્ર છે. તે વખતે સંસારને સમુદ્રનો રૂપક પ્રયોગ કરેલો છે. વસ્તુતઃ સંસાર અને સમુદ્રના અભેદનો બાધ છે તેથી સંસારને સમુદ્ર કહેવો તે દોષરૂપ કહેવાય પરંતુ અનાહાર્ય જ્ઞાનમાં જ બાધબુદ્ધિનું પ્રતિબંધકપણું છે. જેમ રજતને જોઈને આ શુક્તિ છે તે અનાહાર્યજ્ઞાન છે છતાં તે પ્રકારનો પ્રયોગ કોઈ વક્તા કરે તો શ્રોતાને બાધબુદ્ધિ ઉત્પન્ન થાય છે તેથી તે પ્રકારનો પ્રયોગ કરી શકાય નહિ છતાં કોઈ કરે તો તે ભાષા મૃષાભાષા છે તેમ કહેવું પડે, પરંતુ સંસાર સમુદ્ર છે એ પ્રકારના રૂપક પ્રયોગમાં આહાર્ય શાબ્દબોધ દ્વારા સંસારની દુસ્તરતાનો બોધ થાય છે તેથી તે પ્રયોગ નિષ્પ્રયોજન નથી પરંતુ ઉચિત જ છે અને યોગ્ય શ્રોતાને પણ ભ્રમ થતો નથી કે સંસાર પાણીના સમૂહરૂપ સમુદ્ર નથી છતાં આ મહાત્મા સંસારને સમુદ્ર કહે છે. તેથી તે વચન મૃષા છે તેમ બોધ થતો નથી પરંતુ વિવેકસંપન્ન શ્રોતાને તેવો જ બોધ થાય છે કે સમુદ્રમાં પડેલા જીવને બાહુથી તરીને તેમાંથી નિસ્તાર પામવો અતિદુષ્કર છે તેમ મોહના પરિણામરૂપ સંસારમાંથી મોહના ઉન્મૂલનને અનુકૂળ દૃઢ વ્યાપાર કરવારૂપ ભુજાથી સંસાર તરવો દુષ્કર છે, આથી જ મહાસત્ત્વશાળી જીવો અનેક ભવોમાં અંતરંગ મહાયત્ન દ્વારા મોહનું ઉન્મૂલન કરવાને અનુકૂળ સંયમના વ્યાપારરૂપ ભુજાથી સંસારસમુદ્રને તરી શકે છે. અલ્પ સત્ત્વવાળા તો સંસારથી તરવા માટે જ સંયમનો વેશ ગ્રહણ કરીને પણ અને યત્કિંચિત્ સંયમની બાહ્ય આચરણા કરીને મોહસાગરને તરવા સમર્થ થતા નથી. આ પ્રકારનો બોધ કરાવવામાં રૂપક પ્રયોગ જેવો બોધ કરાવી શકે તેવો બોધ અન્ય પ્રયોગથી થાય નહિ તેથી મહાત્માઓ તેવો પ્રયોગ કરે છે, તેમ કલ્પિતઉપમાનનો પ્રયોગ પણ મુખ્યાર્થના

બાધમાં પણ આહાર્ય શાબ્દબોધ દ્વારા સંસારની અનિત્યતાનો બોધ કરાવે છે માટે અનર્થકારી નથી તેથી કલ્પિતઉપમાન દ્વારા કરાયેલો વચનપ્રયોગ ઔપમ્યસત્યભાષા છે.

અહીં કહ્યું કે આહાર્ય શાબ્દબોધ દ્વારા રૂપક પ્રયોગ સંસારની દુસ્તરતા બતાવે છે તેથી એ પ્રાપ્ત થાય કે બાધકાલીન ઇચ્છાજન્ય જે જ્ઞાન છે તે આહાર્યજ્ઞાન છે, જેમ જિનપ્રતિમામાં આ જિન છે એ પ્રકારનો પ્રયોગ કરાય છે, તે આહાર્ય શાબ્દબોધ પ્રયોગ છે. તેથી જિનપ્રતિમાને જોનાર પુરુષને વીતરાગતા આદિ ગુણવાળા પુરુષનો જિનપ્રતિમામાં પ્રત્યક્ષથી બાધ જણાય છે, છતાં તેમાં જિનનો બોધ કરાવવા અર્થે પ્રતિમાને જોઈને આ જિન છે એવો પ્રયોગ થાય છે ત્યારે શ્રોતાને તે વચનથી આહાર્ય શાબ્દબોધ થાય છે કે જિનતુલ્ય આ પ્રતિમા ઉપાસ્ય છે અને શ્રોતાને તેવો બોધ કરાવવા અર્થે મહાત્મા તે પ્રતિમાને જિન કહે છે અને જે સ્થાનમાં આહાર્યજ્ઞાન કરવાનું પ્રયોજન નથી તે સ્થાનમાં બાધની બુદ્ધિ તે પ્રકારનો બોધ કરાવવામાં બાધક છે, આથી જ શુક્તિમાં ચાંદીનો બોધ કરાવવાનું કોઈ પ્રયોજન નથી તે સ્થાનમાં આ ચાંદી છે એ પ્રકારનો પ્રયોગ કરવામાં આવે તો તે સ્થાનમાં શ્રોતાને આહાર્યજ્ઞાન થતું નથી પરંતુ આ વચન મૃષા છે તેવો જ બોધ થાય છે અને જિનપ્રતિમામાં આ જિન છે ત્યાં યોગ્ય શ્રોતાને આ વચન મૃષા છે તેમ બોધ થતો નથી પરંતુ તે વચન દ્વારા આહાર્ય શાબ્દબોધથી આ પ્રતિમા જિનતુલ્ય ઉપાસ્ય છે તેવો જ શાબ્દબોધ થાય છે. તેમ કલ્પિતઉપમાન દ્વારા કરાયેલા પ્રયોગમાં પણ વિચારકને તેમ જણાતું નથી કે પાંડુપત્ર કઈ રીતે બોલી શકે ? માટે આ વચન મૃષારૂપ છે; કેમ કે પાંડુપત્ર બોલે એ રૂપ મુખ્યાર્થનો ત્યાં બાધ હોવા છતાં પણ પાંડુપત્રના વચન દ્વારા આહાર્ય શાબ્દબોધ જ થાય છે કે જેમ પાંડુપત્ર જીર્ણ થઈને નાશ પામ્યું તેમ મનુષ્યાદિ ભવોનાં આયુષ્ય ક્ષીણ થઈને આપણો વિનાશ થાય છે માટે મૃત્યુની પ્રાપ્તિ પૂર્વે જ સર્વ ઉદ્યમથી સંસારના ઉચ્છેદમાં યત્ન કરીને મનુષ્યભવને સફળ કરવો જોઈએ. માટે કલ્પિતઉપમાન પણ અનર્થરૂપ નથી, આથી જ ઉત્તરાધ્યયનમાં કહેવાયું છે અર્થાત્ કલ્પિતઉપમાન પણ આહાર્ય શાબ્દબોધ દ્વારા અનિત્યતાનો બોધ કરાવે છે માટે અનર્થરૂપ નથી આથી જ ઉત્તરાધ્યયનમાં કહેવાયું છે.

શું કહેવાયું છે ? તે બતાવે છે –

કિસલય પાંડુપત્રોનો ઉલ્લાપ વાસ્તવિક નથી અને ભવિષ્યમાં ક્યારે પણ થશે નહિ પરંતુ ભવ્ય જીવોને મનુષ્યભવમાં પ્રમાદના નિવારણપૂર્વક આત્મહિત કરવા અર્થે બોધ કરાવવાના પ્રયોજનથી આ ઉપમા અપાઈ છે.

આનાથી શું ફલિત થાય ? તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

ચરિતઉપમાનની જેમ કલ્પિતઉપમાન સ્વતઃ આદરણીય નથી પરંતુ યોગ્ય જીવને ઉચિત બોધ કરાવવા અર્થે ઉપકારક હોવાથી આદરણીય છે અને ચરિતઉપમાન સ્વતઃ પણ આદરણીય છે અને ઇષ્ટાર્થસાધકપણાથી પણ આદરણીય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કલ્પિતઉપમાનમાં કિસલયે કહ્યું તેવો ઉલ્લાપ વાસ્તવિક નથી તે અપેક્ષાએ કલ્પિતઉપમાન આદરણીય નથી પરંતુ તે ઉપમાન દ્વારા બોલાયેલી ભાષા યોગ્ય જીવને વૈરાગ્ય ઉત્પન્ન કરે છે માટે આદરણીય છે.

વળી ચરિતઉપમાનમાં કહ્યું કે બ્રહ્મદત્ત ચક્રવર્તી મહાઆરંભને કારણે નરકમાં ગયા તે કથન તે શબ્દોથી જ આદરણીય છે અને તે ઉપમાનના વચન દ્વારા યોગ્ય જીવને મહાઆરંભથી નિવૃત્તિનો પરિણામ થાય છે તે અપેક્ષાએ પણ ચરિતઉપમાન આદરણીય છે.

કલ્પિતઉપમાન સ્વતઃ આદરણીય નથી તેમાં દૃષ્ટાંત આપે છે –

કોઈક શાસ્ત્રમાં ક્યાંક કહ્યું છે કે ઓદનની પાચન ક્રિયા માટે ઇંધણ=બળતણ આદરણીય છે પરંતુ પાચનનું પ્રયોજન ન હોય ત્યારે બળતણનું કોઈ પ્રયોજન નથી તેમ ચરિતઉપમાન દ્વારા પણ યોગ્ય જીવને વૈરાગ્ય નિષ્પન્ન કરવાનું પ્રયોજન હોય ત્યારે કલ્પિતઉપમાન આદરણીય છે પરંતુ પાંડુપત્રો કિસલયને ઉપદેશ આપે છે તેવો બોધ કરાવવા અર્થે કલ્પિતઉપમાન આદરણીય નથી.

વળી કલ્પિતઉપમાન સ્વતઃ આદરણીય નથી પરંતુ વૈરાગ્યની નિષ્પત્તિના પ્રયોજનથી આદરણીય છે તે બતાવવા માટે યુક્તિ આપે છે –

જેમ કલ્પિતઉપમાન વૈરાગ્યના પ્રયોજનથી આદરણીય છે એ જ દિશાથી અનુમાનના પ્રયોગમાં પણ યથાકથંચિત્ ખરવિષાણ આદિ દૃષ્ટાંતની પ્રયોજનતા છે એ પ્રકારે બહુશ્રુતવાળા પુરુષોએ પરિભાવન કરવું જોઈએ.

આશય એ છે કે જેમ પાંડુપત્રો બોલતાં નથી તેની જેમ ખરવિષાણ પણ જગતમાં અસ્તિત્વ ધરાવતું નથી છતાં યોગ્ય શ્રોતાને સંસારના યથાર્થ સ્વરૂપનો બોધ કરાવવા અર્થે પાંડુપત્રોનો ઉલ્લાપ નહિ હોવા છતાં જાણે પાંડુપત્રો પોતાની જીર્ણ અવસ્થા દ્વારા એ પ્રકારે કહેતાં ન હોય ? એવા કથનથી યોગ્ય જીવને પ્રત્યક્ષ દેખાતા પાંડુપત્રની સ્થિતિના બળથી તીવ્ર સંવેગ થાય છે તેથી તે પ્રયોગ સપ્રયોજન છે, તેમ અનુમાન પ્રયોગમાં પણ કોઈકસ્થાને ખરવિષાણ આદિના દૃષ્ટાંતથી યથાર્થ બોધ થતો હોય તે અપેક્ષાએ અસત્ એવા પણ ખરવિષાણનું દૃષ્ટાંત સપ્રયોજન બને છે, પરંતુ સર્વપ્રકારે ખરવિષાણનું દૃષ્ટાંત સપ્રયોજન નથી તેથી યથાકથંચિત્ સપ્રયોજનવાળું છે તેમ ગ્રંથકારશ્રીએ કહેલ છે. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**तदप्येकैकं चतुर्विधमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**તે પણ=ગાથા-૩૪માં કહ્યું કે ઉપમાન સામાન્યથી બે પ્રકારનું છે તે પણ ઉપમાન, એકેક=કલ્પિત અને ચરિત બન્નેમાંથી પ્રત્યેક, ચારપ્રકારનું છે એને ગાથામાં કહે છે –**

**ગાથા :-**

**आहरणे तद्देसे तद्दोसे तह पुणो उवन्नासे ।**
**एक्केक्कं तं चउहा णेयं सुत्ताउ बहुभेयं ।।३५।।**

**છાયા :-**

आहरणे तद्देशे तद्दोषे तथा पुनरुपन्यासे ।
एकैकं तच्चतुर्धा ज्ञेयं सूत्राद् बहुभेदम् ।।३५।।

**અન્વયાર્થ :-**

आहरणे=આહરણમાં, तद्देसे=તદ્દેશમાં, तद्दोसे=તદ્દોષમાં, तह=અને पुणो=ફરી, उवन्नासे=ઉપન્યાસમાં, बहुभेयं=બહુભેદવાળું એવું, तं=તે, एक्केक्कं=એકેક=અવાન્તર અનેક ભેદવાળું એવું આહરણ આદિ એક એક, सुत्ताउ=સૂત્રથી, चउहा=ચાર પ્રકારનું, णेयं=જાણવું. ।।૩૫।।

**ગાથાર્થ :-**

**આહરણમાં, તદ્દેશમાં, તદ્દોષમાં અને ફરી ઉપન્યાસમાં બહુભેદવાળું એવું તે એકેક=અવાન્તર અનેક ભેદવાળું એવું આહરણ આદિ એક એક સૂત્રથી ચાર પ્રકારનું જાણવું. ।।૩૫।।**

**ટીકા :-**

उक्तयोः चरितकल्पितयोरुपमानयोर्मध्ये एकैकं चतुर्विधं, क्व विषय इत्याह-उदाहरणे तद्देशे तद्दोषे तथा पुनरुपन्यासे ज्ञेयं=ज्ञातव्यं, किदृशं? बहुभेदं=बहवो भेदा अवान्तरप्रकारा यस्य तत् (तथा) । तथाहि आहरणं=संपूर्णं प्रकृतोपयोगी दृष्टान्तः, स च चतुर्द्धा अपायोपायस्थापनाप्रत्युत्पन्न-विन्यासभेदात् । तत्राऽपायः=अनिष्टप्राप्तिः, तद्विषयमुदाहरणं=अपायोदाहरणम् । स च चतुर्द्धा, द्रव्यापायः क्षेत्रापायः कालापायो भावापायश्चेति ।

तत्र द्रव्यापाये धननिमित्तं परस्परवधपरिणतौ द्वौ भ्रातरावुदाहरणम्, क्षेत्रापाये दशारवर्गः, कालापाये द्वैपायनः, भावापाये च मण्डूकिकाक्षपकः कूरगडुकजीव इति ध्येयम् । एतत्कथानकोपदर्शनं च श्रोतॄणां संवेगस्थैयार्थम्, इदं च चरणकरणानुयोगमधिकृत्योक्तम्, द्रव्यानुयोगमधिकृत्य तु द्रव्याद्यपेक्षयाऽऽत्मादेरेकान्तनित्यतावादिनां सुखदुःखाभावप्रसङ्गादिनिदर्शनं द्रष्टव्यम् ।१।

**ટીકાર્થ :-**

उक्तयोः ..... द्रष्टव्यम् ।१। ઉક્ત એવા ચરિત-કલ્પિતઉપમાનના મધ્યમાં=ગાથા-૩૪માં કહેવાયેલા ચરિત અને કલ્પિત એવા ઉપમાનના મધ્યમાં, એક એક ચાર પ્રકારનું છે.

કયાં વિષયમાં છે ? એથી ગાથામાં કહે છે –

ઉદાહરણના વિષયમાં, તદ્દેશના વિષયમાં, તદ્દોષના વિષયમાં અને પુનઃ ઉપન્યાસના વિષયમાં જાણવું=ચરિત અને કલ્પિતઉપમાન ચાર પ્રકારનું જાણવું.

વળી તે કેવા પ્રકારનું છે ? તેથી કહે છે –

**બહુભેદવાળું છે=બહુ અવાન્તર પ્રકારરૂપ ભેદો છે જેને તે બહુભેદવાળું છે, તે અવાન્તર પ્રકારો '*તથાહિ*'થી બતાવે છે –**

**આહરણ=પ્રથમભેદરૂપ ઉદાહરણ=સંપૂર્ણ પ્રકૃત ઉપયોગી દૃષ્ટાંત આહરણ ઉદાહરણ છે=તદ્દેશ તદ્દોષ અને પુનઃ ઉપન્યાસની જેમ દેશમાં ઉપયોગી દૃષ્ટાંત નથી પરંતુ ઔપમ્યનો બોધ કરાવવા માટે સંપૂર્ણ ઉપયોગી દૃષ્ટાંત છે અને તે=સંપૂર્ણ પ્રકૃતમાં ઉપયોગી એવું આહરણ અપાય, ઉપાય સ્થાપના અને પ્રત્યુત્પન્ન વિન્યાસના ભેદથી ચાર પ્રકારનું છે.**

**ત્યાં=ચાર પ્રકારના આહરણમાં, અપાય અનિષ્ટની પ્રાપ્તિ છે. તેના વિષયવાળું ઉદાહરણ અપાય ઉદાહરણ છે. અને તે=અપાય ઉદાહરણ, ચાર પ્રકારનું છે – દ્રવ્યઅપાય, ક્ષેત્રઅપાય, કાળઅપાય અને ભાવઅપાય.**

**'इति' શબ્દ અપાય ઉદાહરણના ચાર ભેદોની સમાપ્તિ માટે છે.**

**ત્યાં=ચાર પ્રકારના અપાયમાં, દ્રવ્યઅપાયવિષયક ધનનિમિત્ત પરસ્પર વધની પરિણતિવાળા બે ભાઈઓ ઉદાહરણ છે, ક્ષેત્રઅપાયવિષયક દશારવર્ગ ઉદાહરણ છે=સમુદ્રવિજય આદિ દશ ભાઈઓનો સમૂહ ઉદાહરણ છે, કાલઅપાયવિષયક દ્વૈપાયન ઋષિ=દ્વારિકા બાળનાર દ્વૈપાયન ઋષિ, ઉદાહરણ છે અને ભાવઅપાયવિષયક મંડુકિકાક્ષપક કૂરગડુકજીવ=જે કૂરગડુમુનિ મોક્ષમાં ગયા તેમનો જીવ, પૂર્વભવમાં તપસ્યા કરનાર સાધુ હતા અને જેમના પગ નીચે મંડુકિકા=દેડકી, કચડાયેલી તે ભાવઅપાયમાં દૃષ્ટાંત છે.**

**અને આમના કથાનકનું ઉપદર્શન=દ્રવ્યાદિ ચાર અપાયોના કથાનકનું ઉપદર્શન, શ્રોતાઓના સંવેગના સ્થૈર્ય માટે છે અને આ=દ્રવ્યાદિ ચાર અપાયોના ઉદાહરણનું કથન, ચરણકરણાનુયોગને આશ્રયીને કહેવાયું. વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને દ્રવ્યાદિ અપેક્ષાથી=દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી આત્માદિના એકાંતનિત્યવાદીઓનું સુખ-દુઃખના અભાવ પ્રસંગાદિનું દૃષ્ટાંત જાણવું. ।૧।**

**ભાવાર્થ :-**

ગાથા-૩૪માં ચરિતઉપમાન અને કલ્પિતઉપમાન એમ બે ભેદ બતાવ્યા તે બન્ને ભેદોમાંથી દરેક ભેદો ચાર પ્રકારના છે. તે ચાર પ્રકારો ગ્રંથકારશ્રી બતાવે છે –

ઉદાહરણના વિષયમાં, તદ્દેશના વિષયમાં, તદ્દોષના વિષયમાં અને પુનઃ ઉપન્યાસના વિષયમાં ચરિતઉપમાન અને કલ્પિતઉપમાનના ભેદોની પ્રાપ્તિ છે તેથી તેના ચાર ચાર ભેદની પ્રાપ્તિ થઈ.

વળી તે ચાર ભેદો પણ અવાન્તર ઘણા ભેદોવાળા છે અને તે અવાન્તર ભેદો અનેક હોવા છતાં તે એક એકના ચાર ચાર ભેદો છે તે બતાવવા અર્થે પ્રથમ આહરણરૂપ ભેદના ચાર ભેદો બતાવે છે –

**આહરણઉપમાનના ચાર ભેદો :-**

(૧) અપાય, (૨) ઉપાય, (૩) સ્થાપના અને (૪) પ્રત્યુત્પન્નવિન્યાસ એમ આહરણ ઉપમાનના ચાર ભેદો છે.

ત્યાં આહરણનો અર્થ કરે છે –

જે દૃષ્ટાંત પ્રકૃત એવા ઔપમ્યને બતાવવા માટે સંપૂર્ણ ઉપયોગી હોય તે આહરણઉપમાન કહેવાય.

**અપાયઉદાહરણ :-**

વળી આહરણઉપમાન અપાય આદિ ચાર ભેદવાળું છે, તેમાંથી અપાયરૂપ ઉદાહરણ પણ ચાર ભેદવાળું છે.

તેમાં અપાયનો અર્થ કરે છે –

અનિષ્ટની પ્રાપ્તિ એ અપાય છે અને તેના વિષયવાળા ઉદાહરણને અપાય ઉદાહરણ કહેવાય છે. તે અપાય પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને ચાર પ્રકારનો હોવાથી અપાય ઉદાહરણના ચાર ભેદોની પ્રાપ્તિ છે.

**(૧) દ્રવ્યઅપાયઉદાહરણ :-**

દ્રવ્યઅપાયના વિષયમાં ધન માટે પરસ્પર વધ કરવા માટે તત્પર થયેલા બે ભાઈઓનું ઉદાહરણ છે. તેથી કોઈ ઉપદેશક શાસ્ત્રમાં પ્રસિદ્ધ ધન નિમિત્તે પરસ્પરના વધ પરિણત બે ભાઈઓનું ઉદાહરણ બતાવીને શ્રોતાને કહે કે જેમ ધનના લોભને વશ આ બે ભાઈઓ પરસ્પરના વિનાશ માટે પ્રવૃત્ત થયા તેમ જેઓ ધન પ્રત્યે મૂર્ચ્છા રાખે છે તેઓ ધનની મૂર્ચ્છાને વશ વિવેક રહિત થઈને પોતાનું આ લોકનું જીવન અને પરલોકનું જીવન વિનાશ કરે છે. આ સાંભળીને યોગ્ય શ્રોતાને ધન પ્રત્યેની મૂર્ચ્છા અહિતનું કારણ છે તેવી બુદ્ધિ થવાથી સંવેગ ઉત્પન્ન થાય છે અને ઉપદેશકના સંવેગપૂર્વકના ઉપદેશથી તે શ્રોતાને સંવેગ ઉત્પન્ન થયેલો હોય તો પ્રસ્તુત દૃષ્ટાંતના બળથી સંવેગ સ્થૈર્ય ભાવને પામે છે. તેથી દ્રવ્યઅપાયને કહેનારા ઉદાહરણ દ્વારા જે ઔપમ્યભાષા બોલાય છે તે ઔપમ્યસત્યભાષા છે અને દ્રવ્યઔપમ્યસત્યભાષા દ્રવ્યઅપાયના ઉપમાન દ્વારા=દૃષ્ટાંત દ્વારા, સંવેગની સ્થિરતાનું કારણ બને છે.

**(૨) ક્ષેત્રઅપાયઉદાહરણ :-**

ક્ષેત્રઅપાયમાં સમુદ્રવિજય આદિ દશ ભાઈઓ ઉદાહરણ છે. કોઈ ઉપદેશક યોગ્ય શ્રોતાને કહે કે કૃષ્ણે કંસનો નાશ કર્યો ત્યારે જરાસંધના ભયથી સમુદ્રવિજય આદિ દશે ભાઈઓ તે ક્ષેત્રનો ત્યાગ કરીને દ્વારિકામાં ગયા તેથી સુરક્ષિત થયા. તેમ જે ક્ષેત્ર સંયમનાશનું કારણ હોય અથવા જે ક્ષેત્ર શ્રાવકને ધર્મનિષ્પત્તિમાં વ્યાઘાત કરે તેવું હોય તે ક્ષેત્રનો પરિહાર ન કરવામાં આવે તો દશારવર્ગની જેમ ક્ષેત્રના અપાયથી રક્ષણ થઈ શકે નહિ તેથી ક્ષેત્રઅપાયના ઉદાહરણ દ્વારા અયોગ્ય ક્ષેત્રના પરિહારનો જે પરિણામ હોય છે તે સ્થિર થાય છે. જેથી શ્રોતાને ધર્મમાં દૃઢ ઉદ્યમ કરવા માટે કારણીભૂત ક્ષેત્રમાં જવા માટેનો સંવેગનો પરિણામ સ્થિરભાવને પામે છે. આવા ઉપદેશની ભાષા ઔપમ્યસત્યભાષા છે.

**(૩) કાળઅપાયઉદાહરણ :-**

વળી નેમનાથ ભગવાનના વચનથી દ્વૈપાયન ઋષિએ જાણ્યું કે મારા હાથે દ્વારિકાનગરી નાશ પામશે

જેથી પોતે તેમાં નિમિત્ત ન બને તે અર્થે તે પોતે તે ક્ષેત્રને છોડીને અન્ય ક્ષેત્રમાં જાય છે, છતાં ઘણા કાળ પછી જ્યારે તે ક્ષેત્રમાં આવે છે ત્યારે તેના હાથે દ્વારિકાનાશનો પ્રસંગ ઊભો થયો, તેથી તેવા નાશથી રક્ષણ અર્થે જેમ તે કાળમાં તે ક્ષેત્રનો પરિહાર આવશ્યક છે તેમ કોઈ મહાત્મા દ્વૈપાયનઋષિના દૃષ્ટાંતથી કહે કે વર્તમાનનો વિષમકાળ છે, પૂર્વના તેવા ઉત્તમ પુરુષનો યોગ વર્તમાનમાં દુષ્કર છે, અજ્ઞાની જીવોથી ક્ષેત્ર વ્યાપ્ત છે તેથી તે કાળના અપાયના પરિહાર માટે પ્રાજ્ઞ થઈને નિપુણતાપૂર્વક સદ્ધર્મના પરીક્ષક અને સુગુરુના પરીક્ષક થવું જોઈએ જે સાંભળીને યોગ્ય શ્રોતા તે પ્રકારના સંવેગના સ્થૈર્યને પામે જેથી કાળના અપાયથી સુરક્ષિત બને. આવું વચન કાળના અપાયરૂપ આહરણના ઉપમાનથી ઔપમ્યસત્યભાષારૂપ છે.

**(૪) ભાવઅપાયઉદાહરણ :-**

વળી કૂરગડુ પૂર્વભવમાં તપસ્વી સાધુ હતા. ગમનાગમન વખતે પગ નીચે દેડકીનો વિનાશ થયો છતાં તેમને તેનો ખ્યાલ નહિ. ત્યારે સાથે રહેલા બાલમુનિએ તેમને તેનું સ્મરણ કરાવ્યું તે ઉચિત સ્મારણારૂપ વચન છે. વળી સાંજના પણ ફરી તેનું સ્મરણ કરાવ્યું ત્યારે કુપિત થયેલા તે મહાત્મા ક્ષુલ્લક સાધુને મારવા જાય છે અને સ્તંભ સાથે અથડાઈને કાળધર્મ પામી જ્યોતિષદેવ થાય છે ત્યાંથી દૃષ્ટિવિષ સર્પ થાય છે, આ પ્રકારનો જે અનર્થ પ્રાપ્ત થયો તે ક્રોધરૂપ ભાવનો અપાય છે. આ ભાવના અપાયના ઉદાહરણથી કષાયોની કેવા પ્રકારની અનર્થકારિતા છે તે કોઈ ઉપદેશક બતાવે તો ઉપદેશકના ઉપદેશથી સંવેગ પામેલા તે શ્રોતામાં સંવેગનું સ્થૈર્ય થાય છે. આ પ્રકારનો વચનપ્રયોગ એ ભાવઅપાયના આહરણરૂપ ઉપમાન દ્વારા ઔપમ્ય-સત્યભાષા છે.

આ ચાર પ્રકારના દ્રવ્યાદિને આશ્રયીને જે અપાયો બતાવ્યા તે આચરણાને આશ્રયીને હોવાથી ચરણકરણાનુયોગવિષયવાળા છે.

**દ્રવ્યાનુયોગને આશ્રયી અપાયઉદાહરણ :-**

હવે દ્રવ્યાનુયોગને આશ્રયીને તેવું દૃષ્ટાંત બતાવતાં કહે છે –

કોઈ એકાંત નિત્યવાદી કહે કે આત્મા દ્રવ્યરૂપે એકાંતનિત્ય છે, ક્ષેત્રમાં સર્વક્ષેત્રવ્યાપી છે, કાળમાં સર્વકાળમાં એક સ્વરૂપવાળો છે, ભાવથી તેનું કોઈ પરાવર્તન થતું નથી. તે કથનમાં એકાંત નિત્યવાદીને સુખ-દુઃખના અભાવની પ્રાપ્તિ આદિરૂપ અપાયની પ્રાપ્તિ થાય છે.

જેમ આત્મા એકાંત નિત્ય હોય તો ક્ષણભર દુઃખનું અને ક્ષણભર સુખનું પ્રત્યક્ષ વેદન થાય છે તે થાય નહિ. વળી આત્મા સર્વક્ષેત્રવ્યાંપી હોય તો એક જન્મમાંથી અન્ય જન્મમાં જાય ત્યારે અન્ય ક્ષેત્રમાં ઉત્પત્તિ થાય છે તે સંગત થાય નહિ. સર્વ કાળમાં સ્થિર એક સ્વભાવ હોય તો સંસારમાં દેખાતાં પરિવર્તનો સંગત થાય નહિ અને ભાવમાં પરિવર્તન ન હોય તો સંસારી અવસ્થા અને મુક્ત અવસ્થા સંગત થાય નહિ. આ પ્રકારના અપાયના દર્શન દ્વારા ઉપદેશક શ્રોતાને પરિણામી આત્મા આદિ પદાર્થો છે એમ બતાવે તે

દ્રવ્યાનુયોગને આશ્રયીને આહરણ ઉપમાન દ્વારા ઔપમ્યસત્યભાષા છે, જેનાથી યોગ્ય શ્રોતાને ભગવાનના અનેકાંતવાદમાં સ્થિર શ્રદ્ધા થાય છે. **।૧।**

આહરણ ઉપમાનના ઉપાયરૂપ બીજા ભેદના ચાર પ્રભેદોને બતાવે છે –

**ટીકા :-**

**उपायः=अभिलषितवस्त्ववाप्त्यर्थो व्यापारः, तद्विषयमुदाहरणं उपायोदाहरणम्, सोऽपि च द्रव्यादिभेदादपायवच्चतुर्विधः, तत्र द्रव्योपायो लोके धातुर्वादादिः लोकोत्तरे त्वध्वादौ पटलादि-प्रयोगतः प्रासुकोदककरणादिः, क्षेत्रोपायो लौकिको लाङ्गलकुलिकादिः लोकोत्तरस्तु विधिना प्रातरशनाद्यर्थमटनादिना क्षेत्रसञ्चारः, कालोपायो नाडिकादिलौकिकः, तस्य तज्ज्ञानोपायत्वेन तथाव्यपदेशात् लोकोत्तरस्तु सूत्रपरावर्तनादिः, भावोपायस्तु देवनिर्मितैकस्तम्भप्रासादोपशोभित-सर्वर्तुकारामस्थरसालपादपस्य फलमवनामिन्या विद्यया गुर्विण्या दोहदपूरणार्थं गृहितवतश्चाण्डाल-चौरस्याभिप्रायपरिज्ञानार्थमभयस्येवाऽऽख्यायिकाप्रबन्धोपदर्शनादिक इति । इदं च लौकिकमर्थाक्षिप्तं चरणकरणानुयोगमधिकृत्य चोक्तम्, द्रव्यानुयोगमधिकृत्य पुनरादानाद्युपायेनात्मास्तित्वसाधननिदर्शनं द्रष्टव्यम् ।२।**

**ટીકાર્થ :-**

उपायः ..... द्रष्टव्यम् ।२। **ઉપાય=અભિલષિત વસ્તુની પ્રાપ્તિના અર્થવાળો વ્યાપાર, તદ્ વિષયવાળું ઉદાહરણ ઉપાયઉદાહરણ છે. અને તે પણ=અપાય ઉદાહરણ તો ચાર ભેદવાળું છે પરંતુ ઉપાય ઉદાહરણ પણ દ્રવ્યાદિના ભેદથી અપાયની જેમ=અપાયઉદાહરણની જેમ, ચાર ભેદવાળું છે. ત્યાં=ઉપાય ઉદાહરણના ચાર ભેદમાં, દ્રવ્યઉપાય લોકમાં ધાતુવાદાદિ છે, વળી લોકોત્તરમાં માર્ગગમનકાળમાં પટલાદિ પ્રયોગથી પ્રાસુક ઉદકકરણાદિ છે. ક્ષેત્રઉપાય લૌકિક લાઙ્ગલકુલિકાદિ છે=હળ અને ખેતરમાં** *ઘાસ કાપવાનું સાધન આદિ છે*, **વળી લોકોત્તર ક્ષેત્રઉપાય વિધિપૂર્વક સવારના અન્નાદિ માટે અટનાદિ દ્વારા ક્ષેત્રનો સંચાર છે. કાલઉપાય નાડિકાદિ લૌકિક છે; કેમ કે તેનું=નાડિકાદિનું, તેના જ્ઞાનના ઉપાયપણાથી=કાલના જ્ઞાનના ઉપાયપણાથી તે પ્રકારે વ્યપદેશ થાય છે=કાળઉપાયરૂપે વ્યપદેશ થાય છે, વળી લોકોત્તર સૂત્રપરાવર્તનાદિ કાળઉપાય છે. વળી ભાવઉપાય દેવનિર્મિત એક સ્તંભના પ્રાસાદથી શોભિત સર્વ ઋતુવાળા બગીચામાં રહેલા રસાળ વૃક્ષના ફળને અવનામિની વિદ્યાથી ગર્ભવતી સ્ત્રીના દોહદના પૂરણાર્થે ગ્રહણ કરનારા=ફળને ગ્રહણ કરનારા, ચાંડાલ ચોરના અભિપ્રાયના પરિજ્ઞાન માટે અભયકુમારની જેમ દૃષ્ટાંતના પ્રબંધનું ઉપદર્શનાદિક છે.**

**'इति' શબ્દ ચાર પ્રકારના ઉપાયના ભેદની સમાપ્તિ માટે છે.**

**અને આ=ઉપાય, લૌકિક અર્થથી આક્ષિપ્તને આશ્રયીને અને ચરણકરણાનુયોગને આશ્રયીને**

**કહેવાયો. વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને આદાન આદિ ઉપાયથી=વસ્તુના ગ્રહણ-મોચનાદિના ઉપાયથી આત્માના અસ્તિત્વના સાધનનું દૃષ્ટાંત જાણવું. ।૨।**

**ભાવાર્થ :-**

**ઉપાયઉદાહરણ :-**

ઉપમાનના ચાર ભેદો છે તેમાંથી ઉદાહરણના ઉપાયરૂપ બીજા ભેદને તેના અવાન્તર દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવરૂપ ચાર ઉપાયોથી બતાવે છે –

ઉપાય એટલે પોતાની ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે કરાતો વ્યાપાર. ઉપાયને બતાવનારું ઉદાહરણ તે ઉપાયઉદાહરણ. તે ઉપાય ઉદાહરણ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને ચાર ભેદવાળું છે. તે ચાર ભેદવાળા ઉપાયના દૃષ્ટાંતથી શ્રોતાને વસ્તુનો બોધ કરાવવામાં આવે તે ઉપાયઉદાહરણરૂપ ઔપમ્ય-સત્યભાષા છે.

**(૧) દ્રવ્યઉપાયઉદાહરણ :-**

તેમાં દ્રવ્યઉપાય લૌકિક દૃષ્ટિથી ધાતુવાદ આદિ છે. તેથી કોઈ ઉપદેશક કહે કે જેમ ધાતુવાદ આદિના ઉચિત યત્નથી લોકો ધનને પ્રાપ્ત કરે છે, તેમ આત્મામાં ગુણોની નિષ્પત્તિના ઉચિત ઉપાયોથી આત્માને પોતાને ગુણસંપત્તિરૂપ ધનની પ્રાપ્તિ થાય છે, તેથી જેમ ધાતુવાદને કરનારા અગ્નિ આદિ દ્વારા સુવર્ણ આદિ ધાતુને પ્રાપ્ત કરે છે તેમ શાસ્ત્રનિયંત્રિત ધ્યાનરૂપે અગ્નિ દ્વારા કર્મમળને દૂર કરીને મહાત્માઓ આત્માની ગુણસંપત્તિને પ્રાપ્ત કરે છે એ પ્રકારનું ઉપદેશકનું વચન દ્રવ્યઉપાયરૂપ ઉદાહરણના ઉપમાન દ્વારા કહેવાયું હોવાથી ઔપમ્યસત્યભાષા છે.

વળી લોકોત્તર દ્રવ્યઉપાયમાં વસ્ત્રાદિના પ્રયોગથી માર્ગાદિમાં પાણીને ગાળીને તેમાં ક્ષારાદિ નાખીને પ્રાસુક ઉદકની પ્રાપ્તિ કરાય છે, તેમ ઉચિત યત્ન દ્વારા સંયમની શુદ્ધિનો ઉદ્યમ કરવામાં આવે તો આત્માના ગુણસંપત્તિની પ્રાપ્તિ થાય છે તે ઔપમ્યસત્યભાષા છે.

**(૨) ક્ષેત્રઉપાયઉદાહરણ :-**

વળી લોકોમાં ક્ષેત્રને ખેડીને સ્વચ્છ કરવાનો ઉપાય હળ કુલિકાદિ છે. વળી લોકોત્તર ઉપાય સવારમાં ભિક્ષા આદિ માટે અટનાદિ દ્વારા સાધુનો ક્ષેત્રસંચાર એ સંયમની વૃદ્ધિ માટેનો ક્ષેત્ર ઉપાય છે. તેના દૃષ્ટાંતથી કહેવામાં આવે કે જેમ સંસારી જીવો ક્ષેત્રના ઉપાય દ્વારા ક્ષેત્રને ખેતી યોગ્ય કરે છે અને સુસાધુ ક્ષેત્રસંચારરૂપ ક્ષેત્રના ઉપાય દ્વારા સંયમની વૃદ્ધિને અનુકૂળ ઉપાય કરે છે, તેમ જેઓ પોતાના ધર્મવૃદ્ધિના કારણીભૂત એવા ઉચિત ક્ષેત્રના ઉપાય દ્વારા=ઉચિત ક્ષેત્રમાં સંચાર કરીને ધર્મને જાણવા યત્ન કરે છે અને ઉચિત ક્ષેત્રના બળથી ધર્મને સેવવાનો યત્ન કરે છે તેઓ અભિલસિત એવી ધર્મવૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. આ પ્રકારનો ઉપદેશકનો વચનપ્રયોગ તે ક્ષેત્ર ઉપાયરૂપ આહરણના ઉપમાન દ્વારા કહેવાયેલો હોવાથી ઔપમ્યસત્યભાષારૂપ છે.

**(૩) કાળઉપાયઉદાહરણ :-**

વળી કાળ જાણવાનો ઉપાય લૌકિક નાડિકાદિ છે અર્થાત્ કાળને જાણવા માટેનું ઘટિકા યન્ત્ર ઉપાય છે અને લોકોત્તર ઉપાય સૂત્ર પરાવર્તનાદિ છે. તેના દૃષ્ટાંત દ્વારા મહાત્મા કહે કે સૂત્ર પોરિસી આદિ કાળમાનનો નિર્ણય સૂત્રપરાવર્તનાદિથી થાય છે તેમ ઉચિતકાળનો ઉપાય જાણીને હિત સાધવા માટે ઉદ્યમ કરવો જોઈએ તે પ્રકારનો મહાત્માનો વચનપ્રયોગ કાળઉપાયરૂપ આહરણના ઉપમાન દ્વારા કહેવાયેલો હોવાથી ઔપમ્યસત્યભાષારૂપ છે.

***(૪) ભાવઉપાયઉદાહરણ :-***

વળી ભાવઉપાયમાં જેમ અભયકુમારે કથાનકના પ્રબંધથી ચોરનો નિર્ણય કર્યો તેમ વિવેકસંપન્ન ઉપદેશક ઉચિત કથા આદિના પ્રબંધ દ્વારા શ્રોતાની યોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ તેમ કહે તે વચન ભાવઉપાયરૂપ આહરણના ઉપમાન દ્વારા કહેલું હોવાથી ઔપમ્યસત્યભાષારૂપ છે અને આ લૌકિક અર્થ આક્ષિપ્ત વસ્તુને આશ્રયીને અથવા ચારિત્રના આચારને આશ્રયીને ઔપમ્યસત્યભાષા કહેવાય; કેમ કે તેના દ્વારા ઉચિત આચરણા કરવાનો ઉપદેશ અપાય છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયી ઉપાયઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈને તત્ત્વનો બોધ કરાવવો હોય ત્યારે કોઈ આત્માને સ્વીકારતો ન હોય ત્યારે દૃષ્ટાંત આપવામાં આવે કે પ્રત્યક્ષથી સંસારી જીવો કોઈક વસ્તુનું ગ્રહણ અને કોઈક વસ્તુનો ત્યાગ કરતા દેખાય છે, તે ગ્રહણ અને ત્યાગ બુદ્ધિપૂર્વકની ક્રિયા છે તેથી તે અનુભવથી જ આત્માના અસ્તિત્વનો નિર્ણય થાય છે આ પ્રકારનું દૃષ્ટાંત આપીને તેના દ્વારા આત્માના સ્થાપનનો ઉપદેશ આપવામાં આવે તે દ્રવ્યાનુયોગને આશ્રયીને ઉપાયરૂપ આહરણના ઉપમાન દ્વારા આત્માના અસ્તિત્વનું સ્થાપન કરેલું હોવાથી ઔપમ્યસત્યભાષા છે. **।૨।**

સ્થાપનાઆહરણઉપમાનના ભેદોને બતાવે છે –

**ટીકા :-**

**સ્થાપના ચ દોષાચ્છાદનેનાભીષ્ટાર્થપ્રરૂપણા, તત્ર લોકે હિઙ્ગુશિવપ્રવર્ત્તકસ્ય નિદર્શનમ્, લોકોત્તરે ચ પ્રમાદવશાદ્ ગચ્છસ્ખલિતસ્ય છાદનેન કયાચિત્કલ્પનયા પ્રવચનં પ્રભાવયત ઇતિ ચરણકરણાનુયોગં લોકં ચાધિકૃત્ય । દ્રવ્યાનુયોગમધિકૃત્ય તુ નયભેદમતાપેક્ષયા દુષ્ટહેત્વભિધાનેઽપિ તથાવિધાભિપ્રાયેણ તત્સમર્થનં દ્રષ્ટવ્યમ્ ।૩।**

**ટીકાર્થ :-**

**સ્થાપના ..... દ્રષ્ટવ્યમ્ ।૩। અને દોષના આચ્છાદનથી અભીષ્ટ અર્થની પ્રરૂપણા સ્થાપના છે=પોતાને અભિમત અર્થનું સ્થાપન કરવારૂપ પ્રરૂપણા છે. તેમાં=સ્થાપનામાં, હિંગુશિવના પ્રવર્તકનું દૃષ્ટાંત**

**લોકમાં છે અને લોકોત્તરમાં પ્રમાદને વશ ગચ્છની સ્ખલિત પ્રવૃત્તિના છાદનથી કોઈક કલ્પના વડે પ્રવચનની પ્રભાવના કરતા મહાત્માનું દૃષ્ટાંત ચરણકરણાનુયોગને અને લોકને આશ્રયીને (કહેવાયું) વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને નયભેદના મતની અપેક્ષાથી દુષ્ટ હેતુના અભિધાનમાં પણ તેવા પ્રકારના અભિપ્રાયથી તેનું સમર્થન એ સ્થાપનાનું દૃષ્ટાંત જાણવું. ।૩।**

**ભાવાર્થ :-**

સ્થાપના દ્વારા ઔપમ્યસત્યભાષાનું સ્વરૂપ બતાવવા અર્થે સ્થાપનાનું સ્વરૂપ બતાવે છે –

**સ્થાપનાઉદાહરણ :-**

કોઈ મહાત્મા દોષના આચ્છાદનથી અભીષ્ટ અર્થની પ્રરૂપણા કરે એ સ્થાપના કહેવાય અર્થાત્ પોતાને જે અભીષ્ટ અર્થ છે તેનું સ્થાપન થતું હોવાથી સ્થાપના કહેવાય.

**(૧) લૌકિક સ્થાપનાઉદાહરણ :-**

જેમ લૌકિકસ્થાપના માટે હિંગુશિવના પ્રવર્તકનું દૃષ્ટાંત છે. કોઈક પુરુષે રાજમાર્ગમાં પોતે વિષ્ટા કરેલી અને તે અપરાધને ઢાંકવા માટે તેના ઉપર ફૂલોનું સ્થાપન કર્યું. આ રીતે પોતાના અપરાધનું છાદન કર્યા પછી કોઈએ પૂછ્યું કે આ શું છે ? ત્યારે તે લોકોને કહે છે કે આ હિંગુશિવ છે તેથી લોકો તેને હિંગુશિવ માનીને પૂજવા લાગ્યા. આ રીતે પોતાના દોષના છાદન દ્વારા હિંગુશિવના પ્રવર્તક પુરુષે પોતાના ઇષ્ટ અર્થની પ્રરૂપણા કરી તે સ્થાપનાનું દૃષ્ટાંત છે.

**(૨) લોકોત્તર સ્થાપનાઉદાહરણ :-**

લોકોત્તરમાં કોઈક ગચ્છમાં પ્રમાદને વશ કોઈક સ્ખલના થઈ હોય જે સ્ખલનાને કારણે ધર્મનું લાઘવ થતું હોય તે વખતે તે સ્ખલનાને કોઈક કલ્પનાથી છાદન કરીને તે પ્રવૃત્તિ દ્વારા જ શાસનપ્રભાવના કોઈ મહાત્મા કરે તો તે સ્થાપનાના દૃષ્ટાંત દ્વારા કોઈને કહેવામાં આવે કે જેમ આ મહાત્માએ પોતાની સ્ખલનાથી થતી શાસનની મ્લાનિનો પરિહાર કર્યો એટલું જ નહીં, તે નિમિત્તને અવલંબીને જ શાસનપ્રભાવના પણ કરી તે પ્રમાણે તમારે પણ તેવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે વર્તવું જોઈએ. આ પ્રકારની ભાષા સ્થાપનારૂપ દૃષ્ટાંત દ્વારા શ્રોતાને યથાર્થ બોધ કરાવનાર હોવાથી તે ભાષા ઔપમ્યસત્યભાષા બને છે.

આ કથનમાં હિંગુશિવનું દૃષ્ટાંત લૌકિક છે અને લોકોત્તર દૃષ્ટાંત સ્ખલનારૂપ આચરણાને આશ્રયીને હોવાથી ચરણકરણાનુયોગનું છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયી સ્થાપનાઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને ક્યારેક કોઈક મહાત્મા કોઈક પદાર્થનું નિરૂપણ કરતા હોય અને નયભેદના મતની અપેક્ષાએ અનાભોગથી તે મહાત્મા દ્વારા દુષ્ટ હેતુનું કથન થયેલું હોય તોપણ તેવા પ્રકારના અભિપ્રાયથી તેનું સમર્થન કરે જેમ ત્રિરાશિમત સ્થાપન કરનાર રોહગુપ્તે જીવ અજીવ અને

નોજીવરૂપ દુષ્ટ હેતુનું સ્થાપન કર્યું. તે પ્રકારે સમર્થન કર્યા પછી તેવા સ્થાનમાં તે મહાત્મા જો કહે કે સ્યાદ્વાદની અપેક્ષાએ જીવ અજીવ બે જ રાશિ છે ફક્ત ઉન્માદને વશ વાદી હતો તેના નિવારણ માટે આ પ્રકારે કહેવાયું છે એ પ્રકારના અભિપ્રાયના વશથી પોતાના વચનનું સમર્થન કરે જેથી પ્રવચનની પ્રભાવના થાય તે દ્રવ્યાનુયોગનું દૃષ્ટાંત છે. આવા કોઈક દૃષ્ટાંતને ગ્રહણ કરીને કહેવામાં આવે કે આ મહાત્માએ તેવા વિષમ સંયોગમાં પોતાનાથી કહેવાયેલા દુષ્ટ હેતુનું છાદન કરીને પ્રવચનની પ્રભાવના કરી તેમ ઉચિત સ્થાને મહાત્માએ પ્રવચન પ્રભાવના કરવી જોઈએ, પરંતુ શાસનનું લાઘવ થાય તેવું કરવું જોઈએ નહિ. આ વચન સ્થાપનાઆહરણરૂપ ઔપમ્યસત્યભાષા છે. ।૩।

આહરણ ઉપમાનના ચાર ભેદો પૂર્વમાં કહેલ તેમાંથી અપાય, ઉપાય અને સ્થાપનારૂપ ભેદનું નિરૂપણ કર્યા પછી પ્રત્યુત્પન્નવિન્યાસ નામના ચોથા ભેદનું સ્વરૂપ બતાવે છે –

**ટીકા :-**

**प्रत्युत्पन्नविन्यासश्च तदात्वोपस्थितानिष्टनिरासः, तस्योदाहरणम् एकस्य वणिजो गृहसमीपे बद्धगानतानानां गान्धर्विकाणां गीतश्रवणेनोत्पन्नकामोद्रेकनिजकामिनीपरिजनरक्षणार्थं पृष्टमित्रदत्तोपायस्य गृहसमीपे निर्मापितव्यन्तरभवनस्य गान्धर्विकाणां गानसमये व्यन्तरगृहे पटहादिध्वानेन तेषां क्षोभमुत्पादयतः, लोकोत्तरे तु शिष्यस्यापि कदाचिदध्युपपन्नस्य सूत्रोक्तदिशा वारयतो धर्माचार्यस्य । इदं च लोके चरणकरणानुयोगं चाधिकृत्य ।**

**द्रव्यानुयोगमधिकृत्य तु यदि नास्तिको वदेद्–'भावा एव न सन्ति, आत्मा तु सुतरां नास्ती'ति तदा तमेवं निवारयेत्–'किमेतत्तव वचनमस्ति नास्ति वा ? आद्ये प्रतिज्ञाहानिः द्वितीये च निषेधकस्यैवाऽसत्त्वे किं केन निषेधनीयं? किं नास्त्यात्मेति ? किञ्च 'नास्ति आत्मा' इति प्रतिषेधको ध्वनिः शब्दः, शब्दश्च विवक्षापूर्वक इति नाजीवोद्भव इति प्रतिषेधध्वनेरेव सिद्ध आत्मा' इति ।४। दर्शितं सभेदमुदाहरणम् ।।१।।**

**ટીકાર્થ :-**

**प्रत्युत्पन्नविन्यासश्च ..... सभेदमुदाहरणम् ।। અને તે વખતે ઉપસ્થિત થયેલા અનિષ્ટનો નિરાસ પ્રત્યુત્પન્ન વિન્યાસ છે. તેનું=તે વખતે ઉપસ્થિત થયેલા અનિષ્ટના નિરાસનું, ઉદાહરણ-એક વણિકના ગૃહ સમીપે બદ્ધ ગાન-તાન આદિવાળા ગાન્ધર્વિકોના ગીતશ્રવણથી ઉત્પન્ન થયેલા કામઉદ્રેકથી પોતાની સ્ત્રી, પરિજનના રક્ષણ માટે પુછાયેલા મિત્ર દ્વારા અપાયેલા ઉપાયવાળા ગૃહની સમીપમાં નિર્માપિત કર્યું છે વ્યંતરભવન જેણે એવા અને ગાંધર્વિકોના ગાન સમયે વ્યંતરના ગૃહમાં પટહ આદિ અવાજથી તેઓના ક્ષોભને ઉત્પાદન કરનારા વણિકનું ઉદાહરણ છે એમ અન્વય છે.**

**વળી લોકોત્તરમાં કોઈક રીતે અધ્યુપપન્ન એવા શિષ્યને પણ=ભગવાનના વચનમાં સંદેહ પામેલા**

**એવા શિષ્યને પણ, સૂત્રોક્તદિશાથી વારણ કરતા ધર્માચાર્યનું દૃષ્ટાંત છે. અને આ=પૂર્વમાં બતાવ્યું એ, દૃષ્ટાંત લોકને આશ્રયીને અને ચરણકરણાનુયોગને આશ્રયીને છે. વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને જો નાસ્તિક કહે – "ભાવો જ નથી, વળી આત્મા અત્યંત નથી".**

**'इति' શબ્દ નાસ્તિકના કથનની સમાપ્તિ માટે છે.**

**ત્યારે તેને આ રીતે નિવારવો જોઈએ – 'શું આ તારું વચન છે અથવા નથી ? આદ્યપક્ષમાં=વચન છે એ પક્ષમાં, પ્રતિજ્ઞાની હાનિ છે=ભાવો જ નથી એ રૂપ પ્રતિજ્ઞાની હાનિ છે, અને બીજા પક્ષમાં=વચન નથી એ પક્ષમાં, નિષેધક એવા વચનનું જ અસત્ત્વ હોતે છતે=ભાવો નથી ઈત્યાદિ નિષેધક જ વચનનું અસત્ત્વ હોતે છતે, શું કોના વડે નિષેધનીય છે ?=નિષેધક વચન વગર કયા નિષેધ્યનો નિષેધ કરાય છે, આત્મા નથી એનો કઈ રીતે નિષેધ કરાય ? અર્થાત્ વચન વગર નિષેધ થાય નહિ, વળી આત્મા નથી એ પ્રકારનો પ્રતિષેધક ધ્વનિ શબ્દ છે અને શબ્દ વિવક્ષાપૂર્વક બોલાય છે એથી અજીવ ઉદ્‌ભવ નથી=શબ્દ અજીવથી ઉત્પન્ન થયેલો નથી, આથી પ્રતિષેધ ધ્વનિથી જ=આત્મા નથી એ પ્રકારના પ્રતિષેધક વચનથી જ, આત્મા સિદ્ધ છે'. ।૪।**

**આ રીતે ભેદસહિત ઉદાહરણ બતાવાયું. ।।૧।।**

**ભાવાર્થ :-**

**પ્રત્યુત્પન્નવિન્યાસઉદાહરણ :-**

તે વખતે ઉપસ્થિત થયેલ અનિષ્ટના નિવારણ માટે ઔપમ્યસત્યભાષા બોલાય એ પ્રત્યુત્પન્નવિન્યાસરૂપ ઔપમ્યસત્યભાષા છે.

**(૧) લૌકિક પ્રત્યુત્પન્નવિન્યાસઉદાહરણ :-**

જેમ લૌકિક દૃષ્ટાંતથી તે વણિકે પોતાના સ્ત્રી-પરિજનના રક્ષણ માટે મિત્રની સૂચનાથી ઉચિત પ્રયત્ન કરીને ઉપસ્થિત અનિષ્ટનો નિરાસ કર્યો, તેમ કોઈ જીવથી પ્રમાદવશ કોઈક અનુચિત પ્રવૃત્તિ થઈ હોય અને તેનાથી ઉપસ્થિત અનિષ્ટની પ્રાપ્તિ હોય ત્યારે નિપુણતાપૂર્વક તેનો નિરાસ કરે તો અનર્થથી પોતાનું રક્ષણ થાય છે, આથી જ કોઈક યોગ્ય જીવથી પણ ક્યારેક ઉત્સૂત્ર આદિ ભાષણ થયેલું હોય તો તેના તે વચનથી જગતમાં ઉન્માર્ગ ન ફેલાય તે માટે ઉચિત ઉપાય કરીને તે જીવ તેનો નિરાસ કરે તો તે અનર્થથી પોતાનું રક્ષણ થાય છે. આવા પ્રસંગે યોગ્ય જીવને બોધ કરાવવા માટે મહાત્મા વણિકનું ઉદાહરણ બતાવે જેનાથી તે યોગ્ય શિષ્યને તે ઉપસ્થિત થયેલા અનિષ્ટનો નિરાસ કરવા માટે ઉચિત બોધ થાય અને સંવેગપૂર્વક તે રીતે પ્રવૃત્તિ કરીને આત્માના હિતને સાધે તેવો બોધ કરાવવા અર્થે ક્યારેક લૌકિક ઉદાહરણ ઉપયોગી જણાય તો મહાત્મા વણિકના દૃષ્ટાંતથી તેને ઉપસ્થિત અનિષ્ટના નિરાસનો બોધ ઔપમ્યસત્યથી કરાવે છે.

**(૨) લોકોત્તર પ્રત્યુત્પન્નવિન્યાસઉદાહરણ :-**

વળી કોઈક જીવને લોકોત્તર દૃષ્ટાંતથી ઉપકાર થાય તેમ જણાય ત્યારે કહે કે ભગવાનના શાસનમાં

કોઈક શિષ્યને શંકા થયેલી અને ધર્માચાર્યે સૂત્રોક્તદિશાથી તેની શંકાનું નિવારણ કર્યું. જેમ સિદ્ધર્ષિગણિને બૌદ્ધમત તત્ત્વરૂપ જણાવાથી ભગવાનના શાસનમાં શંકાશીલ બન્યા ત્યારે શિષ્યની યોગ્યતા અને તે વખતના સંયોગને ખ્યાલમાં રાખીને ગુરુએ લલિતવિસ્તરાગ્રંથ તેમને આપ્યો અને પોતે કોઈક પ્રસંગે બહાર ગયા. લલિતવિસ્તરામાં કહેલ 'સવ્વન્નૂણં સવ્વદરિસીણં' તે પદોનો સૂત્રોક્તદિશાથી સિદ્ધર્ષિગણિને યથાર્થ બોધ થવાને કારણે તે વખતે ઉપસ્થિત અનિષ્ટનું નિવારણ થયું. તેમ વિવેકસંપન્ન સાધુએ કે શ્રાવકે કોઈક નિમિત્તથી ત્યારે અનિષ્ટ ઉપસ્થિત થયેલું હોય અને તેના નિવારણ માટે ઉચિત બોધ કરાવવા માટે મહાત્મા પ્રત્યુત્પન્નવિન્યાસરૂપ ઔપમ્યસત્યથી તેને બોધ કરાવે તો સુખપૂર્વક તત્ત્વને ગ્રહણ કરીને તે સાધુ કે શ્રાવક પોતાના અહિતથી રક્ષણ કરી શકે છે. આ કથન લૌકિક દૃષ્ટાંત અને ચરણકરણાનુયોગને આશ્રયીને યોગમાર્ગની પ્રવૃત્તિમાં ઉપસ્થિત અનિષ્ટનું નિવારણ કરાવીને ધર્મમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ કરાવવા અર્થે મહાત્માઓ કરે છે.

**દ્રવ્યાનુયોગને આશ્રયી પ્રત્યુત્પન્નવિન્યાસઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈ નાસ્તિક શૂન્યવાદનું સ્થાપન કરે અને કહે કે સ્વપ્નમાં દેખાતા ભાવો જેમ વાસ્તવિક નથી તેમ જગતમાં દેખાતા ભાવો વાસ્તવિક નથી. જગતમાં કોઈ ભાવો વિદ્યમાન ન હોય તો આત્મા પણ નથી તેમ સિદ્ધ થાય માટે પરલોકના અર્થે ઉપદેશ આદિની પ્રવૃત્તિ લોકને ઠગવાની ક્રિયા જ છે. તે વખતે ઉપસ્થિત નાસ્તિકવાદના નિરાસ માટે કોઈ યુક્તિથી આત્માની સિદ્ધિ કરે. આ ઔપમ્યસત્યનું ઉદાહરણ બતાવીને શાસ્ત્રના પદાર્થો અસંબદ્ધ રીતે કોઈ સ્થાપન કરતા હોય તેનાથી કોઈ શિષ્યને અનિષ્ટ ઉપસ્થિત થાય તેમ હોય ત્યારે તે ઉપસ્થિત અનિષ્ટના નિરાસ માટે યથાર્થ બોધ કરાવવાના પ્રયોજનથી દ્રવ્યાનુયોગને આશ્રયીને નાસ્તિકના મતના નિરાસનું કથન મહાત્મા કરે જે ઉપમા દ્વારા તે શિષ્યને પણ તે વખતે ઉપસ્થિત અનિષ્ટના નિરાસના ઉપાયનો બોધ થાય જેથી તે શિષ્યને સંવેગનું સ્થૈર્ય થાય. **॥૪॥ ॥૧॥**

ઔપમ્યસત્યના બીજા ભેદરૂપ તદ્દેશના પ્રભેદો બતાવતાં કહે છે –

**ટીકા :-**

**तद्देशश्च निगमनोपयोगिदेशघटितो दृष्टान्तः, स चतुर्द्धा १ अनुशास्तिः, २ उपालम्भः, ३ पृच्छा, ४ निश्रावचनं चेति । तत्र सद्गुणोत्कीर्तनेनोपबृंहणमनुशास्तिः, अत्र च सुभद्राकथानकं वक्तव्यम्, तत्राऽपि तस्याः शीलगुणदृढत्वपरीक्षोत्तरं लोकप्रशंसा, एकदेशस्यैव प्रकृतोपसंहारोपयोगित्वादुदाहरणैकदेशता, एवं भरतकथानकेनाऽपि एकदेशेन वैयावृत्त्यगुणोपसंहाराद् गुरोः शिष्याप्रमादोपबृंहणमुचितम्, इदमपि लौकिकं चरणकरणानुयोगं चाधिकृत्योक्तम्, द्रव्यानुयोगमधिकृत्य पुनरात्मास्तित्ववादिनः तन्त्रान्तरीयान् प्रति वक्तव्यम्, यदुत साध्वेतद् यदात्मास्तीत्यभ्युपगतं, किन्त्वकर्ताऽयं न भवति ज्ञानादीनां कृतिसामानाधिकरणनियमादित्यादि, उदाहरणदेशता त्वस्याऽऽत्मनः कर्तृत्वदेशसाधन एव निदर्शनाभिधानादित्यवधेयम् ।१।**

**ટીકાર્થ :-**

तद्देशश्च ..... अवधेयम् ।१। અને નિગમનને ઉપયોગી દેશઘટિત દૃષ્ટાંત તદ્દેશ છે=ઉદાહરણ દેશ છે. તે=તદ્દેશ ચાર પ્રકારનો છે. (૧) અનુશાસ્તિ, (૨) ઉપાલંભ, (૩) પૃચ્છા અને (૪) નિશ્રાવચન ઈતિ શબ્દ ચાર ભેદોની સમાપ્તિ માટે છે.

અનુશાસ્તિ :- ત્યાં=તદ્દેશના ચારભેદોમાં, સદ્ગુણના ઉત્કીર્તન વડે ઉપબૃંહણ અનુશાસ્તિ છે અને અહીં=અનુશાસ્તિમાં, સુભદ્રાનું કથાનક કહેવું જોઈએ. ત્યાં પણ=સુભદ્રાના કથાનકમાં પણ, તેણીના શીલગુણના દૃઢત્વની પરીક્ષાના ઉત્તરમાં લોકપ્રશંસા ઉદાહરણ એકદેશતા છે; કેમ કે એકદેશનું જ પ્રકૃત ઉપસંહારમાં ઉપયોગીપણું છે. એ રીતે ભરત કથાનકથી પણ એક દેશ વડે વૈયાવચ્ચગુણના ઉપસંહારથી ગુરુનું શિષ્યના અપ્રમાદનું ઉપબૃંહણ ઉચિત છે. આ પણ=પૂર્વમાં બે દૃષ્ટાંતો આપ્યાં એ પણ, લૌકિક અને ચરણકરણાનુયોગને આશ્રયીને કહેવાયું. દ્રવ્યાનુયોગને આશ્રયીને વળી આત્માના અસ્તિત્વવાદી સાધુઓએ તન્ત્રાન્તરીય પ્રત્યે=અન્યદર્શનવાળા પ્રત્યે, કહેવું જોઈએ. શું કહેવું જોઈએ ? તે 'यदुत'થી બતાવે છે – આ સુંદર છે જે આત્મા છે એ પ્રમાણે તમારા વડે સ્વીકારાયું, પરંતુ આ અકર્તા સંગત થતો નથી; કેમ કે જ્ઞાનાદિનું કૃતિની સાથે સમાન અધિકરણનો નિયમ છે ઈત્યાદિ કહેવું જોઈએ. વળી આની આત્માના કર્તૃત્વરૂપ દેશસાધનમાં જ દૃષ્ટાંતનું અભિધાન હોવાથી ઉદાહરણ દેશતા છે એ પ્રમાણે જાણવું. ।૧।

**ભાવાર્થ :-**

**તદ્દેશઉપમાનના ચાર ભેદો :-**

ઉપમાનના આહરણ આદિ ચાર ભેદોમાંથી તદ્દેશરૂપ બીજો ભેદ છે. તદ્દેશનો એ અર્થ છે કે કોઈ કથનના નિગમનને ઉપયોગી દેશથી ઘટિત દૃષ્ટાંત આપવામાં આવે ત્યારે તદ્દેશઉપમાનની પ્રાપ્તિ થાય છે. તદ્દેશઉપમાનના ચાર ભેદો છે : (૧) અનુશાસ્તિ, (૨) ઉપાલંભ, (૩) પૃચ્છા અને (૪) નિશ્રાવચન.

અનુશાસ્તિરૂપ તદ્દેશનો અર્થ સ્પષ્ટ કરવા અર્થે અનુશાસ્તિ શું છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

**અનુશાસ્તિતદ્દેશ :-**

સદ્ગુણના ઉત્કીર્તનથી ઉચિત પ્રવૃત્તિનું ઉપબૃંહણ કરવામાં આવે તે અનુશાસ્તિ છે.

**લૌકિક અનુશાસ્તિતદ્દેશ :-**

અનુશાસ્તિરૂપ તદ્દેશ દ્વારા ઔપમ્યસત્યનો બોધ યોગ્ય જીવને કરાવવા અર્થે લૌકિક દૃષ્ટાંત સુભદ્રાનું કહેવાય છે. જેમ સુભદ્રાનું કથાનક કહીને ઉપદેશક યોગ્ય જીવને કહે કે સુભદ્રાના શીલગુણના દૃઢત્વની પરીક્ષા બાદ સુભદ્રાને લોકપ્રશંસાની પ્રાપ્તિ થઈ, સુભદ્રાના કથાનકમાં ઉપસંહાર વચન શીલગુણની પ્રશંસામાં ઉપયોગી છે, તેથી કથાનકના નિગમનમાં શીલગુણનું મહત્ત્વ બતાવવા અર્થે કોઈ મહાત્મા યોગ્ય જીવને કહે તે સાંભળીને યોગ્ય જીવને શીલગુણ પ્રત્યેનો દૃઢ પક્ષપાત થાય છે અને બોધ થાય છે કે

સુભદ્રાની પૂર્વમાં જે નિંદા થયેલી તે પણ શીલગુણના દૃઢત્વની પરીક્ષા પછી પ્રશંસાનું કારણ બની, તેમ જે મહાત્માઓ પોતાની શક્તિ અનુસાર પોતે સ્વીકારેલા સંયમના આચારોમાં દૃઢ યત્ન કરે છે તેઓને તેનાથી ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ કોટીના પુણ્યને કારણે ભવાન્તરમાં તો ઘણાં સુખો મળશે પરંતુ આ મહાત્મા છે, ઉત્તમપુરુષ છે ઇત્યાદિ લોકપ્રશંસા પણ પ્રાપ્ત થશે; કેમ કે સમ્યગ્ રીતે સેવાયેલાં વ્રતથી જન્માન્તરમાં મહાત્મા જેવી ઉત્તમ પ્રકૃતિઓ મળે છે, જેનાથી સર્વત્ર લોકમાં તેની પ્રશંસા થશે. આ રીતે પ્રકૃત દૃષ્ટાંતના ઉપસંહાર વચન દ્વારા તેના એક દેશનું કથન કરવાથી યોગ્ય અનુશાસન શિષ્યને પ્રાપ્ત થાય છે. અહીં દૃષ્ટાંત એક દેશથી હોવાને કારણે તે વચન તદ્દેશઘટિત ઔપમ્યસત્ય બને છે.

**લોકોત્તર અનુશાસ્તિતદ્દેશ :-**

વળી જેમ લૌકિક દૃષ્ટાંતથી યોગ્ય જીવને અનુશાસન અપાય છે તેમ ભરતમહારાજાના પૂર્વભવના વૈયાવચ્ચના પ્રસંગના કથન દ્વારા દૃષ્ટાંત અપાય છે. જેનાથી યોગ્ય શિષ્યને બોધ થાય છે કે ભરત મહારાજાએ સુસાધુઓની વૈયાવચ્ચ કરીને ચક્રવર્તીનું કારણ બને તેવા પ્રકારનું અને અંતે મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે તેવા પ્રકારનું પુણ્યાનુબંધીપુણ્ય પ્રાપ્ત કર્યું. આ કથનમાં પણ ભરતમહારાજાના દૃષ્ટાંતના નિગમનમાં ઉપયોગી એવા વૈયાવચ્ચરૂપ એક દેશથી ઉપસંહાર કરવામાં આવે ત્યારે યોગ્ય શિષ્યને પણ ગુણવાન સાધુઓના ગુણો પ્રત્યેના બહુમાનની વૃદ્ધિ થાય તેવા સંવેગપૂર્વક વૈયાવચ્ચ કરવાનો ઉલ્લાસ થાય છે તેથી તે પ્રકારની ગુરુની અનુશાસ્તિ તદ્દેશઘટિત ઔપમ્યસત્ય છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયી અનુશાસ્તિતદ્દેશ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈ મહાત્મા કોઈ અન્યદર્શનવાદીને કહે કે તમે આત્માને સ્વીકારો છો તે સુંદર છે, પરંતુ આત્માને અકર્તા સ્વીકારો છો તે સંગત થતું નથી; કેમ કે જ્ઞાન આદિ ગુણો જીવના પ્રયત્નથી પ્રગટ થતા દેખાય છે, પરંતુ જીવના પ્રયત્ન વગર જ્ઞાન પ્રગટ થતું દેખાતું નથી. કષાયો જીવના પ્રયત્ન વગર થતા નથી માટે સંસારી જીવોમાં દેખાતો જ્ઞાનનો પરિણામ અને કષાયનો પરિણામ જીવના પ્રયત્નની સાથે સમાન અધિકરણવાળો છે. આ રીતે પરદર્શનવાળાને યોગ્ય અનુશાસન આપવા માટે કથન કરવામાં આવે તે તત્ત્વની પ્રાપ્તિને અનુકૂળ અનુશાસ્તિરૂપ છે. તેમાં તદ્દેશતા એ છે કે આત્માનો તેઓ સ્વીકાર કરે છે તેની ઉપબૃંહણા કરીને તેના અન્ય દેશનો, જે તેઓ સ્વીકાર કરતા નથી તે દેશનો, યુક્તિ અને અનુભવ અનુસાર પદાર્થ બતાવીને પોતાના કથનનું નિગમન કરે છે. નિગમનને ઉપયોગી એવા દેશ ઘટિત અનુશાસ્તિનું આવું વચન છે તેનાથી યોગ્ય જીવને સન્માર્ગરૂપ ફળની પ્રાપ્તિ થાય છે માટે તેવું કથન ઔપમ્યસત્ય છે. **॥૧॥**

તદ્દેશ ઉપમાનના બીજા ભેદરૂપ ઉપાલંભને કહે છે –

**ટીકા :-**

**उपालम्भः=दोषनिदर्शनम्, तत्र मृगावतीदेव्युदाहरणम्, एवं प्रमाद्यन् शिष्योऽप्युपालब्धव्य इति चरणकरणानुयोगमधिकृत्य, द्रव्यानुयोगमधिकृत्य तु बहुधा नास्तिकवादप्रकटनलम्पटस्य**

**चार्वाकस्याऽऽत्मनास्तित्वकथायामेवं वक्तव्यम्, यदुतात्माऽभावे 'अस्त्यात्मा' इति वितर्कः, 'नास्त्यात्मा' इति कुविज्ञानं च नोपपद्येत धर्म्यभावे धर्मस्यैवाऽसम्भवादित्यादि, उदाहरणदेशता चास्य परलोकादि-प्रतिषेधवादिनो नास्तिकस्य जीवसद्भावसाधनाद् भावनीया ।२।**

**ટીકાર્થ :-**

उपालम्भः ..... भावनीया ।२। ઉપાલંભ એટલે દોષનું નિદર્શન=દોષનું દૃષ્ટાંત. ત્યાં મૃગાવતીદેવી ઉદાહરણ છે. એ રીતે પ્રમાદ કરતા શિષ્યોને પણ ઉપાલંભ આપવો જોઈએ એ ચરણકરણાનુયોગને આશ્રયીને છે. વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને ઘણા પ્રકારે નાસ્તિકવાદના પ્રકટનમાં લંપટ એવા ચાર્વાકને આત્માના નાસ્તિત્વના કથનમાં આ પ્રમાણે કહેવું જોઈએ.

શું કહેવું જોઈએ ? એ 'यदुत'થી બતાવે છે –

**આત્માના અભાવમાં, 'આત્મા છે' એ વિતર્ક અને 'આત્મા નથી' એ કુત્સિત જ્ઞાન ઉપપન્ન થતાં નથી=સંગત થતાં નથી; કેમ કે ધર્મીના અભાવમાં ધર્મનો પણ અસંભવ છે=આત્મારૂપ ધર્મીના અભાવમાં 'આત્મા છે' એ વિતર્ક અને 'આત્મા નથી' એ કુત્સિતજ્ઞાન એ રૂપ ધર્મનો જ અસંભવ છે, ઈત્યાદિ.**

**અને આની=દ્રવ્યાનુયોગને આશ્રયીને જે કથન કર્યું એની, ઉદાહરણદેશતા પરલોક આદિના પ્રતિષેધવાદી એવા નાસ્તિકને જીવના સદ્ભાવના સાધનથી ભાવિત કરવી. ।૨।**

**ભાવાર્થ :-**

**ઉપાલંભતદ્દેશ :-**

તદ્દેશ અનુશાસ્તિરૂપ ઔપમ્યસત્યમાં જેમ ગુણોની પ્રશંસા કરીને શિષ્યને તે કૃત્ય સમ્યક્ કરવા માટ અનુશાસન અપાય છે જેથી સમ્યક્ રૂપે શીલાદિને સેવીને શીલાદિના ઉત્તમ ફળને પ્રાપ્ત કરે, તેમ તદ્દેશ ઉપાલંભરૂપ ભેદથી કોઈ શિષ્ય પ્રમાદ કરતા હોય ત્યારે તેમાં દોષનું દૃષ્ટાંત આપવામાં આવે છે જેથી યોગ્ય જીવને પ્રમાદના પરિહારપૂર્વક અપ્રમાદનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે.

**ચરણકરણાનુયોગ આશ્રયી ઉપાલંભતદ્દેશ :-**

તેમાં મહાત્મા મૃગાવતીદેવીનું ઉદાહરણ બતાવે છે – જેમ મૃગાવતી સાધ્વીને ગુરુણી એવા ચંદનબાળા મહારાજે ઉપાલંભ આપ્યો કે તારા જેવી કુલીન સાધ્વીને આ કરવું ઉચિત નથી. તે દૃષ્ટાંત આપીને કોઈ ગુરુ પ્રમાદ કરતા શિષ્યને ઉપાલંભ આપે કે જેમ ચંદનબાળા સાધ્વીજીએ આપેલા ઉપાલંભના બળથી સદ્વીર્યને કારણે મૃગાવતી સાધ્વીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તેમ યોગ્ય શિષ્યને પણ તે દૃષ્ટાંતના બળથી ગુરુ ઉપાલંભ આપે તો તે શિષ્યનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. આ પ્રમાણે કહ્યા વગર એમ ને એમ તેની ક્ષતિ બતાવે તો અસહિષ્ણુ આદિ સ્વભાવને કારણે શિષ્યને સંવેગ થાય નહિ. મૃગાવતીસાધ્વીના દૃષ્ટાંતના

બળથી તેના નિગમનમાં ઉપયોગી એવા દેશથી ઘટિત મૃગાવતીને અપાયેલો ઉપાલંભ મહાકલ્યાણનું કારણ થયું તે પ્રમાણે ગુરુ બતાવે ત્યારે તદ્દેશઉપાલંભરૂપ ઔપમ્યસત્યભાષાથી તે શિષ્યને અપ્રમાદ કરવાનો ઉત્સાહ થાય છે માટે તે ઔપમ્યસત્યભાષા છે. આ ચરણકરણાનુયોગને આશ્રયીને છે; કેમ કે તે મૃગાવતીના સંયમજીવનના પ્રસંગનું ઉદાહરણ છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયી ઉપાલંભતદ્દેશ :-**

વળી કોઈ યોગ્ય પણ જીવ તે પ્રકારના મતિમોહને કારણે નાસ્તિકવાદના પ્રગટનમાં લંપટ હોય તેથી 'આત્મા નથી' તે પ્રકારે જ તેને ઉપસ્થિતિ થાય છે તેવા યોગ્ય જીવને દ્રવ્યાનુયોગને આશ્રયીને તદ્દેશરૂપ ઉપાલંભ દ્વારા માર્ગમાં લાવવા અર્થે મહાત્મા કહે છે કે 'આત્મા છે' એ પ્રકારનો વિતર્ક અને 'આત્મા નથી' એ પ્રકારનું કુત્સિત જ્ઞાન બન્ને આત્મા ન હોય તો કોને થઈ શકે ? તેથી 'આત્મા છે' એ પ્રકારનો તર્ક પણ લોકમાં પ્રસિદ્ધ દેખાય છે. અને 'આત્મા નથી' એ પ્રકારનું કુત્સિતજ્ઞાન પણ નાસ્તિકવાદીઓ કરે છે તે પ્રત્યક્ષ દેખાય છે તેથી સિદ્ધ થાય છે કે આ બન્ને પ્રકારના વિકલ્પો કરનાર કોઈક આત્મા નામનું દ્રવ્ય છે; કેમ કે જડને આ પ્રકારના વિકલ્પો થઈ શકે નહિ. આ પ્રકારે ઉપાલંભ આપવાથી યોગ્ય જીવને આત્માના અસ્તિત્વનો નિર્ણય થાય તો પ્રદેશી રાજાની જેમ મનુષ્ય જન્મને સફળ કરવાનો ઉત્સાહ પણ થાય, માટે દ્રવ્યાનુયોગને આશ્રયીને યોગ્ય જીવને આત્મકલ્યાણમાં ઉત્સાહિત કરવા અર્થે તદ્દેશરૂપ ઉપાલંભ દ્વારા મહાત્મા ઔપમ્યસત્યભાષા બોલે છે. **।૨।**

તદ્દેશ ઉપમાનના ત્રીજા ભેદરૂપ પૃચ્છાને કહે છે –

**ટીકા :-**

**पृच्छा=प्रश्नः, तत्र-'क्वाऽहमुत्पत्स्य' इति भगवति पृष्टे 'षष्ठ्यां नरकपृथिव्या'मिति भगवतोत्तरितः सप्तमनरकपृथिवीगमननिमित्तचक्रवर्तिसाम्राज्यसंपादनायाभ्युद्यतः कृतमालेन हतः कूणिक उदाहरणं लोके, लोकोत्तरेऽपि प्रष्टव्या आचार्या जिज्ञासितमर्थम्, पृष्ट्वा च समाचरणीयानि शक्यानि अशक्यानि तु नेति, उदाहरणदेशता चास्याऽभिहितैकदेश एव प्रष्टुराग्रहात्तेनैव चोपसंहारादवसेया, इदमपि लोकं चरणकरणानुयोगं चाधिकृत्य ।**

**द्रव्यानुयोगमधिकृत्य तु 'नास्त्यात्मे'तिवादी नास्तिकः पृच्छ्यते, 'कुतो नास्त्यात्मे'ति ? स चेद् ब्रूयात् 'सतोऽपरोक्ष' इति, तदाऽभिधेयम्, भद्र! कुविज्ञानमेतत्ते, विवक्षाऽभावे विशिष्टशब्दानुपपत्तेः इत एवात्मसाधनादिति ।३।**

**ટીકાર્થ :-**

**पृच्छा ..... एवात्मसाधनादिति । પૃચ્છા=પ્રશ્ન, ત્યાં=પૃચ્છામાં, 'ક્યાં હું ઉત્પન્ન થઈશ' એ પ્રમાણે ભગવાનને પુછાયે છતે 'છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થઈશ' એ પ્રમાણે ભગવાન વડે ઉત્તર અપાયેલો એવો (કોણિક) સાતમી નરક ગમન યોગ્ય ચક્રવર્તીના સામ્રાજ્યને સંપાદન કરવા સજ્જ થયેલો કૃતમાલદેવ**

**દ્વારા હણાયેલો એવો કોણિક લોકમાં ઉદાહરણ છે અને લોકોત્તરમાં પણ જિજ્ઞાસિત અર્થ આચાર્યને પૂછવો જોઈએ અને પૂછીને શક્ય આચરણા કરવી જોઈએ. વળી અશક્ય આચરણા કરવી જોઈએ નહિ એ પ્રકારે પૃચ્છા તદ્દેશનો ત્રીજો ભેદ છે, અને કહેવાયેલાના એકદેશમાં જ પૂછનારનો આગ્રહ હોવાથી અને તેના દ્વારા=તે દેશ દ્વારા, જ ઉપસંહાર હોવાથી આની ઉદાહરણદેશતા જાણવી અને આ પણ લોકને અને ચરણકરણાનુયોગને આશ્રયીને જાણવું=આ બે ઉદાહરણોમાંથી પ્રથમ લોકને આશ્રયીને જાણવું અને બીજું ચરણકરણાનુયોગને આશ્રયીને જાણવું.**

**વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને 'આત્મા નથી' એ પ્રકારે બોલનાર નાસ્તિક પૃચ્છા કરાય છે કેમ આત્મા નથી ? તે જો કહે અપરોક્ષ છે એથી આત્મા નથી, ત્યારે એને કહેવું જોઈએ હે ભદ્ર ! તારું આ કુવિજ્ઞાન છે; કેમ કે વિવક્ષાના અભાવમાં=આત્મા છે કે નથી ? એ પ્રકારની વિવક્ષાના અભાવમાં, વિશિષ્ટ શબ્દની અનુપપત્તિ હોવાના કારણે આનાથી જ="આત્મા છે અથવા નથી" એ પ્રકારની વિવક્ષાથી જ, આત્માની સિદ્ધિ છે. ।૩।**

**ભાવાર્થ :-**

**પૃચ્છાતદ્દેશ :-**

જેમ યોગ્ય જીવો અનુશાસ્તિ દ્વારા કે ઉપાલંભ દ્વારા તત્ત્વની પ્રાપ્તિ કરીને હિત સાધે છે તેમ યોગ્ય જીવો પૃચ્છા દ્વારા પણ હિતને પ્રાપ્ત કરે તે માટે પૃચ્છારૂપ ઔપમ્યસત્યભાષાનો પ્રયોગ મહાત્મા કરે છે. આના દ્વારા યોગ્ય જીવને ઉચિત પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ થાય છે.

**(૧) લૌકિક પૃચ્છાતદ્દેશ :-**

પૃચ્છામાં કોણિકનું લૌકિક દૃષ્ટાંત આપતા ઉપદેશક મહાત્મા તે પ્રકારના યોગ્ય જીવને કહે છે કે જેમ કુણિકે ભગવાનને પૃચ્છા કરી અને પછી પોતે છઠ્ઠી નરકમાં જવાનો છે તેમ જાણીને પણ સંવેગપૂર્વક તેના નિવારણના ઉપાયને છોડીને કષાયને વશ થઈને સાતમી નરકે જવાને અનુકૂળ ચક્રવર્તીપણું સંપાદન કરવા અર્થે તત્પર થાય છે. જેના ફળરૂપે કૃતમાલ દેવથી તેનું મૃત્યુ થાય છે તેથી વિવેકીએ ઉચિત પૃચ્છા કરીને હિત થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ જેથી તે પૃચ્છા કલ્યાણનું કારણ બને. આ પ્રકારે જે ઉપદેશક કહે છે તે પૃચ્છા ઔપમ્યસત્યભાષા છે. કોણિકના ઉદાહરણમાં ઉદાહરણદેશતા એ છે કે ભગવાને કહેલ છઠ્ઠી નરકના કથનમાંથી નરકરૂપ એક દેશમાં જ દૃષ્ટાંતના વિષય એવા કોણિકને આગ્રહ છે, તેથી તેને અનુકૂળ ચક્રવર્તીપણાના સંપાદન માટે પ્રવૃત્ત થાય છે. તે રીતે ઉપસંહાર કરીને કોઈ મહાત્મા તેના દૃષ્ટાંતથી યોગ્ય શ્રોતાને ઉચિત બોધ કરાવે ત્યારે તે મહાત્માનું વચન પૃચ્છારૂપ ઔપમ્યસત્ય બને છે.

**(૨) લોકોત્તર પૃચ્છાતદ્દેશ :-**

વળી કોઈ આચાર્યને કોઈ મહાત્મા યોગમાર્ગના ઉપયોગી પદાર્થવિષયક ઉચિત પૃચ્છા કરે ત્યારબાદ તેમનાથી શક્ય હોય તેનું આચરણ કરે. પોતાની ભૂમિકા માટે જે આચરણ શક્ય ન હોય તેનું આચરણ ન

કરે તેનું દૃષ્ટાંત આપીને કોઈ ઉપદેશક યોગ્ય જીવને બોધ કરાવે કે ઉપદેશક પાસેથી ઉચિત યોગમાર્ગને જાણવા યત્ન કરવો જોઈએ અને જે આચરણા પોતે તીવ્ર સંવેગપૂર્વક કરી શકે તેવી આચરણાને જ કરવા માટે યત્ન કરવો જોઈએ, પરંતુ શક્તિનો વિચાર કર્યા વગર માત્ર બાહ્ય આચરણા થાય અને અંતરંગ ઉચિત ભાવો ન થાય તેવી સંવેગરહિત આચરણા કરવી જોઈએ નહિ. આ પ્રકારે પૃચ્છાના લોકોત્તર દૃષ્ટાંત દ્વારા યોગ્ય જીવને માર્ગાનુસારી પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ થાય તે રીતે જે મહાત્મા સમજાવે તે પૃચ્છારૂપ ઔપમ્યસત્યભાષા કહેવાય.

**દ્રવ્યાનુયોગ આશ્રયી પૃચ્છાતદ્દેશ :-**

વળી કોઈ મહાત્મા યોગ્ય જીવને જોઈને દ્રવ્યાનુયોગનું અવલંબન લઈને વિચારે કે આ યોગ્ય પણ જીવ વિપરીત બોધને કારણે આત્માનું હિત સાધી શકતો નથી એ વખતે "આત્મા નથી" એ પ્રકારે બોલનાર નાસ્તિકને તે મહાત્મા પૃચ્છા કરે છે, કેમ આત્મા નથી ? ત્યારે આત્માને નહિ માનનાર તે નાસ્તિક કહે કે દેખાતો નથી માટે આત્મા નથી તે વખતે તત્ત્વને જોવામાં કંઈક માર્ગાનુસારી બુદ્ધિ છે તેવા શ્રોતાને મહાત્મા કહે કે આત્મા નથી એ પ્રકારની વિવક્ષા ન હોય તો વિશિષ્ટ શબ્દની ઉત્પત્તિ થઈ શકે નહિ અને આત્મા નથી એવી વિવક્ષા તને થયેલ છે તેથી જ આત્મા નથી એ પ્રકારનો વિશિષ્ટ શબ્દપ્રયોગ તું કરે છે અને વિશિષ્ટ શબ્દપ્રયોગ કરવાને અનુકૂળ વિવક્ષાવાળો એવો જ આત્મા છે એમ સિદ્ધ થાય છે માટે તારા વચનપ્રયોગથી જ આત્માના અસ્તિત્વની સિદ્ધિ થાય છે. આ પ્રકારે દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈક નાસ્તિકને પૃચ્છા કરવામાં આવે એ પણ ઔપમ્યસત્યભાષા છે; કેમ કે એ પૃચ્છા દ્વારા જ ઔપમેય એવા આત્માની સિદ્ધિ કરાય છે. જેથી યોગ્ય જીવની કલ્યાણ અર્થે પ્રવૃત્તિ થાય છે માટે યોગ્ય જીવના કલ્યાણ અર્થે પૃચ્છારૂપ ઔપમ્યસત્યભાષાનો પ્રયોગ મહાત્માઓ કરે છે. **।૩।**

તદ્દેશ ઉપમાનના ચોથા ભેદરૂપ નિશ્રાવચનને કહે છે –

**ટીકા :-**

**निश्रावचनं च तत् यद् एकं कञ्चनं निश्राभूतं कृत्वा विचित्रप्रतिपादनम्, या द्रुमपत्रकाध्ययने भगवता गौतमनिश्रयाऽन्येऽप्यनुशासिताः, एवमसहना अपि शिष्या मार्दवसम्पन्नमेकं शिष्यं निश्राभूतं कृत्वाऽनुशासनीयाः, उदाहरणदेशता चास्य लेशत एव, तथानुशासनात्, एवं तावच्चरणकरणानुयोग-मधिकृत्योक्तम् द्रव्यानुयोगमधिकृत्य त्वन्यापदेशेन लोकायतो वक्तव्यः, अहो! धिक्कष्टं नास्ति येषामात्मा, तदभावे दानादिक्रियावैफल्यात्, न च तद्वैफल्यम्, सत्त्ववैचित्र्यानुपपत्तेरित्यादि ।४। उक्तः सभेद उदाहरणदेशः ।।२।।**

**ટીકાર્થ :-**

**निश्रावचनं च ..... उदाहरणदेशः ।। અને નિશ્રાવચન તે છે જે કોઈ એકને નિશ્રા કરીને વિચિત્ર પ્રતિપાદન કરાય, જે પ્રમાણે દ્રુમપત્રક અધ્યયનમાં ભગવાન વડે ગૌતમસ્વામીને નિશ્રા કરીને અન્ય**

**પણ જીવો અનુશાસન કરાયા એ રીતે અસહનસ્વભાવવાળા પણ શિષ્યો=અનુશાસનને ન સહન કરી શકે એવા પણ શિષ્યો, માર્દવસંપન્ન એક શિષ્યને નિશ્રારૂપે કરીને અનુશાસન કરવું જોઈએ. અને આની=નિશ્રાવચનની, ઉદાહરણદેશતા લેશથી જ છે; કેમ કે તે પ્રકારનું અનુશાસન છે="દ્રુમપત્રકના ઉદાહરણમાં ક્ષણભર પણ પ્રમાદ ન કરવો જોઈએ" તે પ્રકારે અનુશાસન છે. એ રીતે ચરણકરણાનુયોગને આશ્રયીને કહેવાયું. વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને અન્યના અપદેશથી=બીજાના ઉદ્દેશથી, લોકાયત મતવાળાને કહેવું જોઈએ, અહો ! જેઓના મતે આત્મા નથી તેઓના કષ્ટને ધિક્કાર થાઓ=તેઓના ધર્મના અનુષ્ઠાનને ધિક્કાર થાઓ; કેમ કે તેના અભાવમાં=આત્માના સ્વીકારના અભાવમાં, દાનાદિ ક્રિયાનું વૈફલ્ય છે; અને તેનું વૈફલ્ય નથી=દાનાદિ ક્રિયાનું વૈફલ્ય નથી; કેમ કે સત્ત્વના વૈચિત્ર્યની અનુપપત્તિ છે=આત્માના સ્વીકાર વગર જીવોમાં જે વૈચિત્ર્ય દેખાય છે તેની અસંગતિ છે ઈત્યાદિ કથન કરવું જોઈએ. ।૪।**

**ભેદ સહિત ઉદાહરણનો દેશ કહેવાયો. ।।૨।।**

**ભાવાર્થ :-**

**નિશ્રાવચન :-**

ઉદાહરણના એકદેશરૂપ નિશ્રાવચન છે. તે નિશ્રાવચન કોઈક એકને નિશ્રા કરીને જુદા જુદા અર્થોનું પ્રતિપાદન કરે છે, જેથી તે દૃષ્ટાંતના બળથી યોગ્ય જીવને ઉચિત બોધ થાય છે. તેવો બોધ કરાવનાર જે વચન તે ઔપમ્યસત્યભાષા છે.

**ચરણકરણાનુયોગ આશ્રયીને નિશ્રાવચન :-**

જેમ ઉત્તરાધ્યયનમાં દ્રુમપત્રક અધ્યયનમાં ભગવાન ગૌતમસ્વામીને નિશ્રા કરીને અન્ય જીવોને પણ અનુશાસન આપ્યું છે કે મનુષ્યભવ પામ્યા પછી પરલોકના અર્થી જીવે ક્ષણભર પણ પરલોકના હિતમાં પ્રમાદ કરવો જોઈએ નહિ. ત્યાં દ્રુમપત્રક અધ્યયનમાં દ્રુમ અને પત્રકના સંવાદ દ્વારા સંસારની વાસ્તવિક સ્થિતિનો બોધ કરાવીને તેના દ્વારા કેટલાક યોગ્ય શિષ્યો સીધો ઉપદેશ સહન કરવા માટે અસમર્થ હોય તે વખતે અત્યંત માર્દવગુણવાળા ગૌતમસ્વામી આદિ જેવા શિષ્યને નિશ્રા કરીને તે પ્રકારનો ઉપદેશ આપે જે સાંભળીને અન્ય જીવોને પણ તે દ્રુમપત્રની ઉપમા દ્વારા ઉચિત પ્રવૃત્તિમાં અપ્રમાદનો બોધ થાય. પ્રસ્તુતમાં દ્રુમપત્રનું ઉદાહરણ હોવા છતાં પ્રમાદ નહિ કરવાનો અનુશાસન હોવાને કારણે ઉદાહરણદેશતા છે. માર્દવ શિષ્યને નિશ્રા કરીને અન્યને અનુશાસન આપવાનું શાસ્ત્રવચન હોવાથી નિશ્રાવચન છે. દ્રુમપત્રકના ઉદાહરણથી તત્ત્વનો બોધ કરાવવાનું પ્રયોજન સિદ્ધ થાય તેવું વચન હોવાથી ઔપમ્યસત્ય છે. આ દ્રુમપત્રકનું ઉદાહરણ સંયમની આચરણાને આશ્રયીને હોવાથી ચરણકરણાનુયોગને આશ્રયીને કથન છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયીને નિશ્રાવચન :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને નિશ્રાવચનરૂપ ઔપમ્યસત્ય વચન આ પ્રમાણે છે –

કોઈક યોગ્ય જીવ આત્માને માનતો ન હોય અને સાક્ષાત્ તેને કહેવાથી સાંભળે તેમ ન હોય છતાં તે સાંભળે તે રીતે અન્યને કહેવામાં આવે કે 'જેઓ આત્માને માનતા નથી તેઓની સર્વ આચરણા નિષ્ફળ છે; કેમ કે આત્માને નહિ માનનારા જીવો કોઈક જીવોના હિતાર્થે દાનાદિ ક્રિયા કરતા હોય તોપણ તે નિષ્ફળ છે.

કેમ ? એથી કહે છે –

આત્મા જ ન હોય તો તે ક્રિયાનું ફળ કોને પ્રાપ્ત થાય ?' આ રીતે જેને કહેવામાં આવતું હોય તે પ્રશ્ન કરે કે દાનાદિ ક્રિયા વિફળ ભલે હોય તો શું વાંધો ? ત્યારે કહેવામાં આવે દાનાદિ ક્રિયા વિફળ સ્વીકારી શકાય નહિ; કેમ કે જગતમાં જીવોનું જે વૈચિત્ર્ય દેખાય છે તે વૈચિત્ર્ય પૂર્વભવમાં કરાયેલી સુંદર ક્રિયા અને અસુંદર ક્રિયાના સ્વીકાર વગર સંગત થાય નહિ ઇત્યાદિ કથન ત્યાં સુધી કરવામાં આવે જેના દ્વારા જે નાસ્તિકને સમ્યગ્ બોધ કરાવવાનું પ્રયોજન છે તે સિદ્ધ થાય તે રીતે ઉપદેશક આત્માને માનનાર કોઈ યોગ્ય જીવને નિશ્રા કરીને જે કાંઈ કથન કરે તેના દ્વારા આત્માને નહિ માનનાર જીવને માર્ગનો બોધ થાય તે પ્રકારે દ્રવ્યાનુયોગને આશ્રયીને જે કાંઈ કથન કરવામાં આવે તે નિશ્રાવચનરૂપ ઔપમ્યસત્યભાષા છે અને તે ઉદાહરણનો એકદેશ આત્માનાં અસ્તિત્વનો બોધ છે તેથી ઉદાહરણના દેશરૂપ તદ્દેશ ઔપમ્યસત્યભાષા છે અર્થાત્ ઉપમા દ્વારા આત્માના અસ્તિત્વનું સત્ય પ્રતિપાદન થાય છે. તદ્દેશરૂપ ઉદાહરણ દેશના ચાર ભેદો સહિત ઔપમ્યસત્યભાષા કહેવાઈ. **||૪|| ||૨||**

ઔપમ્યસત્યભાષાના ત્રીજા ભેદરૂપ તદ્દોષના ભેદો બતાવતાં કહે છે -

**ટીકા :-**

**तद्दोषश्च बहुव्रीह्याश्रयणाद् दुष्टमुदाहरणम् । तच्चतुर्द्धा, अधर्मयुक्तप्रतिलोमात्मोपन्यासदुरुपनीत-भेदात्, तत्राऽधर्मयुक्ते लोके नलदामकुविन्द उदाहरणं लोके, लोकोत्तरेऽपि चरणकरणानुयोगमधि-कृत्य तथाविधं निदर्शनमवधार्य नाधर्मयुक्तं भणितव्यम् । द्रव्यानुयोगमधिकृत्य च वादे रूपविद्या-बलेन प्रवचनार्थं सावद्यमपि कुर्यात्, यथा मयूरीनकुलीप्रभृतिविद्याभिः स परिव्राजको विलक्षीकृत इति, दोषत्वं चाऽत्र सर्वथा स्वरूपतो वाऽधर्मयुक्तत्वादिति ध्येयम् ।१।**

**ટીકાર્થ :-**

**तद्दोषश्च ..... ध्येयम् ।१। અને તદ્દોષ બહુવ્રીહિ સમાસનું આશ્રયણ હોવાથી દુષ્ટ ઉદાહરણ છે. અર્થાત્ ઉદાહરણનો દોષ છે જેમાં એવું ઉદાહરણ તે તદ્દોષ ઉદાહરણ છે. તે ચાર પ્રકારનું છે – (૧) અધર્મયુક્ત (૨) પ્રતિલોમ, (૩) આત્મોપન્યાસ અને (૪) દુરુપનીતના ભેદથી ચાર પ્રકારનો છે. ત્યાં=તદ્દોષના ચારભેદમાં, અધર્મયુક્ત લોકના વિષયમાં નલદામકુવિંદનું લોકમાં=લૌકિક ઉદાહરણ છે. લોકોત્તરમાં પણ ચરણકરણાનુયોગને આશ્રયીને તેવા પ્રકારના દૃષ્ટાંતનો નિર્ણય કરીને અધર્મયુક્ત કહેવું જોઈએ નહિ અને દ્રવ્યાનુયોગને આશ્રયીને વાદમાં રૂપવિદ્યાના બલથી પ્રવચન માટે સાવદ્ય પણ કરવું જોઈએ જે પ્રમાણે મયૂરી, નકુલી વગેરે વિદ્યાથી તે પરિવ્રાજક વિલક્ષણ કરાયો. અને**

**અહીં=દ્રવ્યાનુયોગને આશ્રયીને કરાયેલા કથનમાં, દોષપણું સર્વથા છે અથવા સ્વરૂપથી છે; કેમ કે અધર્મયુક્તપણું છે એ પ્રમાણે જાણવું. ।૧।**

**ભાવાર્થ :-**

**તદ્દોષઉપમાનના ચાર ભેદો :-**

તદ્દોષવાળું દૃષ્ટાંત લઈને ઔપમ્યસત્યભાષા ત્યારે બને કે આ પ્રકારે દૃષ્ટાંતમાં બતાવ્યું તેવું અનુચિત કૃત્ય કરવું જોઈએ નહિ, એ પ્રકારનો કોઈને સમ્યક્ બોધ કરાવવા અર્થે દુષ્ટ ઉદાહરણ આપવામાં આવે. તદ્દોષરૂપ દુષ્ટ ઉદાહરણના ચાર ભેદો છે : (૧) અધર્મયુક્ત ઉદાહરણ, (૨) પ્રતિલોમ ઉદાહરણ, (૩) આત્મ ઉપન્યાસ ઉદાહરણ અને (૪) દુરુપનીત ઉદાહરણ.

**લૌકિક અધર્મયુક્ત તદ્દોષ ઉદાહરણ :-**

લોકમાં અધર્મયુક્ત એવા લોકવિષયક નલદામકુવિંદનું દૃષ્ટાંત આપવામાં આવે કે જેમ પોતાના પુત્રને કોઈ મકોડો કરડે છે ત્યારે તે મકોડો ક્યાંથી આવ્યો છે તેની શોધ કરીને તે ખાડામાં ઉષ્ણ જળ નાંખીને સર્વ મકોડાને મારી નાંખનાર નલદામકુવિંદ અત્યંત ક્રૂર હતો. તેવું અત્યંત ક્રૂરકર્મ કરનાર થવું જોઈએ નહિ એવા બોધ કરાવવા અર્થે કોઈ ઉપદેશક યોગ્ય શ્રોતાને તે દૃષ્ટાંત દ્વારા તેના જીવનમાં ક્રૂરતાનું કારણ હોય તેવી પ્રવૃત્તિનો ત્યાગ કરવાનો બોધ થાય તે રીતે નલદામકુવિંદનું ઉદાહરણ આપે તો તદ્દોષરૂપ ઔપમ્યસત્યભાષા *તે મહાત્માની કહેવાય.*

**ચરણકરણાનુયોગ આશ્રયી અધર્મયુક્ત તદ્દોષ ઉદાહરણ :-**

વળી જેમ લોકમાં નલદામકુવિંદનું દૃષ્ટાંત ગ્રહણ કરીને ઔપમ્યસત્યભાષા દ્વારા અધર્મયુક્ત પ્રવૃત્તિના વર્જનનો ઉપદેશ અપાય છે તેમ ચરણકરણાનુયોગને આશ્રયીને કોઈ મહાત્મા એ પ્રકારે અધર્મયુક્ત પ્રવૃત્તિ કરતા હોય તેનું દૃષ્ટાંત બતાવીને આવું અધર્મયુક્ત બોલવું જોઈએ નહિ એ પ્રકારે ચરણકરણાનુયોગને આશ્રયીને કહેવામાં આવે તે તદ્દોષ ઔપમ્યસત્યભાષા છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયી અધર્મયુક્ત તદ્દોષ ઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈ કહે કે વાદમાં રૂપવિદ્યાના બલથી પ્રવચનની પ્રભાવના અર્થે સાવદ્ય પણ કરવું જોઈએ. જેમ રોહગુપ્તે મયૂરી, નકુલી વગેરે વિદ્યાથી પોટ્ટશાલ પરિવ્રાજકને વિલક્ષણ કર્યો. આ વચન કોઈ કહે તો તે વચનમાં સર્વથા દોષપણું છે; કેમ કે શાસનપ્રભાવનાના નામે સાવદ્ય પ્રવૃત્તિનું વિધાન કરે છે તેમ બતાવીને કોઈ યોગ્ય ઉપદેશક આવા પ્રકારનું વિધાન કરવું સાધુને ઉચિત નથી એવો બોધ કરાવવા અર્થે એ પ્રકારના કોઈના કથનનું દૃષ્ટાંત આપીને કહે તો તે ઔપમ્યસત્યભાષા છે.

વળી કોઈક સાધુ શાસનની પ્રભાવના માટે વાદ કરવો અતિ આવશ્યક જણાય અથવા તેવા વાદી સાથે વાદની ઉપેક્ષા કરી શકાય તેમ નથી ત્યારે જ અપવાદથી તેવા વાદોનો સ્વીકાર કરે; કેમ કે અન્યથા સુસાધુને ધર્મની પ્રાપ્તિનું કારણ બને તેવા વાદથી અન્ય વાદ કરવાનો શાસનમાં નિષેધ છે. આવા સંયોગથી

શાસનની પ્રભાવના માટે વાદ આવશ્યક જણાય અને પ્રતિવાદી દુષ્ટ હોય તો મહાત્મા રૂપવિદ્યા આદિના બળથી સાવદ્ય કરે તોપણ તે સાવદ્ય સ્વરૂપથી સાવદ્ય છે માટે તેવું દૃષ્ટાંત આપીને ઉચિત સ્થાને અપવાદથી ઉચિત પ્રવૃત્તિ કરાવવા અર્થે તદ્દોષનું દૃષ્ટાંત આપે તેમાં જે સાવદ્ય કરવાનું વિધાન છે તે સ્વરૂપથી જ સાવદ્ય છે ફળથી નિરવદ્ય છે તેવો જ યથાર્થ બોધ કરાવવા અર્થે તેવું દૃષ્ટાંત આપવામાં આવે ત્યારે તે ભાષા ઔપમ્યસત્ય બને છે; કેમ કે શ્રોતાને ઉચિત અપવાદના યોજનથી માર્ગાનુસારી બોધ થાય છે. **।૧।**

તદ્દોષ ઉપમાનના બીજા ભેદરૂપ પ્રતિલોમને બતાવે છે –

**ટીકા :-**

**प्रतिलोमं=प्रतिकूलम्, (ग्रन्थाग्रं-५०० श्लोक) तत्र कथानकं प्रद्योतेन हृतस्य पुनस्तमेव हृतवतोऽभयस्य द्रष्टव्यम्, इदं च लोके लोकोत्तरे तु चरणकरणानुयोगमधिकृत्य –**

"णो किंचि वि पडिकूलं कायव्वं भवभएणमण्णेसिं ।
अविणीतसिक्खगाण उ जयणाइ जहोचितं कुज्जा ।।" ( )

**द्रव्यानुयोगमधिकृत्य तु द्रव्यार्थिकपर्यायार्थिकयोरन्यतरेणान्यतरं चोदयेत्, दुर्वादिनां द्विराश्यादि-प्रतिपादकानां निरासार्थं त्रिराश्यादिकं वा स्थापयेत्, अत्र चाऽऽद्ये पक्षे साध्यार्थाऽसिद्धेः, द्वितीये तु विरुद्धभाषणादेव दुष्टत्वमित्यवसेयम् ।२।**

**ટીકાર્થ :-**

प्रतिलोमं ..... दुष्टत्वमित्यवसेयम् ।२। **પ્રતિલોમ=પ્રતિકૂળ, ત્યાં પ્રદ્યોત દ્વારા=ચંડપ્રદ્યોત દ્વારા, હરણ કરાયેલ ફરી તેને જ=ચંડપ્રદ્યોતને જ, હરણ કરતા અભયનું દૃષ્ટાંત જાણવું. અને આ=અભયકુમારનું દૃષ્ટાંત, લોકમાં છે. વળી લોકોત્તરમાં ચરણકરણાનુયોગને આશ્રયીને**

"ભવભયવાળા પુરુષે અન્યોનું કાંઈપણ પ્રતિકૂળ કરવું જોઈએ નહિ, વળી અવિનીત શિષ્યોનું યતનાથી યથોચિત કરવું જોઈએ." ()

**વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયમાંથી અન્યતર નય વડે અન્યતર એવા પ્રતિવાદીને પ્રેરણા કરે=દ્રવ્યાર્થિકનયવાળા પ્રતિવાદીને પર્યાયાર્થિકનય વડે અને પર્યાયાર્થિકનયવાળા પ્રતિવાદીને દ્રવ્યાર્થિકનય વડે પ્રતિપાદન કરે અથવા દ્વિરાશિ આદિના પ્રતિપાદક એવા દુષ્ટ વાદીના નિરાસ માટે ત્રિરાશિ આદિક પણ સ્થાપન કરે અને અહીં આદ્યપક્ષમાં=દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયમાંથી એક નયના પ્રતિપાદન દ્વારા પ્રતિવાદીને પ્રેરણા કરવામાં સાધ્યાર્થની અસિદ્ધિ હોવાથી=સ્યાદ્વાદના સ્થાપનરૂપ સાધ્યાર્થની અસિદ્ધિ હોવાથી, દુષ્ટપણું છે એ પ્રમાણે જાણવું. વળી બીજા પક્ષમાં=ત્રિરાશિ આદિના સ્થાપનાના પક્ષમાં, વિરુદ્ધભાષણ હોવાને કારણે જ=જૈનસિદ્ધાન્તથી વિરુદ્ધ ભાષણ હોવાને કારણે જ, દુષ્ટપણું છે એ પ્રમાણે જાણવું. ।૨।**

**ભાવાર્થ :-**

**પ્રતિલોમ તદ્દોષઉદાહરણ :-**

દોષવાળું ઉદાહરણ એ દુષ્ટ ઉદાહરણ કહેવાય, તેમાં પ્રતિલોમરૂપ બીજો ભેદ છે. કોઈકને પ્રતિકૂળ થાય તેવું વર્તન જેમાં હોય તેવું દૃષ્ટાંત આપવામાં આવે તે દોષવાળું પ્રતિલોમ ઉદાહરણ છે. તેવા દૃષ્ટાંતથી કોઈકને બોધ કરાવવા માટે કહેવામાં આવે કે આ પ્રકારે પ્રતિકૂળ વર્તન કરવું ઉચિત નથી, છતાં તેવા પ્રકારના લાભાલાભમાં અપવાદથી પ્રતિકૂળ વર્તન કરીને પણ કોઈનું હિત થતું હોય તો તે દોષરૂપ નથી તેવો બોધ કરાવવા અર્થે તદ્દોષરૂપ પ્રતિલોમ દૃષ્ટાંત દ્વારા કોઈને સત્ય બોધ કરાવવામાં આવે ત્યારે તે ભાષા ઔપમ્યસત્ય બને છે.

**લૌકિક પ્રતિલોમ તદ્દોષઉદાહરણ :-**

જેમ લોકમાં અભયકુમારનું દૃષ્ટાંત આપવામાં આવે કે અભયકુમારને વેશ્યાના કપટ દ્વારા ચંડપ્રદ્યોત હરણ કરેલ ત્યારે ચંડપ્રદ્યોતને અભયકુમારે કુશલ બુદ્ધિપૂર્વક હરણ કરેલ જે દૃષ્ટાંત ચંડપ્રદ્યોત સાથે અભયકુમારનું પ્રતિકૂલ વર્તન સ્વરૂપ છે અને તે ઉદાહરણ કોકની સાથે પ્રતિકૂલ વર્તનરૂપ હોવાથી દુષ્ટ છે. આવા ઉદાહરણ દ્વારા કોઈકને માર્ગાનુસારી બોધ કરાવવા અર્થે દૃષ્ટાંત આપવામાં આવે કે સામાન્યથી કોઈનીય સાથે પ્રતિકૂલ વર્તન કરાય નહિ છતાં કોઈકના હિતાર્થે અભયકુમારની જેમ પ્રતિકૂલ વર્તન કરવામાં આવે તો તે દોષ દોષરૂપ નથી તેવા બોધના પ્રયોજનથી તદ્દોષ પ્રતિલોમભાષા ઔપમ્યસત્યભાષા બને છે.

**ચરણકરણાનુયોગ આશ્રયી પ્રતિલોમ તદ્દોષઉદાહરણ :-**

વળી ચરણકરણાનુયોગને આશ્રયીને કોઈ મહાત્મા યોગ્ય જીવને બોધ કરાવવા અર્થે કહે કે ભવથી ભય પામેલા જીવોએ કોઈકને પીડા થાય તેવું પ્રતિકૂળ કાંઈ કરવું જોઈએ નહિ છતાં અવિનીત શિષ્યોને માર્ગ ઉપર લાવવાના પ્રયોજનથી યતનાપૂર્વક યથોચિત કરવું જોઈએ, જેથી તેઓનું હિત થાય, આથી જ જેઓ અત્યંત અવિનીત છે, જેઓને માર્ગની પ્રાપ્તિનો સંભવ નથી તેઓના માટે કરાતા યત્નથી ગુરુ અને શિષ્ય ઉભયને કર્મબંધની પ્રાપ્તિ થાય છે, પરંતુ કેટલાક અવિનીત જીવોને પણ વિવેકપૂર્વકની ઉચિત પ્રવૃત્તિ દ્વારા માર્ગમાં લાવી શકાય છે. તેઓને આશ્રયીને પ્રથમ ભૂમિકામાં તેઓને પ્રતિકૂળ હોય તેવું પણ કંઈક કરવામાં આવે તે દોષરૂપ નથી તેવો બોધ કરાવવા અર્થે તદ્દોષ પ્રતિલોમ દૃષ્ટાંતથી ઉપદેશક કહે તો તેનાથી યોગ્ય જીવને બોધ થાય છે કે મારે કોઈની સાથે પ્રતિકૂળ વર્તન કરવું જોઈએ નહિ. ફક્ત સ્વજનાદિ કે શિષ્યાદિ કોઈ હોય અને તેઓ માર્ગસ્થ થાય તેમ હોય તો યતનાપૂર્વક પ્રતિલોમ પ્રવૃત્તિ કરવી ઉચિત છે અને તેવો બોધ કરાવવા અર્થે કોઈ મહાત્મા તદ્દોષ પ્રતિલોમ દૃષ્ટાંત કહે તો તે ઔપમ્યસત્યભાષા બને.

**દ્રવ્યાનુયોગ આશ્રયી પ્રતિલોમ તદ્દોષઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈની સાથે વાદ કરવાના પ્રસંગે હોય અને કોઈ પ્રતિવાદી દ્રવ્યાર્થિક નયને એકાંતે માનનાર હોય ત્યારે પર્યાયાર્થિકનયની યુક્તિ તેને પ્રતિકૂળ છે તે નયની દૃષ્ટિથી તેને પ્રેરણા

કરવામાં આવે ત્યારે તે પ્રેરણાની પ્રવૃત્તિ સ્યાદ્વાદની સિદ્ધિ કરનાર નહિ હોવાથી દુષ્ટ છે અને પ્રતિવાદીને પ્રતિકૂળ છે તે દૃષ્ટાંત દ્વારા કોઈ વિવેચક યોગ્ય શ્રોતાને સમજાવે કે પ્રતિવાદીને કોઈ લાભ થાય તેમ ન હોય ત્યારે અન્યતર નયથી કથન કરીને તેને ચિત્તમાં ક્લેશ કરાવવાથી કોઈ ફળની પ્રાપ્તિ થાય નહિ માટે તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ, આમ છતાં પ્રતિવાદીને લાભ થાય તેમ હોય તો તે પ્રતિલોમ વચન પણ દુષ્ટ નથી એ પ્રકારનો બોધ કરાવવા અર્થે દ્રવ્યાનુયોગને આશ્રયીને તદ્દોષ પ્રતિલોમભાષા ઔપમ્યસત્યભાષા છે.

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈ દુર્વાદી દ્વિરાશિ આદિ સ્થાપન કરે - જેમ જીવ, અજીવ બે રાશિ છે. તે વખતે જિનશાસનને સંમત એવી પણ દ્વિરાશિનું તે વાદીના નિરસન માટે ત્રિરાશિ આદિનું સ્થાપન કરવામાં આવે ત્યારે તે સ્થાપનની ક્રિયા દુર્વાદીને પ્રતિકૂળ હોવાથી પ્રતિલોમ છે અને ત્રિરાશિનું સ્થાપન વિરુદ્ધ ભાષણરૂપ હોવાથી દુષ્ટ છે. આમ છતાં તે ભાષા દુષ્ટ છે તેવો બોધ કરાવવા અર્થે કોઈ ઉપદેશક યોગ્ય શ્રોતાને કહે તો તે ભાષા ઔપમ્યસત્ય છે જેના દ્વારા શ્રોતાને જ્ઞાન થાય કે કોઈને પીડા થાય તેવા વચનનું સ્થાપન ઉચિત નથી અને જિનવચનથી વિરુદ્ધ વચન દ્વારા દુર્વાદીને પરાસ્ત કરવો ઉચિત નથી, છતાં કોઈ વિશેષ લાભ જણાય જેનાથી ઘણા જીવોના હિતની પ્રાપ્તિ થતી હોય, ત્યારે તદ્દોષરૂપ પ્રતિલોમનું ઉદાહરણ બતાવીને તે વખતે તેવી પ્રવૃત્તિ કરવી ઉચિત છે તેવો શ્રોતાને બોધ થાય તો તે ઔપમ્યસત્યભાષા છે. **।૨।**

તદ્દોષ ઉપમાનના ત્રીજા ભેદ આત્મોપન્યાસને બતાવે છે –

**ટીકા :-**

**आत्मोपन्यासश्चायं यत्राऽनुपन्यसनीय आत्मैवोपन्यस्यते तत्र च लोके तटाकभेदे पिङ्गलस्थपतिरुदाहरणम्, अन्यत्राऽपि चरणकरणानुयोगे नैवं ब्रूयात्, यदुत –**

"लोइयधम्मातो वि हु जे पब्भट्ठा नराधमा तेउ ।
कह दव्वसोयरहिया, धम्मस्साराहगा होंति ।।" **त्ति ( )**

**द्रव्यानुयोगेऽपि नैवं प्रयुञ्जीत-एकेन्द्रिया जीवा व्यक्तोच्छ्वासादिलिङ्गत्वात्, व्यतिरेके घटवदिति, अत्र च (सद्भावः) न च तथैतेष्वसद्भावस्तस्माज्जीवा एवैत इति, आत्मनोऽपि तद्रूपापत्त्याऽऽत्मोप-न्यासत्वम्, उदाहरणदोषता चात्मोपघातजनकत्वेन, तच्चासाधारण्यादित्यवसीयते ।३।**

**ટીકાર્થ :-**

**आत्मोपन्यासश्चायं ..... तच्चासाधारण्यादित्यवसीयते ।३। અને આત્મ ઉપન્યાસ આ છે જેમાં અનુપન્યાસનીય એવો આત્મા જ ઉપન્યાસ કરાય છે અને ત્યાં=આત્મોપન્યાસરૂપ ભેદમાં, તળાવનો ભેદ થયે છતે પિંગલસ્થપતિ લોકમાં ઉદાહરણ છે. અન્યત્ર પણ=લોકોત્તરમાં પણ, ચરણકરણાનુયોગ વિષયક આ પ્રમાણે કહેવું જોઈએ નહિ. અને તે 'यदुत'થી સ્પષ્ટ કરે છે –**

"લૌકિક ધર્મથી પણ ખરેખર જે ભ્રષ્ટ છે નરાધમ એવા તેઓ દ્રવ્યશૌચથી રહિત કેવી રીતે ધર્મના આરાધક થાય ?" **(આ પ્રમાણે કોઈ સાધુ કહે તો પોતે દ્રવ્યશૌચ રહિત હોવાથી ધર્મના આરાધક નથી એ પ્રકારે પોતાના આત્માનો જ ઉપન્યાસ કરે છે.)**

**દ્રવ્યાનુયોગમાં પણ આ પ્રમાણે પ્રયોગ કરવો જોઈએ નહિ – એકેંદ્રિય જીવો છે; કેમ કે વ્યક્ત ઉચ્છ્વાસ આદિ લિંગપણું છે. વ્યતિરેકમાં ઘટની જેમ દૃષ્ટાંત છે (અહીં એકેંદ્રિયમાં સ્પષ્ટ વ્યક્ત ઉચ્છ્વાસ આદિ નથી તોપણ પોતાની સાથે જીવત્વરૂપે એકેંદ્રિયનો અભેદ કરીને હેતુનો ઉપન્યાસ કરેલો છે, તેથી સર્વ જીવોનો સંગ્રહ હોવાને કારણે અન્વયદૃષ્ટાંતનો અભાવ પ્રાપ્ત થાય માટે ઘટવદ્ એ પ્રમાણે વ્યતિરેક દૃષ્ટાંત આપેલ છે અને પોતાનો એકેંદ્રિય સાથે અભેદ કરેલો હોવાથી પોતાનો જ ઉપન્યાસ છે માટે આત્મોપન્યાસ છે) અને અહીં=ઘટમાં, સદ્ભાવ છે=વ્યક્ત ઉચ્છ્વાસ આદિ લિંગના અભાવનો સદ્ભાવ છે અને તે પ્રમાણે આમાં=એકેંદ્રિયાદિ જીવોમાં, અસદ્ભાવ નથી=જે પ્રમાણે ઘટમાં વ્યક્ત ઉચ્છ્વાસાદિ લિંગનો અભાવ છે તે પ્રમાણે એકેંદ્રિયાદિ જીવોમાં વ્યક્ત ઉચ્છ્વાસાદિ લિંગના અભાવનો સદ્ભાવ નથી, તે કારણથી જીવો જ આ છે=જીવો જ એકેંદ્રિયો છે, આ પ્રમાણે પ્રયોગ કરવાથી આત્માની પણ તદ્રૂપતાની પ્રાપ્તિ હોવાથી=એકેંદ્રિય રૂપતાની પ્રાપ્તિ હોવાથી આત્મોપન્યાસપણું છે અને ઉદાહરણદોષતા આત્માના ઉપઘાતના જનકપણાને કારણે છે=પોતે પંચેન્દ્રિય હોવા છતાં એકેંદ્રિય સિદ્ધ થવાથી પોતાના ઉપઘાતના જનકપણાથી ઉદાહરણદોષતાની પ્રાપ્તિ છે, અને તે=આત્માનો ઉપઘાત, અસાધારણથી છે=એકેંદ્રિયની સાથે પોતાના સમાનપણાની પ્રાપ્તિ નહિ હોવાથી છે, એ પ્રમાણે જણાય છે. ।૩।**

**ભાવાર્થ :-**

**આત્મોપન્યાસ તદ્દોષઉદાહરણ :-**

કોઈ વ્યક્તિ કોઈ પ્રકારનું કથન કરે જેનાથી તે સ્વરૂપે વડે તેનો જ ઉપન્યાસ થાય અને તે પ્રકારે ઉપન્યાસ કરવાથી પોતાને જ અહિતની પ્રાપ્તિ થાય તે આત્મોપન્યાસરૂપ તદ્દોષનો ભેદ છે.

**લૌકિક આત્મોપન્યાસ તદ્દોષઉદાહરણ :-**

જેમ પિંગલસ્થપતિ નામવાળા કોઈક પુરુષને રાજાએ પૂછ્યું કે આ તળાવનો અભેદ કઈ રીતે થશે ? ત્યારે તેણે કહ્યું કે કપિલાદિ ગુણવાળો પુરુષ ત્યાં દાટવામાં આવે તો આ તળાવનો ભેદ થાય નહિ. આવા ગુણવાળો તે જવાબ આપનાર પોતે હોવાથી તેને જ તે સ્થાનમાં દાટીને તળાવ કરવામાં આવ્યું તેથી તે દૃષ્ટાંત પોતાના ઉપન્યાસરૂપ થઈને પોતાના જ ઉપઘાતનું કારણ બને છે. માટે વિવેકી પુરુષે આત્મઉપન્યાસ થાય તેવું દૃષ્ટાંત કહેવું જોઈએ નહિ એ પ્રકારે કોઈ મહાત્મા યોગ્ય શ્રોતાને ઉચિત બોધ કરાવવા અર્થે કહે ત્યારે તે ઔપમ્યસત્યભાષા બને છે.

**ચરણકરણાનુયોગ આશ્રયી આત્મોપન્યાસ તદ્દોષઉદાહરણ :-**

વળી કોઈ સાધુ ચરણકરણાનુયોગને આશ્રયીને કહે કે જેઓ લૌકિક ધર્મથી પ્રભ્રષ્ટ છે તેઓ નરાધમ છે,

તેથી દ્રવ્યશૌચથી રહિત એવા તેઓ ધર્મના સાધક થઈ શકે નહિ. આ પ્રકારે કહેવા પાછળનો ઉપદેશકનો આશય એ હોઈ શકે કે "ગૃહસ્થે પોતાના ગૃહસ્થધર્મનું અવશ્ય પાલન કરવું જોઈએ. દ્રવ્યશૌચ રહિત એવા તેઓ ભગવાનની ભક્તિના આરાધક કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ." આમ બતાવીને તેમને સ્વભૂમિકા અનુસાર દ્રવ્યશૌચમાં પ્રેરણા કરવી આ પ્રકારના મુગ્ધ આશયંથી કોઈ સાધુ કોઈ ગૃહસ્થને કહે તો જૈનસાધુ લૌકિક ધર્મને સેવનારા નથી અને દ્રવ્યશૌચથી રહિત છે તેથી પોતે જ ધર્મના આરાધક નથી તેમ સિદ્ધ થાય. આ પ્રકારે વિચાર્યા વગર બોલનાર પુરુષ પોતાનો જ ઉપન્યાસ કરીને ધર્મનો લાઘવ કરે છે, માટે સુસાધુએ શ્રાવકોને દ્રવ્યશૌચપૂર્વક ભગવાનની ભક્તિ આદિનો ઉપદેશ આપવો હોય ત્યારે પોતાનો ઉપન્યાસ થાય તે પ્રકારે કથન કરવું જોઈએ નહિ અને તે પ્રકારે બોધ કરાવવા અર્થે કોઈ સાધુ ઉપદેશ આપે તો તે ભાષા આત્મોપન્યાસ એવા દુષ્ટ ઉદાહરણથી યથાર્થ બોધ કરાવનાર હોવાથી ઔપમ્યસત્યભાષા છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયી આત્મોપન્યાસ તદ્દોષઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને આ પ્રમાણે કહેવું જોઈએ નહિ આમ બતાવીને ઔપમ્યસત્યભાષાનો પ્રયોગ કોઈ મહાત્મા કરે ત્યારે આત્મોપન્યાસ કઈ રીતે થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

એકેંદ્રિયની સિદ્ધિ કરવા અર્થે કોઈ મહાત્મા કહે કે એકેંદ્રિય જીવો છે. તેમાં હેતુ કહે કે વ્યક્ત ઉચ્છ્વાસ આદિ લિંગપણું છે. તે વખતે હેતુ સ્પષ્ટ એકેંદ્રિયમાં નહિ હોવા છતાં એકેંદ્રિય અને પોતાનો અભેદ કરીને પોતાનામાં વ્યક્ત દેખાતા ઉચ્છ્વાસ આદિ લિંગના બળથી એકેંદ્રિયો પોતાના જેવા જીવો છે તેમ બતાવે અને જીવત્વેન એકેંદ્રિયનું ગ્રહણ કરેલ હોવાથી અન્વયી દૃષ્ટાંત મળે નહિ, તેથી વ્યતિરેક દૃષ્ટાંત આપે કે ઘડામાં વ્યક્ત ઉચ્છ્વાસ આદિ લિંગ નથી માટે ઘડામાં જીવ નથી અને એકેંદ્રિયાદિમાં તે પ્રકારે=ઘટાદિમાં જેમ વ્યક્ત ઉચ્છ્વાસ આદિ લિંગનો અભાવ છે તે પ્રકારે, વ્યક્ત ઉચ્છ્વાસાદિ લિંગનો અભાવ નથી તેમ કહીને પોતાના જેવા જીવો જ એકેંદ્રિય છે તેમ કોઈ શિષ્યની બુદ્ધિમાં સ્થિર કરવા કોઈ સાધુ યત્ન કરે અને બોધ કરાવે કે જેવા આપણે જીવસ્વરૂપ છીએ તેવા જ એકેંદ્રિયાદિ જીવસ્વરૂપ છે આ પ્રકારના અનુમાનમાં જીવોમાં વ્યક્ત ઉચ્છ્વાસ આદિ સ્પષ્ટ નહિ દેખાતા છતાં પોતાના તુલ્યરૂપે એકેંદ્રિયને ગ્રહણ કરીને અનુમાન કરેલ હોવાથી પોતાની પણ એકેંદ્રિયની સાથે તુલ્યરૂપતાની પ્રાપ્તિ હોવાથી આત્મોપન્યાસદોષની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે પોતાનો એકેંદ્રિય સાથે અભેદ કરીને હેતુ મૂકવાથી ઉદાહરણદોષતાની પ્રાપ્તિ છે; કેમ કે આત્માના ઉપઘાતનું જનક આ ઉદાહરણ છે અર્થાત્ એકેંદ્રિયતુલ્ય પોતે છે એ પ્રકારે ઉદાહરણ છે.

ઉપઘાતનું જનક કેમ છે ? એમાં હેતુ કહે છે –

અસાધારણપણું છે=એકેંદ્રિય કરતાં પોતાનામાં વ્યક્ત ઉચ્છ્વાસ આદિરૂપ અસાધારણપણું છે, છતાં એકેંદ્રિય સાથે પોતાનો અભેદ કરીને હેતુ તરીકે પોતાનું જ ઉદાહરણ આપેલ છે જે પોતાને જ એકેંદ્રિયપણાની પ્રાપ્તિનું જનક આ ઉદાહરણ છે. આ પ્રમાણે બતાવીને કોઈ ઉપદેશક કહે કે કોઈ શિષ્યને એકેંદ્રિયમાં જીવત્વ સાધવા માટે આવા દોષવાળું ઉદાહરણ આપવું જોઈએ નહિ તે ઔપમ્યસત્યભાષા છે. **।૩।**

તદ્દોષ ઉપમાનના ચોથા ભેદ દુરુપનીતને બતાવે છે –

**ટીકા :-**

**दुरुपनीतं च दुष्टनिगमनम्, तत्र लोके मत्स्यग्रहणपरो भिक्षुरुदाहरणं 'कन्थाऽऽचार्य ! श्लथा ते' इत्यादिकाव्यादवसेयम् । चरणकरणानुयोगे तु –**

"इय सासणस्सऽवन्नो, जायइ जेणं ण तारिसं बूया ।

वाए वि उवहसिज्जइ, णिगमणतो जेण तं चेव ।।" **त्ति ( )**

**द्रव्यानुयोगेऽपि –**

"जीवचिंताए वादिणा तहा भणितव्वं वादे जेण ण जिप्पइ परवाइणत्ति ।।" **(द. वै. जि. चू. पृ. ५४)**

**।४। उक्तं सभेदमुदाहरणदोषमुदाहरणम् ।।३।।**

**ટીકાર્થ :-**

**दुरुपनीतं ..... सभेदमुदाहरणदोषमुदाहरणम् ।। અને દુરુપનીત દુષ્ટ નિગમન છે ત્યાં મત્સ્યગ્રહણ પર ભિક્ષુ લોકમાં ઉદાહરણ છે જે "હે આચાર્ય ! તારી કંથા છિદ્રવાળી છે" ઈત્યાદિ કાવ્યથી જાણવી. વળી ચરણકરણાનુયોગમાં,**

"આ પ્રમાણે શાસનનો અવર્ણ થાય છે જે કારણથી તેવું બોલવું જોઈએ નહિ અને વાદમાં પણ નિગમનથી ઉપહાસ પામે છે જેના વડે તે બોલવું જોઈએ નહિ." **()**

**દ્રવ્યાનુયોગમાં પણ,**

"જીવની ચિંતામાં વાદીએ વાદમાં તે પ્રમાણે કહેવું જોઈએ જેનાથી પરવાદી દ્વારા જિતાય નહિ." **(દશવૈકાલિકસૂત્ર, જિનદાસગણિકૃત ચૂર્ણિ પૃ. ૫૪) ।૪।**

**ભેદ સહિત ઉદાહરણદોષવાળું=તદ્દોષવાળું, ઉદાહરણ કહેવાયું. ।।૩।।**

**ભાવાર્થ :-**

**દુરુપનીત તદ્દોષઉદાહરણ :-**

કોઈ વ્યક્તિ કોઈને પ્રશ્ન કરે ત્યારે ઉત્તર આપનાર વ્યક્તિ તે કથનનું નિગમન દુષ્ટ રીતે કરે જેથી પોતાનો લાઘવ થાય તે દુરુપનીત ઉદાહરણ છે.

**લૌકિક દુરુપનીત તદ્દોષઉદાહરણ :-**

આવું ઉદાહરણ વિવેકી પુરુષે કરવું જોઈએ નહિ એવું બતાવવા અર્થે લોકમાં ભિક્ષુનું ઉદાહરણ આપવામાં આવે કે કોઈ ભિક્ષુને કોઈ પુરુષે કહ્યું કે "હે આચાર્ય તારી કંથા છિદ્રવાળી છે." ત્યારે મૂઢ એવો તે ભિક્ષુ કહે છે, "આ માછલીના વધ માટેની જાળ છે માટે છિદ્રવાળી છે." ત્યારે પેલો પુરુષ પૂછે છે કે "તું માછલાં ખાય છે ?" ત્યારે આ કહે છે "જ્યારે મદ્ય પીઉં છું, ત્યારે માછલાં ખાઉ છું." ત્યારે પેલો પૂછે છે

"તું મદ્ય પીએ છે ?" ત્યારે આ કહે છે, "વેશ્યાથી યુક્ત હોઉં ત્યારે પીઉં છું." ત્યારે પેલો પૂછે છે "તું વેશ્યા પાસે જાય છે ?" ત્યારે આ કહે છે "હંમેશાં જતો નથી પરંતુ શત્રુને મારીને વેશ્યા પાસે જાઉં છું." ત્યારે પેલો પૂછે છે "તારા શત્રુ કોણ છે ?" ત્યારે આ કહે છે "જેઓના ત્યાં ખાતર કરું છું, તેઓ શત્રુ છે." ત્યારે પૂછે છે "તું ચોરી કરે છું ?" ત્યારે કહે છે "જુગાર માટે ચોરી કરું છું" ત્યારે પૂછે છે "તું જુગાર રમે છે ?" ત્યારે કહે છે "હું દાસીપુત્ર છું." આ પ્રકારે સર્વ નિગમન વચન દુષ્ટ છે તેમ વિવેકી પુરુષે તેવું દુષ્ટ નિગમન થાય તેવું વચન બોલવું જોઈએ નહિ એવો બોધ કરાવવા અર્થે દુરુપનીત તદ્દોષનું દૃષ્ટાંત આપીને ઉચિત બોધ કરાવવાથી યોગ્ય શિષ્યને કઈ રીતે નિગમન કરવું જોઈએ તેનો માર્ગાનુસારી બોધ થાય છે માટે તે ઔપમ્યસત્યભાષા બને છે.

**ચરણકરણાનુયોગ આશ્રયી દુરુપનીત તદ્દોષ ઉદાહરણ :-**

વળી ચરણકરણાનુયોગને આશ્રયીને ઉપદેશક કહે કે શાસનનો અવર્ણવાદ થાય તેવું દુષ્ટ નિગમન કરવું જોઈએ નહિ અને વાદમાં પણ તે પ્રમાણે કહેવું જોઈએ નહિ જેનાથી પોતે ઉપહાસને પામે. આવો બોધ કરાવવા અર્થે દુષ્ટ નિગમન તદ્દોષના ઉદાહરણથી બોધ કરાવાય ત્યારે તે ઔપમ્યસત્યભાષા બને.

**દ્રવ્યાનુયોગ આશ્રયી દુરુપનીત તદ્દોષ ઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને જીવની સિદ્ધિ કરવા અર્થે વાદીએ તે પ્રકારે વાદમાં કહેવું જોઈએ જેથી પરવાદી વડે પોતે જિતાય નહિ આ પ્રકારનું દુષ્ટ નિગમનનું ઉદાહરણ બતાવીને શિષ્યને યથાર્થ બોધ કરાવવામાં આવે ત્યારે દુષ્ટનિગમન તદ્દોષઉદાહરણથી ઔપમ્યસત્યભાષાની પ્રાપ્તિ થાય છે. આ રીતે ભેદ સહિત તદ્દોષનું ઉદાહરણ ગ્રંથકારશ્રીએ અહીં પૂર્ણ કરેલ છે. **।૪। ॥૩॥**

ઔપમ્યસત્યભાષાના પુનઃઉપન્યાસ નામના ચોથા ભેદનાં અવાંતર ભેદો બતાવે છે –

**ટીકા :-**

**उपन्यासः=तथाविधप्रतिकूलाभिप्रायपूर्व उदाहारः, स चतुर्द्धा, तद्वस्तुतदन्यवस्तुप्रतिनिभ-हेतूपन्यासभेदात् ।**

**तत्र वाद्युक्तमेवं वस्त्वादाय उपन्यासस्तद्वस्तूपन्यासः ।**

**तत्रोदाहरणम्-एकः कार्पटिको बहून् देशान् भ्रान्त्वा समागतः, अन्यैः कार्पटिकैराश्चर्यं पृष्ट उक्तवान् 'समुद्रतीरे एकत्र मया महान् महीरुहो दृष्टः, तस्यैका शाखा समुद्रे प्रतिष्ठिताऽन्या च स्थले ततः समुद्रे पतितानि फलानि जलचरा भवन्ति, स्थले पतितानि च स्थलचरा' इति । तदिदमाकर्ण्य श्राद्धकार्पटिकेनोक्तं यान्यर्धमध्यपतितानि तानि किं भवन्तीति ? तूष्णीम्भूतः कार्पटिक इति लोके ।**

**चरणकरणानुयोगे तु यदि कश्चिद्विनेयः कञ्चिदसद्ग्रहं गृहीत्वा न सम्यग् वर्त्तते स खलु तद्वस्तूपन्यासेनैव प्रज्ञापनीयः, यथा कश्चिदाह–**

"न मांसभक्षणे दोषः, न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ।।१।।" ( )

**इदं च किलैवमेव युज्यते, प्रवृत्तिमन्तरेण निवृत्तेः फलाभावान्निर्विषयत्वेनाऽसम्भवाच्च, तस्मात् फलनिबन्धननिवृत्तिनिमित्तत्वेन प्रवृत्तिरप्यदुष्टैवेति ।**

**तत्रोच्यते-इह निवृत्तेर्महाफलत्वं किं दुष्टप्रवृत्तिपरिहारात्मकत्वेन आहोस्विददुष्टप्रवृत्तिपरिहारात्मकत्वेन ? आद्ये कथं प्रवृत्तेरदुष्टत्वम् ? अन्त्ये चाऽदुष्टनिवृत्तिपरिहारात्मकप्रवृत्तेरपि महाफलत्वप्रसङ्गेन पूर्वापरविरोध इति, न मांसभक्षणेऽदोष इत्यत्र नञः प्रश्लेषः कर्तव्यः, यतो भूतानां=जीवानां, एषा प्रवृत्तिः=उत्पत्तिस्थानम्, भूतानां=पिशाचप्रायाणां वा एषा प्रवृत्तिर्न तु विवेकिनामिति व्याख्येयम् ।**

**द्रव्यानुयोगे त्वेकान्तनित्यो जीवः, अमूर्त्तत्वात् आकाशवदिति प्रयोगे कर्मवदमूर्त्तत्वेऽनित्यः स्यादिति । एवं व्यभिचारोदाहरणात्तु कर्म अमूर्त्तमनित्यं चेत्ययं वृद्धदर्शनेनोदाहरणदोष एव, यथाऽन्येषां साधर्म्यसमाजातिरिति ध्येयम् ।१।**

***ટીકાર્થ :-***

उपन्यासः ..... ध्येयम् ।१। ઉપન્યાસ=તેવા પ્રકારના પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક ફરી ઉદાહરણ આપવું તે પુનરુપન્યાસ ઉદાહરણ છે. (૧) તદ્વસ્તુ, (૨) તદ્ અન્યવસ્તુ, (૩) પ્રતિનિભ=પ્રતિસદૃશ અને (૪) હેતુના ઉપન્યાસના ભેદથી તે ચાર પ્રકારનું છે.

ત્યાં=ચાર પ્રકારના પુનરુપન્યાસમાં વાદીએ કહેલી જ વસ્તુને ગ્રહણ કરીને ઉપન્યાસ તે તદ્વસ્તુ ઉપન્યાસ છે. ત્યાં=તદ્વસ્તુઉપન્યાસમાં, ઉદાહરણ આ પ્રમાણે છે –

ત્યાં એક કાર્પટિક=ભગવાં વસ્ત્ર પહેરીને ફરનાર, ઘણા દેશોમાં ભમીને આવ્યો. અન્ય કાર્પટિકો વડે આશ્ચર્ય પૂછાયેલો બોલ્યો 'સમુદ્રતીરમાં એક ઠેકાણે મારા વડે મોટું વૃક્ષ જોવાયું, તેની એક શાખા સમુદ્રમાં રહેલી હતી અને અન્ય સ્થળમાં રહેલી હતી તેનાથી=તે વૃક્ષથી, સમુદ્રમાં પડતાં ફળો જલચર થાય છે અને સ્થલમાં પડેલાં સ્થલચર થાય છે.' આ ઉદાહરણ સાંભળીને શ્રાદ્ધ કાર્પટિક વડે=ધર્મમાં શ્રદ્ધાવાળા એવા સંન્યાસી વડે, કહેવાયું 'જે અર્ધ મધ્યમાં પડ્યાં=તે વૃક્ષ ઉપરથી જે ફળો કંઈક સમુદ્ર અને કંઈક તટની મધ્યમાં પડ્યાં તે શું થાય ?' એથી કાર્પટિક મૌન થયો. એ પ્રકારે લોકમાં ઉદાહરણ છે.

વળી ચરણકરણાનુયોગમાં જો કોઈ વિનેય=શિષ્ય, અસદ્ગ્રહને ગ્રહણ કરીને સમ્યગ્ વર્તતો નથી તે શિષ્ય તેના વસ્તુના ઉપન્યાસથી જ=શિષ્યે કરેલા વસ્તુના ઉપન્યાસથી જ, પ્રજ્ઞાપનીય છે જે પ્રમાણે કોઈ શિષ્ય કહે –

"માંસભક્ષણમાં દોષ નથી, મદ્યમાં દોષ નથી, મૈથુનમાં દોષ નથી, જીવોની આ પ્રવૃત્તિ છે=માંસભક્ષણાદિની પ્રવૃત્તિ છે. વળી નિવૃત્તિ મહાફળવાળી છે." ()

આ પ્રકારનું મનુસ્મૃતિનું વચન ગ્રહણ કરીને કોઈ શિષ્ય કહે કે આ ખરેખર એમ જ ઘટે છે=માંસભક્ષણાદિમાં દોષ નથી એમ જ ઘટે છે; કેમ કે પ્રવૃત્તિ વગર નિવૃત્તિના ફળનો અભાવ પ્રાપ્ત થાય છે અર્થાત્ માંસભક્ષણમાં કોઈની પ્રવૃત્તિ ન હોય તો નિવૃત્તિના ફળનો અભાવ પ્રાપ્ત થાય છે, અને નિર્વિષયપણું હોવાને કારણે=માંસભક્ષણાદિમાં કોઈની પ્રવૃત્તિ ન હોય તો નિવૃત્તિનું નિર્વિષયપણું હોવાને કારણે, નિવૃત્તિનો અસંભવ છે. તે કારણથી ફળના કારણીભૂત નિવૃત્તિના=માંસભક્ષણાદિની નિવૃત્તિના ફળના કારણીભૂત જે નિવૃત્તિ તેના, નિમિત્તપણાથી પ્રવૃત્તિ પણ=માંસભક્ષણાદિમાં પ્રવૃત્તિ પણ, અદુષ્ટ જ છે.

'इति' શબ્દ શિષ્યના કથનની સમાપ્તિ માટે છે.

ત્યાં=તે પ્રકારે કોઈ શિષ્યના ઉપન્યાસમાં, ઉત્તર અપાય છે –

અહીં=મનુસ્મૃતિના વચનમાં, નિવૃત્તિનું મહાફળપણું શું દુષ્ટ પ્રવૃત્તિના પરિહારાત્મકપણાથી છે અથવા અદુષ્ટ પ્રવૃત્તિના પરિહારાત્મકપણાથી છે ? જો શિષ્ય પ્રથમ વિકલ્પ સ્વીકારે તો તેમાં કેવી રીતે પ્રવૃત્તિનું અદુષ્ટપણું થાય ? અને અન્ત્ય વિકલ્પમાં=અદુષ્ટ પ્રવૃત્તિના પરિહારાત્મક પ્રવૃત્તિ મહાફળવાળી છે એ પ્રકારના બીજા વિકલ્પમાં, અદુષ્ટ એવી નિવૃત્તિના પરિહારાત્મક પ્રવૃત્તિનું પણ= માંસભક્ષણાદિની નિવૃત્તિ જે અદુષ્ટ નિવૃત્તિ છે તેના પરિહારાત્મક માંસભક્ષણાદિની પ્રવૃત્તિનું પણ, મહાફલત્વનો પ્રસંગ હોવાથી પૂર્વ અપર વિરોધ છે.

'इति' શબ્દ ચરણકરણાનુયોગમાં તેવા પ્રકારના પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક તદ્વસ્તુના દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે.

અહીં પ્રશ્ન થાય કે તો પછી મનુસ્મૃતિના વચનનો અર્થ કઈ રીતે કરવો જોઈએ ? તેથી કહે છે –

માંસભક્ષણમાં અદોષ નથી એ પ્રકારે અહીં નકારાર્થક 'અ'નો પ્રશ્લેષ કરવો જોઈએ. જે કારણથી આ પ્રવૃત્તિ=માંસભક્ષણાદિ પ્રવૃત્તિ, ભૂતોનું=જીવોનું ઉત્પત્તિસ્થાન છે અથવા ભૂતોની=પિશાચપ્રાયઃ જીવોની, આ પ્રવૃત્તિ છે પરંતુ વિવેકીઓની આ પ્રવૃત્તિ નથી એ પ્રમાણે વ્યાખ્યાન કરવું જોઈએ.

વળી દ્રવ્યાનુયોગમાં "એકાંત નિત્ય જીવ છે અમૂર્તપણું હોવાથી આકાશની જેમ" એ પ્રમાણેના કોઈક પૂર્વપક્ષીના પ્રયોગમાં "કર્મની જેમ અમૂર્તપણું હોતે છતે અનિત્ય થાય" એ પ્રમાણે કહેવામાં આવે ત્યારે આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, વ્યભિચારનું ઉદાહરણ હોવાથી=કર્મરૂપ ઉદાહરણ નિત્યતામાં વ્યભિચારને બતાવનારું ઉદાહરણ હોવાથી, (તથાવિધ પ્રતિકૂલ અભિપ્રાયપૂર્વક તદ્વસ્તુનું ઉદાહરણ છે=જીવવસ્તુનું ઉદાહરણ છે.) વળી કર્મ અમૂર્ત અને અનિત્ય એ પ્રકારે આ વૃદ્ધ પુરુષોના દર્શનથી ઉદાહરણ દોષ જ છે અર્થાત્ ઉત્ક્ષેપણ અવક્ષેપણ આદિ કર્મો અનિત્ય હોવા છતાં અમૂર્ત નથી પરંતુ પ્રત્યક્ષથી દેખાતી ક્રિયારૂપ છે, તેથી વૃદ્ધના દર્શનથી=જિનદાસગણિમહત્તરરૂપ વૃદ્ધના દર્શનથી, ઉદાહરણ દોષ જ છે જે પ્રમાણે અન્યોના મતે=નૈયાયિકના મતે, સાધર્મ્યસમાજાતિ છે. ।૧।

**ભાવાર્થ :-**

**ઉપન્યાસના ભેદો :-**

**ઉપન્યાસઉદાહરણ :-**

કોઈ વ્યક્તિ કોઈ વસ્તુનો ઉપન્યાસ કરે તેવા પ્રકારના તેના વચનથી પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક તે વસ્તુનું ઉદાહરણ આપવામાં આવે=પૂર્વપક્ષીએ જે વસ્તુ કહી હોય તે જ વસ્તુનો ઉપન્યાસ કરવામાં આવે, ત્યારે પુનરુપન્યાસરૂપ તદ્વસ્તુના ભેદની પ્રાપ્તિ થાય છે.

**લૌકિક ઉપન્યાસઉદાહરણ :-**

જેમ દૃષ્ટાંતમાં બતાવેલ કાર્પટિકે આશ્ચર્ય બતાવતાં કહ્યું કે સમુદ્રના તટમાં રહેલ મોટી શાખાવાળું વૃક્ષ હતું અને તેમાંથી પડતાં ફળો જે પાણીમાં પડ્યાં તે જલચર થયાં અને જે જમીન પર પડ્યાં તે સ્થલચર થયાં આ પ્રકારનું અસંબદ્ધ કથન સાંભળીને કોઈક શ્રદ્ધાળુ એવા સંન્યાસીએ અર્થાત્ પોતાના દર્શનમાં શ્રદ્ધાળુ હોવાથી આ કથન અસંબદ્ધ છે એવું જાણનાર એવા સંન્યાસીએ તેને પ્રશ્ન કર્યો કે જે અડધાં સમુદ્રમાં અને *અડધાં જમીન ઉપર પડ્યાં છે તે ફળનું શું થાય છે ?* તેથી તે કાર્પટિક મૌન થાય છે. આ કથનમાં તે માયાવી કાર્પટિકને પરાસ્ત કરવા માટે શ્રદ્ધાળુ કાર્પટિકે તે માયાવી કાર્પટિકના અભિપ્રાયથી પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક તે જ વૃક્ષનું ઉદાહરણ આપ્યું જેથી તદ્વસ્તુ ઉપન્યાસ દ્વારા અસંબદ્ધ વસ્તુનું નિરાકરણ થાય છે તે લૌકિક તદ્વસ્તુના ઉપન્યાસનું દૃષ્ટાંત છે.

**ચરણકરણાનુયોગ આશ્રયી ઉપન્યાસઉદાહરણ :-**

વળી ચરણકરણાનુયોગને આશ્રયીને કોઈ મનુસ્મૃતિના વચનને આશ્રયીને સ્થાપન કરે કે માંસભક્ષણાદિમાં દોષ નથી અને તેમાં યુક્તિ આપે કે પ્રવૃત્તિ વગર નિવૃત્તિ થઈ શકે નહિ અને નિવૃત્તિ મહાફળવાળી છે માટે માંસભક્ષણાદિ પ્રવૃત્તિમાં કોઈ દોષ નથી, પરંતુ જેઓ તેની નિવૃત્તિ કરે છે તેઓને મહાફળ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે આચરણાને આશ્રયીને કોઈ ઉપન્યાસ કરે ત્યારે તેને કોઈ પ્રશ્ન કરે કે દુષ્ટ પ્રવૃત્તિનો પરિહાર મહાફળવાળો છે કે અદુષ્ટ પ્રવૃત્તિનો પરિહાર મહાફળવાળો છે ? દુષ્ટ પ્રવૃત્તિની નિવૃત્તિ મહાફળવાળી છે તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો માંસભક્ષણ આદિમાં દુષ્ટત્વની સિદ્ધિ થાય. અને અદુષ્ટ પ્રવૃત્તિની નિવૃત્તિ મહાફળવાળી છે તેમ કહે તો માંસભક્ષણાદિની નિવૃત્તિ પણ પરિહારાત્મક પ્રવૃત્તિ હોવાથી અદુષ્ટ એવા માંસભક્ષણાદિની પરિહારની નિવૃત્તિ પણ મહાફળવાળી માનવી પડે, તેથી માંસભક્ષણના નિવૃત્તિના પરિહારની પ્રવૃત્તિ જે માંસભક્ષણરૂપ છે તે પણ મહાફળવાળી સિદ્ધ થાય. આ પ્રકારે ચરણકરણાનુયોગમાં પૂર્વપક્ષીએ કરેલ તે જ વસ્તુનો ઉપન્યાસ તથાવિધ પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક કરવામાં આવે ત્યારે તેનાથી સન્માર્ગનું સ્થાપન થાય છે, તેથી તદ્વસ્તુ પુનરુપન્યાસના ભેદની પ્રાપ્તિ થાય છે અને તે રીતે કરાયેલું કથન ઔપમ્યસત્ય બને છે.

વળી આ રીતે ઔપમેયસત્ય દ્વારા તદ્વસ્તુ પુનરુપન્યાસ કરીને માંસભક્ષણમાં દોષાદિની સિદ્ધિ કરી ત્યાં

મનુસ્મૃતિના તે વચનની સંગતિ કઈ રીતે થઈ શકે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

'न मांसभक्षणे दोषः' એ પ્રયોગમાં સંસ્કૃતની મર્યાદા અનુસાર અકારનો લોપ સ્વીકારી શકાય છે, તેથી અકારનો લોપ સ્વીકારીને માંસભક્ષણમાં અદોષ નથી ઇત્યાદિ કથન કરવું જોઈએ. કેમ માંસભક્ષણમાં અદોષ નથી ? તેમાં યુક્તિરૂપે કહેવું જોઈએ કે જે કારણથી જીવોની પ્રવૃત્તિ છે=જે કારણથી માંસ એ જીવોની ઉત્પત્તિનું સ્થાન છે, માટે માંસભક્ષણમાં દોષ છે અથવા પિશાચ જેવા ભૂતોની આ પ્રવૃત્તિ છે=માંસભક્ષણ આદિ પ્રવૃત્તિ છે, વિવેકીઓની નથી. આ પ્રમાણે સમાધાન કરવું; કેમ કે માંસમાં જીવોની ઉત્પત્તિ છે, મદ્યમાં જીવોની ઉત્પત્તિ છે, મૈથુનની ક્રિયામાં પણ સ્ત્રીની યોનિમાં જીવોની ઉત્પત્તિ છે. તે સર્વનો સંહાર માંસભક્ષણાદિ પ્રવૃત્તિથી થાય છે, માટે હિંસાનું કારણ હોવાથી માંસભક્ષણાદિમાં અદોષ નથી. વિવેકી પુરુષો તેવી પ્રવૃત્તિ કરે નહિં જેમાં અન્ય જીવોની હિંસા થાય.

**દ્રવ્યાનુયોગ આશ્રયી ઉપન્યાસઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગમાં તદ્વસ્તુના પુનરુપન્યાસને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ વાદી કહે કે એકાંત નિત્ય જીવ છે; કેમ કે અમૂર્ત છે. તેમાં આકાશનું દૃષ્ટાંત આપે. આ પ્રકારના કોઈકના ઉપન્યાસમાં તેવા પ્રકારના પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક તદ્‌વસ્તુનું ઉદાહરણ આપતાં કોઈ પ્રતિવાદી કહે કે જીવ કર્મની જેમ અમૂર્ત છે માટે અનિત્ય છે. આ રીતે પૂર્વપક્ષીના કરાયેલા અનુમાનમાં નિત્યત્વના વ્યભિચારને બતાવનાર કર્મનું ઉદાહરણ બતાવ્યું. પૂર્વપક્ષીએ જે જીવરૂપ વસ્તુનો ઉપન્યાસ કરેલો તે જીવરૂપ વસ્તુનો જ પૂર્વપક્ષીના અભિપ્રાયથી પ્રતિકૂળ એવા અનિત્યત્વના સાધક કર્મનું ઉદાહરણ બતાવવું. તેથી દ્રવ્યાનુયોગને આશ્રયીને તદ્વસ્તુના પુનરુપન્યાસ નામનું ઉદાહરણ બને છે, પરંતુ કર્મ આકુંચન, પ્રસારણ, ગમનાદિ ક્રિયારૂપ છે, તે અનિત્ય છે, અમૂર્ત નથી. છતાં તે ક્રિયાને અમૂર્ત અને અનિત્ય કહી તે ઉદાહરણ દોષ છે એ પ્રમાણે વૃદ્ધદર્શનવાળા કહે છે=જિનદાસગણિ મહત્તર ચૂર્ણિમાં કહે છે, આ ઉદાહરણ દોષવાળું છે એથી વિવેકીએ તેવું ઉદાહરણ કહેવું જોઈએ નહિ.

વળી નૈયાયિકના મતે આ ઉદાહરણમાં સાધર્મ્યસમાજાતિ છે.

આનાથી એ ફલિત થાય કે લૌકિક ઉદાહરણ અને ચરણકરણાનુયોગનું ઉદાહરણ દોષવાળું નથી, તેથી તેવા ઉદાહરણનો ઉપન્યાસ કરવો ઉચિત ગણાય, પરંતુ દ્રવ્યાનુયોગને આશ્રયીને જે પ્રકારનું તદ્વસ્તુ ઉપન્યાસરૂપ ઉદાહરણ આપ્યું તે ઉદાહરણ એકાંત નિત્યપક્ષનું નિરાકરણ કરનાર હોવાથી ઇષ્ટ હોવા છતાં કર્મના અમૂર્તપણાને જૈન સિદ્ધાન્ત સ્વીકારતો નથી; કેમ કે આકુંચન-પ્રસારણાદિ ક્રિયાઓ પ્રત્યક્ષથી દેખાય છે. તેથી આ પ્રકારનું ઉદાહરણ દોષ સહિત છે માટે વિવેકી પુરુષે તેવું દોષવાળું ઉદાહરણ કહેવું જોઈએ નહિ એમ કહેવું તે ઔપમ્યસત્યભાષા છે. **॥૧॥**

**ટીકા :-**

**तदन्यवस्तूपन्यासस्तुल्यवस्त्वन्तराश्रयणेन यथा पूर्वोदाहरण एव – यानि पुनः फलानि पातयित्वा**

**कश्चिद् भक्षयति गृहे नयति वा तानि किं भवन्तीति लोके । चरणकरणानुयोगे तु न मांसभक्षण इत्यादौ यथाश्रुत एव कुग्रहे** "न हिंस्यात् सर्वाभूतानि" **(छान्दो. उप. अध्या ८) इति वचनान्तरोपन्यासेन परिहारः । द्रव्यानुयोगे तु कश्चिद्वदेत्-यस्य वादिनोऽन्यो जीवोऽन्यच्च शरीरमिति, तस्याऽन्य-शब्दस्याऽविशिष्टत्वात्तयोरपि तद्वाच्यतयाऽविशेषादेकत्वप्रसङ्ग इति-तं प्रत्येवं तदन्यवस्तूपन्यासो विधेयः, हन्त! एवं परमाणुद्व्यणुकघटपटादीनामेकत्वप्रसङ्गः, अन्यशब्दवाच्यत्वाऽविशेषात्, तस्माज्जीवशरीरयोरन्यत्वाभिधानं शोभनमेवेति ।२।**

**ટીકાર્થ :-**

तदन्यवस्तूपन्यासः ..... शोभनमेवेति ।२। તદન્યવસ્તુ ઉપન્યાસ=તુલ્યવસ્તુના અનાશ્રયણ દ્વારા જે રીતે પૂર્વનું જ ઉદાહરણ તદન્યવસ્તુ ઉપન્યાસ છે. જે વળી ફળોને પાડીને કોઈક ભક્ષણ કરે છે અથવા ઘરે લઈ જાય છે તે શું થાય છે ? એ પ્રકારે લોકમાં કાર્પટિકને કોઈ કહે તે તદન્યવસ્તુ ઉપન્યાસરૂપ છે.

વળી ચરણકરણાનુયોગમાં "ન માંસભક્ષણે દોષ:" ઈત્યાદિ મનુસ્મૃતિના વચનમાં જે પ્રમાણે સંભળાય છે=જે પ્રમાણે શબ્દોથી અર્થ પ્રાપ્ત થાય છે, એ પ્રકારના અર્થમાં જ શિષ્યનો કુગ્રહ હોતે છતે સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ એ પ્રકારના વચનાન્તરના ઉપન્યાસથી પરિહાર કરવો જોઈએ=શિષ્યના કુગ્રહનો પરિહાર કરવો જોઈએ.

વળી દ્રવ્યાનુયોગમાં કોઈક કહે=નાસ્તિકવાદી કોઈક શરીરથી ભિન્ન જીવને નહિ સ્વીકારનાર કહે, જે વાદીના મતે અન્ય જીવ છે અને અન્ય શરીર છે એથી તેના વચનમાં અન્ય શબ્દનું અવિશિષ્ટપણું હોવાથી=અન્ય જીવ અને અન્ય શરીર એ બન્નેમાં અન્ય શબ્દનું અવિશિષ્ટપણું હોવાથી, તે બેનું પણ=જીવ અને શરીર તે બેનું પણ, તદ્વાચ્યપણું હોવાથી=અન્ય શબ્દ વાચ્યપણું હોવાથી, અવિશેષ હોવાને કારણે=જીવ અને શરીર બન્નેમાં રહેલા અન્ય શબ્દથી વાચ્ય જીવની અને શરીરની સમાનપણે પ્રાપ્તિ હોવાને કારણે, એકત્વનો પ્રસંગ છે=જીવ અને શરીર બન્નેના એકત્વનો પ્રસંગ છે.

'इति' શબ્દ નાસ્તિકના કથનની સમાપ્તિ માટે છે.

તેના પ્રત્યે આ પ્રમાણે તદન્યવસ્તુનો ઉપન્યાસ કરવો જોઈએ. આ રીતે પરમાણુ, દ્વ્યણુક, ઘટ, પટાદિના એકત્વનો પ્રસંગ છે; કેમ કે અન્ય શબ્દ વાચ્યત્વનો અવિશેષ છે=પરમાણુથી અન્ય દ્વ્યણુક છે અને દ્વ્યણુકથી અન્ય પરમાણુ છે ઈત્યાદિ કથનમાં અન્ય શબ્દના વાચ્યત્વનું પરમાણુ, દ્વ્યણુક આદિમાં અવિશેષ છે તે કારણથી=પરમાણુ, દ્વ્યણુક આદિ અન્ય શબ્દ વાચ્ય અવિશેષ હોવા છતાં એક નથી તે કારણથી, જીવ શરીરના અન્યત્વનું અભિધાન શોભન જ છે.

'इति' શબ્દ પુનરુપન્યાસના કથનની સમાપ્તિ માટે છે. ।૨।

**ભાવાર્થ :-**

**તદન્યવસ્તુ પુનરુપન્યાસ :-**

પૂર્વમાં તદ્વસ્તુનો પુનરુપન્યાસ હતો, બીજા ભેદમાં તદન્યવસ્તુનો પુનરુપન્યાસ છે. તદન્યવસ્તુપુનરુપન્યાસમાં વાદીના અભિપ્રાય કરતાં પ્રતિકૂલ અભિપ્રાયપૂર્વક ઉદાહરણ આપવામાં આવે છે.

**લૌકિક તદન્યવસ્તુ પુનરુપન્યાસ :-**

જેમ તદ્વસ્તુના પુનરુપન્યાસમાં કાર્પટિકનું ઉદાહરણ આપ્યું, ત્યાં શ્રાદ્ધ કાર્પટિકે કહેલું કે અડધાં સમુદ્રમાં અને અડધાં જમીન પર પડેલાં ફળોનું શું થાય છે ? તેના કરતાં અન્ય વસ્તુનો ઉપન્યાસ કરતાં કોઈ કહે કે તે વૃક્ષ ઉપર જે ફળો છે તેને પાડીને કોઈ ભક્ષણ કરે કે કોઈ ઘરમાં લઈ જાય તેનું શું થાય છે ? આ વખતે વાદી જવાબ ન આપી શકે, તેથી તદન્યવસ્તુના ઉપન્યાસ દ્વારા યથાર્થ વસ્તુનું સ્થાપન થાય છે માટે તે ઔપમ્યસત્યભાષા છે.

**ચરણકરણાનુયોગ આશ્રયી તદન્યવસ્તુ પુનરુપન્યાસ :-**

વળી તદ્વસ્તુના ઉપન્યાસમાં જે ચરણકરણાનુયોગનું દૃષ્ટાંત આપેલ તે દૃષ્ટાંતમાં પૂર્વપક્ષીને 'ન માંસભક્ષણે દોષઃ' ઇત્યાદિ વચનમાં પ્રાપ્ત જ અર્થમાં આગ્રહ હોય ત્યારે વેદનાં અન્ય વચનોનો ઉપન્યાસ કરવામાં આવે અને કહેવામાં આવે કે "સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ" એ વેદવચનથી માંસભક્ષણાદિમાં દોષની સિદ્ધિ થાય છે, ત્યારે તદન્યવસ્તુ પુનરુપન્યાસરૂપ ઉદાહરણ ઔપમ્યસત્યભાષા બને છે.

**દ્રવ્યાનુયોગને આશ્રયી તદન્યવસ્તુ પુનરુપન્યાસ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈ ચાર્વાકદર્શનવાદી કહે કે 'શરીરથી જીવ અન્ય નથી.' તેમાં તે યુક્તિ આપે કે 'અન્ય જીવ છે અને અન્ય શરીર છે એમ જે લોકો કહે છે તે બન્નેમાં રહેલ અન્ય શબ્દ શરીર અને જીવનો જ વાચક બને છે; કેમ કે શરીરથી અન્ય જીવ છે તેમ કહેવામાં અને જીવથી અન્ય શરીર છે તેમ કહેવામાં અન્ય શબ્દ પરસ્પરનો વાચક બને છે તેથી તે અન્ય શબ્દ એક જ અર્થનો વાચક હોવાથી જીવ અને શરીરના એકત્વનો જ પ્રસંગ છે.' આ પ્રકારે કોઈ કહે તો તેના પ્રતિ તેનાથી અન્ય વસ્તુનો ઉપન્યાસ આ પ્રકારે કરવો જોઈએ –

જે રીતે અન્ય શબ્દને ગ્રહણ કરીને પૂર્વપક્ષી જીવ અને શરીરનું એકત્વ સાધે છે એ રીતે પરમાણુ, દ્વ્યણુક ઘટ, પટ સર્વ વસ્તુમાં પરસ્પર એકત્વની જ પ્રાપ્તિ થાય; કેમ કે ઘટ કરતાં પટ અન્ય છે અને પટ કરતાં ઘટ અન્ય છે. તે બન્નેમાં રહેલ અન્ય શબ્દ અવિશેષરૂપે રહેલો હોવાથી તે અન્ય શબ્દથી ઘટ-પટનું જ વાચ્યપણું પ્રાપ્ત થતું હોવાને કારણે ઘટ-પટના પણ એકત્વનો પ્રસંગ આવે, માટે જીવ અને શરીરના અન્યત્વનું કથન સુંદર જ છે, તેથી અસંબદ્ધ રીતે કોઈકનો ઉપન્યાસ હોય ત્યારે તેના પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક તદન્યવસ્તુનું ઉદાહરણ આપવામાં આવે તો તેનાથી પદાર્થનું યથાર્થ સ્થાપન થાય છે માટે તે ઔપમ્યસત્યભાષા છે. ॥૨॥

**ટીકા :-**

**प्रतिनिभस्तु छलनिपुणवादिनं प्रति प्रतिच्छलेनोपन्यासः, यथा –** 'एगंमि नयरे एगो परिव्वायगो सोवण्णेणं खोरएणं तहिं हिंडति, सो भणति जो ममं असुअं सुणावेति तस्सेतं देमि खोरयं । तत्थ एगो सावगो, तेण भणियं –

तुज्झ पिया मह पिउणो धारेइ अणूणगं सयसहस्सं ।
जइ सुयपुव्वं दिज्जसु, अह न हु तं खोरयं देहि ।।" **त्ति । अयं च लोके ।**

**चरणकरणानुयोगे च येषां सर्वथा हिंसायामधर्मस्तेषामनशनविषयचित्तोद्रेकभङ्गादात्महिंसाया-मप्यधर्म एवेति तदकरणप्रसङ्गः । द्रव्यानुयोगे पुनः-'अदुष्टं मद्वचनमि'ति मन्यमानो यः कश्चिदाह - 'अस्ति जीव' इत्यत्र वद किञ्चित्, यद्यपि वावदूक इति स वक्तव्यः-'यद्यस्ति जीव एवं तर्हि घटादीनामप्यस्तित्वाज्जीवत्वप्रसङ्ग' इति ।३।**

**ટીકાર્થ :-**

**प्रतिनिभस्तु ..... इति ।३। વળી પ્રતિનિભ, છલનિપુણવાદી પ્રત્યે પ્રતિછલથી ઉપન્યાસ છે. જે** પ્રમાણે – "એક નગરમાં એક પરિવ્રાજક સુવર્ણના કચોળા વડે ત્યાં ફરે છે અને કહે છે કે જે મને અશ્રુત=પૂર્વે નહીં સાંભળેલ, સંભળાવશે તેને આ કચોળું હું આપીશ. ત્યાં એક શ્રાવક છે તેના વડે કહેવાયું "તારા પિતાને મારા પિતાએ પૂરેપૂરા સો હજાર=એક લાખ, ઉધાર આપ્યા છે. જો તે પૂર્વે સાંભળ્યું હોય તો મને (એક લાખ) આપ અને ન સાંભળ્યું હોય તો તે કચોળું આપ." **આ લોકમાં છે=આ લોકમાં ઉદાહરણ છે. અને ચરણકરણાનુયોગમાં જેઓને=જેઓના મતમાં, સર્વથા હિંસામાં અધર્મ છે=કોઈપણ પ્રકારના પ્રાણનાશમાં અધર્મ છે તેઓના મતમાં અનશન વિષયક ચિત્તના ઉદ્રેકને કારણે ભંગ થવાથી આત્મહિંસામાં પણ અધર્મ જ છે, તેથી તેના અકરણનો પ્રસંગ છે=અણસણ કરવાના અકરણનો પ્રસંગ છે. વળી દ્રવ્યાનુયોગમાં "મારું વચન અદુષ્ટ છે" એ પ્રમાણે માનનાર જે કોઈ કહે છે, 'જીવ છે' એ પ્રકારમાં કંઈક કહો=કંઈક ઉત્તર આપો કે 'મારું વચન ખોટું છે'. જો કે વાવદૂક છે એથી તે કહેવો જોઈએ – 'જો જીવ છે એ રીતે તો ઘટાદિનું પણ અસ્તિત્વ હોવાથી (ઘટાદિમાં) જીવત્વનો પ્રસંગ છે.'**

**'इति' શબ્દ પ્રતિનિભ પુનરુપન્યાસના કથનની સમાપ્તિ અર્થે છે. ।૩।**

**ભાવાર્થ :-**

**પ્રતિનિભપુનરુપન્યાસ :-**

કોઈ વાદી છલમાં નિપુણ હોય તેને પ્રતિછલથી ઉપન્યાસ કરીને અસ્થાને ઉન્માર્ગનું સ્થાપન કરતો હોય તે વખતે તેને મૌન કરવામાં આવે તે પ્રતિનિભ પુનરુપન્યાસરૂપ ઔપમ્યસત્યભાષા બને છે; કેમ કે છલના

નિવારણપૂર્વક માર્ગના સ્થાપન માટે આ પ્રકારે કરાયેલો પ્રયોગ સન્માર્ગની સ્થાપનાનું કારણ બને છે. આવું કોઈ પ્રયોજન ન હોય ત્યારે પ્રતિછલથી ઉપન્યાસ કરીને પોતાની પ્રતિભા બતાવવા માટે કોઈ યત્ન કરે તો તે ઔપમ્યસત્યભાષા બને નહીં પરંતુ મૃષાભાષા જ બને.

વળી તે પ્રતિનિભમાં લૌકિક ઉદાહરણ આપ્યું તેમાં કોઈ શ્રાવકે પરિવ્રાજકને જે કહ્યું તે લોભથી કહેલ હોય તો મૃષાવાદ જ બને તોપણ તે પ્રતિનિભ પુનરુપન્યાસનું દૃષ્ટાંત છે.

**ચરણકરણાનુયોગને આશ્રયી પ્રતિનિભપુનરુપન્યાસ :-**

વળી ચરણકરણાનુયોગને આશ્રયીને કોઈ એમ કહે કે કોઈ પ્રવૃત્તિમાં હિંસા હોય તે પ્રવૃત્તિ ધર્મરૂપ બને નહિ તેથી ભગવાનની પૂજામાં હિંસા છે તેથી તેમાં અધર્મ જ છે માટે પૂજા કર્તવ્ય બને નહિ. આ પ્રકારે તત્ત્વના વિષયમાં છલપૂર્વક પોતાનો પક્ષ કોઈ વાદી સ્થાપન કરતો હોય તો કોઈ બુદ્ધિમાન વ્યક્તિ તેને કહે કે કોઈ વ્યક્તિ અણસણ કરે અને તે વખતે ચિત્તનો ઉદ્રેક થવાથી પોતાના પરિણામનો ભંગ થવાથી પોતાના આત્માની હિંસા થાય છે માટે તે અધર્મ જ છે માટે અણસણ પણ નહિ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. વસ્તુતઃ તેવું અણસણ અધર્મરૂપ જ છે, છતાં વાદી છલમાં નિપુણતાપૂર્વક પૂજામાં હિંસા સ્થાપન કરે છે અને તેને અકર્તવ્ય સ્થાપન કરે છે અને અણસણને હિંસારૂપે સ્વીકારતો નથી અને ધર્મરૂપ સ્વીકારે છે તેને પ્રતિછલથી કહેવામાં આવે કે અણસણમાં હિંસા થાય છે માટે તે અધર્મરૂપ છે, તેથી અણસણ પણ નહિ કરવાનો પ્રસંગ છે, આ પ્રકારે છલથી તેને પરાજય કરવામાં આવે ત્યારે પ્રતિનિભઉપન્યાસરૂપ ઔપમ્યસત્યભાષા બને; કેમ કે તેનાથી પૂજા આદિમાં અધર્મની બુદ્ધિનું નિવારણ થાય છે.

**દ્રવ્યાનુયોગને આશ્રયીને પ્રતિનિભપુનરુપન્યાસ :-**

વળી દ્રવ્યાનુયોગને આશ્રયીને કોઈક પોતાનું વચન અદુષ્ટ છે એમ માનતો કોઈકની સાથે વાદમાં કહે કે જીવ છે. બોલો મારા વચનમાં કોઈ દોષ છે ? તેવા ગર્વિષ્ઠ કોઈક વાદીને પ્રતિછલથી કહેવું જોઈએ કે જો જીવ છે તો જીવમાં જેમ અસ્તિત્વ છે તેમ ઘટાદિમાં પણ અસ્તિત્વ છે માટે અસ્તિત્વવાળા ઘટાદિ પણ જીવ છે એમ સ્વીકારનો પ્રસંગ આવે. આ સ્થાન જીવદ્રવ્યને આશ્રયીને હોવાથી દ્રવ્યાનુયોગનો વિષય છે. જીવ છે એ પ્રકારે બોલનાર પોતાને યથાર્થભાષીરૂપે સ્થાપન કરવા અર્થે નિપુણતાપૂર્વક છલથી તેવો જ પ્રયોગ કરે છે જેથી તેનું નિરાકરણ પ્રતિવાદી કરી શકે નહિ અને બુદ્ધિમાન પ્રતિવાદી તેના છલવચનને જાણીને છલથી જ તેનો ઉત્તર આપે છે કે જીવમાં રહેલા અસ્તિત્વની જેમ ઘટાદિમાં પણ અસ્તિત્વ છે માટે તારા પ્રયોગ અનુસાર ઘટાદિને પણ જીવ સ્વીકારવાનો પ્રસંગ આવે. વસ્તુતઃ જીવ છે એમ કહેવાથી ઘટાદિને જીવ માનવાનો પ્રસંગ આવે નહિ પરંતુ છલપૂર્વક વાદીના વચનનો અર્થ કરીને પ્રતિવાદીએ તે પ્રકારે સ્થાપન કરેલ છે તેથી તે વચન મૃષારૂપ હોવા છતાં શાસનપ્રભાવનાના કારણે કોઈ મહાત્મા કરે તો તે ઔપમ્યસત્યભાષા બને, અન્યથા આ પ્રકારે છલ કરવું જોઈએ નહિ તેવો બોધ કરાવવા અર્થે શિષ્યને ગુરુ કહે તો તે ઔપમ્યસત્યભાષા બને. ।૩।

**ટીકા :-**

**हेतुः=उपपादकः, तदुपन्यासः=हेतूपन्यासः, यथा किं नु यवाः क्रियन्ते? इति प्रश्ने उत्तरम्-येन मुधा न लभ्यन्त इति लोके । चरणकरणानुयोगे तु यदि शिष्येण पृच्छ्यते-किमितीयं भिक्षाटनाद्याऽतिकष्टा क्रिया क्रियत इति ? तदा स वक्तव्यः-'येन न कष्टतरा वेदना वेद्यते नरकादाविति । द्रव्यानुयोगे तु यद्याह कश्चित्-'किमित्यात्मा न चक्षुरादिभिरुपलभ्यते?' स वक्तव्यः 'येनातीन्द्रिय इति', उक्तः सभेद उपन्यासः । तदेवं सुव्याख्यातं समासतो बहुभेदमिति पदम् ।।३५।।**

**ટીકાર્થ :-**

**हेतुः ..... पदम् ।। હેતુ=વસ્તુનો ઉપપાદક હેતુ, તેનો ઉપન્યાસ=હેતુનો ઉપન્યાસ, એ હેતુઉપન્યાસ નામનો પુનરુપન્યાસનો ચોથો ભેદ છે.**

**જે પ્રમાણે કોઈ પ્રશ્ન કરે કે કેમ યવ કરાય છે ? તેને ઉત્તર આપે કે 'ફોગટ પ્રાપ્ત થતા નથી' આ પ્રકારે લોકમાં હેતુનો ઉપન્યાસ કરાય છે.**

**વળી ચરણકરણાનુયોગમાં શિષ્યથી પુછાય છે – 'કયા કારણથી આ ભિક્ષાટનાદિ અતિકષ્ટવાળી ક્રિયા કરાય છે ?' ત્યારે તે શિષ્ય કહેવો જોઈએ 'જેનાથી=ભિક્ષાટનાદિ કષ્ટક્રિયાથી, નરકાદિમાં કષ્ટતર એવી વેદના પ્રાપ્ત થતી નથી, માટે આવી કષ્ટવાળી ક્રિયા કરાય છે.'**

**વળી દ્રવ્યાનુયોગમાં જો કોઈ કહે 'આત્મા કેમ ચક્ષુ આદિથી પ્રાપ્ત થતો નથી ?' તેને કહેવું જોઈએ – 'જે કારણથી અતીન્દ્રિય છે=આત્મા અતીન્દ્રિય છે.'**

**ભેદ સહિત ઉપન્યાસ કહેવાયો. આ રીતે=પ્રસ્તુત ટીકામાં વર્ણન કર્યું એ રીતે, 'બહુભેદ' એ પ્રકારનું ગાથામાં રહેલું પદ=બહુભેદપદ, સમાસથી=સંક્ષેપથી, સુવ્યાખ્યાત થયું. ।।૩૫।।**

**ભાવાર્થ :-**

**હેતુપુનરુપન્યાસ ઉદાહરણ :-**

હેતુના ઉપન્યાસપૂર્વક પદાર્થનો બોધ કરાવવામાં આવે ત્યારે હેતુઉપન્યાસરૂપ પુનરુપન્યાસના ચોથા ભેદની પ્રાપ્તિ થાય છે. સત્ય હેતુ દ્વારા યથાર્થ બોધ કરાવેલો હોવાથી તે ઔપમ્યસત્યભાષા બને છે.

**લૌકિક હેતુપુનરુપન્યાસ ઉદાહરણ :-**

જેમ કોઈ યવ નામના ધાન્યને ખરીદતો હોય અને કોઈ તેને પૂછે કે શું કામ આ ધાન્ય ખરીદે છે ? ત્યારે પોતાના તે ધાન્યની ખરીદી માટે ઉત્તર આપે કે "મફત જવ મળતા નથી માટે હું ખરીદું છું." આ પ્રકારે હેતુના ઉપન્યાસથી પ્રશ્નકારે જે પ્રકારે પ્રશ્ન કરેલો તેના પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક ઉત્તર કથન કરાયું છે *તેથી હેતુ ઉપન્યાસરૂપ ઔપમ્યસત્યભાષા બને છે. અહીં પ્રશ્ન કરનારનો આશય જવ ખરીદી કરવા જોઈએ* નહિ એ આશયથી પ્રશ્ન હતો અને તેના કરતાં પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક હેતુનો ઉપન્યાસ છે કે મફત મળતા નથી માટે યત્ન કરું છું.

**ચરણકરણાનુયોગ આશ્રયી હેતુપુનરુપન્યાસ ઉદાહરણ :-**

વળી કોઈ શિષ્ય ગુરુને કહે કે સાધુજીવનમાં અતિકષ્ટકારી એવી ભિક્ષાટનાદિ ક્રિયા કેમ કરાય છે ? ત્યાં શિષ્યનો આશય એ છે કે સુખપૂર્વક થાય એવી ક્રિયા કરવી જોઈએ જ્યારે ભિક્ષાટનાદિની ક્રિયા અત્યંત દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રાપ્તિમાં હર્ષ અને અપ્રાપ્તિમાં શોક ન થાય તે પ્રકારના ઉપયોગથી સંવલિત ભિક્ષાના દોષોના પરિહારમાં યત્નપૂર્વક અતિકષ્ટસાધ્ય કેમ કરાય છે ? તેને ઉત્તર અપાય છે કે આ પ્રકારે સમભાવના પરિણામના પ્રકર્ષથી ભાવનો પ્રકર્ષ થાય તો નરકાદિમાં ભિક્ષા અટન આદિનાં કષ્ટો કરતાં ઘણાં અધિક કષ્ટો પ્રાપ્ત થવાની સંભાવના હતી તે પ્રાપ્ત થતાં નથી. આ પ્રકારે પ્રશ્ન કરનારના અભિપ્રાયથી પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક સત્યહેતુનો ઉપન્યાસ હોવાથી પુનરુપન્યાસના ચોથા ભેદરૂપ હેતુનો ઉપન્યાસ પ્રસ્તુત કથનમાં થાય છે અને ભિક્ષા અટનની ક્રિયાના ઉપમાનથી નરકાદિની કષ્ટતારૂપ વેદના નહિ પ્રાપ્ત થાય એવો યથાર્થ બોધ પ્રાપ્ત થાય છે તેથી ઔપમ્યસત્યભાષા છે.

**દ્રવ્યાનુયોગ આશ્રયી હેતુપુનરુપન્યાસ ઉદાહરણ :-**

વળી દ્રવ્યાનુયોગના વિષયમાં દ્રવ્યને આશ્રયીને કોઈને શંકા થાય કે આત્મા ચક્ષુથી કેમ દેખાતો નથી ? તે વખતે તેને હેતુના ઉપન્યાસપૂર્વક કહેવામાં આવે કે આત્મા અતીન્દ્રિય છે. તે સ્થાનમાં પણ પ્રશ્ન કરનારનો અભિપ્રાય એ હતો કે જો આત્મા હોય તો ચક્ષુ આદિથી દેખાવો જોઈએ તે અભિપ્રાયથી પ્રતિકૂળ અભિપ્રાયપૂર્વક આત્માના નહિ દેખાવાના હેતુનો ઉપન્યાસ કરેલ હોવાથી પુનરુપન્યાસના હેતુ ઉપન્યાસરૂપ ભેદની પ્રાપ્તિ થાય છે અને જેનાથી આત્માના અતીન્દ્રિયપણાના હેતુ દ્વારા આત્માના અસ્તિત્વનો નિર્ણય થાય છે, તેથી ઔપમ્યસત્યભાષા છે.

પ્રસ્તુત ટીકાના સર્વકથનનું નિગમન કરે છે –

ગાથામાં "બહુભેદ" એ પ્રકારનું પદ છે તેને સંક્ષેપથી ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વ્યાખ્યાન કર્યું છે. વિસ્તારથી તો વળી ચરિતઉપમાન અને કલ્પિતઉપમાનના અનેક ભેદોના વર્ણનથી થઈ શકે, તોપણ કંઈક બોધ કરાવવા અર્થે સંક્ષેપથી ગ્રંથકારશ્રીએ વર્ણન કરેલ છે. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**एवं सप्रपञ्चमुपदर्शितमुपमानम् । अथास्योपमासत्याया लक्षणघटकतया साफल्यमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૩૫માં વર્ણન કર્યું એ રીતે, પ્રપંચ સહિત=કંઈક વિસ્તાર સહિત, ઉપમાન બતાવાયું. હવે આનું=ઉપમાનનું, ઉપમાસત્યના લક્ષણના ઘટકપણાથી સાફલ્યને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૩૫માં વિસ્તારપૂર્વક ઉપમાન બતાવ્યું. વસ્તુતઃ પ્રસ્તુતમાં ઔપમ્યસત્યભાષાનું વર્ણન છે અને

ઔપમ્યસત્યભાષા ઉપમાનની અપેક્ષા રાખે છે. તેથી ઔપમ્યસત્યભાષાના લક્ષણનું એક અંગ ઉપમાન છે. તે ઉપમાન કઈ રીતે ઔપમ્ય વસ્તુનો યથાર્થ બોધ કરાવે છે ? જેથી તેના સાફલ્યનો બોધ થાય. તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**उवमासच्चा सा खलु, एएसु सदुवमाणघडिया जा ।**
**णासंभविधम्मग्गहदुट्ठा देसाइगहणाओ ।।३६।।**

**છાયા :-**

**उपमासत्या सा खलु एतेषु सदुपमानघटिता या ।**
**नासम्भविधर्मग्रहदुष्टा देशादिग्रहणात् ।।३६।।**

**અન્વયાર્થ :-**

खलु=નક્કી, एएसु=આ ભેદોમાં=ગાથા-૩૫માં બતાવેલા ભેદોમાં, सा=તે, उवमासच्चा=ઉપમાસત્યભાષા છે, जा=જે, सदुवमाणघडिया=સદ્ઉપમાનથી ઘટિત છે. देसाइगहणाओ=દેશાદિના ગ્રહણ વડે, असंभविधम्मग्गहदुट्ठा=અસંભવધર્મના ગ્રહણથી દુષ્ટ, ण=નથી. ।।૩૬।।

**ગાથાર્થ :-**

**નક્કી આ ભેદોમાં=ગાથા-૩૫માં બતાવેલા ભેદોમાં, તે ઉપમાસત્યભાષા છે જે સદ્ઉપમાનથી ઘટિત છે. દેશાદિના ગ્રહણ વડે અસંભવધર્મના ગ્રહણથી દુષ્ટ નથી. ।।૩૬।।**

**ટીકા :-**

खल्विति निश्चये, सा=भाषा, उपमासत्या या एतेषु=उपदर्शितभेदेषु मध्ये, सदुपमानघटिता, दोषघटितायाः सत्यत्ववारणायेदम्, इदमुत्सर्गतः, कारणतस्तूदाहरणदोषप्रतिपादनेऽपि नासत्यत्वमिति ध्येयम् ।

ननु सदुपमाऽपि न सत्या 'चन्द्रमुखी'त्यादौ मुखे यावच्चन्द्रधर्मबाधात्, न चोपमानगतयत्किञ्चिद्धर्मपुरस्कारेणोपमाप्रवृत्तिः, अत्यन्तविलक्षणानामप्यभिधेयत्वज्ञेयत्वादिना परस्परमुपमानोपमेयभावप्रसङ्गादित्यत आह–न=नैव, असम्भविनः=मुखाद्युपमेयावृत्तयो ये धर्माः=चन्द्राद्युपमानगतकलङ्कितत्वादयः, तद्ग्रहेण दुष्टा । कुतः ?

इत्याह–देशादिग्रहणेन चन्द्रमुखीत्यादौ देशोपमायां सम्भविनां प्रसन्नत्वादिधर्माणामेव ग्रहणान्न दुष्टत्वं नियामकश्चात्र समभिव्याहारविशेषादिरिति द्रष्टव्यम्, अत्यन्तविलक्षणानां च नोपमानोपमेयभावः, असाधारणधर्मघटितत्वादुपमाया इति ध्येयम् ।

**ननु व्यतिरेकालङ्कारादिवचनानां क्वान्तर्भावः ? यदि व्यवहारसत्यादौ, उपमाया अपि कथं न तत्र स इति चेत् ? न, एतद्भेदस्य तत्र प्रवेशाद्, उपमाया एव व्यतिरेकाद्युपलक्षणत्वाद्वेति दिग् ।।३६।। उक्तौपम्यसत्या ।१०।**

**ટીકાર્થ :-**

**खल्विति ..... दिग् ।।** ગાથામાં 'खलु' શબ્દ નિશ્ચય અર્થમાં છે. આ ભેદોમાં=ગાથા-૩૫માં બતાવેલા ભેદોમાં, જે સદ્ઉપમાનથી ઘટિત છે તે ઉપમાસત્યભાષા છે.

સદ્ઉપમાનથી ઘટિત એવું વિશેષણ કેમ મૂક્યું ? તેમાં હેતુ કહે છે –

દોષઘટિત એવી ઉપમાનભાષાના સત્યતાના વારણ માટે આ છે='सदुपमानघटिता' વિશેષણ છે. આ=સદ્ઉપમાન ઘટિત ભાષા ઉપમાસત્ય છે એ ઉત્સર્ગથી છે. વળી કારણથી=અપવાદિક કારણથી, ઉદાહરણદોષના પ્રતિપાદનમાં પણ=દોષવાળા ઉદાહરણના પ્રતિપાદનમાં પણ, અસત્યત્વ નથી એ પ્રમાણે જાણવું.

ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે –

સદુપમા પણ સત્ય નથી; કેમ કે 'ચન્દ્રમુખી' ઈત્યાદિ ઔપમ્યસત્યભાષાના વિષયભૂત મુખમાં યાવત્ ચન્દ્રધર્મનો બાધ છે. અને ઉપમાનગત જે કોઈ ધર્મના પુરસ્કારથી ઉપમાની પ્રવૃત્તિ થતી નથી; કેમ કે અત્યંત વિલક્ષણ પણ વસ્તુઓનું પણ અભિધેયત્વ જ્ઞેયત્વ આદિ દ્વારા પરસ્પર ઉપમાન-ઉપમેયભાવનો પ્રસંગ છે. એથી કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

અસંભવીધર્મો=મુખાદિ ઉપમેયમાં અવૃત્તિ એવા જે ચન્દ્રાદિ ઉપમાનગત કલંકિતત્વ આદિ ધર્મો, તેના ગ્રહણથી દુષ્ટ નથી.

કેમ તેના ગ્રહણથી દુષ્ટ નથી ? એથી કહે છે –

દેશાદિનું ગ્રહણ હોવાથી=ચન્દ્રમુખી ઈત્યાદિમાં દેશ ઉપમા હોતે છતે સંભવી એવા પ્રસન્નત્વ આદિ ધર્મોનું જ ગ્રહણ હોવાથી, દુષ્ટપણું નથી અને અહીં=દેશાદિના ગ્રહણના વિષયમાં સમભિવ્યાહારાદિ વિશેષ આદિ નિયામક છે એ પ્રમાણે જાણવું અને અત્યંત વિલક્ષણ વસ્તુઓનો ઉપમાન-ઉપમેયભાવ નથી; કેમ કે ઉપમાનું અસાધારણધર્મઘટિતપણું છે એ પ્રમાણે જાણવું.

'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે –

વ્યતિરેકઅલંકારાદિ વચનોનો ક્યાં અંતર્ભાવ થશે. જો વ્યવહારસત્યભાષામાં વ્યતિરેકઅલંકારનો અંતર્ભાવ છે તો ઉપમાનો પણ કેમ ત્યાં=વ્યવહારસત્યાદિ ભાષામાં, તે નથી=અંતર્ભાવ નથી. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું. આના ભેદનો=વ્યતિરેકઅલંકાર આદિના ભેદનો, ત્યાં=ઉપમાસત્યભાષામાં, પ્રવેશ છે, અથવા ઉપમાનું જ વ્યતિરેક આદિનું ઉપલક્ષણપણું

છે=ઉપમાસત્યભાષાના ઉપલક્ષણ તરીકે વ્યતિરેકઅલંકારાદિનું ગ્રહણ છે, એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૩૬॥

**ભાવાર્થ :-**

**ઉપમાનનું ઉપમાસત્યભાષાના લક્ષણના ઘટકપણાથી સાફલ્ય :-**

ઉપમાસત્યભાષાનો બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રીએ ગાથા-૩૫માં ઉપમાનના ભેદો બતાવ્યા, તે સર્વભેદોમાંથી કેટલાક ભેદો દોષઘટિત છે અને કેટલાક ભેદો યથાર્થ વસ્તુના પ્રતિપાદક છે તેથી ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટતા કરે છે –

પૂર્વમાં બતાવેલા ઉપમાનના ભેદોથી ઘટિત બધી ભાષા ઉપમાન સત્ય નથી પરંતુ જે સદ્ઉપમાનથી ઘટિત ભાષા છે તે ઉપમાસત્યભાષા છે, તેથી જે દોષઘટિત ઉદાહરણના ભેદો છે તેનાથી બોલાયેલી ભાષા સત્યભાષા નથી તેમ સામાન્યથી ફલિત થાય અને ઉત્સર્ગ માર્ગથી તેવી ભાષા સાધુ બોલે નહિ; કેમ કે તે ભાષાનો અસત્યમાં જ અંતર્ભાવ થાય. આમ છતાં કોઈક યોગ્ય જીવને યથાર્થ બોધ કરાવવાના પ્રયોજનથી કે શાસનના ઉડ્ડાહના રક્ષણના પ્રયોજનથી કે સન્માર્ગના સ્થાપનના પ્રયોજનથી કોઈક છલ પ્રત્યે છલભાષાનો પણ પ્રયોગ કરાય છે તેમ દોષઘટિત ઉદાહરણ દ્વારા પણ બોલાયેલી ઔપમ્યભાષા સ્વરૂપને આશ્રયીને અસત્ય હોવા છતાં ફળને આશ્રયીને સત્યભાષા જ છે.

'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે –

સદ્ઉપમાનવાળી ભાષા પણ સત્યભાષા નથી; કેમ કે ચન્દ્રમુખી ઇત્યાદિમાં ચન્દ્રના સર્વ ધર્મો મુખમાં દેખાતા નથી માટે તે વચનથી ચન્દ્ર જેવું મુખ કહેવાથી વિપરીત બોધ થાય છે. અહીં કોઈ કહે કે ઉપમાગત યત્કિંચિત્ ધર્મના પુરસ્કારથી ઉપમાની પ્રવૃત્તિ છે તેથી ચન્દ્રમુખી એ પ્રકારની ભાષામાં કંઈક ચન્દ્રના ધર્મનો મુખમાં બોધ થાય છે માટે એ ભાષાને સત્યભાષા કહી શકાશે.

ત્યાં પૂર્વપક્ષી કહે છે –

ઉપમાગત કોઈક ધર્મના પુરસ્કારથી ઉપમાની પ્રવૃત્તિ સ્વીકારવામાં આવે તો અત્યંત વિલક્ષણ એવા ઘટ-પટાદિ પદાર્થોમાં અભિધેયત્વ, જ્ઞેયત્વ આદિ ધર્મોના પુરસ્કારથી પરસ્પર ઉપમાન-ઉપમેયભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય તેથી જ્ઞેયત્વ ધર્મથી પટની ઉપમાથી પટ જેવો ઘટ છે એ ભાષાને પણ સત્ય માનવાનો પ્રસંગ આવશે.

આ પ્રકારના કોઈકની શંકાના નિવારણ માટે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

અત્યંત અસંભવી એવા ધર્મના ગ્રહણથી દુષ્ટભાષા ઔપમ્યસત્યભાષા નથી જેમ મુખાદિ ઉપમેયમાં અવૃત્તિ એવા ચન્દ્રાદિ ઉપમાનગત કલંકિતત્વ આદિ ધર્મોના ગ્રહણથી બોલાયેલી દુષ્ટભાષા ઔપમ્યસત્ય નથી.

આશય એ છે કે ચન્દ્રમાં કલંકિતત્વાદિ ધર્મો છે તેને સ્મૃતિમાં રાખીને કોઈક કહે કે આનું મુખ ચન્દ્ર જેવું

છે તો તે ભાષા ઔપમ્યસત્યભાષા નથી; કેમ કે ચન્દ્ર જેવું મુખ છે તેમ કહેવાથી ચન્દ્ર જેવા કલંકિત ડાઘવાળું મુખ છે તેવી ઉપસ્થિતિ થતી નથી માટે તેવા આશયથી કરાયેલો ચન્દ્રમુખી પ્રયોગ અસત્યભાષા કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય કે ચન્દ્રમાં કલંકિતત્વાદિ ભાવો છે તે ભાવોનો બોધ કરાવવા અર્થે કોઈ કહે કે આ સ્ત્રી ચન્દ્રમુખી છે તો તે ભાષા દુષ્ટ કેમ છે ? તેથી કહે છે –

ચન્દ્રમુખી ઇત્યાદિમાં દેશની ઉપમા માટે સંભવી એવા પ્રસન્નત્વ આદિ ધર્મોવાળી બોલાયેલી ભાષા દુષ્ટ નથી, અન્ય દેશથી બોલાયેલી ભાષામાં દુષ્ટપણું છે.

અહીં પ્રશ્ન થાય કે ઔપમ્યસત્યભાષામાં દેશના કયા ધર્મનું ગ્રહણ ન કરવું તેનો નિર્ણય કઈ રીતે થાય ? તેથી કહે છે –

સમભિવ્યાહરવિશેષથી ઔપમ્યભાષામાં કયા દેશાદિનું ગ્રહણ થાય અને કયા દેશાદિનું ગ્રહણ ન થાય ? તેનો નિર્ણય થાય છે. ત્યાં અત્યંત વિલક્ષણ એવા ધર્મોથી ઉપમાન-ઉપમેયભાવ થતો નથી પરંતુ અસાધારણ-ધર્મઘટિતત્વથી જ ઉપમાની પ્રવૃત્તિ છે, તેથી ચન્દ્રમાં જે અસાધારણ ધર્મો લોકમાં પ્રતીત છે તેવા ધર્મો જેના મુખમાં દેખાય તે સ્ત્રીને આશ્રયીને આ સ્ત્રી ચન્દ્રમુખી છે તેવો પ્રયોગ કરવામાં આવે ત્યારે તે પ્રયોગ ઉપમાસત્યભાષા બને.

અહીં શંકા કરે છે કે વ્યતિરેકઅલંકાર આદિનાં વચનો ક્યાં અંતર્ભાવ પામે ? અર્થાત્ પ્રસ્તુત ઉપમાસત્યમાં અંતર્ભાવ પામતાં દેખાતાં નથી અને અન્યભાષામાં તેનો અંતર્ભાવ દેખાતો નથી તેથી ઉપમાસત્યભાષાની જેમ વ્યતિરેકઅલંકાર આદિનાં વચનો પણ નવી સત્યભાષા તરીકે સ્વીકારવાં જોઈએ અને શાસ્ત્રમાં તો દશ પ્રકારની જ સત્યભાષા છે તેથી વ્યતિરેકઅલંકાર આદિ વચનોના અંતર્ભાવવિષયક પૂર્વપક્ષી શંકા કરે છે -

વળી જો વ્યતિરેકઅલંકાર આદિ વચનોને વ્યવહારસત્યભાષા કહેવામાં આવે તો ઉપમાસત્યભાષાનો પણ વ્યવહારસત્યભાષામાં અંતર્ભાવ થઈ શકે માટે સત્યભાષાના દશ ભેદો સંગત થાય નહિ. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

વ્યતિરેકઅલંકાર આદિ વચનોના ભેદોનું ઉપમાસત્યભાષામાં જ અંતર્ભાવ છે અથવા ઉપમા સત્યભાષા વ્યતિરેકઅલંકાર આદિ વચનોનું ઉપલક્ષણ છે એ પ્રકારે બેમાંથી કોઈક એક વચન સ્વીકારીને શાસ્ત્રસંમત દશ પ્રકારની જ સત્યભાષા સ્વીકારવી જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ ઉપમાસત્યભાષા અન્વયધર્મથી ઉપમેય વસ્તુનો બોધ કરાવે છે તેમ વ્યતિરેકઅલંકારાદિ વચનો પણ વ્યતિરેકધર્મોથી ઉપમેય વસ્તુનો બોધ કરાવે છે, માટે ઔપમ્યસત્યભાષાના ભેદોમાં જ તેનો અંતર્ભાવ કરવો જોઈએ. ગાથા-૩૫માં વર્ણન કરાયેલા ઔપમ્યસત્યભાષાના ભેદોમાં સાક્ષાત્ તેનો અંતર્ભાવ જણાતો નથી તેથી વ્યતિરેકઅલંકારાદિ ભાષાના નવા ભેદોની પ્રાપ્તિ થાય તે ઇષ્ટ ન જણાય તો ઉપમાસત્યભાષાના ઉપલક્ષણથી જ વ્યતિરેકઅલંકારના વચનોનું ગ્રહણ કરવું જોઈએ, તેથી

સત્યભાષાના ૧૧ ભેદોની પ્રાપ્તિ હોવા છતાં દશ ભેદોની સંગતિ થાય. ઉપમાસત્યભાષાનું વર્ણન અહીં પૂરું થાય છે. ॥૩૬॥

**અવતરણિકા :-**

तदेवं निरूपिता सत्या भाषेत्युपसंहारमसत्याभाषानिरूपणप्रतिज्ञाञ्चाह –

**અવતરણિકાર્થ :-**

આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સત્યભાષા નિરૂપણ કરાઈ એ પ્રકારે ઉપસંહારને અને અસત્યભાષાના નિરૂપણની પ્રતિજ્ઞાને કહે છે –

**ગાથા :-**

**एवं सच्चा भासा, सुआणुसारेण वण्णिआ चित्ता ।**
**भासाइ असच्चाए सरूवमह कित्तइस्सामि ।।३७।।**

**છાયા :-**

एवं सत्या भाषा श्रुतानुसारेण वर्णिता चित्रा (चित्तात्) ।
भाषाया असत्यायाः स्वरूपमथ कीर्तयिष्यामि ।।३७।।

**અન્વયાર્થ :-**

एवं=આ પ્રમાણે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે, सुआणुसारेण=સૂત્રના અનુસારથી, चित्ता=ચિત્ર=બહુભેદવાળી, सच्चा भासा=સત્યભાષા, वण्णिआ=વર્ણન કરાઈ, अह=હવે, असच्चाए भासाइ=અસત્ય-ભાષાના, सरूवं=સ્વરૂપનું, कित्तइस्सामि=હું કીર્તન કરીશ ॥૩૭॥

**ગાથાર્થ :-**

**આ પ્રમાણે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે, સૂત્રના અનુસારથી ચિત્ર=બહુભેદવાળી સત્યભાષા વર્ણન કરાઈ. હવે અસત્યભાષાના સ્વરૂપનું હું કીર્તન કરીશ ॥૩૭॥**

**ટીકા :-**

एवम्=उक्तप्रकारेण, सत्याभाषा, श्रुतस्य=प्रज्ञापनादेः, अनुसारेण=तदभिप्रायापरित्यागेन, वर्णिता=लक्षणादिभिर्निरूपिता, कीदृशी ? इत्याह चित्रा=बहुभेदप्रभेदघटितत्वात् विचित्रा, अथवा चित्तात्, 'गम्ययप्योगे' पञ्चम्याश्रयणात् चित्तं=अभिप्रायं गृहीत्वेत्यर्थः, एतेन श्रुतस्य न यथाश्रुत एवार्थो व्याख्येयः किन्त्वाभिप्रायिकोऽपि, अन्यथा कालिकानुयोगवैफल्यप्रसङ्गात्, हेतुग्राह्याणामर्थानामाज्ञाग्राह्यतया पर्यवसाननिमित्तकाशातनाप्रसङ्गाच्चेति व्यज्यते ।

**अथ सत्यभाषानिरूपणानन्तरमसत्याया भाषायाः स्वरूपं कीर्तयिष्यामि, इत्थं चोद्देशक्रमानुरूपैव संगतिरत्रेति सूचितम् ।।३७।।**

**ટીકાર્થ :-**

**एवम् ..... सूचितम् ।। આ રીતે=ઉક્ત પ્રકારથી=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારથી, શ્રુતના= પ્રજ્ઞાપના આદિના, અનુસારથી=તેના અભિપ્રાયના અપરિત્યાગથી સત્યભાષા વર્ણન કરાઈ=લક્ષણાદિથી નિરૂપણ કરાઈ.**

**કેવા પ્રકારની નિરૂપણ કરાઈ ? એથી કહે છે –**

**ચિત્ર=બહુભેદ-પ્રભેદથી ઘટિત હોવાને કારણે વિચિત્ર, અથવા ચિત્તથી='गम्ययप्योगे' ગમ્યયપ્યોગમાં પંચમીનું આશ્રયણ હોવાથી, ચિત્તરૂપ અભિપ્રાયને ગ્રહણ કરીને સત્યભાષા વર્ણન કરાઈ આના દ્વારા=ગાથામાં રહેલા 'चित्ता' શબ્દનો અર્થ અભિપ્રાયને ગ્રહણ કરીને કર્યો એનાથી, શ્રુતનું યથાશ્રુત જ અર્થ વ્યાખ્યેય નથી પરંતુ આભિપ્રાયિક પણ અર્થ વ્યાખ્યેય છે; કેમ કે અન્યથા=આભિપ્રાયિક અર્થ વ્યાખ્યેય ન માનો અને યથાશ્રુત અર્થ જ વ્યાખ્યેય માનો તો કાલિકઅનુયોગના વૈફલ્યનો પ્રસંગ છે.**

**વળી કેટલાંક સ્થાનોમાં યથાશ્રુત જ અર્થનું વ્યાખ્યાન કરવામાં આવે તો હેતુગ્રાહ્ય અર્થોનું આજ્ઞાગ્રાહ્યપણાથી પર્યવસાનનિમિત્તક આશાતનાનો પ્રસંગ છે એ પ્રમાણે વ્યક્ત થાય છે=અભિપ્રાયને ગ્રહણ કરીને એ પ્રકારે 'चित्ता' શબ્દનો અર્થ કર્યો તેનાથી વ્યક્ત થાય છે.**

**હવે સત્યભાષાના નિરૂપણ અનંતર અસત્યભાષાના સ્વરૂપને હું કહીશ અને આ રીતે=ગાથાના ઉત્તરાર્ધથી કહ્યું એ રીતે, ઉદ્દેશના ક્રમને અનુરૂપ જ અહીં સંગતિ છે=પ્રસ્તુત ગ્રંથમાં સંગતિ છે, એ સૂચિત થાય છે. ।।૩૭।।**

**ભાવાર્થ :-**

**સત્યભાષાના નિરૂપણનું નિગમન અને અસત્યભાષાના સ્વરૂપને કહેવાની પ્રતિજ્ઞા :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે ગ્રંથકારશ્રીએ દશ પ્રકારની સત્યભાષા અત્યાર સુધી બતાવી તે પ્રજ્ઞાપના આદિ સૂત્રના અભિપ્રાયનો ત્યાગ કર્યા વગર બતાવેલ છે અને તે સર્વ વર્ણન ઘણા ભેદ પ્રભેદથી ઘટિત છે તે બતાવવા માટે ગાથામાં 'चित्ता' શબ્દનો પ્રયોગ છે.

વળી 'चित्ता' શબ્દનો અન્ય અર્થ કરતાં કહે છે –

સૂત્રના અભિપ્રાયને ગ્રહણ કરીને આ સર્વ ભાષાઓનું વર્ણન કર્યું છે.

તેથી એ પ્રાપ્ત થાય કે દશવૈકાલિક આદિ સૂત્રોમાં સાધુને ભાષાસમિતિનો અને વચનગુપ્તિનો બોધ કરાવવા અર્થે આ સર્વભાષાઓ કહેલ છે તેથી સત્યભાષાઓનો યથાર્થ બોધ કરીને જે સાધુ ભાષાસમિતિ

અને વચનગુપ્તિમાં યત્ન કરી શકે તેવા પ્રકારનો યથાર્થ બોધ જે વર્ણનથી થાય તે સત્યભાષાનું વર્ણન કહેવાય. તેથી ચન્દ્રમુખી એ વચન દ્વારા કોઈ સાધુ કોઈ સ્ત્રીનું વર્ણન કરે અને તેનાથી શ્રોતાને તે સ્ત્રીના સુંદરમુખની ઉપસ્થિતિ થાય તેટલા માત્રથી તે ઉપદેશકનું વચન ઔપમ્યસત્યભાષા બને નહિ. પરંતુ શ્રોતા હિતાનુકૂલ પ્રવૃત્તિ કરી શકે એવો બોધ કરાવવા અર્થે સાધુ જે ભાષા બોલે, તે ભાષા શ્રોતાને યથાર્થ બોધ કરાવીને શ્રોતાના કલ્યાણનું કારણ હોવાથી સત્યભાષા બને છે.

પ્રસ્તુતમાં વર્ણન કરાયેલી દશે પ્રકારની ભાષા શ્રુતની આરાધનાની અપેક્ષાએ કઈ રીતે બોલવી જોઈએ ? અને કઈ રીતે બોલાયેલી ભાષા સ્થૂલથી સત્ય હોવા છતાં સંયમની વિરાધનાનું કારણ છે ? તે પ્રકારના અભિપ્રાયને ગ્રહણ કરીને ગ્રંથકારશ્રીએ યોગ્ય શ્રોતાને ભાષાસમિતિ અને વચનગુપ્તિ માટે ઉપયોગી બોધના પ્રયોજનથી પ્રસ્તુત ભાષાનું વર્ણન કરેલ છે. આથી જ ગ્રંથકારશ્રીએ પ્રથમ ગાથાના પ્રારંભ પૂર્વે જ અવતરણિકામાં દશવૈકાલિકસૂત્રના વચનની સાક્ષી આપીને સ્પષ્ટતા કરેલી કે વચનવિભક્તિમાં અકુશલ સાધુ વાગ્ગુપ્તિ કે ભાષાસમિતિનું પાલન કરી શકતા નથી, માટે સાધુને ભાષાસમિતિમાં અને વાગ્ગુપ્તિમાં કુશલ કરવાના અભિપ્રાયથી ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત સત્યભાષાનું વર્ણન કરેલ છે. આથી જ સત્યભાષાના દશ ભેદોના વર્ણન વખતે ગાથા-૧૯માં આરાધનાને આશ્રયીને પણ ભાષાના ચાર ભેદો બતાવેલા. તેથી ફલિત થાય છે કે દશભાષાના વર્ણન માત્રને આશ્રયીને આ ભાષા સત્ય છે અને આ ભાષા અસત્ય છે તેવો નિર્ણય સર્વત્ર થાય નહિ. પરંતુ ગુપ્તિના અને સમિતિના અભિપ્રાયવાળા સાધુ જે દશ પ્રકારની સત્યભાષા કહી છે તે દશ પ્રકારમાંથી યથાયોગ્ય સત્યભાષાનો પ્રયોગ કરે છતાં ભાષાસમિતિના અને વાગ્ગુપ્તિના અભિપ્રાયનો ભંગ થાય તે રીતે તે સત્યભાષા બોલે તો તે સત્યભાષા નથી એવો બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રીએ 'चित्ता' શબ્દનો અર્થ અભિપ્રાય એ પ્રમાણે ગ્રહણ કરીને દશ પ્રકારની સત્યભાષાનું કથન કરેલ છે.

વળી ગ્રંથકારશ્રીએ અભિપ્રાયને ગ્રહણ કરીને કહ્યું એનાથી શું વ્યક્ત થાય છે ? તે બતાવતાં કહે છે –

શ્રુતનો અર્થ શબ્દથી જે પ્રમાણે સંભળાય છે તે પ્રકારે વ્યાખ્યેય નથી પરંતુ કયા અભિપ્રાયથી તે શ્રુત વચનો કહેવાયાં છે તે પ્રમાણે તે શ્રુતના અર્થોનું વ્યાખ્યાન કરવું જોઈએ. આથી જ દશવૈકાલિકમાં વચનના વિભાગમાં અકુશળ સાધુ ભાષાસમિતિનું અને વચનગુપ્તિનું પાલન કરી શકતા નથી તેમ કહીને ભાષાસમિતિના અને વચનગુપ્તિના યથાર્થ બોધનું કારણ બને એવો બોધ કરાવવા અર્થે દશપ્રકારની સત્યભાષા બતાવેલ છે, તેથી દશ પ્રકારની સત્યભાષાના શબ્દોથી પ્રાપ્ત થતા અર્થોને ગ્રહણ કરીને તે ભાષા સત્ય અને અન્ય ભાષા અસત્ય છે તેવો વિભાગ કરવો નહિ, પરંતુ જે ભાષાના પ્રયોગથી પોતાનામાં વચનગુપ્તિની અને ભાષાસમિતિની પ્રાપ્તિ થાય તે ભાષા સત્યભાષા છે. વળી યોગ્ય શ્રોતાને પણ સ્વકલ્યાણ અર્થે કેવી ભાષા બોલવી જોઈએ ? તેનો માર્ગાનુસારી બોધ થાય, તે પ્રકારે ઉપદેશકે બોધ કરાવવો જોઈએ તેમ ગ્રંથકારશ્રીએ સૂચન કરેલ છે.

વળી સૂત્રમાં સંભળાયેલા શબ્દોનો અર્થ યથાશ્રુત ઇષ્ટ નથી તે બતાવવા માટે કહે છે કે જો આભિપ્રાયિક

અર્થ વ્યાખ્યેય ન હોય અને શ્રુતથી કહેવાતો જ અર્થ વ્યાખ્યેય હોય તો કાલિકઅનુયોગના વૈફલ્યનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે વજ્રસ્વામી સુધી કાલિકઅનુયોગ પૃથક્ કરાયેલો નહિ અને શિષ્યની મંદમતિને કારણે સુત્રથી પ્રાપ્ત થતો આભિપ્રાયિક અર્થ ગ્રહણ કરવા માટે શિષ્ય અસમર્થ છે એવું જાણીને આર્યરક્ષિતસૂરિએ કાલિકઅનુયોગને પૃથક્ કર્યો, તેથી નક્કી થાય છે કે પ્રાજ્ઞપુરુષ સૂત્રથી પણ અભિપ્રાય અર્થને ગ્રહણ કરી શકે છે અને જેઓની તે પ્રકારનો આભિપ્રાયિક અર્થ ગ્રહણ કરવાની શક્તિ નથી તેઓને સૂત્રના આભિપ્રાયિક અર્થનો બોધ કરાવવા અર્થે આર્યરક્ષિતસૂરિએ કાલિકઅનુયોગ પૃથક્ કર્યો તેમ પ્રસ્તુતમાં પણ દશ પ્રકારની સત્યભાષાના વર્ણનથી જેઓ આભિપ્રાયિક અર્થને ગ્રહણ કરવા માટે સમર્થ નથી એવા શિષ્યોને દશપ્રકારની સત્યભાષાના વર્ણનથી આભિપ્રાયિક અર્થનો બોધ થાય તે રીતે જ ઉપદેશકે વ્યાખ્યાન આપવું જોઈએ, જેથી ગુપ્તિ માટે અને ભાષાસમિતિ માટે બોલાયેલી સત્યભાષા સત્યભાષા છે એવો બોધ થાય, પરંતુ પ્રસ્તુતમાં વર્ણન કરાયેલી દશપ્રકારની સત્યભાષા સ્થૂલથી સત્ય હોવા છતાં વચનગુપ્તિના અને ભાષાસમિતિના પરિણામથી નિરપેક્ષ બોલાયેલી દશ પ્રકારના ભેદમાંથી કોઈ પણ ભાષા સત્યભાષા નથી એ પ્રકારે આભિપ્રાયિક અર્થનું વ્યાખ્યાન કરવું જોઈએ.

વળી યથાશ્રુત અર્થ જ વ્યાખ્યેય નથી પરંતુ શ્રુતનો આભિપ્રાયિક અર્થ જ વ્યાખ્યેય છે તેમ સ્વીકારવામાં ન આવે તો હેતુગ્રાહ્ય અર્થોનો આજ્ઞાગ્રાહ્યપણારૂપે પર્યવસાનનિમિત્તક આશાતનાનો પ્રસંગ છે.

આશય એ છે કે સર્વજ્ઞે કહેલા પદાર્થો કેટલાક આજ્ઞાગ્રાહ્ય છે જેમ નિગોદના જીવો એક શરીરમાં અનંતા છે ઇત્યાદિ અને કેટલાક અર્થો સર્વજ્ઞે કહેલા હોવા છતાં હેતુગ્રાહ્ય છે. જેમ જીવાદિ તત્ત્વો, કર્મબંધનાં કારણો ઇત્યાદિ પદાર્થો સર્વજ્ઞ ભગવંતે જ કહેલા છે, છતાં યુક્તિ અને અનુભવ અનુસાર તેની વિચારણા કરીને ઉપદેશકે હેતુગ્રાહ્ય અર્થોનો શાસ્ત્રવચન અને ઉચિત હેતુઓ દ્વારા તેનો બોધ કરાવવો જોઈએ આ પ્રકારની ભગવાનના શાસનના ઉપદેશની મર્યાદા છે. હવે જો યથાશ્રુત અર્થ જ વ્યાખ્યેય હોય તો ભગવાનનાં દરેક વચનો આજ્ઞાગ્રાહ્ય જ માનવાં પડે. વસ્તુતઃ હેતુગ્રાહ્ય અર્થોને આજ્ઞાગ્રાહ્ય સ્વીકારવાથી ભગવાનની વચનની આશાતનાની પ્રાપ્તિ થાય છે એમ શાસ્ત્રકારો કહે છે. તેમ પ્રસ્તુતમાં પણ ચન્દ્રમુખી ઇત્યાદિ વચનો રાગાદિની વૃદ્ધિનું કારણ બને તે રીતે બોલાયેલાં હોય તેને પણ સત્ય વચન સ્વીકારીએ તો ભગવાનના વચનની આશાતનાનો પ્રસંગ આવે તેવો નિર્ણય થાય છે. તેથી જે રીતે હેતુગ્રાહ્ય અર્થોનો હેતુથી બોધ કરાવીને યોગ્ય જીવને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેમ પ્રસ્તુતમાં પણ વચનગુપ્તિના અને ભાષાસમિતિના પ્રયોજનથી બોલાયેલ ચન્દ્રમુખી ઇત્યાદિ પ્રયોગો સત્યભાષારૂપ છે તેવો બોધ શ્રોતાને થાય તો તેને તત્ત્વની રુચિ પ્રગટે છે અર્થાત્ ભગવાનનાં સર્વ વચનો કઈ રીતે વીતરાગતાને અનુકૂળ માર્ગાનુસારી બોધ કરાવીને કલ્યાણનું કારણ છે તેવો સ્થિર બોધ થાય છે. વળી, સૂત્રના અભિપ્રાયને સામે રાખ્યા વગર દશ પ્રકારની સત્યભાષાનો કોઈ ઉપદેશક શ્રોતાને બોધ કરાવે તો લૌકિક ઉપદેશમાં અને લોકોત્તર ઉપદેશમાં જે ભેદ છે તેનો પણ શ્રોતાને બોધ થાય નહિ; કેમ કે લોકમાં પણ આ પ્રકારે બોલાયેલી ભાષા સત્યભાષા છે તેમ સર્વલોકો સ્વીકારે છે જ્યારે લોકોત્તર શાસનમાં ભગવાનનાં વચનો દશ પ્રકારની ભાષાના બોધ દ્વારા પણ

સૂત્રના આભિપ્રાયિક અર્થનો બોધ કરાવીને ભાષાસમિતિમાં અને વાગ્ગુપ્તિમાં ઉપયોગી ભાષા સત્ય છે તેવો બોધ કરાવે છે. તેથી યોગ્ય જીવને મુનિભાવનો પારમાર્થિક બોધ થાય છે જેથી સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું હોય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ સ્થિર સ્થિરતર થાય છે અને ક્રમશઃ ચારિત્રની પ્રાપ્તિ દ્વારા સર્વકલ્યાણની પરંપરાનું કારણ થાય છે. માટે ઉપદેશકે આભિપ્રાયિક અર્થને ગ્રહણ કરીને સૂત્રનું વ્યાખ્યાન કરવું જોઈએ.

આ રીતે ગાથાના પૂર્વાર્ધથી સત્યભાષાના નિરૂપણનું નિગમન કરીને ગાથાના ઉત્તરાર્ધથી અસત્યભાષાના સ્વરૂપને કહેવાની પ્રતિજ્ઞા કરે છે જેથી સત્ય-અસત્ય આદિ ચાર ભાષાઓના ક્રમને અનુરૂપ જ આ બીજા પ્રકારની ભાષાનું કથન છે એમ સૂચિત થાય છે. **॥૩૭॥**

❋❖❋❖❋

**અનુસંધાન : ભાષારહસ્ય પ્રકરણ ભાગ-૨**

आराहणं पडुच्च वि परिभासा चेव चउविहविभागे ।
सच्चंतब्भावे च्चिय, चउण्ह आराहगत्तं जं ।।

✻

આરાધનાને આશ્રયીને પણ=ઉપયોગપૂર્વક બોલાયેલી ભાષાને
આશ્રયીને તો ચાર પ્રકારના વિભાગમાં પરિભાષા જ છે
પરંતુ આરાધનાને આશ્રયીને પણ, ચાર પ્રકારના
વિભાગમાં પરિભાષા જ છે, જે કારણથી સત્યના
અંતર્ભાવમાં જ ચારે ભાષાનું આરાધકપણું છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in